Asur (Gujarati)

Neelakantan, Anand

VISIT...

LANZAROTE Caliente.COM

આનંદ નીલકંઠન
રજૂઆત : વર્ષા પાઠક






આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

અસુર



આનંદ નીલકંઠન

રજૂઆત: વર્ષા પાઠક

પુસ્તક વિશે

હારીને પણ જીતી જનારા યોદ્ધાની કથા

ઇતિહાસના પાનાં પર માત્ર વિજેતાઓના શબ્દો અંકિત થાય છે અને અનંતકાળ સુધી લોકો એને જ સત્ય માનતા રહે છે. પરાજિતોનો અવાજ ક્યારેય કોઈને સંભળાતો નથી. રામાયણ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

પણ, હવે રાવણ બોલશે. એને પણ સાંભળો.

> "હજારો વર્ષથી મારું નામ ધિક્કારના કાદવમાં ખરડાતું રહ્યું છે. દર વર્ષે, ભારતના દરેક ખૂણે મારું દહન થાય છે, અને લોકો રંગેચંગે મારા મૃત્યુને ઉજવે છે. પણ કેમ? કારણ માત્ર એટલું જ કે, મેં મારી પુત્રીને ખાતર, દેવોને પડકારવાની હિંમત કરી? વર્ણભેદના પાયા પર ઊભા થયેલા દેવશાસનમાંથી મેં મારા લોકોને મુક્ત કર્યા? તમે રામાયણ સાંભળ્યું છે. એ માત્ર વિજેતાઓની ગાથા છે. પરંતુ હવે 'રાવણાયન' સાંભળો. હું છું રાવણ, એક અસુર! મારી કથામાં વાત છે, ઘોર પરાજય પામેલા લોકોની."

પરાજયના પ્રતિસાદરૂપે રાવણે એક એવું અણધાર્યું પગલું ભર્યું, જેણે વિશ્વના ઇતિહાસની દિશા બદલી નાંખી! કયું હતું એ પગલું? એ જાણવા માટે આજે જ 'અસુર' વાંચો!

લેખક વિશે

કેરળના કોચીન પાસેના એક નાના ગામ ત્રિપુનીતુરામાં આનંદ નીલકંઠનનો જન્મ થયો. એન્જિનિયરિંગ ડિગ્રી ધરાવતાં નીલકંઠન બેંગ્લોર ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં જોડાયા. બાળપણથી જ પૌરાણિક કથાઓ પ્રત્યેના આકર્ષણના લીધે એમણે પોતાની લેખક તરીકેની એક નવી જ કરિયર પૌરાણિક કથાવસ્તુ આધારિત નવલકથાઓ આપીને શરૂ કરી. તેઓ જેટલા શ્રેષ્ઠ લેખક છે એટલા જ ઉત્તમ કાર્ટૂનિસ્ટ પણ છે. તેઓ આજની યુવાપેઢીના લોકપ્રિય લેખક છે.

અર્પણ

મારા જન્મદાતા
સ્વર્ગીય શ્રી એલ. નીલકંઠન અને
ચેલ્લમાલ નીલકંઠનને
જેમણે મારી સામે
ભારતીય પુરાણોનાં જાદુઈ વિશ્વનાં
દ્વાર
ખુલ્લાં મૂકી દીધાં.

દશમુખ

રાવણને દશાનન, દસ માથાંવાળો કેમ કહેવાય છે?

દસ મસ્તક અને વીસ ભુજા ધરાવતો રાવણ આપણા માટે દુષ્ટતાનું સહુથી મોટું પ્રતીક છે. દરેક ભારતવાસી અને વિદેશમાં ભારતીય પુરાણો-દંતકથાઓનો અભ્યાસ કરનારા, આ દસ માથાંવાળા ખલનાયકથી પરિચિત છે. પરંતુ રાવણને આવું રૂપ, વિશેષણ આપવા પાછળનું કારણ કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે.

પ્રાચીન ભારતીય પરંપરામાં આપણી લાગણીઓને વશમાં રાખવાની વાત પર મોટો ભાર મુકાયો છે. વિચારશક્તિ, પ્રજ્ઞા કે વિવેકબુદ્ધિ તરીકે ઓળખાતી શક્તિ સર્વોપરી સ્થાને મુકાઈ છે.

રાવણને મહાન રાજવી મહાબલિ શિખામણ આપે છે કે, વિવેકબુદ્ધિ સિવાયની બીજી નવ મૂળ, પણ પામર લાગણીઓ, વૃત્તિઓ – ક્રોધ, અહંકાર, ઈર્ષ્યા, આનંદ, વિષાદ, ભય, સ્વાર્થ, આવેશ અને મહત્ત્વાકાંક્ષાને મહત્ત્વ આપવું ન જોઈએ.

ભારતમાં આધ્યાત્મિક ગુરુઓએ પણ હંમેશાં કહ્યું છે કે, આ વૃત્તિઓનો પરાભવ કર્યા પછી જ આત્માની ઊર્ધ્વગતિ શક્ય છે. પરંતુ મહાબલિને જવાબ આપતી વખતે રાવણ મનુષ્યની દસેદસ વૃત્તિને યોગ્ય ઠરાવે છે. એટલું જ નહીં એની પ્રશંસા કરે છે, ખુદ એમાં રાચે છે અને એના થકી જ પોતે સંપૂર્ણ પુરુષ હોવાનું કહે છે.

આને આધારે આપણા ગ્રંથો, દંતકથાઓમાં રાવણનું ચિત્રણ દશમુખ તરીકે થયું છે. એના વીસ હાથ, કૌશલ્ય અને શક્તિનાં પ્રતીક છે.

રાવણ પોતાને સંપૂર્ણ મનુષ્યનું રૂપ ગણે છે. એ પવિત્રતાનો દંભ નથી કરતો કે નથી કોઈ સામાજિક કે ધાર્મિક નિયમોમાં બંધાતો. સારો કે ખરાબ, એ કુદરતે સર્જેલા બીજા કોઈપણ સામાન્ય મનુષ્ય જેવો જ છે.

રામની કલ્પના આપણે એવી વ્યક્તિ તરીકે કરીએ છીએ, જેની બીજી નવ પામર, મૂળ વૃત્તિઓ વશમાં છે કે સમાજે દાબી દીધી છે, પણ રાવણ સાથે આ કરવાનું શક્ય નથી. એટલે રામ ભલે ભગવાન ગણાય, પણ મનુષ્ય તરીકે રાવણ વધુ પૂર્ણ છે.

આપણાં મહાકાવ્યોએ રાવણનાં દસ મસ્તકને એવા મનુષ્યનું પ્રતીક બનાવ્યું છે જેને પોતાની વૃત્તિઓ, આવેશ પર કોઈ અંકુશ નથી. જેને જીવનના બધા રસ માણી લેવા છે, ધોધમાર જીવવું છે.

o

મારા વિશે

આનંદ નીલકંઠન

કેરળમાં કોચીન પાસેના એક નાના ગામ ત્રિપુનીતુરામાં મારો જન્મ થયો.

એર્નાકુલમની પૂર્વે, વેમ્બાનડ તળાવની બીજી તરફ વસેલું આ ગામ એક સમયે કોચીનના રાજપરિવારનું પાટનગર હતું. જોકે, ગામની વધુ ખ્યાતિ એની અંદર આવેલાં સોથી વધુ મંદિરો, શાસ્ત્રીય કલાકારો અને સંગીત વિદ્યાલયને આભારી હતી.

સંધ્યાટાણે દૂર મંદિરમાં વાગતા ચેંદાના અવાજ, સંગીત વિદ્યાલયની દીવાલોને વીંધીને આવતા વાંસળીના આછા સૂર હવે તો વિલાઈ ગયા છે, પણ એનું સ્મરણ હજીયે મારા મનના એક ખૂણે સચવાઈ રહ્યું છે.

ગલ્ફ દેશોમાંથી ઠલવાતા પૈસા અને ક્ષણેક્ષણે વિસ્તરી રહેલા કોચીન શહેરના પરિણામે મારું ગામ હવે પહેલાં જેવું નથી રહ્યું. મોટાં શહેરોની નકલ કરવા જતાં અનેક ગામો પોતાનું આગવું સૌંદર્ય, પોતાની અલગ ઓળખ ગુમાવી દે છે. નથી એ અહીંના રહેતા કે નહીં ત્યાંના! જ્યાં પગ મૂકતાંની સાથે બહાર ભાગી છૂટવાનું મન થાય એવાં ગામો આપણા દેશમાં ઠેરઠેર છે અને મારું ગામ પણ હવે એ યાદીમાં સામેલ થઈ ગયું છે.

પણ હું મારા બાળપણની વાત કરું. જરૂરતથી વધુ મંદિરો ધરાવતા ગામમાં મારો ઉછેર થયો, એટલે સ્વાભાવિક રીતે જ મને નાની વયથી રામાયણ પ્રત્યે આકર્ષણ હતું. જો કે વિચિત્રતા કહો તો એ હતી કે, મને રામ કરતાં રાવણ અને એના અસુરો વિશે જાણવામાં વધુ રસ પડ્યો. એમનું વિશ્વ મને વધુ રોમાંચક લાગતું હતું.

પરંતુ રાવણ પ્રત્યેનું મારું આ ખેંચાણ, આકર્ષણ વર્ષો સુધી મનના એક ઊંડા ખૂણે ધરબાઈ રહ્યું. હા, ક્યારેક વાર-તહેવારે પરિવારના લોકો ભેગા થાય ત્યારે હું રાવણની વાત કરીને મારી ધર્મભીરુ કાકી, મામી, માસીઓને ચીઢવી લેતો.

સમય વીતતો ગયો. એન્જિનિયરિંગ ડિગ્રી લઈને હું ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશનમાં જોડાયો. બૅંગલોર રહેવા ગયો, અપર્ણા સાથે લગ્ન કરીને પુત્રી અનન્યા અને પુત્ર અભિનવનો પિતા બની ગયો.

પરંતુ અસુરરાજે મારો પીછો છોડ્યો નહીં. મનની અંદરથી એનો અવાજ વધુ ને વધુ મોટો થવા લાગેલો. છેલ્લાં છ વર્ષમાં તો ઊઠતાં, બેસતાં, સૂતાં, જાગતાં, એણે બસ એક જ વાત કરી કે, હું એના દૃષ્ટિકોણથી રામાયણ જોઈને ફરી એકવાર પેલી પ્રાચીન કથા લખું.

આવું કહેનાર જોકે એ એકલો નહોતો. રાવણની પાછળ રામાયણનાં મામૂલી, નાનાં ગણાય એવાં અનેક પાત્રો પણ પોતપોતાની વાત કહેવા આવી પહોંચ્યાં.

ભદ્ર – રાવણે જેમને પ્રેરણા આપી, નવી દિશા ચીંધી અને અંતે રઝળતા મૂકી દીધા એવા અનેક અસુરોમાંનો એક! એની વાર્તા વળી રાવણથી જુદી હતી. એ બંનેની કથા પછી એશિયાભરમાં લાખો વર્ષોથી હજારો જુદીજુદી રીતે કહેવાયેલા ગવાયેલા રામાયણથી અલગ હતી.

આ અસુરાયણ છે. અસુરોની કથા, પરાજિતોની કથા.

આભાર

'અસુર' માટે ઘણાં લોકોનો મારે આભાર માનવાનો છે.

પહેલાં તો મારાં પિતા, માતા, સ્વર્ગીય એલ. નીલકંઠન અને ચેલ્લમાલ નીલકંઠનનો – જેમની આંગળી પકડીને મેં ભારતીય મહાકાવ્યોના અદ્ભુત વિશ્વમાં પ્રવેશ કર્યો.

મારા ભાઈઓ લોકનાથન અને રાજેન્દ્રનનો – જેમની સાથે બેસીને મેં મારાં માતા-પિતા, અડોશી-પડોશીઓની સંગતમાં ભારતીય ફિલસૂફી, પુરાણો અને લોકકથાઓની ચર્ચા કરવામાં મારી કેટલીયે સલૂણી સાંજ વિતાવી છે.

એક વ્યક્તિ અને લેખક તરીકેના મારા ઘડતરમાં, બહેન ચંદ્રિકા અને તેના પતિ પરમેશ્વરનનો ફાળો નોંધનીય છે.

કલ્પનાના ઘોડા નિરંકુશપણે દોડાવવાની મારી આદત છે. મારા ભાણેજો દિવ્યા, રાખી અને દિલીપ તરફથી આવતી વણમાંગી તોફાની, અરે કોઈને ઉદ્ધત લાગે એવી ટીકાટિપ્પણ મારા પગને જમીન પર ટકાવી રાખે છે.

પચીસ વર્ષથી મારા મિત્ર રહેલા સંતોષ પ્રભુ સાથે મારી જે ઉગ્ર ચર્ચાઓ થતી, હજીયે થાય છે. એના વિના આ કથાને આકાર ન મળ્યો હોત. વાર્તાના પહેલાં ડ્રાફ્ટને સુધારનાર લક્ષ્મી નાયર, અંતિમ ડ્રાફ્ટ વાંચીને એમાંયે સુધારા-વધારા કરનાર મારા મિત્ર-સહયોગી પ્રેમજીત અને આખીયે કથા વાંચીને એનાં લખાણ કે કમ્પોઝિંગમાં રહી ગયેલી ભૂલે પ્રત્યે મારું ધ્યાન દોરનાર રાજીવ પ્રકાશનો આભાર માનું છું.

રાવણ અને ભદ્રને બોલવાની તક આપનાર આખીયે લીડસ્ટાર્ટ ટીમનો હું ઋણી રહીશ. લીડસ્ટાર્ટના ઍડિટોરિયલ ડિરેક્ટર ચંદ્રલેખા મૈત્રાએ મને જે પ્રોત્સાહન આપ્યું એ અજોડ કહેવાય. એના સહકાર અને માર્ગદર્શન વિના અસુરના શબ્દો હજી મારા લેપટોપની અંદર જ કેદ થઈને પડ્યા રહ્યા હોત.

પહેલીવાર નવલકથા લખી રહેલા લેખકનું લખાણ સુધારવા માટે એન્ડ્રિયા બાર્ટન ડી'સોઝાએ, જેટલી ધીરજ રાખી મહેનત કરી એ બદલ તો એને મોટો ઍવૉર્ડ આપવો જોઈએ. મુખપૃષ્ઠની સુંદર ડિઝાઇન કરનાર મિષ્ટા રૉય અને રેખાચિત્રો બનાવનાર, એમ્પલક્રિયેશન્સ સ્ટુડિયોના સુબુ અને અશોકનો ખૂબ ખૂબ આભાર.

જેના સાથ, પ્રેમ, પ્રોત્સાહન વિના આ પુસ્તક શક્ય જ ન બન્યું હોત એ મારી પત્ની અપર્ણાને તો કેટલીવાર ભેટીને એનું ઋણ સ્વીકારવું પડશે.

મારાં બે નાનકડાં, નટખટ અનન્યા અને અભિનવ, તમને તો મારી લખેલી નહીં પણ મુખેથી કહેવાયેલી વાર્તાઓ સાંભળવામાં વધુ રસ પડે છે ને! ઓછામાં ઓછી બીજી સો રાત સુધી સો વાર્તાઓ મારે તમને કહેવાની છે.

અંતે હું ભારતના એ અનેક અનામી કથાકારોનો ઋણ સ્વીકાર કરું છું. જેમણે ત્રણ હજાર વર્ષથી વાર્તા-કથનની પરંપરા આપણે ત્યાં જીવિત રાખી છે. મારો દેશ અને પૌરાણિક કથાઓનો એનો અખૂટ ભંડાર, એમનું ઋણ તો સદાકાળ મારે માથે રહેશે.

o

રાવણના અસુર સામ્રાજ્યના સુવર્ણકાળ દરમિયાનનું પ્રાચીન ભારત



'અસુર' વાંચતાં પહેલાં...


સીતા ખરેખર કાલીનો અવતાર હતાં. રામ રાવણ વચ્ચેના યુદ્ધમાં એક તબક્કે, રામ ગંભીરપણે ઘાયલ થઈને ભાન ગુમાવી બેઠા, ત્યારે વિફરેલાં સીતાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને રાક્ષસ સેના પર તૂટી પડ્યાં. એમના હાથે મરાયેલા સેંકડો રાક્ષસોમાં રાવણનો મોટો ભાઈ પણ હતો. એનું નામ પણ રાવણ હતું, અને એને તો વળી હજાર માથાં હતાં....!

આટલું વાંચીને તમે કદાચ કહેશો કે, આ વળી નવતર, કે પછી ટાઢાં પહોરનાં ગપ્પાં?! હવે સાચું ખોટું કોણ જાણે, પણ હકીકત એ છે કે, વિશ્વના ખૂણેખૂણે, સદીઓથી જે રામકથા જુદાજુદા સ્વરૂપે લખાતી, વંચાતી, કહેવાતી, ભજવાતી આવી છે, એમાંથી એક રામાયણમાં હજાર માથાં વાળા રાવણનો સંહાર કરનારી સીતાનો ઉલ્લેખ છે. આવી તો બીજી ઘણી વાતો છે, જે આપણે ત્યાં સર્વાધિક લોકપ્રિય ગણાતા, તુલસીકૃત રામચરિત માનસમાં નથી. પરંતુ આપણે જેને હિંદુ સંસ્કૃતિ કહીએ છીએ, એની વિશેષતા કહો કે સુંદરતા, એ છે કે એમાં દરેક પ્રકારની વિચારધારાને સ્થાન અને સન્માન મળ્યાં છે. અને હિંદુ સંસ્કૃતિનો એક અખંડ હિસ્સો ગણાતા મહાકાવ્ય રામાયણને જુદાજુદા રૂપે રજુ કરવાની પરંપરા આજ સુધી સચવાઈ રહી છે. અને એટલે જ રામાયણ માત્ર હિંદુ ધર્મકથન તરીકે નહિ, પણ વિશ્વગ્રંથ બનીને અમરત્વ પામ્યો છે..

રામાયણના પ્રથમ રચયિતા વાલ્મીકિ હતા, એમાં કોઈ શંકાને સ્થાન નથી, પણ પછીનાં હજારો વર્ષોમાં એ મહાગાથાને, અનેક લોકોએ જુદીજુદી રીતે આલેખી છે. એક અંદાજ મુજબ, વિશ્વમાં, જેની નોંધ લઇ શકાય એવી લગભગ ત્રણસો રામાયણનું અસ્તિત્વ છે, (એના આધારે લખાયેલી, નાની મોટી કથાઓની સંખ્યા તો લાખોમાં થાય). દરેકમાં કંઈ ને કંઈ નવી, કે બીજા રામાયણથી જુદી લાગે એવી વાતો છે. આવી જ એક, તમને કદાચ સહેજ જુદી લાગે એવી વાતનો આધાર લઈને આનંદ નીલકંઠને 'અસુર'નું આલેખન કર્યું છે. કોઈ પણ લેખકના દ્રષ્ટિકોણ સાથે, દરેક વાચક સહમત થાય, એવું તો દુનિયામાં ક્યાંય, ક્યારેય નથી બનતું. પરંતુ એનાથી પુસ્તકનું મહત્વ કે કથાનું સૌંદર્ય સહેજ પણ ઓછાં નથી થતાં. અંગ્રેજીમાં લખાયેલી 'અસુર' નવલકથાને ગુજરાતીમાં રજુ કરવી એ મારા માટે એક મહત્વનો અને અદ્દભૂત લાગ્યો એવો અનુભવ રહ્યો છે. આશા નહિ, ખાતરી છે કે, એક શોષિત પીડિત સમાજના મહાનાયક રાવણે જે કહેવું છે, એ સાંભળવામાં તમને પણ એટલો જ રસ પડશે.

- વર્ષા પાઠક

અંત



રાવણ

આવતીકાલે મારા અંતિમ સંસ્કાર થશે. એ લોકો મને શેરીમાં રખડતા કોઈ કૂતરાની જેમ દાટી દેશે, કે પછી એક શક્તિશાળી સમ્રાટને શોભે એ રીતે મારા અગ્નિસંસ્કાર થશે, કોણ જાણે? પરંતુ સાચું કહું તો હવે કોઈ ફેર નથી પડતો.

આસપાસ આંટા મારી રહેલા ઝરખના અવાજ મને સંભળાય છે. અત્યારે એ મારા પરિવારજનો અને મિત્રોનાં મડદાં પર જયાફત ઉડાવવામાં વ્યસ્ત છે. અરે, મારા પગ પરથી હમણાં શું સરકી ગયું? માથું ઊંચું કરીને જોવા જેટલી તાકાત મારામાં હવે નથી બચી. પણ જુઓ, પેલું શું દેખાયું? મસમોટા ઉંદરડા. રણભૂમિમાં અક્કલહીન મનુષ્યોએ એકબીજાને મારી નાખવાનું કામ પૂરું કર્યું. હવે એમની લાશો પર આ ઉંદરો ઉજાણી કરી રહ્યા છે. આમ તો છેલ્લા અગિયાર દિવસથી આ ચાલતું આવ્યું છે. કોહવાઈ ગયેલા મૃતદેહોની દુર્ગંધ માથું ફાડી નાખે એવી છે. વેરાન થઈ ગયેલા યુદ્ધમેદાનમાં પડેલા મૃતદેહોમાં કોણ મારા, કોણ પારકા? જીવ ઊડી ગયા બાદ હવે બધા સરખા લાગે છે – સરખા ગંધાય છે અને ઓળખ કરીને પણ હવે શું મળવાનું? થોડી જ વારમાં હું પણ મોતની ચાદર ઓઢીને સૂઈ જઈશ.

સારું જ થશે. આ કાળઝાળ પીડામાંથી તો છૂટકારો મળશે. મારા પેટમાં વાગેલું બાણ હવે તો મારા જીવની સાથે જ બહાર નીકળશે. જોકે મૃત્યુનો મને ભય નથી. છેલ્લા થોડા દિવસોમાં મેં એને બહુ નજીકથી જોઈ લીધું છે. મારી નજર સામે એ હજારો માણસોનો કોળિયો કરી ગયેલું. હવે મારો વારો છે.

વિશાળ સમુદ્રના તળિયે ક્યાંક મારો ભાઈ કુંભ સૂતો છે. હવે એની ઊંઘ ક્યારેય ઊડવાની નથી. જળચરોએ એની કાયા ફોલી ખાધી હશે. મારા પુત્ર મેઘનાદની ચિતાને તો ગઈકાલે મેં મારા હાથે આગ આપેલી. કાલે કે પરમ દિવસે? સમયનું ભાન હવે રહ્યું નથી. આમ તો બીજીયે કઈ વસ્તુનું ભાન હવે મને રહ્યું છે?

ઊંચે આકાશમાં માત્ર એક તારો ટમટમતો દેખાય છે, જાણે ઈશ્વરની આંખ. કદાચ એ શિવનું ત્રીજું નેત્ર છે, જે ખૂલતાંની સાથે સર્વનાશ
સર્જાઈ ગયો.

મારી પ્રાણપ્રિય લંકા બળીને રાખ થઈ ગઈ. એક સમયે સુવર્ણનગરી ગણાતી લંકામાં હવે માત્ર થોડા અંગારા તગતગે છે. મારી રાજધાની, ત્રિકોટા, વિશ્વની સહુથી સુંદર, સમૃદ્ધ નગરી હતી. પણ એક દિવસ પેલા વાનરે આવીને આગ ચાંપી દીધી.



ત્રિકોટામાં ભડકી ઊઠેલી આગ દિવસો સુધી શમી નહોતી. મહાલયો, નાનાં-મોટાં નિવાસસ્થાનો, દુકાનો, સ્ત્રીઓ, પુરુષો, બાળકો, બધુંયે વિનાશના અગ્નિકુંડમાં સ્વાહા થઈ ગયું. પણ નહોતી નાશ પામી અમારી હિંમત! જેટલા લોકો બચી ગયેલા, એમણે મળીને ત્રિકોટાને પાછું બેઠું કર્યું, પણ છેવટે તો એનોયે નાશ થયો. વાનરસેના એમના નેતાઓની સાથે ધસી આવી અને બધુંયે ખેદાન-મેદાન કરી નાખ્યું. હનુમાનને કારણે આ થયું. એ વાનર એની સાથે

લંકામાં પરાભવ અને વિનાશ લઈ આવ્યો.

એના વિશે પણ હવે મારે ઝાઝું નથી વિચારવું. મારા પુત્રએ હનુમાનને પકડ્યો ત્યારે જ એ વાનરને મારી નાખવાની જરૂર હતી. પરંતુ મેં મારા નાના ભાઈની શિખામણ સાંભળી, જે અંતે તો મારો વેરી ઠર્યો. અલબત્ત અસુરો માટે છેતરપિંડી અને વિશ્વાસઘાત કોઈ નવી વાત નથી. ભૂલ મારી હતી. હું એવા ભ્રમમાં રહી ગયો કે મારો ભાઈ, મારા લોકો હંમેશાં મને સાથ આપશે. આને નિર્દોષતા ગણવી કે મૂર્ખાઈ? હસવાનું મન થાય છે, પણ પેટમાંથી આંતરડાં બહાર નીકળી પડ્યાં હોય ત્યારે હસવાનું સહેલું નથી. દૂર શહેરમાં થઈ રહેલા વિજયના, હર્ષોલ્લાસના અવાજ, પવનની પાંખે મારા કાન સુધી પહોંચે છે. ત્રિકોટામાં લૂંટફાટ મચી હશે. મારા મહેલો અને મંદિરો લૂંટાશે, અન્ન ભંડારો પર વાનરસેના ભૂખીડાંસ તૂટી પડશે, શાળાઓ અને ઔષધાલયો બાળી નખાશે. દુનિયાભરમાં વિજેતાઓ, પરાજિતો સાથે આવું જ વર્તન કરે છે. અમે પણ એક જમાનામાં દેવોનાં ગામોની અંદર આવું જ, કદાચ આનાથીયે વધુ ખરાબ કર્યું હશે. કદરૂપા વાનરો મારા રાણીવાસમાં પ્રવેશી ગયા હશે. આશા રાખું કે એમના હાથમાં પડતાં પહેલાં મારી રાણીએ ઊંચેથી પડતું મૂકીને મોત વહાલું કરી લીધું હોય. મારા હાથમાં હવે કંઈ નથી રહ્યું.

મારા ગાલ પર મૃત્યુના ઉના શ્વાસોચ્છ્વાસ અથડાય છે. ઝરખ આવી પહોંચ્યા છે. મારું કયું અંગ પહેલવહેલું એમનો કોળિયો બનશે? પણ મને ખાવા જતાં ક્યાંક મારું બખ્તર એમના ગળામાં ભેરવાઈ પડ્યું તો? આ વિચારે આખરે મને હસાવી દીધો, પણ ઝરખ બહુ ચાલાક નીકળ્યું. મારા ગાલ પર દાંત ભરાવીને એણે માંસનો લોચો તોડી લીધો. ભોજનની શરૂઆત એમણે મારા ચહેરાથી કરી છે. ઉંદરડા મારા પગનાં આંગળાં કરડી રહ્યાં છે.

હું રાવણ, આજે ક્યાંથી ક્યાં આવી પહોંચ્યો? લડવા માટે, જીતવા માટે હવે કંઈ નથી બચ્યું. બસ હવે આ ઝરખ અને ઉંદરનો સામનો કરવાનો છે.

આવતીકાલે શહેરમાં વિજયયાત્રા નીકળશે. જે માર્ગ પર એક સમયે મારો રથ દોડતો હતો, એના પર વાનરો નાચતા-કૂદતા નીકળશે. એમણે પકડેલા વાંસડા પર મારું માથું લટકતું હશે. નગરમાં બચી ગયેલા લોકો રસ્તાની બંને બાજુએ આ દૃશ્ય જોવા ભેગા થશે. હું મારી પ્રજાને ઓળખું છું. એમના માટે આ ભયાનક તોયે બહુ મનોરંજક ઘટના હશે.

એક વાત મને નથી સમજાતી કે, હું પડ્યો એ પછી રામ શું કામ મારી પાસે આવીને જાણે આશીર્વાદ આપતા હોય એમ ઊભા રહ્યા? મારા ભાઈને એમણે કહ્યું કે, રાવણ દુનિયાનો સહુથી જ્ઞાની પુરુષ અને મહાન શાસક હતો. રાજ કેવી રીતે ચલાવવું એ રાવણ પાસેથી શીખવાની જરૂર હતી. સાંભળીને મને અટ્ટહાસ્ય વેરવાની ઇચ્છા થઈ ગઈ. રાજ ચલાવતાં મને આવડતું હોત તો આજે મારી અને લંકાની આ દશા થઈ હોત? આ બે યોદ્ધા અને એમની વાનરસેના સામે મારા લોકોનું રક્ષણ કરવામાં હું નિષ્ફળ ગયો હતો. મારા નેતૃત્વમાં વિશ્વાસ રાખનારા મૂર્ખાઓ હવે મડદાં થઈને રણભૂમિ પર પડ્યાં છે. કોણ મને મહાન રાજા કહી શકે?

પરંતુ જે હોય તે, એક પ્રતાપી સમ્રાટને શોભે એવું મોત મારા ભાગ્યમાં નથી. જ્યાં દરેક સ્ત્રી-પુરુષ સમાન હોય એવું વિશાળ સામ્રાજ્ય ઊભું કરવાનું સપનું મેં જોયેલું. એ માટે મેં દિવસ-રાત મહેનત કરી, દેવો અને એમના ટેકેદારો સામે હું લડતો રહ્યો, પણ છેવટે મારી હાર થઈ. હસું નહીં તો બીજું શું કરું? હસતા-હસતા મરી જાય એવા લોકો માટે સ્વર્ગમાં જગ્યા હશે?

અરે, મને ખાઈ રહેલાં પ્રાણીઓ અચાનક ભોજન અધૂરું મૂકીને કેમ ભાગ્યા? તેજ ગુમાવી રહેલી મારી આંખોની સામે સાંજ વધુ અંધારી થઈ ગઈ. રાતથીયે અંધારો, કાળો એક ઓળો મારી સામે આવીને ઊભો છે. આકાશનો પેલો એકલવાયો તારો એની પાછળ ઢંકાઈ ગયો છે. આ કોણ? કાળદેવતા આખરે મને લેવા માટે આવી પહોંચ્યા? કે પછી રામે મારું માથું વાઢી

લેવા માટે એના કોઈ મામૂલી નોકરને મોકલ્યો હતો?

શરીરમાં હતી એટલી બધી શક્તિ ભેગી કરીને મેં આંખો પૂરેપૂરી ખોલવાનો પ્રયાસ કર્યો. રામનો માણસ હોય કે કાળનો દૂત, મારે એની આંખોમાં આંખ પરોવવી હતી. જીવનના છેલ્લા શ્વાસ મારે એક શૂરવીરની જેમ નિર્ભયપણે લેવા હતા.

પરંતુ મારી સામે દેખાતો ઓળો, એના માથા પરના વાંકડિયા વાળ મને કોની યાદ અપાવે છે?

ઓહ, આ તો ભદ્ર છે. મારો મિત્ર. દુનિયામાં મારો એકમાત્ર બચી ગયેલો મિત્ર! પણ ના, એને મિત્ર કહેવાય? એ તો મારો અદનો સેવક હતો, મામૂલી સૈનિક! પણ પછી ક્યાંક ખોવાઈ ગયો. પાછો આવ્યો, ગયો. મારા જીવનમાં સતત એની અવરજવર થતી રહી.

મામૂલી લૂંટારાઓની ટોળી જેવું સૈન્ય લઈને મેં લડવાની શરૂઆત કરેલી, ત્યારે એ મારી અંગત છાવણી સુધી પહોંચી ગયેલો. નાના ટાપુનો હું રાજા બન્યો ત્યારે એની પહોંચ મારા નિવાસસ્થાન સુધી હતી. સમ્રાટના રૂપમાં હું આખા ભારત પર રાજ કરતો હતો. ત્યારે પણ આ માણસ કોણ જાણે કેવી રીતે મારા શયનખંડમાં પ્રવેશી જતો હતો!

મારી યુદ્ધછાવણી કે રાજમહેલમાં જ નહીં, મારા હૃદયના સાવ અંતરિયાળ અંધારિયા ખૂણાને પણ ભદ્ર સ્પર્શી શકતો હતો. જે વાત હું મારા ભાઈઓ, મારી પત્ની, મારી પ્રેમિકા, મારી પ્રજા, અરે ક્યારેક પોતાની જાતથીયે છુપાવવા મથતો હતો. એ કોઈક રીતે ભદ્ર જાણી જતો.

પણ આજે, અહીં એ શું કરવા આવ્યો છે? જોકે આ વાતનું આશ્ચર્ય ન થવું જોઈએ. આ જગ્યા એવી છે કે એના જેવા લપાતા-છુપાતા, અંધારા ઓળા જેવા લોકોને માફક આવે. એનાં ડૂસકાંનો અવાજ મારા કાને પડે છે, ભદ્ર લાગણીવશ થઈ ગયો?

એ વળી સાચેસાચ આશ્ચર્યની વાત! રોષ, હતાશા, આનંદ, આવી કોઈ લાગણી મેં ક્યારેય ભદ્રના ચહેરા પર નહોતી જોઈ. આજે એને શું થઈ ગયું?

'ભદ્ર, અહીંથી મને ક્યાંક લઈ જા, ક્યાંક એવા સ્થળે....' વાક્ય પૂરું કરવા જેટલી શક્તિ મારામાં નહોતી. અરે, આટલા શબ્દોયે ખરેખર હું બોલ્યો કે, માત્ર મનોમન બબડેલો એ પણ ખબર નથી.

ભદ્રએ માથું ધુણાવ્યું. મને ઠંડી લાગતી હતી. ભયાનક ઠંડી. શ્વાસ ધીમા પડી રહ્યા હતા. ભદ્રએ મારું માથું ઊંચું કરીને છાતી સરસું ચાંપી દીધું. એના પસીનાની ગંધ મારા નાકમાં પ્રવેશી ગઈ. અંગેઅંગમાંથી કાળી પીડાની ચીસો ઊઠી. મારા મોઢામાંથી ચિત્કાર નીકળી ગયો. ભદ્રએ હળવેથી મને પાછો રક્તભીની જમીન પર સુવાડી દીધો. રક્ત મારું હતું. મારાં લોકોનું, મારાં સપનાંઓનું. બધાંનો અંત આવી ગયો.

હતાશા અને ખાલીપાની લાગણી મને ઘેરી વળી, પણ ક્યાંક દૂરદૂરથી આવતો હોય એવો બબડાટ મારા કાને પડ્યો. 'મહારાજ, તમારું અધૂરું કાર્ય હું પૂર્ણ કરીશ. કોઈ ઉદ્વેગ વિના શાંત ચિત્તે વિદાય લેજો. આપણા લોકો માટે હું આટલું તો કરીશ. મારી રીત કદાચ જુદી, તમને અણગમતી લાગે એવી હશે. એક સમયે હુંયે યોદ્ધો હતો, પણ ઘડપણ હવે મને આંબી ગયું છે. શસ્ત્ર ઉપાડતા મારા હાથ ધ્રૂજે છે. યુદ્ધની કલ્પના સુધ્ધાં મને કંપાવી દે છે. નાના બાળકને પણ ઈજા પહોંચાડવાની હિંમત કે આવડત હવે મારામાં નથી રહી. પણ મને જે આવડે છે એ ભયાનક છે, પૂરતું છે. આપણી આખીયે શાપિત પ્રજાતિના પરાજયનું વેર હું એકલે હાથે વાળીશ. રામે આપણી સાથે જે કર્યું એનો બદલો લીધા વિના હું જંપીશ નહીં. મારા વચનમાં શ્રદ્ધા રાખીને હવે શાંતિથી વિદાય લ્યો.'

ભદ્રએ કરેલા બબડાટમાંથી મને તો અડધુંપડધું જ સંભળાયું, પણ અચાનક મેં મારી પીડા

અને દુઃખની જગ્યાએ શાંતિની લાગણી અનુભવી. સામે ઊભેલા ગંધાતા અસુરને પાછળ છોડીને હું મારા ભૂતકાળમાં પહોંચી ગયો. અર્ધખુલ્લી આંખોની સામે હજારો છબીઓ તરવરી ઊઠી. પ્રારંભના દિવસોમાં મારો સંઘર્ષ, પ્રેમ અને વિશ્વાસઘાતના શૂળ, જુદાઈ, નાની લડાઈઓ, ભીષણ મહાયુદ્ધો, સંગીત, લલિત કલાઓ... એકમેક સાથે કોઈ સંબંધ ન હોય એવાં સ્મરણો અને દૃશ્યો નદીની જેમ વહી ગયાં. એમનો અર્થ સમજવાનું મુશ્કેલ હતું.


મારાં ચરણસ્પર્શ કરીને ભદ્ર ચાલતો થયો. 'ભદ્ર, પાછો આવ. મને કોઈ વૈદ્ય પાસે લઈ જા. જે મારાં ભાંગ્યાંતૂટ્યાં અંગોને સાંધીને મને પાછો બેઠો કરી શકે.' સહ્ય જંગલોમાં ઊંડા ઊતરી જઈને, મારે ત્યાંથી પાછી લડાઈઓ શરૂ કરવી છે જેમ વર્ષો પહેલાં મહાબલિએ કરેલું. આખીયે જિંદગી મારે એકડે એકથી ફરીને શરૂ કરવી છે. ફરીથી એ જ ભૂલો કરવી છે. એ જ લોકોને પ્રેમ કરવો છે, એ જ દુશ્મનો સામે લડવું છે અને એ જ મિત્રોને ભેટવું છે. એ જ સ્ત્રીઓને પરણીને એ જ સંતાનોના પિતા બનવું છે. જેવી રીતે અત્યાર સુધી જીવ્યો, એવી જ રીતે મારે ફરીથી જીવવું છે. સ્વર્ગમાં રામે મારા માટે રાખેલું આસન મારે નથી જોઈતું. મારે તો આ સુંદર ધરતી પર જ રહેવું છે.'

ભદ્રને સંબોધીને પાડેલી આ બધી ચીસો મારા ગળામાં જ અટવાઈને રહી ગઈ. હું જાણતો હતો કે જેની ઇચ્છા હતી. એમાંથી હવે કંઈ નહોતું બનવાનું કે મળવાનું. હું સોળ નહીં સાઈઠ વર્ષનો હતો. જીવિત રહ્યો તોયે મારી દશા કોઈ લઘરવઘર, ગંધાતા ઘરડા ભિખારી જેવી જ હશે. એક આંખે દુનિયાને જોતો હું ગલીએ ગલીએ ભટકતો રહીશ. ના, ના, મારે હવે નથી જીવવું. આ પીડા અને લાચારીનો અંત હવે ઝટ આવે તો સારું. મારે અહીંથી જવું છે. નગરને ભડભડ બળવા દો, દેવો અને અસુરોને લડવા દો, મરવા દો. મને હવે કોઈની પરવા નથી.

વર્તમાનમાંથી નીકળીને મારે મારા બાળપણના દિવસોમાં પાછા ફરવું હતું. જીવન ફરીથી શરૂ કરવું હતું. ફરીથી, બસ એ જ રીતે...

o

બીજ



વરસાદી પવનની થપાટે નાના ઝૂંપડાને હચમચાવી નાખ્યું. બસ, હવે એક વધુ ઝાપટું અને પર્વતની ધારે માંડમાંડ ઊભેલું ઝૂંપડું ખીણમાં જઈને પડવાનું. એની સાથે અમે પણ કાળનો કોળિયો થઈ જઈશું.

ખરેખર, અંત એવી જ રીતે આવી ગયો હોત તો કેટલું સારું થાત! પણ ના, આ તો અંતનો માત્ર આરંભ હતો. શું ઇતિહાસનાં પાનાં પરથી મારું નામ એવી રીતે ભૂંસાઈ જવાનું હતું? ભલેને નિષ્ફળતા મળે, પણ એક મહાકાર્ય મારે હાથ નહોતું થવાનું?

એ ઘડીએ હું નહોતો જાણતો કે, કોઈના ભાગ્યમાં લખાયેલા શબ્દો સાચા પાડવા માટે મારો જન્મ થયો હતો. કોઈને ભગવાન બનાવવા માટે હું આ પૃથ્વી પર આવ્યો હતો.

જીવનની બધીયે લડાઈ હારી ચૂકી હોય, એવી લાગતી મારી માતા અને ત્રણ ભાઈ-બહેનો સાથે હું ઝૂંપડાના એક ખૂણે જાત સંકોરીને બેઠો હતો. ડુંગરની તળેટીમાં, પ્રકાશથી ઝગમગતો મારા સાવકા ભાઈનો મહેલ અહીંથી દેખાતો હતો. જોજનમાં માપીએ તો અમારી વચ્ચે ઝાઝું અંતર નહોતું, પણ તોયે લાગતું એવું હતું કે અમે સાવ જુદી જુદી દુનિયામાં વસતા હતા.

એકવાર મારી ગરીબ, કાળીમેંશ જેવી માતાની જીર્ણશીર્ણ શાલનો છેડો પકડીને હું એ મહેલમાં ગયેલો. નાના બે ભાઈઓ મારી આંગળી પકડીને પાછળ ઢસડાતા આવેલા. ભૂખ અને બીમારીથી અધમૂઈ થઈ ગયેલી મારી બહેન માના ખભે હતી. મૂડીના નામે અમારી પાસે હતી. બસ ગરીબી, ભૂખ અને માથું ઊંચું ન કરવા દે એટલી ભારેભરખમ શરમ.

રહ્યાસહ્યા આત્મસમ્માનને નેવે મૂકીને, જીવિત રહેવાના એક છેલ્લા મરણિયા પ્રયાસરૂપે મા અમને એના સાવકા પુત્રના બારણે લઈ ગયેલી એનું નામ કુબેર. આ ધરતી પરનો સહુથી શ્રીમંત માણસ, સંપત્તિનો સ્વામી કુબેર. એના ઝળહળતા, મહેલના દરવાજે ભીખનો કટોરો લઈને અમે ઊભા રહ્યા. સોનાના થોડા સિક્કા અને કુબેરની પત્નીઓએ એમની આંખોથી ફેંકેલા ઘૃણા અને ઉપાલંભના બાણ અમને મળ્યાં. અમારી જરૂરિયાતો બહુ ઓછી હતી. અમારી સાથે વાત કરવા જેટલો સમય પણ કુબેર પાસે નહોતો. બીજી જ ક્ષણે એ અમને ભૂલી ગયો. હા, ભવિષ્યમાં એવો એક દિવસ ઊગવાનો હતો. જ્યારે હું બહુ ગર્વભેર મારા એ ભાઈને અમારા અસ્તિત્વનું ભાન કરાવવાનો હતો પણ એને હજી વાર હતી.

હા, એ દિવસે સુવર્ણથીયે વધુ કિંમતી વસ્તુ મને એ ભવ્ય મહેલમાંથી મળેલી, અને એ હતી સતત પ્રજ્વલિત રહે એવી અગ્નિ જેવી મહત્ત્વાકાંક્ષા. ભૂખના ભડકાથીયે એ મહત્ત્વાકાંક્ષા વધુ તેજસ્વી હતી. મારું મન કહેતું હતું કે, કુબેર પાસે હતી એ બધી, એનાથીયે વધુ ધનસંપત્તિ એક દિવસ મારા અને માત્ર મારાં ચરણોમાં આળોટવાની હતી.

માની સાથે કદાચ મારો આ છેલ્લો દિવસ છે. બીજે દિવસે જો આ વરસાદી તાંડવમાંથી હેમખેમ બહાર નીકળ્યા, તો અમારી નવી યાત્રાનો આરંભ થશે. બહાર એક નવું વિશ્વ અમારી રાહ જુએ છે.

મારે એને જીતી લેવું છે.

મને કે મારા ભાઈઓને ભણવાની તક ક્યારેય નહોતી મળી. કોઈ બ્રાહ્મણ અમને શિષ્ય તરીકે સ્વીકારવા તૈયાર નહોતો. અરે, એની દિવસરાત ચાકરી કરીએ તોયે નહીં. અમે કાળિયા, જંગલી હતા અને સામાજિક વર્ણવ્યવસ્થામાં અમારું સ્થાન બહુ નીચે હતું.

મારા પિતા પ્રખ્યાત મહર્ષિ હતા, પરંતુ એમના માટે જાણે અમારું અસ્તિત્વ જ નહોતું. જ્ઞાનના સાગરમાં ડૂબેલા એ માણસને સગાં સંતાનોની કોઈ પરવા નહોતી. એ બ્રાહ્મણ હતા. મારી માતા અજાણ્યા, મામૂલી અસુરકુળમાં જન્મેલી. એમનો સંબંધ સહુ જાણતા હતા પણ કોઈને સ્વીકાર્ય નહોતો. બ્રાહ્મણોનો દાવો હતો કે આખીયે સૃષ્ટિનો સાર અને જ્ઞાન, સંસ્કૃત વેદોમાં સમાયા હતા. મારા પિતા આ વેદોના જાણકાર હતા.

તેમ છતાં મારી નજરે એ ખરાબ માણસ નહોતા. એમની જ્ઞાતિના બીજા સ્વકેન્દ્રી લોકો જેવી એમની વિચારધારા હતી. એ માનતા હતા કે અમારા ઘરમાં એમની હાજરી હોય એ જ મોટી કૃપા હતી. જીવિત રહેવા માટે અમને મૂઠીભર ધાન્યનીયે જરૂર હતી. એ વાતને એમણે સહેલાઈથી વિસારે પાડી દીધેલી. હા, અમે અભણ હતા, એની જાણે શિક્ષારૂપે એમણે અમને રાક્ષસ જેવા નામ આપ્યા હતા. સામે પક્ષે અમે ઘણીવાર એમની મશ્કરી કરતા. એમના મિત્રો સાથે જ્યારે એ વેદોનું ઉચ્ચારણ કરતા ત્યારે બધાં મૂંઝાઈ જાય એવા પ્રશ્નો હું પૂછી લેતો. ઘરની બહાર, કુંભકર્ણ, શૂર્પણખા અને હું મળીને પિતાના ચાળા પાડતા. સહુથી નાનો વિભીષણ જોકે અમારાથી જુદો હતો. આંખો ફાડીને, મુગ્ધ ભાવે એ બ્રાહ્મણોને જોયા કરતો. પેલા લોકોનો સંસ્કૃત બબડાટ ધ્યાનપૂર્વક સાંભળ્યા કરતો.

મારા પિતાએ એમની બધીયે સંપત્તિ મારા સાવકા ભાઈ કુબેરને આપી દીધી, પછી અમારી આ દશા થઈ હતી. અમારી પાસે કંઈ નહોતું બચ્યું. ભૂખ અને ગરીબી સતત ભરડો લેતી હોય, ત્યારે દિવસો વિતાવવાનું, નાનેથી મોટા થવાનું બહુ દુષ્કર હોય છે. પરંતુ એવી સ્થિતિમાંયે અમે ન્યાય અને નીતિનો માર્ગ નહોતો છોડ્યો. હા, ન્યાય-સદાચારની અમારી વ્યાખ્યા પેલા શ્રીમંત, જ્ઞાની ગણાતા લોકોથી જુદી હતી. નીતિ અને અધિકારનો ચીલો અમે અમારી રીતે ચાતર્યો હતો. બાળપણમાં જ અમને સમજાઈ ગયેલું કે, સત્યને પણ આપણી સગવડ પ્રમાણે મરડી-મચકોડીને રજૂ કરી શકાય. ધર્મના અમારા સિદ્ધાંત બહુ સાદા અને સરળ હતા : આપેલું વચન ફોક ન કરાય; હૃદયમાં હોય એ જ બોલવું અને પોતાને ખોટું-ખરાબ લાગે એવું કાર્ય ક્યારેય કરવું નહીં; સ્પર્ધામાં નિષ્ફળતા નક્કી હોય તોયે છેતરપિંડી ન કરવી; સ્ત્રીઓનું સમ્માન થવું જોઈએ અને ક્યારેય કોઈનું અપમાન ન કરવું. ક્યાંક અન્યાય થતો લાગે તો પ્રાણના ભોગે પણ લડી લેવું.

અમે બસ આટલું જાણતા હતા. ભૂતકાળમાં થઈ ગયેલા મહાન અસુર કે દેવ સંતો-વિદ્વાનો શું બોલી કે લખી ગયેલા, એનાથી અમે અજ્ઞાત હતા. અમારા માટે કોઈ પરંપરા નહોતી. પિતા હોવા છતાં અમે જાણે અનૌરસ, અનાથ, અબુદ્ધ હતા.

બીજે દિવસે આ ટાપુ છોડીને નીકળી જઈશું. ભારત દેશના ખૂણેખૂણે હું ફરી વળીશ. મારે હીમાચ્છાદિત હિમાલયની ટોચે પહોંચવું હતું. ચોમાસામાં ગાંડીતૂર થયેલી ગંગાના ધસમસતા પાણીમાં ઝંપલાવવું હતું. સપનામાં હું વિંધ્યાચળ અને સહ્યાદ્રિના અડાબીડ જંગલો પાર કરી જતો હતો. વાનરજાતિઓને મળીને યક્ષ અને કિન્નરોની રાજધાનીમાં પહોંચી જતો હતો. ગાંધર્વોની દુનિયામાં સદા ગૂંજતું રહેતું સંગીત મારા કાને પહોંચતું હતું. દુનિયામાં કેટકેટલું જોવાનું હતું, જીતવાનું હતું ! એક દિવસ આ બધાં પર રાવણ રાજ કરશે. હિમાલયથી લંકા, લંકાથી હિમાલય સુધી રાવણની આણ ફરતી હશે. મારા રાજમાં બધાં માટે ન્યાય, શાંતિ અને સમૃદ્ધિ હશે.

શમણાંની સોહામણી સૃષ્ટિમાં ક્યારેક અનિશ્ચિતતા ટકોરો દઈ જતી. આ અદ્ભુત કલ્પનાઓ મારી ભૂખમાંથી નીપજેલી માત્ર ભ્રમણાઓ તો નહોતી ને? આજે શ્વાસ ખૂટી ગયા તો કોણ જાણશે કે મેં મારા લોકો માટે કેવા ભવ્ય વિશ્વની કલ્પનાઓ કરી હતી?

માતાનાં આંસુ મને રોમેરોમ દઝાડતાં હતાં. એ ઇચ્છતી હતી કે અમે ઘરની બહાર નીકળીને, દૂરદૂર સુધી વિજયપતાકા લહેરાવીએ, પણ બીજી તરફ અમારાથી છૂટા પડવાનો વિચાર એના માટે અસહ્ય હતો. કદાચ એણે મારી આંખોમાંથી ઝરતા મહત્ત્વાકાંક્ષાના તણખા જોઈ લીધેલા, એટલે જ અંતે એણે અમારો માર્ગ રોકવાનું છોડી દીધું. બહુ આગળ નીકળી ગયા બાદ ક્યારેક હું પાછળ વળીને જોતો, તો જીર્ણશીર્ણ વસ્ત્રોમાં, કેડેથી વાંકી વળી ગયેલી મારી મા અને એણે છાતીએ વળગાડી રાખેલી મારી કદરૂપી નાની બહેન નજરે પડતી. અમારા માટે સંસારની એ સહુથી સુંદર બાળકી હતી, પણ માએ જ શીખવાડેલું કે સત્ય સામે આંખમીંચામણા કરવા નહીં. એટલે પછી કચવાતા મને સ્વીકારવું પડેલું કે પિતા સાચું કહેતા હતા. એમના કહેવા પ્રમાણે મારી નાની બહેન જેવું કુરૂપ બાળક એમણે બીજે ક્યાંય જોયું નહોતું. આ શબ્દો સાંભળીને પહેલાં મને એમના માટે ભયાનક તિરસ્કાર છૂટી ગયેલો. વધુ ગુસ્સો અને દુઃખ જોકે એ વાતનાં હતાં કે, એમણે ખોટું નહોતું કહ્યું.

મારા સાવકા ભાઈના સેવકો મહેલની બહાર સાગરકિનારે બેઠા હતા. ચારેતરફ ઊછળી રહેલાં મોજાંની વચ્ચે નાનકડી, ભાંગીતૂટી નાવને તરતી રાખવા માટે મથી રહેલાં ત્રણ ભાઈ-બહેનને જોઈને એનું હસવું નહોતું સમાતું. મદિરાના પ્યાલા ઊંચા કરીને એમણે તો અમારા મૃત્યુની ઘોષણા પણ કરી દીધી. અશ્લિલ ગીતો ગાઈને મારી માનું અપમાન કરી રહેલા એ દુષ્ટોનાં ગળાં દબાવી દેવા માટે મારા હાથ સળવળી ઉઠેલા. પણ માને મેં વચન આપેલું કે દુનિયાની રીતરસમ પૂરેપૂરી જાણી લીધા બાદ સાચા-ખોટાનો ન્યાય કરવા જેટલી બુદ્ધિ અને શક્તિ મારામાં આવશે, એ પછી જ હું બીજા પર બળપ્રયોગ કરીશ. દૂરદૂર ક્ષિતિજ પર મેં મારી ભીની આંખો ખોડી રાખી. મારું વિશ્વ, મારી સફળતા, મારા ગુરુ, આ બધું બીજે કિનારે હતું.

સહ્યાદ્રિનાં બારેમાસ લીલાંછમ રહેતાં ગીચ જંગલોમાંથી માર્ગ કાઢતા, હું અને મારા ભાઈઓ આગળ વધ્યા. રસ્તામાં અમે ભવ્ય મહાલયો અને બંદરો જોયાં, હાથીદાંત અને સુખડમાંથી બનેલી કલા-કૃતિઓ, વૃક્ષોની વચ્ચે રમતા મોર અને વાંદરા જોયા. રંગબેરંગી પતાકાઓ ફરકાવતા વિશાળ વહાણો દૂરદૂરના પ્રદેશમાં જતાં હતાં. કોઈમાં હીરા ને સુવર્ણ તો કોઈમાં ઠેકઠેકાણે મરીમસાલા ભર્યા હતા. વિશાળ મંદિરો જોયાં, જેમાં વસતા દેવતાઓ માણસે મહેનતથી કરેલી કમાણીમાં ભાગ માંગતા હતા અને ભગવાનને નામે લૂંટફાટ કરતા માણસો પણ જોયા. સ્વર્ગની યાદ દેવડાવે એવાં સુંદર શહેરો અને ત્યાંની સ્ત્રીઓ પરથી નજર ખસેડવાનું કઠિન હતું.

અમે જ્યાં જઈએ ત્યાં કુબેરનાં કાર્યાલયો, વહાણો અને એના માટે કામ કરતા લોકો જોવા મળ્યા. ટાપુ પરના એના મહેલમાં બેઠોબેઠો કુબેર, ચારેતરફ ફેલાયેલા એના વિશાળ વ્યાપાર-સામ્રાજ્યનો દોરીસંચાર કરતો હતો. એની પાસે સવાસોથી વધુ વહાણ હતાં. જે ગ્રીસ, ઈજિપ્ત અને ચીન સુધી જતાં હતાં. તેજીલા અશ્વો પર સવાર થયેલા સંદેશવાહકો એકથી બીજી જગ્યાએ દોડાદોડી કરતા હતા. સાવકા ભાઈની સમૃદ્ધિ જોઈને ક્યારેક મને એના માટે ગર્વ થતો, તો ક્યારેક રોષ અને ઈર્ષ્યાથી અંગેઅંગ બળી જતું.

કુબેરના ભાઈ તરીકે ઓળખ આપતાંની સાથે કોઈપણ દરવાજા અમારા માટે ખૂલી જાય, એમાં શંકા નહોતી. કોઈ ને કોઈ જગ્યાએ મને નાનુંમોટું કામ પણ મળી જાત. એનાથી કમસેકમ મારા પરિવાર માટે એક ટંક ભોજનની વ્યવસ્થા તો થઈ જાત, પણ એ રસ્તે જવા

માટે મારા પગ નહોતા ઊપડતા. અમારા ભાંગ્યાતૂટ્યા પાત્રમાં થોડા સિક્કા ફેંકીને મહેલનો દરવાજો દેખાડી દેનારા કુબેરનું ચિત્ર મારી નજરમાંથી ખસતું નહોતું. એની દયા પર જીવવાને બદલે તો હું ભૂખે મરી જવા તૈયાર હતો. કોઈ ભલે આને મારો અહમ્ કહે. ડાહ્યા ગણાતા લોકો કહે છે કે, દુનિયામાં ટકી રહેવા માટે વ્યવહારુ બનવું પડે અને જે મળે એમાં ખુશ થવું જોઈએ. પણ ના, હું તો સ્વપ્નદ્રષ્ટા હતો. દુનિયામાં મારે માત્ર ટકી નહોતું રહેવું. એના પર મારી અમીટ છાપ છોડી જવી હતી.

અમારા લોકો શું કામ આટલા ભીરુ, નબળા હતા એ વાતનું આશ્ચર્ય મને હંમેશાં થતું. બધીયે સત્તા અને સંપત્તિ મૂઠ્ઠીભર લોકોના હાથમાં હતી. જોવાનું તો એ કે, ઊંચા સ્થાને બેઠેલાઓ જેમનું શોષણ કરતા હતા એ જ દીન, ગરીબો પાછા એમના સ્વામીઓ માટે પ્રાણ ન્યોચ્છાવર કરવા તૈયાર રહેતા હતા. શું એમને કોઈ ભય હતો? ખબર નથી પણ જ્યાં નજર પડી, ત્યાં મને માત્ર શોષણ અને અત્યાચારનાં દર્શન થયાં. ધન, જાતિવાદ, કર્મકાંડ, પરંપરાઓ, માન્યતાઓ, અંધશ્રદ્ધા, આ બધાંએ મળીને નબળી બહુમતીને કચડી નાખેલી. આ સમાજમાં સમાનતા કે ન્યાય જેવું કંઈ હતું જ નહીં?

આ પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યું, એ દિવસથી મારા કપાળે 'માથાભારે'નું વિશેષણ ચોંટી ગયું. અરે, એકવાર તો મારા પિતાના બ્રાહ્મણ મિત્રોએ મને રાક્ષસ ગણાવીને, ગામની બહાર કાઢી મૂકવાનો પ્રયત્ન પણ કરેલો, પરંતુ મને કોઈનો ભય નહોતો. કદાચ ઉંમર અને અનુભવમાં હું હજી કાચો હતો.

મારાં ભાઈ-બહેનો અને આસપાસ વસતા લોકોની આંખોમાં પણ મને આવા જ પ્રશ્નો અને ઉદ્વેગ દેખાતા હતા. હા, વિભીષણ એમાં અપવાદ હતો. એ શાંતિથી મૂંગે મોઢે બધું જોયા કરતો. મને એનામાં બુદ્ધિની ઊણપ લાગતી, પણ કોણ જાણે બાળપણમાં એ ગામ આખાનો લાડકો હતો. પુસ્તકોમાં લખેલી બધી વાત સાચી માનીને, એકેય પ્રશ્ન પૂછ્યા વિના વિભીષણ એનું અનુકરણ કરતો.

મને ઘણીવાર લાગતું કે અમે જે સમાજમાં જીવતા હતા, એમાં વિભીષણ જેવાનું જ સ્થાન હતું. એને નક્કી એક દિવસ મોટી સફળતા મળવાની. ગમે તેવો હોય પણ મને એ ગમતો હતો. સાવ નાના, નબળા લાગતા વિભીષણને મારા રક્ષણની જરૂર હતી. સાચું પૂછો તો સમાજ જેને બુદ્ધિમતા ગણે, એ મારામાં પણ ક્યાં હતી?

વિભીષણ વેદોનું ઉચ્ચારણ કડકડાટ કરી જતો. મારા મતે એ વ્યર્થ બબડાટ હતો. શ્લોકોને ઊંધેથી આડાઅવળા બોલો તોયે શું ફેર પડવાનો હતો? મારા પિતા જેવા, કામકાજ કર્યા વિના નવરાધૂપ બેઠેલા, થોડા બ્રાહ્મણોએ હજારો વર્ષ પહેલાં આ વેદ લખેલા. પોતાને કે બીજાને ઉપયોગી થાય એવું કંઈ કામ કરવાને બદલે બ્રાહ્મણો વરસાદ, પ્રકાશ, અશ્વો, ગાય, ધન વગેરે મેળવવા માટે બસ દેવતાઓને પ્રાર્થના કરતા હતા. જોવાનું તો એ કે આ દેવતાઓની કલ્પના એમણે જ ઘડી કાઢેલી. આ બ્રાહ્મણો મૂળ બહુ ઠંડા પ્રદેશના રહેવાસી હોવા જોઈએ. બાકી ભગવાનને બોલાવવા માટે, મોટી આગ સળગાવીને દેડકા જેવા અવાજ કરીને એમાં આટલાં લાકડાં હોમવાની જરૂર કોને લાગે?

કદાચ હું પૂર્વગ્રહથી પીડાતો હતો. એ લોકો યજ્ઞવિધિઓના નામે જે કરતા હતા એ સાવ નકામું તો નહોતું. ધન કમાવા માટે, બીજા ફાયદા મેળવવા માટે આ સારું હથિયાર હતું. બ્રાહ્મણો બહુ ચાલાક હતા. નાનાં નાનાં લાકડાંને આગમાં હોમવા જેવાં સહેલાં કામને પણ એમણે મહાકાર્યનું રૂપ આપી દીધેલું. આવા યજ્ઞોથી આખી સૃષ્ટિમાં વસતા સારાંમાઠાં તત્ત્વો પર કાબૂ મેળવી શકાય, મહાન સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય એવો એમનો દાવો હતો.

મને હસવું તો ત્યારે આવતું જ્યારે ખેડૂત, સુથાર, કડિયા જેવા લોકો પોતપોતાનાં મહત્ત્વનાં

કામ છોડીને આ નાટકમાં ભાગ લેવા દોડી જતા.


દરેક ઘટના, પ્રસંગ માટે પૂજા કે યજ્ઞ હતા. સાદી શરદી હોય કે અંગેઅંગમાં ફેલાઈ ગયેલો રક્તપિત્ત, બ્રાહ્મણ કહેશે કે અમુકતમુક દેવને શાંત પાડવા માટે પૂજા કરાવો. ગાયને વાછરડું કે સ્ત્રીને પુત્રની પ્રાપ્તિ કરાવવા માટે યજ્ઞ હતા. બ્રાહ્મણને રાજી કરો તો તમારો દીકરો સોળ વરસનો થતા સુધીમાં મોટો પંડિત થઈ જાય. બ્રાહ્મણ રૂઠે તો પછી સામેવાળાની સ્થિતિ મારા જેવી થાય. એ રાક્ષસ બની જાય પણ લાગતું હતું કે ધીમે ધીમે રાક્ષસોની વસ્તી વધવા માંડેલી. કદાચ 'આવું કેમ?' પૂછવાનો ચેપ પ્રસરવા લાગ્યો હતો. મનમાં ઘૂમરાયા કરતા ખરાબ વિચારોને દૂર કરવા માટે ખાસ પૂજા કે યજ્ઞ હશે? ખબર નથી, કોઈ બ્રાહ્મણને પૂછવું પડશે.

હું જ્યાં જાઉં ત્યાં ભગવાન સાથે ઘરોબો હોવાનો દાવો કરનારા અને ભલાભોળા લોકોને લૂંટનારા દંભીજનો મળી જાય છે. સમજાતું નથી, એક સમયના રાજાઓ અચાનક ભગવાન કેવી રીતે બની ગયા? અમુકતમુક કામ માટે, આ કે પેલા ચોક્કસ દેવ જ હોય એવું કોણે, ક્યારે કેવી રીતે ઠરાવ્યું હશે?

હવે મહેરબાની કરીને એવું નહીં ધારી લેતા કે હું નાસ્તિક છું. ના, હું તો ભગવાનમાં પૂરેપૂરી શ્રદ્ધા ધરાવું છું. મારા ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ માટે ભગવાનને પ્રાર્થના કરવા હું હંમેશાં તૈયાર રહું છું, પણ મારે મન ભગવાન અને શ્રદ્ધા બહુ અંગત બાબત છે. પ્રાર્થના કોઈ ઘોંઘાટ કર્યા વિના શાંતિથી મનોમન થવી જોઈએ.

o

કેદીઓ



રાવણ

અસુર સમાજમાં જાત-પાત, ઊંચ-નીચના કોઈ ભેદભાવ નહોતા. અહીં કોઈ વંશપરંપરાગત રાજવીકુળના હાથમાં સત્તા નહોતી. લોકો સમયાંતરે પોતાની ઇચ્છા મુજબ નેતાઓને ચૂંટતા હતા. રાજા નહીં, લોકપ્રતિનિધિઓની સમિતિ બધા નિર્ણયો લેતી હતી.

એક જમાનામાં આ બધાં પણ રખડતી, શિકાર કરતી અને જરૂર પડે બીજાઓ પર ત્રાટકતી જન જાતિઓના સભ્ય હતા. પણ લગભગ બે હજાર વર્ષ પહેલાં એમણે નદીકિનારે સ્થાયી થવાનું શરૂ કર્યું અને પછી એ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહ્યા. પશ્ચિમમાં સિંધુથી, પૂર્વમાં બ્રહ્મપુત્ર અને ઉત્તરમાં હિમાલયથી, દક્ષિણમાં નર્મદા સુધી અસુર સામ્રાજ્ય ફેલાયું. સુખ-સમૃદ્ધિનો સૂરજ અહીં વર્ષો સુધી સોળે કળાએ તપતો રહ્યો.

ઈજિપ્તના રાજાઓ એમના મૃતદેહોને દાટવા માટે મોટાંમોટાં બાંધકામો કરવામાં પડેલાં ત્યારે અસુરોના લોકશાહીતંત્રમાં પ્રજા માટે વિશાળ માર્ગો, ઋગ્ણાલયો અને જીવનજરૂરિયાતની બીજી સગવડો ઊભી કરવાનું કામ ચાલુ હતું.

મારી માતા અસુરોમાં આગળ પડતી ગણાતી, હથીસ જાતિમાં જન્મી હોવાનો દાવો કરતી. મને એ સાંભળીને ગૌરવ થતું, પણ બહારના લોકો આ દાવાને હસી કાઢતા. અસુરો ધાર્મિક હોવાનો મોટો દેખાડો નહોતા કરતા, પણ અમારે ત્યાં અમારા પોતાના ભગવાન જરૂર હતા. એમાં મુખ્ય હતા શિવ. મારા સહુથી પ્રિય દેવાધિદેવ શિવ!

એવું સાંભળેલું કે પ્રાચીન કાળમાં અસુરો અસ્થાયી, એકથી બીજે ઠેકાણે ભટકતી જાતિ હતા ત્યારે શિવ મહાન અસુરરાજ હતા. જોકે હું તો એમની કલ્પના ભગવાનના રૂપમાં જ કરતો.

અસુરોનો સુવર્ણકાળ પણ જોકે હજારેક વર્ષ પહેલાં ઝાંખો પડવા લાગ્યો. મધ્ય જંબુદ્વીપમાંથી ધસી આવેલા જંગલી અશ્વારૂઢ આક્રમણકારોએ સુખીસંપન્ન અસુર નગરોને ધમરોળી નાખ્યાં. એમના આગેવાનનું નામ ઇન્દ્ર હતું. ઇન્દ્રને એની ક્રૂરતા બદલ પુરન્દર, એટલે કે 'નગરોના વિનાશક' જેવું વિશેષણ મળ્યું હતું. એણે માત્ર અસુરોનાં શહેરોનો નહીં, આખીયે સંસ્કૃતિનો નાશ કરી નાખ્યો. અમારા હજારો પુરુષોને એમણે મારી નાખ્યા, સ્ત્રીઓ પર બળાત્કાર કર્યા, નાનાં બાળકોને જીવતા સળગાવી દીધાં, ભવ્ય શહેરોને ખંડેર કરી દીધાં.

બધુંયે ગુમાવી ચૂકેલા, રહ્યાસહ્યા અસુરો દક્ષિણ તરફ નાસી છૂટ્યા. નાગજાતિએ પૂર્વની પર્વતમાળાઓમાં આશરો લીધો. કિન્નર અને યક્ષ રાજ્યોનું નિકંદન નીકળી ગયું. ગાંધર્વોની ઓળખ એક ભટકતી જાતિ તરીકે રહી ગઈ. કાળક્રમે ઇતિહાસ અને પુરાણોમાંથી એમનાં નામ સુધ્ધાં ભૂંસાઈ ગયાં.

બહારના આક્રમણ વખતે અસુર સંસ્કૃતિ ટોચ પર હતી, પરંતુ યુદ્ધ કરવાની એમની આદત અને આવડત વિસારે પડી ગયેલી. સંગીત, સ્થાપત્ય અને બીજી કલાઓમાં ગૂંથાઈ ગયેલા

લોકોએ શસ્ત્રોને બાજુએ મૂકી દીધેલાં. સૈન્ય હતું પણ માત્ર નામનું. દુશ્મનોના આક્રમણ સામે સૈનિકોને યોગ્ય દોરવણી આપી શકે એવા કોઈ સેનાપતિ નહોતા. યુદ્ધ કે રક્ષણ માટે કોઈ વ્યૂહરચના નહોતી. સ્વાભાવિક રીતે ઇન્દ્ર જેવા કુશળ યોદ્ધાની આગેવાની હેઠળ આવેલા મૂઠીભર લોકોએ અસુરોના વિશાળ, પણ નબળા સૈન્યને ધૂળ ચાટતું કરી દીધું.

ક્યારેક એવું લાગે છે કે અસુરોની મહાનતાની કથામાં ભારોભાર અતિશયોક્તિ હતી. પરાજિત જાતિઓ હંમેશાં પોતાની શરમ છુપાવવા માટે એમની મહાન, પ્રાચીન સંસ્કૃતિનાં ગીતો ગાય છે. બહારથી આક્રમણ કરનારા, વિજયી થનારા વિદેશીઓને જંગલી ઠરાવી દેવાનું સહેલું હોય છે. બસ, દુષ્ટ પરદેશીઓએ આવીને છેતરપિંડી અને જંગલિયતથી અમારી ભવ્ય સંસ્કૃતિનો વિધ્વંસ કરી નાખ્યો આવું બોલીને નબળા લોકો આશ્વાસન લે છે.

જે હોય તે પણ અસુરોએ શક્ય હતો એટલો પ્રતિકાર કર્યો અને છેવટે દક્ષિણમાં ભાગી ગયા. ત્યાંથીયે લડાઈ ચાલુ રાખી. છૂટીછવાઈ જીત મળી જાય એમાં હરખાઈ જતા. પરંતુ રણભૂમિ ઉપરાંત બીજી દિશામાં શરૂ થઈ ગયેલું સૂક્ષ્મ, બૌદ્ધિક યુદ્ધ એ હારવા લાગેલા. ઉત્તર-પશ્ચિમથી આવેલા લોકો અસુર સંસ્કૃતિની બધીયે ચીજોનો વિનાશ કરવાને બદલે એના પર કબજો જમાવવા લાગ્યા. અસુરોના ભગવાન શિવ અને મહાન ગુરુ બ્રહ્માને એમણે એમના ભગવાન તરીકે સ્થાપિત કરી દીધા. જોકે, પછી અચાનક ક્યાંકથી પ્રગટેલા વિષ્ણુને સર્વોચ્ચ દેવતા તરીકે માન્યતા મળી ગઈ.

દેવોના સત્તાવાર પૂજારી તરીકે સ્થાન ધરાવતા બ્રાહ્મણો વધુ ને વધુ કર્મકાંડ અને સામાન્ય માણસને સમજાય નહીં એવા નિયમો બનાવવા લાગ્યા. અસુર નગરોની સહુથી મોટી શક્તિ અને ખાસિયત, એની પચરંગી, ઉદાર સંસ્કૃતિ હતી. અસુર પ્રજા સ્વતંત્ર મિજાજી હતી. એમના ભગવાન શિવ પણ ભક્તો પાસેથી કંઇ માગતા નહોતા. શિવને રીઝવવા માટે કોઈ મોટા યજ્ઞો કે પૂજાની જરૂર નહોતી પડતી. અસુરો માટે શિવ માત્ર ભગવાન નહીં, પણ માતા, પિતા, મિત્ર, ભાઈ જે ગણો એ બધું હતાં. અનેક શહેરોમાં પુરુષત્વ અને પ્રજોત્પતિના પ્રતીક તરીકે શિવ લિંગના રૂપમાં પૂજાતા હતા.

પરંતુ નગરો જિતાઈ ગયાં, પ્રાચીન મંદિરો તોડી પડાયાં, પછી બ્રાહ્મણોએ કહ્યું કે, હારેલી પ્રજા પણ હવે માત્ર એક નિરાકાર, પ્રજાપિતા બ્રહ્માની પૂજા કરશે. અસુરોના ગળે આ વાત ઊતરવી મુશ્કેલ હતી. ઠેકઠેકાણે વિરોધ ફાટી નીકળ્યો. સ્થાનિકોનો રોષ શાંત પાડવા માટે એમની ધાર્મિક લાગણીઓ સાથે ખુલ્લેઆમ છેડછાડ કરવાનું થોડો સમય બંધ થયું, પણ આડકતરી રીતે બીજી પેરવીઓ શરૂ થઈ ગઈ. રાજગાદી પર બેઠેલાઓમાં દૈવીશક્તિ હોવાનો પ્રચાર થવા લાગ્યો. ધીમેધીમે સત્તાધીશો ખુદને ભગવાન માનતા-મનાવતા થઈ ગયા. જોતજોતામાં આવા ભગવાનની સંખ્યા સેંકડોમાંથી હજાર અને હજારમાંથી લાખો થઈ ગઈ. બ્રાહ્મણોએ સિફતપૂર્વક પોતાનું સ્થાન આ દેવોની બરાબર નીચે ગોઠવી દીધું. ગૂંચવણભર્યા અને મોટેભાગે નકામા નિયમોના પ્રચારની સાથે સાથે સમાજમાં બ્રાહ્મણોનું મહત્ત્વ અને આધિપત્ય વધતું ગયું.

સામાજિક માળખામાં આવા ફેરફાર થતા, સદીઓનો સમય નીકળી ગયો, પણ બ્રાહ્મણોને સર્વોચ્ચ સ્થાપિત કરવાના પ્રયાસો ક્યારેય અટક્યા નહીં. કરોળિયાની જેમ ધીમેધીમે સફળતાપૂર્વક એ પોતાની જાળ ગૂંથતા જ ગયા અને પરાજિત પ્રજા એમાં અટવાતી ગઈ.

હારેલાઓ હવે દાસ કહેવાતા હતા અને સમાજનો ઉપલો વર્ણ એશોઆરામથી રહી શકે એ માટેની બધીયે મહેનત-મજૂરી આ દાસવર્ગે કરવાની હતી.

જોકે જેમના હાથમાં સત્તા આવી એમનામાં યોગ્ય રાજકારભાર ચલાવવાની આવડત ઓછી હતી. એ પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા હતા. પરિણામે સામાન્ય પ્રજા બળવાખોર આગેવાનો

તરફ આકર્ષાવા લાગી. જેનામાં થોડીઘણી શક્તિ બચી હતી એ લોકો બળવાખોર સૈન્યમાં જોડાઈ ગયા. માત્ર અશક્ત અપંગ લોકો શહેરના ગીચ વિસ્તારોમાં સડતા રહ્યા.

હું પોતે આ પહેલાં ક્યારેય ઉત્તરમાં આટલે દૂર સુધી નહોતો આવ્યો, પણ જ્યાં જોઉં ત્યાં મેં અસંતોષના તણખા ઝરતા જોયા. બળવાખોરોના વારંવાર અને અચાનક થતા આક્રમણ સામે દેવોનું સામ્રાજ્ય ડગમગવા લાગ્યું હતું. તણખાને ભડકો થવામાં ઝાઝી વાર નહીં લાગે એ સ્પષ્ટ દેખાતું હતું.

વર્ષોથી લડતા રહેલા અસુરોને કોઈકોઈવાર મહાબલિ જેવો શક્તિશાળી નેતા મળતો. થોડા સમય માટે અસુરોમાં ઉત્સાહ અને આશાનો સંચાર થઈ જતો. કેરાલાપુત્ર જનજાતિના મહાબલિએ લગભગ ૧૮ વર્ષ સુધી આખા ભારત પર શાસન કર્યું. દક્ષિણ-મધ્યમાં રાજ કરતા જોડિયા ભાઈઓ, હિરણ્યકશ્યપુ અને હિરણ્યાક્ષ તો એક સમયે અજેય ગણાતા હતા, પણ અંતે એ બધાંનો નાશ થયો.

અસુરોમાં એકતા નહોતી. એમાંથી ઘણાં જણ તો સ્વજનોનો દ્રોહ કરીને દેવોના પક્ષમાં બેસી ગયેલા. હા, અસુરોના પરાજયમાં એમની એક ભૂલભરેલી માન્યતા મોટો ભાગ ભજવી ગઈ. એ બાપડાં માની બેઠેલા કે, યુદ્ધ વખતે દેવો નીતિનિયમોનું પાલન કરશે. પણ નીતિ અને આદર્શોની વાત કરતા દેવો વાસ્તવિકતામાં ભાગ્યે જ એનું પાલન કરતા હતા. કુટિલતામાં એ માહેર હતા. એમણે એવા દાવ અજમાવ્યા કે લગભગ હજાર વર્ષ સુધી અસુરો ભારતભરમાં બસ એક જગાએથી બીજી જગાએ રઝળતા જ રહ્યા.

આ રઝળપાટ અને યુદ્ધોને પરિણામે જુદીજુદી જાતિઓ વચ્ચે અજબગજબના સંબંધો પણ બંધાતા ગયા. એ સમય આવી ગયો, જ્યાં કોઈ વ્યક્તિ પોતાના શરીરમાં શુદ્ધ દેવ કે શુદ્ધ અસુરનું લોહી વહેતું હોવાનો દાવો ન કરી શકે. અસુરો મૂળ શ્યામવર્ણ હતા. યક્ષ કાળામેશ જેવા અને ગાંધર્વો સહેજ પીળા તો દેવો આછા ઘઉંવર્ણા અને કિન્નરો દૂધ જેવા ધોળા હતા. પણ એમની વચ્ચેના સંબંધમાંથી જે નવી પેઢી પેદા થઈ, એમાં મિશ્ર લોહી અને જુદીજુદી જાતિનાં લક્ષણોનો શંભુમેળો હતો. કાળી રાત જેવો રંગ ધરાવતી દેવ સ્ત્રીની આંખો નીલ રંગની હોય કે કોઈ અસુર બાળક પીળાશ પડતી ત્વચા અને ભૂખરા વાળ સાથે જન્મે, એમાં કોઈને નવાઈ નહોતી લાગતી. અરે, એક માતાની કૂખે જન્મેલાં ત્રણ-ચાર બાળકોના રંગ, વાળ અને નાકનકશા એકમેકથી સાવ ભિન્ન હોય એવુંયે ઘણીવાર બનતું.

અમને જ જોઈ લ્યો! મારો રંગ ગોરો, આંખો કાળી અને વાળ ભરાવદાર વાંકડિયા છે. મારી બહેન અમાસની રાત જેવી કાળી છે. કથ્થઈ રંગની આંખો અને લાંબા, સીધા વાળ ધરાવતી શૂર્પણખા પછી કુંભકર્ણ પર નજર નાખો. ભરાવદાર શરીર, કાળી ત્વચા, કાળી આંખો અને કાળા ભમ્મર વાંકડિયા વાળ. સહુથી નાના વિભીષણને કુદરતે ઘઉંવર્ણી ત્વચા, નીલી આંખો અને ભૂખરા વાળ આપ્યા છે.

શરૂઆતમાં જો કે આવાં મિશ્ર લક્ષણો ધરાવતાં લોકો હડધૂત થયા હતા. દેવો એમને અસ્પૃશ્ય ગણતા અને અસુરો એમની હાંસી ઉડાવતા. ડગલે ને પગલે થતાં અપમાનથી કંટાળેલા આવા લોકો મધ્ય ભારતનાં જંગલોમાં જઈને વસી ગયા. એ નબળા અને દેવોથીયે વધુ અસંસ્કારી હતા. કોઈ પણ સારું કામ કરવાની એમનામાં આવડત નહોતી.

સતત બબડાટ અને કૂદાકૂદ કરતા એ લોકો જંગલમાંથી મળતા ફળ અને મધથી પેટ ભરી લેતા. મકાન બાંધવાને બદલે ગુફામાં કે ઝાડની ડાળીઓ પર બનાવેલા માંચડામાં રહેવું એમને વધુ ફાવતું. ક્યારેક વળી આસપાસનાં ગામો પર ત્રાટકીને ત્યાંથી સોનું અને સ્ત્રીઓને ઉપાડી લાવતા. આ લોકો વાનર તરીકે ઓળખાવા લાગ્યા, કારણ કે એમની વર્તણૂક ખરેખર વાંદરા જેવી હતી. કોઈનું અપમાન કરવું હોય તો દેવો અને અસુરો 'વાનર' શબ્દ વાપરતા. કોઈને

વાનર કહેવો એ ભયાનક ગાળ અને અપમાનની સમકક્ષ હતું.

વાનરજાતિ પશુ જેવી હાલતમાં જીવતી હતી. ત્યાં જ અંધકારમાં કોઈ જ્યોતિનો ઝળહળાટ થઈ જાય, એમ બાલી(કે વાલી)નું પ્રાગટ્ય થયું. બાલી બુદ્ધિમાન હતો, બહાદુર યોદ્ધો હતો અને યુદ્ધની વ્યૂહરચનામાં નિપુણ હતો. વિરોધીઓને પરાસ્ત કરીને એ વાનરજાતિનો સર્વોચ્ચ નેતા થઈ બેઠો. જેટલો હોંશિયાર હતો એટલો જ એ ક્રૂર સરમુખત્યાર હતો. નાના ભાઈ સુગ્રીવ સાથે મળીને એ વારંવાર દેવો અને અસુરોની વસાહત પર આક્રમણ કરતો. બાલીએ તુંગભદ્રા નદીને કિનારે કિષ્કિંધાને પોતાની રાજધાની બનાવી હતી.

જોતજોતામાં પશ્ચિમના પર્વતોથી પૂર્વના ડુંગરા સુધી વાનરોનું જોર વધી ગયું અને લંકાની સરહદે પણ એ ઉત્પાત મચાવતા થઈ ગયા. ઉત્તરમાં છેક ગંગા નદી સુધીના નાનાંમોટાં દેવરાજ્યોમાં ફફડાટ વ્યાપી ગયેલો. બાલીએ જો કે આદિવાસી રાજા અને શક્તિશાળી શાસક કાર્તિ વીરાર્જુન સાથે સારા સંબંધ જાળવી રાખેલા. ભારતના મૂળ રહેવાસીઓ તરીકે વીરાર્જુનની જનજાતિ ઓળખાતી હતી.

પશ્ચિમમાં પરિસ્થિતિ દિવસેદિવસે વધુ ને વધુ જોખમી થઈ રહી હતી. પશ્ચિમમાં કાર્તિ વીરાર્જુન, મધ્ય ભારતમાં બાલી, હિમાલય અને ઉત્તરની વિશાળ નદીઓની વચ્ચે છૂટાછવાયા, એકમેક સાથે ઝઘડતા રહેતા દેવરાજ્યો, દક્ષિણમાં અસુર લડવૈયાઓ, આ બધાં વચ્ચે સર્વોપરી સત્તા હાંસલ કરવા માટેની હરીફાઈ હતી. ક્યારેક વિજયનું પલ્લું આ તરફ, તો ક્યારેક બીજી તરફ ઝૂકતું.

બધામાં જોકે અસુરોની સ્થિતિ સહુથી દયામણી હતી. ગરીબી, રોગચાળા, દુષ્કાળ અને બીજાં દરેક દુઃખ-દરદ, અસુરોના એક સમયના ભવ્ય નગરોમાં હવે કાયમી રહેવાસી થઈ ગયેલાં.

મુઝુરીસ અને કોવરીપટ્ટનમ જેવા દરિયાઈ બંદર ધરાવતાં થોડાં નગરોમાં સમૃદ્ધિ હતી, પણ એના પર મારા સાવકા ભાઈ કુબેર જેવા ગણ્યાગાંઠ્યા લોકોનો કબજો હતો. બહુમતી અસુર પ્રજાએ તો જાણે સુખની આશા જ છોડી દીધેલી. અક્કલ વિનાના સેનાપતિઓ વગર વિચાર્યે દેવ, વાનર અને બીજા આદિવાસીઓ સાથે નકામી લડાઈઓ કરીને સમય, શક્તિ, ધન અને માનવબળનો ભયાનક વ્યય કરતા હતા. નવરા પડે ત્યારે અંદરોઅંદર લડી મરતા.

પૂર્ણા નદી વટાવીને અમે અંધારિયા ગાઢ જંગલમાં પ્રવેશ કર્યો. મારા મનમાં થોડો ભય હતો, કારણ કે આ સ્થળે અસુર જાતિની બળવાખોર ટુકડીઓ વસતી હોવાનું સાંભળેલું. થોડે આગળ જતાંની સાથે જ એ ભય સાચો પડ્યો. અચાનક સશસ્ત્ર માણસોના જૂથે અમને ઘેરી લીધા.


તીર-કામઠાં સાથે પલક ઝપકતામાં પ્રગટ થયેલા એ વીસેક લોકોની સ્ફૂર્તિ અને સજ્જતા માન ઉપજાવે એવી હતી. કાટ ખાઈ ગયેલી તલવાર કમરેથી ખેંચવા જતાં કુંભકર્ણને મેં આંખના ઇશારે અટકાવી દીધો. હું કાયર નહોતો, પરંતુ મૂર્ખ પણ નહોતો. હથિયારધારી વીસ માણસો સામે લડવાનું અમારું ગજું નહોતું. એ લોકો અસુર બળવાખોર હતા કે કાર્તિ વીરાર્જુનના સૈનિકોને એ સમજાયું નહીં. બસ, એટલું સ્પષ્ટ હતું કે આટલી શ્યામળી ત્વચા ધરાવનારા દેવ તો ન જ હોય.

માથે અડધાપડધા સફેદ થઈ ગયેલા વાળ અને ઊંચો, સુદૃઢ બાંધો ધરાવતા માણસે આગળ આવીને મારા ગળે તલવાર મૂકી. એનાથી નાનાએ અમારી જડતી લીધી. એને લાત મારીને ગળું પકડી લઉં એવો વિચાર મારા મનમાં આવ્યો. એ જ ક્ષણે ત્રીજા એક માણસે વિભીષણના ગરદનને તલવાર અડાડી અને મારા એ બહાદુર નાના ભાઈએ હીબકાં ભરવાનું શરૂ કરી દીધું. હું સમજી ગયો કે બહાદુરી દેખાડવાનો આ સમય નહોતો.

અમે ચૂપચાપ ઊભા રહ્યા. પેલા અજાણ્યા માણસો અમારી આંખે પાટા અને હાથે દોરડા બાંધીને અમને ઊંડે જંગલમાં ઘસડી ગયા.

o

ગુરુદેવ



રાવણ

કોઈના આગમનની રાહ જોતા, થરથર ધ્રૂજતા અમે ગુફાની અંદર ઊભા રહ્યા. ઊંડે ઊંડેથી કંઈ ગણગણાટ સંભળાતો હતો. અચાનક બધાય અવાજ શમી ગયા. વાતાવરણમાં ડર લાગે એવું મૌન પથરાઈ ગયું. મારું કાળજું જોરજોરથી ધબકી રહ્યું હતું. નાના ભાઈ વિભીષણને રડતો જોઈને શરમ પણ આવતી હતી. જોકે પછી શરમની જગ્યા સહાનુભૂતિએ લીધી. એ કેટલો નિર્દોષ હતો !

'આ લોકોની આંખેથી પાટા ખોલી નાખો.' મૌનને ભંગ કરતો, પ્રભાવશાળી અવાજ કાને પડ્યો. થોડી જ વારમાં પાટા ખૂલી ગયા, પણ બહાર ખાસ ઉજાસ નહોતો. ધીમે-ધીમે ગુફાના અંધકારથી ટેવાયેલી આંખોની સામે પથ્થરના ઊંચા, મોટા આસન પર બેઠેલા અત્યંત વૃદ્ધ પુરુષની આકૃતિ સ્પષ્ટ થઈ. ધારદાર નજરે એ અમને તાકી રહ્યા.

ગરદન ટટ્ટાર કરીને મેં એ આંખોમાં આંખ મેળવી. ગંભીર, સખત ચહેરા પર હાસ્યની આછી રેખા પ્રગટી અને એની સાથે એ નિષ્ઠુર, વૃદ્ધ લાગતી વ્યક્તિનું રૂપાંતર, શક્તિ અને સ્ફૂર્તિથી તરવરતા અને ચહેરા પર અગાધ જ્ઞાનની આભા ધરાવતા એક પ્રભાવશાળી વ્યક્તિત્વમાં થઈ ગયું.

આ કોઈ મામૂલી માણસ નહોતો. રહી-રહીને મને ભાન થયું કે આ તો મહાબલિ હતા. અસુરોમાં સહુથી શક્તિશાળી અને મહાન ગણાતા સમ્રાટ મહાબલિ. એ માત્ર શૂરવીર નહોતા. જ્ઞાની, દયાળુ અને ન્યાયી શાસક તરીકે દૂરદૂર સુધી એમની ખ્યાતિ હતી. લોકો માટે મહાબલિ, ધર્મનું અને બીજા કેટકેટલાયે સદ્ગુણોનું પ્રતીક હતા.

પણ તો પછી અચાનક મારા મનમાં આ મહાન વ્યક્તિ માટે આછા તિરસ્કારની લાગણી કેમ સળવળી ઊઠી? યુદ્ધના મેદાનમાં સેનાપતિ તરીકે પોતાની વીરતા અને વ્યૂહરચનાના આધારે મહાબલિએ ભલભલા શત્રુઓને ધૂળ ચાટતા કરી દીધેલા. આદર્શ રાજવી તરીકે એમણે વર્ષો સુધી આખાયે ખંડ પર રાજ કર્યું. પછી એક ગરીબ, દેવબ્રાહ્મણ વામન વિષ્ણુને આપેલું વચન પાળવા માટે મહાબલિએ પોતાનું રાજપાટ અને સર્વસ્વ ત્યાગી દીધું.

રાજા મહાબલિનો સૂરજ જ્યારે સોળે કળાએ તપતો હતો ત્યારે એમણે પોતાની સર્વોપરિતા સ્થાપિત કરવા માટે રાજસૂય યજ્ઞ કર્યો. ભારતવર્ષના ખૂણેખૂણેથી રાજામહારાજાઓ, નાનીમોટી દરેક જનજાતિના મુખિયા આ પ્રસંગને શોભાવવા અને મહાબલિની આણ સ્વીકારવા માટે અસુરોના પાટનગર મુઝુરીસમાં એકઠા થયા હતા. યજ્ઞવિધિના એક ભાગરૂપે રાજાએ જાહેર કર્યું કે, જેને જે જોઈએ એ માંગી લે.

યજ્ઞમાં ગરીબ બ્રાહ્મણ બાળના વેશમાં આવેલા વામન વિષ્ણુએ અસુર રાજધાનીમાં માત્ર ત્રણ પગલાં જેટલી ભૂમિ માંગી, જ્યાં બ્રાહ્મણો એમની જ્ઞાનપીઠ સ્થાપી શકે.

વચનપાલનના આગ્રહી મહાબલિએ પોતાના રાજ્યમાં દેવ-બ્રાહ્મણોને એમના જ્ઞાનના પ્રસાર-

પ્રચાર માટે અનુમતિ આપી, ત્યારે કદાચ એ નહોતા જાણતા કે નાનકડું જ્ઞાનકેન્દ્ર એક દિવસ કેટલું વિશાળ અને ભયાનક રૂપ ધારણ કરી લેશે. વિદ્યાપીઠની ચાર દીવાલોની વચ્ચે જે કાવાદાવા, રાજરમતો ખેલાઈ એની ગંધ અસુરોના નાકે પહોંચી ત્યાં સુધી બહુ મોડું થઈ ગયેલું. અસુરોના છેલ્લા એ રાજ્યને દેવ-બ્રાહ્મણોએ પોતાના પગ નીચે કચડી નાખ્યું. મહાબલિએ સિંહાસન છોડીને પાતાળલોકમાં ભાગવું પડ્યું. બે દાયકા સુધી એણે જ્યાં એકચક્રી શાસન કરેલું એ અખંડ રાજ્ય, સેંકડો નાનાં-નાનાં રજવાડાંમાં વહેંચાઈ ગયું. એ રાજ્યોમાં ક્યાંય એકતા નહોતી. રાજાઓ સતત લડતા રહ્યા, પણ રાજગાદીનો ત્યાગ કરનારા મહાબલિનું નામ સામાન્ય પ્રજામાં અમર થઈ ગયું. હજીયે આ અસુર રાજાની વીરતા અને ઉદારતાનાં ગીતો ગવાતાં હતાં.

બાળપણથી આ ગીતો સાંભળતાં મેં મારા મનમાં મહાબલિની એક મૂર્તિ ઊભી કરી હતી, પણ નજર સામે આવેલા વ્યક્તિત્વનો એ મૂર્તિ સાથે કોઈ મેળ નહોતો ખાતો. નિરાશા મારા કાળજે ઝીણો ચટકો ભરી ગઈ.

'અમારા માણસો ઘણા દિવસોથી તમારા પર નજર રાખતા આવ્યા છે. પણ સમજાતું નથી કે ભલભલા જ્યાં પગ મૂકતાં અચકાય છે, ત્યાં તમે શું કામ ભટકી રહ્યા છો? રઝળપાટ કરવા માટે આ સમય અને સ્થાન કેટલાં જોખમી છે એનું ભાન છે તમને?' મહાબલિના રણકદાર અવાજે મારી વિચારધારામાં ભંગ પાડ્યો.

માથું ઝુકાવીને નમ્ર અવાજે મેં જવાબ આપ્યો, 'મહારાજ, દક્ષિણ સમુદ્રમાં મોતીબેટ તરીકે જાણીતા લંકાથી અમે અમારું ભાગ્ય અજમાવવા માટે નીકળ્યા છીએ. અમે કૈકસીના પુત્રો અને કુબેરના સાવકા ભાઈઓ છીએ.' લંકા અને કુબેરનું નામ લેતાં મારા મોઢામાં કડવાશ આવી જતી હતી, પણ માણસ પોતાના મૂળથી કેટલો આઘો જઈ શકે? 'મારું નામ રાવણ અને આ કુંભકર્ણ અને વિભીષણ મારા ભાઈઓ છે.' મેં અમારી ઓળખ આપી.

આ સાંભળીને મહાબલિના કપાળે ઊંડા વિચારના સળ પડ્યા. એમના અવાજમાં હવે ધાર આવી. 'રાવણ, તારી પહેલાં તારી કુખ્યાતિ પહોંચી જાય છે. છેલ્લાં થોડાં વર્ષોમાં તેં જે પણ આડાંઅવળાં કામ કર્યાં છે, એના ખબર મારા કાન સુધી આવતા રહ્યા છે. અસુરોના કમભાગ્ય જ કહેવાય, કે એમના કુળમાં તારા જેવો મગજનો ગરમ, પણ અક્કલનો ઓછો અને લડવામાં નબળો માણસ પેદા થયો છે. તું તારી જાતને મોટો લડવૈયો માને છે, પણ ખબર છે, છેલ્લા આઠ દિવસમાં મારા કોઈપણ માણસે ધાર્યું હોત તો આસાનીથી તારું ગળું ચીરી નાખ્યું હોત? તને તો એટલુંયે ભાન નહોતું કે કોઈ તારો પીછો કરે છે. કયા મોઢે તું પોતાને યોદ્ધો ગણાવે છે? પણ જો એમાં તારો વાંક નથી. કદાચ તારી નસોમાં જે વર્ણસંકર લોહી વહે છે, એનો આ પ્રભાવ છે. પણ તારા હૃદયમાં મહત્ત્વાકાંક્ષાનો જે અગ્નિ ધખધખે છે, એ સદાય પ્રજ્વલિત રાખવો હોય તો તારે મૂર્ખાઈઓ છોડવી પડશે.'

મહાબલિના શબ્દો સાંભળીને મારા મનમાં રોષનો તણખો ઝર્યો. પોતાનું બધું ગુમાવી બેઠેલો આ વૃદ્ધ કયા મોઢે ભાષણ આપવા બેઠો છે? પરંતુ રોષની પાછળ તરત બુદ્ધિ પણ જાગૃત થઈ. મહાબલિ ખોટું નહોતા બોલ્યા. સાચું હતું એટલે જ મને ચટકો ભરી ગયેલું. મારા મનમાં જાતજાતની લાગણીઓનું ધમસાણ મચી ગયું. કંઈ બોલવાની કે હલનચલન કરવાની શક્તિ ગુમાવીને હું મહાબલિની સામે ઊભો રહ્યો. એમની દૃષ્ટિ મને મહેણાં મારતી હતી, આવાહન કરતી હતી, ડરાવતી હતી, પણ સાથેસાથે જાણે એક પ્રકારની હૂંફ આપતી હતી.

મહાબલિના અવાજમાં હવે સહેજ મૃદુતા આવી, 'જોકે મને લાગે છે કે, તું જન્મ્યો છે તો થોડું ઘણું કામ કરીને પણ જઈશ. એવા સેંકડો અસુરો છે, જે હજીયે ભવ્ય ભૂતકાળમાં જ રચ્યાપચ્યા છે. જે મોટાંમોટાં સપનાં જુએ છે, પણ એને સાચાં પાડવા માટે કંઈ નથી કરતા.

આરંભમાં મેં તને પણ આવો જ ધારી લીધેલો, પરંતુ હવે લાગે છે કે તારી અંદર એક નાનો પણ તેજીલો તણખો છે. સરખી હવા મળી તો એ મહાઅગ્નિનું રૂપ ધારણ કરી લેશે. તારામાં શક્તિ છે. દુઃખી અસુરો માટે એ વરદાન બનશે કે શાપ, હું આજે નથી જાણતો, પણ રાવણ, મહાબલિના આ સ્થાનમાં તને આવકાર આપું છું. ઇચ્છા હોય એટલો સમય તું અહીં રહી શકે છે. સહુથી મહત્ત્વની વાત એ છે કે, રહે ત્યાં સુધી તું નવું નવું શીખતો રહેજે. મન અને મગજના દ્વાર ખુલ્લાં રાખજે.' આટલું બોલીને કોઈ સમ્રાટની જેમ જ હાથ હલાવીને દયા અને તુચ્છતાના મિશ્રણ જેવું સ્મિત કરીને મહાબલિએ અમને ત્યાંથી રજા આપી દીધી.

લાંબી સફેદ ફરફરતી દાઢી ધરાવતા, એક દૂબળાપાતળા, ઠીંગણા, માણસની પાછળ અમે ગુફામાંથી બહાર નીકળ્યા. હું વિચારોમાં ગરકાવ હતો. મહાબલિ ભલે મહાન ગણાય પણ એમના પરાજયમાં મને તો કોઈ વીરતા કે મહાનતાનાં દર્શન નહોતાં થતાં. એમના બદલે હિરણ્ય અને હિરણ્યાક્ષ આ બે જોડિયા અસુરબંધુઓને યાદ કરો ને ! લગભગ આખા ભારત પર અસુરોનું સામર્થ્ય પ્રસ્થાપિત કરવાની તૈયારીમાં જ એ હતા, જ્યારે એક જંગલી સુવ્વરે હિરણ્યને ફાડી ખાધો અને હિરણ્યાક્ષ માટે તો એનો સગો પુત્ર પ્રહ્લાદ જ શત્રુ થયો. દેવોના રાજા ઇન્દ્ર સાથે ભળી જઈને છળકપટ દ્વારા પ્રહ્લાદે પોતાના અસુર પિતા હિરણ્યાક્ષને મરાવી નાખ્યો.

પિતાને મારીને ગાદીએ આવેલો પ્રહ્લાદ જોકે રાજા તરીકે સાવ નબળો સાબિત થયો. એક સમયના સમૃદ્ધ રાજ્યનો કારભાર સાવ ખાડે ગયો. સામાન્ય પ્રજા ભારે કરવેરાના બોજ હેઠળ દબાઈ ગઈ, ખેતી અને પશુપાલન નષ્ટ થયાં, વેપારીઓ બીજે સ્થળાંતર કરી ગયા. કલાકારીગરીનું નામોનિશાન ન રહ્યું. પડ્યા પર પાટું પડતું હોય, એમ એ સમયગાળામાં એક નવા ભયનો ઉદય થયો. એનું નામ હતું પરશુરામ. પરશુ કે કુહાડીધારી રામના નામે પ્રચલિત થઈ ગયેલા એ બ્રાહ્મણે ચોરલૂંટારાની ટોળી બનાવીને દક્ષિણનાં રાજ્યો પર ત્રાટકવાનું શરૂ કરી દીધું.

પરશુરામનો વિજય થાય એ રાજ્યમાં ઉચ્ચ, મહત્ત્વના સ્થાને બ્રાહ્મણો જ ગોઠવાઈ જતા. મલય અને વન્નન જેવા જ્ઞાની પૂજારીઓને શહેરમાંથી ગામડે તગેડી દેવાયા. તેજવિહીન રાજવી પ્રહ્લાદે પોતાની ગાદી બચાવવા માટે પરશુરામ સાથે ભારે તડજોડ કરવી પડી અને મોટું મૂલ્ય પણ ચૂકવ્યું. અસુરોનાં સામાજિક માળખામાં બ્રાહ્મણોને ઊંચા સ્થાને ગણવાની પરંપરા પ્રહ્લાદના સમયથી શરૂ થઈ.

જોકે અંધારી રાત પછી ઉજ્જ્વળ પ્રભાત થાય, એમ પ્રહ્લાદના મૃત્યુ પછી શાસનની ધૂરા મહાબલિના હાથમાં આવી. એક દાયકાની અંદર એણે ઇન્દ્રના દેવરાજ્યના પાયા હચમચાવી નાખ્યા, અને પછી થોડાં જ વર્ષોમાં આખાયે ઉપખંડમાં અસુરોની વિજયપતાકા ફરકાવી દીધી.

અમને દોરી જનારો વૃદ્ધ અચાનક એક ખૂણે આવીને અટક્યો. 'આ તમારી સૂવાની જગ્યા છે. આવતીકાલે સવારથી શિક્ષાના પાઠ શરૂ થશે.' એણે કહ્યું અને અમે કંઈ બોલીએ-કરાવીએ એની પહેલાં તો ત્યાંથી જતો રહ્યો.

રાતે પથારીમાં પડતાંની સાથે માતા અને બહેનનાં વિચારો મને વીંટળાઈ વળ્યા. વરસાદ અને વાવાઝોડામાં અમારું ઝૂંપડું હજી સુરક્ષિત તો હશે ને? અડધા ભૂખ્યા પેટે એમને ઊંઘ આવતી હશે? એ દિવસ હું ભૂલ્યો નહોતો જ્યારે કુબેરના મહેલમાં અમે અકરાંતિયાની જેમ, ઠાંસીઠાંસીને જાતજાતનાં પકવાન ઝાપટેલાં, અને પછી આવા ખોરાકથી સાવ અજાણ્યા અમારા પેટે બળવો પોકારેલો. એક ટંક ઘી, મેવામસાલાથી ભરપૂર ભોજન જમ્યા બાદ લગભગ અઠવાડિયા સુધી અમે માંદગી વેઠી હતી.

દૂર દૂર મારી માતાએ ભરેલું ડૂસકું મારા કાને આવીને અથડાયું. પછી આંસુ ખાળવાનું મારા


માટે અશક્ય હતું. રાતભર હું રડતો રહ્યો. મારી અને મારી જાતિના લોકોની દુર્દશા માટે, અમારા ભાંગેલાં સપનાં અને આશાઓ માટે. અમારી ચામડી આટલી કાળી કેમ હતી, કેમ અમે આટલા અભણ-અજ્ઞાની હતા, એનો વિચાર કરતાં હું રડ્યો. આંસુથી અલબત્ત કંઈ ધોવાઈ નહોતું જવાનું. ન તો અમારું દુર્ભાગ્ય કે ન તો અમારી વચ્ચે રહેતા અને છતાં અમને ધુતકારતા કુબેર જેવા લોકોની નિષ્ઠુરતા. અમારા ભવિષ્યમાં આ ક્ષણે તો વધુ ને વધુ સંઘર્ષ સિવાય બીજું કંઈ નહોતું દેખાતું.

આંસુ કદાચ સવાર સુધી વહેતાં રહેત, પણ અંધકારમાં મારી બન્ને બાજુથી બે હાથ મને વીંટળાઈ વળ્યા અને મારું આક્રંદ શમી ગયું. મારા બે નાના ભાઈ હતા. મારા જીવના ભોગે પણ મારે એમનું રક્ષણ કરવાનું હતું. મને ખાતરી હતી કે સમય આવ્યે, એ બંને જણ મારા માટે પ્રાણની આહુતિ આપી દેતાં પણ નહીં અચકાય.

બહારનો અને મારા મનનો અંધકાર પણ ધીમે ધીમે દૂર થવા લાગ્યો. વૃદ્ધ રાજાએ સાવ સહજભાવે મારામાં નાખેલા બીજમાંથી અંકુર ફૂટ્યું. બંને ભાઈઓને મારી સોડમાં ખેંચી લેતાં મને લાગ્યું કે, દુનિયા જીતી લેવાની મારી ઇચ્છા માત્ર એક નાના અબુધ બાળકનું સપનું નહોતું. ભવિષ્યમાં આ કલ્પના સાકાર થવાની હતી. આવતી કાલે નવું પ્રભાત થશે અને એની સાથે થશે અમારા નવા જીવનનો આરંભ.

o

દશાનન, દસ મુખવાળો



રાવણ

શ્વેત દાઢીધારી વૃદ્ધ પરોઢિયે અમને ઊંઘમાંથી જગાડીને, થોડે દૂર પહાડમાંથી વહેતાં ઝરણા પાસે લઈ ગયો. ત્યાં અમે દૈનિક ક્રિયાઓ પતાવી આગલે દિવસે સાવ મૂંગામંતર રહેલા એ માણસને હવે અચાનક જીભ ફૂટી હોય એમ એણે વગર અટક્યે બોલવાનું શરૂ કરી દીધું.

'લોકો મને બ્રહ્મા કહે છે. એ અમારા પરિવારની અટક છે. વિદ્યાદાનની પરંપરા અમને વારસાગત મળી છે. પ્રાચીનકાળમાં ચાર ગુરુ હતા. આખાયે અસુરરાજ્યમાં પથરાયેલી સેંકડો શાળાઓમાં શું ભણાવવું એનો નિર્ણય દર વર્ષે આ ગુરુઓની સમિતિ દ્વારા લેવાતો હતો. આજનું અસુર રાજ્ય અમારું નિર્માણ છે એવું કહી શકાય. મારા પરિવારે કાયદા ઘડ્યા. લોકો અમને ગુરુ કહેતા અને ભગવાન તરીકે પૂજતા. સિંધુ નદીના કિનારે મહાન રાજ્યની સ્થાપના થઈ. એ સમયથી ખેતર, પશુ અને બીજી માલમિલકતની રક્ષા કરવાની જવાબદારી શિવનો પરિવાર કરતો આવેલો. એમને પશુપતિનું નામ અપાયું હતું. ગુરુ એટલે કે બ્રહ્મા અને પશુપતિએ મળીને માનવસંસ્કૃતિનો વિકાસ કર્યો.'

ક્ષણિક અટકીને બ્રહ્માએ આગળ ચલાવ્યું. 'પરંતુ પછી દેવોનું આક્રમણ શરૂ થયું. વિજેતા ઇન્દ્રએ પહેલું કામ અમારાં સમૃદ્ધ નગરો, શાળાઓ અને મંદિરને બાળી નાખવાનું કર્યું. વિકાસને પ્રોત્સાહન આપી શકે એવી કોઈ વસ્તુ એમણે સાબૂત રાખી નહીં. સ્થાપત્ય અને તંત્રવિદ્યામાં કુશળ ગણાતી મય જાતિ સાથે મળીને અમે મોટા બાંધકામ અને અદ્ભુત યંત્ર રચનાઓ કર્યાં હતા. હવામાં ઊડી શકે એવા ‘પુષ્પક’ નામના યંત્રનું પ્રારંભિક માળખું પણ તૈયાર થઈ ગયેલું. પરંતુ દેવો ત્રાટક્યા અને બધુંયે છિન્નભિન્ન થઈ ગયું. લૂંટફાટ, રક્તપાતની સાથે અસુર વિજ્ઞાન નાશ પામ્યું. મય વિદ્યાપીઠનો આચાર્ય પોતાનાં ઉડણયંત્રમાં બેસીને, દેવોના હાથમાંથી જેમતેમ છટકી ગયો. એના વારસદારોને તમારા સાવકા ભાઈ કુબેરે આશ્રય આપ્યો છે. બદલામાં જોકે એણે પુષ્પકનો મૂળ નમૂનો કબજે કરી લીધો. કોણ જાણે, હવે આકાશમાં ઊડવા માટે માણસે કેટલી સદીઓની વાટ જોવી પડશે !'

મોટો નિસાસો નાખીને અટકવાને બદલે બ્રહ્માએ વાત આગળ વધારી. 'મારા પૂર્વજો યુદ્ધનાં શસ્ત્રો બનાવવામાં પણ કુશળ હતા. કલાકારીગરી અને સંગીતના જાણકાર બ્રહ્મા પરિવારને ગાંધર્વ રાજ્યમાં આશરો મળ્યો. વાનરરાજ બાલીએ સ્થાપત્યવિદ્યાના ગુરુને પોતાના રાજ્યમાં માનભર્યું સ્થાન આપ્યું. હવે એમની સાથે મળીને એ મધ્ય ભારતમાં ભવ્ય નગરોનું નિર્માણ કરી રહ્યો છે. ચોથા ગુરુના વારસદારો દેવો સાથે ભળી ગયા. દેવોના ગુરુ તરીકે હવે એ લોકો દર્શનશાસ્ત્ર ભણાવે છે. એટલે કે તત્ત્વજ્ઞાન આપે છે અને મહાજ્ઞાની ગણાય છે. મારા શિરે તમને શક્ય એટલી બધી વિદ્યા ભણાવવાની જવાબદારી આવી છે. જોકે આપણે વધુ ધ્યાન શસ્ત્રો અને યુદ્ધ મેદાનની વ્યૂહરચનાઓના પાઠ પર આપવાનું છે. હું માનું છું કે યોદ્ધા હોવાના નાતે, તમારા માટે આ જ્ઞાન વધુ જરૂરી છે.'

એકચિત્તે અમે સાંભળી રહ્યા. બ્રહ્મ કે બ્રહ્મા તરીકે ઓળખાતી જાતિના ઉદય અને વિકાસની આછીઆછી વાતો અમે સાંભળી હતી. આજે એ પ્રાચીન જ્ઞાન અને વિદ્યાના એક મશાલધારી પોતે અમારી સામે હાજર હતા. એ અનુભવ રોમાંચક હતો. જોકે વાળ ગુમાવી બેઠેલું માથું, બેઠી દડીની કાયા અને નાની ફાંદ ધરાવતી એ વ્યક્તિ પહેલી નજરે કોઈ મહાન ગુરુ જેવી નહોતી લાગતી. પણ ધ્યાનથી જુઓ તો એની આંખોમાં દેખાતી ચમક, સામાન્ય દેહની અંદર છુપાયેલા અગાધ જ્ઞાનભંડારનો સંકેત આપતી હતી.

એ દિવસે સહ્યાદ્રી પર્વતની પાછળથી સૂર્ય બહાર આવ્યો અને એનો પ્રકાશ ઝીલીને, લીલાછમ પર્વતોમાંથી વહેતી પૂર્ણા નદીએ રંગ બદલ્યો. તેની સાથે અમારા જીવનનો નવા અધ્યાયનો આરંભ થયો. બ્રહ્મા અમારા માટે માત્ર ગુરુ નહીં, માતા-પિતા, રક્ષક, અરે સાક્ષાત ભગવાન હતા. જ્ઞાનની એ અગાધ સરવાણી હતી. કાળક્રમે વિસારે પાડી દેવાયેલી કલાઓ અને મૃતઃપ્રાય ગ્રંથોને એમણે અમારી સામે જીવિત કર્યા. સહુથી મોટી વાત તો એ કે મારામાં સુષુપ્ત પડેલી જ્ઞાનપિપાસાને એમણે જાગૃત કરી દીધી. કુદરતમાં સદાય ગૂંજતું રહેતું સંગીત સાંભળવાનું એમણે મને શીખવાડ્યું. ખળખળ વહેતા ઝરણાની સાથે નાચવાનું, આકાશમાં ગરુડની સાથે મનોમન ઊંચે ઊડવાનું, હું મારા એ ગુરુ પાસે શીખ્યો. મન પર વર્ષોથી જામી ગયેલાં આવરણ એક પછી એક ઊતરતાં ગયાં. શરીર જ નહીં, મન પણ હવે શુદ્ધ થઈ રહ્યું હતું. મરતાં સુધી મારા માથે સહુથી મોટું ઋણ એ ગુરુનું રહેશે. એમણે મારી મહત્ત્વાકાંક્ષાને આકાર આપ્યો. મારાં સ્વપ્નોને પાંખો અને દૃષ્ટિને લક્ષ્ય આપ્યાં. અને હા, યોદ્ધા માટે જરૂરી એવું બળ એમણે મારા હાથમાં આપ્યું.

તરુણાવસ્થામાં વગર વિચાર્યે મેં જે વેદ-ઉપનિષદોની હાંસી ઉડાવેલી એમાં ખરેખર કેટલું જ્ઞાન સમાયેલું હતું, એની સમજ મને બ્રહ્મા અને મહાબલિએ આપી. દેવો અને અસુરોના આ પ્રાચીન, પવિત્ર ગ્રંથો આકાશમાંથી ઊતરેલી કોઈ દેવવાણી નહીં, પરંતુ અદ્ભુત બુદ્ધિચાતુર્ય, અખૂટ જ્ઞાન ધરાવતા માણસોનું સર્જન હતું. એ મને સમજાયું. વેદના નામે મારા પિતા જેવા લોકો તો અષ્ટમ્પષ્ટમ્ જ ચલાવતા હતા. મારું શિક્ષણ અથર્વવેદ સુધી પહોંચ્યું. ત્યાં સુધીમાં તો હું એવા કથિત પંડિતો સાથે વેદ-વેદાંતની ચર્ચા કરવા માટે, એ લોકોનાં જૂઠાણાંને ખુલ્લા પાડવા માટે તૈયાર થઈ ગયો હતો.

કર્મકાંડ, પશુબલિ, જાતિભેદ, આવી કોઈ વાતને વેદનો આધાર નહોતો એ મને સમજાયું. પ્રાચીન ગ્રંથોમાં જે લખાયું હતું એનો સાચો અર્થ સમજ્યા પછી તો ધુતારા, અજ્ઞાની પંડિત-પૂજારીઓ અને એમણે ચલાવેલા નિયમો સામે લડવાનો મારો નિર્ણય વધુ ને વધુ દૃઢ થઈ ગયો.

અમારું ભણતર લગભગ પૂરું થવા આવ્યું. છેલ્લા છેલ્લા પાઠ શીખવાડવા માટે ખુદ મહાબલિ આવ્યા હતા. એમણે મન અને ઇન્દ્રિયોને વશમાં રાખવા વિશે લંબાણપૂર્વક વાત કરી. મનને કાબૂમાં રાખવા માટે એમણે જે માર્ગ બતાવ્યો એ જોકે, કઠિન અને મારી નજરે સાવ અવ્યવહારુ હતો.

'ક્રોધ એ સહુથી નીચા સ્તરની લાગણી છે. માણસની બુદ્ધિ પર એ પડદો પાડી દે છે અને ન કરવા જેવું કામ કરવા પ્રેરે છે. ગુસ્સામાં આંધળો થયેલો માણસ વિચારશક્તિ નહીં, માત્ર શરીરથી પ્રતિભાવ આપે છે. આના પરિણામે માત્ર નિષ્ફળતા મળે છે. ક્રોધ નામના આ ભયાનક ગુણને તમે કાયમ માટે તિલાંજલિ આપી દો.

'બીજો દુર્ગુણ છે ગર્વ. ગર્વમાંથી અહંકાર પેદા થાય છે. માણસની વિચારશક્તિ અને વિવેકબુદ્ધિને એ કુંઠિત કરી નાખે છે. અભિમાની વ્યક્તિ દુશ્મનની શક્તિ અને પોતાની ઊણપ પારખવામાં થાપ ખાઈ જાય છે. ઈર્ષ્યા પણ એવો જ જોખમી ગુણ છે. એને મહાત કરવાનું

અત્યંત કઠિન છે. ઈર્ષ્યાનો માર્યો માણસ બીજાનું રાજ્ય, સંપત્તિ, કીર્તિ અને સ્ત્રીઓને પામવા ઝંખે છે. ઈર્ષ્યાના પરિણામે અનેક યુદ્ધો થયાં છે, રક્ત અને અશ્રુની નદીઓ વહી છે.

દિવસ અને રાતની જેમ આનંદ અને વિષાદ પણ સૃષ્ટિનાં બે સનાતન સત્ય છે. સાચા જ્ઞાની પર આમાંથી કોઈ પરિસ્થિતિની અસર થતી નથી. આ એવી લાગણીઓ નથી, જે હૃદયના ઊંડાણમાંથી ઉદ્ભવી હોય. આનંદ કે વિષાદ એ માત્ર આપણા વિચારોનું પ્રતિબિમ્બ છે. આપણી આસપાસ બનતી ઘટનાઓ પ્રત્યેનો આપણો પ્રતિભાવ છે. યોદ્ધા માટે તટસ્થતા કે નિર્લેપતા એ ફરજિયાત ગણાય એવો ગુણ છે. એના વિના તમે રણમેદાનમાં માત્ર એક લાશ બનીને રહી જશો.

'ભય કોઈ લાગણી નહીં પરંતુ રોગ છે. સેનાપતિથી એના સૈનિકો સુધી આ રોગનો ચેપ પ્રસરતાં વાર નથી લાગતી. બીજી તરફ ભયભીત સૈનિકો એમના સેનાપતિની હિંમત હરી લેશે. યુદ્ધના મેદાનમાં સહુથી વધુ લોકો ભયથી મરે છે. યોદ્ધાને કઈ વાતનો ભય લાગવો જોઈએ? મૃત્યુનો? પરંતુ મૃત્યુ તો એક દિવસ બધાંને આવવાનું જ છે. ઘા અને પીડાનો? વિચારો કે કઈ વસ્તુનું મહત્ત્વ વધુ છે? એક ખોબાભેર રક્તનું કે વિજયના અમૃતનું? વિચારો, વિચારશો તો બધીયે શંકા ઓસરી જશે.

'સ્વાર્થથી હીણો બીજો કોઈ ભાવ નથી. માત્ર પોતાના સુખનો વિચાર કરનાર દુનિયાની સહુથી કમભાગી વ્યક્તિ છે. માણસનો જન્મ શું કામ થયો છે? માત્ર ખાવા અને ચરબી વધારવા માટે? ડુક્કરની જેમ સતત પ્રજોત્પાદન કરીને વસ્તી વધારવા માટે? મળમૂત્રથી ધરતીને મલિન કર્યા પછી એકેય સારું કામ કર્યા વિના મરી જવા માટે? આપણા લોકોને ગૂંગળાવી રહેલા અંધકારમાં એક નાનકડો દીપ પણ પ્રગટાવી ન શકે એવા જીવનનો અર્થ શું, રાવણ? સ્વાર્થના કીચડથી તું દૂર જ રહેજે.

'પ્રેમ એવી સાંકળ છે, જે માણસને કલ્પના અને ભ્રમણામાં રાચતો કરી દે છે. યોદ્ધાએ માત્ર અને માત્ર વિજય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એ જ એનો ધર્મ છે. તમારા લોકો, માતા-પિતા, પત્ની, મા-બાપ, ભગવાને આ બધાં પ્રત્યેની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવો, પરંતુ એમાંથી કોઈના પ્રેમમાં પડવાની ભૂલ કરતા નહીં. પ્રેમ, સ્નેહ કે મમતા એ તમને નબળા પાડી દે છે. રણમેદાનમાં જ્યારે જય અને પરાજય વચ્ચે સાવ પાતળી રેખા બચી હોય, જો સમયે કોઈના પ્રત્યેનો પ્રેમ કે મોહ તમને નિષ્ફળતાની ખાઈમાં ધકેલી દેવાનું કામ કરશે. પ્રેમના બંધનથી સદા સચેત રહેજો.

'અને છેલ્લે, તમારી મહત્ત્વાકાંક્ષાને કાબૂમાં રાખજો. રાવણ, તારી આંખોમાં મેં ભડભડતી મહત્ત્વાકાંક્ષા જોઈ છે. પણ વગર વિચાર્યે કોઈ પગલું નહીં ભરતો. જીવનમાં જે મળે એને સ્વીકારી લેજે. સિદ્ધિ અને કીર્તિ પામવાનું લક્ષ્ય જરૂર રાખવું. એના માટે ખૂબ મહેનત પણ કરજે, પરંતુ પગ હંમેશાં જમીન પર રાખજે. કોઈપણ કાર્ય કરતાં પહેલાં એકવાર નહીં અનેકવાર વિચાર કરી લેજે.

'જીવનમાં જીતવા, સંભાળવા અને કાબૂમાં રાખવા જેવી જે એકમાત્ર વસ્તુ છે, એ છે માણસનું પોતાનું મન કે મગજ કે ચિત્ત! ગુરુ, ગ્રંથો અને આસપાસના વિશ્વમાંથી જે પણ માહિતી કે અનુભવ મળે, એમાંથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું કામ આપણું મગજ કરે છે. જીવનની પળેપળે, મગજમાં નવા, સારા વિચારોનું સિંચન કરતા રહેજો. ધાર્યું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં એ તમારી સહાય કરશે. રાવણ, વિધાતાએ તારા માટે મહાન કાર્યો લખી રાખ્યાં છે. તું આવ્યો એ પહેલાં મારા મૃતઃપ્રાય થઈ ગયેલા સ્વપ્નને ફરીથી જીવંત કરી શકે, કે અસુરોને વિજયના માર્ગે દોરી શકે એવી કોઈ વ્યક્તિ નજરે નહોતી પડતી. પણ હવે તને જોયા પછી નવી આશાઓ જાગી છે. મને એવા ભાવિનાં એંધાણ મળે છે, જ્યાં તારા નેતૃત્વ હેઠળ અસુર સેનાએ, દેવોનો

જ નહીં, આખીયે અન્યાયી સામાજિક વ્યવસ્થા, ખોટી માન્યતાનો નાશ કરી નાખ્યો હોય. રાવણ, તું નવેસરથી ઇતિહાસ લખીશ. આખુંયે વિશ્વ તારાં ચરણમાં હશે, પણ તને જે છેલ્લા દસ પાઠ ભણાવ્યા એ ભૂલતો નહીં. હું માનું છું કે બ્રહ્માએ એક આદર્શ ગુરુ તરીકે તારા નવ માથાં, એટલે કે નવ દુર્ગુણ ઉતારી દીધા છે. હવે માત્ર એક માથું રહ્યું છે, જેને આપણે મન કે ચિત્ત કહીએ છીએ. તું હવે વિદ્યાર્થી નહીં, સ્વયં વિદ્યા, જ્ઞાન, વિવેકબુદ્ધિના પ્રતીકરૂપે મારી સામે ઊભો છે. જા રાવણ, અસુરોનો પથદર્શક બનીને આપણી નાશ પામેલી કીર્તિ પાછી લઈ આવ.'

મહાબલિએ એમનું સંભાષણ પૂરું કર્યું પછી હું જે બોલ્યો, એની પાછળ યુવાનીનો મૂર્ખ મદ હતો, કે પછી મનમાં જે હોય એ સ્પષ્ટપણે કહી દેવાની ઇચ્છા? જે હોય તે, પણ આજે યુદ્ધભૂમિમાં ઝરખ અને ઉંદરડા મને જીવતેજીવત ફોલી રહ્યા છે. ત્યારે પણ મને લાગે છે કે એ દિવસે હું જે બોલ્યો એ સાચું હતું. અલબત્ત એ સાંભળ્યા પછી મહારાજ મહાબલિના ચહેરા પર આશ્ચર્ય, રોષ અને છેવટે પારાવાર વિષાદના જે ભાવ પથરાઈ ગયેલા, એ હું આજે પણ નથી ભૂલ્યો. એમની લાગણી દૂભવવાનો રંજ હવે બહુ થાય છે, પણ એ સમયે તો યુવાનીનું જોશ મારા માથા પર સવાર હતું. ઠીક લાગ્યું એ હું ધડધડાટ બોલી ગયેલો!

'મહારાજ, તમે વર્ણવ્યા એ વિચાર અને આદર્શ મહાન છે. તમે જે અપેક્ષા રાખો છો એને સંતોષવાનું અશક્ય છે. ક્ષમા કરજો, પણ તમે જેને વિચારશીલ માથા કે નવ ગુણ-દુર્ગુણ ગણાવો છે એને ઉતારી નાખવાનું ખરેખર જરૂરી છે? સફળતા પ્રાપ્ત કરવા માટે આ બધી લાગણીઓનો ત્યાગ કરી દેવામાં કયું ડહાપણ છે? હું મારી જાતને સારો વિદ્યાર્થી માનું છું અને ગુરુએ શીખવેલા પાઠ મેં આત્મસાત કર્યા છે, પરંતુ દરેક વાતમાં મારો પોતાનો અભિપ્રાય ધરાવવાનો અધિકાર મેં જાળવી રાખ્યો છે. મને અભિમાની ગણી લેતાં પહેલાં કૃપા કરીને મારી વાત સાંભળી લો.

'પહેલી વાત તમે ક્રોધ વિશે કહી. હું સ્વીકારું છું કે અવિચારી, ખોટા પ્રકારનો ક્રોધ માણસને હાનિ કરે છે. પણ બીજી તરફ જીવનનો આ એક અતૂટ હિસ્સો નથી? એક સમયની મહાન અસુર સંસ્કૃતિ અને એનાં સંતાનોની આજે જે દુર્દશા છે, એ જોઈને મને ક્રોધ ન આવે તો હું કયા મોઢે મારી જાતને અસુરપુત્ર ગણાવી શકું? દેવ રાજાઓ અને એમના ખંડિયા અસુરોના શાસનમાં હજારો અસુરો પશુથીયે બદતર દશામાં જીવતા હોય, એમની કલા, ધર્મ, મંદિરો, બધુંયે બાળીને ભસ્મ કરી દેવાયું હોય. ધૂર્ત અને કાયર લોકોના હાથમાં સત્તા આવી ગઈ હોય, ત્યારે મારા મનમાં ક્રોધ નહીં તો બીજી કઈ લાગણી થવી જોઈએ? ક્રોધ જ મને એમની સામે લડવાની પ્રેરણા અને શક્તિ આપશે. ક્ષમા કરજો મહારાજ, પણ તમે જેને ક્રોધરૂપી મસ્તક કહો છો એ હું ક્યારેય વાઢી નહીં શકું.

'ગર્વ કે અભિમાન પ્રત્યે શું કામ ઘૃણા થવી જોઈએ? મને મારી અસુર સંસ્કૃતિ એની ભાષા, કલા, સંગીત, એ બધા માટે ગર્વ છે. મારા પોતાનામાં જે પ્રચંડ શક્તિ અને સફળતા માટેની ઇચ્છા અને આવડત છે એનું મને અભિમાન છે. આ બ્રાહ્મણો હંમેશાં વિનમ્રતા, દીનતા, દરિદ્રતાના ગુણગાન ગાય છે, એ મને જરાપણ માન્ય નથી. એ લોકો પોતે ક્યાં એનું આચરણ કરે છે? સંઘર્ષ કરીને જે સફળતા મેળવી હોય, એના વિશે ગૌરવ લેવાનો માણસને પૂરેપૂરો અધિકાર છે. રાજાઓ શું કામ મોટા નગર અને મંદિરો બંધાવે છે? શ્રીમંતો શું કામ દાન-પુણ્ય કરે છે? એ પણ ગર્વનું જ પ્રદર્શન છે ને ! વિનમ્રતા દાખવનારા કાં દંભી છે, કાં તો અભિમાન લેવા જેવું એમની પાસે કંઈ નથી.'

'ઈર્ષ્યાની લાગણી તો માનવજાતને સતત આગળ વધવાની પ્રેરણા આપતી રહે છે. રાજાઓ અને રાજ્યો, શું કામ સતત એકમેક સાથે સ્પર્ધા અને યુદ્ધો કરતા રહે છે? ઈર્ષ્યા જ વિકાસની

પ્રેરણા આપે છે. દરેક વ્યક્તિ પોતાને મહત્ત્વની ગણાવવા માટે ઝંખે છે. અન્ન, આશ્રયસ્થાન અને જાતીય સુખ મળી ગયા બાદ માણસને કીર્તિની ભૂખ જાગે છે. બીજાથી વધુ ઊંચા દેખાવાની ભૂખ. અને આ ઉપજે છે ઈર્ષ્યામાંથી. મનુષ્યની મૂળ પ્રકૃતિમાંથી આ ગુણ કાઢી લેવાનું શક્ય જ નથી.

'તમે આનંદ અને વિષાદ, સુખ અને દુઃખમાં સમતાભાવ જાળવવાનું કહો છો, પણ આ કોઈ માટે શક્ય છે? ઊગતા સૂરજમાં, નાના બાળકના નિર્દોષ સ્મિતમાં, મધુર સંગીતમાં મને આનંદનો અનુભવ ન થઈ શકે તો જીવવાનો અર્થ શું? પ્રિયજનના મૃત્યુ સમયે શું મારે શાંત રહેવું જોઈએ? રડીને દુઃખનો ભાર હળવો કરવાને બદલે એ લાગણીથી પર રહેવું જોઈએ? ના, એવું જીવન મારે નથી જોઈતું.

'ભય, મનુષ્ય અને પશુની પ્રકૃતિ સાથે વણાયો છે, પણ તમે એને અવગણવાનું કહો છો. મહારાજ, મને ઘણી વસ્તુથી ડર લાગે છે. એ કબૂલવામાં મને જરાયે લજ્જા નથી આવતી. હું કાયર નથી, પરંતુ હૃદયમાં ઊંડે ઊંડે નાનો ભય રહે જ છે. મને મૃત્યુની બીક લાગે છે. જે લોકો મૃત્યુથી જરાય ડરતા નહીં હોવાનો દાવો કરે છે, એ કાં તો મૂર્ખ છે અને પોતાની સાથે બીજાઓને પણ મોતના મુખમાં ઘસડી જાય છે. અથવા તો એ મહાદુષ્ટ છે, જેમને આખાય જગત પ્રત્યે માત્ર તિરસ્કારની ભાવના છે. મેં સખત પરિશ્રમ દ્વારા મેળવેલી અમુક વસ્તુઓ બીજાની નજરે કદાચ નકામી હોય, પણ મારે મન તો એ અમૂલ્ય છે. એને ગુમાવવાનો વિચાર સુધ્ધાં મને થથરાવી જાય. કોઈ લડાઈમાં મારા નાના ભાઈઓ મરી ગયા તો... મોટું તોફાન મારી માતા અને બહેનને સમુદ્રમાં તાણી ગયું તો... આવા અનેક ભય મારા મનમાં સળવળ્યા કરે છે. હું જાણું છું કે દરેક શ્વાસ આપણને મૃત્યુની વધુ ને વધુ નજીક લઈ જાય છે. પરંતુ એનો ભય છે એટલે જ હું સામનો કરવા પણ તૈયાર છું. ભય છે એટલે જ હું સ્વીકારી શકું છું કે સૃષ્ટિની અનેક બાબતો આપણા વશમાં નથી. પોતાની જાતને અને ભગવાનને સમજવા માટે પણ મારી અંદર રહેલો ભય જ સહુથી વધુ સહાય કરે છે.

'સ્વાર્થને તમે સહુથી હલકી, મલિન લાગણી કહીને ધુતકારી કાઢો છો, પણ દરેક મહત્ત્વાકાંક્ષાના મૂળમાં સ્વાર્થ નહીં તો બીજું શું છે? સ્વાર્થ અને અહમ્‌થી દોરાઈને તો આપણે સંસારની કઠિનથી કઠિન ચીજ પામવા માટે સંઘર્ષ કરીએ છીએ. સુંદર સ્ત્રી, સમૃદ્ધ રાજ્ય, અમૂલ્ય રત્ન, આવું કંઈપણ દેખાય તો એ માત્ર મારું જ હોવું જોઈએ એવી લાગણી તો મને પરિશ્રમ કરવાની પ્રેરણા આપે છે. મહારાજ, તમે આવો સ્વાર્થભાવ ત્યાગી દેવાનું કહો છો, પણ ક્ષમા કરજો, આવી જ લાગણીથી પ્રેરાઈને તમે મહાન રાજ્ય ઊભું કર્યું હતું ને! સાધુ થઈ જવાને બદલે તમે દુનિયા જીતી લેવાની ઇચ્છા રાખી. સ્વાર્થ અને કીર્તિની લાલસા નહોતી તો તમે શું કામ આટલાં યુદ્ધ કર્યાં. હજારો શત્રુઓને મારી નાખ્યા, દેવોને હરાવવાનું લક્ષ્ય રાખ્યું? કોઈપણ કાર્ય પોતાના માટે કરો કે બીજા માટે, હુંપણું એમાં સહુથી મોટો ભાગ ભજવે છે. તમે જે સિદ્ધિઓ મેળવી એ બધી, અરે એનાથીયે વધુ મારે પ્રાપ્ત કરવી છે. સંસારનો સહુથી સ્વાર્થી માણસ હું ગણાઈ જાઉં તોયે મને પરવા નથી. જેના અસ્તિત્વને કોઈ ગણકારે નહીં એવી નિઃસ્વાર્થ પણ નિર્માલ્ય વ્યક્તિ તરીકે મારે મરવું નથી.'

મારા શબ્દો સાંભળીને મહાબલિની આંખોમાંથી જાણે અંગાર ઝરવા લાગ્યા હતા. ડરના માર્યા ઘડીક મારી જીભ ઝલાઈ ગઈ, પણ વાત હવે માંડી જ હતી તો અધૂરી નહોતી મૂકવી. કોણ જાણે ફરી ક્યારે આવી તક મળે કે હિંમત થાય. દૃઢ થઈને મેં વાતનો દોર સાંધ્યો.

'મારે મન પ્રેમ એ બધી લાગણીઓમાં સર્વોપરી છે. કમભાગ્યે તમે અને બ્રહ્મા એને ક્ષુલ્લક ગણો છો. પ્રેમથી વધીને આ સંસારમાં બીજું શું છે? તમને જન્મ આપનારાં માતા-પિતા, જીવનમાં ડગલે ને પગલે તમને સાથ દેનારાં ભાઈ-બહેન, પતિ-પત્ની, મિત્રો, તમારો વંશવેલો

આગળ વધારનારા સંતાનો, તમારો દેશ, સમાજ, ભાષા, ધર્મ, અરે ભગવાન સાથે પણ આપણે પ્રેમના બંધનથી બંધાયેલા રહીએ છીએ અને એ જ જીવવાનું બળ આપે છે. બીજી તરફ પ્રેમને માટે માણસોએ પ્રાણની આહુતિ આપી દીધી હોય, એવાં પણ અનેક ઉદાહરણ ભૂતકાળમાં જોવા મળ્યાં છે. આ સૃષ્ટિ છે ત્યાં સુધી એવું થતું રહેશે. હું પ્રેમ કરવાનું નહીં છોડું. જોકે એક વાત સ્પષ્ટ કહી દઉં કે, સહુથી વધુ પ્રેમ હું મારી જાતને કરું છું અને કરતો રહીશ. હું છું એટલે પ્રેમ કરી શકું છું અને પ્રેમ છે એટલે હું છું.

'મહત્ત્વાકાંક્ષા વિના પ્રગતિ શક્ય નથી. મહત્ત્વાકાંક્ષામાંથી જ મહાબલિ અને ઇન્દ્ર જેવા સમ્રાટો પેદા થાય છે. આ ગુણ ન હોત તો માણસ જાત હજીયે જંગલમાં ભટકીને શિકાર દ્વારા પેટ ભરતી હોત. મહત્ત્વાકાંક્ષા જાગી, એમાંથી જ આદિમાનવે પહેલવહેલું ચક્ર બનાવ્યું હશે. એમાંથી પછી ગાડાં અને ભવ્ય રથ બન્યાં. અત્યારે ઈજિપ્તના રાજાઓ જે ભવ્ય પિરામિડ્સના નિર્માણમાં વ્યસ્ત છે એ પણ એમની મહત્ત્વાકાંક્ષાનું પરિણામ છે. મૂઠ્ઠીભર લોકોના હૃદયમાં મહત્ત્વાકાંક્ષાનો તણખો હોય છે, જેને હવા દઈને મહાઅગ્નિનું રૂપ આપવા માટે પેલી બીજી લાગણીઓ કામ કરે છે. જેને તમે ત્યાગી દેવાનું કહો છો.

'ખુદના સામર્થ્યના ગર્વમાંથી માણસને આત્મવિશ્વાસ અને આગળ વધવાની મહત્ત્વાકાંક્ષા જાગે છે; બીજાની ઈર્ષ્યામાંથી વ્યક્તિને વધુ મહેનત કરવાની પ્રેરણા મળે છે. આનંદ અને સુખની શોધ કરનારાની મહત્ત્વાકાંક્ષાઓના સીમાડા વિસ્તરતા જ જાય છે. દુઃખ, વિષાદનો ભય એને સચેત, જાગૃત રાખે છે. નિષ્ફળતાની બીક એને ભગવાનની વધુ નજીક લઈ જાય છે. સ્વાર્થ અને પ્રેમ એવી સાંકળ છે, જેણે માણસને એના પરિવારથી માંડીને આખાયે સમાજ અને રાષ્ટ્ર સાથે બાંધી રાખ્યો છે. મને ખાતરી છે કે, મહત્ત્વાકાંક્ષી લોકો માનવજાતને પ્રગતિના એવા ઊંચા શિખરે લઈ જશે. જેની આજે આપણે કલ્પના પણ નથી કરી શકતા.

'પૂજ્ય અને પ્રિય મહારાજ, મારા કથનનું દુઃખ નહીં લગાડતા. તમે કહ્યું કે પ્રજ્ઞા કે બુદ્ધિ સિવાય બીજી કોઈ લાગણી કે મસ્તક માણસ માટે કામનાં નથી. વિવેકબુદ્ધિનું મહત્ત્વ હું નથી નકારતો, પરંતુ ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે, બીજી લાગણીઓ વિના માત્ર બુદ્ધિ, એ તો જીવ વિનાનું હાડપિંજર સાબિત થઈ જાય છે. પોતાની બધીયે લાગણીઓને વશમાં રાખનારા સ્થિતપ્રજ્ઞ સાધુઓ કે મહર્ષિઓએ કોઈ નવી સંસ્કૃતિનું સર્જન નથી કર્યું. એ કામ કર્યું છે એવા અસામાન્ય માણસોએ, જેમણે પોતાને લાગણીઓના પ્રવાહમાં તણાવા દીધા. જંગલમાં વસતા જોગીને ક્યારેય મોટું ભવ્ય નગર બનાવવાનો વિચાર નહીં આવ્યો હોય. કોઈ સંન્યાસીએ વિશાળ મંદિર બનાવ્યાનું સાંભળ્યું નથી. સતત ત્યાગની વાત કરનારા બ્રાહ્મણોએ વેપાર-ઉદ્યોગ માટે કેટલાં જહાજ બનાવ્યાં? હસતાં-રડતાં, રોષ ઈર્ષ્યાથી બળતા, ગર્વથી ફુલાતા, મૃત્યુથી ડરતા, મહત્ત્વાકાંક્ષાથી ધખધખતા, બંધન વિના પ્રેમ કરતા લોકોએ જ નવાંનવાં સર્જન કર્યાં છે. બુદ્ધિ માત્ર હથિયાર છે. જે આપણી આ બધી લાગણીઓ માટે કામ કરે છે. કુદરત કહો કે ભગવાન, એણે આપણને જન્મની સાથે આ બધી લાગણીઓ અને ગુણો આપ્યા છે. હું એનો તિરસ્કાર નહીં કરું. હું મનુષ્ય છું, મારે ભગવાન નથી બનવું કે મોક્ષની ઇચ્છા નથી રાખવી. બધીયે મોહમાયા, લાગણીઓનો ત્યાગ કરનારને સ્વર્ગ પ્રાપ્ત થાય છે, કે એનો બીજો જન્મ બ્રાહ્મણ કુળમાં થાય છે. એ બધી વાતોમાં મને વિશ્વાસ નથી. મર્યા પછી બ્રાહ્મણ તરીકે જન્મવાનું હોય તો તો ડરનો માર્યો હું કાળ સામે પણ લડી લઈશ.

'હું જાણું છું કે મેં તમને નિરાશ કર્યા છે. એ વાતનું દુઃખ પણ મને છે, પરંતુ મારે માત્ર માણસ તરીકે જીવવું અને મરવું છે. બધાંયે ગુણ-દુર્ગુણથી ભરેલા માણસ તરીકે! હું મારી ઇચ્છા પ્રમાણે જીવીશ. ભવિષ્યની પેઢી માટે મારે આદર્શમૂર્તિ નથી બનવું. મારું જીવન મારાથી આરંભ થાય છે અને મારી સાથે અંત પામશે. મારે ભગવાન નથી બનવું. તમારા શબ્દોમાં કહું

તો હું દસ મસ્તકવાળી વ્યક્તિ, દશમુખ, દશાનન થઈને જ જીવીશ.'

મેં બોલવાનું પૂરું કર્યું. વાતાવરણમાં ભારેખમ મૌન છવાઈ ગયું. બ્રહ્મા નીચું જોઈ ગયા, પણ મહાબલિ મને આગ ઝરતી દૃષ્ટિએ તાકી રહ્યા. અચાનક મેં મારા તન-મનમાં ભયની જગ્યાએ નવી ઊર્જાનો સંચાર અનુભવ્યો. આટલું લાંબું બોલી ગયો. એ પહેલાં મને મારી જાતમાં, મારા વિચારોમાં પૂરો વિશ્વાસ નહોતો. મારા ગુરુ અને મહાબલિની નજરમાં નીચો પડી જવાની ભીતિ મને લાગતી હતી, પણ આંખના પલકારામાં જાણે બધું બદલાઈ ગયું. ગઈકાલ સુધી જે મહામાનવ લાગતા હતા, એ મહાબલિ તરફ મેં નવી આંખોએ જોયું. રાજપાટ ગુમાવીને પહાડોમાં ઉંદરડાની જેમ ભટકતો આ વૃદ્ધ, ખખડી ગયેલો માણસ હજીયે પોતે ચક્રવર્તી હોવાના ભ્રમમાં રાચતો હતો. દેવો સાથેની એની નાની-નાની લડાઈઓ નરી બાલિશતા હતી. છેવટે એણે મોઢું ખોલ્યું તો એમાંથી કોઈ પ્રભાવશાળી ગર્જનાની જગ્યાએ નબળો, અસ્પષ્ટ ગણગણાટ બહાર નીકળ્યો.

આસન પરથી ઊઠવા જઈ રહેતા મહાબલિ જમીન પર ઢગલો થઈ ગયા. હું આઘાતથી જોઈ રહ્યો. ધીમેધીમે ઘૂંટણભેર થઈને એમણે નાટકીય ઢબે માથું ઊંચું કર્યું અને ક્યાંક દૂરદૂર નજર ફેંકી. મેં પીઠ ફેરવી લીધી. વ્યર્થ બબડાટ સાંભળવાનો મારી પાસે હવે સમય નહોતો. ગર્વભેર માથું ઉછાળીને હું ત્યાંથી નીકળી ગયો.

સસ્મિત વદને અને મારાથીયે વધુ મક્કમ પગલે કુંભકર્ણ મારી પાછળ ચાલ્યો. વિભીષણ આવ્યો ખરો, પણ એના પગ માંડમાંડ ઉપડેલા એ મેં જોઈ લીધું. કેટલીયેવાર તો એણે પાછા વળીને કંઈ આડુંઅવળું બબડી રહેલા મહાબલિ ભણી જોયું અને અમારી પાછળ મહાબલિની નાનકડી સેના પણ એમના હથિયાર ખખડાવતી નીકળી પડી.


ગુફાના અંધકારમાંથી બહાર નીકળીને અમે સૂર્યપ્રકાશમાં પગ મૂક્યો. વરસાદમાં નાહીને તાજીમાજી થઈ ગયેલી ધરતીમાંથી માટી અને ફૂલોની મહેંક આવતી હતી. પક્ષીઓના કલબલાટથી વાતાવરણ સંગીતમય લાગતું હતું. ખુલ્લી હવામાં મેં ઊંડો શ્વાસ લીધો. આખીયે સૃષ્ટિ બે હાથ પહોળા કરીને મને આગળ વધવાનું કહી રહી હતી.

મેં ડગલું ભર્યું અને એ જ પળે ગુફાની અંદરથી ઉઠેલું હૃદયદ્રાવક આક્રંદ મારા કાને આવીને અથડાયું. ક્ષણાર્ધ હું કમકમી ગયો, પણ પછી તરત મક્કમ થઈને હું આગળ ચાલ્યો અને ચાલતો રહ્યો. અંધારી, ગંધાતી, ગુફામાંથી આવતો અવાજ થોડીવાર માટે મને સંભળાતો રહ્યો. 'આ મેં કેવી ભયાનક શક્તિને છૂટી મૂકી દીધી !' મહાબલિ વલવલી રહ્યા હતા, પણ મેં મારા કાન બંધ કરી દીધા.

વર્ષો પછી મહાબલિના શબ્દો મને અડધી રાતે જગાડી દેવા, કનડવા માટે પાછા ફર્યા. જોકે, એ તો બહુ પછીની વાત છે. જુઓને, હું પણ ક્યાંનો ક્યાં પહોંચી જાઉં છું.

o

દૈત્યનું આક્રમણ



ભદ્ર

છેલ્લાં થોડાં વર્ષોથી હું યુદ્ધના નામે મૂર્ખાઈઓમાં વ્યસ્ત રહ્યો છું એમ કહી શકાય. મહાબલિની સેનામાં છ વર્ષ રહ્યા બાદ મેં મારું પોતાનું દળ રચવાનો પ્રયાસ કર્યો. એમાં નિષ્ફળતા મળ્યા બાદ હું સુમાલી સાથે જોડાયો. હું નથી મહાન યોદ્ધો કે નથી વ્યૂહરચનામાં કાબેલ. દેખાવે પણ સામાન્ય છું. મારું બેઠી દડીનું, થોડું સ્થૂળ એવું શરીર અને બેડોળ, નરમ હાથ જોઈને કોઈ મને શાકવાળો, કોઈ ગાડું હાંકનારો તો કોઈ વળી ધોબી માની લે છે. એમાં એમનો વાંક નથી. મારા શરીરમાં એવું એકેય અંગ નથી, જે એકવાર જોનારને યાદ રહી જાય. હું એક એવો તુચ્છ પામર મનુષ્ય છું, જેણે પોતાનું મૂળ નામ પણ હવે વિસારે પાડી દીધું છે. બધાં મને ભદ્રના નામે જ ઓળખે છે.

મેં ક્યારેય મોટાં સપનાં નથી જોયાં. પૂર્ણા નદીના કિનારે થોડાં નારિયેળનાં વૃક્ષ, મરીના વેલા અને ગણીને બે ગાય ધરાવતું મારું ખેતર હતું. પત્ની અને ત્રણ વર્ષની ચંચળ, મીઠડી દીકરી સાથે મારી નાની દુનિયામાં હું સુખી હતો.

અમારું ગામ નાનું હતું, પણ અમારા જેવા સામાન્ય માણસોને જોઈએ એ બધું ત્યાં હતું. શિવનું મંદિર, તાડીની દુકાન, પ્રાથમિક શિક્ષણ આપતી શાળા, ભેંસોની સાથે માણસો પણ નાહી શકે એવું જાહેર સ્નાનાગાર. આ બધાંની સાથે સાથે ગણિકાગૃહ ન હોય તો તો ગામ શાનું ! હા, પોતાને વૈદરાજ ગણાવતો ઊંટવૈદ અને સતત અમારા પૈસા ખંખેરી લેવાની યુક્તિમાં રહેતો પૂજારી પણ ગામમાં હતા. મારા પિતાની જેમ હું અને પછી મારાં સંતાનો પણ આ જ ગામમાં જન્મીને મરી જઈશું એ લગભગ નક્કી હતું. અમે જીવીએ કે મરીએ, આ દુનિયાને કોઈ ફેર નહોતો પડવાનો.

જીવન કદાચ આ ઘરેડમાં જ વીતી જાત, પણ પછી અચાનક એક દિવસ દેવોનું આગમન થયું અને બધું બદલાઈ ગયું. એમણે આવીને અમને ભોંયભેગા કરી દીધા, ત્યાં સુધી તો અમે એમના નામથીયે અપરિચિત હતા. હા, થોડા દિવસોથી આછી આછી અફવાઓ સંભળાવા લાગેલી. અમારી પાસેથી મરી ખરીદવા આવતા બહારના વેપારીઓ કહેતા હતા કે વિષ્ણુ નામના મુખ્ય દેવની નીચે જુદી જુદી દેવસેનાઓ એકઠી થવા લાગેલી, અને અસુરસમ્રાટ મહાબલિ યુદ્ધ માટે તૈયાર થઈ રહ્યા હતા.

અમે તો આ બધું એક કાને સાંભળ્યું અને બીજા કાને કાઢી નાખ્યું. રાજાઓ લડે, હારે, જીતે, જીવે, મરે, અમારા જીવન પર એનો કોઈ પ્રભાવ નહોતો પડતો. રાજકારણ સાથે અમને શું લાગેવળગે? જોકે હું માનતો હતો કે મહાબલિ અજેય હતા. લોકોમાં એમની છાપ ન્યાયી અને પ્રજાના હિતનો ખ્યાલ રાખનારા શાસક તરીકેની હતી. સાચું-ખોટું કોણ જાણે? આપણને નડે-કનડે નહીં એ બધાંય રાજા સારા એવું હું તો કહું.

એક સમી સાંજે અમે ખેતરોમાંથી ઘેર પાછા ફરતા હતા, ત્યાં અશ્વ પર સવાર, ચહેરા પર

શીળીના ચાઠા ધરાવતો એક સંદેશવાહક ગામમાં આવ્યો. એણે અમારું શિવમંદિર તોડીને વિષ્ણુને શરણે જવાની સૂચના આપી. ગામ લોકો એટલા ઉદાર હતા કે આવી વાત કરનાર માણસની પણ મહેમાનગતિ કરી. જોકે સાથે સાથે ચેતવણી પણ આપી કે શિવનો કોપ વહોરનારાનું ધનોત-પનોત નીકળી જશે. પેલો સંદેશવાહક ગામ છોડતાં પહેલાં શિવમંદિરે જઈને માથું ટેકવતો ગયો.

ગામવાળાને વાતચીતનો નવો વિષય મળ્યો. કોઈ કહે કે આપણા રાજા પરાજય સ્વીકારીને પાતાળમાં ભાગી ગયા, તો કોઈ વળી એવી વાત લાવ્યું કે મહાબલિ દેવો સાથે ભળી ગયેલા અને બધાંય મંદિરોમાં હવે શિવના સ્થાને વિષ્ણુની સ્થાપના થવા લાગેલી. આ સાંભળીને રોષે ભરાયેલા શિવભક્તોએ તાડીની દુકાનમાં તોફાન મચાવ્યું.

આ બધું સાંભળીને મને ભીતરથી આનંદ થયો કે, ચાલો ગામમાં કંઈક તો નવું થયું. પણ આનંદને ભય અને આઘાતમાં પલટાતાં વાર ન લાગી. એક રાતે મારી પત્નીએ મને હલબલાવીને જગાડી દીધો. આંખો ચોળીને જોયું તો ઘરમાં ઘૂસી આવેલા અજાણ્યા માણસો દેખાયા. અતિથિ હતા કે ચોર. આ સવાલ ઊઠતાંની સાથે જવાબ મળી ગયો કે, આ તો દેવોની સેના હતી, જે પાશવી બળ સાથે અમારા નાના, ગરીબ ઘર પર ધસી આવેલી. ગોરા, ક્રૂર ચહેરા ધરાવતા સૈનિકો ઘોડા પર સવાર થઈને, કિકિયારીઓ પાડતા આખા ગામને ધમરોળી રહ્યા હતા. જ્યાં જુઓ ત્યાં ચીસાચીસ અને આગના ભડકા હતા. પુરુષો, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, કોઈ પર એ દેવોએ દયા નહોતી દાખવી. પુરુષો પર તલવારો વીંઝાતી હતી, સ્ત્રીઓને મારતા પહેલાં એમની આબરૂ લૂંટાતી હતી. ઘર લૂંટીને સળગાવી દેવાતાં હતાં.

મારા મનમાં એ સમયે જોકે એક જ વિચાર સર્વોપરી હતો કે, મારા પરિવારને કઈ રીતે બચાવવો. પત્ની અને દીકરીની ફરતે હાથ વીંટાળીને મેં એક ખૂણામાં ભરાઈ જવાનો પ્રયાસ કર્યો, પણ દેવોના રાક્ષસી બળ સામે ટકવાનું અમારું ગજું નહોતું. તલવારની મૂઠથી થયેલા પ્રહારે મારું નાક ભાંગી નાખ્યું અને ચહેરો રક્તથી ખરડાઈ ગયો.

ધૂંધળી થઈ ગયેલી આંખે મેં જોયું કે માંડ પંદર વરસના લાગતા એક યુવાને, મારી દીકરીને પગથી ઉપાડીને ઢીંગલી સાથે રમતો હોય એમ ગોળગોળ ફેરવી અને પછી દીવાલ સાથે એનું માથું અફાળ્યું. બે-ત્રણ સૈનિકો મળીને મારી અર્ધબેભાન પત્નીને અંધારા ખૂણામાં ખેંચી ગયા. મારી આંખોની સામે મારી નાની, સુખી દુનિયા પીંખાઈ ગઈ.

હું કાયર નહોતો. હાથમાં કોઈ હથિયાર નહોતું તોયે એ રાની પશુ જેવા આક્રમણકારો સામે મેં લડવાના, મારી પત્નીને બચાવવાના મરણિયા પ્રયાસ કર્યા, પણ મારું કંઈ ચાલ્યું નહીં. મુક્કા અને લાતો મારી-મારીને એમણે મને એટલી હદે અધમૂવો કરી નાખ્યો કે છેવટે એમનામાંથી કોઈએ મારા પેટમાં ઊંડે સુધી તલવાર ભોંકી દીધી, ત્યારે મને રાહત થઈ કે હાશ, પીડાનો અંત આવ્યો.

પરંતુ પીડા તો મારે અનંતકાળ સુધી ભોગવવાની હતી. ભાન આવ્યું ત્યારે હું સ્વર્ગ કે નર્કમાં નહીં, પણ મારા જ ગામમાં કીચડ ભરેલી ભૂમિ પર પડ્યો હતો. અંધકારમાં હજીયે ક્યાંક ક્યાંક આગના ઝબકારા દેખાતા હતા.

પણ હિંસાની ભભૂકતી જ્વાળાઓ હવે શાંત પડી રહી હોય એવું લાગ્યું. દૂર ક્યાંક શિયાળ અવાજ કરી રહ્યા હતા. સવાર પડી ગઈ, આવો વિચાર કરતા મેં બેઠા થવાનો પ્રયત્ન કર્યો, પણ સહેજ હલનચલન કરતાંની સાથે અંગેઅંગ પીડાનું માર્યું ચીસ પાડી ઊઠ્યું. સુકાઈને જામી ગયેલા રક્તથી લગભગ બંધ થઈ ગયેલી આંખોને મેં મહાપ્રયત્ને ખોલી તો ખરી, પણ જોવા જેવું હવે કંઈ નહોતું બચ્યું. જ્યાં જન્મીને હું મોટો થયેલો એ ગામના હવે ભાંગ્યા-તૂટ્યા અવશેષ જ રહ્યા હતા. ગરદન ફેરવી તો મારી આખીયે દુનિયા છિન્નભિન્ન કરી નાખનારા દેવ

સૈનિકોમાંથી ચારપાંચ જણ દેખાયા. થોડે દૂર એક ઝાડની નીચે બેઠા-બેઠા એ લોકો સુરાપાનમાં વ્યસ્ત હતા.

જેમતેમ કરીને હું બેઠો થયો, પરંતુ આવું કરવા જતાં સૂકી ડાળીઓનો જે અવાજ થયો, એણે પેલા લોકોને સચેત કરી દીધા. એમાંથી એક જણ ઊભો થયો અને મ્યાનમાંથી તલવાર કાઢીને મારા ભણી આવ્યો. પરોઢિયાના આછા ઉજાસમાં મેં એને ઓળખી લીધો. મારી દીકરીનું માથું ભીંતે અફાળીને ભાંગી નાખનાર તરુણનો ચહેરો હું કેવી રીતે ભૂલી શકું? નાનકડા એ માથામાંથી ઉડેલી રક્તની છોળોનું સ્મરણ થતાંની સાથે કોણ જાણે મારી બધીયે પીડા વિસારે પડી ગઈ. મેં આસપાસ જમીન પર હાથ ફેરવ્યો અને ભાગ્યવશાત્ કોઈએ ત્યાં ફેંકેલી છરી મારા હાથમાં આવી.

નશામાં ડોલતો એ સૈનિક મારી પાસે આવ્યો, પણ એ જ વખતે ઝાડ નીચે બેઠેલા એના સાથીદારે મોટેથી કંઈ કહ્યું. છોકરાએ પાછું ફરીને જોયું અને આંખના પલકારામાં મેં મારામાં હતું એટલું બધું બળ એકઠું કરીને એના પેટના નીચેના ભાગમાં પેલી છરીનો ઘા કરી દીધો. ચિત્કાર સાથે એ મારા પર ફસડાઈ પડ્યો. એના શરીરમાંથી છરી ખેંચી કાઢીને મેં એની ગરદનમાં ખૂંચાડી દીધી.

આ અણધાર્યું દૃશ્ય જોઈને, વૃક્ષ નીચે બેઠેલા લોકો હજી કોઈ પ્રતિભાવ આપે એ પહેલાં તો મૃત સૈનિકનું વજન મારા પરથી ખસેડીને હું ઊભો થઈ ગયો. પેલા લોકો દોડ્યા. આંખ મીંચીને મેં ગામને સીમાડે આવેલા જંગલની દિશામાં દોટ મૂકી.

પગમાં કેટલા કાંટા ને કાંકરા ભોંકાયા, કેટલી લાશોને મેં ઠેબે ચઢાવી, કંઈ ભાન નહોતું. શરીરમાં રહ્યાસહ્યા શ્વાસ લઈને હું દોડતો રહ્યો. મારા પ્રિયજનો, મારું ગામ, મારો આખેઆખો ભૂતકાળ પાછળ મૂકીને હું મૃત્યુથી બચવા માટે, મારા અર્થહીન થઈ ગયેલા જીવનને બચાવવા માટે દોડતો રહ્યો.

મારી પાછળ પડેલા દેવસૈનિકોએ હવે બાણ ફેંકવાનું શરૂ કર્યું. એમાંથી એક આવીને મારા ખભામાં ખૂંપી ગયું. મેં લથડિયું ખાધું. આંખ સામે અંધારું થવા લાગ્યું. વજનહીન દશામાં હું કોઈ ઊંડી ખીણમાં પડી રહ્યો હોઉં એવી લાગણી મને ઘેરી વળી. કાળ મને આંબી ગયેલો. મેં આંખો મીંચી દીધી.

પરંતુ ફરી એકવાર મૃત્યુના મુખમાં જઈને હું પાછો ફર્યો. આંખો ખૂલી ત્યારે હું એક ગંધાતી ગુફામાં, કાથીના ભાંગ્યાતૂટ્યા ખાટલા પર પડ્યો હતો. દરેક દિશામાંથી ચિત્કાર અને ઊંહકારા સંભળાઈ રહ્યા હતા. પડ્યાપડ્યા જ મેં સહેજ માથું ફેરવીને આસપાસ જોયું. લોહીથી લથપથ, ઘાયલ લોકો મોતની વાટ જોતા હોય એમ પડ્યા હતા. 'હું કોઈ યુદ્ધ કેદીઓની છાવણીમાં આવી ગયો છું?' આવો વિચાર ઊગતાંની સાથે જ શમી ગયો. દેવો કોઈપણ દુશ્મનને જીવતો મૂકે ખરા?

ઘાયલોના કણસાટથી જુદા પડતાં થોડા અવાજ મારે કાને પહોંચ્યા. 'આમાંથી અડધોઅડધ માણસો કાલની સવાર નહીં જુએ અને બચી ગયા. એમના શરીરમાં પણ ચાલવા જેટલી શક્તિ આવતા ઓછામાં ઓછો મહિનો નીકળી જશે.' નગરના સુશિક્ષિત, ઉપલા વર્ગના લોકો બોલે એવી એ શુદ્ધ તામીલ ભાષા હતી.


મને રાહત થઈ કે હું દુશ્મનોના કબજામાં નહોતો, પણ પછી થોડી જ વારમાં ભાન થયું કે, એ માણસે શું કહ્યું. એણે જે ભાવિ ભાખ્યું એ મારા રોમેરોમને થથરાવી મૂકે એવું હતું. મારાથી હળવી ચીસ પડાઈ ગઈ. આંખમાંથી આંસુની ધાર ફૂટી નીકળી. બીજા અનેક મોઢામાંથી મારા રુદનના પડઘા પડ્યા.

આ પરાજિતોનું આક્રંદ હતું. બીજાની નજરે અર્થહીન હોય તોયે અમારું પોતાનું એક સરળ,

વહાલું જીવન હતું, જે હવે રોળાઈ ગયેલું. મારા પોતાના લોકોની સાથે હું રડી રહ્યો હતો. ત્યારે જ કદાચ એવી એક ક્ષણ આવી ગઈ, જ્યારે મેં સોગન ખાધા કે દેવોની સામે બદલો લીધા વિના હવે હું નહીં જંપું.

o

પરાજિતોની કથની



રાવણ

સતત ચાર મહિનાની દડમજલ પછી થાક અને ભૂખના માર્યા અમારા પગ હવે થાકવા લાગેલા. મને એ પણ ખ્યાલ આવી ગયો કે, રોજ સવારનું મારું પ્રવચન સાંભળીને મોટાભાગના સૈનિકો કંટાળી ગયેલા. પણ મેં આ નિયમ તોડ્યો નહોતો.

સવાર પડતાંની સાથે બધાંને ભેગાં કરીને મેં બોલવાનું શરૂ કર્યું.

'આજે આપણે દસ રાજાઓએ કરેલા યુદ્ધની વાત કરીશું, જેના પરિણામે અસુર સામ્રાજ્યનો અંત અને દેવોના શાસનનો ઉદય થયો. શરૂઆતમાં શક્તિશાળી અસુર રાજાઓ માટે દેવો ક્ષુલ્લક જીવડા જેવા હતા, જે વાર-તહેવારે રાજ્યના સીમાડે આવેલાં ગામોમાં તોફાન મચાવી જતા. પરંતુ ઇન્દ્રના આગમનથી પરિસ્થિતિમાં બદલાવ આવ્યો. ઇન્દ્ર માટે તો એ હારે તોયે કંઈ ગુમાવવા જેવું નહોતું. આરંભમાં એની પાસે કંઇ હતું જ નહીં, પરંતુ એની ક્રૂરતાની કહાણીઓ ધીમે ધીમે ચારે તરફ પ્રસરવા લાગેલી. હિમાલયના ઉત્તર-પશ્ચિમે આવેલાં અનેક નાનાં રાજ્યો પર આક્રમણ કરીને ઇન્દ્રએ ત્યાં વિનાશ સર્જી દીધો. સુંદર શહેરોને બાળીને, ત્યાં વસતા એકેએક જણને મારી નાખવાનો એનો નિયમ હતો. સેંકડો મૃતદેહોની ચિતા પ્રગટાવીને એની આસપાસ નાચતા-ગાતા દેવોની વાતો દૂરદૂર સુધી પહોંચી હતી.

'દસ રાજાઓની બનેલી અસુર સમિતિએ છેવટે જંગલી દેવોને પાઠ ભણાવવાનો નિર્ણય લીધો. એમને ખાતરી હતી કે, વિશાળ અસુરસેના ચપટી વગાડતામાં ઇન્દ્રની જંગલી પણ નાની ટોળકીને મસળી નાખશે. પરંતુ એમના કમનસીબે યુદ્ધની વ્યૂહરચનામાં ઇન્દ્ર અત્યંત બાહોશ પુરવાર થયો. એ પોતાના નાના સૈન્યની સાથે ગાંધારની હિમાચ્છાદિત પર્વતમાળામાં જઈને બેસી ગયેલો. અસુરોને જેના પર ગર્વ હતું એ મહાકાય હાથીઓનું દળ, મોટા રથ ગંગા અને સિંધુ વચ્ચેના ખુલ્લા, સપાટ મેદાનમાં યુદ્ધ કરવા ટેવાયેલા હતા. ગાંધાર પર્વતની ઊંડી અટપટી કોતરો અને કંદરામાં જઈને અસુરો ક્યારેય લડ્યા નહોતા. ઇન્દ્ર આ જાણતો હતો એટલે એણે એ વિસ્તારમાં અસુરો સામેથી લડવા આવે, ત્યાં સુધી ધીરજપૂર્વક રાહ જોઈ અને પછી જે થયું એ મેં બ્રહ્મા પાસેથી સાંભળ્યું છે.'

આટલું બોલતાં-બોલતાં મેં ધૂળમાં ઉત્તર-પશ્ચિમ ભારતનો નકશો દોર્યો. બાજુમાં મારા ભાઈઓની સાથે અમારો સેનાનાયક પ્રહસ્ત ઊભો હતો. એ સગપણમાં મારો દૂરનો મામા થતો હોવાનો દાવો કરતો. મને શંકા હતી, પણ મારી માતાને ઘણાં અસુર સગાવહાલા હતા. કદાચ પ્રહસ્ત એનો દૂર-દૂરનો ભાઈ થતો હોય એ સાવ અશક્ય નહોતું. જે હોય તે, મામા હોવાને નાતે એને કોઈ ખાસ લાભ નહોતો મળવાનો. અલબત્ત એની બહાદુરી અને બુદ્ધિના જોરે પ્રહસ્તે અમારા સૈન્યમાં માનભર્યું સ્થાન મેળવી લીધેલું.

મારી સામે ઊભેલા સૈનિકોનું ધ્યાન આસપાસ ભટકવા લાગ્યું હતું. મને એમના પર રોષને બદલે દયા આવી ગઈ. એમાંથી મોટા ભાગના બાપડા અભણ અને સાવ ગરીબ હતાં. એક

જમાનામાં ખેતી, સુથારકામ કે નાની દુકાનદારી કરનારા આ લોકોએ પરાણે માતૃભૂમિ છોડવી પડેલી. મહાબલિએ એમને આશાનું કિરણ બતાવ્યું, તો એ બધા આંખો મીંચીને એની પાછળ નીકળી પડ્યા. પરંતુ વર્ષોની મહેનત પછીયે કોઈ આશા ફળીભૂત ન થઈ તો એમણે હવે મારા જેવા યુવાન, નિરાશ્રિત પણ બહાદુર અને નિર્ભય માણસ પર મીટ માંડી હતી.

'ઇન્દ્રએ શરૂઆતમાં એક ભૂલ કરી નાખી. સરસ્વતીના કિનારે આવેલા કિલ્લાબંધ પ્રાગ્ય નગર પર એણે વગર વિચાર્યે હુમલો કર્યો. એના બસો સૈનિકો નગરના મુખ્ય દ્વાર પર ધસી ગયા અને બાકીના સૈનિકો સાથે એણે પાછલે દરવાજેથી અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાજા પ્રમ્ચુધે કિલ્લાના ચારેય દરવાજા ખોલી નાખ્યા અને એમાંથી નીકળેલા ૫૦૦ હાથી, દસ હજાર પગપાળા તલવારધારી અને ગાડામાં સવાર થયેલા ૫૦૦ તીરંદાજો પૂરજોશથી દેવસેના પર તૂટી પડ્યા. અશ્વારૂઢ દેવોએ સામનો તો કર્યો, પણ ખુલ્લા મેદાનોમાં લડવાને ટેવાયેલી વિશાળ અસુર સેના સામે ટકવાનું એમનું ગજું નહોતું. દેવોનો કચ્ચરઘાણ નીકળી ગયો, પરંતુ ઇન્દ્ર એમ સહેલાઈથી મરે એવો નહોતો. એણે એની તલવારથી પ્રમ્ચુધના ખભે તલવારનો ઊંડો ઘા મારી દીધો.

'એ સંજોગોમાં પ્રમ્ચુધે ધાર્યું હોત તો એના સૈનિકો ચપટી વગાડતામાં ઇન્દ્રને ઘેરી લઈને, એને મારી નાખવા તૈયાર હતા. પરંતુ અહંકારના માર્યા પ્રમ્ચુધે એના સૈનિકોને દૂર ઊભા રહેવાનો આદેશ આપ્યો અને પોતે હાથી પરથી ઊતરીને એકલે હાથે ઇન્દ્ર સામે લડવા તૈયાર થઈ ગયો.

'ઇન્દ્ર તલવારબાજીમાં કુશળ હતો. એણે પ્રમ્ચુધને બરાબર લડત આપી. મૂર્ખ અસુરો ગોળ કુંડાળું કરીને ઊભા રહ્યા અને ઇન્દ્રની કુશળતાને પણ તાળીઓ પાડીને વધાવતા રહ્યા. પ્રમ્ચુધ વીર હતો અને યુદ્ધના સિદ્ધાંતોનો ભંગ કરવાનો વિચારસુધ્ધાં એને નહોતો આવ્યો. પણ સામે ઇન્દ્ર માટે આ જીવન-મરણનો પ્રશ્ન હતો. નિયમોને નેવે મૂકીને એણે તલવાર ચલાવી અને એક તબક્કે પોતાની ઢાલથી એ રીતે ધૂળ ઉડાડી કે થોડી ક્ષણો માટે પ્રમ્ચુધને કંઈ પણ દેખાતું બંધ થઈ ગયું. આનો લાભ લઈને ઇન્દ્રએ તલવારનો એવો જોરદાર પ્રહાર કર્યો કે, ઘાયલ પ્રમ્ચુધ ભાન ગુમાવીને જમીન પર ઢળી પડ્યો.

સ્તબ્ધ થઈ ગયેલા અસુરો હજી કંઈ વિચારી શકે એ પહેલાં તો એમાંથી બીજા ત્રણ જણને તલવારથી વાઢી નાખીને, ટોળાને ચીરતો ઇન્દ્ર ત્યાંથી નીકળી ગયો અને ઘોડા પર બેસીને બાકી રહેલા દેવ સૈનિકો સાથે પલાયન પણ થઈ ગયો.' બોલતાં બોલતાં હું સહેજ રોકાયો.

'કોઈપણ પરાજિત રાજાની કથા સાંભળતી વખતે મને તો એ જ પ્રશ્ન થાય કે એની મૂર્ખાઈ અને ઘમંડ, આ બેમાંથી પરાજય માટે વધુ શ્રેય કઈ વસ્તુને આપવું?' પ્રહસ્તએ કટાક્ષમાં કહ્યું.

'સાવ સાચું કહ્યું.' બોલીને મેં વાત આગળ ચલાવી. 'એ પ્રસંગ પછી પ્રમ્ચુધે ભૂતકાળ વિસારે પાડીને પોતાનું રાજ્ય ચલાવવામાં વધુ ધ્યાન આપ્યું હોત તો અસુરોનું ભલું થાત. પણ કમભાગ્યે પ્રમ્ચુધની વિવેકબુદ્ધિ પર એનો અહમ્ સવાર થઈ ગયો. પ્રાગ્ય છિન્નભિન્ન થઈ જતાં બચી ગયું. દેવસેનાનો કચ્ચરઘાણ નીકળી ગયો. આ બધી વાતથી રાહત અનુભવવાને બદલે પ્રમ્ચુધે તો એક જ વાત યાદ રાખી કે શૂરવીર તરીકેની એની છબીને ડાઘ લાગી ગયો. એ સમયકાળમાં કોઈ અસુરને વંશ-પરંપરાગત રાજા બનવાનો અધિકાર નહોતો મળતો. રાજ્યમાં જે સહુથી કુશળ, પ્રતાપી યોદ્ધો લાગે એને લોકો પોતાના રાજા તરીકે ચૂંટતા હતા. કદાચ પ્રમ્ચુધને લાગ્યું હશે કે પ્રજા હવે એને રાજગાદીને લાયક નહીં ગણે. પોતાની પ્રતિષ્ઠા પાછી સ્થાપિત કરવા માટે પ્રમ્ચુધ મરણિયો થયો. એ માટે એણે જે પગલાં લીધાં એ છેવટે ઘાતક પુરવાર થયાં.' આટલું કહીને હું પાણી પીવા માટે અટક્યો.

'તમારી સેના જીતી જાય પછી સામેવાળો તમારાથી શસ્ત્ર ચલાવવામાં વધુ બળિયો પુરવાર થયેલો એવી વાતનું કોઈ મહત્ત્વ નથી રહેતું. પણ અભિમાની અસુરો આ વાત સ્વીકારી નહોતા

શકતા.' પ્રહસ્ત બોલ્યો. મારા માણસો હવે એકચિત્તે સાંભળી રહ્યા હતા. મેં વાત આગળ વધારી. 'ઇન્દ્રના સગડ શોધવા માટે રાજાએ ચારે દિશામાં એના ગુપ્તચરોને મોકલ્યા અને પોતાને ત્યાં અસુર રાજાઓની બેઠક બોલાવી. દસ રાજાઓની બનેલી આ સમિતિની બેઠક આમ તો વરસમાં એકવાર મળતી. કરવેરા, નદીઓનાં પાણીની વહેંચણી અને સામાજિક રિવાજોથી માંડીને કારીગરો અને કલાકારોની આપ–લે વિશે આ બેઠકમાં ચર્ચા થતી. કોઈ ખાસ કારણસર તાબડતોબ બધાંએ ભેગું થવું પડે એવું જોકે ભાગ્યે જ બનતું. સિવાય કે કોઈ રાજ્ય પર દુશ્મનના આક્રમણનો ભય ઊભો થાય.

'દરેક અસુર રાજ્યને પોતાનું સૈન્ય હતું, પણ એમાં જે હતા, એમને સૈનિકો કહેવા કે નહીં એ નક્કી કરવું મુશ્કેલ હતું. આ પણ એક વિચિત્રતા હતી કે, મહાન યોદ્ધાઓ એમના બાવડાના જોરે વિજય મેળવી લેતા. સિંધુ-ગંગાના વિશાળ, સપાટ પ્રદેશોમાં સ્થાયી થયા બાદ જાણે એમના શૌર્ય અને શસ્ત્રોને કાટ લાગી જતો. અસુરોના રાજ્યમાં સંગીત, નૃત્ય અને સ્થાપત્ય જેવી કલાઓ જેટલી ખીલતી હતી, સામે યુદ્ધકલા એટલી જ બૂઠ્ઠી થતી જતી હતી. એક સમયે જંગલી, ક્રૂર ગણાતા અસુરો અહીં આવ્યા બાદ ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેવા લાગેલા.

'કદાચ આ ભૂમિની અસર હતી. અસુરોની પહેલાં અહીં આવેલા લોકો સાથે આવું જ થયેલું. અસુરો પણ એ જ માર્ગે ચાલ્યા અને આજે ઉત્તરમાં દેવરાજ્યોની અંદર પણ આ જ પરિસ્થિતિ છે. પ્રમ્યુધના સમયે અસુર રાજાઓ જોકે પોતાને પ્રતાપી યોદ્ધાઓના વારસદાર ગણાવતા હતા. પોતાની શક્તિ પર એમને ઘમંડ હતો. ભલે ને પછી એ જેમને સૈન્ય ગણતા, એ વાસ્તવિકતામાં રસોઇયા, દુકાનદારો, નાચી-ગાઈને પેટ ભરનારા મામૂલી કલાકારો અને પૂજાપાઠ કરાવનારા પંડિતોના અણઘડ ટોળાં હોય. દસ હજારની સેનામાં જે થોડાઘણા ખરેખર યોદ્ધા ગણાય એવા હતા એમને તો આ બીજા લોકો મદદરૂપ થવાને બદલે માથાનો દુખાવો ઊભો કરતા. આવા સૈન્યની સાથે ઇન્દ્રની સામે યુદ્ધે ચઢવું કે નહીં એ વિષય પર અસુર સમિતિ પહેલા દિવસે તો કોઈ નિર્ણય પર પહોંચી ન શકી. ત્રણચાર જણે કહ્યું કે, કોઈપણ સમૃદ્ધ શહેર પર બહારથી આક્રમણ થવું એ સામાન્ય, વારંવાર બનતી ઘટના હતી. પરંતુ પ્રમ્યુધની દલીલ હતી કે, જેને જંગલી કહેવાય એવા આદિવાસીઓનાં ટોળાં માત્ર ગંગાના સપાટ પ્રદેશના સીમાડે આવેલાં રાજ્યો પર જ ત્રાટકતા હતા. પછી હાથમાં આવે એટલું અનાજ અને બીજી ચીજવસ્તુઓ લઈને નાસી જતા. એમાંથી કોઈએ હજી મોટા રાજ્યના પાટનગર પર આક્રમણ કરવાની હિંમત નહોતી દાખવી. પરંતુ હવે જે દુશ્મનો ઊભા થયેલા, એ વધુ બાહોશ અને તાકાતવર હતા. એ સામાન્ય આદિવાસી નહોતા, જે આવે અને લૂંટફાટ કરીને ભાગી જાય. વળી, યુદ્ધમાં એ લોકો જે નવતર પ્રાણીનો ઉપયોગ કરતા હતા, એ અસુર માટે સાવ નવા, અજાણ્યા હતા. પ્રમ્યુધે ભારપૂર્વક કહ્યું કે આ દુશ્મનને ઊગતો જ ડામી નહીં દઈએ તો આપણે માથે સતત ભયની તલવાર તોળાતી રહેશે. અનિર્ણિત અવસ્થામાં પહેલા દિવસની બેઠક પૂરી થઈ.

'પરંતુ બીજે દિવસે ઉત્તર-પશ્ચિમ અસુર રાજ્યમાંથી મારંમાર આવેલા સંદેશવાહકે જે કહ્યું, એણે બધાંને આઘાત આપ્યો. ખબર આવેલા કે અશ્વારૂઢ આદિવાસીઓએ મુલ્તમુખમાં આગ લગાડી દીધેલી. આ કોઈ નાનુંમોટું નગર નહોતું. ગંગાના ઉગમસ્થાનથી ગાંધાર અને એથીયે આગળના પ્રદેશો સુધી પથરાયેલા વ્યાપારી માર્ગો પર, મુલ્તમુખ એક મહત્ત્વનું વાણિજ્યકેન્દ્ર હતું. એના પર થયેલા આક્રમણના સમાચારે અસુર રાજાઓને હચમચાવી નાખ્યા. બીજે દિવસે સમિતિએ નિર્ણય કરી લીધો કે, સહુએ એક થઈને આ ઘોડેસ્વાર લૂંટારાઓને ધૂળભેગા કરી નાખવા. એટલું જ નહીં ઈજિપ્ત અને મેસોપોટેમિયા સાથેના વેપારમાં ઊભે રસ્તે વારંવાર ત્રાસ આપતા નાનામોટા ચોર-લૂંટારા અને ચાંચિયાનો પણ ખાતમો બોલાવી દેવો, જેથી કાયમની રાહત થઈ જાય.

'ત્રીજે દિવસે મળેલી બેઠકમાં સંયુક્ત સેનાના સેનાપતિ તરીકે પ્રમ્યુધની વરણી થઈ. એમાં એવું નહોતું કે પ્રમ્યુધ સહુથી બળિયો કે બાહોશ હતો. વાસ્તવિકતા એ હતી કે શત્રુની પાછળ અજાણ્યા પ્રદેશમાં ધસી જવાનો ઉત્સાહ સહુથી વધુ એને હતો. બાકી રહી ગયેલામાં હજીયે એવા થોડા હતા જેમને આ યુદ્ધમાં ખાસ રસ નહોતો. એ લોકો પોતપોતાના રાજમાં સુખશાંતિથી જીવતા હતા. એમને ત્યાં વ્યાપાર ધમધમતો હતો. હવે અચાનક યુદ્ધે ચઢવાની વાત એમને ગમી નહોતી. શિવની સાથે બળદ પર સવાર થઈને આવેલા બહાદુર લડવૈયા તો જમીન પર સૂતા હતા. અઠવાડિયે એકવાર મળતા ભોજનથીયે પેટ ભરી લેવાને ટેવાઈ ગયેલા. એમને કોઈ લડાઈથી ફાયદો નહોતો થવાનો. એ બધા તો યુદ્ધની વાત સાંભળીને રાતોરાત ઉચાળા ભરી ગયા. સામે દુશ્મન એવા હતા, જે પરાજિત થાય તોયે એમણે કંઈ ગુમાવવાનું નહોતું. હાર-જીતની કિંમત તો આ રાજાઓએ જ ચૂકવવાની હતી, પરંતુ સમિતિમાં બહુમતીએ લેવાયેલો નિર્ણય મને-કમને સહુએ સ્વીકારવો પડ્યો. પ્રમ્યુધે હોંશે-હોંશે આગેવાની સ્વીકારી લીધી.

'ધનુષ્ય-બાણ, તલવાર, ભાલા અને બીજાં શસ્ત્રો ધારણ કરેલાં એક લાખથી વધુ સૈનિકો સાથે સિંધુના કિનારેથી પ્રમ્યુધએ એની કૂચ આદરી. સેનામાં દસ હજાર હાથી, ત્રણ હજાર બળદગાડાની સાથેસાથે દસ હજાર જેટલા ઢોલનગારા વગાડનારા, નાચનારા અને અસુરોને પાનો ચઢે એવા ગીતો લલકારતા ગવૈયા હતા. તે ઉપરાંત ઘરઆંગણે જેમને કોઈ કામધંધો નહોતો, એવા લોકો પણ આ સેના તરીકે ઓળખાતા ટોળામાં જોડાઈ ગયેલા.

'સિંધુ અને સરસ્વતી પાર કર્યા બાદ એમણે લૂંટારા અને આદિવાસીઓની નાની-મોટી ટોળીઓને પકડી પકડી, મારવાનું શરૂ કર્યું. આવા લોકોને આશ્રય આપવાની શંકા જે ગામ પર પડે એને ખેદાનમેદાન કરી દેવાયા. ખુશામતિયાઓએ પ્રમ્યુધનો જયજયકાર કર્યો. પ્રારંભમાં મળેલી નાની-નાની સફળતાએ પ્રમ્યુધના મગજમાં રાઈ ભરી દેવાનું કામ કર્યું. શરૂઆતમાં એ બીજા રાજાઓને નાના-નબળા તો ગણતો જ હતો. પછી તો એવો સમય આવી ગયો કે એના હાથ નીચે લડવા નીકળેલા બીજા નવેય રાજાઓનું પ્રમ્યુધ ખુલ્લેઆમ અપમાન કરતો થઈ ગયો. એ લોકોની વાત સાંભળવાને બદલે પ્રમ્યુધ એમની હાંસી ઉડાવતો.

એક હજાર વર્ષ પહેલાં લડવા નીકળેલી એ અસુર સેનાનો માર્ગ સમજાવવા માટે મેં ધૂળમાં નકશો દોર્યો, અને આગળની વાતનો દોર પ્રહસ્તને સોંપ્યો. એણે ગંભીર અવાજે બોલવાનું શરૂ કર્યું:

'અસુરો હિન્દુકુશ પર્વતની તળેટીમાં પહોંચ્યા ત્યાં સુધીમાં સૈન્યની અંદર ખાસ્સા વાદવિવાદ અને ફાટફૂટ પડી ગયેલાં. પ્રમ્યુધ હવે ઇજિપ્ત સહિત આખાયે પશ્ચિમને જીતી લઈને, પોતાને દુનિયાનો રાજા ઘોષિત કરવાની વાતો કરતો હતો. તો સામે એ જ સેનાના ત્રણ રાજા, લડાઈ પડતી મૂકીને પોતપોતાને ઘેર પાછા જવા ઉતાવળિયા થયેલા. એમને રાષ્ટ્રદ્રોહી ઠરાવીને પ્રમ્યુધે બધાંની સામે એ ત્રણેયનાં માથાં વધેરી નાખ્યાં. અસુરસેના પહેલાં સ્તબ્ધ થઈ ગઈ અને પછી એમાંથી બળવાખોરો ઊભા થયા. પ્રારંભમાં મળેલા વિજયનો નશો ઊતરવા લાગેલો. ઝટ લડીને, જીતીને ઘેર પાછા જઈશું એવી કલ્પના હવે પડી ભાંગેલી. દુર્ગમ માર્ગો પર હજારો જોજનોનો પ્રવાસ ભલભલાને થકવી નાખે એવો હતો. મરી ગયેલા રાજાઓના સૈનિકો નાસી છૂટવાની પેરવી કરવા લાગ્યા. ઘણાંએ ખુલ્લેઆમ બળવો પોકાર્યો. પરંતુ પ્રમ્યુધે લોખંડી હાથે કામ લીધું. કહેવાય છે કે એની વિરુદ્ધ જનારા નવ હજાર સૈનિકોને પ્રમ્યુધે મૃત્યુદંડ આપ્યો. ભાગતાં પકડાય, એમના પર નામ પૂરતો ખટલો ચલાવીને છેવટે એમને મોતની જ સજા થતી. એવું લાગતું હતું કે અસુરો અંદરોઅંદર લડીને જ ખતમ થઈ જશે.

'પરંતુ છેવટે પ્રમ્યુધમાં બુદ્ધિ આવી. જેમ-તેમ કરીને એણે છ રાજાઓને પોતાના પક્ષે રહેવા

સમજાવી લીધા અને મહાપ્રયાસે સેનાનો બળવો દબાવી દેવાયો. પણ ત્યાં સુધીમાં કિંમતી સમય વેડફાઈ ગયેલો. ઇન્દ્રની શોધ કરવા એમણે પહાડી પ્રદેશોમાં અંદર સુધી જવાનું નક્કી કર્યું, ત્યારે શિયાળાનું આગમન થઈ ગયેલું.

'વારાણસીના રાજા વિબોગે ઠંડીની ઋતુ પૂરી થાય ત્યાં સુધી રાહ જોવાનું સૂચન કર્યું. પણ કોઈનું માને તો પ્રમ્યુધ શાનો? એ તો ઝટપટ, ઇન્દ્રને બંદી બનાવીને પોતાના રાજ્યમાં લઈ જવા માટે અધીરો થયો હતો. દેશનો જ નહીં, વિશ્વનો સમ્રાટ બનવાનું જેના ભાગ્યમાં લખાયું હોય એ કંઈ પહાડો, બરફ અને ઠંડીથી થોડો ગભરાય? ડાહ્યા, અનુભવી માણસોની બધીયે સલાહ-સૂચના અવગણીને પ્રમ્યુધે સેનાને ઉત્તર-પશ્ચિમમાં આગળ વધવાનો આદેશ આપ્યો. પરિણામ ધાર્યા મુજબ બહુ ભયાનક આવ્યું.

'પહાડોની વચ્ચેથી જતા રસ્તા અત્યંત સાંકડા અને ચીકણા હતા. ખુલ્લા મેદાનમાં ચાલવાને ટેવાયેલા કદાવર હાથીઓ લપસીને ખીણમાં પડવા લાગ્યા. ક્યારેક એ રસ્તાની વચ્ચોવચ ગબડી પડીને, લાંબો સમય સેનાની આગેકૂચને રોકી પાડતા. બળદગાડાને અડધે રસ્તે છોડી દેવાની ફરજ પડી. એના પર જે સામાન લદાયો હતો, એ ઊંચકવાનું કામ સૈનિકોના ખભે આવી પડ્યું. ગરમ પ્રદેશોમાંથી આવતા લોકો આમેય પહેલેથી ત્રસ્ત હતા. વજનદાર શસ્ત્રો ઉપાડીને, કડકડતી ઠંડીમાં લપસણી કેડીઓ પર ચાલવાનું એમના માટે સહેલું નહોતું. ઉપરથી વધુ સામાનનો બોજ આવી પડ્યો. સૈન્યમાં શિસ્ત ભાંગી પડી. દરેક જણ પોતપોતાની રીતે ચાલતું હતું.'

આટલું બોલીને પ્રહસ્તએ પોરો ખાધો. આગળની વાત મેં ચલાવી. 'છિન્નભિન્ન થઈ ગયેલા એ લશ્કરે, લગભગ મહિના સુધી એ પહાડોની વચ્ચે ઇન્દ્રને શોધવાની મથામણ કરી. એમની દશા દિનબદિન બગડતી ચાલી. વધુ ને વધુ માણસો હથિયારો ફેંકીને ભાગવા લાગ્યા. થાક અને ઠંડીથી મરનારાની સંખ્યા પણ વધતી ગઈ. અડધોઅડધ ગજદળ નાશ પામેલું. જેટલા બળદ બચ્યા, એમને મારીમારીને સૈનિકો પેટ ભરતા હતા, કારણ કે સાથે રાખેલો અન્ન પુરવઠો ક્યારનોય પતી ગયેલો. ખાઈ શકાય એવાં ફળફૂલ એ પહાડો પર ક્યાંય નહોતાં. ભૂખ્યા માણસોને છૂટુંછવાયું કોઈ પહાડી બકરું કે પક્ષી દેખાઈ જાય તો એના પર તૂટી પડતા. વજનદાર શસ્ત્રો પાછળ છોડી દેવાયા હતા અને સહુથી મોટી કરુણતા એ હતી કે, આવી હાલતમાં ભટકી રહેલા અસુરોએ આખા વરસમાં એકાદેય એવો રડ્યોખડ્યો દેવ સેનાની જોયો નહોતો.

'રહીરહીને પ્રમ્યુધને પણ પોતાની ભૂલનું ભાન થવા લાગેલું. ઘરઆંગણાની એશોઆરામવાળી જિંદગીમાં પાછા ફરવા માટે એનું મન તલસતું હતું. પણ દિશાભાન ગુમાવી બેઠેલાઓ પાછા જાય તોયે કેવી રીતે? પ્રચંડ હિમપ્રપાતે અને મોટી શિલાઓએ આગળ-પાછળના રસ્તા બંધ કરી દીધેલા. શસ્ત્રો, ખોરાક, માનવબળ, બધુંયે ખૂટી ગયેલું. મરણિયા થયેલા પ્રમ્યુધને જ્યાંથી મદદની આશા હતી, ત્યાં બધેય એના સંદેશવાહકોને દોડાવ્યા પણ તેમાંથી કોઈ પાછું ન ફર્યું. શક્ય છે કે ઇન્દ્રના સૈનિકોએ એ બધાંને અધવચ્ચે જ આંતરી લીધા હોય.

'રહીસહી આશા ગુમાવી બેઠેલા પ્રમ્યુધનું કંગાળ, અશક્ત સૈન્ય હવે એવી જગ્યાએથી પસાર થઈ રહ્યું હતું, જ્યાં એક તરફ ઊંચા ખડક અને બીજી તરફ ઊંડી ખીણ હતી. વચ્ચેની સાંકડી કેડી પર એકથી વધુ માણસ સાથે ચાલી શકે એટલી જગ્યા જ નહોતી. ભાંગેલા પગ અને મન સાથે લઘરવઘર, લાંબી કતારમાં ચાલી રહેલા એ બાપડા જીવો પર એક ઠંડીગાર, ધુમ્મસભરી સવારે ઇન્દ્રનું લશ્કર પૂરજોશથી ત્રાટક્યું.

એ દિવસની પરિસ્થિતિ સમજાવવા માટે મેં ફરીથી ધૂળ પર દોરેલા નકશાની મદદ લીધી.

'દેવસેનાનીઓ સાંકડા રસ્તા પર સામેથી નહોતા ધસી આવ્યા. ઘોડેસવાર દેવોએ ઊંચેથી સળગતા બાણ અને ભારેખમ પથ્થર ફેંકવાનું શરૂ કરી દીધું. નીચેથી ફેંકાતા અસુરોના બાણ એમના સુધી પહોંચતાં નહોતાં અને આવા સંજોગોમાં ભાલા કે કુહાડીઓ તો શું કામ લાગે! માંડ પાંચસો માણસ ધરાવતા ઇન્દ્રએ હજારો અસુરોનો ખાતમો બોલાવી દીધો.

'પ્રમ્યુધની વાત કરીએ તો એનામાં ભલે બીજા લાખ અવગુણ હોય, પણ એની વીરતા અને નિર્ભયતામાં શંકાને કોઈ સ્થાન નથી. કચડાઈ રહેલા અને પ્રાણ બચાવવા ભાગી રહેલા પોતાના સૈનિકોને પાનો ચઢાવવા એણે જોશભેર સામી છાતીએ લડવાનું શરૂ કર્યું. ખડકો પર ચઢતાંચઢતાં એણે જે બાણવર્ષા કરી, એનાથી અનેક દેવો મર્યા કે ઘવાયા. પોતાના રાજાનું શૌર્ય જોઈને અસુરોમાં પણ થોડાઘણા ઉત્સાહનો સંચાર થયો. એમણે લડત આપી, પરંતુ સંજોગો એવા હતા કે સૈનિકોનો ઉત્સાહ લાંબો સમય ટક્યો નહીં. સહુને જીવ વહાલો હતો. પાંચ રાજાઓ પોતપોતાના માણસો સાથે ત્યાંથી ભાગ્યા. માત્ર વારાણસીનો રાજા વિબોગ એમાં અપવાદ ઠર્યો.

‘વિબોગે પણ શરૂઆતમાં પ્રમ્યુધને એ જીદ છોડી દેવા માટે બહુ સમજાવ્યો હતો, પરંતુ પ્રમ્યુધને મન પ્રાણ કરતાં પ્રતિષ્ઠાની કિંમત વધુ હતી. છેવટે વિબોગે પોતાની સેના સાથે પ્રમ્યુધની પડખે રહેવાનો નિર્ણય કરી લીધો. દેવો અને અસુરો વચ્ચેના યુદ્ધનું અંતિમ અને મહાભીષણ પ્રકરણ આરંભાયું. પ્રમ્યુધ જેની આતુરતાથી વાટ જોતો હતો એ ઘડી પણ આવી ગઈ. ઇન્દ્ર એની સામે આવીને ઊભો રહ્યો.

'તલવારબાજીમાં પ્રમ્યુધ ઇન્દ્રથી ચઢિયાતો હતો. થોડી જ વારમાં ઇન્દ્ર થાકવા લાગ્યો. પણ બે મોટા યોદ્ધા લડતા હોય, ત્યારે એમની ફરતે કુંડાળું કરીને માત્ર તાળીઓ પાડવાની કે હોકારા-પડકારા કરવાની અસુર પરંપરામાં દેવો માનતા નહોતા. ઇન્દ્ર સાથે લડી રહેલા પ્રમ્યુધની ગરદન પર પાછળથી કોઈ દેવસૈનિકે મારેલું બાણ આવીને ખૂંપી ગયું. આ જોઈને ઘડીક સ્તબ્ધ થઈ ગયેલા વિબોગ પર સાત દેવો એકસાથે તૂટી પડ્યા. એમણે વિબોગને ક્રૂરતાભેર મારી નાખ્યો અને બીજી તરફ ઘાયલ અવસ્થામાંયે લડી રહેલા, પણ અશક્ત થઈ ગયેલા પ્રમ્યુધનું માથું ઇન્દ્રએ તલવારના ઝાટકે ધડથી જુદું કરી નાખ્યું.

'ઇન્દ્રએ એના ભાલાની અણી પર પ્રમ્યુધનું લોહી નીતરતું માથું ઊભું કર્યું. બચેલી અસુર સેનામાં હાહાકાર થઈ ગયો. પરાજિતો રણ છોડીને ભાગ્યા. થોડાકને ઇન્દ્રએ જવા દીધા, બાકીનાને એના સૈનિકોએ સ્વધામ પહોંચાડી દીધા.

'જેમતેમ પહાડોમાંથી બહાર નીકળીને ખુલ્લા મેદાનમાં પહોંચેલા અસુરોની રાહત લાંબો સમય ટકી નહીં. તેજીલા ઘોડા પર સવાર થયેલા બસો જેટલા દેવો એમની પાછળ આવી પહોંચ્યા. હવે આ સમયે પેલા પાંચ અસુર રાજાઓ એમની સેના સાથે દેવોના આ નાનકડા જૂથને ભિડાવી શક્યા હોત. સપાટ ભૂમિ પર લડવાની એમને વર્ષોથી આદત હતી, પરંતુ એવું થયું નહીં. ઊલટું વાત એવી ફેલાઈ ગઈ કે અસુરોએ હાર સ્વીકારી લીધી અને દેવોની વિશાળ સેના નીચે આવી રહ્યા હતા. પવન જોઈને સઢની દિશા બદલનારા લોકો દેવોની સાથે જોડાઈ ગયા. અસુરોથી ડરીને જંગલોમાં સંતાઈ ગયેલા ચોર-લૂંટારા, જંગલી લોકો પણ દેવસેનામાં ભળી ગયા.

'હજારો માણસોના એ ટોળાને વશમાં રાખવાનું ઇન્દ્ર માટે પણ શક્ય નહોતું. એના સોએક દેવસેનાનીઓને બાદ કરતાં બીજા કોઈ એનું સાંભળતા નહોતા. એ બધાને બસ લૂંટફાટમાં રસ હતો. રસ્તે આવતા દરેક નાનાં-મોટાં ગામમાં એ વિનાશ વેરતા ગયા. લોકોના ઘર અને સ્ત્રીઓની આબરૂ લૂંટીને એમને ધરવ નહોતો થતો. નિર્દોષ, સામાન્ય લોકોને મારી નાખવામાં પણ એમને પિશાચી આનંદ મળતો હતો.

'મોટાં શહેરોમાં રહેતા લોકો એમના પર આક્રમણ થાય, એ પહેલાં ઘરબાર છોડીને ભાગવા લાગ્યા. એમને હવે અસુર સૈનિકોમાં પણ વિશ્વાસ નહોતો રહ્યો, અને ક્યાંથી રહે? ભાગી રહેલા અસુર સૈનિકોએ પોતે જ પોતાનાં શહેરોને સળગાવી દેવાનું શરૂ કરી દીધેલું, જેથી પાછળ આવતા દેવોને કંઈ મળે નહીં. અસુરનગરોના લોકોએ તો હવે દેવોની ઉપરાંત અસુરસેનાની સામે પણ લડવાનું હતું. સામાન્ય નાગરિકોએ શસ્ત્રો હાથમાં લીધા. શત્રુ અને મિત્ર, વિનાશક અને સહાયક વચ્ચેની ભેદરેખાઓ ભૂંસાઈ ગયેલી. આખાયે દેશમાં જ્યાં જુઓ ત્યાં ભાગદોડ, રમખાણો અને અંધાધૂંધી હતાં.

'ક્યાંકથી એવી અફવાઓ આવી કે, પાંચ અસુર રાજાઓએ ઇન્દ્ર સાથે ભળી જઈને, પ્રમ્યુધ સહિતના બીજા પાંચ રાજાઓને મોતને ઘાટ ઉતારી દીધેલા. એક સમયના મિત્ર અસુરરાજ્યો આ અફવા સાચી માનીને એકમેક સાથે બાખડી પડ્યા. અંદરોઅંદર લડી રહેલા અસુરોએ ઇન્દ્રનો માર્ગ મોકળો કરી દીધો. એની શક્તિ અને ખ્યાતિમાં વધારો થતો ગયો. વધુ ને વધુ લોકો દેવોના પક્ષમાં જોડાતા ગયા.

'જે મહાન, શક્તિશાળી, સમૃદ્ધ અસુર સામ્રાજ્યને ઊભું કરવામાં હજારો વર્ષ થયેલા, એનો વિનાશ થવામાં માંડ સાત મહિનાનો સમય લાગ્યો. નબળી પડી ગયેલી અસુર સંસ્કૃતિને છેલ્લા મરણતોલ ઘા મારી દેવાનું કામ ઇન્દ્રએ બહુ કુશળતાભેર કર્યું. એ સમયે જે બન્યું એમાંથી યુદ્ધકલા અને શાસનપ્રક્રિયાના વિદ્યાર્થીઓએ મોટો પાઠ લેવા જેવો છે. વિશ્વની કોઈપણ સંસ્કૃતિ જેના માટે કોઈપણ ગર્વ લઈ શકે એ હોય છે એમણે બાંધેલાં નગરો અને મંદિરો, ત્યાં પેદા થયેલા વિદ્વાનો, કલાકારો, કારીગરો, એમના સમયકાળમાં થયેલા સાહિત્યસર્જનો વગેરે. બહારથી આવેલા વિજેતાનું પહેલું કાર્ય હોય છે સંસ્કૃતિના આ બધાં પાયા પર કુઠારાઘાત કરવાનું. પછી બીજું બધું આસાનીથી પડી ભાંગે.

'ઇન્દ્રએ અસુર રાજ્યોમાં પુસ્તકાલયો અને કલાકેન્દ્રો બાળી નાખ્યાં, મંદિરો લૂંટ્યા, સાહિત્યકારો અને સ્થાપત્યવિદોને જાહેરમાં મારી નાખ્યા, અસુરવંશ આગળ વધારી શકે એવાં બાળકો અને સ્ત્રીઓની સામૂહિક હત્યાઓ કરી. ટૂંકમાં, અસુરો માટે જે પણ કંઈ પ્રિય અને મૂલ્યવાન હતું એ બધું ઇન્દ્રના હાથે નાશ પામ્યું.

'એના પરથી ઇન્દ્રને પૂરેન્દ્ર નામ મળ્યું. પૂરેન્દ્ર એટલે નગરોનો સંહાર કરનાર! રહ્યાસહ્યા થોડા બહાદુર અસુરોએ ભૂગર્ભમાં ઊતરી જઈને, છૂટીછવાઈ લડાઈઓ ચાલુ રાખી, પણ એમનું ખાસ કંઈ ઊપજતું નહોતું. અસુરસંસ્કૃતિની ચિતા પર ઇન્દ્રએ પોતાનું સામ્રાજ્ય ઊભું કર્યું. એના વંશજોએ લગભગ ત્રણસો વર્ષ સુધી આખાયે દેશ પર શાસન કર્યું.

'પહાડોમાંથી ઊતરીને સમથળ ભૂમિ પર ઠરીઠામ થયેલા દેવોની હિંસક પ્રકૃતિ પણ સમયની સાથે સાથે જોકે બદલાવા લાગી. દેવોના રાજ્યમાં ફરી એકવાર કલા, સંસ્કૃતિ ખીલવાની શરૂઆત થઈ. એમણે વિશાળ નગરોનું નિર્માણ કર્યું. અલબત્ત એમાં અસુરકાળ જેવી ભવ્યતા નહોતી. અસુરોની જેમ દેવોને પણ સુખસાહ્યબી, આનંદપ્રમાદમાં જીવવાની ટેવ પડવા લાગી. બીજા ઇન્દ્રનો શાસનકાળ સમાપ્ત થવા આવ્યો એ સમયથી દેવ અને અસુર સંસ્કૃતિના સમન્વયનો પણ આરંભ થઈ ગયો. અસુરોના દેવાધિદેવ શિવને દેવોએ પોતાના ગણીને સ્વીકારી લીધા. અસુરોના મહાન ગુરુ બ્રહ્માને દેવોએ ભગવાન તરીકે માન્યતા આપી.

'પાછળથી ગાદીએ આવેલા ઇન્દ્ર રાજાઓ નબળા હતા. ત્રીજા ઇન્દ્રના સેનાપતિ વિષ્ણુએ શાસનનો દોરીસંચાર પોતાના હાથમાં લઈ લીધો અને અગિયારમો ઇન્દ્ર રાજગાદી પરથી ઊતર્યો ત્યાં સુધીમાં તો વિષ્ણુના વંશજોનો પ્રભાવ એટલી હદે વધી ગયો હતો, કે પછીના ઇન્દ્રરાજાઓ માત્ર કઠપૂતળી બનીને રહી ગયેલા. સદીઓ પહેલાં અસુરોમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાયેલી. અસુરોમાં અત્યંત શક્તિશાળી ગણાતા શિવવંશના રાજાઓની સત્તા ધીમેધીમે

ક્ષીણ થવા માંડી. છેવટે હિમાલયના ઊંચાણવાળા પ્રદેશમાં કૈલાસ પૂરતી જ રહી સીમિત, અને બાકીનું સામ્રાજ્ય દસ અસુર રાજાઓએ એમની વચ્ચે વહેંચી લીધું.

'ઇન્દ્રના નામે વિષ્ણુવંશે લગભગ સાતસો વર્ષ રાજ કર્યું. એમણે જોકે ઇન્દ્રનું નામ અને દેવસંસ્કૃતિ જાળવી રાખ્યાં. બ્રાહ્મણોએ સમાજ વ્યવસ્થાના રક્ષક તરીકે વિષ્ણુની પ્રશંસા કરી. વિચારધારાઓના મિશ્રણમાંથી નવી માન્યતાઓનો જન્મ થયો. જ્ઞાનનો સ્રોત ગણાતા બ્રહ્મા સૃષ્ટિના સર્જનહાર અને વિષ્ણુ સમાજના પાલનહાર તરીકે ઓળખાવા લાગ્યા. વિચિત્રતા એ હતી કે ભવ્ય અસુર સામ્રાજ્ય ઊભું કરનાર શિવને સર્જકની જગ્યાએ સંહારકની પદવી મળી.

'બ્રહ્મા, વિષ્ણુ અને શિવને ભારતના લોકોએ ત્રિમૂર્તિ, ત્રણ સર્વોચ્ચ દેવનું સ્થાન આપ્યું. એ ત્રણેયના પ્રથમ વંશજ ભગવાન ગણાયા અને આજે પણ દેવો એમને પૂજે છે. શિવને ભગવાન ગણવામાં આપણને ક્યારેય વાંધો નહોતો અને પ્રથમ બ્રહ્માને પણ આપણે ભગવાન માની લીધા. પરંતુ એક દેવસેનાપતિ, દેવરાજાના સેવક વિષ્ણુને ભગવાન તરીકે સ્વીકૃતિ આપવાનું અસુરો માટે કઠિન હતું. ઘણાં અસુરોએ આની સામે બળવો પોકાર્યો. જોડિયા હિરણ્યબંધુ અને મહાબલિ જેવા અસુરોએ દેવો સામે લડીને પોતાનું ભવ્ય સામ્રાજ્ય ઊભું કરવામાં સફળતા પણ મેળવી. એ જોકે વધુ ટક્યા નહીં, પરંતુ બીજી તરફ દેવસામ્રાજ્યમાં પણ ધીમેધીમે ફાટફૂટ પડવા લાગી. પહેલા ઇન્દ્રએ સ્થાપેલું અખંડ, વિશાળ દેવરાષ્ટ્ર નાનાં-નાનાં રજવાડાંમાં વિભાજિત થઇ ગયું.

'જ્યારે એક મોટા રાજ્યમાંથી અનેક નાનાં રજવાડાં ઊભાં થાય, ત્યારે સમજી લેવું કે, ફરીથી એક નવા સામ્રાજ્યના નિર્માણનો સમય પાકી ગયો છે. મધ્ય ભારતમાં બાલી જેવો નીચકુળનો ગણાતો માણસ અને સહ્યાદ્રિ પર્વતમાળામાં કાર્તિ વીરાર્જુન જેવો આદિવાસી, દેવોની સામે પડીને પોતપોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી શકે, એવા સમયે લાગે છે કે ઇતિહાસનું એક કાળચક્ર પૂરું થયું. જે સંજોગોમાં શરૂઆત થયેલી, ફરીફરીને ત્યાં જ આપણે પાછા આવીને ઊભા હતા. મૂઠીભર દેવોની સામે આપણે હારી ગયા, કારણ કે અસુરોમાં એકતા નહોતી. ઇતિહાસમાંથી મળેલો આ બોધપાઠ તમે ભૂલતા નહીં. હવે આપણે દેવોને આ પાઠ શીખવવાનો સમય આવી ગયો છે.


'હા, એ પણ યાદ રાખજો કે આંતરિક લડાઈઓનું પરિણામ વિષ્ણુના વંશે પણ ભોગવવું પડ્યું છે. અત્યારે એમની થોડીઘણી સત્તા, માત્ર સરયુના કિનારે આવેલા નાનકડા રાજ્ય અયોધ્યામાં બચી છે. બીજે બધે તો એમનો પ્રભાવ ક્યારનોય આથમી ગયો છે. આપણે સંઘર્ષ ચાલુ રાખવાનો છે. એકવાર આપણી પાસે પૂરતાં શસ્ત્રો અને અશ્વો આવી જાય, એ પછી દેવોને બતાવી દઈશું કે ઇતિહાસના પાઠ ભૂલી જનારાનો અંતે પરાજય થાય છે.'

મેં વાત પૂરી કરી. સામે બેઠેલાઓને કદાચ ઇતિહાસનો આ લાંબો પાઠ વધુ પડતો ભારે લાગેલો. કોઈએ કંઈ કહેવા કે પૂછવા માટે આંગળી ઊંચી ન કરી. મેં મારી નિરાશા દબાવી દીધી. આ લોકોને ભાષણ નહીં, પણ સરળતાથી સમજીને જેનું પાલન કરી શકાય એવા આદેશોની જરૂર હતી. એમને જમવાની રજા આપીને હું એક વડલાની છાયામાં જઈને બેઠો. મારા ભાઈઓ અને થોડા નજીકના લોકો પણ ત્યાં આવ્યા.

થોડે દૂર સૈનિકો ખાવાપીવામાં, ધીંગામસ્તી કરવામાં મશગૂલ હતા, ત્યારે અમે પાછલા દિવસોમાં અધૂરી છોડેલી વાતનો તંતુ સાધ્યો કે આપણા નવા અભિયાનનો આરંભ ક્યાં અને કેવી રીતે કરવો જોઈએ.

o

મહારાજા



સુમાલિની સાથે આવેલા એ માણસમાં આમ તો કશું નોંધપાત્ર નહોતું, પણ પહેલીવાર એને જોયો ત્યારથી મને યાદ રહી ગયો. એના જેવા સામાન્ય સૈનિકો દરેક લશ્કર માટે જરૂરી હોય છે, પણ શાંતિના સમયે સહુ એમને વિસારે પાડી દે છે. પરંતુ મને એટલો ખ્યાલ આવી ગયો કે એ હંમેશાં મારી નજીક આવવાના પ્રયાસ કર્યા કરતો હતો. નક્કી એને કંઈક જોઈતું હતું, કે કંઈક કહેવું હતું. છેવટે એક દિવસ એને બોલાવીને મેં જ પૂછી લીધું.

આમ તો આ કામ મારે બહુ પહેલાં કરી લેવાની જરૂર હતી, પણ સાવ નીચલી કક્ષાના સૈનિકો સાથે અંતર જાળવવાનો મારો નિર્ણય એમાં આડે આવેલો. શરૂઆતના દિવસોમાં મારે મન બધાં સરખાં હતાં. સેનાના દરેક નાનામોટા માણસ સાથે બેસીને સુરાપાન કરવામાં, મોજમસ્તી કરવામાં અમારા ત્રણમાંથી એકેય ભાઈને ખચકાટ નહોતો થતો. પણ ધીમેધીમે મને આ વાતનો અણગમો થવા લાગ્યો હતો. એનું બીજ સુમાલીએ જ મારા મનમાં નાખેલું એમ કહી શકાય.

પોતાના સૈનિકોની સાથે, મારી અસુર સેનામાં જોડાવા આવેલા સુમાલિએ પહેલાં જ દિવસે મને લાંબુંલચક ભાષણ આપ્યું. દરેક નાની વાત પર લાંબા પ્રવચન આપવા બેસી જવાની કુટેવ અસુરોને જન્મજાત મળી હતી. સુમાલિ પણ આ નબળાઈથી પર નહોતા. જોકે, એમણે કહેલી વાત નકામી પણ નહોતી. અમારે હવે અણઘડ અને તોફાની ટોળાંને બદલે વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ સેના તરીકે વર્તવાની જરૂર હતી. શિસ્ત ત્યારે જ આવે જ્યારે વ્યક્તિ, સંગઠનમાં એનાથી ઉપરના અધિકારીને માન આપે, એના આદેશને અનુસરે. સુમાલિએ આપેલો પાઠ હું બહુ ઝડપથી શીખી ગયો. અસુર સૈન્યનો હું સર્વોચ્ચ સેનાપતિ હતો. બીજા બધાં હવે મારી નજરમાં તુચ્છ હતા.

પેલો શ્યામળો યુવાન મારી સામે હાજર થયો. કમરેથી ઝૂકીને એણે જલપાનની સામગ્રી મારી સામે ધરી. મેં એના ચહેરા સામે સીધેસીધું જોવાનું ટાળ્યું. મનના એક છૂપા ખૂણે ભય હતો કે એના જેવા માણસોની આંખમાં આંખ મેળવીશ તો એમની ઉપરછલ્લી નમ્રતા, ભીરુતાની પાછળ છુપાયેલો તિરસ્કાર મને દેખાઈ જશે.

માથું ઝુકાવીને એ ચૂપચાપ ઊભો રહ્યો. લાંબા સમય સુધી મેં એની હાજરીની નોંધ પણ લીધી નહીં. એ કંઈ પણ બોલ્યા વિના જતો રહ્યો. હવે મને મારી જાત પર થોડો ગુસ્સો આવ્યો. એના જેવા મામૂલી માણસો મને આદર આપે છે કે નહીં., એમના મનમાં મારા માટે કેવો ભાવ છે એની ચિંતા મારે શું કામ કરવી જોઈએ? મગજમાંથી એ કદરૂપા માણસની છબી ભૂંસી નાખીને મેં બીજા મહત્ત્વના કામમાં ધ્યાન પરોવવાનો પ્રયાસ કર્યો.

અસુર સૈન્યના ઉચ્ચ અધિકારીઓની સમિતિમાં અમે ત્રણ ભાઈઓ ઉપરાંત, અમારા મામા, પ્રહસ્ત, સુમાલિ, મારીચ અને પૂર્વ લંકાના મોતી બેટના રાજ્યપાલ જાંબુમાલિ હતા. મહાબલિ પર વામનવિષ્ણુના લશ્કરે આક્રમણ કર્યું ત્યારે અસુર સૈન્યના જે ત્રણ બાહોશ ઉચ્ચ

સેનાધિકારીઓ જીવ બચાવીને ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા – એ રુદ્રક, ધુમ્રાક્ષ અને વજ્રધંસ્ત્ર પણ અમારી સમિતિમાં હતા.

સમિતિની નીચે જે અધિકારીઓ હતા, એમના પર પોતપોતાની નાની મોટી ટુકડીઓને સાંભળવાની-દોરવાની જવાબદારી હતી. મેં ઓછું બોલવાનું રાખેલું. પણ મારો પ્રભાવ એવો હતો કે, બધાંએ મળીને સૈન્યના સર્વોચ્ચ અધિકારી તરીકે મારી પસંદગી કરી. એ સમયે મારા મનમાં રાહત અને આનંદના જે ઘોડાપૂર ફરી વળેલાં, એણે મને ભાન કરાવ્યું કે આ પદ મેળવવાની કેટલી તીવ્ર ઝંખના મને હતી! સેનાપતિ તરીકેની મારી નિમણૂક, પ્રહસ્ત અને વજ્રધંસ્ત્રને બહુ ગમી નહોતી. એ પોતાની મર્યાદા પણ જાણતા હતા. છ વર્ષ ચાલેલા યુદ્ધમાં એમણે કોઈ એવું કૌવત નહોતું દેખાડ્યું, જેનાથી હાથ નીચેની સેનાને એમનું નેતૃત્વ સ્વીકારવાનો ઉત્સાહ જાગે. બેઉ જણે બહુમતીનો નિર્ણય શિરે ચઢાવી લીધો.

અહીં જોકે એ વાતની સ્પષ્ટતા કરી લેવાની કે સર્વોચ્ચ સેનાધિકારીનું પદ ભલે મને અપાયું હોય, પણ એનાથી મને એકહથ્થુ સત્તા નહોતી મળી. દરેક નિર્ણય, સમિતિની બેઠકમાં સભ્યોનો મત લીધા પછી જ લેવાતો હતો. આ બાબતમાં મને દેવોની હંમેશાં ઈર્ષા થતી. એમને ત્યાં રાજાનું સ્થાન સાક્ષાત ભગવાન જેવું હતું. એ જ બધું નક્કી કરે અને એનો જ આદેશ પ્રજાએ પાળવો પડે.

આનો સહુથી મોટો ફાયદો એ હતો કે મહત્ત્વના નિર્ણય લેવામાં વિલંબ નહોતો થતો. પણ બીજી બાજુ રાજામાં અક્કલ ઓછી હોય તો એના અવિચારી નિર્ણયોનું પરિણામ એની પ્રજાએ ભોગવવું પડે. એ ભય પણ નાનોસૂનો નહોતો. પરંતુ જે હોય તે, યુદ્ધ સમયે એમની વ્યવસ્થા અમારાથી ચઢિયાતી સાબિત થયેલી. અસુરોની સમિતિઓ લાંબી ચર્ચાને અંતે કોઈ નિર્ણય પર પહોંચે, ત્યાં સુધીમાં તો દેવો ધસી આવીને રાજ્ય પર કબજો જમાવી લેતા. મને આવી સત્તાની ભૂખ હતી. મનોમન મેં ખુદને સર્વશક્તિમાન રાજાની ગાદી પર બેસાડી દીધેલો. કદાચ એટલે જ પેલા અદના સૈનિક સાથે સીધી વાત કરવામાં ખચકાટ થતો હતો, પરંતુ એ મારા મનમાંથી ખસતો નહોતો. મેં સુમાલિ સાથે વાત કરવાનું વિચાર્યું. શક્ય હતું કે પેલો કાળો-કદરૂપો માણસ મારા પર દુશ્મનો વતી જાસૂસી કરતો હોય. સમિતિની બેઠક મળે ત્યારે પણ એ કોઈ ને કોઈ કામનું બહાનું શોધીને અમારી આસપાસ ઘૂમરાયા કરતો.

મેં એક બેઠકમાં સમિતિને વગર વિચાર્યે કહી દીધેલું કે લંકા પર આક્રમણ કરીને, ત્યાં રાજ કરતા મારા સાવકા ભાઈના હાથમાંથી બધીયે સત્તા અને સંપત્તિ ઝૂંટવી લેવી જોઈએ. આ પ્રસ્તાવ સહુને ગમ્યો, પણ એને અમલમાં કેવી રીતે મૂકવો એ હવે મને સૂઝતું નહોતું. એક દિવસ આના જ વિચારોમાં ધૂંધવાતો હું બેઠો હતો, ત્યાં પેલો માણસ આવી પહોંચ્યો.

'માફ કરજો, પણ હું કંઈ બોલું?' એણે અતિ નમ્ર અવાજે પૂછ્યું.

'શું જોઈએ છે તને?' મારા અવાજમાં કારણ વિનાની તોછડાઈ અને ક્રૂરતા આવી ગઈ.

જરાય વિચલિત થયા વિના, મારા ચહેરા પર નજર સ્થિર કરીને એ ઊભો રહ્યો. આમ જુઓ તો એનામાં અસામાન્ય કહેવાય એવું કશુંયે નહોતું. ઓરડામાં ઊભો હોય તો કદાચ એની હાજરીની નોંધ પણ ન લેવાય, એટલી હદે એ વાતાવરણનો એક હિસ્સો થઈ જતો. પરંતુ આ જ ગુણ એને બહુ જોખમી પણ બનાવતો હતો. ઘાસમાં છુપાયેલા સર્પની જેમ એ ગમે ત્યારે હુમલો કરી બેસે અને એનો ડંખ ખાધેલ માણસ પાણીયે ન માંગે. અચાનક કોઈ અજાણ્યો ભય મને સ્પર્શી ગયો.

આપોઆપ મારો હાથ તલવારની મૂઠ પર ગયો, પણ પછી મારા આશ્ચર્ય વચ્ચે એ ઓચિંતાનો મારા પગમાં પડી ગયો. મેં રાહત અનુભવી પણ પછી તરત ગુસ્સો આવ્યો. આ માણસની અંદર ભલે ગમે તેટલી શક્તિ ભરી હોય, પણ આખરે તો એણે સામાન્ય અસુર જેવું

જ વર્તન કર્યું. સત્તાને ચરણે આળોટી પડ્યો.

'મહારાજ, મારો વિશ્વાસ કરો. તમારાં ચરણોમાં મને સ્થાન આપો. અદનો સેવક બનીને હું તમારી ચાકરી કરીશ. સમય આવ્યે તમારા માટે પ્રાણ આપી દેતાં પણ હું નહીં ખચકાઉં. તમે જ અમારા તારણહાર છો, દેવોની નાગચૂડમાંથી અસુરોને છોડાવવા માટે ભગવાને જ તમને અહીં મોકલ્યા છે.' દયામણા અવાજે બોલતાં બોલતાં એ રડી પડ્યો. ઘડીભર હું મૂંઝાઈ ગયો કે આનું શું કરવું. ધ્રુસકાં ભરતાં એણે મારા પગ પકડી લીધા. અત્યાર સુધી દૂર ઊભા રહીને બધું જોઈ રહેલો પ્રહસ્ત ખુલ્લી તલવારે ધસી આવ્યો, પણ મેં માત્ર આંગળી ઊંચી કરીને અટકાવી દીધો. મારો એક ઇશારો પ્રહસ્ત જેવા સ્વમાની, શૂરવીરના પગ રોકી શકતો હતો. સાવ વિચિત્ર ગણાય એવા સંજોગોમાં પણ આ વિચાર મારા મનમાં આંટો દઈ ગયો.

અને મારા પગમાં પડેલો માણસ? મેં એની સામે જોયું. દયા, સ્નેહ, ઘૃણા...? કંઈ ન સમજાય એવી લાગણીઓ એકસાથે મેં અનુભવી. સંપૂર્ણપણે એ મારા તાબામાં હતો. લાત મારું કે એનું માથું વાઢી નાખું, મને કોઈ પૂછવાવાળું નહોતું, પણ હવે મનમાં અભિમાનની પાછળ ડરનો પગપેસારો થયો. રાજા બનનારને માથે મુકુટની સાથેસાથે કેટકેટલી જવાબદારીઓ મુકાતી હતી. એણે માત્ર પ્રજાના દુઃખ નહોતા સાંભળવાનાં, દુઃખનું નિવારણ પણ શોધવાનું હતું. પણ હું એ કરીશ! બધીયે લાગણીઓ પર કાબૂ મેળવીને મેં ત્યારે મારી જાતને વચન આપ્યું કે, દુનિયાનો હું સહુથી શક્તિશાળી જ નહીં, સહુથી ઉદાર અને દયાળુ શાસક બનીશ.

ખભેથી ઝાલીને મેં એ બેડોળ માણસને ઊભો કર્યો. રાતી થઈ ગયેલી એની આંખોમાં મને સાચી લાગણીની ઝલક દેખાઈ.

'બોલ, શું જોઈએ છે તારે?' અવાજને શક્ય એટલો કોમળ બનાવીને મેં પૂછ્યું.

'મહારાજ, સૈનિકોની છાવણીમાં બધે તમારા નામની જ ચર્ચા થઈ રહી છે. દરેક જણ ઇચ્છે છે કે, જેમ બને તેમ જલદીથી જલદી તમારો રાજ્યાભિષેક થઈ જાય. તમે જ મહાબલિના સાચા વારસદાર છો. હું એ તમામ સૈનિકોના પ્રતિનિધિ તરીકે તમને કહેવા આવ્યો છું કે, તમારી સફળતા માટે અમે જીવનના અંતિમ શ્વાસ સુધી લડવા તૈયાર છીએ.' એકશ્વાસે એ બોલી ગયો.

'તું જાણે છે કે હું તમારો સેનાપતિ છું.' મેં કઠોર અવાજે કહ્યું. જોકે મનમાં ઉછાળા મારવા લાગેલા આનંદને કાબૂમાં રાખવાનું કઠિન હતું. અસુર સેનાએ મને એમના રાજા તરીકે પસંદ કરી લીધેલો. સમિતિ માનતી હતી કે રાજગાદી પર બેસવા માટે હું હજી બહુ નાનો, અપરિપક્વ હતો, પણ મારા સૈનિકોનો મત જુદો હતો. એનું મહત્ત્વ વધુ જ કહેવાય ને!

આ દેખાવડા ઉત્સાહી યુવાને તો મને અત્યારથી રાજા તરીકે સંબોધવાનું પણ શરૂ કરી દીધેલું! જોકે આ સાંભળીને થોડે દૂર ઊભેલા પ્રહસ્તના ચહેરા પર આવી ગયેલો કચવાટ મેં જોઈ લીધો.

'મહારાજ, અમારી નજરે તો તમે જ રાજા થવાને લાયક છો. અત્યાર સુધી અમે સમિતિના આદેશ મુજબ લડતા રહ્યા અને હારતા રહ્યા. અમને તો દેવોને ત્યાં હોય છે એવો સમર્થ રાજા જોઈએ. જે અમારું નેતૃત્વ કરે અને લંકાથી માંડીને ગાંધાર સુધી આખાયે ભારત પર શાસન જમાવે. મહાબલિથીયે ચાર ચાસણી ચઢી જાય એવો શાસક અને સામ્રાજ્ય જોવા માટે અસુર સેના ઝંખે છે. એ માટે અમે પ્રાણ ન્યોચ્છાવર કરી દઈશું.' પેલા માણસનો બબડાટ અટક્યો નહીં.

'ઠીક છે, સમિતિની બેઠકમાં આ વાતની ચર્ચા કરી જોઈશું. તારું નામ શું છે?' ઉપરછલ્લી નિસ્પૃહતા જાળવીને મેં પૂછ્યું.

'ભદ્ર! પૂર્ણા નદીને કિનારે એક નાના ગામમાં મારો જન્મ થયેલો. પણ હવે મારું સ્થાન તમારાં

ચરણોમાં છે. મહારાજ, અમે તમારા અંતિમ નિર્ણયની વાટ જોઈશું. ધૃષ્ટતા લાગે તો ક્ષમા કરી દેજો, મહારાજ. પરંતુ અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી બચ્યો.' આટલું કહીને ભદ્ર વિદાય થયો. પ્રવેશદ્વાર પર પહોંચ્યો ત્યાં સુધી એણે મારા તરફ પીઠ ન કરી. આવું સન્માન તો માત્ર કોઈ રાજાને જ મળે.

અત્યાર સુધી થયેલા સંવાદને મૂંગો મૂંગો સાંભળી રહેલો પ્રહસ્ત મારી પાસે આવ્યો. 'સમિતિની બેઠક બોલાવવી જોઈએ.' મારા ખભે હાથ મૂકીને એણે ગંભીર અવાજે કહ્યું પણ મારા કાનમાં તો સૈનિકોની છાવણીમાં થઈ રહેલો જયજયકાર ગૂંજવા લાગેલો. 'ઘણું જીવો મહારાજ રાવણ!'

'સમિતિ આ ઘડીથી બરખાસ્ત થઈ ગઈ છે.' મેં સ્મિત વેરતાં કહ્યું. 'મારા પ્રધાનમંત્રી તરીકે તમારી નિમણૂક કરું છું.'


હેબતાઈ ગયેલો પ્રહસ્ત કોઈ પ્રતિભાવ આપે એ પહેલાં તો હું ત્યાંથી ચાલવા માંડ્યો. જોકે હું મૂર્ખ નહોતો. મનના એક ખૂણે શંકા સળવળતી હતી કે ક્યાંક કોઈ મને એની રમતમાં પ્યાદું બનાવવાનો પ્રયાસ તો નહોતું કરી રહ્યું ને?

ચાલતાંચાલતાં મારી નજર બહાર એક ખૂણામાં ચૂપચાપ ઊભેલા ભદ્ર પર પડી. મોજમજાને શોરબકોર કરી રહેલા બીજા સૈનિકો સાથે ભળવાને બદલે એ એકલો ઊભો-ઊભો, સસ્મિત વદને કંઈક વિચારી રહ્યો હતો. મને જોતાંની સાથે ઝટપટ, ચહેરા પરનું હાસ્ય લૂછી નાખીને એ કમરેથી નમી પડ્યો. એને અવગણીને રાજસી ચાલે હું મારી છાવણી તરફ ગયો. વિશ્વવિજેતા થવાનું મારું અભિયાન શરૂ કરતાં પહેલાં મારે મારી માતા અને બહેનને પાછી લાવવાની હતી.

– ઊંડી, સ્વપ્નવિહોણી નિંદ્રામાં સરી પડતાં પહેલાં, મારા મનમાં રમી ગયેલો આ છેલ્લો વિચાર હતો

o

મારીચ, મારો પ્રિયજન



રાવણ

આખરે મારા મામા મારીચની સાથે એ લોકો આવી પહોંચ્યા. મારી બહેન કેટલી મોટી થઈ ગયેલી! એને સુંદર તો ન કહેવાય, પણ હરિણી જેવી ચંચળતા અને સ્ફૂર્તિ એનામાં છલકાતી હતી. હું એ વખતે મારા મંત્રીઓ સાથે સમિતિની બેઠકમાં હતો. આમ તો ત્યાં સુધીમાં બધાં સમજી ગયેલાં કે સમિતિનું મહત્ત્વ હવે માત્ર નામ પૂરતું હતું. અંતિમ નિર્ણય મારી ઇચ્છા મુજબ જ લેવાતા હતા. પરંતુ લાંબી લાંબી ચર્ચાઓ અને દલીલો કરવાની, અસુરોની જન્મજાત ઇચ્છા અને આદત આ સમિતિની બેઠકમાં સંતોષાતી હતી. એટલે એ લોકોને મળવાનું, એમના મત પૂછવાનું મેં સાવ બંધ નહોતું કર્યું.

હસતે ચહેરે મારીચે આગમન કર્યું. સમિતિના સભ્યો, બધીયે વાતચીત પડતી મૂકીને ઊભા થઈ ગયા. મારીચની પાછળ એના બે જોડિયાં સંતાન અને આધેડ ઉંમરે પણ બહુ સુંદર લાગતી એની પત્ની હતી. સહુથી પાછળ મારી મા અને બહેન હતાં.

વિભીષણ તો એમને જોતાંની સાથે નાના બચ્ચાની જેમ કિલકારીઓ કરતો દોડ્યો. એની પાછળ કુંભકર્ણએ દોટ મૂકી. સામેથી મામાના દીકરાઓએ દોડાદોડ ને ઘોંઘાટ મચાવી દીધાં. બધાંય રાજીના રેડ હતાં. ઘડીભર મને ય એમાં સામેલ થઈ જવાનું મન થઈ ગયું, પરંતુ પછી મેં તરત લાગણીઓ પર લગામ તાણી. આવું વર્તન રાજાને ન શોભે. ધીમી પણ ગર્વિષ્ઠ ચાલે હું મારી મા તરફ ગયો. મારી પાછળ મારા બે મામા, ઊંચા, પ્રભાવશાળી પ્રહસ્ત અને હંમેશાં ચિંતામાં લાગતા સુમાલિ હતા.

પ્રવાસમાં કોઈ તકલીફ નડી?' પ્રહસ્તએ લાગણીવેડામાં તણાયા વિના પૂછ્યું.

'વરુણના વહાણે અમને આંતર્યા પણ મારીચે એ લોકોને સુલક્ષણાનો મોતીનો હાર આપીને મનાવી લીધા. સુલક્ષણાએ એ હાર ખરીદવા માટે સાત વરસ પસીનો પાડેલો.' માએ સ્નેહાળ અવાજે કહ્યું. મારીચે ખભા હલાવ્યા, જાણે આ કોઈ મોટી વાત ન હોય. મેં એમનાં ચરણસ્પર્શ કર્યાં. મામા મને ઊભો કરીને ભેટી પડ્યા.

'તો મારો ભાણેજ હવે રાજા થઈ ગયો, ખરું ને?' એમણે મારી પીઠે ધબ્બો મારતાં કહ્યું, કસોટીમાંથી પાર ઊતરી ગયેલા બાળકની જેમ મારો ચહેરો હસું હસું થઈ ગયો.

'તો હવે રાજા માટે રાજ્ય શોધવું પડશે.' મારીચના શબ્દો સાંભળીને આજુબાજુ ઊભેલા લોકો હસી પડ્યા. મેં પરાણે ચહેરા પરનું સ્મિત જાળવી રાખ્યું. મારીચની મશ્કરી ક્યારેક લોહી કાઢી નાખે એટલી ધારદાર રહેતી. પણ ડોસો હતો એટલો વહાલો કે એનું બધું સાંભળી લેવાય. નાનપણમાં એમની સાથે ગાળેલા દિવસોનું સ્મરણ હજીયે મારા મનમાં તાજું હતું. એક વાર ધોધમાર વરસાદ વખતે અમારું ખખડધજ ઝૂંપડું ક્યાંક ભોંયભેગું ન થઈ જાય, એની પ્રાર્થના કરતા અમે બેઠા હતા ત્યાં મારીચમામા એમના પરિવાર સાથે આવી પહોંચ્યા. મામાના ચહેરા પર થાક અને શરીર પર તાજી થયેલી ઈજા, પાટાપિંડી હતાં. મામીની દશા પણ થાકીને

હમણાં ઢગલો થઈ જશે એવી હતી, પણ એના ચહેરા પર સ્મિત હતું. બંનેએ એકએક બાળકને ઊંચકી રાખેલું.

માએ તરત જોડિયા ભત્રીજાઓને પોતાના ખોળામાં લઈ લીધા. એક નાના પાત્રમાં રાખેલી કાંજી અમે બધાયે સરખે ભાગે વહેંચીને રાતનું ભોજન કર્યું. થાકેલાં મામા-મામી તો પછી થોડી વારમાં ઘસઘસાટ સૂઈ ગયાં, પણ મારી માની ઊંઘ ઊડી ગયેલી. એને પેલાં બે નાનકડાં બાળકોની ચિંતા હતી. એ અડધાં ભૂખ્યાં, નબળાં લાગતાં હતાં. મોટેથી રડવા જેટલી શક્તિ પણ એમનામાં નહોતી બચી. મામીએ મોટી ઉંમરે જોડિયાં સંતાનોને કઈ રીતે જન્મ આપ્યો એ આશ્ચર્યની વાત હતી. કદાચ એમણે આ બાળકોને પોતાની કુખેથી નહોતા જણ્યાં, ક્યાંકથી ખોળે લીધા હતા. મારાં મામા-મામી, એમનું રાજપાટ ગુમાવી દીધા બાદ સાવ કંગાલ અવસ્થામાં જીવતાં હતાં, પણ દયા અને ઉદારતા એમની રગેરગમાં હતી. હવે અમારી સામે પ્રશ્ન એ હતો કે, બાળકો માટે દૂધ ક્યાંથી લાવવું?

અડોશપડોશમાં રહેતા લોકો તો અમારા જેવા જ ગરીબ હતા. દૂધ અમારા માટે ન પોસાય એવી સાહ્યબી હતી. કોઈને ત્યાં ગાય હોવાનો તો સવાલ જ નહોતો. છેવટે હમેશની જેમ કુંભકર્ણએ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો – દૂધની ચોરી, અને એ પણ એવા માણસને ત્યાંથી, જેને આંગણે સેંકડો ગાયો બંધાયેલી હતી. કુબેર!

કામ કઠિન હતું પણ અશક્ય નહીં. અમારી સાહસવૃત્તિ જાગી ગઈ. ભયનું તત્ત્વ અમારા સાહસને વધુ રોમાંચક બનાવતું હતું. વિભીષણ ખચકાયો, પણ કાયર ગણાઈ જવાના ભયે એણે અમારી સાથે જોડાવું પડ્યું. ત્રણેય ભાઈઓ રાતના અંધારામાં ઊપડ્યા કુબેરની ગૌશાળા તરફ.

વિભીષણને બહાર ઊભો રાખીને, હું અને કુંભકર્ણ ગૌશાળાની ફરતી વાડ પર ચઢ્યા અને અંદર કૂદી પડ્યા. પોતાના હાથ પણ ન દેખાય એટલું અંધારું હતું અને રહીરહીને અમને ભાન થયું કે દૂધ દોહતાં તો અમને આવડતું નહોતું. નિરાશ થઈને પાછા ફરવાનો વિચાર કરતા હતા, ત્યાં જ બહાર વિભીષણે મારેલી ધીમી સીસોટીનો અવાજ આવ્યો. કોઈ અમારા તરફ આવી રહ્યું હોવાનો એ સંકેત હતો.

ભયના માર્યા બેબાકળા થઈને અમે વાડ ભણી દોડ્યા, પરંતુ અંધારામાં દિશાનું ભાન ન રહ્યું. ઝબકી ગયેલી ગાયો મોટેમોટેથી ભાંભરવા લાગી. દૂરથી મશાલોનું અજવાળું દેખાયું. જેમતેમ વાડ સુધી પહોંચીને અમે બીજી તરફ કૂદકો મારી દીધો, પરંતુ ભાગવાના રસ્તા બંધ થઈ ગયેલા. સામે મહેલના સુરક્ષાકર્મીઓ ઊભા હતા. અમે લડ્યા પણ ક્રૂર, કદાવર સૈનિકોની સામે બે નિઃશસ્ત્ર કિશોરો કેટલો સમય ઝીંક ઝીલી શકે? લાઠીઓથી એમણે અમને ટીપી નાખ્યા. અમે ચીસો પાડી આક્રંદ કર્યું અને છેવટે ભાન ગુમાવી બેઠા.

આંખો ખૂલી ત્યારે પરોઢિયું થઈ ગયેલું. મારી પહેલાં જાગી ગયેલો કુંભકર્ણ એની સૂઝી ગયેલી આંખોએ મને નિહાળી રહ્યો હતો. હોઠ ફાટી ગયેલા, નાક ભાંગી ગયેલું અને મોઢામાંથી થોડા દાંત પણ ગાયબ હતા. આવી સ્થિતિમાં પણ એણે તોફાની ભાવે એક આંખ મીંચકારીને મારી સામે સ્મિત કર્યું. મને ઇચ્છા થઈ ગઈ કે ઊભો થઈને એને ભેટી પડું. એ ઘડીએ કુંભકર્ણ માટે મેં જે સ્નેહની લાગણી અનુભવી, એની તુલનાએ દુનિયાની બીજી કોઈ વસ્તુ ન આવી શકે. એ પળે મને ખાતરી થઈ ગઈ કે, ભવિષ્યમાં અમારામાંથી એકનો જીવ બચાવવાનો સમય આવશે ત્યારે બીજો જરા સરખોયે નહીં ખચકાય. મારા હોઠ મલકી ગયા, પણ પછી લગભગ એક સાથે અમારી આંખોમાં સવાલ ઝબક્યો, નાનો ભાઈ વિભીષણ ક્યાં હતો?

ચોકીદારો અમને ગૌશાળાના થાંભલા સાથે બાંધીને જતા રહેલા. બને એટલી ગરદન મરોડીને અમે ચારેતરફ જોયું. વિભીષણ ક્યાંય નજરે ન ચઢ્યો. નિષ્ઠુર સૈનિકોએ એને મારીને ક્યાંક ફેંકી

તો નહીં દીધો હોય? આ વિચારે મને થથરાવી દીધો.

અસુરરાજ્યમાં ચોરી કરતાં પકડાયેલી વ્યક્તિના હાથ કાપી નાખવાનો કે પછી લાંબો સમય કારાગૃહમાં પૂરી રાખવાનો કાયદો હતો. પરંતુ આશ્વાસન એટલું જ કે નાની વયના અપરાધીને આવી કઠોર સજા નહોતી થતી. જોકે એનો અર્થ એવો નહીં કે અમે સહેલાઈથી છૂટી જઈએ. કુબેરના ખેતર કે તેલની ઘાણીમાં થોડા મહિના સુધી અમારે મજૂરી કરવી પડશે એ લગભગ નક્કી હતું. વ્યાપારી બુદ્ધિ ધરાવતા કુબેરને આ વાત વધુ ફાયદાકારક લાગતી હતી.

આમેય કુબેર અસુર નહોતો. જન્મે એ અડધો બ્રાહ્મણ અને અડધો ગાંધર્વ હતો. પોતાનો વેપાર શાંતિથી ચાલી શકે એ માટે કુબેરે જોકે અસુરોના બધાય કાયદા પાળવાની અને સ્થાનિકોની ધાર્મિક માન્યતાઓ, રીતરિવાજોમાં દખલ નહીં દેવાનો નિયમ જાળવી રાખેલો.

મને અને કુંભને વિભીષણના વિચાર વધુ પીડી રહ્યા હતા. કુંભની આંખોમાંથી વહી રહેલાં આંસુ રોકાવાનું નામ નહોતાં લેતાં. મોડેથી બપોરે અમને લેવા માટે ચોકીદારો આવ્યા, ત્યારે બે ડગલાં ભરવાનીયે શક્તિ કુંભના શરીરમાં નહોતી બચી. પેલા લોકોએ કુંભને કોઈ જાનવરની જેમ જાડા લાકડા સાથે બાંધીને ઉપાડ્યો. હું લથડતા પગે પાછળ ચાલ્યો. વાતાવરણમાં ભયંકર બફારો હતો.

બીજા નાનામોટા ગુનેગારોની સાથે અમને કુબેરના દરબારમાં રજૂ કરાયા. સંપત્તિનો દેવ અને ન્યાય-અન્યાયના લેખાંજોખાં કરનારો કુબેર એના સિંહાસન પર બેઠો-બેઠો પોતાનું કામ કરી રહ્યો હતો. ક્યારેક કલમનો લસરકો મારીને તો ક્યારેક એના કર્મચારીઓને મોટે સાદે સૂચના કે આદેશ આપીને એ દૂરદૂર સુધી ફેલાયેલા એના આર્થિક સામ્રાજ્યનું સંચાલન કરવામાં વ્યસ્ત હતો. લાંબા સમય સુધી એણે અમારી સામે નજર સુધ્ધાં ન નાખી.

કુંભ બેભાન થઈ ગયેલો. મને ભય હતો કે કદાચ થોડી વારમાં મારી પણ એવી જ દશા થશે. જીવનમાં પહેલીવાર મેં મારા મૃત્યુ વિશે વિચાર કર્યો, પરંતુ હતાશા મને સાવ ગળી જાય એ પહેલાં મારી નજર થોડે દૂર ટોળાની અંદર ઊભેલા મામા પર પડી. અમારી આંખો મળતાંની સાથે એણે હૂંફાળું મીઠું સ્મિત આપ્યું. થોડી ક્ષણો માટે હું મારી બધીયે પીડા ભૂલી ગયો. અંધકારમાં આશાનું કિરણ ફૂટ્યું કે, મારીચમામા છે ત્યાં સુધી કોઈ અમારો વાળ પણ વાંકો નહીં કરી શકે.

'હવે કોણ છે?' સિંહાસન પાસે ઊભેલા માણસે બૂમ પાડી.

સશસ્ત્ર ચોકીદારોએ મને અને કુંભને ધક્કો મારીને આગળ કરતાં કહ્યું, 'આ લોકો પર વગર મંજૂરીએ રાજવી ગૌશાળામાં દાખલ થવાનો, અને ગાયોની ચોરીનો પ્રયાસ કરવાનો આરોપ છે.'

'ના, અમે નિર્દોષ છીએ.' મેં ગર્જના કરવાનો પ્રયત્ન કર્યો, પણ મોઢામાંથી બાળક જેવી ચીસ જ નીકળી. જોકે, કુબેરની સભામાં આ પણ કદાચ અક્ષમ્ય અપરાધ હતો. અચાનક બધોયે ગણગણાટ શમી ગયો.

નીચું જોઈ ભોજપત્રમાં કંઈક વાંચી રહેલા કુબેરે કદાચ આ અચાનક પથરાઈ ગયેલા મૌનની નોંધ લીધી હશે. પણ એણે સ્વસ્થતાભેર વાંચન પૂરું કર્યું. ભોજપત્રને બાજુએ મૂક્યું અને પછી જ માથું ઊંચું કર્યું. કુદરતે કુબેરને અત્યંત સુંદર ચહેરો આપ્યો હતો અને અમને જોઈને તો એના પર વધુ ચમક આવી.

પરંતુ મને એ સુંદરતાની પાછળ છુપાયેલી ક્રૂરતાની ઝલક દેખાઈ ગઈ. 'વાહ ભઈ, જુઓ તો ખરા, આજે મારું આંગણું પાવન કરવા માટે કોણ પધાર્યા છે!' એના શબ્દેશબ્દમાંથી કટાક્ષ ટપકતો હતો. 'અરે, મારા પ્રિયબંધુ, તમે માંગી હોત તો હું એક શું અગિયાર ગાયો ભેટમાં આપી દેત. પણ તમે ચોરીનો માર્ગ લીધો. જોકે, એમાં તમારો વાંક નથી. મા તરફથી મળેલા

સંસ્કારની કંઈક તો અસર થાય જ ને! બોલો, તમને કેવો દંડ આપું? હાથ કાપી નાખું, નાક વાઢી લઉં કે પછી તમારા ગાલ પર એવા ડામ આપી દઉં, જેનાથી બધાંને ખબર પડે કે આ ચોર છે. ન્યાય તો બધાં માટે સરખો હોય. તમારા પ્રત્યે દયા ખાઉં તો મારા માથે પક્ષપાતનું આળ ચઢી જાય.'

'શ્રીમાન, મારી એક વિનંતી છે.' આવું બોલીને મારીચ દરબારની વચ્ચોવચ આવીને ઊભો રહ્યો. સેંકડો આંખો એને તાકી રહી. અસુર મારીચે દેવપરંપરાનો ભંગ કર્યો હતો. મારો તો જીવ તાળવે ચોંટી ગયો. આ મારા વહાલા પણ મૂરખા મારીચને પોતાનો જીવ વહાલો નથી? 'મહોદય, આ બંને નાદાન બાળકો છે. સારા-નરસાનું એમને ભાન નથી.' મારીચના શબ્દોની સાથે દરબારની બધીયે આંખો અમારા તરફ વળી. મારા ગાલ તમતમી ગયા. હું સોળ વર્ષનો હતો, પણ ભરી સભામાં મારી ઓળખ અક્કલ વિનાના અબુધ બાળક તરીકે અપાઈ રહી હતી. અહીંથી છૂટ્યા પછીયે મરતાં સુધી મારા દોસ્તો આ પ્રસંગ યાદ કરીને મારી હાંસી ઉડાવતા રહેશે. આવું અપમાન સહેવા કરતાં તો સજા ભોગવી લેવી સારી...

આવા ને આવા વિચારોમાં હું એવો ડૂબી ગયો કે, મારીચે પછી ઉચ્ચારેલા શબ્દો મારા કાને પડ્યા, પણ મગજને અડ્યા નહીં. પરંતુ પછી કુબેરે જે કહ્યું, એણે મને હચમચાવી નાખ્યો.

'સારું તો મારીચ, આ બેડોળ બચ્ચાંઓને છોડી દેવાના બદલામાં તમે તમારું સ્વાતંત્ર્ય મારે ત્યાં ગીરવે મૂકવા તૈયાર છો? આશા રાખું છું કે તમે જે કહ્યું છે એ પૂરેપૂરા સાનભાનમાં તમે કીધું છે. એમાં આગલી રાતે પીધેલા સુરાએ ભાગ નથી ભજવ્યો. તમે તમારી જાતને યોદ્ધા ગણાવો છો, પણ અત્યારે તો એટલું જ દેખાય છે કે તમારા મોઢામાં પૂરા દાંત પણ નથી, અને ભાંગેલો હાથ ઝોળીમાં લટકે છે.' કુબેરની સાથેસાથે આખીયે સભા હસી પડી. ઉપહાસનું લક્ષ્ય બનેલા મારીચે પોતાની દૃષ્ટિ કોઈ દૂરના બિન્દુ પર ઠેરવી રાખી. ખુદને રાજા માની બેઠેલા બુદ્ધિહીન કુબેરના શાબ્દિક ચાબખા એણે ગરિમાભેર સહી લીધા.

'તેલની ઘાણીમાં છ વર્ષ મજૂરી' કુબેરનો આદેશ મારા માથે વીજળીની જેમ ત્રાટક્યો. કુંભ એની નિંદ્રામાંથી બહાર આવ્યો. મેં જોયું કે મારીચના ચહેરા પરથી પણ તેજ વિલાઈ ગયેલું. એક નાના અપરાધની આવડી મોટી સજા? મારીચની આંખોમાં ધસી આવેલાં આંસુની અંદર મને એની પત્ની અને બાળકોના લાચાર ચહેરાનાં દર્શન થયાં. ઘરડે ઘડપણ મારીચની આવી દુર્દશા માટે હું જવાબદાર હતો.

મારીચની ઉંમર શું હશે? ત્રીસ, કદાચ પાંત્રીસ? સોળ વરસના છોકરાની નજરમાં તો વીસ વરસથી મોટા બધાય લોકો ઘરડા જ લાગે. છ વરસ પછી તેલની ઘાણીમાંથી બહાર નીકળતી વખતે તો મારીચ એકતાલીસનો થઈ ગયો હશે. જો એ ત્યાં સુધી જીવિત રહ્યો તો.

કુબેરે એને સહુથી આકરી, ભયાનક ગણાય એવી શિક્ષા આપી હતી. તલ અને કોપરું પીલીને તેલ કાઢતી ઘાણીઓમાં કુબેર બળદને બદલે માણસોને જોડતો હતો. સૂરજ ઊગે એ સાથે ખભે વજન મૂકીને, ગોળગોળ ફરવાનું શરૂ કરી દેવાનું અને અંધારું થાય ત્યાં સુધી બસ ફર્યા જ કરવાનું. માણસના શરીરમાંથી પરસેવો જ નહીં, પ્રાણ કાઢી લે એવી મજૂરી મારીચને ભાગે આવી હતી. કારણ એટલું જ કે બુદ્ધિ વિનાના, એના તોફાની ભાણેજોને દૂધ ચોરવાનું શૂરાતન ચડ્યું હતું અને એ પણ કુબેરની ગૌશાળામાંથી.

'અને હા, છમાં એક વરસ વધુ ઉમેરી દેજો, જેથી આ ઘરડા ખચ્ચરને ભાન થાય કે રાજાને કઈ રીતે સંબોધન કરવું! મને શ્રીમાન અને મહોદય કહીને બોલાવવાનો એને વિચાર પણ નહોતો આવ્યો?' કુબેરે છેલ્લો પણ મરણતોલ ઘા મારી દીધો.

સ્તબ્ધ થઈને હું સાંભળી રહ્યો. આ હતો ન્યાય, ઝડપી અને કઠોર! ન્યાયાધીશને ખોટું સંબોધન કરવાના ગુનાસર મારા મામાએ હવે તેલની ઘાણીમાં એક વધુ વરસ પીલવાનું હતું.

એમના હાથે-પગે બેડીઓ પહેરાવીને, સૈનિકો બહાર ઢસડી ગયા. હાજર લોકોએ ખિખિયાટા કર્યા. આ અસુર હતા, મારા લોકો, જે ખુદના એક બાંધવની દુર્દશા પર હસતા હતા. નિર્દોષ સાથે પશુથીયે ભૂંડું વર્તન થતું જોઈને એમને રમૂજ થતી હતી.

અમને દરબારમાંથી હાંકી કાઢીને ધૂળમાં ફેંકી દેવાયા. અમારું હવે કોઈ મહત્ત્વ નહોતું રહ્યું. શરીર અને મનથી અમે ભાંગી ગયેલા. અચાનક ક્યાંકથી આવેલો પથ્થર મારા કપાળે વાગ્યો અને જોતજોતામાં તો અમારા પર નાના-મોટા પથ્થરોનો વરસાદ શરૂ થઈ ગયો. આ લોકોને એ વાતનો રોષ હતો કે મેં મારા સગા મામાને કારાગારથીયે વધુ ખરાબ સ્થળે મોકલી દીધેલા. કુબેર સામે મોઢું ખોલવાની જેમનામાં હિંમત નહોતી, એવા લોકો પોતાનો વાંઝણો ગુસ્સો બે કિશોરો પર ઉતારી રહ્યા હતા.

'બસ, જીવનનો અંત આવી ગયો. પણ આવી રીતે?' ધીમેધીમે ભાન ગુમાવતાં મેં વિચાર્યું, 'મામાને નરક જેવા સ્થળે મોકલ્યા પછીયે મારે તો ચોરીના આળ સાથે મારા જ લોકોના હાથે મરવાનું આવ્યું.'

અચાનક પથ્થરનો મારો અટકી ગયો. લોહી અને આંસુથી ધૂંધળી થઈ ગયેલી મારી આંખોની સામે માનો ચહેરો દેખાયો. નિષ્પ્રાણ લાગતા કુંભને વળગીને એ હીબકાં ભરી રહી હતી. સદ્નસીબે હજી અસુરસંસ્કૃતિ, સ્ત્રી પર પથ્થરમારો કરવાની હદે નહોતી પહોંચી. થોડા દયાળુ લોકો અમને ઊંચકીને અમારા ઝૂંપડામાં લઈ ગયા. મામી આઘાતથી હજી મૂર્છાવશ હતી. બાળકો રડી રહ્યાં હતાં.

પડોશમાં રહેતી સ્થૂળ, કદરૂપી સ્ત્રીની જીભ સાપ જેવી ડંખીલી હતી, પણ હૃદય કોમળ હતું. એ પોતાની રીતે પેલા બાળકોને શાંત પાડવા મથી રહી હતી. પછી મારું ધ્યાન એક ખૂણામાં બેઠાબેઠા કોઈ સંસ્કૃત પુસ્તક વાંચી રહેલા વિભીષણ તરફ ગઈ. એની નજર નીચે જ રહી.

મારું લોહી ઊકળી ઊઠ્યું, પણ બીજી બાજુ મારો નાનો ભાઈ જીવિત હતો. એના આનંદનો ઝબકારો થયો કે તરત ઓલવાઈ ગયો. એની જગ્યા ભયાનક રોષે લીધી. ગૌશાળાના ચોકીદારો અમને નિષ્ઠુરતાથી ઝૂડી રહ્યા હતા ત્યારે અમારો આ ભાઈ ત્યાંથી છટકીને, ઘેર આવીને નિરાંતે સૂઈ ગયેલો. મારા મામાને તેલની ઘાણીમાં બળદની જગ્યાએ જોડવાનો ક્રૂર આદેશ છૂટ્યો, ત્યારે એમનો આ ભાણેજ ઘરમાં બેસીને દેવભાષામાં લખાયેલું પુસ્તક વાંચી રહ્યો હતો. હજીયે એનું વાંચન-રટણ બંધ નહોતું થયું.

ત્યાં ને ત્યાં એની ગરદન મરડી નાખવાની ઇચ્છા મારા મનમાં જાગી ગઈ. પેલું પુસ્તક લઈને એના મોઢામાં ઠાંસી દઉં કે શું કરું, એવા વિચારો મને બાળી રહ્યા હતા. ત્યાં જ વિભીષણ એની જગ્યાએથી ઊભો થયો અને આવીને સીધો મારા પગે વળગી પડ્યો. મેં એને લાત મારીને દૂર ધકેલવાનો પ્રયાસ કર્યો, પણ ભાંગેલા પગની પીડાએ મને ચિત્કાર કરાવી દીધો. વિભીષણે નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડવાનું શરૂ કરી દીધું. એનો સ્પર્શ સુધ્ધાં મને ભયાનક પીડા કરાવતો હતો, પણ એ મારા પગ છોડવા તૈયાર જ નહોતો. એ નાલાયકને ક્ષમા જોઈતી હતી.

'હું બહુ ડરી ગયેલો. તમને મૂકીને ભાગી તો છૂટ્યો, પણ ઘેર આવ્યા પછીયે મોડી સવાર સુધી કોઈને કંઈ કહેવાની હિંમત નહોતી થઈ.' હીબકાં ભરતાં ભરતાં વિભીષણ બોલી રહ્યો હતો. 'મને ક્ષમા કરી દો, તમે તો મારાથી મોટા છો!'

માફ કરવાનું બાજુએ રહ્યું, મને તો એ માણસને ચીરીને, એના બે ફાડિયાં કરી દેવાની ઇચ્છા થઈ રહી હતી. અસ્પષ્ટ અવાજે મેં કંઈ બોલવાનો પ્રયાસ કર્યો, પણ ગળામાંથી ઘરઘરાટી સાથે એવો અવાજ નીકળી આવ્યો કે, સાંભળીને મારી મા ગભરાઈ ગઈ. કુંભને છોડીને એ મારી પાસે આવી. એને કદાચ લાગ્યું કે શારીરિક પીડાથી મારું માનસિક સંતુલન ખસી ગયેલું. મને શાંત પાડવા માટે એણે હાલરડાં ગાવાનું શરૂ કર્યું. થોડી જ વારમાં હું મારા બાળપણમાં પહોંચી


ગયો. અસુરોના ભવ્ય ભૂતકાળનાં ગીતો સાંભળતાં સાંભળતાં હું નિંદ્રામાં સરી પડ્યો. નાનાભાઈ પ્રત્યેનો રોષ ક્યારે સ્નેહમાં પલટાઈ ગયો એનુંયે મને ભાન ન રહ્યું. બીજી સવારે આંખ ખૂલી ત્યારે મનમાં કોઈ ક્રોધ નહોતો રહ્યો.

મામી ગામ છોડીને જતાં રહ્યાં. થોડા દિવસ પછી એમણે સંદેશ મોકલ્યો કે એ વણકરોના એક જૂથમાં જોડાઈ ગયાં હતાં. કામના બદલામાં મળતું મહેનતાણું બહુ મામૂલી હતું, પરંતુ માથા પર છાપરું અને બે ટંક ભોજનની વ્યવસ્થા થઈ જતી હતી. નાના પણ એક સમયના સ્વતંત્ર અસુર રાજ્યની રાણી હવે હાથશાળ પર કપડાં વણી જીવનનિર્વાહ કરતી હતી. એ સાંભળીને દુઃખ જરૂર થાય, પરંતુ અમારી સાથે રહીને પણ એને શું મળવાનું? જ્યાં છાપરામાંથી રાતે ચંદ્ર અને તારા જોઈ શકાય એવા મોટાં ગાબડાં હતાં, પરંતુ એ ભૂતકાળ હતો.

આજે વર્ષો પછી માતા, બહેન, મામી, એનાં બે દીકરા, બધાંય ખુશખુશાલ મારી સામે ઊભાં હતાં. કુંભકર્ણ અને વિભીષણના આનંદને કોઈ સીમા નહોતી, પણ મારી નજર મામા પર હતી. બેંતાલીસ વર્ષની ઉંમરે એણે મોંમાંથી બે-ત્રણ વધુ દાંત ખોઈ નાખેલા. છેલ્લે એમને કુબેરના દરબારની અંદર બંદી અવસ્થામાં જોયેલા એના કરતાં એ વધુ તંદુરસ્ત લાગતા હતા. એમનું સ્મિત તો પહેલાં જેવું જ હતું, મારા મનને હર્યુંભર્યું કરી દે એવું! મારા પ્રિય મામા નહોતા બદલાયા. સાત વર્ષ પહેલાં એમણે એમના ભાણેજોને બચાવવા માટે તેલની ઘાણીમાં બળદની જેમ જોતરાવાનું પસંદ કરેલું. હવે પોતાની બહેનના પરિવારને પ્રવાસમાં અડચણ ન પડે એ માટે એમણે પત્નીનું મહામૂલું આભૂષણ, જે ખરીદવા માટે એ સ્ત્રીએ સાત વર્ષ મજૂરી કરેલી, એ વિના ખચકાટ ચાંચિયાઓને આપી દીધું. સિંહાસન વિનાના દરિયાવદિલ રાજા એ મારા મામા હતા. પ્રિયજનોની રક્ષા માટે પોતાનો જીવ આપી દે એવા મારા મારીચમામા!

o

સાદ પાડે છે, મોતી બેટ



રાવણ

વટવૃક્ષની છાયામાં સમિતિની બેઠક મળી હતી. બધાંય જોરજોરથી બોલી રહ્યા હતા. લંકા પર કેવી રીતે કબજો મેળવવો એનો નક્કર ઉપાય કોઈની પાસે નહોતો.

'મહારાજ, આપણે વેપારીના વેશમાં ત્યાં પગપેસારો કરી શકીએ?' ભદ્રના અવાજે મને ચમકાવી દીધો. કોણ જાણે દબાતે પગલે એ ક્યારે આવીને ઊભો રહી ગયેલો. 'આપણે વેપાર કઈ વસ્તુનો કરીશું?' મારાથી પુછાઈ ગયું.

'મુઝુરીસના આરબો પાસેથી આપણને ઘોડા મળી શકે. એવી જ રીતે ડુંગરાળ પ્રદેશમાંથી મરી, પૂર્વતટેથી માણેક અને મુઝુરીસના ગ્રીક વિસ્તારમાંથી સુવર્ણ મેળવવાનું શક્ય છે. શ્રીમંત વેપારીઓ આપણને એમના વહાણ ભાડે આપવાની ના નહીં પાડે. લાંબું ચક્કર મારીને આપણે ભારતની દક્ષિણ-પૂર્વ દિશાએથી લંકામાં પ્રવેશી જવાનું. ત્યાંનો દરિયાઈ માર્ગ સાવ સાંકડો છે. માત્ર બે વહાણ અને આશરે ચારસો માણસ...'

'તારા જેવા બીજા ચારસો મૂર્ખાઓને લઈને તું લંકા જીતવા નીકળવાનો?' મારી કમાન છટકી.

પણ ભદ્ર શાંત રહ્યો. થોડીવાર ચૂપ રહ્યા પછી એણે ફરીથી પોતાની યોજનાનું વર્ણન આગળ વધાર્યું. 'આપણા માણસો લંકાના રાજા પાસે જઈને વિનંતિ કરે કે, એમને લંકામાં અને શક્ય હોય તો ત્રિકોટ કિલ્લાના પૂર્વ દરવાજા પાસે નાનું વ્યાપારી કેન્દ્ર સ્થાપવાની મંજૂરી મળે. થોડા સમય બાદ બીજા લોકોએ જઈને ઉત્તર દરવાજા પાસે વેપારી થાણું નાખવા માટે અરજી કરવાની. એ દરમિયાન નાની-નાની હોડીઓમાં આપણા બીજા માણસોએ માછીમારીના બહાને લંકામાં પ્રવેશતા રહેવાનું. આ બરાબર ચાલ્યું તો મહિનાની અંદર આપણી લગભગ અડધોઅડધ સેના લંકામાં ગોઠવાઈ જશે.'

મને ધીમે ધીમે વાત ગળે ઊતરી પણ ત્યાં ભદ્ર બોલ્યો, 'મહારાજ, લંકામાં મને પહેલો મોકલજો. તમારા માટે હું ત્યાં બહુ ઉપયોગી થઈ પડીશ.'

સાંભળતાંની સાથે મારા મનમાં શંકાનો કીડો સળવળ્યો. આ માણસ કાચીંડા જેવો હતો. ગમે તે સ્થળે, ગમે તેવા લોકોની વચ્ચે સહેલાઈથી ભળી જાય. ક્યાંક એ કુબેરનો જાસૂસ તો નહોતો ને? લંકા જીતવાની યોજનાના નામે એ અમને ફસાવવાની જાળ પાથરી રહ્યો હોય એવી પૂરેપૂરી શક્યતા હતી. 'ચૂપ, તારે હમણાં ક્યાંય જવાનું નથી. રાતે તારી સાથે વાત કરીશ.' મેં મોટે સાદે કહી દીધું. ભદ્રનો ચહેરો વિલાઈ ગયો પણ માથું ઝુકાવીને એ ત્યાંથી વિદાય થયો.

પછી તો સમિતિના સભ્યોને વાદવિવાદ કરવાનો નવો વિષય મળી ગયો, પણ અંતે સહુએ મારો નિર્ણય માથે ચઢાવવો પડ્યો. ત્યાંથી નીકળીને મારા તંબુ ભણી જતાં પહેલાં મેં ભદ્રની ધરપકડનો આદેશ આપી દીધો.

ભદ્ર

કોઈપણ ભોગે મારે આ જગ્યાએથી નીકળવું હતું. લંકા પહોંચવું અત્યંત જરૂરી હતું. નાની છરીથી તંબુમાં એક જગ્યાએ કાણું પાડીને મેં બહાર જોયું. રાત અંધારી ને સૂમસામ હતી. ચોકીદારો આડાઅવળા થઈ ગયેલા. હળવેથી તંબુની બહાર સરકીને મેં નદીની દિશામાં દોટ મૂકી.

ક્યાંકથી છૂટેલું બાણ મારા માથાની લગભગ અડીને જતું રહ્યું. ઝાઝું વિચાર્યા વિના મેં નદીમાં ઝંપલાવી દીધું. પાણી બરફ જેવું ઠંડું હતું અને માથે મૂશળધાર વરસાદ તૂટી પડેલો. તોફાની ગતિએ વહેતી નદી મને નાના પાંદડાની જેમ આગળ તાણી ગઈ અને પછી અચાનક લાગ્યું કે હું નીચે પડી રહ્યો હતો. કાન ફાટી જાય એમ ગરજતા પાણીની સાથે હું ઊંડે ને ઊંડે જઈ રહ્યો હતો. પૂર્ણા નદી નક્કી મને ગળી જવાની હતી. મેં ભાન ગુમાવી દીધું.

આંખો ખૂલી ત્યારે શાંત પાણીની સપાટી પર તરી રહેલા એક લાકડાની ઉપર હું પડ્યો હતો. વરસાદ અટકી ગયેલો. આકાશ સાફ હતું. આગલી રાતે મને મોતનાં દર્શન કરાવી દેનાર ધોધનો અવાજ બહુ દૂર અને આછો લાગતો હતો. મારું અંગેઅંગ કળતું હતું. એ ઘડીએ તો હું જીવિત હતો, એ જ મોટા આશ્ચર્યની વાત હતી. મેં પાછી આંખો બંધ કરી અને નિંદ્રામાં સરી પડ્યો. કોણ જાણે કેટલો સમય હું સૂતો રહ્યો, પણ બળબળતાં સૂર્યકિરણોએ મારી આંખોને ખૂલવાની ફરજ પાડી. નદીએ વળાંક લીધો. આ લ્યો, સામે દરિયો હતો. એક તરફ દેખાતું હતું મહાનગર મુઝુરીસ, મોટું બંદર અને એક સમયે મહાબલિના સામ્રાજ્યનું પાટનગર મુઝુરીસ. કલા અને સંસ્કૃતિનું કેન્દ્ર ગણાતા મુઝુરીસમાં દુનિયાભરના લોકો આવીને વસ્યા હતા. ગ્રીક, રોમન, સિરિયન, સુમેરિયેન, મેસોપોટેમિયન, ચીની, આરબ, યહૂદી, દેવ, અસુર અને ઈજિપ્શિયન પોતપોતાના વિસ્તારમાં રહેતા હતા. પોતાના દેવોને પૂજતા હતા. જાતજાતના વેપારીઓએ અહીં પોતાનાં થાણાં નાખ્યાં હતાં, જૂથ બનાવ્યાં હતાં.

મેં હાથ-પગ ચલાવવાનું શરૂ કરી દીધું. થોડીવારમાં હું કાંઠે પહોંચી ગયો. પાણીમાંથી નીકળીને મેં કોઈ સસ્તા અતિથિગૃહ કે ધર્મશાળાની શોધ આદરી. મારા રંગઢંગ એવા હતા કે અજાણ્યા પણ તાકી રહે! છેવટે હું શોધતો હતો એવી જગ્યા મળી ગઈ. નાની, પણ ચોખ્ખી અને જેનો માલિક દયાળુ હતો. આગલી રાતે પડેલા જોરદાર વરસાદમાં મારી હોડી ડૂબી ગયેલી અને હું માંડમાંડ બચેલો એવી મારી ઉપજાવી કાઢેલી વાર્તા એણે સાચી માની લીધી. એકેય પૈસો લીધા વિના એણે મને આશરો આપ્યો.

પરંતુ બહુ જલદી મને એ માણસની ભલમનસાઈનું કરજ ચૂકવવાની તક મળી ગઈ. એક દિવસ કોઈને કંઈ કહ્યાકારવ્યા વિના અતિથિગૃહનો રસોઇયો ભાગી ગયો. લોકોની ભીડ અને માલિકની મૂંઝવણનો પાર નહીં. રસોડામાં જઈને મેં મને આવડી એવી રસોઈ બનાવી. લોકોએ ખાધું અને આંગળાં ચાટતાં રહી ગયાં. એ દિવસે મને પોતાને પહેલીવાર ભાન થયું કે સારું, સ્વાદિષ્ટ ભોજન બનાવવાની આવડત મારામાં હતી. ભાગી ગયેલા રસોઇયાને સહુ ભૂલી ગયા અને ભદ્રના હાથે બનેલી તળેલી, મસાલેદાર માછલી ચારે તરફ જાણીતી થઈ ગઈ. તાડી પીનારાઓની તો આ સહુથી પ્રિય વાનગી બની ગઈ. ધીમેધીમે મારી ખ્યાતિ એટલી પ્રસરી ગઈ કે, મોટાંમોટાં વહાણોના સુકાનીઓ મને બોલાવવા લાગ્યા. સારા રસોઇયાની જરૂર દરેક જગ્યાએ હોય.

પરંતુ મેં ધૈર્ય જાળવી રાખ્યું અને આખરે એ દિવસ આવી ગયો જેની હું વાટ જોતો હતો. લંકા જવાની તૈયારી કરી રહેલા કુબેરના એક મોટા વહાણ પર મને રસોઇયા તરીકે કામ મળી ગયું. ગમે તેવા તોફાન સામે ઝીંક ઝીલી શકે એવા એ મોટા, મજબૂત વહાણમાં પ્રવાસીઓ માટે દરેક જાતના એશોઆરામની સુવિધા હતી. દરિયામાં છ દિવસનો પ્રવાસ કરીને અમે લંકા

પહોંચ્યા. એ પછી થોડાક દિવસ પ્રયાસ કરવો પડ્યો, પરંતુ આખરે હું કુબેરના રસોડામાં સહાયક રસોઇયા તરીકે ગોઠવાઈ ગયો.

આમ ને આમ એક મહિનો વીતી ગયો, પણ અમારે ત્યાંથી કોઈ વહાણ આવતું દેખાયું નહીં. છાનોછપનો હું ઘણીવાર બંદર પાસે આવેલી મસાલાબજારમાં પહોંચી જતો. આશા હતી કે ક્યારેક તો અમારું વહાણ કે કોઈ પરિચિત ચહેરો દેખાઈ જશે.

પણ જે દિવસે એમને જોયા, મારું કાળજું બેસી ગયું. ઘોડા પર સરસામાન લાદીને એ લોકો બજારમાં આંટા મારી રહ્યા હતા. સહુથી આગળ રાવણ હતો. જેનો દેખાવ જરા સરખોયે કોઈ વેપારી જેવો નહોતો. અશ્વ પર સવાર રાવણના રંગઢંગ કોઈ રાજા જેવા હતા. કયો રાજા આમ મરીમસાલાની બજારમાં ફરવા નીકળે? રાવણની વર્તણૂક અમારી આખીયે યોજના પર પાણી ફેરવી દેવાની હતી.

'અચ્છા, હવે ખબર પડી કે તું કેમ અહીં આવ્યો છે!' અચાનક પાછળથી આવેલા આ અવાજે મને હેબતાવી દીધો. ગરદન ફેરવીને જોયું તો કુબેરના સુરક્ષાદળમાં મોખરાનું પદ ધરાવતો વિક્રમ નજરે પડ્યો. મામૂલી વેપારીના વેશમાં ઊભેલો વિક્રમ કદાચ જાસૂસ તરીકે પણ કામ કરતો હતો.

મારા માટે જીવનમરણનો સવાલ હતો. વિક્રમના પગ પર પગ મૂકીને મેં એને એટલા જોરથી ધક્કો માર્યો કે એ જમીન પર ઊથલી પડ્યો. ઝડપથી એ પાછો ઊભો તો થઈ ગયો, પણ એનાથીયે વધુ ગતિએ મેં ત્યાંથી દોટ મૂકી દીધેલી. ખુલ્લી તલવારે મારી પાછળ દોડેલા વિક્રમને જોઈને ચારેતરફ દોડાદોડ, ચીસાચીસ થઈ ગઈ. રસ્તામાં આવ્યા એટલા માણસોને અને માલસામાનને ફંગોળતા અમે દોડી રહ્યા હતા.

શોરબકોરને કારણે રાવણનું ધ્યાન અમારા તરફ ખેંચ્યું. એણે સહેજ ગૂંચવાઈને મારી સામે દૃષ્ટિ નાખી. એ મને ઓળખી ગયો પણ એના ચહેરા પર આનંદની જગ્યાએ ઘૃણા છવાઈ ગયેલી મેં જોઈ. અચાનક સશસ્ત્ર સૈનિકોએ અમને ચારે તરફથી ઘેરી લીધા. વિક્રમ એકલો નહોતો.

'ભાગો' મેં ગળું ફાડીને રાડ પાડી. રાવણે કેડેથી તલવાર ખેંચી. ટોળામાં મેં બીજી સેંકડો તલવારો ઊંચી થતી જોઈ. રાવણના માણસોએ જીવ બચાવવા માટે ચારેતરફ નાસભાગ કરી મૂકી. જેમતેમ રાવણની નજીક પહોંચી જઈને મેં ભાંગ્યાતૂટ્યા અવાજે આજીજી કરી. 'મારા રાજા, મને તમારી સાથે લઈ જાવ!'

એ વખતે વિક્રમ મારી બાજુમાં જ હતો. ગમે તે ઘડીએ મારું માથું ધડથી અલગ થઈ જવાની તૈયારી હતી. માત્ર રાવણ મને બચાવી શકવાની સ્થિતિમાં હતો. પણ એણે તો મારા મોઢા પર લાત મારતાં ગર્જના કરી, 'નીચ, દગાખોર, જા મર અને પડ નરકમાં!'

રાવણની લાત કરતાંયે એના મોઢામાંથી નીકળેલા શબ્દો મને વધુ વાગ્યા. ઊથલીને હું વિક્રમ પર પડવા જતો હતો, પણ સ્ફૂર્તિપૂર્વક એ બાજુમાં હટી ગયો. એણે દોડીને રાવણના ઘોડાની લગામ પકડી લીધી. રાવણ પર તલવારનો ઘા કર્યો, પરંતુ મારા રાજાએ મારેલી લાતે વિક્રમને પણ ધૂળ ચાટતો કરી દીધો. ત્યાં સુધીમાં રાવણના સાથીદારો કુબેરના સૈનિકોનો ઘેરો તોડવામાં સફળ થઈ ગયા હતા. જોતજોતામાં એ લોકો અને રાવણ પણ મારી નજર સામેથી અદૃશ્ય થઈ ગયા. કુબેરના સૈનિકો એમને રોકી ન શક્યા અને પીછો કરવામાં એમને કોઈ રસ લાગ્યો નહીં. હું બેબાકળો થઈને નગરની બહાર જતા રસ્તે દોડ્યો.

થોડી જ વારમાં જોકે ભાન થયું કે આ માર્ગ પર તો ઘોડેસ્વાર સૈનિકોનો ભેટો થઈ જશે. ખરેખર ઘોડાના ડાબલા પણ સંભળાવા લાગ્યા. જમણી તરફ દેખાતી, સાંકડી અંધારી શેરીમાં હું વળી ગયો. 'બચી ગયો' એવો હાશકારો અનુભવીને હું સહેજ ધીમો પડ્યો. આગળ એક

બારીમાંથી બહાર પડતા અજવાળા તરફ હું ચાલ્યો. નજીક પહોંચ્યો ત્યારે કોઈ સ્ત્રી-પુરુષ વચ્ચે થઈ રહેલી તકરારનો અવાજ કાને પડ્યો. શબ્દો અસ્પષ્ટ હતા, પણ પુરુષના અવાજમાં નશાની અસર વર્તાતી હતી. હવે શું કરું? મારે જલદીથી છુપાઈ જવા માટે કોઈ સ્થળ શોધવું જરૂરી હતું.

ધડાક દઈને દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો અને કદાવર પણ અર્ધનગ્ન દશામાં એક પુરુષ ઊંધે માથે બહાર રસ્તામાં આવીને પટકાયો. એને ધક્કો મારનારી સ્ત્રીએ અંદરથી જે ગાળોનો વરસાદ વરસાવ્યો, એનાથી હુંયે અડધી ક્ષણ ડરી ગયો. સારા ઘરની કોઈ સ્ત્રી આવા અપશબ્દો બોલી ન શકે. આ જરૂર કોઈ રૂપજીવિનીનું મકાન હતું. બેફામ બોલી રહેલી સ્ત્રી બારણું બંધ કરે એ પહેલાં હું ત્યાં પહોંચી ગયો. અંધકારમાંથી અચાનક પ્રગટેલી અપરિચિત વ્યક્તિને જોઈને એ હેબતાઈ ગઈ. કોઈ પ્રતિભાવ આપી શકે એ પહેલાં તો ઘરમાં ઘૂસી જઈને મેં બારણું અંદરથી વાસી દીધું અને એના ગળે તલવાર મૂકી.

ઉંમરમાં માંડ અઢાર-વીસ વર્ષની લાગતી એ યુવતી, એની બદામી રંગની મોટી મોટી આંખે મને તાકી રહી. એની ગોરી ત્વચા, નમણો નાકનકશો અને કાળા ભમ્મર સુંવાળા વાળ કહેતા હતા કે એ કાં દેવજાતિની હતી, અને કાં તો મિશ્ર લોહી ધરાવતી હતી. રેશમી કંચૂકી અને નાભિની નીચે બાંધેલી ધોતીમાંથી નજરે પડતા એના આકર્ષક અંગઉપાંગ પરથી પરાણે નજર ખસેડીને મેં કડક અવાજે કહ્યું, 'જલદી બોલ, મારે ક્યાં રહેવાનું છે?'

કંઈ બોલ્યા વિના એ મને ઘરની અંદર એક નાના પણ આરામદાયક ઓરડામાં દોરી ગઈ. પછીના એક સપ્તાહ, એ ઘર અને ઘરની માલિક મારા પોતાનાં બની ગયાં.

સંજોગોવશાત્ મારાં સુખદુઃખની ભાગીદાર બની ગયેલી એ રૂપજીવિનીનું નામ હતું, માલા! એક દિવસ વાતવાતમાં માલા બોલી ગઈ કે, વિક્રમ એનો નિયમિત ગ્રાહક હતો. સાંભળતાંની સાથે જ મારા મગજમાં એક નવી યોજના આકાર લેવા લાગી. ધીમે-ધીમે મેં માલાને મારા જીવનના લક્ષ્ય વિશે માંડીને વાત કરી. શરૂઆતમાં તો એણે કોઈ રસ દાખવ્યો નહીં, પરંતુ લગભગ બે સપ્તાહ સુધી મારી વાતો સાંભળી સાંભળીને એનું મન છેવટે બદલાયું. પછી તો એનો ઉત્સાહ દિન-બ-દિન વધતો ચાલ્યો. એણે મને નિઃસ્વાર્થ ભાવે પ્રેમ આપ્યો હતો, પણ મેં એને દ્વેષ અને તિરસ્કારના પાઠ શીખવાડ્યા. હું ઇચ્છતો હતો કે એ મારા જેવી થઈને મારી પડખે ઊભી રહે. અમે સાથે મળીને કાવતરાં ઘડતાં થઈ ગયાં.

એક સાંજે માલાએ મને ખબર આપ્યા કે એ રાતે વિક્રમની પધરામણી થવાની હતી. ક્ષણભર તો ઈર્ષાનો માર્યો હું બળી ગયો, પણ પછી ભાન થયું કે આ તો સામે ચાલીને આવેલી સોનેરી તક હતી.

મોડી રાતે વિક્રમ આવ્યો. માલા એને પોતાના ખંડમાં લઈ ગઈ. સુરા અને સૌંદર્યના નશામાં સાનભાન ગુમાવી બેઠેલા વિક્રમને ખબર નહોતી કે પડદાની પાછળ એનો કાળ રાહ જોતો હતો. માલાએ વિક્રમનાં વસ્ત્રો ઉતારીને, પથારીમાં સુવાડીને, રેશમી વસ્ત્રથી એના હાથ-પગ બાંધ્યા ત્યારે વિક્રમને લાગ્યું કે ઉત્તેજનામાં વધારો કરે એવી આ કોઈ નવી રમત હતી. પરંતુ પછી માલા બહાર નીકળી ગઈ અને હું વિક્રમની સામે જઈને ઊભો રહ્યો.

પછી એ ચાર દીવાલની વચ્ચે વિક્રમની મેં જે દશા કરી, એ કોઈ કાચાપોચાએ જોયું હોત તો એનું કાળજું બેસી જાત. રિબાવી-રિબાવીને મેં એને માર્યો. સવારે માલા પાછી આવી ત્યારે ખંડમાં ચારેતરફ વિક્રમના દેહના છિન્નભિન્ન ટુકડા પડ્યા હતા. સાથે મળીને એ ટુકડા એક શણના કોથળામાં ભર્યા અને ઉપર સાકર ભભરાવીને ઘરની પાછળના ભાગમાં સળગાવી દીધા, જેથી વિક્રમનું કોઈ નામોનિશાન ન રહે. પડોશીઓને શંકા ન પડે એટલે મેં શેરીમાં રખડતા બે કૂતરા પકડીને મારી નાખેલા, એમને પણ ખાડામાં નાખીને વિક્રમના અવશેષો સાથે

અગ્નિદાહ દઈ દીધો.

વિક્રમનું પ્રકરણ પૂરું થયું, પણ એની ગેરહાજરીની નોંધ લેવાય એ પહેલાં મારે કુબેરના કિલ્લાની અંદર પ્રવેશી જવાનું હતું. હું પહોંચ્યો ત્યારે કિલ્લાના પ્રવેશદ્વાર પર બે સશસ્ત્ર સૈનિકો પહેરો ભરી રહ્યા હતા. પરંતુ મારા, એટલે કે વિક્રમનાં વસ્ત્રો અને સત્તાવાહી વર્તણૂક જોઈને કોઈએ મને રોક્યો નહીં. ઊલટું, મને જોઈને એ સાવધાનની મુદ્રામાં આવી ગયા. વિક્રમના ખિસ્સામાંથી મળેલી ચાવીની મદદથી મેં દરવાજો ઉઘાડ્યો અને આસાનીથી અંદર પ્રવેશી ગયો. વસ્ત્રોની અંદર મેં છુપાવી રાખેલા માટીના નાના પાત્ર તરફ કોઈની નજર ગઈ નહીં. છેલ્લા દસ દિવસની મારી મહેનતનું ફળ એ પાત્રમાં બંધ હતું.

એક ખૂણામાં જઈને મેં વિક્રમનાં કપડાં મારા શરીર પરથી ઉતારીને, ડૂચો વાળીને ઝાડીઝાંખરામાં નાખી દીધાં. અંદર મારા પોતાના, સામાન્ય માણસને છાજે એવાં વસ્ત્રો મેં પહેરી રાખેલાં. પછી કંઈ બન્યું જ ન હોય, એવા સહજ ભાવ સાથે હું મહેલના રસોડામાં પહોંચી ગયો. મેં પહેલાં પણ ત્યાં કામ કરેલું. પરિચિતોએ ડોકાં હલાવ્યાં. કોઈએ પૂછ્યું નહીં કે આટલા દિવસ હું ક્યાં હતો. સહુ પોતપોતાના કામમાં વ્યસ્ત હતા. કોઈએ એ પણ જોયું નહીં કે ચૂલા પાસે જઈને મેં ત્યાં ઊકળી રહેલા ચોખાના વાસણમાં, પેલી માટીની કુલડીમાં ભરેલું દ્રવ્ય ક્યારે અને કેવી રીતે ઠાલવી દીધું!

શાક-દાળની બાબતમાં સૈનિકોના શોખ જુદાજુદા હતા, પણ ભાત તો બધા ખાતા એ વાત મેં નોંધી રાખેલી. કિનારેથી થોડે દૂર દરિયામાં નાગરેલાં વહાણો પર જે માણસો ફરજ બજાવતા હતા, એમના માટે પણ ભાત તો આ રસોડામાંથી જ જતો હતો.

ભોજન તૈયાર થઈ ગયું, પીરસાઈ ગયું, જમાઈ ગયું. સ્વાભાવિક રીતે જ મેં ખાવાનું ટાળ્યું. માંડ કલાક વીત્યો હશે, ત્યાં મહેલના પ્રાંગણમાં અંધાધૂંધી મચી ગઈ. ઘોડા પર કે પગપાળા સૈનિકો આવી રહ્યા હતા, આવીને નીચે પટકાતા હતા, ઊલટીઓ કરતા હતા, પેટ પકડીને કણસતા હતા, જમીન પર પીડાના માર્યા આળોટી રહ્યા હતા. એમની પાછળ શહેરના જુદાં જુદાં સ્થળેથી આવા જ માંદા લોકોથી ભરેલાં, બળદગાડાં આવી પહોંચ્યાં. મહેલમાં વૈદકીય સારવારની વ્યવસ્થા હતી, પણ આટલા બધા લોકોને એકસાથે માંદા પડેલા કોઈ વૈદરાજે જોયા નહોતા. જ્યાં જુઓ ત્યાં રાડારાડ અને ગૂંચવણ હતી. કોઈએ મને બહારની તરફ દોડતો જોયો નહીં અને જોયો હોય તોયે એ સંજોગોમાં કોણ પરવા કરે?

અધમૂઆ થઈને જમીન પર પડેલા સૈનિકોને ઠેબે ચઢાવતા હું દોડ્યો. થોડે આગળ એક સૈનિક એના ઘોડાની લગામ પકડીને ઊલટી કરી રહ્યો હતો. એને ધક્કો મારીને હું એ જ ઘોડા પર સવાર થઈ ગયો અને પવનવેગે ઊપડ્યો સુબેલા ટેકરીઓ તરફ. માર્ગની બંને તરફ, ઘરમાંથી બહાર નીકળી આવેલા નગરજનોની ભીડ હતી. એમને સમજાતું નહોતું કે કુબેરની સેનાને આ શું થઈ ગયું છે?

એ ઘડીએ માત્ર મને જ ખબર હતી કે, એક વેપારી રાજાના જુલમી શાસનમાંથી રાષ્ટ્રને મુક્તિ મળી રહી હતી. ઇતિહાસમાં આ દિવસ સોનેરી અક્ષરે લખાવાનો હતો.

ઘોડાની જેમ હું પણ હાંફતોહાંફતો સુબેલા પર્વત પર ચઢી ગયો. મારી આંખોમાં હર્ષનાં આંસુ હતાં. ત્યાં બેઠેલા રાવણને જોતાંની સાથે મેં હરખઘેલા અવાજે બૂમ પાડી, 'મહારાજ, આ નગર હવે તમારું છે. કુબેરની આખી સેનાને મેં પાડી દીધી છે.'

'પકડી લો આ દુષ્ટને.' ઊભા થઈ જઈને રાવણે પાડેલી ત્રાડ મારા હૃદય સોંસરવી નીકળી ગઈ. ખુલ્લી તલવારે સૈનિકો મારા ભણી ધસી આવ્યા.

'રાવણ, એની વાત તો સાંભળી લે!' એક તરફથી આવેલા પ્રભાવશાળી અવાજે બધાંને સ્થિર કરી દીધા. ધૂંધળી આંખે મેં પ્રહસ્તને મારી તરફ આવતા જોયા. પાછળ મારીચ હતા.

એમણે આવીને મારો ખભો થપથપાવ્યો અને પછી ભેટી પડ્યા. નાના બાળકની જેમ હીબકાં ભરતાં ભરતાં મેં મારીચનો ખભો ભીંજવી દીધો. લાગ્યું કે મારી ખુલ્લી પીઠ પણ મારીચના અશ્રુથી ભીની થઇ રહી હતી.

o

દેશદ્રોહીની ઘેરાબંધી



રાવણ

ગળે ઊતરવી મુશ્કેલ, તોયે સાચી વાત હતી કે ભદ્ર દ્રોહી નહીં મિત્ર હતો. જેની વાટ હું જોતો હતો એ તારણહાર બનીને ભદ્ર આવ્યો હતો. નવા જોશથી ડુંગર ઊતરીને અમે નગરમાં પ્રવેશ્યા. માર્ગની બંને તરફ ભેગા થઈ ગયેલા નગરજનોએ અમને જે પ્રેમ અને ઉત્સાહથી વધાવ્યા, એ જોઈને અર્ધભૂખ્યા મારા સૈનિકોની ચાલમાં થનગનાટ આવી ગયો!

મારા આનંદનો પાર નહોતો. વર્ષોથી ઝંખેલા વિજયની આ ક્ષણ હતી. અઢળક સંપત્તિ મારી મૂઠીમાં હતી. કુબેરના ખજાનામાં જે ધન હતું, એનાથી એક શક્તિશાળી સૈન્ય ઊભું કરીને આખોયે ઉપખંડ જીતી લેવાનું સપનું હવે સાચું પડવાનું હતું. આ બધાંથી ચડી જાય એવી એક વાત તો એ હતી કે, મારા સાવકા ભાઈ કુબેરને રસ્તે રખડતો કરી દેવાની શક્તિ હવે મારામાં હતી. સોનાના થોડા સિક્કા એના મોઢા પર ફેંકીને હું એને ધૂતકારી કાઢીશ. એ પછી મારા પિતાની હાંસી ઉડાવીને તો મને કેટલો સંતોષ મળશે! ધારું એ કરી શકવાની સ્થિતિમાં આજે હું હતો. હું રાજા હતો. ના, સર્વશક્તિમાન સમ્રાટ હતો. લંકાપતિ રાવણ! આવતી કાલે પૃથ્વી વલ્લભ રાવણ! મારી મહત્ત્વાકાંક્ષા અમર્યાદિત થવા લાગેલી? ના, ના, મનનું ધાર્યું કરવા જેટલો આત્મવિશ્વાસ તો મારામાં પહેલેથી જ હતો. હું રાવણ!

અચાનક મારા મુખમાં કડવાશ પ્રસરી ગઈ. મનમાંથી આનંદ ઓસરવા લાગ્યો. આ તે કંઈ વિજય કહેવાય? મેં મારા પરાક્રમથી કંઈ નહોતું મેળવ્યું. એક કુરૂપ, અજાણ, સંસ્કારવિહીન ગામડિયાએ મને આ જીત ભેટમાં આપી હતી. દેખાવે ગરીબડા પણ ભીતરથી સર્પ જેવી કુટિલતા ધરાવતા એ ઘૃણાસ્પદ માણસે મને લંકાનું ઇનામ આપ્યું હતું. આ કંઈ રાજી થવા જેવી વાત હતી?

મહેલમાં પ્રવેશીને મેં ચારેતરફ જોયું. આ જગ્યાએ એક ગરીબડી સ્ત્રી, એનાં ચાર ભૂખ્યાં બાળકો સાથે ભિક્ષાનો કટોરો લઈને ઊભી હતી, ત્યાં બેઠેલા કુબેરે કેટલા તિરસ્કારથી એની સામે મૂઠીભર સિક્કા ફેંક્યા હતા! બારીમાંથી ગૌશાળા દેખાતી હતી. ત્યાં નજર નાખીને મેં મારીચ સામે જોયું. ફરી એકવાર એનું સ્મિત મારા ભડભડતા હૃદય પર શીતળ અમીછાંટણાં કરી ગયું, પરંતુ આગ સાવ કેવી રીતે ઠરી જાય?

'ક્યાં છે કુબેર?' મેં ત્રાડ પાડી. પ્રહસ્તએ કંઈ બોલ્યા વિના દૂર દેખાતા નીલવર્ણા સમુદ્ર તરફ આંગળી ચીંધી. બંદરગાહમાંથી એક મોટું વહાણ ખુલ્લા દરિયામાં જવા નીકળી રહ્યું હતું. એના સુકાન પર કુબેરનો સોનેરી ધ્વજ અડધી કાઠીએ ફરકતો હતો. લંકા વિજયનો મારો રહ્યોસહ્યો આનંદ પણ ઓસરી ગયો.

'મહારાજ, વરુણનાં વહાણો આપણાં તરફ આવી રહ્યાં છે.' થોડે દૂર આવીને ઊભેલા સંદેશવાહકે હાંફતા અવાજે સમાચાર આપ્યા. આડાઅવળા વિચારો અને લાગણીઓને બાજુએ હડસેલીને હું સજાગ થઈ ગયો. રાજ્યાભિષેકની બધીયે વિધિ અને ઉજવણીને બંધ

કરવાનો આદેશ મેં તાબડતોબ આપ્યો. નવો રાજા સિંહાસન પર બેસે, એ પહેલાં તો એના રાજ્ય પર આફતનાં વાદળાં ઘેરાઈ આવેલાં.

કટોકટીનો સામનો કઈ રીતે કરવો એની ચર્ચા કરવા માટે સમિતિની બેઠક મળી. અમારી પાસે હજી વ્યવસ્થિત, શિસ્તબદ્ધ ગણાય એવું લશ્કર નહોતું. દરિયાઈ યુદ્ધ કરી શકે એવા મોટા ભાગના કુશળ લડવૈયાઓને કુબેર એની સાથે લઈ ગયેલો. લંકામાં જે રહ્યા એ બધા તો માંદગીના બિછાને હતા. ગણ્યાગાંઠ્યા ૩૦૦ સૈનિકની સાથે મારે વરુણનો સામનો કરવાનો હતો. વરુણ દરિયાનો સહુથી મોટો દરિયાઈ ચાંચિયો!

ભય કે ચિંતાની જગ્યાએ મારા ચિત્તમાં સાવ જુદા જ પ્રકારની લાગણીએ ઉછાળો માર્યો. રક્તપાત વિના, એક લુચ્ચા માણસની કૃપાથી મને આ રાજ્ય મળી ગયેલું. પણ મારે તો દુનિયાને બતાવવું હતું કે હું કેટલો પરાક્રમી છું. મને એવા દુશ્મનની જરૂર હતી, જેની સામે હું લડી શકું. વરુણ છૂપો આશીર્વાદ બનીને આવેલો. કુબેરના સૈનિકો ભદ્રએ આપેલા ઝેરથી હાર્યા હતા, પણ વરુણને તો હું મારી તલવારના જોરે, સામી છાતીએ પરાજિત કરીશ.

પરંતુ મારી મનની મનમાં રહી ગઈ. સમિતિની બેઠકમાં આ વખતે ચર્ચાનો દોર પ્રહસ્તએ પોતાના હાથમાં લઈ લીધો. એણે બધાને ગળે ઉતારી દીધું કે વરુણ સાથે લડવામાં નહીં, સમાધાન કરી લેવામાં શાણપણ હતું. હું ધૂંધવાઈને બેસી રહ્યો અને પ્રહસ્ત એક નાની નૌકામાં, બે સહાયકની સાથે વરુણને મળવા ઊપડી ગયો. મારા રોષમાં વધારો કરવો હોય એમ એક સેવકે આવીને કહ્યું, 'મહારાજ, મય તમને મળવાની અનુમતિ માંગે છે.'

અહીં માથે યુદ્ધનાં નગારાં વાગતાં હતાં, ત્યારે રસ્તા અને મકાનના બાંધકામ વિશે ચર્ચા કરવાની ઇચ્છા કેવી રીતે થાય? પણ હું મયને મળવાની ના પાડું, એની પહેલાં તો એ ખુદ મારી સામે આવીને ઊભો રહ્યો. સેવક ચૂપચાપ બહાર સરકી ગયો.

'બોલો, કયા કારણસર આજે તમારી પધરામણી થઈ છે?' અવાજમાં શક્ય એટલી નમ્રતા જાળવીને મેં પૂછ્યું. ગમે તેટલો ગુસ્સો આવતો હોય તોય આખરે એ ઉંમરમાં મોટો અને જ્ઞાની હતો. યંત્રવિદ્યા અને સ્થાપત્યકલાનું એનું કૌશલ્ય ભલભલાને માન ઉપજાવે એવું હતું.

'અહીંથી પસાર થતો હતો એટલે વિચાર્યું કે રાવણને મળતો જાઉં.' મયે જવાબ આપ્યો. એનામાં હજી મને રાજા તરીકે સંબોધવાની બુદ્ધિ નહોતી આવી. પછી કંઈ મુદ્દાસરની વાત કરવાને બદલે એણે નવાં મકાનો, બાંધકામના નવાં સાધનો, પદ્ધતિઓ જેવા વિષયો પર અર્થહીન બબડાટ શરૂ કરી દીધો. કંટાળાભેર હું સાંભળી રહ્યો. ડોસાની ડાગળી ચસકી ગયેલી કે શું?

પછી અચાનક મારા મગજમાં ઝબકારો થયો. આ માણસ તો પૂર્ણા નદીને કિનારે એની અકડુ પુત્રી, મારી માતા, બહેન અને બીજા લોકો સાથે રહેતો હતો. એ અહીં કેવી રીતે અને શું કામ આવી ગયો? મારી મા અને બહેનને વરુણે પકડી લીધાં. એવા કોઈ અશુભ સમાચાર આપવા તો એ નહીં આવ્યો હોય ને? એ લોકોનો વાળ પણ વાંકો થયો, તો હું વરુણની ચામડી ઊતરડી નાખીશ...

'શિવ, શિવ, હજી તમે વાત નથી કરી? ખરા છો મયભાઈ!' મારી માનો અવાજ આવ્યો. એની સાથે મારા મગજમાં ધમાચકડી મચાવી રહેલા માઠા વિચારો શાંત પડી ગયા. માની સાથે બહેને પણ ખંડમાં પ્રવેશ કર્યો. એમની પાછળ ઊભેલી યુવતી, કોઈ સંકોચ કે અહોભાવ દેખાડ્યા વિના મારી સામે જોઈ રહી.

'લોકો ભલે ગમે તે કહે, પણ વરુણ નખશીખ સજ્જન છે. અહીં સુધી આવવામાં અમને જરા સરખીયે તકલીફ પડી નહીં. માએ આવતાંની સાથે બોલવાનું શરૂ કર્યું.

'જાંબુમાલિ ક્યાં છે? તમને લોકોને અહીં લાવવા માટે હું માણસને મોકલવાનો હતો. આટલી

ઉતાવળ કેમ આવી ગઈ?' અકળાઈને મેં પૂછ્યું.

પણ મારી અકળામણની નોંધ લીધા વિના મા બોલી, 'જાંબુમાલિ હજી વરુણના વહાણ પર જ બેઠો છે. તેં લંકા જીતી લીધી એ સાંભળીને વરુણ બહુ રાજી થયો છે. તારા શાસનકાળમાં લંકાની ખૂબખૂબ પ્રગતિ થાય એવી શુભેચ્છા એણે મોકલી છે.'

'પ્રહસ્ત એને મળવા ગયો છે.'

'હશે. રાજકારણની વાતોમાં અમને સ્ત્રીઓને ઝાઝી ગતાગમ ન પડે. બેટા, હું તો એ કહેવા આવી છું કે હવે તારે લગ્ન કરી લેવાં જોઈએ.'

'લગ્ન?' હું ચમક્યો. 'મા, હજી એ જવાબદારી માટે હું તૈયાર નથી. મારે રાજ ચલાવવાનું છે. હજી તો માંડ શરૂઆત કરી છે.' મેં વિરોધ કર્યો, પણ એને અવગણીને માએ એની વાત આગળ વધારી. 'એટલે મેં તો મયની પુત્રી મંદોદરી માટે તારું માંગું નાખી દીધું.'

સાંભળીને હું ડઘાઈ ગયો. મંદોદરી જેવી અક્કડ, દેખાવ અને વાણીવર્તનમાં સાવ શુષ્ક એવી મંદોદરી સાથે મારે લગ્ન કરવાના? મેં એની સામે જોયું. એની ઉંમરની છોકરી, પોતાના લગ્નની વાત સાંભળીને શરમાઈ જાય, અરે નાનકડું મરકલું વેરી લે. પણ એ તો મારી આંખમાં આંખ મેળવીને, ઘમંડી લાગે એવા ભાવ સાથે ઊભી હતી. એ સુંદર હતી એની ના નહીં, પણ એના સૌંદર્યમાં ઋજુતા નહોતી. એની મોટી, કાળી આંખોમાં ગર્વની છાંટ હતી. કુદરતે નહીં, પણ એના પિતાએ કાળજીપૂર્વક, માપસર ઘડી હોય એવી મૂર્તિ જેવી એ હતી.

'અમે બહાર બગીચામાં આંટો મારવા જઈએ છીએ, ત્યાં સુધી તમે વાતચીત કરીને એકબીજાંથી પરિચિત થઈ જાવ.' આટલું કહીને મારા જવાબની રાહ જોયા વિના મા બહાર નીકળી ગઈ. બહેન અને મય એની પાછળ ગયાં. મને બારીમાંથી બહાર કૂદી પડવાની ઇચ્છા થઈ ગઈ. મંદોદરી જેવું વિચિત્ર નામ ધરાવતી આ છોકરી સાથે શું વાત કરવી?

'અહીં બારીમાંથી બહારનું દૃશ્ય કેટલું સુંદર લાગે છે!' મંદોદરી બોલી. આખરે તો મયની દીકરી હતી. બાંધકામ અને બગીચાની વાતમાં એને વધુ રસ પડે. મેં કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. એ પણ ચૂપ થઈ ગઈ. વાતાવરણમાં પથરાઈ ગયેલું મૌન ભારે અકળાવનારું હતું.

'બ્રહ્મા પાસેથી હું ધનુર્વિદ્યા શીખ્યો છું અને સંગીતનો મને ભારે શોખ છે. બાકી તો નાનાં બાળકોમાં થતા રોગચાળા કેવી રીતે રોકવા, એનો ઉપાય શોધવા માટે હું મથું છું.' બોલવા ખાતર હું બોલી ગયો, પણ મારી જીભ થોથવાઈ ગઈ.

મંદોદરીએ અદબ વાળીને, એ પાણીદાર આંખો મારા પર ઠેરવી અને પછી સ્વસ્થ અવાજે બોલી, 'મારા પિતાની ઇચ્છા છે કે તમારી સાથે મારાં લગ્ન થાય. આજ્ઞાંકિત પુત્રી હોવાના નાતે હું એમની વાતનો અનાદર નહીં કરું. દેવોના બધા વેદ હું જાણું છું. દેવ અને અસુરોના ઇતિહાસનું પઠન મેં કર્યું છે. મારા પિતાના હાથ નીચે મેં સ્થાપત્ય અને યંત્રવિદ્યાનું જ્ઞાન પણ મેળવ્યું છે. કાવ્યો લખું છું અને ચિત્રો દોરું છું. શિકારનો મને શોખ છે. હું સારી નિશાનબાજ છું.'

ઓહો, આ તો સર્વગુણસંપન્ન કન્યા! હરતાફરતા જ્ઞાનભંડાર સાથે પરણવા માટે હું તૈયાર હતો! મંદોદરી ચૂપ થઈ. પણ મને લાગ્યું કે હજી તો એ બીજા અનેક ગુણોનું વર્ણન કરી શકે એમ હતી.

હું રાજા હતો પણ એ યુવતીની સામે મેં મારી જાતને બહુ નાની અને નીચી હોવાનું અનુભવ્યું. મારી કઈ આવડત કે સિદ્ધિઓનું વર્ણન એની સામે કરી શકું? હું કુશળ યોદ્ધો હતો. પરંતુ રુદ્રકના હાથ નીચે યુદ્ધકલા શીખેલા, ઓછામાં ઓછા બીજા ત્રણસો જણ આવો દાવો કરી શકે. બ્રહ્મા મારા ગુરુ હતા, પણ એમણે કહેલી મોટા ભાગની વાતોને મેં અવગણી કાઢેલી. ખંડમાંથી બહાર નીકળી જવા માટે હું અધીરો થયો. રાજા તરીકે મારે બીજાં પચાસ કામ

કરવાનાં હતાં. પ્રહસ્ત અને વરુણ વચ્ચે કયા પ્રકારની સંધિ થઈ હશે એ ચિંતા મને થવા લાગી. પણ પછી મારા આશ્ચર્ય વચ્ચે મંદોદરીએ ગાવાનું શરૂ કર્યું.

મહાબલિની પ્રશંસા કરતું એ ગીત આમ તો બહુ સુંદર હતું, અને મંદોદરીએ જે રીતે એને સ્વર આપ્યો એમાં કોઈ ખોટ કે ખામી નહોતી. એનો અવાજ મધુર હતો, લય અને તાલનું એમાં જ્ઞાન સ્પષ્ટપણે દેખાઈ આવતું હતું. એ સંગીતની પરીક્ષા આપવા બેઠી હોત તો, શિક્ષક કદાચ મૂંઝાઈ જાત કે આ વિદ્યાર્થિનીની ક્યાં ભૂલ કાઢવી. પરંતુ કાનમાં પડતું એ ગીત મારા હૃદયને સ્પર્શવામાં નિષ્ફળ ગયું. મંદોદરીના સ્વરમાં આત્મા નહોતો. એ ત્રુટિરહિત હતું, પણ રોમેરોમ ઝણઝણાવી દે એવું તત્ત્વ એમાં ગેરહાજર હતું. ગીત પૂરું થવાની રાહ જોતો હું ઊભો રહ્યો.

મંદોદરીએ ગાવાનું બધ કર્યું અને ફરી પાછું પેલું ભારેખમ મૌન છવાઈ ગયું. મને સમજાયું નહીં કે મારે કેવો પ્રતિભાવ આપવો જોઈએ. તાળી પાડું, વાહવાહ કરું, એની રેશમ જેવી સુંવાળી ત્વચાને સ્પર્શીને પ્રશંસાના ફૂલ વેરું, કે પછી સામે હું પણ એકાદું ગીત ગાઈ નાખું... મૂંઝવણ એટલી હતી કે આમાંનું હું કંઈ કરી ન શક્યો. બસ, આમતેમ જોતો, કોઈ આવીને મને બચાવી લે એ વાટ જોતો ઊભો રહ્યો. શાંતિની જરૂર હોય ત્યારે દસ લોકો આવીને હેરાન કરે, પરંતુ જ્યારે ખરેખર જરૂર પડે ત્યારે કોઈ નકામો માણસ પણ ડોકાય નહીં.

છેવટે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો હોય એમ ખંડમાં માનું આગમન થયું, પણ પછી એણે ઉચ્ચારેલા શબ્દો સાંભળીને ખાતરી થઈ ગઈ કે મારી પ્રાર્થના યોગ્ય સ્થાને પહોંચી નહોતી.

'જોયું હું કહેતી જ હતી ને કે આ બેઉ જણ એકમેકને ગમી જશે! રાવણ, આવતા રવિવારે તારા લગ્ન કરવાનું નક્કી થઈ ગયું છે. શક્ય એટલા બધાંય સગાંવહાલાંને આમંત્રણ પહોંચાડી દીધાં છે. બાકીનાને પછી જાણ કરી દઈશું.'

'પણ મા....' અચાનક બહારથી આવેલા અવાજે મારું વાક્ય ત્યાં જ અટકાવી દીધું. પ્રહસ્ત, જાંબુમાલિ અને એમની પાછળ મારીચે ખંડમાં પ્રવેશ કર્યો. પ્રહસ્તે મારી મા સામે જોઈને નમસ્કારની મુદ્રામાં હાથ જોડ્યા અને સ્વાસ્થ્યના ખબરઅંતર પૂછ્યા. મારીચ આંખના પલકારામાં પરિસ્થિતિ પામી ગયો. મા પાસે જઈને એણે મજાકના સૂરે કહ્યું 'તો બહેન, આખરે તેં ચોકઠું ગોઠવી જ દીધું! જુઓ, મારા ભાણેજના ગાલ કેવા રાતા થઈ ગયા છે!'

મારું ચાલે તો હું ત્યાં ને ત્યાં મારીચનું ગળું દબાવી દેત. ત્યાં કુંભ અને વિભીષણ દોડતા આવ્યા. કુંભ મને ભેટી પડ્યો. બે-ત્રણ દિવસથી દાઢી ન કરી હોય એવો એનો દેખાવ હતો અને મોઢામાંથી આવતી તાડીની વાસ તો બધાંના નાક સુધી પહોંચી જ ગઈ હશે.

'માફ કરજો, પણ માનનીય મહિલાઓ અહીંથી વિદાય થાય તો બિચારા પુરુષોને રાજકારભાર વિશે થોડીઘણી ચર્ચા કરવાની તક મળે.' કહી, હું ચૂપ થઈ ગયો.

બહેન મોઢું ચઢાવીને બહાર નીકળી ગઈ. મા મારું કપાળ ચૂમીને વિદાય થઈ. મંદોદરીના હોઠ પર રમી ગયેલું આછું સ્મિત જોઈને મારા ચહેરા પર લાલી ધસી આવી. મય જાણે મહેલના થાંભલાનો અભ્યાસ કરતો હોય એમ ટીંગાઈ રહ્યો, પણ મારીચ એને બહુ પ્રેમથી ખંડની બહાર દોરી ગયો. એના પાછા ફરતાની સાથે પ્રહસ્તએ વાત શરૂ કરી.

'ચાંચિયા સાથે સોદાબાજી કરવાનું સહેલું નહોતું. જે થયું એ કદાચ તમને નહીં ગમે, પરંતુ શક્તિશાળી રાજ્ય તરીકે આપણી ઓળખ ઊભી કરવા માટે હજી આપણને થોડા વધુ સમયની જરૂર છે.'

મારા હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. મારે સંધિની શરતો નહોતી સાંભળવી. વરુણ સાથે લડવું હતું, પણ મેં જાત પર કાબૂ રાખ્યો. પ્રહસ્તએ સાચું કહેલું, અર્થહીન વીરતા દાખવીને મરી જવાનો કોઈ અર્થ નહોતો.

પ્રહસ્તએ શાંત અવાજે કહ્યું, 'બે લાખ સુવર્ણમુદ્રા અત્યારે અને પછી દર ત્રીજે મહિને વીસવીસ લાખ; આપણાં સાત શ્રેષ્ઠ વહાણ, આપણા મરીના પાકમાંથી ત્રીજા ભાગનો અને લવિંગ-એલચીમાંથી પાંચમા ભાગનો હિસ્સો અને આપણા બંદરે આવતા બહારનાં વહાણો જે કર ચૂકવે છે, એમાંથી પચીસ ટકા વરુણને આપી દેવાના.'

'આ નાની-નાની વસ્તુઓના બદલામાં આપણને એ શું આપશે?' મેં કટાક્ષમાં પૂછ્યું.


'મહારાજ, આપણે અત્યારે કોઈ માંગણી કરવાની સ્થિતિમાં નથી.' પ્રહસ્તના અવાજમાં કોઈ ફેરફાર ન થયો. 'હા, બહારના આક્રમણ સામે એણે આપણું રક્ષણ કરવાની બાંહેધરી આપી છે. આપણા સમુદ્રી તટ પર બીજા ચાંચિયાઓ ત્રાસ ન ઉપજાવે એનું ધ્યાન વરુણના માણસો રાખશે.'

પ્રહસ્તે બોલવાનું પૂરું કર્યું. સહુ પોતપોતાના વિચારોમાં ડૂબી ગયા. અમારામાંથી કોઈ નહોતું જાણતું કે, વરુણને અમે કેટલું આપી શકશું. રાજ્યના કોષમાં કેટલું ધન હતું, કોઠારોમાં કેટલું અનાજ હતું કે કરવેરાની આવક કેટલી હતી, એ બધી વાતથી આ નવા શાસકો અજ્ઞાત હતા.

અમે યોદ્ધા હતા. હિસાબ-કિતાબ જોવાનું કામ અત્યાર સુધી અમારું નહોતું. કલમ ઘસનારા, નફો-તોટો ગણનારાને અમે તુચ્છ ગણતા રહેલા, પણ હવે સંજોગો બદલાયા હતા.

o

મીઠા બોલો



ભદ્ર

એ દિવસે મેં એટલી તાડી ઢીંચી નાખી કે, ઘરનો રસ્તો શોધવામાં યે ફાંફાં પડી ગયા. માંડમાંડ પહોંચ્યો ત્યારે મારું સ્વાગત કરવા માટે માલા બારણે જ ઊભી હતી. જોતાંની સાથે ઠંડા પાણી અને ગરમાગરમ ગાળોનો વરસાદ મારા પર થયો, પણ એનો ગુસ્સો લાંબો સમય ટક્યો નહીં. મારા આંસુ જોઈને એ પીગળી ગઈ. કાંઠલેથી ઝાલીને ઘરની અંદર ઘસડી ગયેલી માલાએ જ પછી મને શાંત પાડ્યો. એ ક્ષણોમાં મને ભાન થયું કે હું પ્રેમમાં પડી ગયો હતો.

પરંતુ મારી આંખો તો મારા દેવતાનાં દર્શન માટે તલસતી હતી. મને ખાતરી હતી કે એક દિવસ રાવણ મને મળવાનું કહેણ મોકલશે. અરે, એ પોતે મારા બારણે આવીને ઊભા રહે એવું યે બને. મને ભેટીને એ મારો આભાર માનશે અને હું નમ્રતાપૂર્વક શીશ ઝુકાવીને કહીશ કે, આ બધી શિવજીની કૃપા હતી. હું તો મારા મહારાજનો તુચ્છ સેવક જ હતો. પણ ન કરે નારાયણ, એમની પધરામણી થાય અને હું ઘરમાં ન હોઉં તો?

આ વિચારે મારા પગમાં બેડીઓ નાખી દીધી. લોકો બહાર ફરતા હતા. રાજકારણની ચર્ચાઓ ચોરે ને ચૌટે હતી. મને ઇચ્છા થતી કે બહાર દોડી જાઉં, ટોળામાં ભળી જાઉં, પણ પછી ઇચ્છાઓ પર લગામ તાણીને હું ઘરની અંદર બેસી જતો. મારે તો મારા તારણહારની રાહ જોવાની હતી.

દિવસોના દિવસો આમ જ વીતી ગયા. મારે બારણે કોઈ સંદેશવાહક ડોકાયો નહીં. મનમાં ભય સળવળ્યો, મારા રાજા મને ભૂલી ગયા કે શું? પણ આવો વિચાર આવતાંની સાથે જ મેં જાતને ધમકાવી નાખી. 'અરેરે, આવી શંકાયે કેમ કરીને થાય?' મહારાજ બીજાં મહત્ત્વનાં કાર્યોમાં વ્યસ્ત હતા. એ કદાચ પરિવારજનોના જવાની વાટ જોતા હશે, કાં તો પછી મને એકલા નિરાંતે મળવાનું નક્કી કર્યું હશે.

પરંતુ સમયની સાથેસાથે આ કારણો પણ પોકળ લાગવા માંડ્યા. મારા પ્રિય રાજાએ ખરેખર મને વિસારે પાડી દીધેલો. હું ખરેખર એવો પામર જીવ હતો, જે રાજા તો ઠીક, સામાન્ય પ્રજાની સામે ઊભા રહેવાને પણ લાયક નહોતો. પછી દાઝ્યાને ડામ પડે એવી ઘટના બની.

એક દિવસ માલા મને ખૂબ આગ્રહ કરીને બજારમાં લઈ ગઈ. શાકભાજી લઈને અમે પાછાં ફર્યાં ત્યારે ઘરના પ્રાંગણમાં, દેખાવે શ્રીમંત લાગતા એક પુરુષને એના અશ્વ પરથી ઊતરતો જોયો. માલાના અંગેઅંગમાંથી જાણે હર્ષની સરવાણીઓ ફૂટી નીકળી. શાકની ટોપલી મારા હાથમાં પકડાવીને ઉન્માદભર્યું કંઈ બોલતી, એ પેલા પુરુષ ભણી દોડી. મારી આંખ સામે મારી પ્રિયતમા પારકાના બાહુપાશમાં સમાઈ ગઈ. કોઈ શરમ-સંકોચ વિના બંને જણે એકબીજાંને ચુંબનોથી નવડાવી દીધાં. પછી મારા અસ્તિત્વની નોંધ સુધ્ધાં લીધા વિના એમણે ઘરમાં પ્રવેશીને દરવાજા અંદરથી વાસી દીધાં. મૂઢની જેમ હું ઊભો રહ્યો. સમી સાંજનો અંધકાર મારા

મનની અંદર પથરાઈ ગયો. પેલો અશ્વ પણ જાણે મારી મજાક ઉડાવી રહ્યો હોય એવું લાગ્યું.

ભાંગેલા પગે એની પાસે જઈને મેં બધાં શાકભાજી ઠાલવી દીધાં. હાથ જ નહીં, આખું જીવન હવે ખાલીખમ ભાસતું હતું. ક્રોધથી ચીસો પાડવી કે હતાશાના માર્યા છાતીફાટ રુદન કરવું? સંસારમાં મારું કોઈ નહોતું. હું ત્યાંથી નીકળી ગયો.


ત્રણ દિવસના રઝળપાટ અને ભૂખમરાના અંતે એક અતિથિગૃહમાં મને રસોઇયા તરીકે કામ મળી ગયું. એકધારી મંથર ગતિએ જીવન વીતી રહ્યું હતું. શિયાળાની ઋતુ પૂરી થવા આવી. એક વહેલી સવારે બહાર રસ્તા પર થઈ રહેલા શોરબકોરે મને ઊંઘમાંથી જગાડી દીધો. બારીમાંથી બહાર જોયું તો અચંબાથી આંખો પહોળી થઈ ગઈ. અધ્ધર હવામાં એક યંત્ર ચકરાવા મારી રહ્યું હતું. એમાં મય બેઠો હતો.

મેં માથું ખંજવાળ્યું. શું આ એ જ યંત્ર હતું, જે બનાવવા માટે આ મયના દાદા અને કુબેરે વર્ષો સુધી મહેનત કરેલી? એ વૃદ્ધ મય તો કોઈ અશ્વદોડની સ્પર્ધામાં કમોતે મરી ગયો. એણે જે યંત્રને પુષ્પક વિમાન એવું નામ આપેલું, એનું તો પછી અસ્તિત્વ જ વિસારે પડી ગયું. આજે મય એમાં બેસીને ઊડી રહ્યો હતો. નીચે ભેગાં થઈ ગયેલાં ટોળાંમાં અચરજ અને ભયની મિશ્રિત લાગણી હતી. માણસ હવામાં ઊડી શકે? અને ક્યાંક એ હેઠો પડ્યો તો?

પરંતુ મય તો કુશળતાપૂર્વક થોડીવાર આમતેમ ઊડીને છેવટે રાજમહેલની દિશામાં જતો રહ્યો. લોકોમાં જાતજાતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ. પછી એક દીવાલના મથાળે ઊભા રહીને જોરજોરથી કંઈ બોલી રહેલા માણસ તરફ મારું ધ્યાન ગયું. અરે, આ તો માલાનો પ્રેમી હતો!

ઘરમાંથી નીકળીને હું એના ભણી ગયો. લોકોનો ઘોંઘાટ પણ ધીમેધીમે શાંત પડવા લાગ્યો. પછી દૂરદૂર સુધી સંભળાય એવા ગરજતા અવાજે પેલાએ બોલવાનું શરૂ કર્યું.

'પ્રિય બાંધવો, આ શું ચાલી રહ્યું છે? પ્રજા ભૂખી મરી રહી છે, ત્યારે રાજા સુખસાહ્યબીમાં આળોટે છે. એના માણસો હવામાં ઊડે છે. રાવણ આપણા માટે વિનાશનું વાવાઝોડું લઈને આવ્યો છે. આપણે માથું નમાવીને ચૂપચાપ જોયા કરવાનું છે?'



'ના, ના, ના.' ટોળાંએ ગગનભેદી ગર્જના કરી.

'આપણાં બાળકોનાં પેટ ખાલી છે, ત્યારે મહેલમાં રહેલા વિદૂષકો આવા જલસામાં મશગૂલ છે. હવામાં ઊડીને એમણે આપણું જ નહીં, ભગવાનનું અપમાન કર્યું છે. આકાશમાં વસતા દેવતાઓ પણ આમ પાંખો ફેલાવીને ઊડતા નથી. આપણે કાળી મહેનત કરીને ભરેલો ખજાનો રાવણ એના મૂર્ખ, અર્ધઘેલા, કથિત વૈજ્ઞાનિકો માટે ખાલી કરી રહ્યો છે.'

ભેગા થયેલા લોકોમાં વિમાન જોઈને જ કૌતુક જાગેલું એની જગ્યા હવે ક્રોધે લીધી. પેલા

માણસના શબ્દેશબ્દે મેદનીમાં ઘૂઘવાટ વધી રહ્યો હતો.

'તમે ભૂખથી અને તમારાં ઢોરઢાંખર તરસથી તરફડિયાં મારતાં હશો, ત્યારે તમારો આ રાજા વિમાનમાં ઊડતો ઊડતો તમારું નિરીક્ષણ કરશે. જાણો છો શું કામ?'

'શું કામ?' પ્રચંડ પડઘો પડ્યો, કારણ કે એ તમારાથી ડરે છે. સામાન્ય પ્રજાની સામે આવતાં એના પગ કાંપે છે. શરમ છે તને, રાવણ!' વક્તાએ છાતી પર મુઠ્ઠી પછાડીને ત્રાડ પાડી.

'શરમ છે? શરમ છે?' ટોળાંએ પણ છાતી પર હાથ મારતાં બૂમો પાડી.

'એણે તમારી દુર્દશા માટેની બધીયે જવાબદારી વરુણ પર ઢોળી દીધી છે. હું પૂછું છું કે કોણ છે આ વરુણ? લંકાવાસીઓનું ભાગ્ય નક્કી કરવાનો અધિકાર એને કોણે આપ્યો? અરે, એ તો ચાંચિયો છે. પરંતુ આપણા નસીબમાં એવો કાયર, નબળો રાજા લખાયો છે, જે એક મામૂલી ચાંચિયાની સામે પણ પ્રજાનું રક્ષણ નથી કરી શકતો.'

ટોળામાં આગળની તરફ કંઈ અશાંતિ સર્જાયાનું લાગ્યું. મેં ઊંચા થઈને જોવાનો પ્રયાસ કર્યો, પણ દેખાયું નહીં. મેં વક્તા તરફ પાછું ધ્યાન આપ્યું. 'શું રાવણને આપણે લંકામાં આવવાનું નોતરું આપેલું? શું આપણે એવું કહેલું કે ભાઈ, આવીને અમારા રાજા થવાની કૃપા કરો?'

'ના, ના.' બૂમો પડી.

'એ પહેલાંનો રાજા ધૂર્ત હતો, પણ બહાદુર તો હતો ને?'

'હા, હા.'

'લંકાના કિનારેથી એણે દેશદ્રોહીઓને દૂર રાખેલા. એ રાજાએ પણ પ્રજાને હેરાન કરવામાં બાકી નહોતું રાખ્યું, પરંતુ એનો આત્મા સાવ મરી નહોતો ગયો. એણે આપણી કેડ વાંકી વાળી દીધી, પણ સાવ ભાંગી નહોતી નાખી. એના રાજમાં આપણે સાવ ભૂખે મરવાનો વારો નહોતો આવ્યો, પરંતુ આ રાવણને કોઈ નીતિનિયમ કે શરમ નડતાં નથી. છળકપટથી એ રાજા થઈ બેઠો. એનું ચાલે તો એ પોતાના ભોગવિલાસ માટે માતાની છાતીએથી બાળકને પણ દૂર કરી દે. તમારી બહેન-દીકરીઓ, પત્નીઓને વેચી નાખે. એ નબળો છે, ક્રૂર છે અને એથીયે વધુ તો એ કાયર છે.'

મેદનીએ હાથ ઊંચા કરીને મોટે સાદે સહમતી દર્શાવી. બોલનારાના અવાજમાં ગજબની મોહિની હતી. હું પણ મંત્રમુગ્ધ થઈને સાંભળી રહ્યો. એનો અવાજ, ચહેરાના હાવભાવ, હાથની મુદ્રાઓ સામેવાળા પર વશીકરણ કરી નાખે એવી હતી. મદારી જેમ નાગને ડોલાવે એમ એ વિશાળ જનમેદનીને પોતાના ઇશારે એ નચાવી રહ્યો હતો.

'લંકાજનો, મારા દેશવાસીઓ, હવે તો જાગો. નિષ્ઠુર પણ નબળા શાસકો અસુર પ્રજાને શોભે નહીં. બહારથી આવેલા આ ધુતારાને હાંકી કાઢો. પછી આપણે વરુણને પહોંચી વળીશું. એનેય ભાન થવું જોઈએ કે લંકાવાસીઓ પાણી વિનાના નથી. મિત્રો, સાથીઓ, ચાલો, હમણાં ને હમણાં રાજમહેલ પર ધસી જઈએ. એ દૈત્યને સિંહાસન પરથી ખેંચીને ધૂળ ચાટતો કરી નાખીએ. ચાલો આપણે....'

વાક્ય અધૂરું રહ્યું. ક્યાંકથી આવેલું એક તીર જઈને વક્તાની છાતીમાં પેસી ગયું. એ ઢળી પડ્યો. હેબતાઈ ગયેલા લોકો ક્ષણભર તો એને જોઈ રહ્યા, પણ પછી ચીસાચીસ થઈ પડી. કોઈને હજી કંઈ વિચારવાનો સમય મળે એ પહેલાં તો ચારે તરફથી અશ્વારૂઢ સશસ્ત્ર સૈનિકોનાં ધાડાં ધસી આવ્યાં.

પછી તો લોહીની છોળો ઊડી. નિઃશસ્ત્ર લોકો પાસે લડવાનો તો ઠીક, જીવ બચાવીને ભાગવાનો રસ્તો પણ નહોતો. રુદ્રક પોતે સાક્ષાત કાળ બનીને તલવાર વીંઝી રહ્યો હતો. હથિયારના ઘાથી જે લોકો બચી ગયા'તા એ બધા પેલા અશ્વોના પગ નીચે ચગદાઈ રહ્યા હતા.

એ વખતે મેં ધાર્યું હોત તો હું છટકી શક્યો હોત, પણ કુતૂહલ મને આ તોફાનના કેન્દ્ર ભણી

ખેંચી ગયું. વિરુદ્ધ દિશામાં દોડી રહેલા લોકો સાથે અથડાતો-કુટાતો હું પેલી દીવાલ પાસે પહોંચ્યો. મારી માલાને મારી પાસેથી ઝૂંટવી જનારા માણસનો અંત હું નજીકથી જોવા આતુર હતો.


પરંતુ મારા ભાગે નિરાશા આવી. ઘાયલ વક્તા ક્યાંય દેખાયો નહીં. ક્યાં ગયો એ? મેં આસપાસ જોયું. રુદ્રક પણ ત્રાડો પાડતો, તલવાર વીંઝતો એ જ પ્રશ્ન પૂછી રહ્યો હતો, 'ક્યાં ગયો એ રાજ્યદ્રોહી?'

ધીમા પગલે હું ત્યાંથી નીકળ્યો. તીક્ષ્ણ બાણથી ઘાયલ થયેલો બળવાખોર ભલે અહીંથી ભાગ્યો હોય, પણ બહુ દૂર એ નહીં પહોંચી શકે. હવે એ થોડા કલાકોનો મહેમાન હતો. મેં મારી જાતને આશ્વાસન આપ્યું. પણ કોણ જાણે કેમ, રહીરહીને શંકા ચટકો ભરતી હતી. જન્મ્યો ત્યારથી મારું ધાર્યું કે ઇચ્છેલું ક્યારેય નહોતું થયું.

પછી મેં દૂરદૂર ભડકી રહેલી જ્વાળાઓ જોઈ. લંકામાં આગ લાગી હતી. ત્યારે કોને જાણ હતી કે લંકામાં આ પહેલી અને છેલ્લી આગ નહોતી.

o

ચાંચિયાનો ત્રાસ



રાવણ

'બળવાખોરોમાંથી એકેય જણ જીવતો ન રહેવો જોઈએ.' મેં આદેશ આપ્યો. મારા પોતાના લોકોને હું મૃત્યુના મુખમાં ધકેલી રહ્યો હતો, પણ બહુમતીના કલ્યાણ માટે આ જરૂરી હતું. મેં જાતને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ અંદરથી આવી રહેલો પેલો અવાજ ચૂપ થવાનું નામ નહોતો લેતો. 'રાવણ, ભૂતકાળમાં દરેક સરમુખત્યારે આવું જ કહેલું.' મારી અંદર રહીને મારી જ મજાક ઉડાવી રહેલા એ બીજા રાવણનું ગળું ભીંસી નાખવાની ઇચ્છા થઈ ગઈ.

ખંડમાંથી એક પછી એક સહુએ વિદાય લીધી. એકલા પડતાંની સાથે વિષાદ મને ઘેરી વળ્યો. બારીમાંથી બહાર નજર નાખી તો દૂર દૂર આકાશમાં ધૂમ્રસેરો દેખાઈ. ક્યાંક ઘર, ક્યાંક બજારો, ક્યાંક જીવતાજાગતા મનુષ્યો બળી રહ્યા હતા. હું મારી જાતને આદર્શ શાસક કહેવડાવવાને લાયક હતો? પણ હજી તો આ પ્રારંભ હતો. આગળ જતાં આનાથીયે કઠોર કાર્યો કરવાં પડશે. અત્યારથી કોઈ કરુણ કથાના નબળા નાયકની જેમ આંસુડાં સારવા માંડીશ, જાતને ધિક્કારવા માંડીશ તો બે ડગલાં પણ ચાલી નહીં શકું.

વર્તમાન સંજોગોમાં પણ ક્યાં, મારા પગ નીચેની જમીન સ્થિર હતી? જેમનો ઉદ્ધાર કરવા માટે હું આટલી મહેનત કરતો હતો. એ નગુણા લોકો તો ઊલટા મને નીચે પાડવા મથી રહ્યા હતા. બહારથી આવેલી હવાની લહેરખીએ, ખંડની અંદર ટમટમી રહેલા દીપકને ઓલવી નાખ્યો. દૂર દરિયામાં જાણે નાના-નાના તારલિયા ઝગમગી રહ્યા હોય એવો પ્રકાશ દેખાતો હતો. કદાચ એ વરુણના વહાણ હતાં. ધીમેધીમે મારા મનમાં એક નવી યોજના આકાર લેવા લાગી.

'મહારાજ!' અચાનક પાછળથી આવેલા અવાજે મને હેબતાવી દીધો. વીજળી વેગે મ્યાનમાંથી તલવાર કાઢીને મેં ત્રાડ પાડી, ‘કોણ છે?’

દરવાજે ઊભેલો ઓળો એટલો ઝડપથી ઓરડાના અંધારિયા ખૂણે સરકી ગયો કે, મારી આંખો થોડીવાર એને પકડી ન શકી. પછી દબાયેલો અવાજ સંભળાયો, 'હું ભદ્ર, તમારો સેવક!'

આંખો ખેંચીને મેં અંધારામાં જોવાનો પ્રયાસ કર્યો. એણે ક્યારે આવીને મારો હાથ પકડી લીધો એનીયે મને ખબર ન પડી. 'મહારાજ, હું તમારો દુશ્મન નથી.'

મેં એને લાત મારી, પણ સાપ જેવા એ માણસમાં અદ્ભુત સ્ફૂર્તિ હતી. મારો ઘા ચુકાવીને બાજુમાં ખસી જતાં એ બોલ્યો, 'ક્ષમા કરજો મહારાજ, પણ મારે તમને કંઈક કહેવું છે.'

આમ અચાનક ધસી આવેલા એ માણસને શું સજા આપવી, એ વિચારતો હું ઊભો રહી ગયો.

ભદ્રએ કરેલી ધૃષ્ટતા બદલ, મેં ત્યારે જ એને મૃત્યુદંડ આપી દીધો હોત તો કદાચ જુદો જ ઇતિહાસ રચાત. ઇતિહાસ.... દરેક જણની નજરે જુદો હોય છે. અંતે એવો દિવસ ઊગે છે

જ્યારે કોણે શું કર્યું, શું કામ કર્યું એવી કોઈ વાતનું મહત્ત્વ રહેતું નથી.
આજે અહીં રણભૂમિમાં પડ્યો પડ્યો હું મારા છેલ્લા શ્વાસ ગણી રહ્યો છું ત્યારે લાગે છે કે, ઇતિહાસનું એક મહાન પ્રકરણ મારા હાથે લખાયું છે. એમાં હું મહાનાયકની જેમ જીવ્યો અને દુષ્ટ ખલનાયકની જેમ મર્યો, કે ઊંધું થયું? કે પછી મારી મહાનતા પણ માત્ર ભ્રમણા છે?
એક નાનકડા રાજ્યના રાજકુમાર રામ અને એમની વાનરસેનાએ મારું ધનોતપનોત કાઢી નાખ્યું. મારી બધી સિદ્ધિઓને ધૂળધાણી કરી નાખી. આ ઘટના કદાચ માનવજાતના ઇતિહાસમાં બહુ નાની ક્ષુલ્લક ગણાઈ જશે. પણ ઓ ભાઈ, મને વળી ક્યાંથી ઇતિહાસ વિશે વિચારો આવવા માંડ્યા? ઇતિહાસનો આરંભ અને અંત, બસ મારાથી થતો હતો. પરંતુ એ વાત પણ ક્યાં મહત્ત્વની હતી? આ વિશ્વ મારા જન્મ પહેલાં હતું અને મારા મૃત્યુ પછી પણ રહેશે. મેં જે કર્યું, ન કર્યું એનાથી અહીં કોઈ ફેર નહોતો પડવાનો.
પરંતુ આ સમજણ આજે રહીરહીને આવી છે, એનો કોઈ અર્થ નથી. યુવાનીના એ દિવસોમાં આ બધું સાંભળવા, સમજવાની ફુરસદ કોને હતી? એ દિવસે મારા રાજમહેલના ખંડમાં અંધકારનો એક અંશ બનીને આવેલા ભદ્રનો બબડાટ મેં સાંભળી લીધો. ભૂતકાળ યાદ કરીને એ રડી પડ્યો, ત્યારે મેં કોઈ લાગણી અનુભવી નહીં. પણ જ્યારે એણે મારા પર આક્ષેપ મૂક્યો કે લંકા જીતી લીધા બાદ મેં એને વિસારે પાડી દીધેલો, ત્યારે મારી અચરજની સીમા ન રહી. મારી બુદ્ધિ અને શક્તિથી મળેલા વિજયમાં આ માણસનું વળી એવું શું યોગદાન હતું કે મારે એને યાદ રાખવો પડે?
પરંતુ તોયે એને એ વખતે જોઈને મને પેલું ગલૂડિયું યાદ આવી ગયું, જે મારા સાવકા ભાઈના રથ નીચે કચડાઈ ગયા બાદ રાતભર રડતું રહેલું. હું જાણતો હતો કે પ્રહસ્તને આ માણસ નહોતો ગમતો. તો ચાલો, પ્રહસ્તને ચીઢવવા માટે આને રાખી લઉં! છો ને પાળેલા કૂતરાની જેમ મારી પાછળ પાછળ ફર્યા કરતો.
આ વિચારમાત્રથી મારા હોઠ મલકી ગયા. એ મૂર્ખ સમજી બેઠો કે મેં એ વાત માની લીધી. નીચે પડીને ભદ્ર મારાં ચરણોને ચૂમવા લાગ્યો.
કોઈ માણસ આટલી હદે નીચો પડી શકે? મેં દૂર ખસવાનો પ્રયાસ કર્યો, પણ અચાનક મને એના સ્પર્શમાં આછા સુખનો અનુભવ થયો. લોકો આવી જ રીતે મારા પગે પડતા રહેશે! બીજી જ ક્ષણે જોકે એની સાથેસાથે મને મારી પોતાની જાત પ્રત્યે ઘૃણા ઊપજી. ભદ્રને ધક્કો મારી દઈને મેં કડક અવાજે કહ્યું, 'તું મારો અંગત ચાકર છે. એથી વધુ કંઈ નહીં. સમજ્યો?'
'મહારાજ, વફાદાર કૂતરાની જેમ હું તમારી સેવા કરીશ. મને બીજું કશું નથી જોઈતું.' એણે ગરીબડા અવાજે કહ્યું.
મારી અંદર થોડો ભય, થોડી લજ્જા સળવળી ગયાં. આ માણસે મારા મનમાં ચાલી રહેલા વિચાર વાંચી લીધા? એના પ્રત્યેનો મારો તિરસ્કાર જોઈ લીધો? મારો પાળેલો શ્વાન, મારું રમકડું, ભદ્ર! મેં એની સામે જોયું. ના, ના, હું બીજા શાસકો જેવો નહોતો. ભદ્રને હું મારો મિત્ર માનીશ. સાબિત કરી દઈશ કે મારા શાસનમાં સ્વામી અને સેવક વચ્ચે ભેદભાવ નહોતા.
'ખરેખર?' મારી અંદરથી ફરી પાછો પેલો કટાક્ષસભર અવાજ આવ્યો. 'આ બેડોળ, મૂઢ માણસ તારો સમકક્ષ લાગે છે?'
મેં ભદ્ર સામેથી નજર ફેરવી લીધી. અંદરના અવાજને બળપૂર્વક દબાવી દઈને નિર્ણય કર્યો. 'ભલે એની કિંમત એક તુચ્છ જંતુથી વધુ ન હોય, પણ મારી ગરીબ અસુર પ્રજાનો એ પ્રતિનિધિ છે. એ જાણે છે કે સામાન્ય પ્રજા શું ઇચ્છે છે, શું વિચારે છે. મહેલની બહાર વસતી દુનિયા સાથે એ મારો સેતુ બનશે. આદર્શ અને ન્યાયી રાજા તરીકે શાસન કરવા માટે આ જરૂરી હતું. 'તું હવે જઈ શકે છે.' મારો આદેશ સાંભળીને માથું ઝુકાવીને એ વિદાય થયો.

મારા વિચાર હવે જુદી દિશામાં ફંટાયા. યોજનાઓને અમલમાં મૂકવાની હવે તાતી જરૂર હતી. હાથ જોડીને બેસી રહેવાનું પાલવે તેમ નહોતું. હવે શું કરવું એનો જવાબ શોધવાની મથામણમાં મારી આંખ ક્યારે મળી ગઈ એનું ભાન ન રહ્યું.

બીજા દિવસની સવાર મારા માટે વધુ સમસ્યાઓ લઈ આવી. 'મારે કુંભકર્ણ વિશે વાત કરવી છે.' મારીચે આવતાંની સાથે કહ્યું.

'કુંભ... કે પછી વધુ પડતા ડાહ્યાડમરા વિભીષણ વિશે?' મેં હળવા સૂરે પૂછ્યું.

'વિભીષણની વાત પછી કરીશું. હમણાં તો આ ભોટની ચિંતા કરવાની છે.' મારીચના શબ્દો સાંભળીને હું ખડખડાટ હસી પડ્યો, પણ એનો અવાજ ગંભીર થઈ ગયો.

'રાવણ, આમાં હસવા જેવું કંઈ નથી. કુંભ ખોટે રવાડે ચઢી ગયો છે. સ્ત્રી અને સુરા એની નબળાઈ છે. એ તો આપણે જાણીએ છીએ, અને વાત મહેલની ચાર દીવાલ વચ્ચે રહી હોત તોયે ખાસ વાંધો નહોતો. પણ કુંભ તો ગમે તેવા લોકો સાથે, ગમે તે સ્થળે જઈને મદિરાના ઘડાના ઘડા ગટગટાવી જાય છે. મૂલ્ય ચૂકવવામાં માનતો નથી અને કોઈ પૂછે તો ધમાલ મચાવી દે છે.'

'બસ આટલી વાત છે? અરે, છોકરો આ ઉંમરે થોડી મોજમસ્તી નહીં કરે તો ક્યારે કરશે? હમણાં ને હમણાં મારા અંગત ખાતામાંથી પૈસા કઢાવીને લેણદારોને ચૂકવી દો. કોઈ એવું ન કહી જાય કે રાજાનો ભાઈ પ્રજાને ભોગે તાગડધિન્ના કરે છે.'

'રાવણ, વાત એટલી નાની નથી. કુંભને કેફી દ્રવ્યોની લત લાગી ગઈ છે. મિત્રોની સાથે એ ભાંગ પણ પીએ છે. સોમના છોડમાંથી કંઈ જાતજાતની પીવા-ફૂંકવાની વસ્તુઓ બનાવે છે અને દિવસરાત એની અસર હેઠળ ઘોર્યા કરે છે. દુનિયામાં શું ચાલી રહ્યું છે એનું એને ભાન નથી અને મિત્રતાના નામે લુચ્ચા લોકો કુંભનો લાભ લઈ જાય છે.'

'તો મામા, તમે કહો કે મારે શું કરવું જોઈએ?'

'રાજકારણમાં એને કોઈ હોદ્દા પર ગોઠવી દે, કામકાજમાં વ્યસ્ત રાખ.'

'પણ લોકો મારા પર સગાવાદનો આક્ષેપ મૂકશે.'

'મૂરખ જેવી વાત ન કર, રાવણ. આપણા રાજ્યમાં મહત્ત્વનાં સ્થાને બેઠેલા મોટાભાગના માણસો તારાં સગાંવહાલાં છે. ઉદાહરણ તરીકે પ્રહસ્ત અને હું પોતે!'

'તમારી વાત જુદી છે. તમે એક જમાનામાં રાજ્ય સંભાળ્યું છે. શાસનનો તમને બહુ લાંબો અનુભવ છે. કુંભ અને વિભી હજી બાળક ગણાય.'

'તું ઇચ્છે છે કે એ હંમેશાં એવા જ રહે, મોટા થાય જ નહીં? રાવણ, તને એવો ભય છે કે, આ નાના ભાઈઓને શાસન કરતાં આવડી ગયું, તો પછી તારા સંતાનોના ભાગ્યમાં સિંહાસને બેસવાનું નહીં રહે?'

'તમે આ કેવી વાત કરો છો? જાણો છો ને કે હું એવો સત્તાનો લાલચુ નથી! મારા પણ આદર્શ અને સિદ્ધાંતો છે.'

'પુત્ર, તું જે સિંહાસન પર બિરાજમાન છે એ ભલભલાની મતિ ફેરવી નાખે છે. સત્તા ટકાવી રાખવા માટે લોકો સિદ્ધાંતોને તોડવા-મરોડવાનું શીખી જાય છે.'

'બધાંએ આ શું માંડ્યું છે? જેને જુઓ એ કહે છે કે રાવણના માથે સત્તાનો મદ સવાર થઈ ગયો છે. અરે, જ્યાંના અડધોઅડધ લોકો મને મરતો જોવા ઇચ્છે છે, એવા નગર પર મારે શાસન કરવાનું છે. ડગલે ને પગલે, નમ્રતાભેર મારે એવું સાબિત કરવા મથ્યા કરવાનું કે હું જંગલી, ગમાર, અસુર નથી?'

'તને ખાતરી હોય કે સત્તાએ તને ભ્રષ્ટ નથી કર્યો, અને કરશે પણ નહીં તો...'

'બસ કરો, તમેય પ્રહસ્તની જેમ પ્રવચન આપવા બેસી ગયા. મેં તમને અહીં એક નવી

યોજના વિશે ચર્ચા કરવા બોલાવ્યા છે. કુંભને પણ બોલાવી લ્યો.' મેં વિષયાંતર કર્યું.
થોડીવારમાં કુંભ પણ આવી પહોંચ્યો. મેં એમની પાસે મારી યોજના રજૂ કરી. સાંભળ્યા પછી થોડો સમય તો બંને જણ મૂંગામંતર થઈ ગયા.
છેવટે મારીચે મૌન તોડ્યું, 'રાવણ, આવતીકાલે તારા વિવાહ છે. એવા સમયે આવું દુઃસાહસ કરાય?'
મારીચના હાવભાવ જોઈને ઘડીક મને મારી જાત પર, મારી યોજના પર શંકા જાગી ગઈ. હું કોઈ અવિચારી પગલું ભરવા તો નહોતો જઈ રહ્યો ને? પરંતુ પછી કુંભકર્ણ ઉત્સાહભેર ઊભો થઈ ગયો. 'આ તો બહુ જબરો વ્યૂહ છે. શત્રુઓના ભુક્કા બોલાવી નાખશું.'
'કેટલા માણસોની જરૂર પડશે?' મારીચે ખચકાતા અવાજે પૂછ્યું.
'બસ, ચાર જણ! મામા, તમે, હું, કુંભ અને ભદ્ર... અને હા, દસ-બાર કુશળ તરવૈયા!'
'જોખમ બહુ મોટું છે.' મારીચે માથું ધુણાવતા કહ્યું. 'આ ભદ્ર પર કેટલી હદે વિશ્વાસ મૂકી શકાય?'
'બીજો કોઈ ઉપાય નથી.' મેં કહ્યું. 'મારું મન નથી માનતું.' મારીચ આટલું કહીને વિદાય થયો. કુંભ એની પાછળ ગયો.
મારીચની ચિંતા સાવ ખોટી નહોતી. મેં જે વિચારેલું એને કોઈપણ ડાહ્યો માણસ નર્યા ગાંડપણમાં ખપાવી દે. મૂઠીભર માણસો ગમે તેટલા શૂરાપૂરા હોય તોયે વહાણોના વિશાળ કાફલાને કબજે કરી શકે? હું હવે સાદો સૈનિક નહોતો. રાજાને આવા આંધળુંકિયા કરવાનું ન પાલવે. મારી નજર સામે પ્રહસ્તનો ચહેરો તરવરી ગયો. જેમને હજી તલવાર પકડતાંયે બરાબર નહોતું આવડતું, એવા બાર-પંદર સેનાનીઓ સાથે મધરાતે લંકાનો રાજા, દુનિયાના સહુથી ખૂંખાર ચાંચિયા સામે લડવા નીકળી પડ્યો છે. આ સાંભળીને પ્રહસ્ત કેવો પ્રતિભાવ આપશે? મને હસવું આવી ગયું. પ્રહસ્તને ચીઢવવામાં, એની અવહેલના કરવામાં મને મજા આવતી હતી.
દૂર દરિયામાં ચાંચિયાનાં વહાણો પરનો પ્રકાશ આછો થઈ રહ્યો હતો. કદાચ ચાંચિયાઓ ખાઈપીને, નશામાં મસ્ત, પોતપોતાની પથારીમાં પડવા લાગ્યા હશે. પણ એમનો નેતા વરુણ, આમાંથી કયા વહાણ પર હશે એ હું નહોતો જાણતો. મારે એને ઊંઘતો ઝડપી લેવો હતો. એ જો ચેતી ગયો તો પછી મારી અને લંકાની કેવી દુર્દશા થઈ શકે એ વિચાર સુધ્ધાં થથરાવી નાખે એવો હતો. ઊંડા શ્વાસ લઈને મેં ભય પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો.
પરંતુ ફરી એકવાર મારી પાછળ કોઈએ ખાધેલા ખોંખારાનો અવાજ મને હેબતાવી ગયો. જોયું તો પાછો ભદ્ર!
'મહારાજ, તમારા વફાદાર સેવકો તમારી સેવામાં હાજર છે.' અતિ નમ્ર અવાજે તેણે કહ્યું.
વીસ માણસ અને એમાં એક તો આ ભદ્ર, મારા આદેશ પર પ્રાણ ન્યોચ્છાવર કરવા તૈયાર હતા. તો પછી અચાનક મારું બધુંયે જોમ અને ઉત્સાહ મંદ કેમ પડવા લાગ્યા?
મન મક્કમ કરીને કોઈ બહાદુર સેનાપતિને છાજે એવી રીતે ઊંચું મસ્તક અને ટટ્ટાર ખભા રાખીને હું ખંડની બહાર નીકળ્યો. શું મારા સૈનિકોને મારા જેવો જ ભય સતાવતો હશે?
અમે દરિયાકિનારે પહોંચ્યા. ખડક સાથે અફળાઈ રહેલાં મોજાંના અવાજે મને ઢંઢોળ્યો. હતાશાજનક વિચારોને બાજુએ હડસેલીને માણસોને દોરવણી આપવા તૈયાર થયો, પણ એમણે તો એ પહેલાં કામ કરી શરૂ કરી દીધેલું. ભદ્રએ એક દૂબળા-પાતળા લાગતા માણસ સાથે મળીને દરિયામાં ત્રણ તરાપા તરતા મૂક્યા. કેડસમાણા પાણીમાં ચાલીને માણસો એ પર સવાર થઈ ગયા. ઘૂઘવાટા મારતા, કાળાધબ્બ સાગરને હું થોડા ભય સાથે તાકી રહ્યો. આંખના પલકારામાં એ અમને ગળી જશે. થોડીવાર પહેલાં કિનારાની સાવ નજીક નાંગરેલા લાગતા, વરુણનાં વહાણ હવે દૂર ક્ષિતિજમાં દેખાતાં હતાં.

જેમતેમ હિંમત ભેગી કરીને હું આગળ વધ્યો. પણ ગાંડાતૂર ઊછળી રહેલા પાણીની અંદર સંતુલન જાળવી ન શક્યો. મોજાં મને એની સાથે પાછા કિનારે તાણી ગયા. મોઢામાં પ્રવેશી ગયેલું ખારું પાણી થૂંકીને, પડતો-આખડતો હું પાછો ગયો. આ વખતે તરાપા પર પહોંચી શક્યો. મારા સૈનિકોના ચહેરા પર આવી ગયેલા હાંસીભાવ પ્રત્યે મેં ધ્યાન ન આપ્યું. એ લોકોએ ઝડપભેર હલેસાં ચલાવવાનું આરંભી દીધું. બીજા બે તરાપા અમારી પાછળ હતા.

આકાશમાં વીજળી ચમકી અને દૂર વાદળોની ગડગડાટી થતી સંભળાઈ. મહેલની બારીમાંથી શાંત લાગેલો સમુદ્ર હવે તોફાને ચઢ્યો હતો. બીજા તરાપા બહુ પાછળ રહી ગયેલા, પણ સદ્નસીબે અમે સહીસલામત પેલા મોટાં વહાણોની નજીક પહોંચી ગયા.

શરીર પર માત્ર એક લંગોટ રાખીને મેં મારા બીજાં બધાં વસ્ત્રો ઉતારી નાખ્યાં. મોઢાની અંદર, દાંત વચ્ચે તલવાર રાખીને મેં ઠંડાગાર પાણીમાં ઝંપલાવ્યું અને જોશભેર વહાણની દિશામાં તરવાનું શરૂ કર્યું. મારા માણસો મારી પાછળ જ હતા. જંગી વહાણો પાણીમાં હાલકડોલક થઈ રહ્યાં હતાં. આના પર કઈ રીતે ચઢવું, આખા કાફલામાં વરુણ કયા વહાણ પર હશે, એવું હું વિચારતો હતો ત્યાં તો મેં મારા બે સૈનિકોને વહાણની એક તરફથી ઉપર ચઢતા જોયા. ભીંત પર ગરોળી ચાલે એવી કુશળતા અને ઝડપથી ઉપર જઈ રહેલા માણસોને જોઈને હું તો દંગ થઈ ગયો. પછી એમણે ઉપર પહોંચીને અમારા માટે બે દોરડાં નીચે ફેંક્યાં, ત્યાં સુધીનો સમય યુગો જેટલો લાંબો લાગ્યો. છેવટે દોરડાં આવ્યાં, પકડીને મેં ઉપર ચઢવાનું શરૂ કરી દીધું. બાજુમાં ભદ્ર હતો અને પાછળ બીજા લોકો. તૂતક પર પગ મૂકીને હું રાહતનો શ્વાસ ખેંચવા ગયો, પણ એ પહેલાં સામે જે દૃશ્ય દેખાયું, એણે મારો શ્વાસ ગળામાં જ રૂંધી નાખ્યો. સહુથી પહેલાં ઉપર પહોંચેલા મારા બે બહાદુર સેનાની તૂતક પર ચત્તાપાટ પડ્યા હતા. એમની કાયા લોહીથી લથપથ હતી. 'ભાગો' જેમતેમ મગજ ઠેકાણે રાખીને મેં ચીસ પાડી.

મારા અવાજને દબાવી દે એવી ધણધણાટી આકાશમાં થઈ અને વરસાદ તૂટી પડ્યો. ઉપર-નીચે, હાલકડોલક થઈ રહેલા વહાણના લપસણા તૂતક પર સ્થિર ઊભા રહેવાનું કઠિન હતું. મારા બે-ત્રણ માણસો નીચે દરિયામાં ઊથલી પડ્યા હતા. બાકીના મારી સાથે તૂતક પર ઊભા રહીને, ફાટી આંખે મૃત સૈનિકો ભણી તાકી રહ્યા. મેઘગર્જના સિવાય ક્યાંય કોઈ બીજો અવાજ નહોતો. પાણીમાં તરબોળ, શરીરે માત્ર લંગોટ અને હાથમાં ખુલ્લી તલવાર સાથે અમે અમારા મૃત્યુની રાહ જોતા ઊભા રહ્યા.

વીજળી ચમકી અને એના પ્રકાશમાં મેં અમને ઘેરીને ઊભેલા ચાંચિયા જોયા. એમની સંખ્યા અને શસ્ત્રબળ અમારાથી અનેકગણા વધુ હતા. લડવાનું તો બાજુએ રહ્યું, એમના હાથમાંથી છટકવાનું પણ લગભગ અશક્ય હતું. પરંતુ મોત સામે આવીને ઊભેલું, તો વીરતાપૂર્વક લડતાં-લડતાં શું કામ એને ન ભેટવું? કૂદકો મારીને મેં મારી નજીક ઊભેલા ચાંચિયાના પેટમાં તલવાર ભોંકી દીધી. આ જોતાંની સાથે મારા માણસોની મૂર્છા તૂટી અને મરણિયા થઈને એમણે પણ તલવારો ફેરવવાનું શરૂ કરી દીધું. મૃત્યુ નક્કી જ છે, એ વિચારે મારા ભયને ઉડાડી દીધો. સાક્ષાત કાળ બનીને હું શત્રુઓ પર તૂટી પડ્યો. મારી તલવારના ઝાટકે કેટલાં ઢીમ ઢાળી દીધાં એનુંયે મને ભાન નહોતું. પાણી અને રક્તથી ચીકણા થઈ ગયેલા તૂતક પર પગ લપસી જતા હતા, અને સઢમાંથી લટકતાં મોટાં દોરડાં જોખમમાં વધારો કરતા હતા. મારા શરીરે ઠેકઠેકાણે થયેલા ઘામાંથી લોહી નીતરી રહ્યું હતું, પણ કોઈ વસ્તુની પરવા કર્યા વિના હું લડતો રહ્યો.

ધીમે ધીમે મારા હાથ ધીમા પડ્યા અને મને ભાન થયું કે, અમે શત્રુઓનો ઘાણ વાળી દીધેલો. આ વહાણ પર કબજો કરી લેવાનું હવે અઘરું નહોતું, પણ એ જ વખતે ચાંચિયાના બીજાં વહાણો અમારી નજીક આવી રહેલાં દેખાયાં. એના તૂતક પરથી પાણીમાં ખાબકવા લાગેલા ચાંચિયા પૂરજોશથી અમારી દિશામાં તરતા આવી રહ્યા હતા. એ અમારા સુધી પહોંચી

ગયા તો અમારો ખેલ ખલ્લાસ હતો. અમારામાંથી એકેય જણ જીવતો નહોતો રહેવાનો.

મેં આંખો ખેંચીને જોયું. વરુણ ક્યાં હતો? એ દુષ્ટ એકવાર મારા હાથમાં આવી જાય તો પછી હસતા મુખે મોતને ભેટવું મને મંજૂર હતું. વહાણ પર ચઢવાના ફાંફાં મારી રહેલા એક ચાંચિયાના મોઢા પર લાત મારીને મેં એને નીચે પાણીમાં પધરાવી દીધો. પછી અચાનક વિચાર આવ્યો કે, વરુણ આ જ વહાણમાં ક્યાંક સંતાઈને નથી બેઠો ને!

તૂતક પરથી નીચેની તરફ જતાં હું ધડધડાટ પગથિયાં ઊતરી ગયો. સામે બંધ દરવાજા હતા. કોઈ મોટી–મહત્ત્વની વ્યક્તિના ખંડ પર શોભે એવા સુંદર, નકશીદાર બારણાની તિરાડમાંથી આછો પ્રકાશ દેખાતો હતો. ઉપર ચાલી રહેલી લડાઈના અવાજ અહીં આછા ગણગણાટ જેવા જ લાગતા હતા. જોશભેર લાત મારીને મેં દરવાજો તોડી નાખ્યો અને ખુલ્લી તલવારે અંદર પ્રવેશ કર્યો.

ઓરડો પહેલી નજરે ખાલીખમ લાગ્યો. કાયર ક્યાંક ખાટલાની નીચે તો નથી ભરાઈ બેઠો ને, એ તપાસવા માટે મેં ઘૂંટણીયે પડીને જોયું. ત્યાં કોઈ નહોતું, પણ અચાનક મારી ગરદન પર ઠંડીગાર ધાતુનો સ્પર્શ થયો. ‘શું વાત છે, અસુરોના સમ્રાટ આજે એક ગરીબની ઝૂંપડીએ પધાર્યા. ધન્યભાગ્ય મારા!'

હું કંઈ બોલી શકું એ પહેલાં તો વરુણે એના લાકડાની ચાખડી પહેરેલા પગથી કચકચાવીને લાત ઝીંકી દીધી. મારો ચહેરો લોહીલુહાણ થઈ ગયો, પણ બીજી જ ક્ષણે મારી બધીયે પીડા અને ભયની ઉપર રોષ સવાર થઈ બેઠો. જેને હું ખૂબ જ ધિક્કારતો હતો એ શત્રુ સામે ઊભેલો. ઊછળીને હું ઊભો થઈ ગયો અને લડવાનું શરૂ કર્યું.

હું વીસ-બાવીસ વર્ષનો હતો અને વરુણ લગભગ ચાલીસનો. મારી પાસે યુવાનીનું જોશ હતું, પણ તોયે થોડીવારમાં લાગ્યું કે એને હરાવવાનું મારું ગજું નહોતું. જાણે કોઈ બાળક સાથે રમતો હોય એટલી સહજતાથી વરુણ મારા ઘા ચૂકવતો હતો.

હું થાકવા લાગ્યો. હાથમાંથી તલવાર સરી જશે એવું લાગતું હતું. પણ એ જ વખતે બારણેથી ત્રાડ સંભળાઈ, 'વરુણ, જીવ વહાલો હોય તો તલવાર ફેંકી દે!'

આશ્ચર્યથી મેં અવાજની દિશામાં જોયું. મારીચ અને કુંભકર્ણ ત્યાં ધનુષ્ય પર બાણ ચઢાવીને ઊભા હતા. વરુણે લડવાનું અટકાવ્યું, પણ પછી એ બારી તરફ ધસી ગયો. મેં એના પગ ન પકડી લીધા હોત તો એ નક્કી સમુદ્રમાં ઝંપલાવી દેત. મેં વરુણને મોંભેર પાડ્યો અને કુંભ એની પીઠ પર ચઢી બેઠો. મારીચે બારી પર લટકતા રેશમી પડદા ખેંચી કાઢ્યા. એનાથી અમે વરુણના હાથપગ મુશ્કેટાટ બાંધી દીધા.

'તમે લોકો આમ અણીના સમયે કેવી રીતે આવી પહોંચ્યા?' છેવટે મેં આભારવશ અવાજે પૂછ્યું.

મારીચ હજી હાંફી રહ્યો હતો પણ એણે લંબાણપૂર્વક જવાબ આપ્યો, 'સવારે તારી સાથે ચર્ચા કરીને, આવું કંઈ કામ કરવાની ના પાડીને હું નીકળી તો ગયો, પણ પછી મને ચેન નહોતું પડ્યું. તને સમજાવવા માટે રાતે હું પાછો તારા કક્ષમાં ગયો, પણ તું ત્યાં નહોતો. ત્યાં હાજર બીજા કોઈને ખબર નહોતી કે તું ક્યાં ગયેલો. હું તરત સમજી ગયો. દોડીને મેં આ આળસુને જગાડ્યો અને રણશિંગું ફૂંક્યું. સેનાના અડધા જણ તો રોજની જેમ પુષ્કળ સુરા ઢીંચીને સૂઈ ગયેલા. જેટલા અડધાપડધા ભાનમાં હતા, એમને લઈને અમે સાગરકિનારે ધસી ગયા અને પછી મારંમાર હલેસાં ચલાવતા અહીં આવી પહોંચ્યા. આવીને તારી ભવાઈ જોઈ.'

'આપણા પક્ષે કોઈ જાનહાનિ થઈ છે?' મેં નરમ અવાજે પૂછ્યું.

'આપણામાંથી છ-સાત જણ પાણીમાં ડૂબી ગયાની ભીતિ છે. તને કદાચ દુઃખ થશે, પણ તારો પ્રિય ભદ્ર એમાંનો એક છે.'

'ભાઈ, આ ચાંચિયાનું શું કરશું?' કુંભે અમારી ચર્ચામાં વિક્ષેપ પાડતાં પૂછ્યું.

ક્ષણનોયે ખચકાટ વિના મારીચે કહ્યું, 'સાગરનો રાજા હતો. એને તો જળસમાધિ જ શોભે. ફેંકી દો બહાર!'


'હા.' મેં કહ્યું પણ તરત મારો વિચાર બદલાઈ ગયો. 'ના, ના, એના કરતાં તો ચાંચિયાને લંકા લઈ જઈને વસ્ત્રહીન દશામાં એને શેરીઓમાં ફેરવીએ!'

મારીચ મારી સામે જોઈ રહ્યો. થોડીવાર બાદ એણે શાંતિથી કહ્યું, 'હું હજીયે માનું છું કે સાગરમાતાને ખોળે ચાંચિયાના રાજાની ભેટ ચઢાવી દેવી જોઈએ.'

પરંતુ મેં એની સલાહ અવગણી કાઢી. કાશ, સમયનું ચક્ર પાછું ફેરવી શકાતું હોત તો એ ક્ષણ પર પાછા ફરીને મેં મારીચ અને કુંભને કહ્યું હોત, 'ચાલો, આ ચાંચિયાને ઉપાડીને સમુદ્રમાં પધરાવી દઈએ.'

o

વિવાહની તૈયારી



રાવણ

અમે લંકા પહોંચ્યા ત્યાં સુધીમાં તો ચારે તરફ ખબર ફેલાઈ ગઈ હતી કે સમર્થ સમ્રાટ રાવણે દુનિયાના સહુથી ભયાનક ચાંચિયાને ધૂળ ચાટતો કરી દીધેલો.

જેના નામથી ધરતી અને સાગર ધ્રૂજતા હતા, એ વરુણને અમે માત્ર લંગોટ પહેરાવીને, આખા શરીરે કાદવ ચોપડીને લંકાની ગલીએ ગલીએ ફેરવ્યો. પાછળ એના માણસો હતા. માર્ગની બંને બાજુ ઊભેલા નગરવાસીઓ એમના પર થૂંક્યા, ક્યાંક એમની મારપીટ કરાઈ. જ્યાં જુઓ ત્યાં રાજા રાવણનો જયજયકાર ગૂંજી રહ્યો હતો. દેખાવે કંગાળ લાગતા એક માણસે આવીને મારા પગ પકડી લીધા. સૈનિકે એને લાત મારીને ફંગોળી દીધો. ટોળામાં હસાહસ થઈ ગઈ, પણ કોઈએ વળી મારી વિરુદ્ધમાં બૂમ પાડવાની કુમતિ સૂઝી. અવાજની દિશામાં મેં તીખી નજર નાખી. કોલાહલ મંદ પડી ગયો. લોકોની આંખો નીચી ઢળી ગઈ, પણ એમાં પથરાઈ ગયેલો ભય મેં વાંચી લીધો.

આ એ જ લોકો હતા, જેમણે મને રાજગાદી પરથી ઊથલાવી નાખવા માટે બળવો પોકારેલો કે બળવાખોરોને સાથ આપેલો. હવે મારાં દર્શનમાત્રથી ફફડી રહ્યા હતા. સફળતાની સામે ભલભલાનું માથું શરમથી ઝૂકી જાય એ વાત સાવ સાચી છે.

મેં પાછળ ફરીને જોયું તો ઘોંઘાટ મચાવી રહેલા, મોટેમોટેથી હસી રહેલા મારા સૈનિકોએ પણ મૂંગા થઈ જઈને ગરદન નીચી કરી દીધી. કુંભ સામે જોયું તો એણે સ્મિત વેર્યું. એની સામે સ્મિત આપ્યા વિના મેં મારીચ પર દૃષ્ટિ ઠેરવી. એણે આછા વિષાદભાવે માથું હલાવ્યું. 'આ માણસ કેમ મારી સામે નમતો નથી?' મેં ચીઢ અનુભવી. પછી રક્તથી ખરડાયેલા વરુણે અટ્ટહાસ્ય કર્યું. શું એ પણ મારી મશ્કરી કરી રહ્યો હતો? મને એ હાસ્યથી ભય લાગ્યો અને એથીયે વધુ ભય મેં મારી જાતથી અનુભવ્યો. 'આ શું, હું માનવ મટીને પિશાચ બની ગયો હતો? મારા પોતાના લોકો સાથે મારે આ રીતે વર્તવું જોઈએ? અરે, મારીચે મારી સામે માથું ઝુકાવ્યું નહીં, તો એના પર પણ મને ક્રોધ ચઢી ગયો? અચાનક મને ઇચ્છા થઈ ગઈ કે દોડીને હું મારીચને ભેટી પડું. મારા મનમાં આવી ગયેલી દુર્વૃત્તિ વિશે એની ક્ષમા માંગી લઉં, પણ મારાથી એવું થયું નહીં. ઉતાવળે પગલે હું મહેલમાં પ્રવેશી ગયો.

પ્રહસ્ત મારી વાટ જોતો ઊભો હતો. હંમેશની જેમ એનાં ભવાં ચઢેલાં હતા, આજે એના અણગમાના ભાવ પણ મેં જોઈ લીધા. મને હસવાનું, એની ફરતે નાચવાનું મન થઈ ગયું. જોઈ લે, ધીરજ રાખો, ચેતીને ચાલો એવી બધી તારી શિખામણો સાંભળીને મહેલમાં બેસી રહ્યો હોત તો આજે વરુણ હજીયે આપણા માથે ટપલાં મારતો હોત મનોમન આવું બબડતો હું પ્રહસ્તની નજીક પહોંચ્યો.

પરંતુ મનની વાત મોઢામાંથી બહાર નીકળે એ પહેલાં દ્વારપાળે મોટે અવાજે કહ્યું 'મહારાજ, દરબારીઓ હાજર છે.' પ્રહસ્ત અને સમિતિના બીજા સભ્યો મને શું પૂછશે, એનો શું જવાબ

આપવો. એવા વિચાર મારા મનમાં ઘૂમરાવા લાગ્યા.

'મહારાજ...' ચર્ચાની શરૂઆત પ્રહસ્તે જ કરી. પહેલીવાર મને એના અવાજમાં આછા તોતડાપણાની ઝાંખી થઈ. 'મહારાજ, પહેલો મુદ્દો એ છે કે વરુણનું હવે શું કરવું એ નિર્ણય આપણે.... તમારે લેવો પડશે.'

'પ્રધાનમંત્રી, તમે જ કહો, આપણે શું કરવું જોઈએ!' મેં પ્રહસ્તને પૂછ્યું જોકે મને ખાતરી હતી કે સેંકડો વર્ષ પહેલાં થઈ ગયેલા કોઈ નાના-મોટા, કે કાલ્પનિક અસુર રાજાનો હવાલો આપીને પ્રહસ્ત કહેશે કે, 'હારેલા રાજા સાથે એક રાજાને શોભે એવો વ્યવહાર કરવાની ભવ્ય, આસૂરી પરંપરા છે. વરુણની રાજસી મહેમાનગતિ કરીને પુષ્કળ ભેટસોગાદો આપીને એને પ્રેમથી વિદાય કરવો જોઈએ.' પ્રહસ્ત જેવા માણસો ક્યારેય ઇતિહાસ પાસેથી ધડો નથી લેતા. આ રીતે મુક્ત કરાવેલા દુશ્મનો જરૂર પાછા ફરે અને પેલા ઉદાર, વેવલા રાજાનું ધનોતપનોત કાઢી નાખે એવી ઘટનાઓ એમને યાદ નથી રહેતી. પ્રહસ્તને કઈ રીતે તોડી પાડવો એ હું વિચારવા લાગ્યો, પરંતુ એણે તો સાવ ઊંધું જ કહ્યું.

'મહારાજ, અમારો મત છે કે વરુણને તત્કાળ મૃત્યુદંડ આપવો જોઈએ. આ વખતે એને જવા દઈશું તો ભવિષ્યમાં વધુ બળિયો થઈને, એ આપણા નબળા સમયે ત્રાટકશે. પ્રધાનોનું કહેવું છે કે, આવા માણસને અત્યંત કઠોર શિક્ષા આપીને, એના જેવા બીજાઓ માટે દાખલો બેસાડવો જોઈએ.'

મારા આશ્ચર્યનો પાર નહોતો. કોઈને કલ્પના પણ આવે કે પ્રહસ્તના મોઢામાંથી આવાં દયાહીન વચન નીકળી શકે? પણ હવે હું ફસાઈ ગયેલો. વરુણને છોડી દઉં તો મારા પર નાનાભાઈ વિભીષણની સલાહ માન્યાનું આળ ચઢે. મારી નાખું તો બધાં કહેશે કે, મારો દોરીસંચાર પ્રહસ્તના હાથમાં હતો. શું કરવું?

આ સંવાદ સાંભળી રહેલા વરુણના ચહેરા પર કોઈ હાવભાવ નહોતા. પોતાના જીવન-મૃત્યુ વિશે બીજાઓ નિર્ણય લઈ રહ્યા હોય ત્યારે આમ શાંત, નિર્લેપ ઊભી રહેનારી વ્યક્તિ પર ખરેખર માન થઈ જાય. 'વરુણને મૃત્યુદંડ નહીં થાય.' મેં કહી દીધું.

સભામાં થઈ રહેલો ગણગણાટ સાવ શમી ગયો. આંખો ફાડીને બધા મને જોઈ રહ્યા. પછી બેઠક પૂરી થઈ ગયેલી માનીને, એકએક જણ ઊભા થવા લાગ્યા.

'થોભી જાવ, મારા નિર્ણય પાછળનું કારણ પણ મારે તમને આપવું જોઈએ. તમારી જેમ હું યે માનું છું કે આ ચાંચિયાને સાવ એમ ને એમ છોડી તો ન જ દેવાય. એને એના કર્યાની સજા જરૂર મળશે. વરુણના બધાંય વહાણ જપ્ત કરીને, આપણા નૌકાદળમાં સમાવી લેવાનો આદેશ મેં આપી દીધો છે. એના માણસો યોગ્ય તાલીમ લીધા બાદ આપણા માટે કામ કરશે અને આ વરુણ...' બોલતાં બોલતાં હું સમુદ્રના એ મહાતસ્કર પાસે જઈને ઊભો રહ્યો. મારાથી કદમાં લગભગ અડધો હાથ ઊંચા વરુણની આંખોમાં આંખ પરોવીને, જડબાં ભીંસીને મેં કહ્યું, 'આનું અડધું માથું મૂંડીને, અવળે ગધેડે બેસાડીને આખા નગરમાં ફેરવો. પછી એક મોટું, ગંધાતું ડુક્કર શોધીને, એ સાથે આ ચાંચિયારાજને પરણાવી દો. એના લગ્નનો ખર્ચ રાજ્ય આપશે. હા, આ વિધિ મારા વિવાહના દિવસે જ થવી જોઈએ.'

વરુણના હોઠ મલક્યા, 'વાહ, બધાં ડુક્કર એક જ દિવસે પરણવા નીકળશે.'

સાંભળીને સભામાં બેઠેલા સહુ હસી પડ્યા. મેં વરુણના મોઢા પર મુક્કો મારી દીધો. જોકે પછી મને પણ હસવું આવી ગયું. માત્ર પ્રહસ્તનો ચહેરો પથ્થર જેવો ભાવવિહીન રહ્યો.

'મહારાજ, ચાંચિયાને ભલે મૃત્યુદંડ ન આપીએ, પણ હવે જાહેરમાં એનું વધુ અપમાન કરવાનું યોગ્ય નથી. મને લાગે છે કે એને મરતાં સુધી કાળી કોટડીમાં કારાવાસની સજા આપવી પૂરતી છે.' છેવટે પ્રહસ્ત બોલ્યો.

મેં એને તોડી પાડ્યો, 'તમે શિખામણ આપી અને મેં સાંભળી લીધી. શું કરવું જોઈએ એનો નિર્ણય મેં લઈ લીધો છે.' કહીને મેં ત્યાંથી ચાલતી પકડી. મેં માની લીધું કે વરુણ વાળું પ્રકરણ પૂરું થઇ ગયું. ત્યારે તો એવું જ લાગ્યું હતું.

લગ્ન ચાર દિવસ પછી એટલે કે શુક્રવારે હતા. ઝીણામાં ઝીણી તૈયારી પર મારું ધ્યાન હતું. હું મારા નહીં, ચાંચિયાના વિવાહ માણવા માટે અધીરો હતો.

દુનિયામાં આવી સજા તો કોઈને ક્યારેય નહીં મળી હોય. જોકે રહીરહીને મને વરુણની હિંમત માટે આદરભાવ જાગતો હતો. એના પર થયેલા બધાંયે ત્રાસ એણે મૂંગે મોઢે સાંખી લીધા. મને જોઈને ચિરાઈ ગયેલા હોઠે એ સ્મિત વેરતો હતો. એકવાર તો વરુણના ચહેરા પર જોરથી પ્રહાર કરીને, એના મોઢામાં રહેતા રહ્યાસહ્યા દાંત ભાંગી નાખવા મેં હાથ પણ ઉપાડી લીધો, પરંતુ પછી જાતને રોકી લીધી. મારા અને રસ્તે રખડતા, ઝઘડતા, સાવ નીચલી કોટીના માણસની વચ્ચે કોઈ ફેર લાગે કે નહીં?

મુઠ્ઠીઓ વાળીને હું મહેલના બીજા કક્ષ તરફ વળ્યો. ત્યાં જે દૃશ્ય નજરે પડ્યું એથી મારા પગ ઉંબરા પર જ અટકી ગયા. ઊંચા આસને મારા પિતા બિરાજમાન હતા. નીચે બેઠેલી મારી મા એમના પગ દાબી રહી હતી. વિભીષણ ભક્તિભાવે બાજુમાં ઊભેલો અને શૂર્પણખા, પિતાને ખુશ કરવા માટે મૂર્ખ જેવા ચેનચાળા કરી રહી હતી. પ્રહસ્તને બાદ કરતાં બધાંય પ્રધાનો ત્યાં હાથ જોડીને ઊભા હતા. દેખાવ એવો હતો જાણે કોઈ રાજાધિરાજની પધરામણી થઈ હોય.

'વિદ્વાન પિતા અને શૂરવીર પુત્રનો કેવો અદ્ભુત મેળાપ!' પ્રવેશદ્વાર પાસે મારી બાજુમાં આવીને ઊભેલો કુંભકર્ણ બોલ્યો.

'આ કુટુંબમેળાવડામાં તું કેમ નથી જોડાયો?' રોષને માંડમાંડ કાબૂમાં રાખતાં મેં પૂછ્યું.

'ભાઈ, ત્યાં મારું કામ નહીં. નાનપણમાં આપણે બધાં સાથે મળીને પેલું કયું ગીત ગાતા હતા... મને તો હવે એ પણ યાદ નથી.' કુંભકર્ણ હસ્યો. એના મોઢામાંથી આવતી મદિરાની ભયાનક દુર્ગંધ મારા નાકે પહોંચી. મેં ઘૃણાભેર કુંભ સામે જોયું. સ્થૂળ, કુરૂપ, સતત ખાઈપીને વિસ્તરી ગયેલી એની ફાંદ... વીસ વરસની ઉંમરે એ ચાલીસનો લાગવા માંડેલો. અચાનક મારા ક્રોધ પર રાખેલો બંધ તૂટી ગયો. 'ભાન છે તને, તું શું કરી રહ્યો છે?' ચીસ પાડીને મેં એના વાળ પકડી લીધા. 'મૂર્ખ, ખાઉધરા...' દીવાલ સાથે એનું માથું અફાળીને હું ઘાંટા પાડવા લાગ્યો. સાવ નક્કામો છે...' મારો સામનો કરવા જેટલી શક્તિ એનામાં નહોતી.

અવાજ સાંભળીને મારા પરિવારજનો દોડી આવ્યા. ત્યાં સુધીમાં કુંભકર્ણ કોથળાની જેમ નીચે ફસડાઇ પડેલો. લોહીથી ખરડાયેલા એના મોઢામાંથી ઊંહકારા નીકળી રહ્યા હતા. મારીચે મને પકડી લીધો. ગભરાઈ ગયેલી શૂર્પણખાએ ચીસ પાડી અને પછી સટાક! મારા ગાલ તમતમી ગયા! હેબતાઈને મેં જોયું તો માની ચિરાઈ ગયેલી હથેળીમાં લોહીના ટશિયા ફૂટી આવેલા. લાફો મારતી વખતે એનો હાથ મારા કાનના કુંડળ સાથે ઘસાઈ ગયેલો.

માએ મને માર્યો. મારા પ્રધાનો, મહેલના નોકરચાકરોની સામે એણે મારા પર હાથ ઉગામ્યો? જંગલમાં દાવાનળની જેમ આખા નગરમાં આ વાત પ્રસરી જતાં વાર નહીં લાગે. ઘેરઘેર હાંસી થશે કે લંકાનો રાજા એની માતાના પાલવનો છેડો પકડીને ચાલે છે. મહેલની ચાર દીવાલની વચ્ચે એની ગણના બાળક જેવી જ થાય છે.

મને પકડીને ઊભેલા મારીચને મેં એટલા જોરથી ધક્કો માર્યો કે, એ ભોંયભેગો થઈ ગયો. મારી મા પાસે ધસી જઇને મેં એના વાળ પકડી લીધા અને પછી ઘસડીને બહાર લઈ ગયો. ગુસ્સાએ મને ભાન ભુલાવી દીધેલું, પણ પછી પીઠ પાછળ હાથ રાખીને ઊભેલા પ્રહસ્ત પર મારી નજર પડી અને મારા પગ અટકી ગયા. માના કેશ પરથી મારી પક્કડ ઢીલી પડી ગઈ.

વસ્ત્રો સંભાળતી એ જમીન પરથી ઊભી થઈ. મારી આંખ ઉપર પડેલા ક્રોધના આવરણ ધીમેધીમે ઊતર્યાં અને મારી સાન ઠેકાણે આવી. 'અરેરે, મેં આ શું કરી નાખ્યું?' પગથી માથા સુધી હું કંપી ગયો, પરંતુ લજ્જાની સાથેસાથે મનના એક ખૂણે કોણ જાણે કેમ, સંતોષ, આનંદની લાગણી સળવળી રહી હતી!

'મહારાજ, સજા માટે અપરાધી તૈયાર છે.' પ્રહસ્તે નમ્ર અવાજે કહ્યું.

અપરાધી...? કોણ અપરાધી...? મારું મગજ બહેર મારી ગયું.

'પહેલો મારો વારો... તારી પહેલી અપરાધી હું, પહેલી બંદી છું....' માની ચીસ મારા કાને અફળાઈ. મારું માથું મૂંડીને મને ગલીએ ગલીએ ફેરવ. કેમ તારા હાથ અટકી ગયા, નાલાયક?'

લજ્જાના માર્યા મેં મસ્તક ઝુકાવી દીધું. મા છાતીફાટ આક્રંદ કરી રહી હતી. કોઈની સાથે દૃષ્ટિ મેળવવા જેટલી હિંમત મારામાં નહોતી. થોડીવાર બાદ કોઈનો ધીરગંભીર અવાજ મારા કાને પડ્યો.

'કૈકસી, આ જરાયે નથી બદલાયો. એને મારો પુત્ર કહેતાંયે શરમ આવે છે. હું તો એવું માનીને આવેલો કે મારી અને મારા વિદ્વાન મિત્રોની હાજરી, તારા આંગણાની શોભા વધારશે. આ દૈત્યની વિવાહવિધિ પંડિતોના હાથે સંપન્ન થશે. અહીં આવીને જોઉં છું કે, આ દુષ્ટ તો સગી માતા અને ભાઈને પણ મારી નાખવા ઊભો થયો છે અને એ પણ અમારી નજર સામે!'

મારી નસેનસમાં પ્રસરી ગયેલી લજ્જાનું સ્થાન હવે ક્રોધે લીધું. હાથની મુઠ્ઠી ભીંસાઈ. અત્યારે પ્રવચન આપવા બેઠેલો બ્રાહ્મણ આટલો સમય ક્યાં હતો, જ્યારે અમે ભૂખે ટળવળતા હતા. જ્યારે બે મુઠ્ઠી અનાજ અને અંગ ઢંકાય એટલાં વસ્ત્ર માટે મારી મા ઘેરઘેર ભીખ માગતી હતી, જ્યારે પવન અને વરસાદ અમારા માથેથી છાપરું ઉડાડી ગયેલા...

એ દંભીનું સંભાષણ હજુ પૂરું નહોતું થયું. 'જોકે એમાં એનો વાંક નથી. દુરાચાર તો અસુર જાતિના લોહીમાં હોય છે. સંસારનો એવો એકેય દુર્ગુણ નથી, જેમાં અસુર જાતિ શિરમોર ન હોય. કાળા-કદરૂપા જીવડા...'

ખભા ટટ્ટાર કરીને હું મારા પિતાની સામે જઈને ઊભો રહ્યો. મારી આંખોમાંથી વરસતા અંગારા જોઈને એની જીભ ઝલાઈ ગઈ. મારાથી કદમાં બે હાથ નીચા, એ માણસને મારવા માટે મારો માત્ર એક પ્રહાર પૂરતો હતો. પણ થોડીવાર પહેલાં મા સાથે કરેલી વર્તણૂકની શરમ હજી સાવ ગઈ નહોતી. દાંત ભીંસીને હું ઊભો રહ્યો.

મારી મનોદશા કળી ગયેલી મા તરત અમારી વચ્ચે આવીને ઊભી રહી ગઈ. ઘૃણાભેર મને પાછળ ધકેલતાં એ બોલી, 'હું જાઉં છું. તારા પિતા, ભાઈઓ, બહેન કે હું કદાપિ તારા ઘરમાં ફરી પગ નહીં મૂકીએ. અમારામાંથી કોઈ મરી જાય તોયે તું અમને તારું મોઢું બતાવવા નહીં આવતો. સત્તાના મદમાં તું દૈત્ય થઈ ગયો છે. જીવતેજીવ ક્યારેય તને શાંતિ નહીં મળે. ક્યારેય નહીં.'

શરીરને ઢગલો થઈ જતું રોકવા માટે મેં એક થાંભલાનો ટેકો લીધો. હીબકાં ભરી રહેલી શૂર્પણખા પાસે જઈને માએ એનો હાથ ખેંચ્યો. શૂર્પણખાએ મારી સામે જોયું. મારા માટે હવે આંસુ ખાળવાનું અશક્ય હતું.

શૂર્પણખાએ હળવેથી પોતાનો હાથ છોડાવ્યો. માના ચહેરા પર આવી ગયેલા આઘાતના ભાવ મેં જોઈ લીધા. પુત્રી એની મા સાથે જવા તૈયાર નહોતી.

માએ પછી જમીન પર ચત્તાપાટ પડેલા કુંભકર્ણ પાસે જઈને એને ઢંઢોળ્યો. 'કુંભ, ઊભો થા. ચાલ મારી સાથે.' એણે કહ્યું પણ કુંભ હલ્યો નહીં.

'રાવણ, તેં તારા ભાઈને મારી નાખ્યો... હત્યારા...' માએ ચીસ પાડી.

કરુણ કહેવાય એવા સંજોગોમાંય મને હસવું આવી ગયું. માંડમાંડ ચહેરો ગંભીર રાખીને હું

બોલ્યો, 'મા, એ મરી નથી ગયો. મદિરાના ઘેનમાં છે. તારા આ રૂડારૂપાળા પતિને કહે કે, એમના નાના દીકરાને ખભે નાખીને અહીંથી લઈ જાય.' છેલ્લા શબ્દોની સાથે મારા મોઢામાંથી હાસ્યનો ફુવારો છૂટ્યો.

'વિભીષણ, હું જ તને પૂછી લઉં. તારે આ મહાપંડિત, દેવ મહોદય સાથે જવું છે?' મેં મારા નાના ભાઈ પાસે જઈને કહ્યું.

'ના, ના, મોટાભાઈ, મને...' વિભીષણની જીભે લોચા વળી ગયા. કપાળે લગાડેલી ભભૂતી પરસેવાની સાથે એના ચહેરાને ખરડી રહી હતી.

મારા પિતા કોઈ શાપવચન ઉચ્ચારવા ગયા, પણ મારી એક જ નજરે એમની જીભ પર તાળું વાસી દીધું. માએ પોતાનું રહ્યુંસહ્યું આત્મસન્માન જાળવવાનો પ્રયાસ કર્યો. પતિનો હાથ પોતાના હાથમાં લઈને એણે અત્યંત નાટકીય ઢબે ઘોષણા કરી, 'મર્યા પછીયે હું આ નર્કાગારમાં પાછી નહીં આવું. મારા શબ પર પણ તમારામાંથી કોઈની દૃષ્ટિ પડવી ન જોઈએ. રાવણ, તેં માતા-પિતાનું અપમાન કર્યું છે. એની કિંમત એક દિવસ તારે જરૂર ચૂકવવી પડશે. આ લોકમાં કે પરલોકમાં!'


આટલું બોલીને એ મહેલની બહાર નીકળી ગઈ. મારા પિતા પાછળ ઢસડાયા. ઓરડાના એક ખૂણે ઊભેલી શૂર્પણખાએ ડૂસકું ભર્યું. વિભીષણ લાચારભાવે સામે ઊભો હતો. મેં જઈને મારી બહેનના ખભે હાથ મૂક્યા. મારી છાતી પર માથું ઢાળીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. મેં એની ફરતે હાથ વીંટાળ્યા. મેં મારી બહેનને કોઈ અન્યાય કર્યો હતો? મારી પ્રિય બહેની, મેં તારી પાસેથી શું ઝૂંટવી લીધું? મારા મનમાં જાતજાતની લાગણીઓનું તુમૂલ યુદ્ધ જામી પડ્યું.

પણ પછી ભીતરથી ક્યાંકથી હર્ષનો એક પરપોટો નીકળ્યો, ને મોટો ને મોટા થતો ગયો. મારું ચિત્ત હર્યુંભર્યું થઈ ગયું. હવે હું મુક્ત હતો. કોઈ પક્ષીની જેમ માતાએ આજ સુધી મને એની પાંખ હેઠળ સાચવ્યો હતો, પણ હવે આખુંયે આકાશ મારું હતું. કોણ મને ઊડતાં રોકવાનું?

એ પછીના દિવસોમાં વારંવાર મેં એક શમણું જોયું. મેં અમૃતની શોધ કરી લીધેલી. મને ચિરયુવાનીનું વરદાન મળી ગયું હતું. આ અમૃતધારા ક્યારેય નહોતી સુકાવાની. મારે તો બસ સપનાં જોતાં રહેવાનું હતું, મારાં સપનાં, મારી વાસ્તવિકતા બની જાય ત્યાં સુધી!

o

ક્રાંતિકારી



ભદ્ર

'આ જીવતો રહેશે ને?' કોઈનો ધીરગંભીર, ઘેરો અવાજ મારા કાને પડ્યો.

'આશા છે.' જવાબ આપનારી સ્ત્રી હતી. તત્કાળ મારા મનમાં વીજળી ઝબકી. આ તો માલા છે, મારી પ્રિયતમા! મેં બેઠા થવાનો પ્રયાસ કર્યો, પણ કોઈએ મને ધક્કો મારીને પાછો સુવાડી દીધો. 'પેલા રાષ્ટ્રદ્રોહી ખાતર તેં મને છોડી દીધો. પણ શું કામ?' માલાને મારે પૂછવું હતું, પણ જીભ ઝલાઈ ગઈ. આખરે તો હું અસુર હતો. થાકેલો, હારેલો, નપુંસક અસુર.

સારું જ થયું કે હું ચૂપ રહ્યો, કારણકે પછી તરત માલાની પાછળ રહેલા દીવાના આછા ઉજાસમાં મેં વિધ્યુતજિહ્વાને જોયો. ક્રોધ અને ઈર્ષાથી મારું રોમેરોમ તતડી ગયું. માલા એ પુરુષની સાથે રહેતી હતી.

પથારીમાં પડ્યાપડ્યા હું ભીંતે ચોંટેલી ગરોળીને જોઈ રહ્યો હતો. એ કેટલી શાંતિથી માખી પર ત્રાટકવાની રાહ જોઈ રહી હતી! 'બેસ, બેસ' કહેતો વિધ્યુતજિહ્વા મારી નજીક આવ્યો. 'માલાએ મને કહ્યું કે તું કામકાજની શોધમાં છે, પણ આ કોઈ વેપારીઓની મંડળી નહીં, લડવૈયાઓનું જૂથ છે. અહીં કોઈના માથે માત્ર એક ચોક્કસ જવાબદારી નથી.'

વિધ્યુતજિહ્વાએ ઓરડાના એકથી બીજે છેડે આંટા મારતાં બોલવાનું શરૂ કરી દીધું. 'અમારે ન્યાય અને સમાનતાના પાયા પર નવા સમાજની રચના કરવી છે. એમાં રાવણ જેવા અત્યાચારીને સ્થાન નથી. નવા વિશ્વમાં કોઈ રાજા કે જમીનદાર નહીં હોય. ભોળી પ્રજાનું શોષણ કરનારા પંડિત, પૂજારી, જાદુગર કે વેપારીઓ નહીં હોય. હું એવા વિશ્વનું નિર્માણ કરીશ, જ્યાં ઊંચનીચના કોઈ ભેદભાવ નહીં હોય.'

વિધ્યુતજિહ્વાના ભાષણમાં ‘અમે’ની જગ્યાએ આવી ગયેલા ‘હું’ની નોંધ મેં લઈ લીધી.

'જ્ઞાતિવાદનું દૂષણ ભૂંસાઈ જશે. વેપારીમંડળોને હું વિખેરી નાખીશ. લોકોની બનેલી સમિતિ નક્કી કરશે કે, કોને શું અને કેટલું મળવું જોઈએ. હું કોઈનું શોષણ નહીં થવા દઉં. કુબેર જેવા લોહીતરસ્યા જીવડાને હું કચડી નાખીશ. રાવણને હું નહીં છોડું. ભગવાનના નામે પોતાની દુકાન ચલાવનારા નહીં રહે. પોતાને દેવ ગણાવતા ઇન્દ્રનું અસ્તિત્વ મટી જશે. નવા સમાજમાં ચલણી સિક્કાની જરૂર નહીં પડે. લોકો એકબીજાની મદદ કરશે, સુખશાંતિથી હળીમળીને રહેશે. ભદ્ર, આ દુનિયા તમારી હશે. તારા જેવા સામાન્ય લોકો માટે હું સ્વર્ગ જેવા નવા સમાજનું ઘડતર કરીશ. પણ આવું સુંદર વિશ્વ બનાવવા માટે અત્યારે અમને તારા જેવા યોદ્ધાઓની જરૂર છે. આવ, અમારી સાથે જોડાઈ જા.'

મંત્રમુગ્ધ થઈને હું સાંભળી રહ્યો. જે માણમ પાસે પોતાનાં કહી શકાય એવાં બે સારાં વસ્ત્રોની જોડ સુધ્ધાં ન હોય, એના ચરણે કોઈ આખુંયે નવું સ્વર્ગસમું વિશ્વ ધરી દે તો કેવું લાગે? પણ પછી હું વાસ્તવિકતામાં પાછો ફર્યો. મને લાગ્યું કે આ પણ એક સરમુખત્યાર જ હતો જેણે પોતાનો મૂળ હેતુ, સારા-સુંદર શબ્દોની પાછળ ઢાંકી રાખેલો. હું મૂર્ખ હતો. જે

મહાન વિશ્વની ક્લપના એણે રજૂ કરેલી ત્યાં પહોંચવાનું તો બાજુએ રહ્યું, એ સમજવા જેટલી બુદ્ધિ પણ મારામાં નહોતી.

એણે મારો ખભો થાબડ્યો અને ભેટવાનો દેખાવ કર્યો. પણ હું કળી ગયો કે એણે પોતાના શરીરને શક્ય હોય એટલું મારાથી દૂર રાખ્યું. સમાનતાના સિદ્ધાંત બધે નહોતા લાગુ પડતા.

'ભદ્ર, આવી જજે અમારા તાલીમવર્ગમાં! માલા, આના માટે ભોજન અને સારાં વસ્ત્રોની વ્યવસ્થા કરી લેજે. હા, સ્નાન કરવાનુંયે યાદ દેવડાવજે.' આટલું બોલીને પોતાનાં રેશમી વસ્ત્રો લહેરાવતો વિધુતજિહ્વા જતો રહ્યો.

'તને એના શબ્દો પર વિશ્વાસ નથી બેસતો ને?' માલાએ ધીમેથી પૂછ્યું.

'તને બેસે છે?' મેં સામેથી પૂછ્યું. નિસાસો નાખીને માલા ઓરડાની બહાર નીકળી. હું એની પાછળ ગયો. બળવાખોરોને કયા પ્રકારની તાલીમ અપાય છે એ મારે જોવું હતું.

એક દૂબળા-પાતળા અને જીર્ણશીર્ણ વસ્ત્રો પહેરેલાં અસુરે મને સ્નાન માટે જરૂરી સામગ્રી અને અંગ લૂછવા માટે કપડું આપ્યું. એના ઉઘાડા પગમાં ચાઠા પડ્યા હતા. વિધુતજિહ્વા તો કહેતો હતો કે, એના જૂથમાં બધા એકસમાન છે! કૂવા પાસે જઈને મેં મારું અંગેઅંગ ઘસીઘસીને સાફ કર્યું. શરીરના મેલની સાથે વિધુતજિહ્વાનો સ્પર્શ મારે દૂર કરી દેવો હતો. પણ “સમાનતા”ની ગંધ ચોંટી રહી.

પછીનો સમય ઝડપભેર પસાર થવા લાગ્યો. થોડા જ દિવસોમાં મેં વિધુતજિહ્વાનો વિશ્વાસ જીતી લીધો. રાજમહેલમાં એણે ગોઠવી રાખેલા જાસૂસો તરફથી રોજેરોજ સમાચાર મળ્યા કરતા. હું હજી નક્કી નહોતો કરી શકતો કે મારે રાવણના પક્ષે રહેવું કે વિધુતજિહ્વાને! કોઈવાર લાગ મળે તો હું માલાને પકડીને એના ગાલ ચૂમી લેતો. એક દિવસ આનાથીએ આગળ વધવાની તક મળશે એવી આશા મને હતી. સાચું પૂછો તો વિધુતજિહ્વા સાથે રહેવા પાછળ મારા માટે આ પણ એક કારણ હતું.

એક દિવસ વિધુતજિહ્વાએ મને દરિયાકિનારે મળવા બોલાવ્યો. સાંજ ઢળી ગયેલી. પૂર્ણિમાનો ચંદ્ર દેખાવા લાગેલો. હવામાં મોગરાની સુગંધ હતી. દૂર છાવણીમાં ગવાઈ રહેલા પ્રેમના, વિરહના, પુનર્મિલનનાં ગીતોનો અવાજ આછોઆછો સંભળાતો હતો. માણસનું શરીર તંદુરસ્ત અને પેટ ભરેલું હોય ત્યારે એને આવું બધું સૂઝે. ઊંચા ખડક પર ઊભેલા વિધુતજિહ્વા પાસે હું ગયો. મનમાં ફફડાટ હતો. અંધારામાં એના ચહેરાના હાવભાવ કળાતા નહોતા, પરંતુ અવાજ સ્પષ્ટ સંભળાયો. 'નૌકાવિહાર માટે તૈયાર છે?'

'હા.' બીજું તો હું શું કહી શકું? થોડી જ વારમાં દેશી ઢબની એક નાની હોડીમાં બેસીને અમે ખુલ્લા સમુદ્રમાં નીકળી પડ્યા. શરૂઆતમાં થોડો સમય વિધુતજિહ્વાએ હલેસાં ચલાવ્યાં પણ પછી આગળ કઈ દિશામાં જવાનું છે એ બતાવીને એણે નૌકાનું સંચાલન મારા હાથમાં સોંપી દીધું.

અંધકાર અને ધુમ્મસમાં ધીમેધીમે દૂર ત્રિકોટા પર્વત પરનો કિલ્લો કળાવા લાગ્યો. રાત્રિના સમયે એનો દેખાવ કોઈ ભૂતિયા મહેલ જેવો લાગતો હતો. વર્ષો પહેલાં સાંભળેલી ભૂતપિશાચ અને રાક્ષસોની વાર્તાઓ મને યાદ આવવા લાગી. ધકધક થઈ રહેલા કાળજે મેં નૌકાને કિનારા સુધી પહોંચાડી.

વિધુતજિહ્વાએ હોડીની બહાર કૂદી પડતાં મને આદેશ આપ્યો, 'થોડીવારમાં આવું છું. તું અહીં જ મારી રાહ જોજે.'

આની પહેલાં પણ અનેકવાર આ કામ કરી ચૂક્યો હોય, એટલા આત્મવિશ્વાસ અને નિર્ભયતા સાથે એ કિલ્લાની પાછળની તરફ ચાલવા માંડ્યો.

મારો જીવ તાળવે ચોંટી ગયો. રાવણના મહેલ પાસે હું એના દુશ્મનને લઈ આવેલો. પકડાઈ

ગયો તો મૃત્યુ નિશ્ચિત હતું. એક ખડકની પાછળ જઈને હું સંતાઈ ગયો. લગભગ કલાક પછી વિદ્યુતજિહ્વા આવ્યો. સહીસલામત અમે રાજમહેલની હદમાંથી બહાર નીકળી ગયા, પરંતુ મોડી રાતે ખેડેલું સાહસ માત્ર એકવારની ઘટના નહોતી. પછીના સમયમાં અનેકવાર વિદ્યુતજિહ્વાની સાથે ત્રિકોટા જવાનું થયું. જીવનું જોખમ લઈને એ શું કામ ત્યાં જતો હતો? મને હંમેશાં પ્રશ્ન થતો. એથીયે મોટું આશ્ચર્ય એ વાતનું હતું કે, રાજાના કિલ્લામાં આટલી સહેલાઈથી પ્રવેશવાનું અને પછી સાજાસમા બહાર નીકળવાનું કેવી રીતે શક્ય બનતું હતું?

નક્કી અંદરથી કોઈ એને સહાય કરતું હતું. રાજાનું આખુંયે સૈન્ય જેને શોધતું હતું, એ બળવાખોર આટલી નિર્ભયતાથી રાજાના જ આંગણામાં આંટા મારતો હતો. એની હિંમત તો જુઓ !

આવડું મોટું કુતૂહલ વધુ સમય દાબી રાખવું અશક્ય હતું. એક રાતે હું લપાતોછુપાતો વિદ્યુતજિહ્વાની પાછળ ઊપડ્યો. કિલ્લાની પાછળની તરફ કોઈ દરવાજો કે બારી ખુલ્લાં નહોતાં. પણ દીવાલ પરથી એક લાંબું દોરડું લટકતું હતું, જેની મદદથી વિદ્યુતજિહ્વા સડસડાટ ઉપર ચઢી ગયો.

મને એનું અનુકરણ કરવામાં ખાસ્સી તકલીફ પડી, પણ છેવટે હુંયે મહેલના પ્રાંગણમાં પહોંચ્યો. પછી જે જોયું એણે મને સ્તબ્ધ કરી દીધો. વિદ્યુતજિહ્વા એક અંધારિયા ખૂણે એક સ્ત્રીને બાહુપાશમાં લઈ ઉત્કટતાભેર ચૂમી રહ્યો હતો. એ હતી રાજકુમારી શૂર્પણખા!

આંચકામાંથી હું ધીમેધીમે બહાર આવ્યો. મારું મગજ કામે લાગી ગયું. મારી સ્વામીભક્તિ કોના પ્રત્યે હોવી જોઈએ એનો નિર્ણય લેવાઈ ગયો. હરીફને પરાજિત કરવાની આ સુવર્ણ તક હતી. વિદ્યુતજિહ્વા એકલો હતો, અસુરક્ષિત હતો. એનું શરીર અને મન અત્યારે કોઈ લડાઈ માટે તૈયાર નહોતું, તેમ છતાં એની સામે લડવાનું મારું ગજું નહોતું. બળવાખોરને પકડાવી દેવાના શ્રેયમાં મને કોઈ બીજાની ભાગીદારી નહોતી ખપતી. એક જ રસ્તો હતો, રાવણ પાસે પહોંચીને બધું કહી દેવું.

લપાતોછુપાતો હું મહેલ તરફ ગયો. રાવણનો શયનખંડ કયો હશે એની જાણ મને નહોતી. વાતાવરણમાં પુષ્કળ ગરમી અને ભેજ હોવાને કારણે લગભગ બધાંય ખંડની બારીઓ ખુલ્લી હતી. જોતાં-જોતાં, ચાલતાં-ચાલતાં હું એક જગ્યાએ આવીને અટક્યો. અંદર, ઊંચી પથારી પર સૂતેલા માણસનો ચહેરો સ્પષ્ટ નહોતો દેખાતો, પણ મારું મન કહેતું હતું કે એ રાવણ જ હતો. વધુ સમય બગાડવાનું પાલવે તેમ નહોતું. ખચકાટ બાજુએ મૂકીને હું બારી પર ચઢ્યો અને ખંડમાં કૂદી પડ્યો.

'મહારાજ...' હું હજી આવો ગણગણાટ કરીને આગળ વધું, ત્યાં તો પથારીમાં સૂતેલો માણસ વીજળીવેગે ઊભો થઈને મારા પર ધસી આવ્યો. 'કોણ છે?'

મારું ગળું પકડી લઈને એ બોલ્યો. ભયના માર્યા જીભ ઝલાઈ ગઈ. આ તો વિભીષણ હતો. આખાય મહેલમાં મને આ દંભીનો શયનખંડ જ જડ્યો?

એણે એક હાથે દીવાની વાટ સંકોરી અને મારા ગળા પરની પકડ ઢીલી કરી. હું નીચે ઢગલો થઈ ગયો. 'મને મારતા નહીં' હાથ જોડીને મેં કાકલૂદી કરી.

'ભદ્ર, દુષ્ટ, તું મને મારવા આવેલો?' વિભીષણે બાજુમાં મૂકેલી તલવાર હાથમાં લઈને રોષભેર પૂછ્યું. મેં મારું શરીર સંકોરી દીધું. હંમેશાં શાંત, સ્વસ્થ દેખાતા વિભીષણનું આ કાળસ્વરૂપ જોઈને હું થથરી ગયો. એની સૌમ્યતા, સજ્જનતાથી બીજાઓ ભલે પ્રભાવિત થઈ જતા હોય, પણ મેં વિભીષણ પ્રત્યે હંમેશાં શંકાની નજરે જોયેલું. એ ઘડીએ એની આંખોમાં મેં જે મદમસ્ત, લોહીતરસ્યા પ્રાણી જેવી ચમક જોઈ, એનાથી તો ખાતરી થઈ ગઈ કે આખાયે રાજ્યમાં સહુથી લુચ્ચો અને ઘાતકી માણસ આ જ હતો. જ્ઞાની પ્રધાનો, સર્વશક્તિશાળી

રાવણને જે ક્યારેય નહોતું દેખાયું-સમજાયું એ ભદ્ર જેવો ગમાર, ગામડિયો કળી ગયેલો. આ માણસને લાગ મળે તો જમીનનો એક ટુકડો કે સોનાના પાંચ-પંદર સિક્કા મેળવવા માટે પોતાનો આત્મા પણ ગીરવે મૂકી દેતાં એ અચકાય નહીં. મેં એના પગ પકડી લીધા.

'શું કામ અહીં આવ્યો છે?' એણે કઠોર અવાજે પૂછ્યું.

'તમારી બહેન વિશે વાત કરવી છે. એ કોઈને મળે છે... મહેરબાની કરો... મને મારતા નહીં.' ભયભીત અવાજે હું બોલી ગયો.

વિભીષણે મને કાંઠલો ઝાલીને ઊભો કર્યો, 'નીચ, મારી બહેન વિશે તારે વળી શું કહેવું છે!'

'તમારા માણસો જેને મહિનાઓથી શોધી રહ્યા છે એ રાષ્ટ્રદ્રોહી વિધુતજિહ્વા આ ઘડીએ મહેલના ઉધાનમાં તમારી બહેન સાથે છે.' ગળું દુઃખતું હતું તોયે આ શબ્દો ઉચ્ચારતી વખતે મેં નિષ્ઠુર આનંદ અનુભવ્યો. લે લેતો જા. પોતાને બહુ હોંશિયાર માને છે. પણ ખબર છે કે તારા નાક નીચે તારી પોતાની બહેન શું કરી રહી છે? મને જોરથી હસવાનું મન થઈ ગયું.

વિભીષણે મને પાછો નીચે ફેંક્યો, પણ હવે એના હાથમાં પહેલાં જેટલું બળ નહોતું. 'હજી એમનો પ્રેમાલાપ પૂરો નહીં થયો હોય.' મારાથી બોલાઈ ગયું. હમણાં મોઢા પર પ્રહાર થશે એવી ભીતિ લાગી, પણ એવું કંઈ કરવાને બદલે વિભીષણ ખંડમાંથી બહાર નીકળી ગયો. હું એની પાછળ ગયો.

વિભીષણ લાકડાની સીડી ઊતરીને એક બંધ દરવાજા પાસે જઈને ઊભો રહ્યો. સહેજ ખચકાઈને એણે હળવેથી ટકોરા માર્યા. બારણું ખૂલ્યું, સામે આંખો ચોળતો મારીચ ઊભો હતો.

'મામા, શૂર્પણખાએ સમસ્યા ઊભી કરી છે.' વિભીષણના આ શબ્દો સાંભળતાવેંત મારીચની આંખમાંથી ઊંઘ ઊડી ગઈ. ખંડનું બારણું વાસીને એ બહાર આવ્યો. વિભીષણે દબાયેલા અવાજે વાત કરી. એમાં મારો ઉલ્લેખ થતાંની સાથે મારીચની આંખો પહોળી થઈ. આખીયે વાત સાંભળી લીધા બાદ મારીચ પાછો પોતાના ઓરડામાં ગયો. થોડીવાર પછી બહાર નીકળ્યો ત્યારે શસ્ત્રો સાથે સજ્જધજ્જ હતો.

મહેલના દ્વારપાળો નસકોરાં બોલાવતાં હતાં. એમને જગાડ્યા વિના અમે ત્રણેય જણ ઉધાન તરફ ગયા. અમને જોતાંની સાથે શૂર્પણખાએ હેબતાઈને ચીસ પાડી. પોતાનાં વસ્ત્રો જેમતેમ સરખાં કરતી, મહેલ ભણી દોડી ગઈ. મારીચ અને વિભીષણે વિધુતજિહ્વા પર આક્રમણ કર્યું.


ઓચિંતો ઝડપાઈ ગયેલો વિધુતજિહ્વા જોકે આંખના પલકારા સામે લડવા સજ્જ થઈ ગયો. એ કદાચ વિભીષણને માત પણ કરી દેત, પરંતુ ત્યાં સુધીમાં આ બધો કોલાહલ સાંભળીને, મહેલના સુરક્ષાકર્મીઓની ઊંઘ ઊડી અને એ બધા દોડી આવ્યા. વિધુતજિહ્વા શૂરવીર હતો, પણ એકલે હાથે કેટલા લોકો સામે લડી શકે! થોડીવારમાં મારીચ અને વિભીષણે એને પાડીને બંદી બનાવી દીધો.

આ બધું નાટક મેં તો દૂર ઊભા રહીને જ જોયું, સૈનિકો વિધુતજિહ્વાને બંદી અવસ્થામાં ઘસડી ગયા, ત્યારે મને હર્ષના માર્યા નાચવા-ગાવાનું મન થઈ ગયું. હાશ, માલા હવે મારી માત્ર મારી બનીને રહેશે!

પરંતુ મેં મારી જાત પર કાબૂ રાખ્યો. વિધુતજિહ્વા દેખાતો બંધ થયો એ પછી જ હું વૃક્ષની આડશમાંથી બહાર આવ્યો. એ માણસનું કંઈ કહેવાય નહીં. ન કરે નારાયણ ને એ અહીંથી સહીસલામત છટકી જાય અને મને દાઢમાં રાખતો જાય તો?

o

ક્રાંતિકારીનો અંત



રાવણ

મને ઊંઘ નહોતી આવતી. પથારીમાં પડ્યો. હું પડખાં ઘસતો હતો ત્યાં બહાર ઉદ્યાનમાં થઈ રહેલો અવાજ મારા કાને પહોંચ્યો. ઊભો થઈને હું બારી પાસે ગયો. રાતે ગમે તેટલો બફારો થતો હોય, પણ મારી પત્ની બારીઓ ખુલ્લી રાખવાની રજા નહોતી આપતી.

બારી ખોલું એ પહેલાં જોરશોરથી કોઈએ મારા શયનખંડનું બારણું ખખડાવ્યું. જઈને જોયું તો મારીચમામા હતા. મને ચૂપ રહેવાનો ઇશારો કરીને એમણે ખંડની બહાર આવવાનો સંકેત કર્યો.

જતાં પહેલાં મેં મારી પત્ની પર નજર નાખી. એ તો આસપાસ બની રહેલી ઘટનાઓથી અજાણ, નાના બાળકની જેમ ઘસઘસાટ ઊંઘતી હતી.

પરંતુ પછી મારીચમામાને મોઢેથી મારી નાની બહેન શૂર્પણખાનાં પરાક્રમ વિશે સાંભળીને હું ખળભળી ગયો. પ્રેમમાં પડવા માટે એને કોઇ નહીં ને વિદ્યુતજિહ્વા જ મળ્યો? હવે એ બંધ ઓરડામાં રિસાઈને બેઠી હતી. આશ્વાસન કહો તો એટલું કે, લંકાનો સહુથી મોટો બળવાખોર અને મારો હરીફ વિદ્યુતજિહ્વા પકડાઇ ગયો હતો.

સહુથી મોટું આશ્ચર્ય એ હતું કે આ વીરત્વભર્યું કાર્ય વિભીષણના હાથે થયેલું. ડાહ્યાડમરા સંત વિભીષણે એના જીવનમાં કદાચ પહેલીવાર કોઈ વીરતાભર્યું કામ કરેલું.

'તત્કાળ મંત્રીઓની બેઠક બોલાવો.' મારીચને આવી સૂચના આપીને, પગમાં ચાખડી કે ખભે અંગવસ્ત્ર નાખ્યા વિના હું ઝડપભેર સભાખંડ તરફ ગયો. મારી પત્નીને તો કદાચ બારણું બંધ થવાનો અવાજ પણ નહોતો સંભળાયો. કેટલી સુખી હતી એ!

થોડી જ વારમાં મંત્રીઓ ભેગા થઈ ગયા. હંમેશની જેમ ભાવવિહીન, પણ સ્પષ્ટ શબ્દોમાં પોતાનો અભિપ્રાય રજૂ કરીને પ્રહસ્તે બધાને અકળાવી દીધા. ફરી એકવાર એણે રાજ્યના દુશ્મનને જાહેરમાં મૃત્યુદંડ આપવાનું સૂચન કર્યું. જેથી કરીને બીજા કોઈના મનમાં બળવો કરવાનો વિચાર સુધ્ધાં આવ્યો હોય તો આ જોઈને શમી જાય.

આ બાબતે હું પ્રહસ્ત સાથે સહમત હતો, પણ તરત ને તરત એનું કહ્યું માની લઉં તો બીજાઓની નજરમાં મારી કિંમત ઘટી જાય. જોકે, ત્યાં હાજર રહેલા લોકોમાંથીયે કોઈએ પ્રહસ્તની વાતનો વિરોધ કર્યો નહીં. થાકીને મેં સભા બરખાસ્ત કરી અને મારા ખંડમાં પ્રવેશ કર્યો.

મારી પત્નીની ઊંઘ ઊડી નહોતી. નિંદ્રાવશ એનો ચહેરો એટલો નિર્દોષ અને સુંદર લાગતો હતો કે, મારા જેવા માણસને પણ કવિતા સૂઝે. અમારા લગ્નને ચાર મહિના થઈ ગયેલા. પરાણે જોડાયેલા આ સંબંધથી શરૂઆતમાં તો હું નારાજ હતો. પણ જાણે-અજાણે ક્યારે મારા મનમાં પ્રેમનો અંકુર ફૂટી ગયો એની ખબર ન પડી. બસ, હવે તો એટલું જાણું કે એના વિના જીવવાની કલ્પના પણ મારા માટે અસહ્ય હતી. એની નિંદ્રામાં જરા સરખોયે વિક્ષેપ ન પડે એનું

ધ્યાન રાખીને હું પથારીમાં આડો પડ્યો.

ભદ્રનો ચહેરો મારી નજર સામે રમી ગયો. એ કેવી રીતે મારા જીવનમાં પાછો ફર્યો હતો! અને શૂર્પણખા... થોડીવાર પહેલાં એના પર આવેલો રોષ હવે ઓસરવા લાગ્યો. જે થયું એમાં એનો શું વાંક હતો?

જીવનમાં એ કશું પામી જ નહોતી. કુદરતે એને સૌંદર્ય નહોતું આપ્યું અને માણસોએ નહોતો આપ્યો એને પ્રેમ, ઘરના લોકોએ પણ નહીં. સ્વાભાવિક રીતે જ હવે કોઈએ સહેજ ધ્યાન આપ્યું તો બાપડી એના ભણી ઢળી ગઈ.

નાનપણમાં માની મમતા સહુથી વધુ મારા પર ઢોળાયેલી. મોટો થયા બાદ મને મારી મહત્ત્વાકાંક્ષા, મારી જાતથી આગળ ક્યારેય કશું દેખાતું નહોતું. નાની બહેનનું અસ્તિત્વ મેં લગભગ વિસારે પાડી દીધેલું. બીજા ભાઈઓને પણ ક્યાં એની પરવા હતી?

શૂર્પણખા નાનપણથી એકલવાયી હતી. રસહીન ગણાય એવું જીવન વિતાવી રહેલી શૂર્પણખા પછી એકાએક લંકાની રાજકુમારી બની ગઈ. પુરુષોને એનામાં છુપાયેલું સૌંદર્ય અચાનક દેખાવા લાગ્યું. હું મારા કામકાજમાં એટલો વ્યસ્ત હતો કે એના તરફ ધ્યાન ન આપી શક્યો. હા, હમણાં હમણાં એકાદ-બે વાર એવું લાગેલું કે શૂર્પણખા બહુ આનંદમાં રહેતી હતી. એની ચાલમાં થનગનાટ ભળેલો. મેં ત્યારે માની લીધું કે આ નવા રાજ્યપદનો પ્રભાવ હતો.

હવે શૂર્પણખાની બદલાયેલી મનોસ્થિતિ પાછળનું કારણ સમજાતું હતું. એ પ્રેમમાં હતી કે પછી એવું માની બેઠેલી. વિદ્યુતજિહ્વાના મનમાં શૂર્પણખા માટે કેવો ભાવ હતો એ કોણ જાણે? પણ એ દુષ્ટની હિંમત કેટલી કે, રાજાની બહેન પર નજર નાખી બેઠો. એને જીવતો કે મૂઓ પકડવા માટે અમે મોટું ઇનામ જાહેર કરેલું. એવા સંજોગોમાં વિદ્યુતજિહ્વા પોતાના સ્વાર્થ માટે મારી બહેનનો ઉપયોગ કરી રહ્યો હતો? જે હોય તે, આવતીકાલે એ પોતાના દુઃસાહસની કિંમત ચૂકવશે. રુદ્રકના હાથ આમેય ઘણાં સમયથી સળવળી રહ્યા હતા.

બીજે દિવસે સવારે દરબારમાં પહોંચતાં મોડું થયું, અને ત્યાં જે જોયું એનાથી મારું માથું ફરી ગયું. વિખરાયેલા વાળ, લાલચોળ સૂઝેલી આંખો અને ક્રોધથી તમતમી ગયેલા ચહેરા સાથે શૂર્પણખા ત્યાં ઊભી હતી. અંદરોઅંદર ગણગણી રહેલા મંત્રીઓ મને જોઈને શાંત થઈ ગયા. મારા મગજની નસો તણાવા લાગી. લાગતું હતું કે શૂર્પણખા એના પ્રેમીને બચાવવા માટે કોઈપણ હદે જવા તૈયાર હતી. પણ ઘરની વાત ભરી સભામાં ચર્ચાય એ મને બિલકુલ મંજૂર નહોતું.

ગુસ્સાભેર મેં ચારેબાજુ નજર ફેરવી. મારીચે હળવેથી માથું ધુણાવ્યું. એ પણ મૂંઝવણમાં હતો. પ્રહસ્ત અદબ ભીડીને એના સ્થાન પર ટટ્ટાર બેઠો હતો. પોતે બીજા બધાથી ઊંચો હતો. એ પ્રકારના કાયમી ભાવ અત્યારે પણ એના ચહેરા પર હતા. કુંભ બેઠોબેઠો ઝોકા ખાઈ રહ્યો હતો. વિભીષણનું ધ્યાન એણે હાથમાં પકડી રાખેલા કોઈ લખાણમાં હતું.

'મારે વિદ્યુતજિહ્વા સાથે વિવાહ કરવો છે.' શૂર્પણખાએ મોટે સાદે જાહેર કર્યું. સભાખંડમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ. નજીક આવીને મારી આંખોમાં આંખ મેળવીને શૂર્પણખા બોલી, 'હું વિદ્યુતજિહ્વાને જ પરણીશ. તું એની હત્યા કરશે, તો એની સાથે ચિતા પર ચઢીને હું સતી થઈશ.'

હું હબક ખાઈ ગયો. સતીની પ્રથા તો દેવોમાં હતી. કોઈ અસુર સ્ત્રી આવું કરે એની કલ્પના સુધ્ધાં ન થાય. શૂર્પણખા તો રાજાની બહેન હતી. એ આખી દુનિયામાં મારી હાંસી કરાવવા નીકળેલી?

'બસ કર, આ શું ભવાડા માંડ્યા છે?' મેં ત્રાડ પાડી.

શૂર્પણખાએ હવે એના શરીરમાં કોઈ વળગાડ પ્રવેશ્યો હોય એમ વર્તવાનું શરૂ કર્યું. ચીસો

પાડીપાડીને માથું કૂટતી, વાળ ખેંચતી શૂર્પણખાને સહુ જોઈ રહ્યા. એનું વર્તન જોકે ત્યાં સેવકો અને સૈનિકોમાં કરુણાને બદલે હાસ્ય ઉપજાવી રહ્યું હતું, એ મને કળાઈ ગયું. મારી હાલત કફોડી થઈ ગઈ.

શૂર્પણખા મને ગાળો આપી રહી હતી. વિધુતજિહ્વાની સાથે એ પોતાને પણ મારવાનું આહ્વાન આપી રહી હતી. બીજા સહુ ચૂપ હતા. વાતાવરણમાં માત્ર શૂર્પણખાની ચીસો ગૂંજી રહી હતી.

લાચારી, ક્રોધ, થાક, મૂંઝવણ જેવી લાગણી મને ઘેરી વળી. પણ એ બધાની ઉપર હતો અપરાધભાવ! હું આદર્શ ભાઈ નહોતો બની શક્યો. મેં મારા પરિવારની કાળજી નહોતી રાખી. નાનાં ભાઈ-બહેનોને મા-બાપથી વિખૂટાં પાડી દીધેલાં. આંધળી મહત્ત્વાકાંક્ષાએ મને મારા જ લોકોથી દૂર કરી દીધેલો.

મંત્રીઓ એક પછી એક ઊભા થઈને જવા લાગ્યા. છેલ્લે મારી સાથે માત્ર મારીચ, કુંભ અને વિભીષણ રહી ગયા. બે હાથમાં માથું પકડીને હું સિંહાસન પર બેસી રહ્યો. પીડાથી મારાં લમણાં ફાટફાટ થતાં હતાં. મારીચે આવીને મારા ખભે હાથ મૂકતાં કહ્યું 'આત્માનો અવાજ સાંભળીને નિર્ણય કરજે.' ત્યાંથી વાદવિવાદની શરૂઆત થઈ ગઈ.


વિભીષણ અને કુંભકર્ણનું કહેવું હતું કે, શૂર્પણખાની ઇચ્છા સર્વોપરી ગણાવી જોઈએ. મોટામોટા સામ્રાજ્ય જીતી લીધા પછીયે સગી, નાની બહેનને સુખ ન આપી શકીએ તો એનો શું અર્થ?

હું એમની સાથે સહમત નહોતો. રાષ્ટ્રદ્રોહી ઠરેલો માણસ મારી સગી બહેનનો પ્રેમી હોય તોયે એને શિક્ષા તો થવી જ જોઈએ, અને શિક્ષા ના દઉં તો રાજા તરીકેની મારી જવાબદારીમાં હું ઊણો ઊતર્યો એવું લાગે. વિધુતજિહ્વાને શૂળીએ ચઢાવવા માટે મારી પાસે અનેક કારણો હતાં, પરંતુ કમભાગ્યે હું એ સમયે એમાંથી એકેયને વાચા ન આપી શક્યો. મૂંગામૂંગા મેં એમની વાત સ્વીકારી લીધી કે, શૂર્પણખાને એ પ્રેમી સાથે પરણાવવી જોઈએ.

મારું મન બૂમો પાડી-પાડીને કહેતું હતું કે આ મૂર્ખાઈ હતી. મારે મારા મંત્રીઓની સલાહ માનવી જોઈએ, પણ બહેનના સુખ માટે મેં મારી વિવેકબુદ્ધિ બાજુએ મૂકી દીધી. નૈતિક જ નહીં, વ્યવહારુ દૃષ્ટિએ પણ ખોટો ગણાય એવો નિર્ણય મેં કર્યો. મારા દુશ્મનને જીવતદાન આપવા, એની સાથે મારી બહેનને પરણાવવા હું તૈયાર થઈ ગયો. બીજા શબ્દોમાં કહીએ તો મેં હાર સ્વીકારી લીધી. પરાજિત યોદ્ધાની જેમ ભાંગેલા પગે હું મારા કક્ષમાં ગયો. બહેનને સારા સમાચાર આપવાની જવાબદારી વિભીષણે હોંશભેર સંભાળી લીધી.

o

અસ્પૃશ્ય રાજવી



ભદ્ર

વિધુતજિહ્વાને રાવણના જમાઈનું બિરુદ મળ્યાને છ મહિના વીતી ગયેલા. મારું જીવન હતું એવું ને એવું કંગાળ અને દુઃખી રહ્યું. રાજમહેલમાં મોઢું દેખાડવાની હિંમત નહોતી થતી. વિધુતજિહ્વા સાથે મેં શત્રુતા વહોરી લીધેલી, અને રાવણના મનમાં શું હતું એ તો એ જ જાણે! બેઉ જણ વચ્ચે હવે સાળા-બનેવી વચ્ચેનો સંબંધ બંધાઈ ગયેલો. એ સંજોગોમાં મારું સ્થાન ક્યાં હોઈ શકે એ કળવું કઠીન હતું.

ભયનો માર્યો થોડા દિવસ તો હું જંગલમાં જઈને સંતાઈ ગયો, પરંતુ ખાલી પેટે કેટલો સમય નીકળી શકે? મને-કમને બહાર આવવું પડ્યું પણ પગલે પગલે પકડાઈ જવાની ધાસ્તી લાગતી હતી. રસ્તે જતાં દૂરથીયે કોઈ સૈનિક કે રાજ્યના સુરક્ષાદળનો કર્મચારી દેખાય તો હું દોડીને ખૂણેખાંચરે છુપાઈ જતો.

પરંતુ સમયની સાથે ધીમે-ધીમે મારો ભય ઓસરવા લાગ્યો. રાવણ અને એનાં સગાંસંબંધીની દૃષ્ટિમાં હું સાવ તુચ્છ માણસ હતો. મને શોધવામાં, પકડવામાં એ શું કામ એમનો કિંમતી સમય કે શક્તિ વેડફે?

થોડા દિવસના રઝળપાટ પછી મેં જઈને માલાનો દરવાજો ખખડાવ્યો. એણે મોઢું બગાડીને મને ઘરની અંદર આવવા તો દીધો, પણ પછી મારી સાથેનું અંતર જાળવી રાખ્યું. મારી સાથે બોલવાનુંયે ટાળતી હતી. ક્રાંતિ માટે તૈયાર થયેલા લોકોનું જૂથ વિખેરાઈ ગયેલું. નેતા જઈને રાજાનો જમાઈ થઈ બેઠો. આદર્શવાદીઓ હતાશ થઈને પાછા પોતપોતાને ગામ જતા રહ્યા. તકવાદીઓ રાવણના સૈન્યમાં જોડાવા દોડ્યા. ઘણાં તો રાજ્યમાં વગદાર સ્થાને પણ ગોઠવાઈ ગયા. માલા બધે હાંસીનું પાત્ર બની ગયેલી. એના પ્રેમીએ એને છોડીને કાળી-કદરૂપી રાજકુમારી પસંદ કરી લીધેલી.

માનસિક અવઢવમાં થોડા દિવસ કાઢી નાખ્યા બાદ, મેં છેવટે મક્કમ થઈને નિર્ણય કર્યો કે ગમે તે ભોગે રાવણને જઈને મળવું. ભિખારી જેવો વેશ ધારણ કરીને હું રાજમહેલ તરફ ઊપડ્યો પણ ત્યાં સાવ અણધાર્યું દૃશ્ય જોવા મળ્યું. સેંકડો યુવાનો ત્યાં ભેગા થઈને શોરબકોર કરી રહ્યા હતા. શીંગ-રેવડી વેચતા ફેરિયાના સાદ એમાં ઉમેરો કરતા હતા.

'આ શું થઈ રહ્યું છે?' મેં એક તરુણને પૂછ્યું.

'લ્યો ડોસાજી, તમને ખબર નથી?' એણે નવાઈભેર પૂછ્યું.

મને અંદરથી ચચરાટી થઈ ગઈ. હું ડોસોડગરો નહીં, પાંત્રીસ વર્ષનો યુવાન હતો. પણ કદાચ અઢાર-ઓગણીસની ઉંમરે, વીસ વરસ વટાવી ગયેલા બધાંય ઘરડાં જ લાગે. ચીઢ દબાવીને મેં કહ્યું કે મને કંઈ ખબર નહોતી.

'તો સાંભળો, અમે સમ્રાટની સેનામાં જોડાવા આવ્યા છીએ.'

'સમ્રાટ?' ઘડીક હું ગૂંચવાઈ ગયો. રાવણ ક્યારે રાજામાંથી સમ્રાટ થઈ ગયો? પણ મારે શું?

મેં આગળની વાત સાંભળવામાં ધ્યાન આપ્યું.

'આપણા સમ્રાટે ઉત્તરભારત પર આક્રમણ કરવાની જાહેરાત કરી છે. વર્ષો પછી અસુરોને વેર વાળવાની તક મળી છે. પેલા નીચ દેવોને એવા પાઠ ભણાવશું કે પેઢીઓ સુધી નહીં ભૂલે.'

યુવાને બોલવાનું પૂરું કર્યું. એ જ ઘડીએ ત્યાં ભેગી થયેલી મેદનીમાં આવેશ, ઉત્સાહનું મોજું ફરી વળ્યું. મહેલના ઝરૂખામાં રાવણ પ્રગટ થયો. સુવર્ણાલંકારોથી શોભતા, એના કદાવર, પ્રતિભાશાળી, વ્યક્તિત્વની આભા, ભલભલાને આંજી નાખે એવી હતી. 'રાજાધિરાજ ઘણું જીવો... જય હો...'નો ઘોષ ચારેબાજુથી ઊઠ્યો.

રાવણે તલવાર ઊંચી કરીને ગર્જના કરી, 'હર હર મહાદેવ...' મેદનીએ ગગનભેદી પડઘો પાડ્યો, 'હર હર મહાદેવ...'

વધુ ને વધુ લોકો ભેગા થઈ રહ્યા હતા. હું હવે ટોળાની વચ્ચોવચ હતો. ઝરૂખામાં રાવણથીયે વધુ આકર્ષક લાગતો અને વધુ ઝગમગતાં વસ્ત્રો, આભૂષણોમાં સજ્જ વિદ્યુતજિહ્વા આવીને ઊભો રહ્યો. પછી ફાંદાળા કુંભકર્ણ અને એ બધાંની વચ્ચે ઝાંખા, નબળા લાગતા વિભીષણે દેખા દીધી. એમની પાછળ સેનાધિકારીઓ અને મંત્રીઓ આવ્યા.

નીચે ભેગા થયેલા ટોળાનો ઉત્સાહ હવે કાબૂ બહાર જતો રહ્યો. ઢોલનગારાં અને હર્ષોલ્લાસના અવાજો આકાશને આંબવા લાગ્યા. ક્યાંક શંખનાદ થયા તો ક્યાંક વળી રણશીંગું ફૂંકાયું.

મારા અંગેઅંગમાં રોમાંચ ફરી વળ્યો. વર્ષોથી મેં આ ક્ષણની રાહ જોઈ હતી. મારી દીકરીનું માથું ફોડી નાખનારા, મારી પત્ની પર બળાત્કાર કરનારા દેવો પ્રત્યેની ઘૃણાને હું મનોમન ઘૂંટીને વધુ ને વધુ તીવ્ર બનાવતો રહેલો. વેર વાળવાનો સમય આવી ગયો હતો. 'હર હર મહાદેવ...' ગળું ફાડીને મેં ત્રાડ પાડી. 'હર હર મહાદેવ... કચડી નાખો દેવોને... મારી નાખો ઇન્દ્રને.. મહેશ્વરનો જય હો....' આસપાસના લોકોએ પડઘો પાડ્યો.

આ દેકારા-પડકારા કલાકથીયે વધુ સમય ચાલુ રહ્યા. રાડો પાડીપાડીને મારું ગળું બેસી ગયેલું. જયનાદનું નેતૃત્વ બીજા કોઈ લઈ ન લે એ બીકે હું બરાડતો રહ્યો. સૂરજ હવે માથે પહોંચેલો. તાપ, બફારો, ત્યાં ભેગા થયેલા હજારો લોકોના પરસેવાની ગંધ આ બધાંની અસર મારી જેમ બીજાઓ પર પણ થવા લાગી હતી અને પછી શાંતિ પથરાઈ ગઈ. રાજમહેલના ઝરૂખામાં હવે કોઈ નહોતું. મોટા માણસો પોતપોતાના શીતળ, આરામદાયક કક્ષમાં જતા રહેલા. મેં હવે એક તરફથી આવી રહેલા ઘોડેસ્વારોને જોયા. નજીક આવીને એમણે ભોજનનાં પડીકાં ફેંકવાનું શરૂ કર્યું. મેદનીમાં મારામારી અને લૂંટાલૂંટ મચી ગઈ. હું પણ રસ્તામાં આવ્યો એમને ધક્કા મારતો આગળ ધસી ગયો અને હવામાં ઊછળેલું એક પડીકું ઝીલી લીધું. કેળના પાનમાં થોડો ભાત, વાસી માંસ અને તીખી તમતમતી માછલીનું શાક હતું. અકરાંતિયાની જેમ હું ઝાપટી ગયો. ખાઈને આમતેમ કચરો ફંગોળીને ટોળાં વિખેરાવા લાગ્યાં.

રણશિંગાની જગ્યાએ હવે સંધ્યાટાણે મંદિરમાં થતી આરતીના રણકાર સંભળાતા હતા. હસતીરમતી સુંદર નારીઓ મંદિરનાં પગથિયાં ચઢી રહી હતી. યુદ્ધનાદ અને રાજાનો જયજયકાર શમી ગયેલા, પણ વાતાવરણમાં હજી ઉત્સાહ અને આનંદ યથાવત્ હતો.

કોણ જાણે કેમ, અચાનક એક અજાણ્યો ભય મને ઘેરી વળ્યો. આ સોહામણી સંધ્યા હમણાં ઢળી જશે. અંધકાર એની સાથે શું શું લઈને આવશે એની કલ્પના મને થથરાટી કરાવી ગઈ. યુદ્ધની, મૃત્યુની, રક્તની, દુર્ગંધ મારા શ્વાસને રૂંધવા લાગી. જોકે, એ બધાંથી તીવ્ર ગંધ હતી, વિશ્વાસઘાતની...!

કશુંક અકલ્પ્ય, ભયાનક બનવાનું હતું. અસુરો ઉજ્જવળ ભવિષ્યનાં સપનાં જોઈ રહ્યાં હતાં. મારી નજર સામે તો કમભાગી, મારા લોકોનાં ભાંગેલા સપનાનાં શબ ખડકાવા લાગ્યાં હતાં.

પગ ઘસડતો હું રાજમહેલ તરફ ગયો. મારે રાવણને મળવું હતું, પણ દ્વારપાળોએ મને ધક્કા મારીને ત્યાંથી કાઢી મૂક્યો. એમણે કદાચ મને ગાંડો ધારી લીધો. હું ત્યાંથી રાજમહેલની બહાર આવેલા ઉદ્યાનમાં ગયો. અશોકવૃક્ષની છાયામાં બેસીને મેં મારા સ્વામીની વાટ જોવાનું શરૂ કર્યું. હમણાં રાવણ બહાર ઝરૂખામાં કે અગાશીમાં આવશે, અને મારા પર દૃષ્ટિ પડતાંની સાથે મને અંદર બોલાવશે!

રાત પડી ત્યાં સુધીમાં પુરવાર થઈ ગયેલું કે હું ભ્રમણામાં જીવતો હતો, પણ તોયે હું ત્યાં જ સૂઈ રહ્યો. વહેલી સવારે થયેલા વરસાદે મને જગાડ્યો. હું મારા ઝૂંપડે પાછો ફર્યો. સાંજ પડી અને ફરીથી મારા પગ અશોકવૃક્ષ તરફ વળી ગયા.

રાવણ

સૂરજ ઢળી ગયો, પણ વાતાવરણમાંથી ગરમી કે બફારાએ ઓછા થવાનું નામ નહોતું લીધું. છેલ્લા ઘણાં સપ્તાહથી યુદ્ધની તૈયારીઓ થઈ રહી હતી. મારા માટે તો આ એક પવિત્ર યાત્રાનું પ્રથમ ચરણ હતું.

વનવગડામાંથી પસાર થઈને હું એકવાર હિમાલય સુધી પહોંચેલો. એ પ્રવાસને બાદ કરતાં, મેં ક્યારેય નર્મદા પાર નહોતી કરી. અસુરોની સમૃદ્ધિનો સૂર્ય સોળે કળાએ તપતો હતો એ સમયે એમણે સરસ્વતી અને સિંધુના કિનારે જે ભવ્ય પ્રખ્યાત નગરોનું નિર્માણ કરેલું એ મારે જોવું હતું. અલબત્ત ભવ્યાતિભવ્ય બાંધકામોના હવે માત્ર ભાંગ્યાતૂટ્યા અવશેષો બચ્યા હતા. સિંધુમાં વધી રહેલા પાણી, સુકાઈ રહેલી સરસ્વતી, વિદેશીઓનાં આક્રમણ, યુદ્ધો.. આવાં અનેક પરિબળોએ મળીને એ નગરોનું જ નહીં, અમારી આખીયે સંસ્કૃતિનું નિકંદન કાઢી નાખેલું.

ઘરઆંગણે યુદ્ધ માટે થનગાટ હતો, પણ બીજી તરફ ચિંતાયે ઓછી નહોતી. પુષ્કળ ધન, શસ્ત્રસરંજામ ભેગાં કરવાનાં હતાં. ચાલો, એ બધાંને તો પહોંચી વળાય પણ મારી દીકરીનું શું?

પારાવાર વેદના સહન કરીને મારી પત્નીએ અમારી પુત્રીને જન્મ આપ્યો હતો. શસ્ત્રો પકડીને, લડીને રૂક્ષ થઈ ગયેલા મારા હાથમાં મેં જ્યારે એ નાજુક, નાની બાળકીને લીધી ત્યારે એ પહેલાં ક્યારેય નહોતી અનુભવી, એવી સુખ-સંતોષની લાગણી મારા રોમેરોમને ભીંજવી ગઈ. સંસારનો હું સહુથી સમૃદ્ધ માણસ હતો. દીકરીને નવડાવતી, દૂધ પીવડાવતી, મારી પત્નીને નિહાળતાં હું થાકતો નહોતો. આખુંયે જીવન આમ ને આમ એ બે જણની સાથે વીતી જાય તોયે મને વાંધો નહોતો.

એક દિવસ અચાનક બધું બદલાઈ ગયું. મારા પિતાનો મિત્ર હોવાનો દાવો કરતો એક જ્યોતિષી મહેલમાં આવ્યો. મારી પુત્રીને જોતાંની સાથે એણે મોટે સાદે ભાવિ ભાખી નાખ્યું કે, આ બાળકી મોટી થઈને અસુરોના વિનાશનું કારણ બનશે.

બસ, એ દિવસથી મારા સગાવહાલા, મંત્રીઓ-સલાહકારો, મહેલના નોકરચાકરો, બધાંયની વર્તણૂકમાં વિચિત્ર કહેવાય એવો ફેરફાર થઈ ગયો. મારી અને મંદોદરીની ઉપસ્થિતિમાં તો સહુ મારી દીકરી માટે બહુ સ્નેહ હોવાનો દેખાવ કરતા હતા, પણ એમનાં મનમાં છુપાયેલા ભય અને તિરસ્કાર મને દેખાઈ જતા. આમેય અસુરજાતિમાં જાતજાતના વહેમ, અંધશ્રદ્ધાનો પ્રભાવ પહેલેથી હતો.

મારી પુત્રીને ઘેર મૂકીને, યુદ્ધ માટે જવા મારું મન નહોતું માનતું. એ સાવ નાની હતી અને વહેમીલા અસુરો કોઈપણ હદે જઈ શકે. હું જાણતો હતો કે પુત્રીને મારી સાથે લઈ જવાનો પ્રસ્તાવ સાંભળતાની સાથે મંદોદરી કાળો કકળાટ કરી મૂકશે, પણ ગમે તેમ કરીને એને

મનાવવી પડશે. નવજાત શિશુને યુદ્ધની છાવણીમાં લઈ જવું એ પહેલી નજરે મોટી મૂર્ખામી લાગે, પણ એને સુરક્ષિત રાખવાનો બીજો કોઈ ઉપાય નહોતો. હું ક્યાંક દૂર દૂર રણમેદાનમાં લડતો હોઉં, અને અહીં કોઈ મારી પુત્રીને ઝેર આપી દે કે એની ફૂલ જેવી કાયામાં કટાર ભોંકી દે તો? ત્યાં તો એ સતત મારી આંખ સામે રહેશે, અને મારી અનુપસ્થિતિમાં ભદ્ર એનું ધ્યાન રાખશે. પણ એ માણસોનો વિશ્વાસ કરાય?

એનો વિચાર આવતાંની સાથે, કોઈ શાપિત આત્માની જેમ ભદ્ર મારી આંખો સામે પ્રગટ થયો. બારીની બહાર અંધારું હતું, પણ અચાનક વીજળી ઝબકી અને એના અજવાળામાં મેં ભદ્રને ખોડંગાતા પગે મહેલના ઉધાનમાંથી બહાર નીકળતો જોયો.

એને જોઈને મેં જે લાગણી અનુભવી એમાં રાહત હતી, તિરસ્કાર કે પછી દયા એ તો મને પણ સમજાયું નહીં. કોણ જાણે કઈ લાગણીને વશ થઈને એ રાતે મેં ભદ્રને મારી પાસે આવવાનું કહેણ મોકલ્યું હશે?

ભદ્ર

અલકાપુરીને ધ્વસ્ત કરવા માટે અમે જે લોહિયાળ યુદ્ધ કર્યું, એવું એ પહેલાં મેં ક્યારેય નહોતું જોયું.

કુબેરની રાજધાની પાસે અમે પહોંચ્યા, ત્યાં સુધીમાં અસુરસૈન્યનું સંખ્યાબળ લાખો પર પહોંચી ગયું હતું. સાઈઠ જેટલા નાના-મોટા રાજાઓ અને જનજાતિના મુખિયાઓએ રાવણનું સાર્વભૌમત્વ સ્વીકારી લીધું. એટલું જ નહીં, પોતપોતાના માણસોની સાથે એ અસુરસૈન્યમાં જોડાઈ પણ ગયા. વિજયના નશામાં મદોન્મત થયેલા સૈનિકો એમના રસ્તામાં આવ્યાં એટલાં નગરોને લૂંટતા, બાળતા આગળ વધતા ગયા. ઘણાં સ્થળોએ વિષ્ણુની પ્રતિમા ભાંગી તોડીને ત્યાં શિવલિંગની સ્થાપના કરાઈ. અસુરો માટે આ એમની ખોવાયેલી પ્રતિષ્ઠા અને ગૌરવનું પુનઃસ્થાપન હતું.

આખો દેશ જાણે એક બનીને રાવણને પડખે ઊભો રહી ગયેલો. વર્ષોથી દેવોનો અત્યાચાર સહેતા આવેલા લોકો માટે રાવણ મહાનાયક હતો. મહેલમાં બેસીને માત્ર વ્યૂહ ઘડવાને બદલે, રણભૂમિમાં એ પોતાની સેનાના મોખરે રહીને લડતો હતો. ઘણીવાર તો ગાંડપણમાં ખપી જાય એવું સાહસ કરી નાખતો. અસુરોને આવો જ નેતા જોઈતો હતો, જે યમરાજને પણ સામી છાતીએ લલકારી શકે, જેને મૃત્યુનો ભય સતાવે નહીં.

રાવણ પાસેથી પ્રેરણા લઈને એના સૈનિકો પણ નિર્ભય થઈને મૃત્યુના મુખમાં ઝંપલાવવા લાગ્યા. આત્મઘાતી ટુકડીઓ, નાનામોટા કિલ્લા પર ધસી જઈને ત્યાં રાવણરાજ્યનો ધ્વજ ફરકાવવા લાગી. પ્રહસ્ત, રુદ્રક, વજધંસ્ત્ર, મારીચ, વિધુતજિહ્વા કુંભકર્ણ, ધુમ્રાક્ષ... આ બધાય અસુર વીરો રાવણની દોરવણી હેઠળ હથેળીમાં જીવ લઈને લડી રહ્યા હતા. કીર્તિ મેળવવા માટે થોડાં હજાર દેવો કે અસુરોનો ભોગ આપવો પડે એ એમના માટે નગણ્ય હતું.

તલવારની ધારે એમને પોતાનું નામ ઇતિહાસનાં પાને કોતરી જવું હતું. પછી ભલે દેવોની સાથે અસુર યુવાનોનાં લોહીની નદીઓ પણ વહી જાય.

કુબેરને અમે ઊંઘતો ઝડપી લીધો. એના માણસો ઓચિંતા આક્રમણથી હેબતાઈ ગયા તોયે એમણે શૌર્યભેર સામનો કર્યો. પણ અમે એમને ચારેબાજુથી ઘેરી લીધેલા. સૂર્યનું પહેલું કિરણ ધરતી પર પડ્યું ત્યાં સુધીમાં કુબેરના સૈનિકો કાં અમારે હાથે વધેરાઈ ગયેલા અને કાં નાસી છૂટેલા. અમારા કમભાગ્યે, જીવિત ભાગી જનારાઓમાં એક કુબેર પણ હતો.

એના ખંડમાંથી એક ગુપ્ત ભોયરું દૂર જંગલમાં નીકળતું હતું. ત્યાંથી અશ્વના પદચિહ્ન પણ

જોવા મળ્યા. અમારા માણસોને કુબેરનો પીછો કરવા કરતાં અલકાપુરીને લૂંટવામાં વધુ રસ હતો. અહીંથી મળેલી માલમત્તાએ અમારા સૈન્યને વધુ મોટું અને શક્તિશાળી બનાવી દીધું.

અલકાપુરીને ભાંગ્યા પછી અમે કંઈ નવું કર્યું નહીં. નાનાંમોટાં દેવરાજ્યો પર ચઢાઈ કરવી, વિષ્ણુનાં મંદિરો તોડીને ત્યાં શિવાલય ઊભા કરવા, લૂંટફાટ, બળાત્કાર, રક્તપાત....આ જ ચાલતું રહ્યું.

આગળ વધતા વધતા અમે સરયુ નદીને કિનારે વસેલા નાનકડા રાજ્ય અયોધ્યા પાસે પહોંચ્યા. ચોમાસું ત્યાં સુધીમાં પૂરું થઈ ગયેલું. નદીમાં કાળાભમ્મર પાણી ઘૂમરાતાં હતાં. દૂરદૂર છૂટાછવાયા, જીર્ણશીર્ણ મકાનો અને ઝૂંપડાં દેખાતાં હતાં. એક જગ્યાએ ફાટેલા ધ્વજ પર ઊગતા સૂર્યનું ચિહ્ન નજરે પડતું હતું. નગરની હાલત જોતાં એના માટે આથમતા સૂરજનું પ્રતીક વધુ યોગ્ય હતું. રાવણે અયોધ્યાના રાજા અનારણ્યને શરણાગતિ સ્વીકારી લેવાનું કહેણ મોકલ્યું.

વાતને છ દિવસ વીતી ગયા, પણ સામેથી કોઈ જવાબ ન આવ્યો. છેવટે સાતમે દિવસે અધીરા થઈ ગયેલા રાવણે નદી વટાવીને અયોધ્યા પર આક્રમણ કરવાનો આદેશ આપ્યો.

ધમધમાટ અમે ત્યાં પહોંચ્યા તો ખરા, પણ જે જોયું એ સ્તબ્ધ કરી દે એવું હતું. અત્યાર સુધી જોયેલાં બધાંય રાજ્યોમાં આ સહુથી કંગાળ અને ગોબરું હતું. કાદવકીચવડવાળી શેરીઓમાં નાગા-પૂગા છોકરાઓ, કૂતરાં અને ડુક્કરની સાથે દોડાદોડી કરી રહ્યાં હતાં. નગરની અડધાથી વધુ વસ્તી પાસે રહેવાને ઘર નહોતાં. એ જ્યાં રહેતાં હતાં, ખાતાં-પીતાં હતાં ત્યાં જ મળમૂત્રના ત્યાગની ક્રિયા પણ પતાવી લેતાં હતાં. રસ્તા સાંકડા અને ધૂળિયા હતા.

અહીં આવીને અમે અમારો સમય બગાડેલો. અયોધ્યામાં લૂંટવા જેવું કંઈ નહોતું. કોઈ સેના અમને રોકવા માટે આવી નહીં, પણ ભિખારીઓનું ઝૂંડ લાંબા હાથ કરતું દોડી આવ્યું. બઘવાઈ ગયેલા અમારા સૈનિકોએ એમના તરફ થોડા સિક્કા ફેંક્યા.

અયોધ્યાવાસીઓ જેને રાજમહેલ કહેતા હતા, ત્યાં પહોંચ્યા પછી થોડીવાર તો અમને અમારી આંખો પર વિશ્વાસ ન બેઠો. છત અને દીવાલો હમણાં કડડભૂસ થઈ જશે, એવા ખખડધજ લાગતા આ ભવનમાં ખરેખર અયોધ્યાનો રાજા રહેતો હતો?

હા, રહેતો હતો. અમે ગયા ત્યારે એક ઓરડામાં વિષ્ણુની પ્રતિમા સામે પલાંઠી વાળીને એ કંઈક બબડી રહ્યો હતો. રાજા એની પ્રાર્થના પૂરી કરે ત્યાં સુધી રાહ જોવા જેટલું સૌજન્ય રાવણમાં હતું, પણ વધુ સમય થયો ત્યારે એણે વૃદ્ધના ખભે સ્પર્શ કર્યો.

થોડીવાર માટે તો પેલા માણસે કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. પછી ધીમેથી ગરદન ફેરવી અને જમીન પર હાથ ટેકવીને ઊભો થવા ગયો. સહજભાવે સહાય કરવા માટે રાવણે હાથ લાંબો કર્યો. રાજાએ કંપતા અવાજે ત્રાડ પાડી, 'ખબરદાર, મને સ્પર્શ કરીને અભડાવ્યો છે તો! શૂદ્ર, અસ્પૃશ્ય...!'

અમે ડઘાઈ ગયા. લગભગ અડધી દુનિયા જીતીને આવેલા મહાપરાક્રમી રાજા રાવણની સામે કંગાળ રાજ્યનો ઘરડો, નબળો શાસક ઊભો હતો. ભયથી થરથરવાને બદલે કહેતો હતો, 'શૂદ્ર, મને અભડાવતો નહીં!'

મેં મારા રાજાની સામે જોયું. એને પણ ઘડીક આંચકો લાગ્યો હતો.પણ પછી એના હોઠ ફફડ્યા. 'મારા પિતા પણ બ્રાહ્મણ છે.' મને થયું કે મેં સાંભળવામાં ભૂલ કરેલી. રાવણ આવું ન બોલે.

વૃદ્ધ રાજા હવે રીતસર રાડો પાડી રહ્યો હતો, 'તું અસ્પૃશ્ય છે. તારી માની કોઈ જાતિ નથી અને તારીયે નહીં!'

રાવણની આંખોમાં તણખા ઝર્યા. રાજાનો કાંઠલો ઝાલીને એણે બીજા હાથે એના ગરદન

પર તલવારની અણી મૂકી. 'લડી ન શકે એવી નિર્બળ વૃદ્ધ વ્યક્તિને હું મારતો નથી. શરણાગતિ સ્વીકારી લે. હું તને જીવતદાન આપીશ.'

'હું શૂદ્રને શરણે નહીં જાઉં!'

'તો શૂદ્રના હાથે મરવા તૈયાર થઈ જા.' રાવણે ગર્જના કરી.


'હે શૂદ્ર, વિષ્ણુના નામ સાથે હું તને શાપ આપું છું. તેં મને તારા સ્પર્શથી દૂષિત કર્યો. એનું વેર મારી આવનારી પેઢી વાળશે. એ તારા નગરનો, તારી જાતિનો વિનાશ કરશે. તારી સ્ત્રીઓની આબરૂ લૂંટશે, તારા પુત્રનો...'

અયોધ્યાનરેશ અનારણ્યની કાળવાણી પૂરી થાય એ પહેલાં તલવારના એક ઝાટકે રાવણે એનું માથું ઉતારી લીધું. સૈનિકોએ તરત મૃત રાજાના મંદિરમાં તોડફોડ શરૂ કરી દીધી. વિષ્ણુની પ્રતિમાને શોભાવતો રત્નજડિત સુવર્ણહાર બહુ કિંમતી લાગતો હતો, પણ પછી અમારા આશ્ચર્યની વચ્ચે પ્રતિમાની અંદરથી અનેકગણા વધુ કિંમતી માણેક નીકળી આવ્યા. અયોધ્યાનો ફેરો સાવ નકામો નહોતો ગયો.

અમને અસ્પૃશ્ય કહીને અપમાનિત કરનારા મૃત રાજા પરનો ગુસ્સો અમે એનાં દેવીદેવતાઓની મૂર્તિઓ પર ઉતાર્યો, પરંતુ મારા હૃદયના એક ખૂણે કંઈક ખટકી રહ્યું હતું. રાવણ મારો સ્વામી, અસુરોનો તારણહાર, શૂરવીર સમ્રાટ... 'મારા પિતા પણ બ્રાહ્મણ છે' આવું બબડતી વખતે એ કેટલો બાપડો અને બિચારો લાગતો હતો!

o

અસુર રાજકુમારી



રાવણ

જર્જરિત રાજમહેલમાં લૂંટફાટ, તોડફોડ કરી રહેલા મારા સૈનિકોને પાછળ છોડીને હું બહાર નીકળ્યો. રસ્તામાં મને જોતાંની સાથે દૂર ખસી જતા નગરવાસીઓને જોઈને પહેલાં તો હું એવું માની બેઠો કે, એ લોકો વિજેતા રાજાને આદર આપી રહ્યા હતા. પછી મને સાચું કારણ સમજાયું. હું શૂદ્ર હતો. એમને અને એમના મહાન નગરને અભડાવી રહ્યો હતો.

મેં જોયું કે મેલાંઘેલાં વસ્ત્રો પહેરેલા બ્રાહ્મણો જમીન પર જોરશોરથી લાકડી ઠપકારીને, હલકા વર્ણના લોકોને દૂર રહેવાનો સંકેત આપતા જતા હતા. બજારમાં લે-વેચ કરી રહેલા લોકો એકમેકને અડી ન જવાય એનું ધ્યાન રાખતા હતા. પણ પોતાને શુદ્ધ રાખવા માટે મથતા એ જ લોકોને, રસ્તા પર પાનની પીચકારી મારવામાં કે જાહેરમાં મળ-મૂત્રનું વિસર્જન કરવામાં કોઈ વાંધો નહોતો. શૂદ્રને ન અડાય પણ ગંદકી પર ચાલવાનો કોઈ છોછ નહોતો. આ વિરોધાભાસ પર હસવું કે દુ:ખી થવું એ મને સમજાતું નહોતું. પણ એ ઘડીએ મને એક વાત દીવા જેવી સ્પષ્ટ જણાઈ કે, આ બધા અર્થહીન રીતરિવાજોને હું બંધ નહીં કરાવું તો વર્ણભેદનું દૂષણ આખા દેશમાં પ્રસરી જશે અને એવું થયું તો પછી અમારા જેવા લોકોએ પોતાના સ્વાતંત્ર્યને ભૂલી જ જવાનો વખત આવશે.

થોડા દિવસ આમ ને આમ વીતી ગયા. એક બપોરે હું મારા તંબુમાં થાક્યોપાક્યો થોડો વિશ્રામ કરી રહ્યો હતો, ત્યાં અચાનક થઈ પડેલા ઘોંઘાટે મને ઝબકાવી દીધો. બહાર નીકળીને જોયું તો ચાર-પાંચ અસુરો એક સ્ત્રીને પકડવા મથી રહ્યા હતા. મારી કમાન છટકી. લોહિયાળ યુદ્ધને અંતે સૈનિકો પરાજિત રાજ્યની સ્ત્રીઓ પર બળાત્કાર કરે એ સર્વમાન્ય પ્રથા હતી. એમાંયે દેવકુળની નારી હોય તો તો મને વાંધો જ નહોતો પરંતુ ક્યાંક તો હદ આવે ને! મારા અંગરક્ષકો ક્યાં હતા? પછી જોયું કે એ લોકો પણ પેલી સ્ત્રીને હેરાન કરી રહેલા લોકોમાં સામેલ હતા.

'છોડી દો એને!' મેં ત્રાડ પાડી. પલક ઝપકતામાં પાંચેય જણ ત્યાંથી નાસી છૂટ્યા. મારું ધ્યાન હવે પેલી સ્ત્રી તરફ ગયું. ચહેરાને ઢાંકી નાખનારું આવરણ ખસી ગયું હતું. મોટી પાણીદાર આંખો, ગુલાબની પાંખડી જેવા હોઠ, ઘાટીલો નાકનકશો, એક નાનો સરખોયે ડાઘ ક્યાંય દેખાય નહીં એવી સુંવાળી ગોરી ત્વચા, કાળાભમ્મર વાંકડિયા વાળ... આવી સ્ત્રીને મેળવવા માટે તો કોઈપણ પુરુષ યુદ્ધ કરવા તૈયાર થઈ જાય. હું નિષ્પલક નેત્રે એને તાકી રહ્યો.

મારા મનમાં ચાલતા વિચાર વાંચી લીધા હોય, એમ એણે સંકોચાઈને પોતાનાં વસ્ત્ર સરખાં કરવાનો પ્રયાસ કર્યો.

મેં નજર વાળી લીધી, પણ પછી કોઈ અદૃશ્ય, અજાણ દોરથી બંધાઈને હું એની તરફ ખેંચાયો. પાસે જઈને મેં એના હાથ પકડી લીધા. એક ઝાટકે મારી પકડમાંથી છૂટીને એણે મારા ગાલ પર જોરથી તમાચો મારી દીધો. ઘડીક હું એ ધૃષ્ટતાથી હેબતાઈ ગયો. પછી મેં ફરીથી એને પકડવાનો પ્રયાસ કર્યો, તો એણે મને બીજો તમાચો ઝીંકી દીધો. મારા ગાલ તમતમી ગયા અને નાકમાંથી લોહી નીકળવા લાગ્યું. પણ અગ્નિશિખા જેવી આ નારીને પામવાની મારી ઇચ્છા વધુ ઉત્કટ થઈ ગઈ.

એણે છૂટવા માટે બહુ ધમપછાડા કર્યા, પણ મારી પાસે એનું કંઈ ચાલ્યું નહીં. એને ઊંચકીને, ખભે નાખીને હું મારા તંબુમાં લઈ ગયો અને શૈયા પર ફેંકી. એણે ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો, તો મેં રેશમી ચાદરથી એના હાથપગ બાંધી દીધા.

હું યોદ્ધો હતો, પરંતુ એ સ્ત્રીને બંદી બનાવતાં મારે નાકે દમ આવી ગયો. હાંફતાં હાંફતાં હું સામેના આસન પર બેસી પડ્યો. એણે પીઠ ફેરવી લીધી. 'હું ભારતખંડનો સમ્રાટ છું, મહાપરાક્રમી અસુર રાવણ તોયે આ સ્ત્રી મને ધુતકારે છે?' એની કમનીય કાયાને નીરખતાં મેં વિચાર કર્યો. 'તારું નામ શું છે?' થોડીવાર પછી મેં પૂછ્યું.

એણે ધીમેથી મારા તરફ ચહેરો ફેરવ્યો અને મારો ઉપહાસ કરતી હોય એવા ભાવે બોલી, 'સ્ત્રી પર બળાત્કાર કરતાં પહેલાં એનું નામ-ઠામ પૂછવાની પ્રથા તમારે ત્યાં છે?'

મને હસવું આવી ગયું, પણ પછી પરાણે ભાવહીન ચહેરો રાખીને હું ઊભો થયો અને બહાર નીકળવા જતો હતો ત્યાં એનો અવાજ મારી પીઠે અફળાયો. 'મારાથી ધરાઈ ગયા પછી થોડો સમય મને જીવતી રાખવાની કૃપા કરજો. મારે તમારા રાજાને મળવું છે, મહાન અસુર રાવણને!' આવું બોલીને એ જમીન પર થૂંકી.

'પણ... હું જ રાવણ છું.'

સાંભળતાની સાથે એના મોઢામાંથી ચિત્કાર સરી પડ્યો. ફરીવાર એણે શિકારીની જાળમાં ફસાઈ ગયેલી હરિણીની જેમ છૂટવા માટે તરફડિયાં માર્યાં. પછી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

દૂર ઊભા-ઊભા થોડીવાર હું એને જોઈ રહ્યો. પછી નજીક જઈને હળવેથી મેં એના ખભે હાથ મૂક્યો. એણે મારી સામે એટલી ઘૃણાસભર નજર નાંખી કે આપોઆપ મારાથી બે ડગલાં પાછળ હટી જવાયું.

'દેવકુળની વિધવા કેવી દશામાં જીવે છે એ તમે જાણો છો?' એણે પૂછ્યું. હું મૂંગો રહ્યો. 'અમારે ત્યાં વિધવાએ શું સહન કરવું પડે છે એ તમે જાણો છો? ના... નહીં જ જાણતા હો! તમે તો બહારથી આવીને અમારા રાજા થઈ બેઠા. મુઠ્ઠીભર લોકની દુર્દશા વિશે તમારે શું કામ ચિંતા કરવી જોઈએ?'

મારા મનમાં સહાનુભૂતિનો સંચાર થયો. પણ ખરેખર હું દેવસંસ્કૃતિ, એની પરંપરાઓ વિશે ભાગ્યે જ કંઈ જાણતો હતો. દેવસમાજમાં સ્ત્રીઓની દુર્દશા વિશે મેં ઊડતીઊડતી વાતો સાંભળેલી, પણ એ એટલી ભયાનક હતી કે મેં ક્યારેય એને સત્ય તરીકે નહોતી સ્વીકારી. હું માનતો હતો કે દેવોને ખરાબ ચીતરવા માટે જ અસુરો અને નાગવંશીઓ આવી મનઘડંત કહાણીઓ ઘડી કાઢતા હતા.

'તમારા માણસોએ મારા પતિની હત્યા કરી. એ બાપડા ગરીબ બ્રાહ્મણે તમારું શું બગાડેલું?'

સ્ત્રીના આ શબ્દો સાંભળીને મને હળવો આંચકો લાગ્યો. હું અહીં આ બ્રાહ્મણ વિધવા

સાથે શું કરી રહ્યો હતો? એ બ્રાહ્મણ હતી એટલે હું એના તરફ આકર્ષાયેલો? એની ગોરી ત્વચાએ મારામાં વાસના જગાડેલી?

'હવે હું વિધવા છું. શેષજીવન મારા શ્વસુરગૃહમાં એક ગુલામની જેમ વિતાવીશ. મારા આ લાંબા કેશ, અલંકાર, શૃંગાર, રંગીન વસ્ત્રો.... આમાંથી કંઈ નહીં રહે. શ્વેત, ખરબચડા કપડામાં વીંટેલી એક કુરૂપ, જીવતીજાગતી લાશની જેમ હું ઘરમાં વૈતરાં કરીશ...'

અવાક થઈને હું એને સાંભળી રહ્યો. કોઈ અસુર સ્ત્રીને તો હું આવી દશામાં કલ્પી પણ ન શકું. અમારે ત્યાં પતિનું અવસાન થાય તો પત્ની થોડો સમય શોક પાળે, પણ પછી નવો જીવનસાથી શોધીને નવા જીવનનો પ્રારંભ કરી દે.

'તમે પરાક્રમી રાજા હશો. પણ જાણો છો કે, મૃત પતિની ચિતા પર ચઢીને હું એની સાથે બળી મરું તો લોકો મને સતી, દેવી કહેશે? જીવતેજીવત મારી દશા પશુથીયે ભૂંડી કરનારા મારા લોકો, પછી મારા નામના મંદિર બાંધીને મારી પૂજા કરશે.'

વધુ સાંભળવાની મારામાં શક્તિ નહોતી. 'તારું નામ શું છે?' નજીક જઈને એની હડપચી ઊંચી કરતાં મેં સૌમ્ય અવાજે પૂછ્યું. એ આંખોમાંથી સરી પડેલાં આંસુમાં મને મારું પ્રતિબિમ્બ દેખાયું. મારી જાતને મેં સાવ નાની અનુભવી.

કંઈ બોલ્યા વિના થોડીવાર એ મારી સામે તાકી રહી. પછી એના અશ્રુભીના ચહેરા પર નાનું સ્મિત આવ્યું. 'વેદવતી' એણે માત્ર એટલું કહ્યું. અને એ જ ક્ષણે હું એ દેવ બ્રાહ્મણ સ્ત્રીના પ્રેમમાં પડી ગયો.

ભદ્ર

પહેરેદારે આવીને મને હલબલાવ્યો. એને અને એના આખાયે કુળને ગાળો આપતો હું ઊંઘમાંથી જાગ્યો. પાણીથી બેચારવાર કોગળા કરીને મેં મારા મોઢામાંથી આવતી દેશી દારૂની દુર્ગંધ દૂર કરવાનો પ્રયાસ કર્યો. પછી પગ ઢસડતો પ્રધાનમંત્રીની છાવણી તરફ ગયો. એમણે મને શું કામ બોલાવ્યો હશે?

છેલ્લા થોડા મહિનાથી અમારી પરિસ્થિતિ બહુ ખરાબ હતી. આખીયે દુનિયાને જીતી લેવાનો ઉત્સાહ સાવ ઠરી ગયેલો. નર્મદા નદીને બીજે કિનારે જંગલમાં અમે છાવણી નાખેલી. જંગલનાં પશુઓની જેમ જ ત્યાં ઊગતા નાનામોટા બોર જેવા ફળ કે પછી ક્યારેક હાથમાં આવી જતા વાંદરાને મારીને, એના માંસથી પેટ ભરતા હતા. ભૂખ અને કંટાળો શમાવવા માટે ખરાબ રીતે જાતે ગાળેલો દારૂ પીતા હતા અને કંઈ નવું થાય એની રાહ જોતા હતા.

જેના ભરોસે અમે ઘરબાર છોડીને નીકળી પડેલા, એ અમારો રાજા રાવણ ક્યાં હતો? એક જિદ્દી બ્રાહ્મણ કન્યાના મોહમાં અંધ થઈને અમારો સેનાપતિ જાણે એના સૈનિકોનું અસ્તિત્વ જ વિસારે પાડી બેઠેલો. ન તો એ પ્રધાનોને મળતો હતો કે ન તો સેના તરફ જોતો હતો. એણે હવે સૈનિકોને પાનો ચઢાવતા ભાષણ આપવાનું પણ બંધ કરી દીધેલું.

એ જેની પાછળ ઘેલો થયેલો, એ સ્ત્રી કલાકો સુધી નદીકિનારે પલાંઠી વાળીને ધ્યાનમગ્ન બેસી રહેતી, કે પછી એના લોકોને પરાજિત કરનારા અસુર રાજાને શાપવચનો સુણાવતી. પરંતુ એ જે પણ કરે, રાવણને સ્વીકાર્ય હતું. એ તો બસ પેલીના મોઢેથી બે મીઠાં વચન સાંભળવા તરફડિયાં મારતો હતો.

વેદવતીની આસપાસ આંટા માર્યા કરતો રાવણ એ પણ ભૂલી ગયેલો, કે એની સાથે એની નાની દીકરી હતી. ભૂખી બાળકીનું આક્રંદ પણ એની મોહનિંદ્રામાં ખલેલ પાડવાને અસમર્થ હતું. જોકે, જેને ખાતર રાવણ ભાન ભૂલી ગયેલો એ સ્ત્રીને તો રાવણની કોઈ પરવા નહોતી.

એની સાથે રાવણ કેમ બળપ્રયોગ નહોતો કરતો, એ મારી સમજણની બહાર હતું.

પછી એક દિવસ વેદવતીને આંજી નાખવા માટે રાવણે જે ગાંડપણ કર્યું, એ તો અકલ્પ્ય હતું. પૂરજોશમાં વહી રહેલી નદીમાં એણે કપડાં કાઢીને ઝંપલાવી દીધું. તોફાની પાણીમાં તરવાનું એનું ગજું નહોતું. નર્મદાના પાણી એને તાણી ગયા. અલબત્ત, આ ઘટનાનું વર્ણન વેદવતીએ કર્યું. રાજાએ એના અંગરક્ષકોને દૂર મોકલી દીધેલા, એટલે ખરેખર શું બન્યું હતું એ તો કોણ કહી શકે?

થોડા દિવસ પછી રાજા કાર્તિ વીરાર્જુન તરફથી સંદેશો મળ્યો કે અસુરરાજ એના કબજામાં હતો. બીજા શબ્દોમાં કહો તો આખીયે અસુરસેનાને એણે બાનમાં રાખી લીધેલી. હવે શું કરવું? ત્રણ દિવસ સુધી વડાપ્રધાનની છાવણીમાં અસુર સમિતિએ ચર્ચા-વિચારણા કરી. બીજી તરફ સૈન્ય બે બાજુએ વહેંચાઈ ગયું. વિધુતજિહ્વાના માણસોએ રાવણના મૃત્યુની અફવા ફેલાવી અને બધાના કાન ભરવાનું શરૂ કર્યું કે, લંકા પાછા ફરવામાં જ શાણપણ હતું.

બીજી તરફ રુદ્રકના પક્ષે રહેલા લોકોએ કાર્તિ વીરાર્જુનના રાજ્ય પર આક્રમણ કરવાની તૈયારી દાખવી. એમનો મત હતો કે ભલે રાવણનો જીવ જોખમમાં આવી પડે, પણ કાર્તિ વીરાર્જુન જેવા વર્ણસંકરને બરાબરનો પાઠ ભણાવવો જોઈએ. આ વાત સાથે સહમત થયેલા સુમાલિ અને માલ્યવનનું કહેવું હતું કે, આ અસુરોની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. યુદ્ધના મેદાનમાં ભલે નક્કી થઇ જતું કે કોણ ચઢિયાતું હતું.

જોકે બહાર બેઠેલા સૈનિકો આ બધી ધારણા બાંધી રહ્યા હતા. કોઈ નહોતું જાણતું કે અસુરસમિતિની બેઠકમાં શું વાત થતી હતી.

તંબુમાં દાખલ થઈને મેં ત્યાં બેઠેલા મહાનુભાવો સામે માથું ઝુકાવ્યું. કોઈ સાથે નજર ન મળે એટલે આંખો ઢાળેલી જ રાખી. રાજાનું સિંહાસન ખાલી હતું. એની બાજુમાં પ્રહસ્ત બેઠો હતો. વાતાવરણમાં ભારેખમ મૌન હતું.

પછી પ્રહસ્તનો અવાજ મારા કાને પડ્યો, 'ભદ્ર, તને એક કામ સોંપીએ છીએ. બીજા કોઈનું ગજું નથી એ પાર પાડવાનું!'

મારીચે પાસે આવીને મારે ખભે હાથ મૂકતાં હૂંફાળા અવાજે કહ્યું, 'કાળજે પથ્થર મૂકીને પણ તારે એ કરવું પડશે."

વિધુતજિહ્વા મારા તરફ આવ્યો. ભયનો માર્યો હું સંકોચાઈ ગયો. કઠોર અવાજે એણે કહ્યું, 'પેલી દેવકન્યાને ક્યાંક દૂર લઈ જઈને કાયમ માટે બોલતી બંધ કરી દે. હા, પછી પેલી અભાગણી રાજકુંવરીયે જીવિત ન રહેવી જોઈએ.'

સાંભળીને મારે માથે જાણે વીજળી પડી. આમ તો મને પણ પેલી બ્રાહ્મણ સ્ત્રી નહોતી ગમતી. પણ મારો રાજા એના પ્રેમમાં હતો અને રાજકુમારી?

'એને મારી નાખવી જરૂરી છે? અને રાજકુંવરી તો હજી નાની...' મારીચ ગણગણ્યો.

'બસ કરો.' વિધુતજિહ્વા ઘૂરક્યો. 'લાજશરમ નેવે મૂકીને એ સ્ત્રીની પાછળ ભટક્યા કરતા રાજાને કારણે આપણે કંઈ ઓછું સહન નથી કરવું પડ્યું. પેલા જ્યોતિષીએ કરેલો વરતારો ભૂલી ગયા? રાવણની પુત્રી આખાયે અસુરવંશનો કાળ બનીને જન્મી છે. રાજા માને કે ન માને, પણ મારે એ છોકરીને જીવિત રાખવાનું જોખમ નથી લેવું.'

મારીચે બોલવાનું શરૂ કર્યું, પણ શબ્દે શબ્દે એનો અવાજ ક્ષીણ થતો ગયો. 'આપણે આખો દેશ જીતી લેવા નીકળેલા, પણ આ ઘડીએ સંકટનાં વાદળાં માથે ઘેરાયાં છે. એ છોડાવવા માટે કોણ જાણે કેટલી મોટી કિંમત ચૂકવવી પડશે! સેનાનું આત્મબળ ભાંગી ગયું છે. આવા સંજોગોમાં સમિતિના સભ્યોએ બહુ વિચારીને નિર્ણય લીધો છે. પેલી સ્ત્રીએ આપણા રાજાને માર્ગ ભુલાવ્યો અને હવે એ આખી અસુરજાતિના ગળે ઘંટીનો પથ્થર થઈને બેઠી છે.'

પ્રહસ્તએ નજીક આવીને મારા કાનમાં ગણગણતા સૂરે કહ્યું, 'જા, એનો નિકાલ કરી નાખ.'

'પેલી નાની છોકરીને નહીં ભૂલતો.' વિદ્યુતજિહ્વાનો અવાજ મને સાપના ફૂંફાડા જેવો લાગ્યો.

ભારે હૃદયે હું ત્યાંથી નીકળ્યો. મારા તંબુમાં આવીને ફાટીતૂટી ગોદડી પર મેં પડતું મૂક્યું. આ મોટા ગણાતા લોકોની પાછળ શ્વાનની જેમ પૂંછડી પટપટાવીને હું થાકી ગયો હતો.

મારા જેવા રાંક લોકોને આમ ઠેબે ચઢાવવાનો અધિકાર એમને કોણે આપ્યો? મારા મનમાં રોષના અંગારા તગતગવા લાગ્યા. એમાંથી મોટો ભડકો થાય, એ પહેલાં એક સૈનિક મારા તંબુમાં મોટો થાળ લઈને પ્રવેશ્યો. જોતાંની સાથે મોઢામાં પાણી આવી જાય એવી વાનગીઓથી ભરેલા થાળને નીચે મૂકીને, એણે બીજા પાત્રમાં મઘમઘતી સુરા રેડી. પથારીમાંથી બેઠો થઈને હું જોઈ રહ્યો.

'લાગે છે, એ લોકોના પગમાં આળોટી પડવા માટેનું આ ઇનામ છે.' આવો ટોણો મારીને એ વિદાય થયો. જોકે અનેક દિવસોથી જે માણસના પેટમાં થોડા કોળિયા ભાત સિવાય બીજું કંઈ ગયું ન હોય, જેના નાકમાં માત્ર મોટા માણસોની છાવણીમાં બનતા-પીરસાતા મિષ્ટાનની સોડમ જ ગઈ હોય, એનાં પર આવાં મહેણાંટોણાંની અસર કેટલો સમય ટકી શકે?

થોડીવાર તો હું મારી સામે ધરાવેલા રાજભોગને તાકી રહ્યો, પણ પછી પેટે બળવો પોકાર્યો. ભૂખ્યોડાંસ હું ભોજન પર તૂટી પડ્યો. જોતજોતામાં ખાલી થઈ ગયેલી થાળીને હું છેલ્લે શ્વાનની જેમ ચાટી ગયો. યુગોના તરસ્યા માણસની જેમ સુરા ગટગટાવી જઈને મેં ખાલી પાત્રનો બહાર ઘા કર્યો અને પછી સંતોષનો ઓડકાર ખાઈને પથારીમાં લંબાવી દીધું.

પછી કોણ જાણે કેટલો સમય વીતી ગયો, પણ કોઈએ આવીને મને ઢંઢોળ્યો ત્યારે વાતાવરણમાં હજી અંધારું હતું. બહાર બળદગાડું જોડાઈ રહ્યાનો અવાજ આવતો હતો. ફાટફાટ થતા માથે હું માંડમાંડ ઊભો થયો. મોઢા પર ઠંડા પાણીની છાલક મારીને હું સ્વસ્થ થવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એટલામાં ત્યાં મારીચ આવી પહોંચ્યો. 'ભદ્ર, આવું કામ તારે માથે નાખવા બદલ ક્ષમા માંગું છું, પણ બીજો કોઈ રસ્તો નથી. આપણા રાજા આપણા અસુરવંશને ખાતર તારે આ કામ કરવું જ પડશે.'

મારીચના શબ્દો મેં સાંભળી લીધા, પણ કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. કટાણે ક્યાંકથી કૂકડો બોલ્યો. મારીચ નબળા અવાજે બબડ્યો, 'આશા છે કે આપણે કંઈ ખોટું કરવા નથી જઈ રહ્યા... ને એ ફૂલ જેવી બાળકીની દયા આવે છે... અહા, પેલી બ્રાહ્મણ સ્ત્રીની પણ... ભદ્ર, જવા દે બધી વાત. તું તારું કામ ઝટ પતાવીને સુખરૂપ પાછો આવી જા... પછી શું થશે એની ચિંતા તું અમારા પર છોડી દે. વધુ વિચારીને તું તારા ભલાભોળા મગજને વધુ ત્રાસ નહીં આપતો...' આવું બોલીને મારીચ ત્યાંથી જતો રહ્યો.

માથું ઝુકાવીને હું થોડીવાર ત્યાં જ ઊભો રહી ગયો. મને તો એ જ ક્ષણે મારા હાથ રક્તથી ખરડાઈ રહ્યા હોય એવો આભાસ થયો. પછી ટટ્ટાર થઈને મેં મારા હાથમાં શક્તિ અને મનમાં શાંતિ માટે પ્રાર્થના કરી. હું મારી ફરજ બજાવવા જઈ રહ્યો હતો. પરંતુ કોણ જાણે કેમ, કોઈ ઉત્સાહ કે જોશની લાગણી મને સ્પર્શી નહીં. ઊલટું ભય, ઘૃણા અને જાત પ્રત્યેનો તિરસ્કાર મને ઘેરી વળ્યાં. એવી જ મનોદશામાં હું બળદગાડા પર સવાર થયો.

પરોઢ ફૂટ્યું ત્યારે એ લોકો પેલી સ્ત્રીને લઈ આવ્યા. એ કોઈ કેફી ઔષધિની અસર હેઠળ લાગતી હતી. કોથળાની જેમ એને ગાડામાં ફેંકીને, મારી સામે આંખ મીંચકારીને સૈનિકો ગયા. થોડીવારમાં મારીચ પાછો આવ્યો. એના હાથમાં કપડાંની અંદર વીંટાળેલી બાળકી હતી. મારીચે એનું કપાળ હળવેથી ચૂમીને, અત્યંત ઋજુતાભેર એને પેલી સ્ત્રીની બાજુમાં મૂકી અને પછી મારી સામે જોયા વિના ઝડપભેર ત્યાંથી જતો રહ્યો. જોકે મારીચની આંખમાં ભરાઈ ગયેલાં આંસુ મેં જોઈ લીધેલાં. બધીયે વાતથી અજાણ પેલી નાની બાળકી ઊંઘમાં જ મલકી

ગઈ. દાંત ભીંસીને મેં બળદની પીઠે લાકડી ફટકારી અને હાલકડોલક થતું ગાડું આગળ ચાલ્યું.

નર્મદાકિનારે અમે પહોંચ્યાં ત્યારે સૂરજના અજવાળાથી વાતાવરણ ઝળાંહળાં હતું. એમાંય ઝરમર પડી રહેલો વરસાદ અને દૂર ક્ષિતિજમાં દેખાતું મેઘધનુષ... પણ આ કુદરતી સૌંદર્ય તરફ ધ્યાન આપવાનું મેં ટાળ્યું.

દેવોના પાટનગર ભણી જતો ઉબડખાબડ, સાંકડો રસ્તો, જંગલમાંથી પસાર થતો હતો. પણ આસપાસ પથરાયેલી શાંતિ, ' મારા મનના ઉદ્વેગને શાંત પાડવા લાગી. હરિયાળાં વૃક્ષો, પક્ષીઓનો કલરવ, ચહેરા પર પડી રહેલો આછો શીતળ વરસાદ, હવામાં ઘોળાયેલી આછી સુગંધ. આ બધાંની વચ્ચે થોડીવાર માટે હું ભૂલી ગયો કે મારે હાથે કેવું ભયાનક કામ થવાનું છે. આખરે તો હું અબુધ, ઓછી બુદ્ધિ ધરાવતો સામાન્ય માણસ જ હતો ને!

આમ ને આમ સાંજ પડી ગઈ. થોડો વિશ્રામ કરવા હું રોકાયો ત્યારે પર્વતોની પાછળ સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો. પેલી સ્ત્રી હજી ભાનમાં નહોતી આવી. અસ્તવ્યસ્ત પડેલી એ કાયાને જોઈને અચાનક મારી અંદર વાસનાના કીડાએ ચટકો ભર્યો. એને સ્પર્શવા હું હાથ લંબાવવા જતો હતો, ત્યાં બાજુમાં સૂતેલી બાળકી સળવળી. આંચકા સાથે મેં હાથ પાછો ખેંચી લીધો. સહેજ લજ્જા અનુભવી.

પણ થોડી જ વારમાં લજ્જાનું સ્થાન ક્રોધે લીધું. આ સ્ત્રીને મારી નાખવાની જવાબદારી મારા માથે હતી અને મારતા પહેલાં એની સાથે કંઈ પણ કરવાનો અધિકાર મને હતો. પાછા ફરીને બધાંને શું કહેવું એ પણ નક્કી થઈ ગયેલું. રાતે અચાનક માંદી પડી ગયેલી વેદવતી અને રાજકુમારીને થોડે દૂરના ગામમાં રહેતા વૈદ પાસે લઈ જવા માટે ભદ્ર નીકળ્યો હતો, પણ કમભાગ્યે અડધે રસ્તે પહોંચીને બેઉ જણે પ્રાણ ત્યાગી દીધા. હવે આટલે દૂર વેદવતીને મારતા પહેલાં ભદ્રે એની સાથે શું કર્યું, એ કોણ પૂછવાનું હતું?

અસુર સમિતિના સભ્યોને તો આ વાતની જાણ થઈ જાય તોયે એ રાજી જ થવાના હતા. હું વેદવતી પર ઝૂક્યો અને એની નિષ્પ્રાણ લાગતી કાયા પરથી વસ્ત્રો ઉતારવાનું શરૂ કર્યું. કંચુકીની ગાંઠ ખોલવા હું મથી રહ્યો હતો ત્યાં જ એણે આંખો ખોલી અને આપોઆપ મારા હાથ થંભી ગયા. ઊભો થઈને હું દૂર હટી ગયો.

વેદવતીની આંખોમાં છલકાઈ આવેલા આંસુ મારાથી જોવાયા નહીં. મેં ચહેરો ફેરવી લીધો, પણ પછી કોઈ પારધીની જાળમાં ફસાઈ ગયેલા પ્રાણીની જેમ એણે પાડેલી ચીસથી વાતાવરણ ખળભળી ગયું. બાજુમાં રાખેલો દીવો આડો પડી ગયો. વેદવતીનાં કપડાં ને રેશમી ચાદર પર તેલ ઢોળાવા લાગ્યું. મેં એને સીધો કરવાનો પ્રયાસ કર્યો, પણ હવે ભયથી મારા હાથ ધ્રૂજવા લાગેલા.

'દુષ્ટ, ગંધારા અસુર' વેદવતીનો તીણો અવાજ મારા રોમેરોમને વીંધી ગયો. 'તારી હિંમત કેમ થઈ મને હાથ અડાડવાની?'

ઊંઘમાંથી ઝબકી ગયેલી બાળકીએ રડવાનું શરૂ કરી દીધું, પણ વેદવતીનો અવાજ એથી અનેકગણો મોટો હતો. 'તારા સ્વામીએ પણ ક્યારેય મને સ્પર્શવાનો પ્રયાસ નથી કર્યો. પાપી...'

' મારા માથે રોષ સવાર થવા લાગ્યો. અડાબીડ જંગલમાં એ સાવ એકલી હતી અને મારા કબજામાં હતી. પણ હું એની નજીક જાઉં એની પહેલાં એ ગાડામાંથી કૂદી પડી. પરંતુ એ જ વખતે ક્યાંકથી પવનની લહેરખી આવી અને આડા પડી ગયા પછીયે ટમટમી રહેલા દીવાની જ્યોત વેદવતીના વસ્ત્રને અડી ગઈ. તેલથી ભીંજાયેલાં કપડાંને આગ પકડી લેતાં વાર ન લાગી. હું એને ઠારવા ગયો પણ મને જોરથી ધક્કો મારીને, બળતી કાયાએ ચીસો પાડતી વેદવતી નદી તરફ દોડી. પરંતુ પાણી સુધી પહોંચતાં પહેલાં એ ધરતી પર ઢગલો થઈ ગઈ. મેં મારાથી બનતા પ્રયાસ કર્યા, પણ ભડભડ બળી રહેલા આગના ગોળાને ઠારવાનું શક્ય નહોતું. ઊલટું મારા

હાથપગ દાઝી ગયા. છેવટે દૂર જઈને હું ઊભો રહ્યો. આમેય એણે મરવાનું જ હતું ને!

જીવતી બળી રહેલી વેદવતીએ મરવામાં બહુ વાર લગાડી. આગથી વિકૃત થઈ ગયેલા એના શરીરમાં પ્રાણ હતા ત્યાં સુધી એ ચીસો પાડીપાડીને આખાયે અસુરકુળને ગાળો ભાંડતી, શાપ આપતી રહી, 'રાવણે મારી આ દશા કરી છે, પણ આવતે જન્મે હું એનું વેર વાળીશ.'

રોષ, પછી ઘૃણા, પછી દયા અને છેવટે કંટાળાના ભાવ સાથે હું વેદવતીને મરતી જોઈ રહ્યો. એના આક્રંદની મારા પર કોઈ અસર ન થઈ. 'મારું શરીર ભલે બળી રહ્યું હોય, પણ રાજકુંવરીના શરીરમાં પ્રવેશીને હું જીવિત રહીશ. અસુરોનું સત્યાનાશ વાળી નાખીશ...જોજો, એક દિવસ પેલા જ્યોતિષીની વાણી સાચી ઠરશે....' આવું ગાંડુંઘેલું બોલતાં-બોલતાં વેદવતીએ છેવટે પ્રાણ ત્યાગ્યા, ત્યારે પૂર્વના આકાશમાં પાછી લાલિમા દેખાવા લાગી હતી.

બાળકીના રુદનનો અવાજ થંભી ગયેલો. હું ગાડા તરફ દોડ્યો. એ તો ચાદર પર પડી પડી હાથપગ ઉછાળી રહી હતી. મને જોઈને એણે નિર્દોષભાવે સ્મિત આપ્યું. આનું શું કરું, પથ્થર પર પછાડીને એનું માથું ફોડી નાખું?

પણ આ વિચાર આવતાંની સાથે મને મારી દીકરી યાદ આવી ગઈ. દેવસેનાનીએ પણ એ નાના જીવને આવી જ નિષ્ઠુરતાથી મોતને ઘાટ ઉતાર્યો હતો ને...! હું પણ એવું કરીશ? ધ્રૂજતા હાથે હું એને સ્પર્શ્યો તો એણે મારી આંગળી ફરતે એની નાનકડી મુઠ્ઠી વાળી દીધી. હું ભાંગી પડ્યો. આનો જીવ કઈ રીતે લેવાય?

બાળકીને ખોળામાં રાખીને બેઠાબેઠા કોણ જાણે ક્યારે હું નિંદ્રામાં સરી પડ્યો, પણ પછી દૂરથી આવેલા અવાજે મને ઝબકાવી દીધો. પગપાળા અને ઘોડેસવાર, સેંકડો સશસ્ત્ર માણસોનું ટોળું મેં દૂરદૂર જોયું. કદાચ એ લોકો જંગલમાં શિકાર કરવા નીકળેલા અને હવે નદીકિનારે તંબુ તાણી રહ્યા હતા. ખોળામાં ચૂપચાપ પડેલી બાળકી તરફ મેં જોયું. રડીરડીને એ થાકી ગયેલી કે પછી મરી ગયેલી? જે હોય તે, મારે ત્યાંથી ભાગવાનો સમય થઈ ગયેલો! પેલા લોકો દેવજાતિના લાગતા હતા. જોકે કાળી ત્વચા ધરાવતા થોડા માણસો પણ એ જૂથમાં હતા. થોડી જ વારમાં એમનું ધ્યાન નદીકિનારે પડેલી સ્ત્રીના મૃતદેહ ભણી જવાનું હતું. એ પછી મને મારા ખોળામાં સૂતેલા નાના બાળકને જોઈ લેશે, તો તો મારી ખેર નહોતી રહેવાની.

હળવેથી હું ઊભો થયો, પણ હજી બે ડગલાં ભર્યાં, ત્યાં ઠેસ વાગી. હું નીચે પડ્યો અને મારા હાથમાંથી સરી પડેલી બાળકી ગલોટિયાં ખાતી એક કાદવકીચડ ભરેલા ખાડામાં જઈને પડી. એણે રડવાનું શરૂ કરી દીધું. દેવસૈનિકોના કાને આ અવાજ પહોંચ્યો હશે એમાં કોઈ શંકા નહોતી. દોડવા જાઉં તો પકડાઈ જાઉં. મરણિયો થઈને હું એક વટવૃક્ષ પર ચઢી ગયો. થોડી વારમાં સૈનિકો આવી પહોંચ્યા. એ જ વખતે દેવોએ નદીકિનારે પડેલું વેદવતીનું શબ પણ જોયું. કોલાહલ મચી ગયો. સદ્નસીબે કોઈએ ઉપર નજર નાખી નહીં.

એમણે હવે ખાડામાં પડેલી બાળકીને બહાર કાઢવાની મથામણ આદરી. ખાડો ઊંડો નહોતો, પણ ત્યાં એવું કળણ હતું કે અંદર જનાર પોતે એમાં ખૂંપી જાય. બાળકી ' કીચડમાં ગરક થઈ રહી હતી. સૈનિકો મૂંઝવણમાં હતા, ત્યાં જ બેઠી દડીનો, પણ સત્તાની આભા ધરાવતો એક પુરુષ આવી પહોંચ્યો. બધાંએ આદરભેર ગરદન નમાવી અને પછી એકસાથે બોલવાનું શરૂ કરી દીધું.

પેલા માણસે ખાડામાં નજર ફેંકી અને તરત એક નાનું હળ લાવવાનો આદેશ આપ્યો. પછી થોડી જ વારમાં એણે પોતે હળની મદદથી બાળકીને ખાડામાંથી બહાર કાઢી લીધી. એ બાપડી ભાન ગુમાવી બેઠેલી, પણ પછી તો એને ભાનમાં લાવવા માટે જાતજાતની સાધનસામગ્રી લઈને બધાં મંડી પડ્યા. એ નાના જીવે છેવટે આંખો ખોલીને મોટે સાદે રુદન શરૂ કર્યું, અને એની ફરતે ઊભેલા લોકોમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો. મને પણ રાજી થઈને તાળીઓ પાડવાનું મન

થઈ ગયું. બધીયે લાગણીઓ દબાવી રાખીને હું વૃક્ષ પરથી નીચે ભજવાઈ રહેલાં દૃશ્યોને જોઈ રહ્યો.

વેદવતીની બળીઝળી કાયાનો જે અંશ બચ્યો હતો, એનો એ લોકોએ વિધિવત અંતિમ સંસ્કાર કર્યો. એમની વાતચીત પરથી ખબર પડી કે, બાળકીનો જીવ બચાવી લેનાર માણસ જનક હતો, મિથિલાનો રાજા. સાંજ પડતાં સુધીમાં તો એણે બ્રાહ્મણોને બોલાવીને, વિધિસર પેલી કન્યાને ખોળે પણ લઈ લીધી. મંત્રોચ્ચારની વચ્ચે જનકે એ દીકરીના કાનમાં નવા નામનો ગણગણાટ કર્યો, અને બીજી જ ક્ષણે ત્યાં ઊભેલા લોકોએ ઉત્સાહભેર પડઘા પાડ્યા, ‘સીતા…સીતા…’

સીતા એટલે એવી કન્યા જે હળની મદદથી ભૂમિની બહાર નીકળી હોય! હું રાજી થયો. જંગલી જનાવરોનું ભક્ષણ બનવાને બદલે હવે એ મહેલમાં રાજકુંવરી થઈને મહાલશે. એ ખરેખર ભાગ્યશાળી હતી. મનોમન મેં પ્રાર્થના કરી લીધી કે જીવનભર એને એનું ભાગ્ય સાથ આપે. આખરે તો એ મારા સ્વામીની પુત્રી હતી. લંકાની રાજકુંવરી, અસુરકન્યા, જે શાપ લઈને જન્મી હતી. કમભાગી અસુર જાતિ માટે જે વિનાશનો સંદેશ લઈને આવી હતી.

સાંજ ઢળી ગઈ. બધો કોલાહલ શમી ગયો. સુરા અને નિંદ્રાની અસર હેઠળ સૌ આંખો મીંચી ગયા, ત્યારે હું વૃક્ષ પરથી નીચે ઊતર્યો અને બિલ્લી પગે જનકની છાવણીમાં પ્રવેશ્યો. ત્યાંથી જે વધ્યુંઘટ્યું ખાવાનું અને સુરા મળી એ મેં પેટમાં પધરાવ્યું. નાસી છૂટવા હું તૈયાર હતો, પણ પછી અચાનક જતાં પહેલાં છેલ્લીવાર પેલી અસુર રાજકન્યાને જોઈ લેવાની ઇચ્છા જોર કરી ગઈ. છાવણીમાં સહુથી ભપકાદાર લાગતાં તંબુની અંદર મેં નજર નાખી. ત્યાં ટમટમી રહેલા દીપકના ઉજાસમાં મેં શ્વેત રેશમી ચાદર પર રાજાની બાજુમાં સૂતેલી બાળકીને જોઈ. મારાથી રહેવાયું નહીં. જીવ જોખમમાં નાખીને હું અંદર પ્રવેશ્યો. નિંદ્રાધીન રાજકન્યા પર ઝૂકીને, એના ગાલ પર હળવું ચુંબન કરી લીધું. મારા સ્પર્શથી કે પછી મારા મોઢામાંથી આવતી દુર્ગંધ એને સહેજ અસ્વસ્થ કરી ગયા. એ સહેજ સળવળી, હોઠ ચૂસીને થોડો અવાજ કર્યો. બાજુમાં નસકોરાં બોલાવી રહેલા રાજાની નિંદ્રામાં કોઈ વિક્ષેપ પડ્યો નહીં. થોડીવાર હું ત્યાં જ ઊભો ઊભો એ નિર્દોષ શિશુને નીરખી રહ્યો. પછી ભારે પગ અને એથીયે ભારે હૃદય સાથે ત્યાંથી નીકળ્યો. લાખ પ્રયાસ પછીયે મારા માટે અશ્રુ ખાળવાનું કઠિન હતું.

છાવણીથી દૂર પહોંચ્યા બાદ મેં છેલ્લી એકવાર પાછા વળીને જોયું. જાણે મેં મારી સગી દીકરીને પાછળ છોડી દીધી હોય એવું લાગતું હતું. જનક પાસેથી એને ઝૂંટવી લેવાની ઇચ્છા મેં માંડમાંડ દબાવી. ના, ના, દેખાવ અને વર્તણૂક પરથી એ સૌમ્ય અને જ્ઞાની શાસક લાગતો હતો. મારા સ્વામીની પુત્રીને એ સારી રીતે ઉછેરશે. હે શિવ, બધી સુખસગવડોની વચ્ચે એ મોટી થાય અને એવા કોઈ સારા દેવ રાજકુંવર સાથે પરણે, જે એને સદા સુખી રાખે!

ખાસ્સું અંતર કાપી નાખ્યા બાદ મારી વિચારશક્તિ પાછી ફરી. અચાનક મને ભાન થયું કે જનક વચ્ચે ન આવ્યો હોત તો મેં એ બાળકીનો જીવ લઈ લીધો હોત. આ વિચારથી મારું રોમેરોમ કંપી ગયું. હાશ, સારું થયું કે છેલ્લી ઘડીએ સંજોગો બદલાઈ ગયા.



પરંતુ રાવણની પુત્રી જીવિત રહી, એ વિચાર સાથે મેં અનુભવેલી રાહત અને રાજીપો લાંબો સમય ટક્યાં નહીં. એની જગ્યાએ, પગલે પગલે મને કોઈ ન સમજાય એવો અજંપો અને અજાણ ભય ઘેરવા લાગ્યા. એક દિવસ એ જરૂર પાછી આવશે. જ્યાં એનો જન્મ થયો હતો

ત્યાં પાછી આવીને એ વિનાશ વેરશે. એના પિતા જીવનભર જે મૂલ્યો માટે લડ્યા, એનો આ કન્યા વિધ્વંસ કરી નાખશે!


આવનારા દિવસોનો સંકેત મને ક્યાંથી અને કેવી રીતે મળી રહ્યો હતો એ નહોતું સમજાતું. પણ બધું સ્પષ્ટ દેખાતું હતું. 'હે શિવ, મને આમાંથી ઉગારી લ્યો.' મેં હીનભાવે આજીજી કરી. અંદરથી તો હું જાણતો હતો કે, આ બાબતમાં તો શિવ પણ કંઈ કરવાને અસમર્થ હતા.

કદાચ આ જ એ કન્યાનું વેર હશે. હજી એની આંખો આ સૃષ્ટિને નિહાળવા માટે પૂરેપૂરી ખૂલે એ પહેલાં એને હંમેશ માટે બંધ કરી દેવાનો નિર્ણય લેનારા ગર્વિષ્ઠ પણ હૃદયહીન અસુરો સામે એ બદલો લેશે. મોટી થઈને આ બાળકી માનવજાતનો ઇતિહાસ બદલી નાખશે.

આજે હવે શંકા જાગે છે કે, એ દિવસે રાવણપુત્રીને જનકના હાથમાં સોંપી દીધા બાદ, ખરેખર મને ભાવિના એંધાણ મળ્યા હતા? એ વખતે તો સર્વનાશનો દિવસ હજી બહુ દૂર હતો. અસુરોને અને આખા દેશને સદીઓ માટે અંધકારની ગર્તામાં ધકેલી દેનારો સમય આવવાનો હતો, પણ ક્યારે એની તો ત્યારે કોઈને કલ્પના સુધ્ધાં નહોતી.

o

એને જીવવા દો



રાવણ

હું કોઈને મોઢું બતાવવાને લાયક નહોતો રહ્યો. બજારમાં ઢોરની જેમ હું વેચાયો. મહિનાઓ સુધી લડીલડીને મારા લોકોએ જે એકઠું કરેલું, એ બધું કાર્તિ વીરાર્જુનને આપી દઈને એમણે મને છોડાવ્યો. આનાથી મોટું અપમાન બીજું શું હોઈ શકે?

એક ઘાએ કાર્તિ વીરાર્જુને મારા સૈન્યને પાડી દીધું. લંકામાં પાછું લઈ જઈ શકાય એવું હવે અમારી પાસે કંઈ નહોતું બચ્યું. પોતાની તલવાર છોડીને એ બાકીનાં બધાં શસ્ત્રો, હાથીઘોડા અને સુવર્ણ પોતાની સાથે લઈ ગયો. બદલામાં અસુરોને મારું જીવતદાન મળ્યું. પણ આવા જીવનનો હવે શું અર્થ હતો? લજ્જાના માર્યા પ્રાણ ત્યાગી દેવાનું મન થતું હતું, પરંતુ એવું ઉતાવળિયું પગલું ભરું તો અસુરોએ મારા માટે કરેલો બધોયે ત્યાગ પાણીમાં જાય. હું કોઈની સામે લડવાની સ્થિતિમાં નહોતો.

આ બધું મારી મૂર્ખામીનું પરિણામ હતું. વેદવતીએ મને ગાંડીતૂર વહેતી નદીમાં ઝંપલાવવાનું આહ્વાન કર્યું અને જરાયે વિચાર કર્યા વિના હું પાણીમાં કૂદી પડ્યો. વેદવતીનું મન જીતી લેવા હું કંઈપણ કરવા તૈયાર હતો, પણ આ દુઃસાહસ ભારે પડી ગયું. પહેલાં તો મારું માથું ખડક સાથે ભટકાયું, અને પછી પૂરજોશથી વહેતી નર્મદાનાં નીર મારી મૂર્છિત કાયાને આગળ ખેંચી ગયાં. ભાન આવ્યું ત્યારે હું સાંકળોમાં બંધાયેલો કારાગૃહમાં પડ્યો હતો.

શરૂઆતમાં તો હું રોષે ભરાયો. મારી જાત પર, વેદવતી પર, અસુરો પર અને કાર્તિ વીરાર્જુન પર.... એના સિવાય મને બંદી બનાવવાની હિંમત કોણ કરે? પણ અંધારી અને ભેજવાળી કોટડીમાં મારા રોષનો અગ્નિ થોડી જ વારમાં ઠરી ગયો. કમાડ ખોલીને કોઈએ વાસી ભોજન અંદર ફેંક્યું ત્યારે મને આશાનું કિરણ દેખાયું. પરંતુ થોડા દિવસોમાં પણ અદૃશ્ય થઈ ગયું.

કોણ જાણે આમ ને આમ કેટલો સમય વીતી ગયો અને સ્થળકાળનું ભાન મેં ગુમાવી દીધું. મારી મહત્ત્વાકાંક્ષા, ગર્વ, અરે મારું આત્મસન્માન પણ મેં વિસારે પાડી દીધું. બસ, એ અંધારી, ગંધાતી કાળકોટડીમાં એક ઉંદરડાની જેમ જીવિત રહેવા માટે હું ફાંફાં મારતો હતો.

થોડા દિવસો બાદ એમણે મારા હાથપગ પરથી બેડીઓ કાઢી નાખી, પણ હું તનમનથી ભાંગી પડેલો. એકાદવાર મેં છટકવાનો પ્રયાસ કર્યો પણ એમાં નિષ્ફળ રહ્યો અને છોગામાં ચોકીદારોએ મારઝૂડ કરી. બધોયે ત્રાસ કદાચ હું સહન કરી લેત, જો એ કાર્તિ વીરાર્જુનના હાથે થયો હોત. એ મારી સમક્ષ આવે ત્યારે શું બોલવું એ મેં વિચારી લીધેલું. એને ખબર પડવી જોઈએ કે, અગણિત અત્યાચાર સહ્યા પછીયે મારું મનોબળ તૂટવાનું નહોતું. પણ એ તો આવ્યો જ નહીં. રાહ જોઈ જોઈને હું થાકી ગયો, હારી ગયો, ભાંગી પડ્યો. એની નજરે હું મળવાલાયક માણસ નહોતો, એ વાત મને સહુથી વધુ પીડતી રહી.

નાના બાળકની જેમ મેં ત્યાં આક્રંદ કર્યું. ક્યારેક લંકા અને મારી પત્નીનું સ્મરણ મારી પીડામાં અનેકગણો વધારો કરી જતું. મંદોદરી, મારો મહેલ, આખાયે ઉદ્યાનને મઘમઘાવી દેતા ફણસ

અને આમ્રવૃક્ષો! પૂર્ણા નદીના ધસમસતા પાણીમાંથી ઊડતા છાંટા, મુઝુરીસ પાસે સફેદ રેતીને ભીંજવી જતી લહેરો! પૂનમની રાતે હવામાં મહેંકતી ચમેલી, ઊંચી નારિયેળીઓ... આ બધું કેટલું છેટે રહી ગયેલું!

પછી એક દિવસ જ્યારે મારી બધીયે આશા મરી પરવારેલી ત્યારે કાળકોટડીના દરવાજા ખૂલ્યા, લથડતા પગે હું બહાર નીકળ્યો પણ મારી આંખો આટલા સમય બાદ સૂરજનું તેજ જીરવી ન શકી. મને અંધારાં આવી ગયાં. ત્યાં ઊભેલા સૈનિકો અને નોકરચાકરોએ મારી હાંસી ઉડાવી.

આવા સંજોગોમાં મારી જગ્યાએ બીજું કોઈ હોત તો એણે ત્યાં ને ત્યાં આ અપમાનનો બદલો વાળવાની પ્રતિજ્ઞા લીધી હોત, પણ ના, મને તો એવો વિચાર આવ્યો નહીં. હું તો બસ મારા હાથમાં એક અસ્ત્રો આવે એની વાટ જોતો હતો. મહિનાઓથી વધી ગયેલી દાઢીને મૂંડીને, ક્યારે મારો ચહેરો સાફ કરું એની જ તાલાવેલી મને હતી. આજે એ દિવસ યાદ કરીને મને શરમ આવે છે. હું કેટલી નિમ્ન કક્ષાએ પહોંચી ગયેલો!

અમારી છાવણીમાં હું પહોંચ્યો ત્યારે બધાંયે મારી અવગણના કરી. એમની દૃષ્ટિએ હવે હું રાજા નહોતો, પણ મારી આંખો, મારી પ્રિયતમા અને પુત્રીને જોવા માટે ભટકી રહી હતી. ક્યાં ગયા એ બે જણ?

કોઈ મંત્રીઓને પૂછતાછ કરવાની હિંમત મારામાં નહોતી. એ બધા ઘેર પાછા ફરવાની તૈયારીઓમાં વ્યસ્ત હતા, એ પણ લગભગ ખાલી હાથે. છેવટે મેં મારીચને પકડીને પૂછી લીધું પણ એણે કહ્યું, 'બેટા, ધીરજ રાખજે.' મારાં ગાત્રો ગળી ગયાં.

'ક્યારે... કેવી રીતે?' મેં માંડમાંડ પૂછ્યું.

'આ વનવગડામાં લોકો માંદા પડે છે. એમાંથી ઘણાં જણ ક્યારેય પાછા ઊભા નથી થતા. વેદવતી અને આપણી નાની રાજકુંવરીને બચાવવા માટે અમે ઘણું મથ્યા. અહીંથી થોડે દૂર રહેતા વૈદ્ય પાસે લઈ ગયા, પણ વિધિ પાસે આપણું કંઈ ન ચાલ્યું.' આવું કહીને મારીચ આડું જોઈ ગયો.

સાંભળીને હું ધ્રુસકે ધ્રુસકે રડ્યો. હવે મારે વીરતાનો દંભ કરવાની કોઈ જરૂર નહોતી. રાજપાટ, વૈભવ, કીર્તિ, આમાંથી કશાયનો મને હવે ખપ નહોતો. અસુરોનું જે થવાનું હતું તે થાય. પ્રહસ્ત કે વિદ્યુતજિહ્વા, જેને રાજગાદી જોઈતી હોય એ ભલે લઈ જાય. સાન-ભાન ભૂલીને હું બબડતો રહ્યો. મારીચ પણ મને ભેટીને એના આંસુથી મારો ખભો ભીંજવતો રહ્યો.

પછી અચાનક શંકાએ મને ચટકો ભર્યો. 'ના, આવું શક્ય નથી. મારો મિત્ર મારીચ જીવતો હોય ત્યાં સુધી એ આવું કંઈ થવા જ ન દે.' આંચકાભેર એનાથી અળગા થઈને મેં પૂછ્યું 'એ લોકોને વૈદ્ય પાસે કોણ લઈ ગયેલું?'

ભીંત સામે જોઈને મારીચે ગણગણાટ કર્યો, 'કોઈ સૈનિક હતો કે નોકર... યાદ નથી. પૂછીને જણાવું છું. પણ બેટા, જે થયું એ વિસારે પાડીને તારે હવે આગળ ચાલવાનું છે.'

'ના.' મેં ત્રાડ પાડી. 'સાચું બોલો, કોણ એમને લઈ ગયેલું?'

મારીચની આંખોમાં ફરકી ગયેલો ભય મેં જોઈ લીધો, પણ એણે હોઠ સજ્જડ ભીડી રાખ્યા.

અચાનક કોણ જાણે ક્યાંથી મારા મોઢામાં પેલા કાળમુખાનું નામ આવી ગયું. 'ભદ્ર?'

મારીચ નીચું જોઈ ગયો અને પછી ધીમેથી બોલ્યો, 'રાવણ, જવા દે એ બધું....'

એને ધક્કો મારીને હું બહાર દોડી ગયો. ભદ્રના નામનો સાદ પાડતાંની સાથે એ લુચ્ચો હાજર થઈ ગયો. એને મારી પાછળ આવવાનું કહીને હું મારા તંબુમાં ગયો. જેવો એ અંદર પ્રવેશ્યો કે એનું ગળું પકડીને મેં તલવાર ધરી દીધી. રક્તનું એક ટીપું નીચે પડ્યું અને ભદ્રની આંખો ફાટી ગઈ. એણે લથડતી જીભે અસ્પષ્ટ બડબડાટ શરૂ કરી દીધો.

મને કંઈ સમજાયું નહીં. 'શું કર્યું તેં મારી દીકરી અને વેદવતી સાથે?' ભદ્રના ગળામાં તલવારની અણી વધુ ખૂંપાવતાં મેં ગર્જના કરી.

'ક્ષમા કરી દો.' રડતાં રડતાં એ મારા પગે પડી ગયો અને પછી એણે મને આખીયે કથની સંભળાવી. હું શ્વાસ લેવાનું ભૂલી ગયો. મારી પુત્રી જીવંત હતી, પણ હવે જનકના રાજમહેલમાં હતી. દેવ રાજકુમારી તરીકે મિથિલામાં એ ઊછરી રહી હતી.

ક્ષણભર મને સમજાયું નહીં કે દીકરી જીવિત હતી, એ જાણીને રાજી થવું કે હવે શત્રુને ત્યાં રાજકન્યા તરીકે મોટી થઈ રહી હતી, એ વાસ્તવિકતાથી દુઃખ અનુભવવું?

પણ પછી મારી રગેરગમાં આવેશ ફરી વળ્યો. નવેસરથી લશ્કર ઊભું કરીને હું જનકના રાજ્ય પર આક્રમણ કરીશ. મિથિલાને ખેદાનમેદાન કરીને હું મારી પુત્રીને ત્યાંથી લઈ આવીશ. એ અસુર રાજકન્યા હતી. કોઈ દેવરાજનો એના પર અધિકાર નહોતો. લંકાની રાજકુમારી તરીકે જ એનો ઉછેર થશે.

પણ પછી મારા મનમાં ભીતિએ પ્રવેશ કર્યો. પુત્રીને પાછી લાવતા પહેલાં મારે મારી નષ્ટ થઈ ગયેલી શક્તિને પુનઃજીવિત કરવાની હતી. મારા સૈન્યમાં હવે ક્યાં કોઈ બળ બચ્યું હતું? અરે, સૈન્ય નામની કોઈ વસ્તુયે હવે મારા કબજામાં ક્યાં હતી? ધારો કે હું એને પાછી લઈ આવું, તોયે પ્રહસ્ત અને વિધુતજિહ્વા જેવા ઝેરીલા સાપ છૂટા ફરતા હોય, ત્યાં સુધી મારી પુત્રીની સુરક્ષા વિશે કોઈ ખાતરી નહોતી. મેં નિઃસહાયતા અનુભવી. મારા પગે વળગીને બેઠેલા ભદ્રને મેં જોરથી લાત મારીને દૂર કર્યો. એના નાકમાંથી વહેવા લાગેલું રક્ત જોઈને મેં દયાને બદલે ઘૃણા અનુભવી. દેવોને ત્યાં જે વર્ણવ્યવસ્થા હતી એ સાવ ખોટી તો નહીં જ હોય. આ ભદ્ર જેવા તુચ્છ જીવડાને હું કેવી રીતે મારી બરોબરીનો ગણી શકું?

મારી પુત્રીની સાથે સાથે હવે એની માતા મંદોદરીએ મારા મનોપ્રદેશમાં પ્રવેશ કર્યો. પૂર્ણા અને કાવેરી નદીના કાંઠે સુગંધી સમી સાંજે મંદોદરી સાથે ગાળેલી સુંદર ક્ષણો મને યાદ આવવા લાગી. એના પ્રેમાળ સ્પર્શ માટે તનમન તરફડિયાં મારવા લાગ્યાં. ક્યારે હું એને જોવા પામીશ?

ભદ્રની પકડમાંથી જેમતેમ મારા પગ છોડાવીને હું નદીકિનારા ભણી ગયો. બધાંથી દૂર, માત્ર મારાં સુંદર સ્મરણો સાથે મારે થોડીવાર રહેવું હતું. જે દૂર રહી ગયેલા એમને યાદ કરીને, મોકળે મને રડવું હતું.

ભદ્ર

મધ્યભારતથી અમે ખાલી હાથે લંકા પાછા ફર્યા. રાજા, મંત્રીઓ, સૈનિકો, બધાં એકબીજા સાથે ગુસ્સામાં હતા. મારી દશા સહુથી માઠી હતી. વિધુતજિહ્વા અને બીજા થોડા મંત્રીઓ તો રાવણનો છૂટકારો થયો, એના ઘણા દિવસ પહેલાં નીકળી ગયેલા. વિધુતજિહ્વા મારી પહેલાં માલા પાસે પહોંચીને જૂનો સંબંધ તાજો કરી લેશે એ વિચાર મને રૂંવેરૂંવે દઝાડી રહ્યો હતો.

અમારો ખરાબ સમય હજી પૂરો નહોતો થયો. પડ્યા પર પાટું વાગે એવો પ્રસંગ પણ લંકા પાછા ફરતી વખતે રસ્તામાં જ થઈ ગયો.

વિંધ્ય પર્વતમાળાની જમણી તરફની તળેટીમાં વર્ણસંકર ગણાતો, પણ બાલી નામનો અતિ શક્તિશાળી રાજા રાજ કરતો હતો. બહારના લોકો બાલીને વાનરરાજ અને એની પ્રજાને વાનર કે વાંદરા જેવા અપમાનજનક શબ્દોથી ઓળખતા હતા. પરંતુ વાસ્તવિકતા એ હતી કે એના પાટનગર કિષ્કિંધામાં બેઠા-બેઠા બાલી અને એની વાનરસેના, ઉત્તરમાં દેવો અને દક્ષિણમાં અસુરોને ધ્રુજાવતા હતા. બાલીએ જોકે પોતાના સામર્થ્યને મધ્યભારતનાં જંગલો પૂરતું સીમિત રાખ્યું હતું. એથી અમે જ્યારે દરિયાકાંઠે આગળ વધતા, ઉત્તર તરફ જઈ રહ્યા હતા ત્યારે એનો

ભેટો નહોતો થયો. બાલીનો નાનો ભાઈ સુગ્રીવ બાલીનો શત્રુ થઈ બેઠેલો. હનુમાન જેવા પ્રખ્યાત, શક્તિશાળી યોદ્ધાએ બાલીને છોડીને સુગ્રીવ સાથે જવાનું પસંદ કરેલું. કદાચ એ સાંભળીને જ અમારા રાજાને બાલી સામે લડવાની ચળ ઊપડી.

રાવણ હવે એણે ગુમાવેલી પ્રતિષ્ઠાને પાછી મેળવવા ઝંખતો હતો. વળી એના મન પર સતત ભય તોળાતો હતો કે, એની પહેલાં લંકા પહોંચીને પ્રહસ્ત કે વિદ્યુતજિહ્વા રાજગાદી પર ચઢી બેસશે. એણે ધારણા બાંધી કે કિષ્કિંધાને પરાજિત કરવાનું સહેલું હતું, અને એનાથી પુરવાર થઈ જશે કે રાવણના બાવડામાં હજી ઘણું બળ હતું. હારેલા-થાકેલા સૈનિકોને એણે જેમતેમ કરીને મનાવ્યા અને અમાસની એક અંધારી રાતે અમે કિષ્કિંધા પર આક્રમણ કર્યું.

કમભાગ્યે રાવણની બધી ગણતરી ઊંધી વળી ગઈ. બાલીની સેનાએ થોડી જ વારમાં અમને ધૂળ ચાટતાં કરી દીધા. મર્યા નહીં, એમણે ઝટપટ શરણાગતિ સ્વીકારી લીધી. બાલી તો બીજી સવારે મેદાનમાં આવ્યો. અસુરોએ એના પર આક્રમણ કરેલું એ જાણીને એના આશ્ચર્યનો પાર નહોતો. 'હું તો માની બેઠેલો કે આસપાસની કોઈ રખડુ જાતિનાં ટોળાં, રાતના સમયે આવી ચઢ્યાં હશે.' બાલીના આ શબ્દોએ અમારા ઘા પર જાણે મીઠું છાંટ્યું. એટલું ઓછું હોય એમ વાનરરાજે અમારી સાથે શત્રુની જેમ વ્યવહાર કરવાને બદલે પ્રેમથી મહેમાનગતિ કરી. લડાઈને પરિણામે અમારે કોઈ તકલીફ ભોગવવી પડી હોય તો એ માટે ક્ષમા માંગી. બાલીની આ સૌજન્યભરી વર્તણૂકમાં અમને તો જોકે ઉપહાસની ઝાંખી થઈ.

જોકે પછી બધીયે લાજ-શરમ નેવે મૂકીને અમે અમારી સામે ધરાયેલાં મિષ્ટાન્ન-પકવાન અને સુરા પર તૂટી પડ્યા. રાતભર વાનરોના ઢોલનગારાના નાદે અમે નાચ્યાકૂદ્યા. સવાર પડી ત્યાં સુધીમાં તો જાણે અમે લંગોટિયા ભાઈબંધો થઈ ગયેલા. વાનરો અને અસુરો વચ્ચે મરતાં સુધી મિત્રતા જાળવવાના સોગન લેવાઈ ગયા. પછી કિષ્કિંધાથી વિદાય થતી વેળાએ અમે એક અચરજ પમાડે એવું દૃશ્ય જોયું.

રાવણ અને બાલી એકમેકને સ્નેહપૂર્વક ભેટ્યા. એટલું જ નહીં, વાનરરાજની શિખામણોને રાવણે નમ્રતાપૂર્વક સાંભળી લીધી.

છેલ્લા થોડા મહિનાઓમાં અનુભવેલો બોજ ઉતારીને અમે કિષ્કિંધાથી નીકળ્યા. મેં એવું સાંભળ્યું કે વાનરરાજ્ય સાથે અમે અનંતકાળનો મૈત્રીકરાર કર્યો હતો. એ દિવસથી બાલી અમારા રાજાનો મિત્ર અને માર્ગદર્શક બની ગયો. મારે મન આવો કરાર ભારે કૌતુકની વાત હતી. પણ હું તો રહ્યો ભલોભોળો, સીધોસાદો માણસ. મોટા લોકોની મોટી વાત કેવી રીતે સમજાય? મારા માટે તો એક ટંક ખાવાનું મળે એટલે ભયોભયો.

લગભગ એક મહિનાની દડમજલના અંતે અમે દક્ષિણમાં સાગરકિનારે જઈને ઊભા રહ્યા. દરિયો ઝટ પાર કરીને લંકા પહોંચી જવા માટે હું થનગની રહ્યો હતો. પાણીમાં આટલું અંતર પાર કરાવી શકે એવો વરુણ અને એનાં વહાણ ક્યાં હતાં?

પંદર દિવસ નીકળી ગયા, પણ વરુણનું એકેય વહાણ દેખાયું નહીં. છેવટે રાવણે પરિસ્થિતિનો દોર પોતાના હાથમાં લીધો. કિનારે ઉગેલાં વૃક્ષો કાપીને એમાંથી નાની હોડીઓ બનાવવાનો એનો વિચાર પહેલી નજરે ભલે વિચિત્ર લાગે, પણ અમે અમલમાં મૂક્યો.

મારીચ હવે ઉતાવળો થતો હતો, પણ સાવધાની વર્તવી એના સ્વભાવમાં હતું. એને શંકા પડેલી કે, વિદ્યુતજિહ્વા કે પ્રહસ્તએ લંકાને તાબામાં લઈ લીધી હતી. એટલે એણે સૂચન કર્યું કે માત્ર થોડા લોકોએ, પહેલાં લંકા જઈને પરિસ્થિતિનો તાગ મેળવવો જોઈએ. ચર્ચા-વિચારણા અને હોડીઓ બનાવવાનું કામ ચાલતું હતું, એવામાં એક દિવસ અમે કાવેરીના ઉદ્ભવસ્થાન પર બનેલા બંદરગાહ તરફ વરુણનાં વહાણ આવતાં જોયાં. અમે ત્યાં જ પડાવ નાખેલો.

રાવણે બધાયને જંગલમાં છુપાઈ જવાનો આદેશ આપ્યો. ત્યાંથી અમે વરુણનાં વહાણોને

બંદરમાં નાંગરતાં જોયાં. એમાંથી થોડા માણસો સાથે નાની હોડીઓ પાણીમાં ઊતરી અને પૂરજોશમાં હલેસાં મારતા એ લોકો દરિયાકાંઠાના એ વિસ્તારમાં આવી પહોંચ્યા જ્યાં અમે તંબુ તાણેલાં. હોડીમાંથી ઊતરીને પ્રહસ્ત અને થોડા સૈનિકો અમારી તરફ આવ્યા. રાવણ અને મારીચ ખુલ્લી તલવારે એ લોકોની સામે ગયા.

પ્રહસ્તએ ઉન્નત મસ્તકે રાવણ સામે અત્યંત તુચ્છકારના ભાવ સાથે જોયું. રાવણે મોઢું ફેરવી લીધું. મારીચનાં ભવાં તણાયાં. એ બંનેની વચ્ચે આવીને ઊભો રહી ગયો. પ્રહસ્ત બે ડગલાં પાછળ હટી ગયો અને પછી એણે રાવણ સામે ગરદન ઝુકાવી. અમે રાજીના રેડ થઈને કોલાહલ મચાવી દીધો. મારીચના ચહેરા પર આશ્ચર્ય તરવરી ગયું, પણ પછી એ પ્રહસ્તને ભેટી પડ્યો.

શિસ્તના નિયમો તોડીને અમે સહુ જંગલમાંથી બહાર દોડ્યા. પ્રહસ્ત અસ્વસ્થ લાગતો હતો. મારીચે એને ધૈર્ય બંધાવીને, લંકાની પરિસ્થિતિ વિશે પૂછતાછ આદરી.

પ્રહસ્તએ થોડા ખચકાટ પછી હૈયું ઠાલવી દીધું. 'માફ કરજો મહારાજા! રાવણ અને તમને પાછળ છોડીને મેં વિદ્યુતજિહ્વાની સાથે જવાનો નિર્ણય લીધો. એ મારી મોટી ભૂલ હતી. આમ તો એ લુચ્ચાની દાનત પર મને પહેલેથી શંકા હતી, પરંતુ એ કેટલી નીચ કક્ષાએ ઊતરી શકે એની કલ્પના મેં નહોતી કરી. અમે લંકા પહોંચ્યા ત્યાં સુધી તો એણે બહુ મીઠી મીઠી ડાહી ડાહી વાતો કરી, પરંતુ લંકામાં પગ મૂકતાંની સાથે એનું વર્તન બદલાઈ ગયું. એનો આગ્રહ હતો કે તમે આવો ત્યાં સુધી લંકાનું શાસન સંભાળી શકે, એવી વ્યક્તિને કામચલાઉ રાજાનું પદ આપવું જોઈએ. મેં કહ્યું કે અસુરો માટે રાજા પણ હજી નવો શબ્દ, નવી પરંપરા હતાં.' આટલું બોલીને પ્રહસ્તએ રાવણ તરફ જોયું. રાવણે ફરીથી ચહેરો ફેરવી લીધો.

પ્રહસ્તએ વાત આગળ ચલાવી, 'પણ તમે સહુ જાણો જ છો કે, સામેવાળાને વશમાં કરી લે એવું બોલતાં એને આવડે છે. જે લોકો વાતોથી માન્યા નહીં એમને સામ, દામ, દંડ, ભેદથી પોતાના પક્ષે લઈ લીધા. માત્ર જાંબુમાલિ અને મેં છેક સુધી વિદ્યુતજિહ્વાનો વિરોધ કર્યો. મેં સમિતિનું સભાસદ ત્યાગી દીધું. કદાચ રાજકારણમાંથી જ સમૂળગો નીકળી જાત. જો વિદ્યુતજિહ્વાએ ભયાનક આતંક ન ફેલાવ્યો હોત. એ માણસે તો સત્તા પર આવતાંની સાથે કાળો કેર વર્તાવી દીધો.'

અહીં સહેજ અટકીને પ્રહસ્તએ વાત આગળ વધારી, 'છેલ્લા ત્રણ મહિનામાં એણે રાજ્યની અર્થવ્યવસ્થા ભાંગી નાખી છે. પ્રજા પર આડેધડ કર નાખ્યા છે અને પેલા ચાંચિયાને લૂંટફાટ માટે છૂટો દોર આપી દીધો છે. જે મળે એમાં બંનેની ભાગીદારી, પણ હવે તસ્કરોમાં તકરાર થઈ છે. વરુણ, પેલા વહાણમાં રાવણ... ક્ષમા કરજો મહારાજા રાવણની વાટ જુએ છે. એ ઇચ્છે છે કે તમે જઈને એનું નૌકાદળ સંભાળી લો. એ હવે વિદ્યુતજિહ્વાને પાઠ ભણાવવા અધીરો થયો છે.'

હવે રાવણ પ્રહસ્તની સામે જઈને ઊભો રહ્યો. 'મારા ભાઈઓ, પત્ની અને બહેનનું શું થયું?' એણે પૂછ્યું.

`મહારાજ, તમારી બહેન સુખી નથી પણ સુરક્ષિત છે. એ હજીયે એના પતિને પ્રેમ કરે છે. તમારી પત્નીને મેં સહીસલામત એના પિતાને ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરી દીધેલી. અત્યારે સહુથી મોટી ચિંતા આપણે રાજકુંવર કુંભકર્ણ માટે કરવાની છે. બનેવીના અત્યાચાર સામે અવાજ ઊંચો કરવાની હિંમત માત્ર એનામાં હતી. નાને મોઢે મોટી વાત લાગે તો ક્ષમા કરજો પણ કુમાર જેટલા બહાદુર છે, એટલા જ અવિચારી પણ છે. ભોળા તો એટલા છે કે ગમે તેની વાતમાં આવી જાય. એ જેને મિત્ર ગણતા હતા એવા જ લોકોએ એમની સાથે વિશ્વાસઘાત કર્યો. બંદી બનાવીને પુષ્કળ ત્રાસ આપ્યો અને છેવટે યમના રાજમાં મોકલી દીધા.'

`યમ?' રાવણે પૂછ્યું.

`હા, સહ્ય પર્વતમાળામાં ઉત્તર તરફ ગાઢ જંગલો છે. એમાં યમ નામના લૂંટારાની આણ પ્રવર્તે છે. ત્યાં એ ઝેરી અને કેફી ઔષધિઓ બનાવે છે. એક સમયે વિદ્યુતજિહ્વા આ યમનો શિષ્ય હતો. હવે એણે ગુરુદક્ષિણા તરીકે કુંભકર્ણને ત્યાં મોકલ્યા છે. યમ એના પર જાતજાતના પ્રયોગો કરવા માંગે છે.

રાવણનું અંગેઅંગ ક્રોધથી કંપી ઊઠ્યું. ખભે મુકાયેલા મારીચનો હાથ ઝાટકી નાખીને એણે ત્રાડ પાડી. 'યુદ્ધ માટે તૈયાર થઈ જાવ!'

દોડાદોડી ને ઘોંઘાટ મચી ગયાં. અમારી સામે હવે નવું લક્ષ્ય હતું. હવે અમારે એક વ્યક્તિના ઘમંડને પોષવા માટે અર્થહીન લડાઈઓ નહોતી કરવાની. એક દુષ્ટના પંજામાંથી અમારાં ભાઈ-બહેનો, મા-બાપ, પત્ની અને બાળકોને છોડાવવા માટે શસ્ત્ર ઉગામવાનાં હતાં. એ માટે સહુ તૈયાર હતા.

પરંતુ પ્રહસ્તએ હાથ ઊંચો કર્યો. ધીમેધીમે બધા શાંત થઈ ગયા. 'મહારાજ, પહેલાં તો આપણે કુંભકર્ણને યમના હાથમાંથી મુક્ત કરાવવા જોઈએ. કોણ જાણે એ પાપીએ આપણા રાજકુંવરની શું દશા કરી હશે!'

રાવણે થોડીવાર વિચાર કર્યો અને પછી ગરદન સહજ નમાવીને નમ્ર અવાજે કહ્યું, 'મારા પ્રધાનમંત્રી, તમારું સૂચન મને માન્ય છે. આજ પછી દરેક નિર્ણય લેતી વખતે હું તમારું માર્ગદર્શન લઈશ.' પછી મારીચ ભણી જોઈને એણે કહ્યું, 'મામા, કૃપા કરીને આપણા મિત્ર બાલીને સંદેશ મોકલો કે, કેફી દ્રવ્યોના પાયા પર યમે ઊભા કરેલા સામ્રાજ્યનો નાશ કરવા માટે આપણને એની સહાય જોઈએ છે.' મારીચે મલકતા મુખે ત્યાંથી વિદાય લીધી અને સૈન્યના સહુથી ઝડપી સંદેશાવાહકને કિષ્કિંધા ભણી દોડાવવાની તૈયારી કરી.


પછી અચાનક યાદ આવ્યું હોય એમ રાવણે પ્રહસ્તને પૂછ્યું, 'મારો નાનો ભાઈ વિભીષણ ક્યાં છે?'

કટુતાભર્યું સ્મિત કરીને પ્રહસ્ત બોલ્યો, 'એ તો પોતાના હાથે બનાવેલા મંદિરમાં જઈને બેસી ગયા છે. સંકટમાંથી ઉગારવા માટે એ બસ દેવોના ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરે છે. બીજું કંઈ નહીં.'

`છટ્' રાવણના ચહેરા પર તિરસ્કાર પથરાઈ ગયો. અમારામાંથી ઘણાંએ છૂપા ખિખિયાટા કરી લીધા.

o

રાષ્ટ્રપ્રેમી



રાવણ

યમનો ગઢ અમે સર કરી લીધેલો અને હવે કુંભકર્ણને શોધવા નીકળ્યા હતા. લોહી નીંગળતા શરીરે હું ઘોડા પર માંડમાંડ બેઠો હતો. છેલ્લા શ્વાસ ગણી રહેલા માણસો અને પ્રાણીઓના ઊંહકારા સિવાય આસપાસથી બીજો કોઈ અવાજ નહોતો આવતો. લોહી-માંસની દુર્ગંધથી તો અમારાં નાક હવે ટેવાઈ ગયેલાં એટલે એની કોઈ અસર નહોતી.

થોડે દૂર પ્રહસ્ત અને કુંભકર્ણ સૈનિકોને કંઈ સૂચના આપી રહ્યા હતા. હું એમની પાસે ગયો. પ્રહસ્તએ માત્ર માથું હલાવીને મારા આગમનની નોંધ લીધી. મારીચે સ્મિત વેર્યું અને પછી બોલ્યો, 'કિલ્લા પર પશ્ચિમ દિશાએથી આક્રમણ કરવાનો વિચાર પ્રહસ્તનો હતો. એણે અંદરના એક માણસને ફોડી રાખેલો, જેણે યોગ્ય સમયે કિલ્લાના દરવાજા ખોલી નાખ્યા. જેવી લડાઈ શરૂ થઈ કે તરત આપણી સેના પશ્ચિમમાં પહોંચી ગઈ. થોડા સૈનિકોને તો પ્રહસ્તે પહેલેથી ત્યાં ગોઠવી દીધેલા.'

હું મનોમન ધૂંધવાઈ ઊઠ્યો. હું તો એક અદના સૈનિકની જેમ જ લડતો રહેલો. આ લોકોએ શત્રુનું ધ્યાન બીજી તરફ દોરવા માટે જ મારો ઉપયોગ કર્યો હતો. પછી મને મારી જાત પર રોષ ઊપજ્યો કે, પ્રહસ્તને આવ્યો એવો વિચાર મને કેમ ન આવ્યો? એ જ વખતે ક્યાંક મોટો કોલાહલ મચી ગયો અને મારું ધ્યાન એ તરફ ગયું. સૈનિકો કોઈ વિશાળકાય વ્યક્તિને ખભે ઊંચકીને અમારી તરફ આવી રહ્યા હતા.

એ લોકો નજીક આવ્યા ત્યારે મેં લગભગ મૂર્છિત અવસ્થામાં લાગતા કુંભકર્ણને જોયો. હું વધુ ચિઢાયો. મારે પ્રહસ્તને પૂછવું હતું કે, એણે મને છેક સુધી અંધારામાં કેમ રાખ્યો? પણ કંઈ બોલવા જઉં તે પહેલાં મારીચે નજીક આવીને મારા કાનમાં કહ્યું, 'અમને શંકા હતી કે આપણી અંદરનો કોઈ માણસ યમ સાથે ભળી ગયેલો. મારે તને બધું કહી દેવું હતું પણ પ્રહસ્તે ના પાડી. એણે મને સમજાવ્યો કે, તને જો આખીયે યોજના વિશે પહેલેથી ખબર પડી ગઈ હોત તો કદાચ લડવામાંથી તારું ધ્યાન હટી જાત અને શત્રુને શંકા પડી જાત. એટલે પછી એવું નક્કી કર્યું કે તું સામી છાતીએ બહાદુરીપૂર્વક લડતો હોય, ત્યારે અમારે ચૂપચાપ પાછળથી સરકી જઈને કામ પૂરું કરી નાખવું.'

મારીચે મને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો, પણ મને લાગ્યું કે હું છેતરાઈ ગયેલો. મારા જ લોકોએ મારી સાથે છળકપટ કરેલું. હું રાજા હતો, પણ આ ડોસલાઓ મારી સાથે રમત કરી ગયા. પરંતુ ફરી એકવાર મારા શબ્દો ગળામાં જ અટવાઈને રહી ગયા. પ્રહસ્તએ મારી સામે જોઈને સ્મિત વેરતાં કહ્યું, 'રાવણ, આપણે જીતી ગયા. તમે આટલી વીરતાથી લડત ન આપી હોત તો આ વિજય ન મળત.' એણે વધુ પડતા મોટા અવાજે કહ્યું. સૈનિકોએ એમનાં શસ્ત્રો ઊંચા કરીને પોકાર પાડ્યો, 'હર હર મહાદેવ.... શિવજીનો જય હો... રાવણનો જય હો... અસુરોનો અને અસુરોના પરાક્રમી રાજાનો જય હો...'

મારી છાતી ગજગજ ફૂલી ગઈ. તલવાર ધારણ કરેલો મારો હાથ આપોઆપ ઊંચો થયો. સેનાનો જયઘોષ હવે આકાશને આંબી ગયો. આ બે વૃદ્ધોનો મારે આભાર માનવો જોઈએ, આવો વિચાર મારા મનમાં ઝબક્યો. પણ પછી તરત ગુસ્સો પાછો ફર્યો. મારીચ ભણી જોઈને મેં કડક અવાજે પૂછ્યું, 'યમને ત્યાં આપણો કયો માણસ હતો?'

મારીચની આંખો આશ્ચર્યથી સહેજ પહોળી થઈ, પણ એને અવગણીને મેં મારા ગળામાંથી હીરાનો હાર ઉતારતાં કહ્યું, 'મારે એને ઇનામ આપવું છે.'

'રાવણ, તું ગાંડો થયો છે?' એણે પૂછ્યું. મારા રોષમાં વધારો થયો, 'તમે જવાબ આપો છો કે હું જાતે જઈને એને શોધી કાઢું?' મેં કઠોર અવાજે પૂછ્યું.

મારીચે ખિન્નભાવે માથું ધુણાવ્યું, 'રાવણ, તું કેમ સમજતો નથી? આપણે કિલ્લામાં પ્રવેશ કર્યો અને પહેલ વહેલા એ જ માણસનું માથું પ્રહસ્તે ધડથી જુદું કરી નાખ્યું.' સાંભળીને મારા ચહેરા પર આવી ગયેલો આઘાત મારીચથી છૂપો ન રહ્યો. ગંભીર અવાજે એણે કહ્યું, 'રાવણ, આ તો રાજકારણનો પાયાનો સિદ્ધાંત છે. દ્રોહી પર ક્યારેય વિશ્વાસ ન મુકાય. પછી ભલેને એણે આપણા માટે આવું નીચ કાર્ય કર્યું હોય. કાલ ઊઠીને પોતાના સ્વાર્થ માટે એ આપણને પણ છેહ દઈ દે!' થોડું અટકીને મારીચે ઉમેર્યું, 'ઠીક છે, એ બધી ચિંતા હવે છોડી દે. યુદ્ધમાં આપણો વિજય થયો છે. યમ છટકી ગયો પણ તારો ભાઈ સુરક્ષિત છે.'

હવે મારા અવિચારીપણા બદલ મને લજ્જા આવવા લાગી. મનમાં આછી ચિંતા પણ પેઠી કે પ્રહસ્ત મારા હાથમાં હીરાનો હાર જોઈ ગયો'તો. એને મારી મશ્કરી કરવાની તક મળી જશે. મેં આસપાસ જોયું. પગ લંબાવીને, ભીંતના ટેકે બેઠાબેઠા હાંફી રહેલા સૈનિક પર મારી નજર અટકી. એનું નાક એક બાજુએ કપાઈ ગયેલું અને શરીરે પડેલા અસંખ્ય ઘામાંથી હજીયે લોહી વહી રહ્યું હતું. મને એની દયા આવી ગઈ. મારે ખાતર આ માણસે પોતાની આવી દશા કરી હતી. એનું જીવન હોડમાં મૂકી દીધેલું.

મેં એને મારી પાસે આવવાનો સંકેત કર્યો. ઘડીક તો કંઈ સમજ્યા-કારવ્યા વિના એ મારી સામે જોઈ રહ્યો અને પછી એના ચહેરા પર ભય લીંપાઈ ગયો. એણે ઊભા થવાનો પ્રયાસ કર્યો, પણ શક્તિ ગુમાવી બેઠેલા શરીરે સાથ ન આપ્યો. છેવટે ઘાયલ કૂતરાની જેમ ભૂમિ પર જેમ-તેમ ઢસડાતો એ મારી ભણી આવ્યો. મને ચીતરી ચઢી આવી. આ માણસને હીરાનો હાર અપાય? કચવાતા મને મેં ગળામાં પહેરેલી મોતીની માળા ઉતારી, અને એ વિચાર પણ બદલાઈ જાય એની પહેલાં એના તરફ ઘા કરી દીધો.

તરાપ મારીને એણે માળા ઉપાડી દીધી અને વાંદરાની જેમ સૂંઘી. આ માણસને મારી કિંમતી ભેટની કદર નથી? પાછો ક્રોધ આવવા લાગ્યો. પછી એના ખાલી લાગતા મગજમાં વાત ઊતરી હોય, એમ આંચકા સાથે એણે મારી સામે જોયું. એની આંખોમાં ક્ષણભર મેં તિરસ્કાર જોયો. પણ પછી તરત કૃતજ્ઞતાના ભારથી દબાઈ ગયો હોય એમ નીચું જોઈ જઈને એણે મારા પગ પાસેની જમીન ચૂમી લીધી.

થરથર કાંપી રહેલી એ કાયાને જોઈને મને ઘડીક ડર લાગ્યો કે આ હમણાં મરી જશે. પણ પછી ધીમેથી માથું ઊંચું કરીને, આંસુભીની આંખે એણે મારી સામે સ્મિત વેર્યું. એના આગળના બે દાંત પડી ગયેલા. આ બેડોળ, કદરૂપા માણસને મેં ક્યાં જોયેલો? મનમાં આ સવાલ ઊઠતાંની સાથે જવાબ મળ્યો – ભદ્ર! ઘૃણાનો ભાવ મને ઘેરી વળ્યો. શું કામ આ માણસ મને વારંવાર ભટકાઈ જાય છે? ઘડીભર ઇચ્છા થઈ આવી કે એના હાથમાંથી મોતીની માળા આંચકી લઉં. એના કુરૂપ ચહેરા પર લાત મારી દઉં, ચાબુકથી એની કાળી ચામડી ઉખેડી નાખું. પણ પછી એના ચહેરા પર ટપકતી કૃતજ્ઞતાની લાગણી મેં જોઈ અને હું શાંત પડી ગયો. જવા દે, જે થયું એ સારા માટે!

પછી મોડી રાતે હું નિંદ્રા અને જાગૃતિની વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો, ત્યારે ફરીને ભદ્રની છબી મારી બંધ આંખોની સામે તરવરી ઊઠી. પણ આ વખતે એના ચહેરા પર કૃતજ્ઞતાની જગ્યાએ મેં નર્યો તિરસ્કાર જોયો. લાંબા સમય સુધી હું પથારીમાં પડખાં ફેરવતો, એને ભૂલવાના પ્રયાસ કરતો રહ્યો.

ભદ્ર

અમે લંકા પાછા ફર્યા. રાવણે વિધુતજિહ્વાનો પ્રાણ લઈ લેવાની ધમકી આપી હતી. રાજ્યને લૂંટવામાં વ્યસ્ત રહેલો વિધુતજિહ્વા હવે ગભરાયો. એણે સંધિની વિનંતી કરી. આખાયે દેશનું શાસન રાવણને ચરણે ધરી દેવાની તૈયારી દાખવી. જોકે એની પહેલાં રાવણે જ એ બધા પ્રદેશો જીતી લીધેલા, એ વાત વિધુતજિહ્વાએ સહેલાઈથી વિસારે પાડી દીધી. લંકાનો ભાગ તો એને, એની પાસે જ રાખવો હતો.

રાવણને આખું લંકા પાછું જોઈતું હતું, પણ બહેન શૂર્પણખાની જીદે એના હાથ બાંધી દીધા. રાજકારણીઓ એમના વૈભવી મહેલોમાં ખાઈ-પીને, આ બધી વાટાઘાટો કરવામાં પડ્યા હતા ત્યારે બહાર રસ્તા પર સામાન્ય માણસો રોટલીના એક-એક ટુકડા માટે લડતા હતા. ઔષધિઓ તો બાજુએ રહી, પીવા માટે પૂરતું સ્વચ્છ પાણી પણ એમને નહોતું મળતું. ભૂખ્યાતરસ્યા એ બાપડા મૃત્યુને શરણે થવા લાગેલા.

પછી એક દિવસ મને જેનો ભય હતો, એ કહેણ આવી પહોંચ્યું. પહેલાં તો મેં ચારેકોર પેલી મોતીની માળાની શોધ કરી. ક્યાં ગઈ હશે? રાજા પાસેથી તો ગદ્ગદ ભાવે લઈ લીધી, પણ મારા તંબુમાં પાછા ફરતાંની સાથે મેં એનો છૂટો ઘા કરી દીધેલો. મારે એને ગળામાં નહોતી લટકાવવી. પણ હવે એ પહેર્યા વિના રાજાની સામે જઈશ તો એને લાગશે કે, મોંઘેરી ભેટનું મને મૂલ્ય નહોતું. સાચું પૂછો તો નહોતું જ, પણ એવું કહેવાય થોડું? છેવટે એક ખૂણામાંથી મળી આવી અને ગળામાં પહેરીને મેં નાનકડા અરીસામાં જોયું. હા, આ અરીસો મારે મન બહુ કિંમતી હતો, પણ એમાં દેખાયેલું પ્રતિબિંબ ભયાનક હતું. કપાયેલું નાક, બૂટ વિનાનો એક કાન, ડાબા ગાલે દેખાતો લાંબો ચીરો અને બે દાંત વિનાના મોઢે હું હસતી વખતે તો એવો લાગતો હતો કે જોનાર છળી પડે.

ગૂંચવાયેલા ગંદા વાળમાં આંગળા ફેરવીને હું બહાર નીકળ્યો. સમિતિના તંબુમાં પ્રવેશીને શક્ય એટલી કેડ વાંકી વાળીને હું ઊભો રહ્યો.

'ભદ્ર' મારીચનો સૌમ્ય અવાજ મારા કાને પડ્યો. 'ફરી એકવાર અસુર જાતિને તારી સહાયની જરૂર પડી છે. તારા દેશ, તારા રાજાને...' એણે લાંબુંલચક ભાષણ આપ્યું. મેં અડધુંપડધું સાંભળ્યું. કહેવાનું મન થતું હતું કે, ભાઈ આ લાંબી લપસીંદર છોડીને મને સીધેસીધું કહી દોને કે હવે મારે કયું ગલીચ, નીચ કામ કરવાનું છે! દેશપ્રેમ, અસુર જાતિનો ઉદ્ધાર, આ બધી ખોખલી વાતોથી મને કંટાળો આવી રહ્યો હતો. પણ મેં હોઠ ભીડીને સાંભળી લીધું. મોટાભાગના મારા દેશબાંધવો, ખાસ કરીને કાળા, ગરીબ, અભણ, અબુધ, નિર્દોષ અસુરોની જેમ મને પણ નમ્રતા અને આજ્ઞાંકિતતાનો દંભ કરતાં આવડી ગયેલું. મન ભલે બળવો પોકારતું હોય, પણ ચહેરા પર તો સત્તાધારીઓના કહ્યાગરા સેવકનું મહોરું જ પહેરી રાખવાનું.

છેવટે મારીચે પ્રવચન પૂરું કર્યું. અર્થ તો એમાંથી એટલો નીકળતો હતો કે મારે વિધુતજિહ્વાને મારવાનો હતો. મારા તો બત્રીસ કોઠે દીવા થઈ ગયા. આ સમિતિ મેં ધારેલી એટલી ખરાબ નહોતી. ભગવાનની કૃપાથી આ સોનેરી તક મને મળેલી. ફરીથી વાંકો વળીને મોટા માણસોને મારી પીઠ ન દેખાય, એમ ઊંધો ચાલતો હું ત્યાંથી બહાર નીકળ્યો.

મારા તંબુમાં પાછા ફરતાંની સાથે મેં મારી કટાર મ્યાનમાંથી કાઢીને એની ધાર તપાસી જોઈ. અડતાંની સાથે લોહીનો ફુવારો ઉડાડવા એ સક્ષમ હતી, પણ અંધારું થાય ત્યાં સુધી રાહ જોવી જરૂરી હતી. જે કામ કરવા હું આતુર હતો એ સહેલું નહોતું. ચોરીછૂપીથી કિલ્લાની અંદર પ્રવેશીને વિધુતજિહ્વાને મારી નાખવાના કામમાં પગલે-પગલે જોખમ હતું. કોઈ મહાન કામ કરવાની મારી મહત્ત્વાકાંક્ષા અને વિધુતજિહ્વા પ્રત્યેની નફરતે મારા ભયને દૂર ભગાડી દીધેલો.

સૂર્યોદયને ત્રણ કલાકની વાર હતી, એ સમયે છાવણીમાંથી નીકળીને, કિલ્લાના પાછલે દરવાજે જઈને હું ઊભો રહ્યો. ત્યાં બે ચોકીદાર નિંદ્રાવશ હતા, પણ સોળ-સત્તર વર્ષનો લાગતો ત્રીજો સૈનિક હાથમાં ભાલો પકડીને, પૂરી સજાગતા સાથે આંટા મારી રહ્યો હતો. કદાચ નવો-નવો કામે લાગ્યો હશે, એટલે બધાં પર છાપ પાડવાનો પ્રયાસ કરતો હતો.

ત્યાં સૂતેલા એક ચોકીદારની કેડે ચાવીઓનો ઝૂડો લટકતો હતો. કિલ્લાની ચાવી પણ એમાં જ હતી. હું હળવેથી એની પાસે પહોંચ્યો. મેં એની કમરેથી ચાવી કાઢી લીધી, એની પણ કોઈને ખબર ન પડી. પરંતુ પછી ભાગ્ય રૂઠ્યું. મારા હાથમાંથી ઝૂડો નીચે પડી ગયો. એના અવાજથી સૂતેલાની ઊંઘ તો ન ઊડી, પણ પેલા ભાલાધારી તરુણના આંટા મારી રહેલા પગ થંભી ગયા. ઝડપભેર હું અંધારામાં થોડે દૂર સરકી ગયો.

પેલા તરુણે આંખો મીંચીને અંધારામાં જોવાનો પ્રયાસ કર્યો. હું શ્વાસ રોકીને ઊભો રહ્યો. મારી દિશામાં બે-ત્રણ ડગલાં ભરીને એ ઊભો રહી ગયો. કદાચ અવઢવમાં હતો કે બીજા ચોકીદારને જગાડવા પોતે જ તપાસ કરી લેવી. મારે મને એક એક ક્ષણ યુગો જેટલી લાંબી હતી. છેવટે એને વીરતા દાખવવાનો અભરખો જાગ્યો અને એ ભાલો આગળ કરીને મારા ભણી આવ્યો. ગમે તે ક્ષણે એ મને પકડી લેત. દાંત ભીંસીને હું એની સામે ધસી ગયો, અને એ કંઈ પ્રતિભાવ આપી શકે એ પહેલાં તો મારી કટાર એના ગળામાં ખૂંપી ગઈ. ઊંહકારો સુધ્ધાં કર્યા વિના એ નીચે ઢળી પડ્યો, પણ એટલીવારમાં બીજા બંને ચોકીદાર જાગી ગયેલા.

સામાન્ય સંજોગોમાં બે સશસ્ત્ર, અનુભવી સૈનિકો સામે લડવાનું મને ભારે પડી જાત. પરંતુ હું મરણિયો થયેલો, અને એ બંને હજી ઊંઘમાં ઊઠીને, સામેનું દૃશ્ય જોઈને હેબતાઈ ગયેલી દશામાં હતા. વીજળી વેગે મેં એમાંના એક જણનું ગળું ચીરી નાખ્યું. ત્યાં સુધીમાં થોડી સ્વસ્થતા પ્રાપ્ત કરી લેનારા ત્રીજા ચોકીદારે મને જોરથી ધક્કો મારી દીધો. હું નીચે પડ્યો અને એણે મારી છાતીમાં ભોંકી દેવા તલવાર ઊંચી કરી. કાળને મેં મારી સામે જોયો. હવે મારે કંઈ ગુમાવવાનું નહોતું. મેં મારી કટાર એના ચહેરા ભણી ફેંકી.

અંધારામાં બરાબર દેખાતું નહોતું, પણ મેં એને મૂર્તિની જેમ સ્થિર થઈ જતો જોયો. હું નિશાન ચૂકી ગયેલો? પણ પછી એની ભારેખમ કાયા મારા પર ફસડાઈ પડી. એની તલવાર મારા માથાથી સહેજ ઉપરની તરફ કાદવમાં ખૂંપી ગઈ. ઠીંગણા હોવાનો કોઈવાર લાભ પણ મળે છે. જેમ-તેમ હું એની નિષ્પ્રાણ કાયાની નીચેથી બહાર નીકળ્યો અને એની ડાબી આંખમાં ખૂંપી ગયેલી કટાર ખેંચી કાઢીને ઊભો થયો.

આ બધી મારામારીમાં થયેલા અવાજે બીજા સૈનિકોને સતર્ક કરી દીધા. દોડતા આવી રહેલા પગના અવાજ સાંભળીને મેં જલદીથી કિલ્લાના નાના બારણે લટકતા તાળામાં ચાવી ભરાવવાના ફાંફાં માર્યા. ઝૂડામાં લટકતી પાંચ-સાત ચાવીઓમાંથી કઈ ચાવી આ તાળે લાગશે એ હું નહોતો જાણતો. મારી હથેળીમાં વળી ગયેલો પરસેવો કામને વધુ કઠિન બનાવી રહ્યા હતા.

'એય' નજીક આવી પહોંચેલા એક જણે બૂમ પાડી. સનનન કરતું એક તીર આવીને મારાથી માંડ એક વેંતના અંતરે કિલ્લાના બારણામાં ખૂંપી ગયું. બીજું તીર તો એટલું નજીક વાગ્યું કે એના છેડે લગાવેલા પીંછા મારા ગાલને સ્પર્શી ગયા. સદ્ભાગ્યે મને વાગ્યું નહીં, અને પેલા લોકો

આવીને મને પકડી લે એ પહેલાં તો તાળું ખોલીને હું કિલ્લાની અંદર પ્રવેશી ગયો. એટલું જ નહીં, એ જ તાળા વડે મેં અંદરથી બારણું બંધ કરી દીધું અને પછી જીવ લઈને મહેલ ભણી દોડ્યો.

આટલીવારમાં એક પછી એક પ્રગટવા લાગેલી મશાલોના અજવાળાથી બચીને હું મહેલ પાસે પહોંચી ગયો, અને ત્યાં ઊભેલા ઝાડ પર ચઢી જઈને મેં બિલાડીની જેમ પહેલા માળના વરંડામાં ઝંપલાવી દીધું. એમ તો હું ખાસ્સો ચપળ હતો. હવે મારામાં ખાસ્સું બળ આવી ગયેલું. રાજવી કક્ષની બહાર પહેરો ભરી રહેલા બે જણ, કંઈ સમજેકારવે એ પહેલાં તો મેં એમને ઉપરથી નીચે ધકેલી દીધા.

કક્ષનું બારણું મારી એક લાતની સાથે ખૂલી ગયું પણ અંદર કોઈ હલનચલન થઈ નહીં. દીવાના આછા અજવાળામાં મેં ઊંચી શૈયા પર લાંબાયેલો ઓળો જોયો. અંદર જઈને મેં દીવાની વાટ સંકોરી અને પ્રકાશિત થયેલા ઓરડામાં નિંદ્રાધીન વ્યક્તિનો ચહેરો સ્પષ્ટ થયો. રાજકુમારી શૂર્પણખા! એનો પતિ વિધુતજિહ્વા ક્યાં હતો? એ દુષ્ટ છટકી ગયો. એ વિચારે મને ઊંડી હતાશામાં ગરક કરી દીધો. મારી બધીયે મહેનત વ્યર્થ ગયેલી. હવે અહીં વીતી રહેલી એક-એક ક્ષણ મને મૃત્યુના મુખ તરફ ધકેલી રહી હતી. મને ચીસ પાડવાની ઇચ્છા થઈ ગઈ, પણ એ જ વખતે મેં ક્યાંકથી આછું હાસ્ય સાંભળ્યું. રૂપાની ઘંટડી જેવો એ અવાજ તો હું ધરતીના કોઈપણ છેડે ઓળખી કાઢત. માલા! પણ આ સમયે એ અહીં શું કરી રહી હતી અને ક્યાં હતી?

કાન સરવા કરીને મેં આસપાસ નજર ફેરવી. ખ્યાલ આવી ગયો કે અવાજ બાજુના ઓરડામાંથી આવી રહ્યો હતો. માલા એકલી નહોતી, વિધુતજિહ્વા એની સાથે હતો. એ લોકોની ધૃષ્ટતા તો જુઓ, રાજકુમારી શૂર્પણખા અહીં સૂતી હતી અને એનો પતિ બાજુના જ કક્ષમાં પારકી સ્ત્રી સાથે પ્રણયક્રીડામાં મસ્ત હતો.

મને હજી આંચકામાંથી કળ વળે એ પહેલાં કોઈએ બારણું જોરજોરથી ખખડાવીને સાદ પાડ્યો, 'રાજકુમારી, તમારા ખંડમાં કોઈ આવી ગયું છે?'

'કોણ?' શૂર્પણખાએ ઊંઘરેટિયા અવાજે પૂછ્યું, અને પછી પતિને જગાડવા માટે હાથ લંબાવ્યો, પણ બાજુની પથારી ખાલી હતી. અંધારા ખૂણામાં ભીંતસરસા થઈને મારી જાતને છુપાવવાનો પ્રયાસ કર્યો. યોગાનુયોગ મારી પાછળ ભીંત નહીં. બારણું હતું, જે કદાચ બીજા કક્ષમાં ખૂલતું હતું. મેં બારણાની કળ શોધવા, ખોલવાની મથામણ આદરી. કુદરતે કૃપા કરી. રાજકુમારી ઊભી થઈને શયનખંડના બારણા તરફ ગઈ. સૈનિકોને અંદર આવવાની અનુમતિ એણે આપી, એટલીવારમાં મેં બે કક્ષનો જોડતો દરવાજો ખોલી નાખ્યો અને અંદર જઈને ધડાકાભેર વાસી પણ દીધો.

મારી ધારણા ખોટી નહોતી. બાજુના ખંડમાં વિધુતજિહ્વા અને માલા હતાં. મને જોઈને એ ભયથી થીજી ગયાં. બહાર સૈનિકોનો શોરબકોર વધી રહ્યો હતો. દાંત કચકચાવીને માલાના ગાલ પર મેં એટલા જોરથી તમાચો માર્યો કે એ એકતરફ ફંગોળાઈને પડી. હેબતાઈ ગયેલો વિધુતજિહ્વા પ્રતિકાર કરવાની દશામાં નહોતો. એને નીચે પાડીને, હું એના પેટ પર ચઢી બેઠો. ક્યારેય કલ્પના નહોતી કરી એવી ક્રૂરતા મારા માથા પર સવાર થઈ ગઈ. ઝેર પાયેલી મારી ધારદાર કટારથી એના સુંદર ચહેરાને મેં ચીરી નાખ્યો. પછી મારા હાથે અટકવાનું નામ ન લીધું. મારી પીઠ પર નખોરિયાં મારી રહેલી માલા, બાજુના ખંડમાંથી આવતા અવાજ, પકડાઈ જવાનો ભય, આમાંથી કોઈ વાતનું એ સમયે મને ભાન નહોતું રહ્યું. ગાંડો થઈને હું વિધુતજિહ્વાના ચહેરા પર કટારના ઘા મારતો રહ્યો.

છેવટે રાજકુમારીની કાળી ચીસો મને ભાનમાં લઈ આવી. અંદર ધસી આવેલા ચોકીદારો

વિધુતજિહ્વાની દશા જોઈને એવા હબક ખાઈ ગયેલા કે મારા પર ત્રાટકવાની હિંમત ન કરી શક્યા. મને સમજાયું નહીં કે રાજકુમારી એના પતિના મૃત્યુ પર આક્રંદ કરતી હતી કે, એ પાપીએ કરેલા વિશ્વાસઘાત પર.

જે હોય તે, મને શૂર્પણખાની દયા આવી ગઈ અને હું પણ હવે થાક્યો હતો. કટાર પર મારો હાથ ઢીલો પડ્યો, ત્યાં શૂર્પણખાએ કાન ફાડી નાખે એવી ચીસ પાડતાં કહ્યું, 'ભદ્ર....ભદ્ર... રાવણે તને મોકલ્યો મારા પતિની હત્યા કરવા?... પણ શું કામ.... શું કામ...?'

માથું કૂટીને હૈયાફાટ રુદન કરી રહેલી શૂર્પણખા તરફ સૈનિકોનું ધ્યાન હતું. મેં તકનો લાભ લીધો. ઝડપથી ઊભો થઈને ખંડની ખુલ્લી બારીમાંથી હું બહાર કૂદી પડ્યો. એ રાતે ભાગ્ય મારી સાથે હતું. હું સીધો નીચે જમીન પર પટકાવાને બદલે પહેલાં વિશાળ અશોકવૃક્ષની ડાળીઓમાં જઈને પડ્યો અને પછી નીચે ગયો. જીવ બચી ગયાની એટલી મોટી રાહત હતી કે એ સમયે મને ખ્યાલ ન આવ્યો કે આવી રીતે પડવામાં હું મારી ત્રણ પાંસળી અને ડાબો હાથ ભાંગી બેઠેલો.

વિધુતજિહ્વા તો ક્યારનોય પરલોક પહોંચી ગયો હતો. મારા સ્વામી, મારી જાતિ, મારો દેશ, આ બધાંયે મારી પાસે રાખેલી અપેક્ષામાંથી હું પાર ઊતર્યો હતો. મારા ભાંગ્યાતૂટ્યા શરીરમાં પારાવાર બળ અને સ્ફૂર્તિનો સંચાર થયો. પવનવેગે હું દોડ્યો. પાછળથી વરસી રહેલા બાણ મને અડતા નહોતા.

કિલ્લાની જમણી બાજુની દીવાલમાં એક બાકોરું હોવાની જાણ મને હતી. ત્યાં પહોંચી શકું તો સીધો દરિયામાં કૂદકો મારી દેવાય. પછી કોણ મને પકડી શકવાનું? પણ એ તરફ દોડતાં-દોડતાં અચાનક મેં કંઈક વિચિત્ર પ્રકારની લાગણી અનુભવી. મારી પીઠ પરનો બાણોનો વરસાદ અટકી ગયેલો. કોઈ મારો પીછો નહોતું કરતું. હું સપનામાં હતો.

પછી મેં દૂરથી શંખનાદ સાંભળ્યો. મારા પગ ધીમા પડી ગયા. અચરજ ભેર મેં પાછા ફરીને જોયું. જે દૃશ્ય દેખાયું એણે મારી આંખો આંજી નાખી. કિલ્લાના મુખ્ય, મોટાં બારણાં ખૂલી ગયેલાં. એમાંથી ભવ્ય સરઘસના રૂપમાં નાચતા-ગાતા, ગગનભેદી જયઘોષ કરતાં લોકો અંદર દાખલ થઈ રહ્યા હતા. ઢોલનગારાં અને દુંદુભિના નાદ સાથે તાલ મિલાવતા સૈનિકો, હાથી, ઘોડા, રથ અને એ બધાંની વચ્ચે ઊંચા હાથી પર કોઈ ચક્રવર્તી સમ્રાટને શોભે એવી મુદ્રામાં બેઠેલો રાવણ!

વિધુતજિહ્વાના વફાદાર સૈનિકો હવે એમનાં શસ્ત્રો હેઠાં મૂકી રહ્યાં હતાં. જય શિવશંકર... હર હર મહાદેવ... રાજા રાવણનો જય હો...! અમે ઝળહળતી ફતેહ મેળવેલી અને એનું શ્રેય મને જતું હતું. ગર્વથી મારું માથું ઊંચું થઈ ગયું. બધીયે શારીરિક પીડા વિસારે પાડીને મેં સરઘસની દિશામાં દોટ મૂકી.

દોડતાંદોડતાં એકાએક મને મારા દેખાવનું ભાન થયું. મારા કાળામેશ શરીર પર લંગોટ સિવાય બીજું વસ્ત્ર નહોતું. ખુલ્લા શરીર પરથી લોહી નીતરી રહ્યું હતું. આમેય હું કુરૂપ હતો અને એ ઘડીયે તો કોણ જાણે કેવો લાગતો હોઈશ! લજ્જાનો માર્યો હું થોભી ગયો, પણ ત્યાં સુધીમાં સરઘસ સાવ નજીક આવી ગયેલું. હું એમના માર્ગમાં હતો.

સામેથી દોડી આવેલા સૈનિકોએ મને પકડીને, રસ્તાની એક તરફ ઘસડી ગયા અને કચરાની ગુણની જેમ પટક્યો. મારી જાત પર શરમ અનુભવતો, મોટા માણસોએ મારી સાથે કરેલા દ્રોહથી બળબળતો હું ત્યાં પડ્યો રહ્યો.

પછી મેં રાજસી ગજરાજના ગળે બંધાયેલી ઘંટડીઓનો રણકાર સાંભળ્યો. મેં જેમતેમ કરીને માથું ઊંચું કર્યું. રાવણનો હાથી સાવ મારી બાજુમાંથી પસાર થઈ રહ્યો હતો. રાવણે મારા પર દૃષ્ટિ કરી. એની આંખોમાં મેં શું જોયું, ઘૃણા, તિરસ્કાર કે આભાર? ના, કદાચ આ મારો ભ્રમ

હતો. એણે તો મને ઓળખ્યો પણ નહોતો.


આનાથી મોટી કરુણા બીજી શું હોઈ શકે? કડવાશભર્યું સ્મિત મારા હોઠ પર આવી ગયું, અને પછી તો હાસ્યનો એવો ફુવારો છૂટી ગયો કે રોક્યો ન રોકાયો. ગાંડાની જેમ જમીન પર આળોટતો હું હસતો રહ્યો.

છેવટે સૂરજ માથા પર આવ્યો. તડકો અને ગરમી અસહ્ય થઈ પડ્યાં, ત્યારે જેમતેમ ઊભા થઈને મેં કિલ્લાની બહાર, મારા કંગાળ ઝૂંપડાની દિશામાં પગ ઉપાડ્યા. ચારે તરફ જ્યાં જુઓ ત્યાં ઉજવણીના અવાજ આવતા હતા. દયાભાવે કોઈએ મારા ભણી બે-ચાર સિક્કા પણ ફેંક્યા. ક્ષણિક ખચકાટ પછી મેં ઉપાડી લીધા. અંગેઅંગમાં હવે કાળી પીડા ચીસો પાડી રહી હતી. કોણ જાણે સાજા થઈને પાછા કામધંધે વળગતાં હજી કેટલી વાર લાગશે? પેટ ભરવા માટે થોડા સિક્કા તો કામ આવશે ને!

રાજા, રાજકુમારો, શ્રીમંત શ્રેષ્ઠીઓ, બધાંય ઉજવણીમાં મસ્ત હતા. એમણે વિજય મેળવ્યો હતો. મારે તો મારા ખખડધજ ઘરની અંદર એક અંધારિયા ખૂણામાં જઈને, મારા અગણિત ઘા રૂઝાય ત્યાં સુધી પડ્યા રહેવાનું હતું. મને છેતરી જનારી સ્ત્રીનું શું કરવું એ વિચારવાનું હતું. હા, જીવિત રહેવા માટે કમાણીનું કોઈ સાધન પણ શોધવું પડશે. મારે મન રાજા-મહારાજાઓના રાજ્યાભિષેક કરતાં આ બધી વાત વધુ મહત્ત્વની હતી. હું મારા ઝૂંપડાની દિશામાં ચાલતો રહ્યો.

o

અંધકારનો પુત્ર



રાવણ

ક્રોધની મારી શૂર્પણખા સાનભાન ગુમાવી બેઠેલી. નખોરિયાં ભરીને એણે મારા ગાલ લોહીલુહાણ કરી નાખેલા. જે નજીક જાય એને એ મારવા, કરડવા દોડતી હતી. મારા પર અને લંકાના બધાંયે પ્રધાનો પર શાપ વરસાવતી, એ છાતી કૂટી રહી હતી.

વિધુતજિહ્વાના મૃતદેહ પાસે જવાની કોઈની હિંમત નહોતી થતી. પૂજારીઓને દૂર રાખીને શૂર્પણખાએ એના પતિના શબ પર ચંદનનો લેપ કર્યો, એને નવાં વસ્ત્રો પહેરાવ્યાં અને અમને ગાળો ભાંડવાનું તો એણે સતત ચાલુ જ રાખ્યું.

મેં એને આશ્વાસન આપવાની, ધૈર્ય બંધાવવાની પરવા કરી નહીં. એનો પતિ પોતાના પાપે મર્યો હતો. એણે જ્યારે મને સિંહાસન પરથી ઉથલાવી નાખવાનું કાવતરું ઘડ્યું, એ જ ઘડીએ એના મૃત્યુની તિથિ નક્કી થઈ ગયેલી.

મારા માટે આ કામ ભદ્રએ કર્યું હતું. સહુથી વધુ ગુસ્સો મને એ વાતનો હતો કે, હવે એ ગમારનું ઋણ મારા માથે ચઢી ગયેલું. પણ ના, ના, એ તો મારો અદનો ગુલામ હતો. મારી આજ્ઞાનું પાલન કરવાની એની ફરજ હતી.

મેં મારા બનેવીના શબ ભણી જોયું. એને શક્ય એટલો સાફસૂથરો કરવાના પ્રયાસ થયા હતા. તોયે એનું મૃત્યુ કેટલું ભયાનક રીતે થયેલું, એ સ્પષ્ટ દેખાતું હતું. વિધુતજિહ્વાના લોહીલુહાણ, નિષ્પ્રાણ શરીર પર પહેલી નજર નાખી, ત્યારે તો મને લાગેલું કે સવારે ખાધેલું બધું મારા પેટમાંથી બહાર આવી જશે. આવી ક્રૂરતા તો કોઈ વિકૃત મનોરોગી જ આચરી શકે. ભદ્ર માનવ હતો કે બીજું કંઈ? શૂર્પણખાએ પાડેલી તીણી ચીસથી મારી વિચારધારામાં ભંગ પડ્યો. જોયું તો એની પાછળ એનાથીયે તીણા સ્વરે આક્રંદ કરી રહેલી મારી માતા દેખાઈ.

મા આવી પહોંચશે એવી ધારણા તો હતી જ. પણ આટલી જલદી? 'હવે તારે કાળજે ટાઢક વળી, લોહી તરસ્યા રાક્ષસ?' માએ ઉચ્ચારેલા શબ્દો મારા પર કોયડાની જેમ વીંઝાયા. 'સગી બહેનને તેં વિધવા કરી. તને જનમ આપ્યો એવું કહેતાયે હવે મને શરમ આવે છે.'

મુઠ્ઠીઓ વાળીને મેં મારા ક્રોધ પર કાબૂ રાખ્યો, પણ માના એક-એક વાક્યની સાથે સાથે શૂર્પણખાની રોકકળ વધતી ગઈ. 'દયા જેવી કોઈ વસ્તુ તારામાં નથી. મારી દીકરીને તેં આમ રડાવી છે, પણ એક દિવસ તારેય લોહીના આંસુએ રોવું ન પડે તો મને કહેજે... તારા માથે સત્તાનો મદ ચઢ્યો છે, પણ ઊતરશે ત્યારે....' માએ મને ગાળો આપી ત્યાં સુધી તો જાણે ઠીક હતું પણ એણે એના જમાઈનાયે ગુણગાન ગાયા, ત્યારે મને સમજાયું નહીં કે હસવું કે રડવું. 'મનેય મારી નાખ' એણે મારી છાતી પર મુક્કા મારતાં આક્રંદ કર્યું.

મારા પિતાનીયે પધરામણી થઈ હતી. એક ખૂણામાં એમની સાથે આવેલા બે બ્રાહ્મણ સાથે બેઠાબેઠા એ ચર્ચામાં વ્યસ્ત હતા. વિધુતજિહ્વાના અંતિમસંસ્કાર, કંઈ જંતરમંતર જેવી દેવવિધિથી કરવાના અને બ્રાહ્મણોને દાનદક્ષિણા આપવાના એમના આગ્રહ સામે મને કોઈ

ખાસ વિરોધ નહોતો.મારે તો એટલું જ જોઈતું હતું કે આ ઝંઝટ હવે જલદી પતે.

શૂર્પણખાથીએ મોટી સમસ્યા જોકે કુંભકર્ણએ ઊભી કરી હતી. યમને ત્યાં ગાળેલા કારાવાસે એની દશા પહેલાંથીયે ભૂંડી કરી નાખેલી. એક યા બીજા કેફી દ્રવ્યોના પ્રભાવ હેઠળ એ મોટાભાગનો સમય ઘોર્યા કરતો, અને જાગે ત્યારે મહેલ આખો માથે લઈને તોફાન મચાવી દેતો.

ધીમેધીમે નાની બહેન માટે મારા મનમાં દયાનો ભાવ જાગ્યો. પતિ આવા ભૂંડા હાલે મરે તો કોઈપણ સ્ત્રીનું માનસિક સંતુલન ખળભળી જાય. વિદ્યુતજિહ્વાને મૃત્યુદંડની જગ્યાએ આજીવન કારાવાસની સજા આપી હોત તો કદાચ સારું થાત!

આ વિચારની સાથે ભદ્ર પ્રત્યે મેં ભારે તિરસ્કાર અનુભવ્યો. વિદ્યુતજિહ્વાએ ભલે મારી સાથે દ્રોહ કર્યો, પણ એ હતો તો એક અસુર અને એ પણ ઉચ્ચ કક્ષાનો! ગંદકીમાં રહેતા કીડા જેવા ભદ્રએ એનો ચહેરો છૂંદી નાખ્યો. વિદ્યુતજિહ્વાને મારવાનું કામ ભદ્રના હાથમાં સોંપવા બદલ મને લજ્જા આવવા લાગી.

વિદ્યુતજિહ્વા પર મેળવેલા વિજયમાં કોઈ શૌર્ય નહોતું. હુંયે ભદ્રથી ક્યાં સારો હતો? મેં પેલા ઘમંડી, દંભી પ્રહસ્તની વાત કેમ સાંભળી લીધી? અરેરે, મેં મારી નાની બહેનની આવી દશા કરી, એને માંડમાંડ મળેલું નાનકડું સુખ પણ ઝૂંટવી લીધું? આ રાજપાટનો શું અર્થ હતો? આજે લંકા, કાલે આખું વિશ્વ... મારી મહત્ત્વાકાંક્ષાને કોઈ સીમા જ નહોતી? મારા પોતાના લોકોને પગ તળે કચડીને હું આ કેવું સામ્રાજ્ય ઊભું કરવાના ફાંફાં મારી રહ્યો હતો? પેલા નાનકડા ઝૂંપડામાં મા અને નાનાં ભાઈબહેનો સાથે ગાળેલા દિવસો શું વધુ સુખી નહોતા? બાળપણમાં જોયેલાં સપનાં મોટી ઉંમરે સાકાર થાય એ જ ક્યારેક જીવનની સહુથી મોટી કરુણા પુરવાર થાય છે.

અચાનક કોઈએ મારા ગાલ પર સણસણતો તમાચો માર્યો અને હું વિચારમાંથી બહાર આવ્યો, પણ તરત 'પાપી....' આવા શબ્દોની સાથે મારા પેડુ પર એવી લાત પડી કે આંખે અંધારા આવી ગયા અને પછી તો મારા પર ગાળો, મુક્કા, લાતોનો વરસાદ થઈ પડ્યો. માંડમાંડ એક થાંભલાનો સહારો લઈને મેં જાતને સંભાળી. સામે કુંભકર્ણ ઊભો હતો.

મારીચ અને ત્રણ-ચાર સૈનિકોએ મળીને એને વારવાનો પ્રયાસ કર્યો, પણ ક્રોધ અને કેફી દ્રવ્યોના પ્રભાવ હેઠળ ભૂરાંટો થયેલો કુંભકર્ણ ઝાલ્યો ઝલાતો નહોતો. એનો પ્રતિકાર કરવાને બદલે હું બને તેટલો દૂર ખસી ગયો.

મારા પિતા અને એના જાડિયા બ્રાહ્મણ મિત્રોને તો આ નાટક જોવાની મજા પડી ગયેલી. મારી મા કપાળ કૂટી રહી હતી અને શૂર્પણખા હવે એની રોકકળ છોડીને એના પથ્થર જેવા ચહેરે એક તરફ ઊભી હતી. આ બધાંની વચ્ચે થોડા સૈનિકો અને સેવકોના ચહેરા પર આવી ગયેલા રમૂજના ભાવ પણ મેં જોઈ લીધા. સાંજ સુધીમાં તો નગરના ચોરે ને ચૌટે આ વાત ચર્ચાવા લાગશે, જેટલાં મોઢાં એટલી વાત. ઘરવાળાએ મને ગાળો આપી, માર્યો, એના કરતાંયે બહારના લોકોમાં હું હાંસીને પાત્ર થઈ ગયો એ વાતનો ડંખ મને વધુ હતો.

મારા ચહેરા પર ઘેરાવા લાગેલાં વાદળ મારીચે જોઈ લીધાં. મહાપ્રયત્ને એ કુંભકર્ણને સભાખંડની બહાર ઢસડી ગયો, પણ જતાંજતાંયે કુંભકર્ણએ પાડેલા બરાડાના પડઘા મારા કાનમાં ગૂંજતા રહ્યા. 'તું સ્વાર્થી છે, ઘમંડી છે, લોકોની તને કોઈ પરવા નથી. તું એક દિવસ કમોતે મરીશ...'

હું કંઈ બોલ્યા કે કર્યા વિના લજ્જા અને અપરાધભાવના ભાર હેઠળ માથું નીચું કરીને ઊભો રહ્યો. છેવટે સહનશક્તિની સીમા આવી ગઈ, ત્યારે મેં મારા કક્ષ ભણી જવા માટે પગ ઉપાડ્યો. પણ જતાં જતાં મારી નજર બહારની તરફ ગઈ. મારો જ્ઞાની, પવિત્ર નાનો ભાઈ

વિભીષણ એક વૃક્ષની છાયામાં પલાંઠી વાળીને ધ્યાનમગ્ન બેઠો હતો. એના ચહેરા પર સંતોષનું સ્મિત હતું. ઘરમાં આગ લાગેલી, એ વાતની એને કંઈ પડી જ નહોતી. ઘડીક મને ઇચ્છા થઈ ગઈ કે એક તમાચાની સાથે એના ચહેરા પરનું દંભી સ્મિત ભૂંસી નાખું. પણ પછી આ લાગણી દબાવીને હું ત્યાંથી ચાલતો થયો. એણે મારું કે કોઈનું શું બગાડેલું?

કુટુંબમાં જ નહીં, આખા અસુરકૂળમાં એ સહુથી નિરુપદ્રવી જીવ હતો. એને કોઈ મહત્ત્વાકાંક્ષા નહોતી. બહારના વિશ્વમાં જે પણ કંઈ થાય, એનાથી અલિપ્ત રહીને એ પોતાના નાનકડા વિશ્વમાં મહાલતો હતો. અમારા બધાંથી એ જુદો હતો. કદાચ એ સારું જ હતું. કુદરતે મને એના જેવું ભલુંભોળું નિર્મોહી ચિત્ત નહોતું આપ્યું. એ વાતથી ક્ષણાર્ધ મને ઈર્ષા થઈ પણ પછી સમજાયું કે હું ધારું તોયે વિભીષણ જેવો ન થઈ શકું. શું જરૂર હતી? હું રાવણ હતો અને મારે રાવણ જ બનીને રહેવું હતું.

નિસાસો નાખીને હું મારા અંગત કક્ષમાં પ્રવેશ્યો. મને હવે મદિરાની જરૂર હતી. ત્યાં મેં રેશમી વસ્ત્રો અને પગથી માથા સુધી અલંકારોમાં લદાયેલી મંદોદરીને બેઠેલી જોઈ, અને જુદા જ પ્રકારની લાગણીઓ મને ઘેરી વળી.

મને જોતાંની સાથે મંદોદરીનો ચહેરો હસુંહસું થઈ ગયો, પણ એની સાથે હું દૃષ્ટિ મેળવી ન શક્યો. શરમ અને અપરાધભાવે ફરીથી મારા મન પર આક્રમણ કર્યું. પત્ની સામે હતી તોયે મને વેદવતી કેમ યાદ આવી ગઈ? અનિચ્છાએ પણ હું એ બે સ્ત્રીઓ વચ્ચે તુલના કરી બેઠો.

મંદોદરી સુંદર જરૂર હતી, પણ પુરુષને પરવશ કરી નાખે એવી મોહિની એનામાં નહોતી. ક્યારેક તો એનામાં મને કોઈ પવિત્ર પણ કઠોર સાધ્વીનાં દર્શન થતાં. એનો ભય લાગતો. એ જાણે મારા આત્માને અરીસો દેખાડતી હતી. એમાં દેખાતું પ્રતિબિંબ અત્યંત વિકરાળ હતું. મંદોદરીથી કોઈ વાત છૂપી નહોતી રહેતી. આવી આશંકા મને એનાથી છેટે રાખતી હતી. મારી માનસિક દુર્બળતા છુપાવવા માટે હું એની સાથે અવહેલના અને અપમાનભર્યો વર્તાવ કરતો હતો.

મહિનાઓ સુધી હું ઘરની બહાર રહ્યો હતો, પણ એ દરમિયાન મંદોદરી મને ભાગ્યે જ યાદ આવેલી. કાર્તિ વીરાર્જુનની કેદમાં હું જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો ત્યારે પણ મારા મનમાં તો વેદવતી અને મારી પુત્રીને મળવાનો જ તલસાટ હતો.

મંદોદરી ઊભી થઈને મારી પાસે આવી. એની કાયામાંથી આવતી કપૂર અને પુષ્પોની સુગંધ, એના વિશાળ નયનોમાં તરવરતી ભીનાશ, ચહેરા પર ઝલકતી નિર્દોષતા.... મને મન થયું કે એને બાહુપાશમાં જકડી લઈને, એની સુંદર આંખોમાંથી અશ્રુ લૂછી નાખું. પણ કોણ જાણે કેમ, હું એવું કંઈ કરી ન શક્યો. કોઈ અજ્ઞાત બેડીએ મારા હાથ જકડી રાખ્યા.

'મદિરા ક્યાં છે?' કઠોર અવાજે બોલીને હું દૂર હટી ગયો. મેં દૃષ્ટિ ફેરવી લીધી પણ મંદોદરીના ચહેરા પર પથરાઈ ગયેલી ગ્લાનિ અને નિરાશા મારાથી છૂપાં નહોતાં રહ્યાં. એક આસન પર બેસી પડીને મેં મારી આંખો છત પર ખોડી દીધી. એના મનમાં શું ચાલી રહ્યું હતું? વિધુતજિહ્વાએ એની સાથે કેવો વર્તાવ કરેલો? મારો વિરહ એને સાલ્યો હશે? આવા અનેક પ્રશ્નો મારા મનમાં ઘૂમરાતા રહ્યા, પણ હોઠ સુધી આવી ન શક્યા.

મંદોદરીને મારે કહેવાનું પણ કેટલું બધું હતું! વીરતાભેર મેં લડેલા યુદ્ધો, દૂરદૂરના દેવપ્રદેશોમાં જોયેલાં અદ્ભુત દૃશ્યો, વિનાશ પામેલી જાતિઓ, કથની, કારાવાસમાં વેઠેલી પીડા, વનરાજ બાલી સામે થયેલો પરાજય, એક દેવ-બ્રાહ્મણ નારી સાથેનો મારો ટૂંકો પણ ઉત્કટ પ્રણસંબંધ... પણ મારાથી કંઈ કહેવાયું નહીં. મંદોદરીએ મારી સામે ધરેલો મદિરાનો પ્યાલો લઈને મેં મોઢે માંડી દીધો. ચૂપચાપ એ દૂર જઈને ઊભી રહી.

મદિરાપાત્ર ખાલી કરીને મેં ફરીથી એને ભરવાનો સંકેત કર્યો. મંદોદરીએ મૌનભાવે આદેશનું

પાલન કર્યું. બસ પછી તો હું પીતો રહ્યો અને ફરી ફરીને ખાલી થતા પ્યાલામાં એ મદિરા ભરતી રહી. વાતાવરણમાં છવાઈ ગયેલા ભારેખમ મૌનમાં, વચ્ચેવચ્ચે દૂરથી મારી મા અને બહેનના આક્રંદનો અવાજ આવી જતો.

લાંબો સમય આમ જ વીતી ગયો અને પછી વિદ્યુતજિહ્વાનો મૃતદેહ જ્યાં મુકાયેલો, એ કક્ષમાં મોટે સાદે વૈદિક મંત્રોનું ઉચ્ચારણ શરૂ થયું. માખણ મધથી ભરેલી નદીઓ પાર કરીને દેવોના સ્વર્ગ સુધી મારા બનેવીનો આત્મા પહોંચી શકે એવી તૈયારીઓ પેલા બ્રાહ્મણો કરી રહ્યા હતા. પછી એક સેવકે આવીને મને કહ્યું કે, વિદ્યુતજિહ્વાને સ્મશાનભૂમિમાં લઈ જવાનો સમય થઈ ગયેલો. એનાં અંતિમ દર્શન કરવા માટેનું કહેણ મારા પરિવારજનોએ મોકલાવેલું.

ગુસ્સામાં ત્રાડ પાડીને મેં મદિરાપાત્રનો છુટ્ટો ઘા કર્યો. સેવક એનો જીવ બચાવીને ભાગી છૂટ્યો. મેં જોરથી બારણાં વાસી દીધાં. બારી બંધ કરવા ગયો ત્યારે વિભીષણ બહાર દેખાયો નહીં. એ મહાત્મા કદાચ સમાધિમાંથી બહાર આવીને પેલા પંડિતોની સહાય કરવા દોડી ગયો હશે.

મેં મારી પત્ની સામે જોયું. ભયની મારી એ થરથર કાંપી રહી હતી. મેં એને કમરેથી પકડી લીધી, પણ અણધાર્યા બળ સાથે એણે મને એટલા જોરથી ધક્કો મારી દીધો કે હું જઈને નીચે પડ્યો. "મારાથી દૂર રહેજો" એણે ધીમા પણ મક્કમ અવાજે કહ્યું. હેબતાઈ જઈને હું બેઠોબેઠો એને તાકી રહ્યો. નાજુક નમણી અને ભીરુ લાગતી આ સ્ત્રીમાં આટલી શક્તિ ક્યાંથી આવી ગઈ?'

'મદિરા પીધેલી આવી દશામાં મને સ્પર્શવાનો પ્રયાસ નહીં કરતા.' એણે માથું ઊંચું કરીને સ્પષ્ટ શબ્દોમાં સુણાવ્યું.

મને રોષ ચઢી આવ્યો. ઊભા થઈને ફરીવાર એને પકડવા ગયો તો, ફળોના પાત્રમાં રાખેલી છરી ઉપાડીને એણે મારી સામે ધરી. મને હવે મજા આવવા લાગી. વાહ, આવી સિંહણ જેવી સ્ત્રી મને ગમે! પણ પછી એણે મને નિરાશ કર્યો. એણે તો પોતાના પેટ પર છરી મૂકી દીધી. 'હવે એક ડગલું પણ આગળ આવ્યા છો તો...' બોલતાંબોલતાં એ રડી પડી. મંદોદરી પ્રત્યેનો મારો અણગમો પાછો ફર્યો.

ભલે એના હાથમાં છરી હોય, પણ ચપટી વગાડતામાં હું મંદોદરીને વશ કરી શક્યો હોત. પરંતુ થોડીવાર પહેલાં મારા મનમાં જાગી ઉઠેલી ઇચ્છાઓ હવે મરી પરવારી. મારો ક્રોધ મેં નિર્જીવ વસ્તુઓ પર ઉતાર્યો. પથારી પરથી ચાદર ખેંચીને એના પર પગ પછાડ્યા, ઓશીકાં ફાડી નાખ્યાં. હાથમાં આવ્યું એ બધું છૂટું ફેંક્યું, અંતે મારી બાલિશતા છોડીને પગ પછાડતો હું ખંડમાંથી નીકળી ગયો.


મારા મનમાં ભડભડી રહેલો દાવાનળ હજી જોકે શમ્યો નહોતો. કમભાગ્યે એ જ વખતે મહેલની સેવિકા બહાર કચરો વાળી રહી હતી. ગરીબ હશે પણ કુદરતે એને રૂપ ખોબલે-ખોબલે આપેલું કે, પછી એ ઘડીએ મને એવું લાગ્યું હશે. એને પકડીને હું જબરદસ્તી બાજુના ખાલી કક્ષમાં ઘસડી ગયો. પહેલાં તો એણે છૂટવાના ફાંફાં માર્યા, પણ છેવટે લાચારીની મારી વશ થઈ ગઈ.

થોડે દૂર મારી બહેન એના મૃત પતિની પાછળ આંસુ સારી રહી હતી. અમારી મા મને કડવા વેણ સંભળાવી રહી હતી. મારા ભાઈઓ મારા બનેવીની ચિતાને આગ દઈ રહ્યા હતા, અને મારી પત્ની એકલીઅટૂલી હૈયાફાટ રુદન કરી રહી હતી, ત્યારે હું ભારતવર્ષનો સમ્રાટ, એક હલકા વર્ણની ગરીબ સ્ત્રી સાથે મારા તનમનની ક્ષુધા સંતોષવામાં વ્યસ્ત હતો.

એ પ્રેમ નહીં, પાપ હતું. એમાંથી સમયની કોઈ અંધારી ક્ષણ જેવા કુરૂપ, મારા પુત્ર અતિકાયાનો જન્મ થયો.

o

બળવો



ભદ્ર

વિધુતજિહ્વાને માર્યો, એ રાતે મારા શરીરે પડેલા અગણિત ઘાને રૂઝાતાં અને ભાંગેલાં હાડકાં સંધાતાં લગભગ બાર મહિનાનો સમય વીતી ગયો. રાવણ અને વિધુતજિહ્વાની વચ્ચે સત્તા માટે ખેંચતાણ ચાલી રહી હતી, ત્યારે શેરીઓમાં ફાટી નીકળેલાં તોફાનોમાં મારું ઝૂંપડું બળીને રાખ થઈ ગયેલું. આસપાસનાં બીજાં નિવાસસ્થાનો અને દુકાનોની પણ એવી જ દશા હતી.

રાજમાર્ગની એક તરફ વડના વૃક્ષ નીચે મેં નવેસરથી ઝૂંપડું બાંધ્યું. માલા વિશે ઊડતી-ઊડતી જે વાતો મારા કાને પડી, એ કાળજાને ડામ દે એવી હતી. એ રાજમહેલમાં એક મામૂલી દાસી હતી, પણ રાવણે એને બીજી રાણીનું સ્થાન આપેલું. હવે રાજાનું બાળક એના ગર્ભમાં ઊછરી રહ્યું હતું. મારું ચાલે તો માલાનું ગળું દાબી દઉં, પણ હવે અમારી વચ્ચે બહુ અંતર પડી ગયેલું. મન મારીને હું બેસી રહ્યો.

પણ અચાનક એક દિવસ એ પાછી ફરી. એનો દેખાવ રાણી જેવો નહોતો લાગતો. ખભે એક પોટલું ઉપાડીને, મેલાંઘેલાં વસ્ત્રોમાં આવેલી માલા હવે પહેલા જેટલી સુંદર પણ નહોતી લાગતી. કાયા અને ચહેરા પરથી ઢળી રહેલા સૌંદર્યનાં રહ્યાંસહ્યાં ચિહ્નો એને વધુ અનાકર્ષક બનાવી રહ્યાં હતાં.

રાજાના ઉપવસ્ત્ર તરીકે રહેલી માલાની સ્થિતિ હવે દયા ઉપજાવે એવી હતી. એણે કરેલી છેતરપિંડી પ્રત્યેનો મારો રોષ ઊતરી ગયો. એની જગ્યાએ બસ, ઊંડેઊંડે એક ખટકો રહ્યો. અમારા બંનેની સ્થિતિ લગભગ સરખી હતી.

માલા પાછી આવી. એ દિવસે તાવથી મારું શરીર ધગધગતું હતું. કંઈ બોલ્યા વિના એણે મારી સારવારની જવાબદારી ઉપાડી લીધી. ક્યાંકથી માંગી-ભીખીને કે ચોરી કરીને લાવેલા ચોખામાંથી એણે મારા માટે કાંજી બનાવી. પછી પોતાના હાથે એ મને પીવડાવી રહી હતી. ત્યાં કોણ જાણે શું થયું, પણ હું ધ્રુસકે ધ્રુસકે નાના બાળકની જેમ રડી પડ્યો. કશુંયે કહ્યા કારવ્યા વિના એ મને ધીમેધીમે થોડીથોડી કાંજી પીવડાવતી રહી.

હું સાજો થયો ત્યાં સુધીમાં ભૂતકાળને યાદ કરવાનો, લડવાનો સમય નીકળી ગયેલો. મને માલાની જરૂર હતી અને કદાચ એને મારી! હા, વચ્ચે કોઈ મોટો શ્રીમંત માણસ આવી જાય તો પછી ખબર નહીં શું થાય, પણ ત્યાં સુધી અમે સાથે હતાં. જીવનનિર્વાહનું સાધન પણ અમને મળી ગયું.

રાજમાર્ગ પરથી પસાર થતા વટેમાર્ગુઓ માટે આ વટવૃક્ષ એક વિશ્રામસ્થળ હતું. યોગાનુયોગ મેં મારું ઝૂંપડું પણ ત્યાં જ બાંધેલું. નાનામોટા વેપારી, વણઝારા, નટબજાણિયા, મદારી... આ બધાં થોડીવાર ત્યાં વડલાની છાયામાં આવીને બેસતા. એમની સાથે બેઠાબેઠા અચાનક મને એક દિવસ વિચાર આવ્યો કે, આ લોકોને આરામની સાથે ખોરાક પણ મળે તો કેવું!

જાતજાતની વાનગીઓ બનાવવાનો શોખ તો આમેય મને પહેલેથી હતો. શોખ હવે વ્યવસાયમાં પલટાઈ ગયો. માલા સાથે મળીને મેં અમારા રહેઠાણની બાજુમાં નાનકડી દુકાન ઊભી કરી, જ્યાં ભૂખ્યા અને ખાણીપીણીના રસિયા આવવા લાગ્યા.

માલાએ દુકાન સંભાળી લીધી, પણ ક્યારેક એને નાનાંમોટાં કામ માટે રાજમહેલમાં હાજર થવાનો આદેશ મળતો અને અતિકાયાને સાથે લઈને એ જતી. મને આ જરાય નહોતું ગમતું. પણ ઘણાં વર્ષે જીવનમાં થોડી શાંતિ અને પેટ ભરાય એટલું અનાજ મળ્યું હતું. લડી-ઝઘડીને મારે આ નાનકડું સુખ ગુમાવી નહોતું દેવું.

આ દરમિયાન મને એક નવું કામ પણ જડી ગયું. થોડા પૈસા લઈને મેં પ્રવાસીઓનાં વસ્ત્રો ધોવાનું શરૂ કર્યું. કયા છોડના પાંદડા કે બીજ વાટીને, એના રસથી કપડાં પરના ડાઘ કાઢી શકાય એના પ્રયોગો હું કરવા લાગ્યો. શરૂઆતમાં કોઈ કોઈ કપડાંના રંગ પણ ઊડી ગયા, પરંતુ ધીમેધીમે મારો હાથ બેસી ગયો. કુશળ ધોબી તરીકેની મારી ખ્યાતિ ચારેબાજુ પ્રસરવા લાગી અને પછી તો નગરના શ્રીમંત લોકો એમનાં મોંઘાં કપડાં ધોવા માટે મારી પાસે મોકલવા લાગ્યા. ચીનનું રેશમ, ભારતીય ઉપખંડમાંથી આવતી મલમલ, આ બધામાંથી બનતાં કિંમતી વસ્ત્રો મારા હાથે ધોવાતાં હતાં.

અમારી નાનકડી હાટ હવે ધમધોકાર ચાલવા લાગેલી. નિરાંતે બેસીને જાત-જાતની ચર્ચાઓ, ગપ્પાં, ગોષ્ઠિ, કૂથલી કરવા માટે પણ લોકોને આ જગ્યા ફાવી ગઈ હતી. અહીં જ મેં સાંભળ્યું કે, રાજકુમારી શૂર્પણખા લંકા બેટ છોડીને એનાં માતા-પિતા સાથે સાગરકિનારે આવેલા પ્રદેશમાં રહેવા જતી રહેલી. જતાં-જતાં એણે જીવનભર રાવણનું મોઢું નહીં જોવાની પ્રતિજ્ઞા લીધી હતી.

બધું બરોબર ગોઠવાઈ ગયું, એ પછી મેં માલાને રાજમહેલમાં જતી રોકવાના પ્રયાસ શરૂ કર્યા, પણ એ મારા કહ્યામાં નહોતી રહેતી. મહેલમાંથી કહેણ આવતાંની સાથે એ જેમતેમ કરીને ઘરમાંથી છટકી જતી. પાછી આવે ત્યારે હું એને ધીબેડી નાખતો, પણ પછી તો અમને બંનેને આ કોઠે પડી ગયું. એ જાય, આવે, હું એને મારું, પછી અમારી સુલેહ થઈ જાય.

માલાએ કબૂલી લીધું કે રાવણે એના પર કરેલા બળાત્કારના પરિણામે અતિકાયાનો જન્મ થયો હતો. જો કે એનો દાવો હતો કે, એ દિવસ પછી રાવણે ક્યારેય એને સ્પર્શ નહોતો કર્યો. ઊલટું સામે મળે ત્યારે રાવણની આંખોમાં નર્યો તિરસ્કાર જ દેખાતો. પરંતુ મંદોદરીને અતિકાયા માટે સ્નેહ બંધાઈ ગયેલો. માલાને મહેલમાં એ જ વારંવાર બોલાવતી હતી.

રાવણનો અનૌરસ પુત્ર આ ધરતી પર આવ્યો, એના બીજે જ મહિને રાણી મંદોદરીએ સોહામણા પુત્રને જન્મ આપ્યો. ચોમાસાની રાતે આકાશમાં વાદળ-વીજળીનો ગડગડાટ થઈ રહ્યો હતો, ત્યારે જનમ લેનારા બાળકનું નામ પડ્યું મેઘનાદ.

પછી થોડા જ સમયમાં વિભીષણ અને કુંભકર્ણ પણ સ્વસ્થ સુંદર દીકરીઓના પિતા બની ગયા. મારા માટે આ બધા પ્રસંગ મહત્ત્વના હતા. એનું કારણ એટલું જ કે, રાજવી પરિવારમાં સારી ઘટના બને ત્યારે આસપાસથી ઘણાં લોકો અહીં આવી પહોંચે અને અમારા વ્યવસાયમાં ભરતી આવે. સામાન્ય પ્રજામાં રાવણની લોકપ્રિયતા ધીમેધીમે વધી રહેલી હતી. કદાચ એણે એની મહત્ત્વાકાંક્ષા દબાવી દીધેલી, કે પછી પુત્રના જન્મે એની રક્તપિપાસા અને વધુ રાજ્યો સર કરી લેવાની ભૂખ શમાવી દીધી હતી. જે પણ થયું એ સારું જ હતું. આ બેટ સહિત ભારતના મોટાભાગના પ્રદેશો સમૃદ્ધ થવા લાગેલા. વ્યાપાર વધી રહ્યો હતો. સારા દિવસો પાછા ફરી રહ્યા હોય એવું લાગતું હતું.

શરૂઆતમાં વિભીષણ પણ લોકોને ગમ્યો હતો. જૂના, જીર્ણશીર્ણ શિવમંદિરો અને બીજાં દેવાલયોનો પુનરુદ્ધાર કરવાની એની યોજનાઓને બધાંએ વધાવી લીધી. પણ પછી ધીમે-ધીમે

એ વિષ્ણુમંદિરો ઊભાં કરવા લાગ્યો, અને અસુર સમાજને વિચિત્ર લાગે એવી દેવપરંપરાઓ પણ એણે પાછલે બારણેથી દાખલ કરી દીધી. એણે બહારથી બોલાવેલા બ્રાહ્મણોએ, અસુર સમાજમાં એ પહેલાં ક્યારેય નહોતી એવી વર્ણ પરંપરાનાં બીજ વાવી દીધાં, જેમાંથી કૂંપળો ફૂટતાં વાર ન લાગી.

અલબત્ત, એ બધાંથી પ્રભાવિત થઈ જનારા મૂર્ખાઓની સંખ્યા પણ ઓછી નહોતી. એમણે બહુ જલદીથી બ્રાહ્મણોના નીતિનિયમો અપનાવી લીધા. જોવાનું એ કે આ નવી જીવનશૈલીનું સ્વાગત કરનારાઓમાં મોટા ભાગના શ્રીમંત, વગદાર લોકો હતા. એ લોકો જનોઈ પહેરીને ફરતા હતા, સમાજને ઉપયોગી થાય એવાં કામ કરનારા લોકોને એ જનોઈધારીઓ તુચ્છ ગણતા.

નવી વર્ણવ્યવસ્થામાં અમે સાવ પાછળ ધકેલાઈ ગયેલા. એનું ભાન અમને બહુ મોડેથી થયું. રાજકુમાર વિભીષણે ભારે ચાલાકીપૂર્વક શાસનના માળખામાં, બધા ઉચ્ચ હોદ્દા પર બ્રાહ્મણોને ગોઠવવાનો કારસો ઘડી કાઢેલો. ત્રણેક વર્ષમાં તો વ્યાપારઉદ્યોગ અને પ્રશાસનમાં ઉત્તરથી આવેલા બ્રાહ્મણો કે અસુરોમાંથી વટલાઈને બ્રાહ્મણ થઈ ગયેલા લોકોની પક્કડ જામી ગઈ. સામાન્ય પ્રજામાં અશાંતિ અને અસંતોષ ફેલાવા લાગ્યા. ગોરી ચામડી ધરાવતા દેવબ્રાહ્મણોનાં ટોળેટોળાં અમારા પ્રદેશોમાં ઊતરવા લાગેલાં, અને જોતજોતામાં તો મહત્ત્વનાં શહેરો અને ગામોમાં એમણે પોતાના રહેણાક સંકુલો પણ ઊભા કરી દીધાં.


દેવોની રીતિનીતિનો વિરોધ કરનારા વેપારીઓ માટે ધીમેધીમે રાજમહેલના દરવાજા બંધ થઈ ગયા. રસ્તાથી માંડીને મંદિર બાંધવાનો ઇજારો હવે નવબ્રાહ્મણોને જ મળતો હતો. પછી તો અમારા જેવા લોકો માટે એ માર્ગો પર ચાલવાનુંયે અશક્ય થઈ ગયું. દુકાનમાં બેસીને લોકો અમારા જ દેશમાં અમારી સાથે થઈ રહેલા અન્યાયની વિરુદ્ધમાં બખાળા કાઢતા હતા, પણ અમારો ગુસ્સો વાંઝિયો હતો. હવે અમારા હાથમાં કંઈ નહોતું રહ્યું.

ઠેરઠેર ઊભાં થયેલાં ભવ્ય મંદિરોમાં અમને પ્રવેશની અનુમતિ નહોતી. વૃદ્ધ અસુર પંડિતોને એમના સ્થાનેથી કાઢી મૂકીને, રાતોરાત ત્યાં બ્રાહ્મણોને ગોઠવી દેવાયેલા. મહાબલિના શાસનમાં ઊંચનીચનો કોઈ ભેદ નહોતો. લોકો એ જૂના દિવસોને યાદ કરીને નિસાસા નાખતા હતા. ફરી એકવાર અસુર સંસ્કૃતિ પર ધૂળ જામવા લાગેલી.

ભારેલો અગ્નિ એક દિવસ ફાટી પડ્યો. કચડાયેલા લોકોએ બળવો કર્યો, પણ અમારા જેવા હજારો લોકોને સૈનિકોએ રહેંસી નાખ્યા. એ પછી અમને બુદ્ધિ આવી કે નવા વિશ્વમાં અમારું સ્થાન રસ્તે રખડતા કૂતરાથી વિશેષ નહોતું.

o

દ્વંદ્વયુદ્ધ



રાવણ

મેઘનાદના જન્મ પછી છેક બાર વર્ષે મંદોદરીએ અમારા બીજા પુત્ર અક્ષયકુમારને જન્મ આપ્યો. જોકે ત્યાં સુધીમાં બધા જાણી ગયેલા કે, અતિકાયા મારો જ દીકરો હતો. અતિકાયા! કાળો, કદરૂપો, વાંકાચૂંકા દાંત, બેડોળ સ્થૂળ કાયા... માત્ર થોડી ક્ષણોની વાસનામાંથી આ જીવ પેદા થયો હતો. મંદોદરી એ બાળક અને એ માતાને ભયાનક ધિક્કારતી હતી. એટલે જ ઉપરઉપરથી પુષ્કળ સ્નેહનો દંભ કરતી હતી.

મેં ધાર્યું હોત તો આંગળીના એક જ ઇશારે અતિકાયા અને માલાનું અસ્તિત્વ આ ધરતીપરથી ભૂંસાઈ જાત, પણ મારાથી એવું થયું નહીં. કદાચ ઊંડેઊંડે મારામાં થોડી માનવતા બચી હતી, કે પછી ગુમાવી દીધેલો પ્રેમ અને કોઈ દેવ રાજાએ ઊંડા ખાડામાંથી કાઢેલી નાની બાળકીનું સ્મરણ મને ક્રૂર બનતાં રોકતું હતું. અતિકાયા આખરે મારું સંતાન હતું. અહીં અતિકાયા, મેઘનાદ અને અક્ષયકુમાર, અને ત્યાં ઉત્તરભારતમાં દેવપ્રદેશમાં મારી પુત્રી બહુ ઝડપથી મોટાં થઈ રહ્યાં હતાં.

એ વાત સાચી કે રાજ્ય ચલાવવાના રોજબરોજના કામમાં હવે હું વધુ ધ્યાન નહોતો આપતો. મારા મંત્રીઓ કુશળ હતા, રાજ્યનો કોષ છલકાતો હતો અને હવે લગભગ પચાસ વરસની વયે પહોંચ્યા પછી મને ઝાઝી કોઈ મહત્ત્વાકાંક્ષા નહોતી રહી. મારી ઉંમરના બીજા રાજાઓની જેમ મને હવે મારી પાછળ માત્ર કીર્તિ છોડી જવાની ઝંખના હતી. એ વાતમાં જોકે કોઈ શંકા નહોતી કે હું સારો શાસક હતો. મારા ગયા પછી પેઢીઓ સુધી લોકો મને પ્રેમથી યાદ કરવાના હતા.

યુવાનીમાં લાગતું હતું જાણે હું અમરપટ્ટો લખાવીને આવેલો. મારો પરાજય કરનારો કોઈ જન્મ્યો નહોતો. પરંતુ હવે એવો ભ્રમ તૂટી ગયેલો. મૃત્યુ બહુ દૂર નહોતું. ગમે ત્યારે એ આવી શકે. આ વિચારને કારણે મને જીવનનું મૂલ્ય વધુ સમજાવા લાગ્યું હતું. દૂર મંદિરોમાં થતા ઘંટનાદ, યુદ્ધકલાની તાલીમ લઈ રહેલા મારા પ્રિય પુત્ર મેઘનાદની તલવારનો અવાજ, મારા દીકરા સાથે મંદોદરીની કાલીકાલી વાતો, મહેલના પ્રાંગણમાં દોડાદાડી કર્યાં કરતી મારી ભત્રીજી ત્રિજટાના હાથમાં રણકતી બંગડીઓ... આવી નાની-નાની વાતોમાં મને સુખનો અનુભવ થતો હતો.

સોનાની થાળીમાં લોઢાની મેખ ગણો તો એ હતું, અતિકાયાનું અસ્તિત્વ. મારા પ્રિય મેઘનાદ પાસે રૂપની સાથેસાથે તીક્ષ્ણ બુદ્ધિમતા હતી. અતિકાયા પાસે એમાંથી કંઈ નહોતું. એક પિતાના બે પુત્ર એકમેકથી આટલા જુદા કેવી રીતે હોઈ શકે એ મારે મન મહા આશ્ચર્યનો વિષય હતો.

અતિકાયાને હું બને એટલો મારાથી દૂર રાખવાનો પ્રયાસ કરતો, પણ એ તો પાળેલા ગલૂડિયાની જેમ મારી પાછળ પાછળ ફર્યા કરતો. એના પ્રત્યેની મારી વર્તણૂક ક્યારેક ક્રૂરતાની

હદે પહોંચી જતી. જાહેરમાં એનું અપમાન કરવું, લાફો મારી દેવો કે લાત મારીને દૂર ફંગોળી દેવો, આ બધુંયે હું કરી લેતો, પણ એ મૂઢ પર કોઈ અસર નહોતી થતી. એ તો એના મોઢામાંથી બહાર આવતો મોટો, પીળો દાંત બતાવીને મૂર્ખની જેમ મલકાયા કરતો.

પરંતુ વર્ષો વીતતાં ગયાં, તેમતેમ મને ભાન થવા લાગ્યું કે મારા આ બુદ્ધિહીન સંતાનને પણ હું પ્રેમ કરતો હતો. અલબત્ત, મેઘનાદ, મંદોદરી, મારા ભાઈભાંડુ કે એમનાં સંતાનો પ્રત્યે મને હતો એનાથી આ પ્રેમ જુદો હતો. જાણે રસ્તે રખડતા અને રોજ સામે મળતા કોઈ શ્વાન પ્રત્યે આપણને સ્નેહ બંધાઈ જાય, કોઈકોઈ વાર એના ભણી રોટલાના ટુકડા ફેંકીએ પણ એ કદરૂપા ગંધાતા પ્રાણીને ઘરમાં તો પ્રવેશવા દઈએ જ નહીં.

કદાચ અતિકાયા જીવતો રહ્યો, એનો યશ ભદ્રને આપવો પડે. એના જેવા લોકોથી હું બહુ દૂર થઈ ગયેલો, ત્યારે ભદ્ર મારી પાસે આવ્યો હતો. વિભીષણે બ્રાહ્મણો સામે અસુરોએ પોકારેલો બળવો કડક હાથે દાબી દીધો, એ દિવસોની વાત છે.

માર ખાઈને અધમૂઆ થઈ ગયેલા બ્રાહ્મણોના મોટા ટોળાને લઈને, વિભીષણ દરબારમાં આવ્યો હતો ત્યારે પહેલાં તો મને જોરથી હસવાનું મન થયું. હંમેશની જેમ ત્યારે પણ પ્રહસ્તે જ મને યોગ્ય રસ્તો ચીંધ્યો હતો.

વૃદ્ધ થવા આવેલા પ્રહસ્તની લાંબા પ્રવચન કરવાની ટેવ નહોતી છૂટી. ઘણીવાર મને એના પર ચીઢ ચઢતી, અમારી વચ્ચે દલીલો થતી, પણ એના પ્રત્યે મને આદરભાવ હતો. મારાથી ડરીને હા-જી-હા કરનારા લોકોથી એ જુદો હતો. એને જે યોગ્ય લાગે એ સ્પષ્ટ શબ્દમાં કહી દેતો. જોકે ત્રીજી વ્યક્તિની હાજરીમાં મારી સાથે દલીલબાજીમાં નહીં ઊતરવા જેટલી વિવેકબુદ્ધિ પણ એનામાં હતી. પ્રશાસનના રોજિંદાં કાર્યો હું એના પર છોડી દેતો.

અસુરોએ બ્રાહ્મણો સામે બળવો પોકાર્યો એ દિવસે પ્રહસ્તે મારી પાસે આવીને કહ્યું કે, એક કાંકરે અનેક પક્ષી મારવાની આ તક સામે ચાલીને આવી હતી. અસુર બીજીવાર રાજાની ઇચ્છાવિરુદ્ધ માથું ઊંચકવાની હિંમત ન કરે, અને બ્રાહ્મણો પણ ફફડી જાય એવી પ્રહસ્તની યોજના મેં રાજી થઈને અમલમાં મૂકી દીધી.

બળવો શરૂ થયો પછી થોડાક કલાક અમે તોફાનીઓને છૂટો દોર આપ્યો, નગરને ભડકે બળવા દીધું અને થોડાક કલાક બાદ મારા સૈનિકોને એમના પર છોડી મૂક્યા. એ લોકોએ બ્રાહ્મણ અને અસુર વચ્ચે કોઈ ભેદભાવ રાખ્યા વિના બધાંયને બરાબરના ઠમઠોર્યા. એમણે પૂરજોશથી વિષ્ણુમંદિરોમાં લૂંટફાટ ચલાવી, ત્યાં શિવજીની પુનઃસ્થાપના કરી. મેં એમને રોક્યા નહીં.

બ્રાહ્મણોનાં ટોળેટોળાં જીવ બચાવવા માટે ટાપુ છોડીને ભાગ્યા. એમને દરિયો પાર કરાવવા માટે વરુણ તૈયાર હતો, અલબત્ત મોટી કિંમત લઈને! એ ચાંચિયો ગમે તેવી પરિસ્થિતિમાં નફો રળી લેતો. રુદ્રકે લોકોમાં એવી ધાક બેસાડી દીધી કે એ દિવસ પછી કોઈએ મારી સામે માથું ઉપાડવાની હિંમત ન કરી. હા, વિભીષણ થોડા સમય માટે મોઢું ચઢાવીને ફર્યો, પણ કોઈને એની પરવા નહોતી.

જોકે છેવટે મને એની દયા આવી. મેં એને બેસાડીને ધરપત આપી કે જેટલા બ્રાહ્મણો અહીં રહ્યા હતા. એમને હું હેરાન નહીં કરું. ધીમેધીમે એ શાંત પડ્યો. મને પણ એ સમયે લાગ્યું કે, નાનો ભાઈ એના ચિત્રવિચિત્ર ધખારા હવે છોડી દેશે.

પછીના દિવસોમાં એક એવી ઘટના બની ગઈ, જે પહેલી નજરે બિનમહત્ત્વની લાગે, પણ મારા મન પર અસર કરી ગઈ. ભદ્ર મારી પાસે આવીને હંમેશની જેમ મારા પગે વળગ્યો હતો. ત્યાં અતિકાયા દોડતો આવ્યો. ત્રણેક વર્ષના એ બાળકના હાથમાં અડધી ખાધેલી કેરી હતી. એણે ભદ્ર સામે ધરી અને એ ભૂખાળવા અસુરે ઊભાઊભા ફળ ચૂસવાનું શરૂ કરી દીધું. ત્યાં

સુધી તો જાણે ઠીક હતું, પણ એ જ વખતે આવી પહોંચેલા મેઘનાદે નિર્દોષભાવે હાથ લંબાવ્યો. ભદ્ર પોતાની એંઠી કેરી એને આપવા જતો હતો, ત્યાં મેં એના હાથ પર એટલા જોરથી લાત મારી કે કેરી બહાર ફંગોળાઈ ગઈ, અને મેં રોષભેર ભદ્રને અવળા હાથે અડબોથ ચોડી દીધી. થોડીવાર માટે એના પ્રત્યે અનુભવેલી સહાનુભૂતિ કપૂરની જેમ હવામાં ઊડી ગઈ. એ નીચ માણસની આટલી હિંમત કે મારા મહેલમાં આવીને એ રાજકુંવરને પોતાનું એંઠું ખવડાવે? ભદ્ર નીચે પડી ગયો, પણ એની આંખોમાં ખિન્નતાની સાથેસાથે એક પ્રકારનો સંતોષ હતો.

બંને છોકરાઓએ રોકકળ કરી મૂકી. મેં અતિકાયાને ખભેથી પકડીને હચમચાવી નાખ્યો. મેઘનાદે એના નાના હાથની મુઠ્ઠીઓ વાળીને મને મારવાનો, એના સાવકા ભાઈને બચાવવાનો પ્રયત્ન કર્યો. અવાજ સાંભળીને ત્યાં દોડી આવેલી મંદોદરીએ ચીસ પાડી, 'રાવણ, આ બાળકને મારી નાખવો છે કે શું?' એણે મેઘનાદને તેડી લીધો. અતિકાયા હીબકાં ભરતો નીચે પડ્યો રહ્યો.

`આ ગંદા, ભિખારડા સાથે તું મેઘને શું કામ રમવા દે છે?' મેં સામે ત્રાડ પાડી. જોકે એમાં રહેલું ખોખલાપણું મને પણ સંભળાયું.

`એ ગંધારો, ભિખારડો તમારો જ છે, રાવણ!' આવું બોલીને મંદોદરી મેઘનાદ સાથે બહાર જતી રહી. હું હેબતાઈ ગયો. મંદોદરીએ મારી સામે આવું બોલવાની ધૃષ્ટતા કરી.

આમ તો જોકે, પુત્રના જન્મ પછી મારી પત્ની થોડીથોડી બદલાવા લાગેલી જ. એક સમયે મારી પાસે આવતાંયે જે ડરતી હતી, એ હવે મારી માલિક થઈ બેઠી હોય એમ વર્તતી હતી. મને નામથી બોલાવતી હતી અને પોતાનું ધાર્યું કરાવીને જ જંપતી હતી.

સામે હું થોડો નરમ પડ્યો હતો. ક્યારેક ગુસ્સાનો દેખાવ કરી લેતો, પણ અંતે તો મંદોદરી સામે નમતું જોખી જ દેતો. હું એને અને મારા પુત્રને પારાવાર પ્રેમ કરતો હતો. એ વાતને મંદોદરીએ શસ્ત્ર બનાવી દીધેલું. જોકે મને વાંધો નહોતો બલ્કે, મને આ ગમતું પણ હતું.

થોડીવાર પછી મને ભાન થયું કે ખંડમાં હું એકલો હતો. ભદ્ર અને અતિકાયા પણ અદૃશ્ય થઈ ગયેલા. ઝરૂખામાં જઈને હું ઊભો રહ્યો. ઢળતી સાંજના અજવાળામાં મેં મેલાઘેલા બાળકનો હાથ પકડીને ખોડંગાતી ચાલે જઈ રહેલા કાળા, ઠીંગણા માણસને જોયો. સમુદ્રની દિશામાંથી પવનની લહેરખીની સાથે, એ બે જણ વચ્ચે થઈ રહેલી વાતચીતના થોડા શબ્દો પણ મારા સુધી પહોંચ્યા. અતિકાયા મારો વણજોઈતો પુત્ર પેલા ભદ્રને પિતાજીનું સંબોધન કરી રહ્યો હતો. ભદ્રએ એને આવું બોલતાં શીખવાડ્યું હતું કે પછી બાળકે પોતે આ સ્વીકારી લીધેલું, એ હું નહોતો જાણતો, પણ એ ક્ષણે મારા હૃદયમાં નાનું શૂળ ભોંકાયું.

જોકે પછી મારાથી રાહતનો શ્વાસ પણ ખેંચાઈ ગયો. ભદ્રને પિતા માનતો અતિકાયા હવે મારાથી અને મારા લાડકા મેઘનાદથી દૂર રહેશે.

સહુ જાણતા હતા કે અતિકાયા મારું સંતાન હતું. પણ ભદ્રએ માલા સાથે લગ્ન કરીને, અતિકાયાને પોતાના પુત્ર તરીકે સ્વીકારી લીધો. એનાથી મારો ભાર સહેજસાજ હળવો થયેલો. એક મામૂલી ચાકરની પત્ની પર બળાત્કાર કરીને મેં એને ગર્ભવતી બનાવી દીધેલી, એ વાત આમ તો અત્યંત લજ્જાસ્પદ હતી, પણ સમયની સાથે માણસ ભલભલી સારી-નરસી લાગણીઓની સાથે જીવતાં શીખી જાય છે. ટેવ પડી જાય. મેં પણ જાત સાથે સમાધાન કરી લીધું.

પરંતુ હું સાવ અન્યાયી કે નિષ્ઠુર નહોતો. એવું પ્રમાણિત કરવા માટે મેં અતિકાયાને રાજગુરુઓના હાથ નીચે શિક્ષણ લેવાની અનુમતિ આપી. અલબત્ત, મેઘનાદના પાઠ પૂરા થાય એ પછી. આશ્ચર્ય એ વાતનું હતું કે, શસ્ત્રોનો ઉપયોગ કરતાં એ બહુ જલદી શીખી ગયો. કદાચ

આ કુનેહ એને મારા તરફથી વારસામાં મળેલી. હું રાજી થયો કે મેઘનાદને એની સામે અને સાથે લડવા માટે એક સારો યોદ્ધો મળશે.

જોતજોતામાં બાળકો મોટાં થઈ ગયાં. મેઘનાદની તાલીમ પૂરી થઇ, એની ઉજવણી કરવા માટે મેં શ્રાવણી પૂર્ણિમાએ ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું. રાજ્યના મુખ્ય અતિથિ તરીકે પધારવા માટે બાલીને આમંત્રણ મોકલ્યું. યુવાનીમાં મેં કરેલી મૂર્ખાઈને વિસારે પાડીને હું અને બાલી હવે મિત્ર બની ગયેલા. આ સંબંધમાં એકબીજા પ્રત્યેનો આદર સામેલ હતો. એની પત્ની તારા સાથે મંદોદરીને સારું બનતું. બાલી અને મારી વચ્ચે એક બીજું સામ્ય એ હતું કે, અમે બંને પોતપોતાના ભાઈઓથી ત્રસ્ત હતા. ઘણીવાર અમારી વચ્ચે આ વિશે વાત પણ થતી.

બાલી એના રાજ્યના સીમાડે જઈને વસેલી મારી બહેન શૂર્પણખા પર પણ નજર રાખતો હતો. એને ડર હતો કે, સ્વકેન્દ્રી શૂર્પણખા એક દિવસ બધાં માટે આફત લઈને આવશે. મને જોકે આ ચિંતા પાયાવિહોણી લાગતી હતી. શૂર્પણખા મારી બહેન ભલે હોય, પણ એનું કોઈ મહત્ત્વ નહોતું. જુદા જુદા પુરુષો સાથેના એના ગમે તે પ્રકારના સંબંધ વિશે લોકોમાં વાતો થતી હતી, કુટુંબની પ્રતિષ્ઠા ઝંખવાતી હતી. પણ સાચું પૂછો તો એ મારી મા અને શઠ પિતા સાથે મળીને લંકાથી દૂર રહે ત્યાં સુધી મને એનાં નાનાંમોટાં તોફાનો સામે કોઈ વાંધો નહોતો.

મારા પુત્રના દીક્ષાંત સમારોહ માટે બાલી ત્રિકોટા પધાર્યો, ત્યારે એની સત્તાનો સૂરજ સોળે કળાએ તપતો હતો. મેઘનાદથી થોડાં વરસ મોટો, બાલીનો પુત્ર અંગદ પણ એની સાથે હતો. અંગદ થોડો માથાભારે હોવાનું મેં સાંભળ્યું હતું. પણ એની ઉંમરે કોના લોહીમાં ગરમી ન હોય? બાલી અમસ્તો જ એને દાબમાં રાખતો હતો.

પરાક્રમી પિતા વિશાળ વટવૃક્ષ જેવા હોય છે, જેની છાયા નીચે બીજું કંઈ ઊગી ન શકે. આવા સંજોગોમાં એનાં સંતાનોને કેવી લાગણી થાય એ મને સમજાતું હતું. અંગદ વધુ બોલતો નહોતો, પરંતુ પિતા પ્રત્યેનો એનો રોષ છાનો નહોતો રહેતો. એની સરખામણીએ મારો મેઘનાદ તો ઈશ્વરના દૂત જેવો હતો.

ક્યારેક જોકે લાગતું કે મેઘનાદ વધુ પડતો સજ્જન હતો. નિર્બળને હક આપવા માટે એ હંમેશાં તૈયાર રહેતો. એની દૃષ્ટિમાં દરેક વ્યક્તિ સમાન હતી. એ માનતો હતો કે દરેક માણસનો મૂળ સ્વભાવ સારો જ હોય છે.

અમે જે યુગમાં જીવતા હતા એમાં જોકે આવાં મૂલ્યો, સિદ્ધાંતોને સ્થાન નહોતું. મારા આદર્શવાદી પુત્ર વિશે મને જેટલું ગૌરવ હતું, એટલી જ એના માટે ચિંતા પણ હતી.

એની ઉંમરે મેં પણ સમાજ બદલી નાખવાના, બધાં માટે સમાનતા અને સમૃદ્ધિનાં શમણાં જોયાં હતાં. મોટા થયા પછી ભ્રમનિરસન થયું. કમભાગ્યે મેઘનાદ વિશે મેં સેવેલો ભય પણ પછી સાચો ઠર્યો. એ બાપડાને ક્યાં ખબર હતી કે, લોકો કેટલાં દંભી અને કપટી હોય છે કે, સગા ભાઈઓ અને મિત્રો પણ પોતાનો સ્વાર્થ સાધવા માટે કેવો ભયાનક વિશ્વાસઘાત કરી શકે!

અરે, હું સાવ જુદી વાતે ચઢી ગયો. રણભૂમિ પર જરખ અને શિયાળવાએ થોડા સમય પૂરતો મને એકલો છોડ્યો છે. પણ હવે મને થાય છે કે એ લોકો મને ઝટ ખાઈ જાય તો વાત પૂરી થાય. હે શિવ, જો ખરેખર તું હોય તો મને તારી પાસે બોલાવી લે. ભૂતકાળનાં કેટકેટલાં સ્મરણો હવે નજર સામે તરવરવા લાગ્યાં છે. જુઓ, પેલો મારો દીકરો આવ્યો. તેજીલા અશ્વ પર સવાર થઈને તીરંદાજીના કરતબ દર્શાવી રહેલા મેઘનાદને જોઈને હું ફૂલ્યો નહોતો સમાયો. તારાના દીકરાથી મેઘનાદ દરેક રીતે ચઢિયાતો હતો, એનું છૂપું અભિમાન મંદોદરીને પણ હતું.

પણ પછી અમને નીચાજોણું થાય એવી ઘટના બની ગઈ. મેઘનાદે અશ્વની પીઠ પર સંતુલન ગુમાવી દીધું. એણે સજાગતાપૂર્વક જાતને સંભાળી લીધી એટલે નીચે પડ્યો નહીં. પણ આ

જોઈને બાલી અને તારાની વચ્ચે બેઠેલા અંગદે ઉપહાસભર્યું જે અટ્ટહાસ્ય કર્યું, એ મારા કાનમાં ધગધગતા તેલની જેમ રેડાયું. મહાપરાણે મેં જાત પર સંયમ રાખ્યો, પરંતુ પછી જે બન્યું એ ભયાનક હતું. મારું સામ્રાજ્ય યુદ્ધ અને વિનાશની ધારે આવીને ઊભું રહી ગયું.

અંગદના ઉપાલંભને મેં તો અવગણી કાઢ્યો, પરંતુ અતિકાયાનું લોહી ઊકળી ગયું. એણે અંગદ પર અણધાર્યું આક્રમણ કરીને એને નીચે પાડી દીધો. 'પકડો એને' મેં ત્રાડ પાડી. સેંકડો સશસ્ત્ર સૈનિકોએ અતિકાયાને ઘેરી લીધો. રુદ્રક તલવાર ઉગામીને એની તરફ આગળ વધ્યો.

મૂઢમતિ અતિકાયાને સમજાતું નહોતું કે એણે શું ખોટું કરેલું! 'એણે... મારા ભાઈ રાજકુંવર મેઘનાદનું અપમાન કર્યું.' થોથવાતી જીભે એ બોલ્યો. ત્યાં ભેગી થયેલી મેદનીમાં ગણગણાટ થઈ ગયો. ઊભા રહી ગયેલા મેઘનાદના ચહેરા પર રમૂજ અને સ્નેહના ભાવ આવી ગયા.

`એને જેલમાં નાખી દો. સજા શું આપવી એનો નિર્ણય આવતીકાલે થશે.' આંખને ખૂણેથી બાલી સામે જોઈને મેં કહ્યું. પણ સામેથી અંગદનો અવાજ આવ્યો. 'જે કરવાનું છે એ હવે હું જ કરીશ.'

`અંગદ' બાલીનો ચહેરો ઘેરો થયો. પણ એ વખતે અંગદની આંખો જોઈને મને મારા પિતા પ્રત્યે મેં અનુભવેલા ધિક્કારની યાદ આવી ગઈ. પરિસ્થિતિ વણસી જશે એવા ભય સાથે હું આસન પર ફસડાઈ પડ્યો. મનોમન એટલી જ પ્રાર્થના કરી કે અંગદ બને એટલી જલદીથી અતિકાયાને મારીને બધાંનો છૂટકારો કરે. રુદ્રક અને સૈનિકોને મેં દૂર હટી જવાની સંજ્ઞા આપી. બાલી લાચારી અને ક્રોધના મિશ્રણ સાથે પોતાના પુત્ર સામે જોઈ રહ્યો.

`લંકાવાસીઓ, પોતાને સાવજ માની બેઠેલા ગર્દભની દશા અમે વાનરો કેવી કરીએ છીએ એ આજે જોઈ લ્યો.' અંગદે મેદની ભણી જોઈને ગર્જના કરી. અતિકાયા, એને કંઈ સમજાતું ન હોય એમ પાંપણો ઝપકાવતો ઊભો રહ્યો. મેઘનાદ અશ્વ પરથી ઊતરીને એની પાસે ગયો અને કાનમાં કંઈ ગણગણ્યો.

અતિકાયાનો હાથ પકડીને મેઘનાદ એને મેદાનની વચ્ચે લઈ ગયો. એકઠા થયેલા લોકોએ ઘોંઘાટ મચાવી દીધો. એ બધા હવે અતિકાયાના પક્ષે હતા. મેઘનાદે પછી હવામાં ફેંકેલી તલવાર, અતિકાયાએ એટલી સ્ફૂર્તિ અને ચપળતાભેર પકડી લીધી કે હું પણ પ્રભાવિત થઈ ગયેલો.

મારું મન હવે ઝોલે ચઢ્યું. એક તરફ હું ઇચ્છતો હતો કે અતિકાયા મરે તો મારું રાજ્ય અને બાલી સાથેની મૈત્રી બચી જાય. પણ બીજી તરફ મારામાં બેઠેલો પિતા એના પુત્રનો વિજય ઝંખતો હતો.

અંગદ અને અતિકાયા દ્વંદ્વયુદ્ધ માટે સજ્જ થતા હતા, ત્યાં મેદનીમાંથી કંઈ છૂટીછવાઈ બૂમો પડી અને પછી ચારે તરફથી સંભળાવા લાગ્યું, 'હાય હાય વાનરો... મારો એ વાનરને... પહોંચાડી દો એ વાનરને નરકમાં....' હેબતાઈને મેં બાલી સામે નજર નાખી. એનો ચહેરો ભાવશૂન્ય હતો, પરંતુ આસનના હાથા પર એણે રાખેલા હાથ પરની તણાયેલી નસો કંઈ જુદું જ કહેતી હતી.

લોકોને ચૂપ કરવાનું અશક્ય હતું. એમણે હવે વાનરોને વધુ ને વધુ ગાળો આપવાનું શરૂ કરી દીધેલું. બાલીને પણ એમણે છોડ્યો નહીં. મેં રુદ્રકને શોધવા ચારે તરફ નજર ફેરવી. પછી જોયું કે એ તો મારા તરફ પીઠ ફેરવીને અંગદ અને અતિકાયા વચ્ચે દ્વંદ્વયુદ્ધના આરંભની રાહ જોતો ઊભો હતો.

મેદાનની વચ્ચોવચ એક રાજકુમાર અને એક દાસીપુત્ર વચ્ચે લડાઈની શરૂઆત થઈ. અતિકાયા ભલે તલવારબાજીના થોડા પેંતરા જાણતો હોય, પણ અંગદ સામે ટકી રહેવાનું એનું ગજું નહોતું. થોડી જ વારમાં એ ભોંયભેગો થઈ ગયો અને અંગદે અટ્ટહાસ્ય કર્યું.

બાલીના હોઠ પર નાનું સ્મિત રમી ગયું. મને અંદરખાને દુઃખ થયું, પણ સાથે શાંતિ વળી કે રાજકીય કટોકટીમાંથી અમે પાર ઊતરી ગયા. બસ, હવે અંગદ નીચે પડેલા અતિકાયાની છાતીમાં તલવાર પરોવી દે એટલે વાત પૂરી.

અંગદને જોકે ઉતાવળ નહોતી. એ તો અસુર પર વાનરે મેળવેલા વિજયને સુરાની જેમ ધીમે ધીમે પી રહ્યો હતો. લોકોના અવાજ ધીમા પડી ગયેલા, પણ પછી મેં મેઘનાદને દ્વંદ્વયુદ્ધના વર્તુળમાં પ્રવેશતો જોયો. એણે નીચે બેસીને અતિકાયાનું માથું પોતાના ખોળામાં લીધું અને કાનમાં કંઇ કહ્યું. અતિકાયા સળવળ્યો અને પછી મેઘનાદે એને ટેકો આપીને ઊભો કર્યો.

અતિકાયા લથડાતા પગે અંગદ સામે ગયો. પછી એણે જે ગર્જના કરી એ કદાચ કોઈ કાળા માથાના માનવીના ગળામાંથી નીકળી ન શકે. ક્ષણભર બધે મૌન પથરાઈ ગયું, પછી હજારો મુખમાંથી એ ગર્જનાનો પડઘો પડ્યો. મારી નસોમાં વહેતું લોહી એ ક્ષણે જાણે જામીને બરફ થઈ ગયું.

મેઘનાદે મારીચ પાસે જઈને, એના હાથમાં પકડેલું નાનું પણ વજનદાર ગદા જેવું હથિયાર લીધું અને પછી જઈને અતિકાયાના હાથમાં મૂક્યું.

અંગદે પણ હવે તલવાર બાજુએ મૂકીને હાથમાં એવું બીજું વજનદાર શસ્ત્ર લીધા વિના છૂટકો નહોતો. દ્વંદ્વયુદ્ધના સિદ્ધાંત તો પાળવા પડે. પછી જોતજોતામાં બાજી પલટાઈ ગઈ. કદમાં ઊંચો, કદાવર અતિકાયા આ વજનદાર શસ્ત્ર વાપરવામાં ચઢિયાતો પુરવાર થયો. લોકોએ બમણા જોરથી બૂમો પાડવાનું, અને વાનરોને ભાંડવાનું શરૂ કરી દીધું.

મેં મારા બંને પુત્ર માટે ગર્વ અનુભવ્યો. 'આ વર્ણસંકર વાનર એવું માની બેઠેલો કે એનો જંગલી પુત્ર અમારા શૂરવીરોને પાડી દેશે?' બાલી સામે જોઈને હું મનોમન બબડ્યો પણ પછી તરત વાસ્તવિકતાએ મને ઠારી દીધો. અતિકાયા આ લડાઈમાં જીતી ગયો, તો? જોકે મારા માટે બાલીની મૈત્રી બહુ જરૂરી હતી. ગંગાના ઉપરવાસ પ્રદેશમાં ધસી આવતા જંગલી દેવોનાં ધાડાંને એ ખાળી રાખતો હતો. એનો સાથ ગુમાવવાનું પાલવે નહીં. પણ પેલા પાડા જેવા અતિકાયાની રગોમાં મારું લોહી હતું. આ ઘડીએ લાગતું હતું કે એ અંગદને મારીને બાલીને મારો સહુથી મોટો શત્રુ બનાવી દેશે.

ખરેખર થોડીવારમાં અંગદ હેઠો પડ્યો. એના બંને હાથ ભાંગી ગયેલા. અતિકાયા લોહીલુહાણ શરીરે અંગદની છાતી પર જમણો પગ મૂકીને ઊભો રહ્યો. 'મારો, મારો'ના અવાજથી વાતાવરણ ભરાઈ ગયું. બાલી એના આસન પરથી ઊભો થઈ ગયો. એની પત્ની ભયની મારી ભાન ગુમાવી દેવાની દશામાં હતી અને પછી અતિકાયાએ ગદા ઊંચી કરી. એનો એક જ ઘા અંગદનું માથું ભાંગી નાખવા માટે પૂરતો હતો.

'રુદ્રક' મારી રાડ ફાટી ગઈ. કોણ જાણે એણે મારો અવાજ સાંભળ્યો કે નહીં, એ ક્ષણ મને અનંત યુગ જેવી લાગી અને પછી અતિકાયાએ મારી સામે જોયું. એની આંખોમાં મેં શું જોયું – તિરસ્કાર, આઘાત, દયા કે અસહ્ય ઘૃણા? વાતાવરણમાં નીરવતા છવાઈ ગઈ. અતિકાયાની એ છબી મારા ચિત્તમાં કાયમ માટે કોતરાઈ ગઈ અને પછી મેં રુદ્રકને આગળ ધસી જતા જોયો. એની પાછળ વીસ-પચીસ સૈનિકો હતા.

અતિકાયા મૂર્તિમંત ઊભો રહ્યો અને મારા એ વણજોઈતા સંતાન પર ચારેબાજુથી તૂટી પડેલા સૈનિકોને હું જોઈ રહ્યો. અંગદની છાતી પર પગ રાખીને કોઈ વિશાળ, મજબૂત વટવૃક્ષની જેમ ઊભો ઊભો એ લાકડીઓના માર ઝીલતો રહ્યો. એણે કોઈ પ્રતિકાર ન કર્યો.

સ્તબ્ધ થઈ ગયેલી મેદનીમાંથી એક માણસ મેદાનમાં દોડી આવ્યો. પણ એ અતિકાયા સુધી પહોંચે એ પહેલાં તો રુદ્રકે એના મોઢા પર તલવારની મૂઠથી એવો પ્રહાર કર્યો કે એ ઢળી પડ્યો. સૈનિકોના પગ નીચે ચગદાઈ ગયો. બહુ પાછળથી મને જાણ થઈ કે એ ભદ્ર હતો. પણ

એ વખતે તો મારી આંખ રુદ્રકને રોકવા મથી રહેલા મેઘનાદ અને મારીચ પર હતી. મેં પ્રહસ્તની બૂમો સાંભળી. લોકોને ત્યાંથી ખસેડવા માટે સૈનિકોને એ આદેશ આપી રહ્યો હતો.

મને માન્યામાં નહોતું આવતું કે આંખોની સામે આ કેવાં દૃશ્ય ભજવાઈ રહ્યા હતા! મારા પોતાના મામા અને લાડકો પુત્ર મારા જ સૈનિકોની સામે અતિકાયાની રક્ષા કરવા લડી રહ્યા હતા. બૂમાબૂમ કરી રહેલા લોકો પણ હવે સૈનિકોની સાથે મારામારી પર ઊતરી આવેલા. ચારેતરફ ભાગદોડ અને ચીસાચીસ હતી.

પછી મેં એ બધાંની વચ્ચે ધસી જતા બાલીને જોયો. સૈનિકો સાથે લડી રહેલા મેઘનાદે બાલી સામે તલવાર ઉગામી. મારો હાથ આપોઆપ મ્યાનમાં ભરાવેલી તલવાર ભણી ગયો. પણ હું કંઈ કરું એ પહેલાં તો નાના બાળકના હાથમાંથી રમકડું લઈ લેતો હોય, એટલી સહેલાઈથી બાલીએ મેઘનાદની તલવાર ખેંચી લીધી અને સાથેસાથે એક જ જોરદાર લાત મારીને રુદ્રકને દૂર ફંગોળી દીધો. પછી એણે મારીચને ઉપાડીને એક તરફ ફેંક્યો. સૈનિકો હવે ગભરાઈને દૂર હટી ગયા. બીજા લોકો પણ લડવાનું છોડીને આ નવું કૌતુક જોઈ રહ્યા.



અંગદના શરીર પર ઢળી પડેલા અતિકાયાને બાલીએ પોતાના સશક્ત બાહુઓમાં ઉપાડી લીધો. મનોમન મેં મારા એ પુત્રને અંતિમ વિદાય આપી દીધી, પણ પછી જે થયું એ કલ્પનાની

બહાર હતું. પોતાના સંતાનને મૃત્યુના દ્વાર સુધી પહોંચાડી દેનારા અતિકાયાને મારવાને બદલે, એને ફૂલની જેમ ઊંચકીને બાલી મારા ભણી આવ્યો. આસપાસ રહ્યાસહ્યા અવાજ પણ હવે સમી ગયેલા. માત્ર મંદોદરી અને તારાના આછાં ડૂસકાં સંભળાતાં હતાં. પછી મારી આંખ પણ ભરાઈ આવી. મારાં અશ્રુ કોઈ જોઈ ન લે એટલે મેં મોઢું ફેરવીને સૈનિકોને કંઈ આદેશ આપવાનો પ્રયાસ કર્યો, પણ કોઈએ મારું સાંભળ્યું નહીં. બધાંની નજર બાલી પર હતી.

બાલી મારો મિત્ર, મહાન યોદ્ધો, જેની તોલે કોઈ આવી ન શકે એવો અજોડ ન્યાયી, આદર્શવાદી શૂરવીર આખાયે વિશ્વમાં મહાનતા માટેનો એકમાત્ર સાચો દાવેદાર ગણાય એવો બાલી! પોતાનો પુત્ર જીવિત હતો કે નહીં, એ જોયા વિના બાલી મારા મૂર્છિત પુત્રને ઉપાડીને મારી પાસે લઈ આવ્યો. છેલ્લી થોડી ક્ષણોમાં એના વિશે મેં જે વિચારેલું, એ કેટલું નીચ, હલકી કક્ષાનું હતું. લજ્જા અને અપરાધભાવથી મારું મસ્તક ઝૂકી ગયું. પછી અસુરોનો શક્તિશાળી રાજા હું રાવણ, મારી જાતને વશમાં ન રાખી શક્યો. હજારો લોકોની સામે હથેળીમાં ચહેરો છુપાવીને હું રડી પડ્યો. બાલી સાથે દૃષ્ટિ મેળવવાને હું લાયક નહોતો રહ્યો.

સદ્ભાગ્યે અંગદ જીવિત હતો. એને રાજવૈદ્ય પાસે લઈ જવાયો. અતિકાયા અને પેલા મૂર્ખ ભદ્રને માટે પણ તાબડતોબ સારવારની વ્યવસ્થા થઈ ગઈ. એ બધાંના શરીરે પડેલા ઘા તો રૂઝાઈ જશે, પણ અમારા હૃદય પર પડેલા ઊંડા ચીરા કેમ કરીને સંધાવાના? એને ક્યારે રૂઝ આવશે? દ્રોહ કરનારા સાથે કદાચ પાછી મિત્રતા થઈ જાય. પરંતુ આવી અસામાન્ય દયા અને ઉદારતાનો માર કોઈ સહી શકે?

ટોળાં વિખેરાઈ ગયાં. લોકોના ઘોંઘાટની વચ્ચે મેં જે શબ્દો સાંભળ્યા એ કારમા ભાવિની એંધાણી આપનારા હતા. અંગદને ઉપાડીને વૈદ્યશાળા ભણી જઈ રહેલા સૈનિકો બાલીની બાજુમાંથી પસાર થયા, ત્યારે એક યુવાન સૂસવતા અવાજે પિતાને સંબોધીને બોલ્યો, 'નબળા, નમાલા, એક દિવસ હું તને જોઈ લઈશ...'


બાલી કંઈ સાંભળ્યું ન હોય એમ ચૂપચાપ દૂર જોતો ઊભો રહ્યો. તારાએ એના પતિની સામે પારાવાર ધિક્કારથી જોયું. હવે મારા મિત્ર બાલીનું શું થશે આ વિચાર મને ભયભીત કરી ગયો.

એ ક્ષણે મને ભય લાગ્યો કે, જે વિશ્વને હું જાણતો હતો એ બદલાઈ ગયેલું. અમારી પેઢીના મૂલ્યો અંગદ જેવા ઘમંડી, સિદ્ધાંતવિહોણા યુવાનોના પગ નીચે કચડાઈ જવાના હતા. આગામી દિવસોમાં આ ધરતી પરથી અમારા જેવા લોકોનું અસ્તિત્વ ભૂંસાઈ જવાનું હતું. અમારા આદર્શોની હવે કોઈ કિંમત નહોતી.

બહુ જલદી હું વૃદ્ધ થઈ રહ્યો હતો. મંદોદરીનો હાથ પકડીને હું ભાંગેલા પગે મારા રથ ભણી ગયો. એ દિવસે એણે મને એકલો રહેવા દીધો. અંધકાર ઓઢીને હું એક તુચ્છ જીવડાની જેમ મારા કોશેટામાં ભરાઈ ગયો. બીજે દિવસે વહેલી સવારે બાલી અને તારાએ એમના ઈર્ષાગ્રસ્ત પુત્ર સાથે વિદાય લીધી. બસ, ત્યાર પછી મેં મારા એ મિત્રને ક્યારેય જોયો નહીં.

o

વીરતાને રાષ્ટ્રના વંદન



ભદ્ર

અંગેઅંગ પાટાપિંડીથી વીંટાયેલા અતિકાયાને એ લોકો ઘેર લાવ્યા ત્યારે પરોઢિયું થવા આવેલું. એમણે અતિકાયાને હળવેથી પથારીમાં સુવાડ્યો અને પછી કંઇ બોલ્યા વિના જતા રહ્યા. અર્ધભાન અવસ્થામાં આછા ઊંહકારા ભરી રહેલા મારા પુત્રને હું જોઈ રહ્યો.

મારા ખોળામાં એ મોટો થયેલો. ત્રણ વર્ષની ઉંમરે એણે પહેલીવાર મને પિતાજી તરીકેનું સંબોધન કર્યું ત્યારે હું હેબતાઈ ગયેલો. ભલે અનૌરસ પણ હતો તો રાજાનો દીકરો! અને હું કોણ?

મેં એને સમજાવ્યો, ધમકાવ્યો, અરે રડીકકળીને આજીજી કરી તોયે એણે મને બાપુ કહીને બોલાવવાની જીદ પકડી રાખી. સાચું પૂછો તો હૃદયના એક ખૂણે હું પણ એના પિતાનું સ્થાન લેવા માટે ઝંખતો હતો. હવે એ મારો પુત્ર હતો. અતિકાયા પર કોઈ રાજામહારાજાનો અધિકાર નહોતો.

એણે મને ટકાવી રાખ્યો. સાથે મળીને અમે ત્રિકોટાનગર અને જંગલોમાં રઝળપાટ કરેલી. ડુંગરા ચઢેલા અને દરિયાના પાણીમાં ધુબાકા મારેલા. મેં એને યુદ્ધકલાના પાઠ ભણાવ્યા. મારી નાની મઢૂલીમાં એ રાજકુંવર હતો, મારું ભવિષ્ય, મારું ગૌરવ હતો.

લોકો જ્યારે એના પર હસતા ત્યારે મને રડવાનું મન થતું. રાજાનો કાયદેસરનો વારસદાર ગણાતો, પોતાને સર્વજ્ઞ માનતો પેલો ઘમંડી મેઘનાદ ચપટી વગાડે, એ જ ઘડીએ અતિકાયા દોડી જતો. સાવકા ભાઈ માટે એને પારાવાર સ્નેહ હતો. આ જોઈને મને રોષ ચઢતો. અનેકવાર મેં એને રાજમહેલમાં જવાની ના પાડેલી, પરંતુ અતિકાયા એટલો ભલોભોળો હતો કે રાજા અને રાજકુમારો એને ગુલામની જેમ રાખતા હતા. એનુંયે એને ભાન નહોતું. રાજા અને રાજકુંવર પ્રત્યેના એના ભક્તિભાવમાં ક્યારેય ઓટ નહોતી આવી.

એવું નહોતું કે એ માત્ર સત્તા અને વૈભવથી અંજાઈ ગયેલો. ગમે તેવા કંગાળ, નિર્બળને પણ એ એટલા જ પ્રેમથી સહાય કરવા દોડી જતો. પણ તમે તો જાણો છો કે દુનિયા કેવી છે! સમાજમાં નીચલી પાયરીના ગણાતા અમારા જેવા લોકોની સારપ ભોટપણામાં ખપી જાય. અતિકાયાને બહારનાં લોકો બુદ્ધિહીન ગણતા હતા.

અલબત્ત બીજાને કહેવું હોય એ કહે, પણ એ સૌમ્ય, સીધાસાદા ચહેરાની પાછળ છુપાયેલા સશક્ત ચારિત્ર્ય, દૃઢ નિશ્ચયબળની ઓળખ મને હતી. ક્યારેક એની ઝલક બહાર દેખાઈ જતી પણ મોટાભાગે તો એ દુનિયા સામે અબુધ, ઓછી અક્કલવાળા યુવાન તરીકે જ રજૂ થતો હતો, અને લુચ્ચા લોકો એનો લાભ લઈ જતાં અચકાતા નહોતા.

મેં એને કેટલીયેવાર સમજાવવાનો પ્રયાસ કર્યો કે, આપણા જેવા લોકોને ઉદારતા, હિંમત, નૈતિકતા, સિદ્ધાંત, આ બધાં સદ્ગુણો રાખવાનું ન પરવડે. એ તો શ્રીમંત, રૂપાળા અને ઉચ્ચવર્ણના ગણાતા મોટા માણસો જ દાખવી શકે અને એથી ફાયદો પણ લઈ શકે. આપણે

તો આ સમાજમાં ટકી રહેવું હોય તો એવા લોકોની સામે ગરીબડા રહેવામાં જ ડહાપણ હતું. મનમાં ભલે ક્રોધનો જ્વાળામુખી ભભૂકતો હોય, પણ સત્તાસ્થાને બેઠેલાની સામે તો દીનભાવે શીશ નમાવીને જ ઊભા રહેવું જોઈએ તો જ એ આપણને સુખેદુઃખે જીવવા દે. પણ મારો ભોળિયો અતિકાયા આ વાસ્તવિકતા સમજવા તૈયાર જ નહોતો.

દિવસ ચઢી ગયેલો અને મારા પેટમાં બિલાડા બોલવા લાગેલા. અતિકાયાને ઊંઘતો મૂકીને હું, જેમતેમ શરીરમાં હતી એટલી શક્તિ ભેગી કરીને ઊભો થયો અને રસોડામાં ગયો, પણ ઠામઠીકરાં ખાલીખમ હતાં. ચારેબાજુ ધૂળ જામી ગયેલી. માલા ક્યાં હતી? રાંધવાનું, ઘર સાફ કરવાનું છોડીને એ ક્યાં જતી રહેલી? ભૂખતરસથી મને હવે ચક્કર આવી રહ્યા હતા. માલાને સાદ પાડવા જતો હતો, ત્યાં મેં ઘરની બહાર ગાડાનાં પૈડાં જેવો અવાજ સાંભળ્યો.

પેટના બળે ઘસડાતો હું રસોડામાંથી પાછો બહાર આવ્યો. અધખુલ્લાં બારણાં પર કોઈએ ટકોરા માર્યા. હું હતો ત્યાં ને ત્યાં જ વાટ જોતો પડ્યો રહ્યો. રત્નજડિત વીંટીઓથી ઝગમગતા હાથે બારણું અંદરની તરફ ધકેલ્યું. બહારથી સૂર્યપ્રકાશ અને પવનની લહેરખી સાથે ધૂળ પણ અંદર આવી. મારા દીકરાએ ઊંહકારો ભર્યો. મેં આંખો ખેંચીને જોયું, રાજકુંવર મેઘનાદ અને મારીચનાં દર્શન થયાં. બે રાજવી અતિથિ મુજ ગરીબના ઝૂંપડે પધાર્યા હતા. મેં ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ ફસડાઈ પડ્યો.

મારીચે આગળ આવીને ટેકો આપીને મને જમીન પરથી ઊભો કર્યો, અને એક ભાંગ્યાતૂટ્યા આસન પર બેસાડ્યો. હું ઊભો થવા ગયો, તો એણે સ્નેહાળ પણ મક્કમ ભાવે ખભા પકડીને પાછો બેસાડી દીધો. હે ભગવાન, આ મોટા માણસોનું આતિથ્ય હું કેવી રીતે કરું? હું મૂંઝાઈ ગયો, પણ પછી તરત મૂંઝવણનું સ્થાન ક્રોધે લીધું. છેવટે આ લોકોએ મારી ગરીબી જોઈ લીધી. તિરાડોવાળી ભીંત અને ફરશ, ફાટેલી ચાદરો, ભાંગી ગયેલા આસન, અમારાં મેલાં વસ્ત્રો, દુર્બળ શરીર... મારી નિષ્ફળતાના ચીંથરા મેં અત્યાર સુધી ઘરની ચાર દીવાલો વચ્ચે સંતાડી રાખેલાં. આજે આ રાજપરિવારના સભ્યોએ આવીને દરવાજા ખોલી નાખ્યા. અમે ઉઘાડા પડી ગયા. મારી દુર્દશા પર હસવા માટે એ પધાર્યા હતા?

'ભદ્ર, તું કેમ છે?' મારીચે પૂછ્યું. હંમેશની જેમ એના અવાજમાં સૌજન્ય અને સહાનુભૂતિ હતાં, પણ મને ગુસ્સો આવી ગયો.

'આભાર તમારો અને તમારા સૈનિકોનો, જેમણે મારીમારીને મારા હાડકાંપાંસળાં એક કરી નાખ્યાં.' મને ચીસ પાડવાની ઇચ્છા થઈ ગઈ, પણ હોઠ ભીડીને હું મૂંગો રહ્યો.

મેઘનાદ અતિકાયાની બાજુમાં જઈને બેસી ગયો. હળવે હાથે એણે અતિકાયાની કાયા પર પડેલા ઘા તપાસ્યા. હૂંફાળા અવાજે એની સાથે વાતચીત માંડી. મારો દીકરો અતિકાયા.... એને તો જાણે સાક્ષાત ભગવાનનાં દર્શન થયાં હોય એમ એ ગદ્ગદ થઈ ગયો. એ ક્ષણે એનામાં મને માલિકને જોઈને પૂંછડી પટપટાવવા લાગેલા ગલૂડિયાની ઝાંકી થઈ.

'ભદ્ર, હું જાણું છું કે અમે તારી સાથે બહુ મોટો અન્યાય કર્યો છે.' મારીચે મારા ખભે હાથ મૂકીને ધીમેથી કહ્યું. એનામાંથી આવતી અત્તર અને દયાની સુગંધ મારાથી સહન ન થઈ. મેં ચહેરો ફેરવી લીધો. રાવણ ક્યારેય ભૂલેચૂકે મને અડી જાય તો. તરત પછી રેશમી કપડાંથી હાથ લૂછી નાખતો. મારીચે આવું કંઈ ન કર્યું. કદાચ ઘરે પાછો ફરીને એ સ્નાન કરી લેશે, મેં કટુતાભેર વિચાર્યું.

'આપણા રાજા માટે મનમાં કોઈ દુર્ભાવ હોય તો તું કાઢી નાખજે.' આવું કહીને સજળ નેત્રે મારીચ મને ભેટી પડ્યો. લાગણીના આ પ્રદર્શનનો મારા પર ખાસ પ્રભાવ ન પડ્યો. કદાચ મને સ્પર્શીને, ડાહીડાહી વાતો કરીને એ પોતાની મહાનતા પુરવાર કરવા માંગતો હતો, ભલે કરતો!

અતિકાયા હવે લાગણીવશ થઈને ડૂસકાં ભરવા માંડેલો. એ હજી દુનિયાદારીને સમજ્યો

નહોતો. આડંબરને સત્ય માનવા જેટલી નિર્દોષતા હજી એનામાં હતી. મેં પણ દંભનો અંચળો ઓઢી લીધો. મારી સામે ઊભેલા લોકો બહુ શક્તિશાળી હતા. એમની કૃપાદૃષ્ટિથી ગળગળા થઈ જવાનું નાટક મેં કર્યું, અને જોવાનું એ કે મારીચે માની પણ લીધું. મને એના પ્રત્યે થોડો દયાભાવ જાગ્યો. રાજાના મંત્રીમંડળને શોભાવતા દુર્જનોમાં જો એક સારો, સાચો માણસ હોય તો એ માત્ર મારીચ હતો.

'તેં રાજ્યની જે સેવા કરી છે એનું મૂલ્ય આંકવું અશક્ય છે, પણ કૃતજ્ઞભાવે રાજાએ આ એક નાનકડી ભેટ મોકલી છે એનો સ્વીકાર કર.' કહીને મારીચે મારા ખોળામાં એક મોટી થેલી મૂકી. અંદરથી સિક્કાનો રણકાર સંભળાયો. પોતાની ફરજ બજાવી લીધી હોવાનો સંતોષ મારીચના ચહેરા પર આવી ગયો. પરંતુ એણે મારી પાસેથી આભારદર્શક શબ્દો સાંભળવાની અપેક્ષા રાખી હોય તો એ નિષ્ફળ ગઈ. મૂંગોમૂંગો હું થેલી તરફ જોઈ રહ્યો.

મેઘનાદ ઊભો થયો અને અતિકાયાએ એને સંબોધીને ઉચ્ચારેલાં વાક્યો મારા કાને પડ્યાં, 'તમે મને તમારે ખાતર એ કરવાનું કહ્યું, પછી હું બીજું બધું ભૂલી ગયો. તમારા માટે તો હું હસતે મુખે મારા પ્રાણ પાથરી દઉં, મહારાજ...' આવું બોલીને એણે મેઘનાદનો હાથ ચૂમી લીધો. મારા કાળજે એક તિરાડ પડી. એક રાજકુમાર માટે આ મૂઢ એનો જીવ આપી દેશે? મોટા માણસોનાં ચરણોમાં પોતાનું આખુંયે જીવન ધરી દેવાની અમારી નિર્બળ પરંપરા જાળવી રાખશે? રાવણ માટે મેં આવું કરેલું અને કદાચ ભવિષ્યમાં પણ કરવું પડશે. મારા પુત્રના ભાગ્યમાં પણ આ જ હતું? હે શિવ, આમાંથી ઊગરવાનો શું કોઈ માર્ગ નથી?

હું ઊભો થયો. આંખે અંધારાં આવી ગયાં, પણ મનમાં ફાટફાટ થઈ રહેલા ક્રોધે મારી નબળી, ઘાયલ કાયામાં નવી શક્તિ ભરી દીધી. 'નીકળી જાવ મારા ઘરમાંથી નાલાયકો!' મેં ત્રાડ પાડી અને સિક્કા ભરેલી થેલીનો ઘરની બહાર ઘા કરી દીધો.

ફાટી ગયેલી થેલીમાંથી સિક્કા બહાર વેરાઈ ગયા. આસપાસ રહેતા-રખડતા ગરીબો, ભિખારીઓ દોડી આવ્યા. પણ નીચે પડેલા સિક્કા ઉપાડવાની કોઈએ હિંમત ન કરી. રાજકુંવર અને મંત્રીની સામે રાડારાડ કરી રહેલા મને એ લોકો રસપૂર્વક નિહાળી રહ્યા. આવું એમણે ક્યારેય જોયું નહોતું અને મને પણ લાગ્યું કે હું સીમા ઓળંગી ગયો છું, પરંતુ હવે પારોઠનાં પગલાં ભરવાનો અર્થ નહોતો. ઘા ભેગો ઘસરકો, એવું વિચારીને મેં હૃદયમાં હતો એ બધો ઉકળાટ બહાર ઠાલવી દીધો.

'તમે માનો છો કે આજે મારા ઝૂંપડામાં આવીને અમારા પર મોટી કૃપા કરી નાખી? અરે, તમે તો મને અને મારા દીકરાને લગભગ મારી જ નાખેલા. જાવ, અમને તમારા આ પાંચપચાસ સિક્કાની ભીખ નથી જોઈતી. આપણો રાજા બહુ દયાળુ છે, એમ?' આટલું કહીને હું નીચે થૂંક્યો અને વધુ તીખા અવાજે આગળ બોલ્યો.

'માણસને કોઈ અસ્પૃશ્ય ગણે ત્યારે કાળજે કેવા ડામ પડે છે એ તમારો રાજા જાણે છે? ખાવા ધાન કે માથે છાપરું ન હોય એવી પીડા એ શું જાણે? હા, કાળા, ગરીબડા અસુરોને એ અસ્પૃશ્ય નથી ગણતો અને નગરમાંથી હાંકીએ નથી કાઢતો. એની એ ઉદારતાનું કારણ હું બરાબર જાણું છું. અમે નહીં હોઈએ તો તમારાં ઘર અને શેરીઓની ગંદકી કોણ સાફ કરશે? તમારી અર્થહીન લડાઈઓમાં કોણ લોહી રેડશે? તમે રાજપરિવારો, શ્રીમંતો, દંભી બનાવટી બ્રાહ્મણો... તમે અમને ગંદા-ગલીચ કહો છો? અમારી કાળી ચામડી અને શરીરમાંથી આવતી ગંધની ફરિયાદ કરો છો... પણ યાદ રાખજો, અમને તમારી જરૂર છે એનાથી હજારગણી ગરજ તમને અમારી છે.'

મારા ગળે ઠંડોગાર ધાતુનો સ્પર્શ થયો અને આગળના શબ્દો અંદર જ રહી ગયા. મારા ગળા પર તલવારની અણી મૂકીને ઊભેલા મેઘનાદ સામે મેં જોયું. ઘડીના છઠ્ઠા ભાગમાં ગુસ્સો ગળી

ગયો અને ભયથી થરથરતો હું જાણે આકાશમાંથી નીચે આવીને પટકાયો. હે ભગવાન, સાનભાન ભૂલીને હું શું શું બોલી ગયેલો? ગળા પરથી લોહીનું ટીપું નીચે પડ્યું. હવે લોહીની ધારા ફૂટી નીકળવાને વાર નહોતી. મેં જે ધૃષ્ટતા કરેલી, એની સજા મૃત્યુ જ હોઈ શકે.

પછી મેં મારીચનો અવાજ સાંભળ્યો, 'મેઘનાદ, જવા દે એને! વધુ પડતી મદિરા ઢીંચીને એણે આ બખાળા કાઢી નાખ્યા.'

મેઘનાદે મારા ગળેથી તલવાર દૂર કરી. એના પર લાગેલું લોહી આંગળીથી લૂંછીને એણે તલવાર મ્યાન કરી દીધી. હું નીચે ઢગલો થઈ ગયો.

'ભદ્ર, અમે હવે જઈએ છીએ. તારી તબિયત સાચવજે. અને હા, આટલો નશો કરવો સારો નહીં. ભવિષ્યમાં મદિરાથી ક્યાંક માથું ગુમાવવાનો વારો ન આવે એનું ધ્યાન રાખજે.' મારીચે સસ્મિત વદને કહ્યું, પણ હવે એની આંખોમાં તિરસ્કાર હતો.

એક તરફ હીબકાં ભરી રહેલા અતિકાયા પાસે જઈને, પાછા એને ભેટીને મેઘનાદે આશ્વાસન આપ્યું અને પછી રથ એમને લઈને ઊપડી ગયો. ટૂંટિયું વાળીને હું નીચે પડ્યો રહ્યો.

થોડીવાર પૂછી મેં ક્યાંકથી લડી-ઝઘડી રહેલા માણસોના અવાજ આવતા સાંભળ્યા. થોડીવાર તો મને કંઈ સમજાયું નહીં, પણ પછી મગજમાં ઝબકારો થયો. અરે, આ લોકો તો મેં ઘરમાંથી બહાર ફેંકેલા સિક્કા માટે બાખડી રહ્યા હતા. મારા સિક્કા!

ઊભા થવાની શક્તિ મારામાં નહોતી પણ જીવડાની જેમ જમીન પર જાતને ઢસડતો હું ઘરની બહાર નીકળ્યો અને ઝૂંટાઝૂંટમાં જોડાઈ ગયો.

મોટાભાગના સિક્કા ઊપડી ગયેલા. કાદવકીચડમાં જે થોડાઘણા પડ્યા હતા, એ વીણવા માટે મારામારી ચાલી રહી હતી. શરીરની બધીયે પીડા વિસારે પાડીને મેં બીજાને મુક્કા, લાત માર્યા સામેથી એમનો પણ માર ખાઈ લીધો, પરંતુ છેવટે મુઠ્ઠીભર સિક્કા ભેગા કરી લીધા. આ મારી મહેનતની કમાણી હતી. બીજાં કેમ કરીને લઈ જાય?


છેવટે મને ગાળો આપતા આપતા, લોકો વિખેરાઈ ગયા. મેં કાદવમાંથી ઊભા થઈને સિક્કા ગણ્યા. પૂરા એકવીસ હતા. કદાચ થેલીમાં એકવીસ હજાર હશે, પણ ઢોળાયેલા દૂધ પર રડવાનું અર્થહીન હતું.

જીવનમાં આની પહેલાં પણ અનેકવાર, મેં મને મળેલી તકને ફેંકી દેવાની મૂર્ખાઈ કરેલી. હું આને જ લાયક હતો, ધૂળથી ખરડાયેલા સિક્કા સામે જોઈને મેં વિચાર્યું અને પછી કપડાં ખંખેરીને જેમતેમ ઊભો થયો.

શેરીના નાકે આવેલું દેશી દારૂનું પીઠું હવે ખૂલી ગયું હશે. મને નશાની જરૂર હતી અને આટલા સિક્કામાં તો મદિરાના ઘડેઘડા મળી જશે. મુઠ્ઠીમાં સિક્કા ખખડાવતો હું લથડતા પગે આગળ ચાલવા માંડ્યો. તનમનને તરબતર કરી નાખે એટલી મદિરા મળી જાય એટલે બસ. માણસને જીવનમાં બીજું શું જોઈએ?

o

પુત્રીનો વિવાહ



રાવણ

જે સમાચાર આવી રહ્યા હતા એ મનને આકુળવ્યાકુળ કરી નાખે એવા હતા. હું એક ચિત્ર દોરવાની મથામણ કરી રહ્યો હતો, પણ એમાં ધ્યાન કેન્દ્રિત કરવું બહુ કઠિન હતું. રંગોની જેમ જ મારા વિચારો પણ વેરણછેરણ થઈ જતા હતા. મોકળા મને વાત કરવી હતી, પણ કોની સાથે કરું? વર્ષોથી મનમાં ભંડારી રાખેલું રહસ્ય કંઈ ગમે તેની સામે થોડું ઉઘાડી પાડી દેવાય?

મારીચને કહું? ના, ના એને આ સંબંધ પ્રત્યે જરા સરખીયે સહાનુભૂતિ નહોતી. કદાચ એ મારો કકળાટ સાંભળવાયે તૈયાર નહીં થાય.

મારું શરીર જ નહીં, મન પણ હવે વૃદ્ધ થઈ ગયું હોય એવું લાગતું હતું. વર્ષો પહેલાં મેં એકવાર એને જોયેલી, ત્યારે તો એ માંડ સોળ-સત્તર વર્ષની હતી. મારીચ સિવાય બીજું કોઈ નહોતું જાણતું કે છોકરીને જોવા માટે મેં કેવું જીવ જોખમમાં નાખવા જેવું કામ કર્યું હતું. મારીચ જાણતો હતો, કારણ કે એ ત્યારે મારી સાથે હતો.

મેઘનાદના દીક્ષાંત સમારોહમાં જે થયું, અતિકાયા સાથે મેં જે રીતનું વર્તન કર્યું એનું દુઃખ કેમેય કરીને મારા મનમાંથી જતું નહોતું. પશ્ચાત્તાપ અને જાત પ્રત્યેનો ધિક્કાર મને જંપવા નહોતો દેતો. સાવ સૂનમૂન થઈને હું મારા શયનખંડમાં પડ્યો રહેતો હતો.

પછી એક દિવસ મારીચે આવીને મને હલબલાવ્યો. કોમળ, મીઠા વચનોથી મને પંપાળવાને બદલે એણે તો નિષ્ઠુર ભાવે મારી ધૂળ કાઢી નાખી. યાદ કરાવ્યું કે આજે હું અતિકાયા માટે રડતો હતો, પણ વર્ષો પહેલાં મારા પ્રથમ સંતાનને મેં કેટલી ક્રૂરતાથી તરછોડી દીધેલું. હું ધૂંઆપૂંઆ થઈ ગયો. મારીચને પછી મેં યાદ દેવડાવ્યું કે એ સમયે જે થયું એની પાછળ મારા અતિ ડાહ્યા મંત્રીમંડળનો હાથ હતો.

'હશે, પણ પછી તેં શું કર્યું?' મારીચના આ પ્રશ્ને મને મૂંગો કરી દીધો. હું પાછો મારા કોચલામાં ભરાઈ ગયો. મંદોદરી સાથે ઝઘડી પડ્યો અને મેઘનાદને પણ મેં મારા કક્ષમાંથી કાઢી મૂક્યો. પછી એ રાતે મેં વેદવતીનું ભૂત જોયું.

એ પહેલાં ભૂતપ્રેત, ભટકતા આત્મા વગેરે મારે મન માત્ર બાળકથાનાં પાત્રો હતાં. અસુરરાજના મહેલમાં કોઈએ ભૂત જોયાનું કહ્યું હોત તો હું એની ડાગળી ચસકી ગઈ હોવાનું કહી દેત. પણ એ રાતે શયનખંડની બારીમાંથી મને એકીટસે તાકી રહેલી વેદવતીને મેં જોઈ અને ભયનો માર્યો હું થીજી ગયો. હાથપગ હલાવવાનું તો છોડો, મોઢામાંથી હું કોઈ અવાજ પણ કાઢી ન શક્યો. એ અદૃશ્ય થઈ ગઈ, પછી પણ લાંબો સમય હું થરથર ધ્રૂજતો પથારીમાં પડ્યો રહ્યો. ભૂતકાળનાં સ્મરણો મને વીંટળાઈ વળ્યાં.

છેવટે મન મક્કમ કરીને હું ઊભો થયો. હવે શું કરવું જોઈએ એ વિશે મારા મનમાં કોઈ અવઢવ નહોતી. પગમાં ચાખડી નાખીને હું સીધો મારીચના શયનકક્ષ ભણી ઊપડ્યો. 'આપણે હમણાં ને હમણાં નીકળીએ. મારે એને જોવી છે.' મારીચને ઊંઘમાંથી ઉઠાડીને મેં કહ્યું.

'કોને?' મારીચે આંખો ચોળતાં પૂછ્યું.

'જલદી તૈયાર થઈ જાવ. મારે એની પાસે જવું છે!'

'કોની પાસે?'

મારીચને એના શયનખંડમાંથી બહાર ખેંચીને હું ઉદ્યાન ભણી લઈ ગયો. 'આજે મેં વેદવતીને જોઈ, મારે હવે મારી પુત્રીને જોવી છે.'

'સાચું બોલ, આજે તેં કેટલી મદિરા પીધેલી?' મારીચ અકળાઈને બોલ્યો. પણ એની ચીડ પ્રત્યે ધ્યાન આપ્યા વિના મેં પૂછ્યું, 'પુષ્પક રાખ્યું છે એ જગ્યાની ચાવી કોની પાસે છે?'

મારીચની આંખો ફાટી રહી. 'રાવણ, તારું મગજ તો ઠેકાણે છે ને! તારે અબઘડી મિથિલામાં જવું છે? દેવ પ્રદેશમાં ઊંડે ઊંડે આવેલા મિથિલા ભણી તારે ઊડવું છે? તારા ગાંડા જેવા સસરાએ બનાવેલા યંત્રને તેં છેલ્લે ક્યારે ઉડાડેલું?'

'ચાવી લઈ આવો અને મયને ઉઠાડો.' પળેપળે મારી અધીરાઈ વધી રહી હતી.

અવાજ સાંભળીને મહેલના સેવકો, ચોકીદારો દોડતા આવ્યા. એ મયને લઈ આવ્યા. એણે બનાવેલા પુષ્પક વિમાનને રાવણ ઉડાડવાનો હતો એ સાંભળીને અર્ધઘેલા વૈજ્ઞાનિકના આનંદનો તો પાર નહોતો. મારીચ ધમધમ કરતો ત્યાંથી નીકળી ગયો.

'ક્યાં જાવ છો?' મેં રોષભેર બૂમ પાડી.

'વસ્ત્રો બદલવા.' એણે બમણા રોષથી જવાબ આપ્યો અને હું હસી પડ્યો. પછી મેં પુષ્પક પર નજર નાખી. મારીચની નારાજગી સાવ પાયાવિહોણી તો નહોતી જ. આ પ્રવાસમાં જીવનું જોખમ હતું. વર્ષોથી મેં આ વિમાન તરીકે ઓળખાતા યંત્રને નહોતું ઉડાડ્યું. મને ઊડવાની ઇચ્છા પણ નહોતી થતી.

વિમાન ઉડાડવું એ માણસનું કામ નહોતું. હોત તો શિવે આપણને જન્મ વખતે જ પાંખો આપી હોત. બે પગ પર ચાલતો માણસ આકાશમાં ઊડવા તૈયાર થાય, એ ઈશ્વરને આવાહન આપવા બરાબર હતું.

આટલાં વર્ષે હવે અચાનક કેમ મને મારી દીકરીને મળવાનું મન થઈ ગયું, એ પણ મોટો પ્રશ્ન હતો.

મિથિલા જનકદુલારી તરીકે ઊછરી રહેલી મારી પુત્રીના હાલચાલ જાણવા માટે મેં વર્ષોથી ગુપ્તચર રાખ્યા હતા. પરંતુ પુત્રોના જન્મ પછી હું એમની સાથે એટલો વ્યસ્ત થઈ ગયો કે હજારો કોસ દૂર વસતી પુત્રીનું સ્મરણ ઝાંખું પડવા લાગ્યું. મિથિલા એટલું દૂર અને મારા સામ્રાજ્યની તુલનાએ એટલું નાનું હતું કે એના વિશે વિચારવાનો તો પ્રશ્ન જ નહોતો ઊભો થતો. ધીમે ધીમે હું એ પણ લગભગ ભૂલી ગયો કે, મારે એક દીકરી હતી, હવે એકાએક એને મળવા માટે હું શત્રુના દેશમાં માત્ર મારીચ સાથે જવા નીકળી પડેલો. આ એક પ્રકારની મૂર્ખતા તો હતી જ, પરંતુ લાગણીઓ મારા વશમાં નહોતી.

મયે હોંશેહોંશે મને પુષ્પકના સંચાલનની વિધિ સમજાવી. ગોકર્ણમાં એણે ભવ્ય મંદિર ઊભું કર્યું એ પહેલાં મેં એને ક્યારેય ગંભીરતાથી નહોતો જોયો. પણ પછી એણે એવા બીજા અનેક બાંધકામો કરીને પોતાની કુશળતા પુરવાર કરી દીધેલી.

પુષ્પકનો દેખાવ પક્ષી જેવો હતો, પણ એક તરફથી એ માછલી જેવું લાગતું હતું. એની પાંખો પક્ષીની જેમ ફફડવાને બદલે તીવ્ર વેગે ગોળગોળ ફરતી હતી. મયનું પ્રવચન ચાલુ હતું ત્યારે મને બીજો વિચાર આવી ગયો. 'મંદોદરીને કહેવું જોઈએ?' હજારો યોજનોનું અંતર વટાવતાં ઓછામાં ઓછા ત્રણ દિવસ નીકળી જવાના હતા. પણ એ શું કહેશે? બહુ અવઢવ પછી મેં મંદોદરી માટે માત્ર એક લિખિત સંદેશ મૂક્યો કે, મહત્ત્વના કામે બહાર જાઉં છું અને એકાદ સપ્તાહમાં પાછો ફરીશ. સાચી વાત છુપાવવાનો અપરાધભાવ મેં અનુભવ્યો. એટલે પછી

હું એને પ્રેમ કરતો હતો, એવી લાગણી વ્યક્ત કરતા થોડા શબ્દો સંદેશમાં ઉમેરી દીધા.

મારીચ આવી પહોંચ્યો. મારાથી એ વધુ શાણો હતો. એટલે એણે મારાં થોડાં વસ્ત્રો, ખાવાપીવાની વસ્તુઓ અને શસ્ત્રો પણ સાથે લીધેલાં. પોટલાં વિમાનની અંદર ફેંકીને એણે તોયે છેલ્લી વાર આશાભેર પૂછી લીધું, 'રાવણ, ખરેખર જવું છે?'

જવાબ આપવાને બદલે હું કૂદકો મારીને વિમાનમાં ચઢી ગયો. માથું હલાવીને મારીચ પણ મારી બાજુમાં ગોઠવાયો. શિવનું નામ લઈને મેં સામેની એક કળ ઊંચી કરી અને પુષ્પકનાં પૈડાં ફરવા લાગ્યાં. પછી બીજી કળ પાડી તો પાંખો ગોળગોળ ફરવા લાગી અને થોડીવારમાં એક આંચકા સાથે વિમાન ધરતીથી અધ્ધર થયું.

મારીચના હાથની મુઠ્ઠીઓ વળી ગયેલી. મારા મનમાં પણ ફફડાટ હતો. વિમાન ઉપર જઈને ઊડવાનું માંડી વાળે, નીચે જઈને પછડાય તો અમે જીવિત નહોતા રહેવાના. ઊંડો શ્વાસ લઈને, છોડીને મેં એ બધાં વિચારોને દૂર ધકેલી દીધા અને વિમાન ઉડાડવા પર ધ્યાન આપ્યું.

નીચે ચંદ્રના પ્રકાશમાં રૂપેરી-શ્યામ લાગતા સમુદ્રમાં લીલોછમ, અશ્રુના એક ટીપાનો આકાર ધરાવતો લંકાબેટ હતો. ધીમેધીમે એ દેખાતો બંધ થઈ ગયો. આકાશમાં હજારો તારા ટમટમી રહ્યા હતા. જાણે ઈશ્વરની અગણિત આંખો અમને નિહાળી રહી હતી. યુવાન વયે સાંભળેલું એક તોફાની ગીત મારા હોઠમાંથી ફૂટી નીકળ્યું. મારીચ પણ એમાં જોડાયો. અમારો ભય ઓગળી ગયો.

બે અસુર, એક લગભગ સાઈઠનો અને બીજો ચાલીસનો, આવા બે જણ ગીતો ગાતા ગાતા ઉત્તરના જંગલી પ્રદેશો પરથી ઊડ્યા. નીચે આખુંયે ભારત પથરાયું હતું. ઊંચાં વૃક્ષોથી ભરેલાં, ધુમ્મસઘેરાં જંગલો પશ્ચિમમાં લગભગ સમુદ્રને અડતાં હતાં. પશ્ચિમમાં સપાટ મેદાનો અને વચ્ચેવચ્ચે નાની ટેકરીઓ હતી. નદીઓ, ઝરણાં, ખેતરો, મંદિરો.... જોતાં ધરાઈએ નહીં એટલું સૌંદર્ય ચારેતરફ હતું.

મારી છાતી ગર્વથી ફૂલી ગઈ. એક સમયના સૂકાભઠ પ્રદેશની આજની આ સમૃદ્ધિ મારા કારણે હતી. આ મારું ભારત હતું. મારું સામ્રાજ્ય, અસુરોની પ્રાચીન ભૂમિ.

મને ખ્યાલ હતો કે, આજ પછીની રાતે અમે મધ્યભારતના વનવગડા અને ભુલભુલામણી જેવા રેતીના વિશાળ ટીંબા પરથી ઊડતા હોઈશું. ત્યાં હજી સુધી કોઈએ રાજ્ય નહોતું સ્થાપ્યું.

મારા સામ્રાજ્ય અને પવિત્ર ગંગા, યમુના, સરસ્વતીના કાંઠે વસેલા, જંગલી, અમાનુષી દેવોની વચ્ચેનો એ ખાલી પ્રદેશ હતો. રહીરહીને હવે મને પસ્તાવો થઈ રહ્યો હતો કે મારા સામ્રાજ્યની સીમા મેં શિવજીની ભૂમિ સુધી કેમ નહોતી વિસ્તારી.

આમ તો હિમાલય પર પણ અસુરોનો હક હતો. દેવાધિદેવ, અસુરોના ઈશ્વર શિવજીની જટામાંથી વહેતી ગંગા પણ અમારી હતી. મેં શું કામ યુદ્ધ કરવાનું, મારું સામ્રાજ્ય વિસ્તરવાનું છોડી દીધેલું? અમારી આખીયે પ્રાચીન ભૂમિ સર કરી લઈને દેવોને સરસ્વતી અને સિંધુથીયે આગળનાં અરણ્યોમાં ધકેલી દીધા હોત તો કેટલું સારું થાત!

એક સમયે મેં આવાં સપનાં જોયેલાં પણ પછી સમયની સાથે એ સપનાં અને મહત્ત્વાકાંક્ષાઓ ઝાંખા પડી ગયાં. મેં અડધું ભારત જીતી લીધેલું. બસ, એનો વિકાસ કરીને હું રાજી હતો, સુખી હતો. કદાચ એ નિર્ણય યોગ્ય પણ હતો.

મારીચ ઝોલે ચઢી ગયેલો. મેં નીચે નજર નાખી. આ પૃથ્વી કેટલી મોટી હતી? એના પર મારું અસ્તિત્વ એક તણખલાથી વિશેષ નહોતું. મારી પહેલાં કેટલાંયે સમ્રાટો આવીને જતા રહ્યા. કાલે હું પણ નહીં હોઉં, પરંતુ આ સૃષ્ટિ રહેશે. હું, મારું સામ્રાજ્ય, મારા જય-પરાજય, આ બધુંયે સમયની સાથે વિસરાઈ જશે. જે નાશવંત હતું એના માટે મારે શું કામ લડવું જોઈએ? સુખ સંતોષથી જીવવા માટે જે ક્ષણો મળી હતી, એ શું કામ રણમેદાનમાં વેડફી

નાખવી?

પૂર્વમાં લાલિમા પ્રસરવા લાગી, પણ પશ્ચિમના આકાશમાં હજી અંધકાર હતો. મારીચ નિંદ્રામાં સળવળ્યો. મેં એના ભણી જોયું. એની વફાદારીની તોલે બીજું કોઈ ન આવી શકે. એના માથા પર સફેદ થઈ રહેલા વાળ, અને ક્યાંક ક્યાંક દેખાવા લાગેલી ટાલ, આ ઉંમરે પણ સશક્ત લાગતા હાથ, આ બધું જોઈને મેં આછી ખિન્નતા અનુભવી. અમારા બધાંનું જીવન ઝપાટાભેર વહી રહ્યું હતું. એક દિવસ મારીચ જતો રહેશે અને હું એકલો પડી જઈશ.

મારીચ પરથી મારું ધ્યાન મારી પુત્રી તરફ વળ્યું. અત્યારે એ શું કરતી હશે? દેખાવે કોના જેવી લાગતી હશે, કદાચ એની માતા જેવી? પછી વેદવતીની છબી મારી આંખની સામે તરવરી ઊઠી. ગુમાવીને મેળવેલા સામ્રાજ્યનું કંઈ મહત્ત્વ હતું?

પણ પછી બુદ્ધિએ જવાબ આપ્યો હા. મંદોદરી આદર્શ જીવનસંગિની હતી. વેદવતી વધુ પડતી સ્વતંત્ર, ઉછાંછળી હતી. એ કઈ રીતે આદર્શ પત્ની કે રાણીની ભૂમિકા ભજવી શકત? મારી પુત્રીની પ્રકૃતિ કેવી હશે? આમ તો ગુપ્તચરોએ મોકલેલા અહેવાલો મેં ઘણાં સમયથી ધ્યાનપૂર્વક નહોતા વાંચ્યા. પણ હવે આછુંઆછું યાદ આવવા લાગેલું કે મિથિલામાં એના વિવાહની તૈયારીઓ થઈ રહી હતી.

આ ઉત્તરભારતીયોના રીતિ-રિવાજો પણ ભારે વિચિત્ર હતા. કન્યા પરણવાલાયક થાય ત્યારે એનો પિતા જાહેર સ્પર્ધાનું આયોજન કરે અને એમાં વિજેતા થનારને પોતાનો જમાઈ બનાવે. આ તે કંઈ રીત કહેવાય? પત્ની એ કોઈ સ્પર્ધામાં જીતવાની વસ્તુ નહોતી.

મેં એવુંયે સાંભળેલું કે દેવોમાં પત્નીને ગુલામ તરીકે વેચવાનો, ગીરવે મૂકવાનો કે જુગારમાં દાવ પર મૂકી દેવાનોયે છોછ નહોતો. આ સત્ય હોય તો ભયાનક હતું. પણ અર્ધસભ્ય, ભટકતી જાતિ પાસેથી તમે બીજી શું અપેક્ષા રાખી શકો? દેવસમાજમાં સ્ત્રી ફક્ત હારવા-જીતવાની, વેચવા-ખરીદવાની વસ્તુ હતી.

અહીં જોકે, કદાચ મારો પૂર્વગ્રહ બોલતો હતો. અમારી સંસ્કૃતિ દેવોથી સાવ જુદી હતી. પણ એક વાત હું દૃઢપણે માનતો હતો કે, માત્ર એ જ સમાજને સભ્ય તરીકે ઓળખાવાનો અધિકાર હતો, જેમાં સ્ત્રીઓ અને સમાજના સહુથી નીચલા ગણાતા વર્ગ સાથે પણ સારો વ્યવહાર થતો હોય. દેવોની વર્ણવ્યવસ્થા જડ હતી. એમાં સાવ તળિયે રહેલા લોકોની દુર્દશા અસુરો માટે અકલ્પ્ય હતી.

જોકે અસુર સમાજની પોતાની સમસ્યાઓ ઓછી નહોતી. અસુર પુરુષોને ભૌતિક સુખસગવડોનું વળગણ હતું. અસુર સ્ત્રીઓ આક્રમક હતી અને અનૈતિક તો નહોતી, પણ પોતાને નીતિ-અનીતિના નિયમોથી પર સમજતી હતી. જોકે એનું કારણ કદાચ એ હશે કે અમારે ત્યાં છોકરા-છોકરીનો ઉછેર સમાન રીતે થતો હતો. દેવો જેવી જડ વર્ણવ્યવસ્થા અમારે ત્યાં નહોતી. સામાજિક ઊંચ-નીચના ભેદ જરૂર હતા, પણ એને જન્મ કે ત્વચાના રંગ સાથે કોઈ સંબંધ નહોતો. અસુરોમાં દૃઢ નિશ્ચયબળ અને પરિશ્રમના જોરે કોઈપણ વ્યક્તિ સત્તાસ્થાને પહોંચવાને સમર્થ હતી. આનું સહુથી મોટું ઉદાહરણ હું પોતે હતો.

મિથિલામાં મારી પુત્રીનો હાથ મેળવવા માટે દેવોમાં સ્પર્ધા શરૂ થાય, એની પહેલાં મારે ત્યાં પહોંચી જવું હતું. ક્ષણેક્ષણે મારી અસ્વસ્થતા વધી રહી હતી. કયો અસંસ્કારી, જડસુ દેવ મારી દીકરીનો પતિ બનશે? કેટલી હદે એનું જીવન બદલાઈ જશે? મારી પુત્રીનો જીવનમાર્ગ સરળ નહીં હોય, એવા ભાવિના એંધાણ મને કેમ વર્તાવા લાગેલા?

સમજી ન શકાય એવી હતાશાની લાગણી મને ઘેરી વળી. વેદવતીએ વેરેલું અટ્ટહાસ્ય ફરી એકવાર મારા કાનમાં પડઘા પાડી ગયું. એણે આપેલો શાપ હું ભૂલ્યો નહોતો. મારી પુત્રી એક દિવસ આખીયે અસુર જાતિના વિનાશનું નિમિત્ત બનશે, એવી પેલા જ્યોતિષીની વાણી સાચી

પડશે?


માથું હલાવીને મેં આ બધા વિચારોને ખંખેરવાનો પ્રયાસ કર્યો. અમે નર્મદાની નજીક પહોંચ્યા હતા. હજી એક દિવસનો પ્રવાસ કરવાનો બાકી હતો, એ વિચાર મને થકવી ગયો. લંકાથી નીકળ્યા ત્યારે આકાશમાં ઊડવાનો જે ઉત્સાહ હતો એ હવે ઊતરી ગયેલો. નીચે દેખાતી ભૂમિ સૂકીભઠ હતી. આંખ ઠરે એવું કશુંયે નજરે નહોતું પડતું. મને ઝોકાં આવવાં લાગેલાં.

એક તબક્કે મને માર્ગ સહેજ બદલીને કિષ્કિંધા જવાનું, બાલી સાથે મારી મૈત્રી તાજી કરવાનું મન થઈ ગયું. પણ મારો અહમ્ આડે આવ્યો.

તુંગભદ્રા નદીને કિનારે વિમાન ઉતારીને અમે થોડીવાર વિશ્રામ કર્યો. હવે હું મારી પુત્રીના સ્વયંવરમાં પહોંચી જવા અધીરો થયો હતો.

o

સમય આવી ગયો



રાવણ

વહેલી સવારે અમે મિથિલામાં ઉતરાણ કર્યું. શહેરથી દૂર જ્યાં કોઈની આવનજાવન નહોતી, એવી ઝાડીઝાંખરાવાળી જગ્યાએ પુષ્પક ઊભું રાખીને એને અમે ઝાડપાનથી ઢાંકી દીધું. પછી દેવો જેવાં વસ્ત્રો ધારણ કરીને રાજમહેલની દિશામાં પ્રયાણ કર્યું.

લોકોનાં ટોળેટોળાં એ જ તરફ જઈ રહ્યાં હતાં. જાતજાતની વસ્તુઓ વેચતા ફેરિયા, છૂટી રખડતી ગાયો, જ્યાં જુઓ ત્યાં આડે આવતાં હતાં. સાંકડી, વાંકીચૂંકી શેરીઓમાં કાદવ હતો, કારણ કે અહીં ગંદું પાણી દૂર લઈ જવા માટેની કોઈ વ્યવસ્થા નહોતી. પર્જન્યવાહિની જેવો શબ્દ કદાચ અહીં કોઈએ સાંભળ્યો નહીં હોય.

નગરના મોટાભાગનાં મકાન જૂનાં હતાં. રાજાનો મહેલ, લંકાના મધ્યમવર્ગીય ખેડૂતના નિવાસસ્થાન જેવો હતો. આસપાસ ખાસ કંઈ જોવા જેવું નહોતું, પરંતુ મેં એવી અપેક્ષા પણ નહોતી રાખી. અચરજ એ વાતનું હતું કે મિથિલાની ગણના ઉત્તરના વિકસિત, સમૃદ્ધ શહેરોમાં થતી હતી.

મોટાભાગના લોકો ભૂખરા વાળ અને ફિક્કી ગોરી ત્વચા ધરાવતા હતા. મહેલની નજીક પહોંચ્યા બાદ મેં કાળી ચામડીવાળાં સ્ત્રી-પુરુષો પણ જોયાં. એ લોકો કદાચ બીજે રસ્તે અહીં આવ્યાં હશે. પણ જે રીતે ગોરા અને સારા વસ્ત્રાલંકારો ધારણ કરેલા લોકો એમનાથી દૂર રહેતા હતા, એ જોઈને મેં ધારી લીધેલું કે પેલાં બાપડાં અસ્પૃશ્ય હતાં. આ કેવા પ્રકારની સંસ્કૃતિ હતી? મારા શાસનમાં આવું ક્યારેય બને?

જનક વિદ્વાન, જ્ઞાની રાજા હતો એની ના નહીં, પરંતુ એ પણ પૂર્વગ્રહોથી મુક્ત નહોતો. એની સરખામણીએ હું વધુ સારો શાસક હતો. માત્ર મેં જ ન્યાયી અને સમૃદ્ધ સમાજની રચના અને જાળવણી કરી હતી. તિરસ્કાર અને ગૌરવના મિશ્ર ભાવ સાથે હું સભાગૃહમાં દાખલ થયો.

ત્યાં વચ્ચોવચ વિચિત્ર આકાર ધરાવતું ધનુષ્ય મુકાયું હતું. 'આટલું ભારેખમ ધનુષ્ય કોઈ કામમાં ન આવે.' મેં વિચાર્યું. એક ઊંચા મંચ પર મહત્ત્વના લાગતા લોકો બેઠા હતા. લાકડાના સિંહાસન પર મારી ઉંમરનો પુરુષ ગરિમાસભર બેઠો હતો.

એની ઉપરના ઝરૂખામાં ચહેરાને ઢાંકીને સ્ત્રીઓ બેઠી હતી. મારી પુત્રી પણ એમાં હશે? મેં આંખો ખેંચીખેંચીને જોયું. સ્ત્રીઓને ઘૂમટાની આડમાં રાખવાની દેવપ્રથાને મેં મનોમન પુષ્કળ ગાળો આપી.

રાજા જનક ઊભા થયા. વિશાળ સભાકક્ષમાં છેક પાછળ સુધી પહોંચે એવા પ્રભાવશાળી અવાજે એમણે કહ્યું, 'સમર્થ રાજવીઓ અને રાજકુમારો, આજે મારી અતિપ્રિય પુત્રી સીતાના સ્વયંવરનો શુભ દિવસ છે. તમારામાંથી જે સહુથી શક્તિશાળી, શૌર્યવાન અને કુશળ હશે એ જ મારી સર્વાંગસુંદર કન્યાને લઈ જશે.' આટલું કહીને રાજા અટક્યા. મેં આસપાસ જોયું. સાંઠીકડા જેવા, ફાંદાળા, દરેક પ્રકારના લોકોના ચહેરા પર મેં આતુરતા જોઈ.

જનકે કહ્યું, 'સ્પર્ધાના નિયમો સરળ છે. અહીં મૂકેલા ધનુષ્યને ઊંચકીને સંધાન કરવાનું છે. મહાનુભાવો, આ કામ જોકે સહેલું નથી. ચંબક નામનું આ ધનુષ્ય એક સમયે ભગવાન શિવના હાથમાં શોભતું હતું. હવે એને ઉપાડીને સાધનારો મારી પુત્રીનો પતિ બનશે.'

મેં માંડમાંડ હસવાનું રોક્યું. શિવનું ધનુષ્ય? હા...હા... કદાચ અસુરોના રાજાધિરાજ, દેવાધિદેવ શિવનું ધનુષ ઉપાડવાની બાલિશ કલ્પના કરીને આ દેવો રાજી થતા હતા. બાકી, એમના હાથમાં વળી શિવધનુષ્ય ક્યાંથી હોય?

'મહાનુભાવો, આ છે મારી કન્યા.' જનકના શબ્દો સાંભળીને મારું હાસ્ય રોકાઈ ગયું. ચારેતરફ અપેક્ષાભર્યું મૌન પથરાઈ ગયું. એક તરફ ઘંટડીઓના રણકાર સાથે બારણાં ખૂલ્યાં અને એમાંથી એક ઊંચી, અલંકારોથી લદાયેલી સ્ત્રી દાખલ થઈ. એની પાછળ સેવિકાઓની કતાર હતી.

સેંકડો પુરુષોની સામે આવીને એ ઊભી રહી. એના ચહેરા પર આવરણ હતું, પણ અનેક ભૂખાળવી આંખો એની સુંદર કાયા પર ફરી વળી. સ્પર્ધામાં જીતનારને આ ઇનામ મળવાનું હતું. મારો હાથ મારીચના કાંડા પર ભીંસાયો.

એક સેવિકાએ આગળ આવીને સીતાના ચહેરા પરથી આવરણ દૂર કર્યું. કેટલી સુંદર, તેજસ્વી લાગતી હતી મારી પુત્રી! મારી છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો.

સીતા એની મા જેવી જ લાગતી હતી, પણ એની ત્વચા શ્યામ હતી અને વાળ લાંબા, કાળાભમ્મર હતા. એ મારી જ પુત્રી હતી,

અસુર રાજકુંવરી.

સીતાએ હળવેથી માથું ઊંચું કરીને ચારેતરફ નજર કરી. એની આંખો બીજે ક્યાંય વધુ સમય અટકી નહીં, પણ મારા પર આવીને સ્થિર થઈ ગઈ.

હું ડરી ગયો. મારા હૃદયમાં નાનો એક ખટકો લાગ્યો. એ ભય હતો કે અપરાધભાવ? મારી દૃષ્ટિ ઝૂકી ગઈ. પછી ઊંચું જોયું ત્યારે સીતા થોડે દૂર બેઠેલા, લગભગ અઢાર વર્ષના યુવાન સામે ટીકીટીકીને જોઈ રહી હતી.

દેખાવમાં એ યુવાન ક્યાંયનો રાજકુમાર નહોતો લાગતો. સાદાં, સામાન્ય વસ્ત્રો, માથે ગાંઠ મારીને બાંધેલા કેશ અને ખભે લટકતું ધનુષ્ય... પરંતુ ઊંચો, સુદૃઢ બાંધો ધરાવતા એ યુવાનમાં એવું કોઈ તત્ત્વ હતું, જે જોનારની આંખો ખેંચી રાખે. એની વયના યુવાનોમાં દુર્લભ ગણાય એવી શાંતિ અને સ્વસ્થતા એના ચહેરા પર હતી. એણે સીતા સાથે આંખો મેળવી અને સીતાના ગાલ રતૂમડા થઈ ગયા. દૃષ્ટિ નીચે કરીને એ આગળ વધી ગઈ.

એ શ્યામવર્ણા યુવાનને હું ધ્યાનપૂર્વક તાકી રહ્યો. એક વિચિત્ર પ્રકારની ઈર્ષા અને તિરસ્કારનો ભાવ મારી રગેરગમાં ફરી વળ્યો. એણે મારી સામે જોઈને સ્મિત વેર્યું. મને જાણે ડંખ વાગ્યો. મારું મન કહેતું હતું કે આ માણસ બહુ જોખમી હતો. એ જ મારી પુત્રીને જીતી જશે, એ વાતમાં કોઈ શંકાને સ્થાન નહોતું. મને મારા માટે, મારી દીકરી માટે ચિંતા થવા લાગી. મન થઈ ગયું કે દોડીને મારી દીકરીને બધાંથી બચાવી લઉં, એને લંકા લઈ જાઉં, પણ કોઈ લાચારીએ મારા પગમાં બેડી નાખી દીધી. નિઃસહાયભાવે હું ઊભો રહ્યો. કોઈ ચમત્કારને પરિણામે મારી પુત્રી બચી જાય એવી પ્રાર્થના મનોમન કરતો રહ્યો.

યુવાનની સાથે લાંબી ફરફરતી શ્વેત દાઢીવાળો બ્રાહ્મણ હતો. બાજુમાં અત્યંત કડવી મુખમુદ્રા ધરાવતો બીજો એક યુવાન ઊભો હતો. એણે મારી સામે એટલા ભયાનક ધિક્કારથી જોયું કે હું હેબતાઈ ગયો. હુંયે એક દિવસ એના જેવડો હતો, પણ મારાથી વયમાં મોટા લોકો સામે મેં ક્યારેય આટલા ઘમંડ અને તુચ્છતાના ભાવ સાથે નહોતું જોયું.

સ્પર્ધાનો પ્રારંભ થયો. એક પછી એક સ્પર્ધક આવ્યા અને ધનુષ્ય ઊંચકવામાં નિષ્ફળતા

પામીને પાછા ગયા. આનું કારણ મને થોડીવાર પછી સમજાયું. ધનુષ્યના બંને છેડાનું વજન એકસરખું નહોતું. આ મુદ્દો ધ્યાનમાં રાખીને પછી જ એને ઊંચકવાનો પ્રયાસ કરવો જોઈએ.

સભાકક્ષમાં હવે બધા મૂંગા થઈ ગયેલા, પણ મેં રાહત અનુભવી. હવે અહીંનો કોઈ જંગલી મારી પુત્રીનો પતિ નહીં બની શકે. મારી ઓળખ છતી કરવાનો સમય આવી ગયેલો. મારી પુત્રીને લંકા લઈ જઈને એક અસુર રાજકન્યાને શોભે એવી રીતે હું એને રાખીશ. પછી એ પોતાને ગમતો પતિ શોધી કાઢશે. અને નહીં તો હું એના માટે યોગ્ય મુરતિયો લઈ આવીશ. મંદોદરી સામે મારી ભૂલની કબૂલાત કરીને હું એની ક્ષમાયાચના કરીશ. યુવાનીમાં કરેલાં બધાંયે ખોટાં-ખરાબ કૃત્યોનો પશ્ચાત્તાપ હવે મારે કરવાનો હતો. હું મારી જગ્યાએથી આગળ વધ્યો.

બધાં મને જોઈ રહ્યા. થોડે આગળ જઈને મને મારી ભૂલ સમજાઈ. લોકો મને સ્પર્ધાનો ઉમેદવાર માની બેઠેલા. જનકે પહેલાં તો મારી સામે આશાભરી નજરે જોયું, પણ પછી એની ભ્રૂકુટિ તણાઈ. સીતા માટે વયમાં હું વધુ પડતો મોટો હતો એવું એને લાગ્યું હશે. એ વખતે મારી વય માંડ છેંતાલીસ વર્ષ હતી, પણ જે સમાજમાં છ-સાત વર્ષની કન્યાને પરણાવી દેવાનું ચલણ હોય, ત્યાં સ્વાભાવિક રીતે જ હું વૃદ્ધ ગણાઉં. કુતૂહલ મને ધનુષ્ય સુધી ખેંચી ગયું. પાસે જઈને મેં એના પર આંગળી ફેરવી. કોઈ અણઘડ કારીગરે બનાવેલા આ ધનુષ્યનું સંધાન કરવું અશક્ય હતું. કોઈ એને ઊંચકી પણ લે, તો તરત એના બે ટુકડા થઈ જવાના હતા. આવું ઢંગધડા વિનાનું શસ્ત્ર શિવે ક્યારેય ન વાપર્યું હોય. કોઈ શિખાઉ છોકરડાએ બનાવેલું આ કામઠું હતું. શું એને કેન્દ્રમાં રાખીને જનકે મારી પુત્રીનું ભવિષ્ય દાવમાં મૂકી દીધેલું?

'મહોદય, તમારે પ્રયાસ કરવો હોય તો....' રાજાના કોઈ મંત્રીએ ધીરજ ગુમાવીને મોટે સાદે કહ્યું. મેં એની સામે જોયું. ધનુષ ઉપાડી લઉં તો શું થાય? આ લોકો મને મારી પુત્રી સાથે પરણાવી દે?

પણ હું કઈ બોલું એ પહેલાં તો પેલા શ્યામવર્ણ, ઊંચા, સોહામણા યુવાને આગળ આવીને રાજા સામે માથું નમાવ્યું. સીતાની આંખોમાં એને જોઈને ચમક આવી ગઈ. પ્રેમ તો દૂરની વાત હતી, પણ એને આ યુવાન ગમી ગયેલો એ દેખીતું હતું. મનેય ઘડીભર થયું કે ભલે એ જીતી જતો.

પણ પછી તરત પેલી ભયની લાગણી મને ઘેરી વળી. સીતા આ માણસ સાથે ક્યારેય સુખી નહીં થાય. મેં જાતને આશ્વાસન આપ્યું કે યુવાન ધારો કે ધનુષ્ય ઉપાડી લે તોયે સંધાતા પહેલાં એ તૂટી જવાનું હતું, અને તો તો સ્પર્ધા રદ થઈ ગણાય. સીતા બચી જાય, ભલે થોડા સમય માટે.

'મહારાજ, મારું નામ રામ છે. હું અયોધ્યાનો રાજકુમાર, રાજા દશરથનો જ્યેષ્ઠ પુત્ર છું.' યુવાને જાહેર કર્યું.

અયોધ્યા? ક્યાંક આ નામ સાંભળ્યું હોવાનો આભાસ મને થયો. કદાચ ઉત્તરના સપાટ, ધૂળિયા પ્રદેશોમાં ઊભેલા અગણિત, નાનાંનાનાં રજવાડાંમાંનું એકાદ નાનું નગર હતું.

પણ પછી તરત મારા મગજમાં ઝબકારો થયો. અયોધ્યા... રાજા અનારણ્ય... હે ભગવાન, સરયુના કાંઠે વસેલો એ કંગાળ અને મિથિલાથીયે અડધો વિસ્તાર ધરાવતો પ્રદેશ! પણ એના છેલ્લા રાજાને તો મેં મારી નાખેલો, તો આ વળી કયો નવો રાજવી ફૂટી નીકળ્યો? દેવપ્રદેશોમાં રાજા-રજવાડાં તો ઠેરઠેર જંગલી ઘાસની જેમ ઊગી નીકળતાં હતાં!

હું બે ડગલાં પાછળ હટ્યો. રામે ધનુષ્ય પાસે જઈને, સીધું ઊંચકી લેવાનો પ્રયાસ કરવાને બદલે એની ફરતે બે આંટા માર્યા. ધ્યાનપૂર્વક જોયું. મને એના માટે માન ઊપજ્યું. છોકરો બુદ્ધિશાળી અને સૂઝબૂઝવાળો હતો. એણે આંગળીઓથી ધનુષ્યનું માપ લીધું અને પછી

આંખના પલકારામાં ઉપાડી લીધું. મને પરસેવો વળી ગયો. સીતાના હાથ પ્રાર્થનાની મુદ્રામાં જોડાઈ ગયા હતા. હવે શું? રામ ધનુષ્યનું સંધાન કરી શકશે? પણ શસ્ત્રોનું મારું જ્ઞાન અને અનુભવ કહેતા હતા કે આ શક્ય નહોતું.

પરંતુ રામે ધનુષ્ય પર દોરી સાંધવાનું શરૂ કર્યું. હું એને જોઈ રહ્યો. આ અતિ સમર્થ યોદ્ધો હતો, મારા મેઘનાદ જેવો! મેં સીતા સામે જોયું. એ જ ક્ષણે એક નાનો અવાજ સંભળાયો.

મારું મન નાચી ઊઠ્યું. જોયા વિના જ હું સમજી ગયો કે ધનુષ્યમાં તિરાડ પડી ગયેલી. લોકોને હજી કંઈ સમજાય એ પહેલાં તો ધનુષ્ય ભાંગી ગયું.

બધાંયે સ્તબ્ધ થઈ ગયાં. રામના ચહેરા પર મૂંઝવણ હતી. સીતાને હવે મારી સાથે લંકા આવતાં કોઈ રોકી નહીં શકે. મેં મારીચ સામે જોયું પણ એણે ખિન્ન ભાવે માથું ધુણાવ્યું. હું ગૂંચવાઈ ગયો.

પછીની ક્ષણે, વાતાવરણની શાંતિ ખળભળાવી નાખતા હર્ષોલ્લાસના નાદ ચારેબાજુથી ઊઠવા માંડ્યા. આઘાત પામીને હું જોતો રહ્યો, અને મારી પુત્રીએ જઈને અયોધ્યાના રાજકુંવરના ગળામાં વરમાળા આરોપી દીધી. રામ અને સીતા હવે પતિ-પત્ની હતાં. મારી આંખમાં અશ્રુ ઉભરાઈ આવ્યાં. આ માણસ સીતાને લાયક નહોતો, પણ પછી મેં મારી પુત્રીની આંખોમાં રામ માટે છલકતો પારાવાર પ્રેમ જોયો. એને આ જ પતિ જોઈતો હતો. એના સુખની આડે આવવાનો મને કોઈ અધિકાર નહોતો.

ભાવિની બધીયે શંકા-કુશંકાઓને મેં મનમાંથી બહાર ધકેલી દેવાનો પ્રયત્ન કર્યો અને દીકરીના સુખી ભવિષ્ય માટે પ્રાર્થના કરી. આશા કરી કે મારો ભય ખોટો પડે, આ યુવાન મારી પુત્રીને પ્રેમ અને સમ્માનભર્યું જીવન આપે.

જોકે આજ પછી એમના પર ધ્યાન રાખવું જરૂરી હતું. સીતા મારી પુત્રી હતી. પૃથ્વીના સહુથી શક્તિશાળી રાજવીનું પ્રથમ સંતાન હતી. અયોધ્યાના યુવરાજે એને જરા પણ દુઃખી કર્યાનું સાંભળવા મળ્યું, કે તરત હું સીતાને મારી પાસે લઈ આવીશ. સંસારનાં દરેક દુઃખ સામે હું એનું રક્ષણ કરીશ.

મિથિલામાં હવે મારે અડધી ક્ષણ પણ નહોતું રોકાવું. અહીંની ધરતી, એના પર વસતા માણસો, એમના ચિત્ર-વિચિત્ર રિવાજો, આ બધું હવે અસહ્ય લાગી રહ્યું હતું. 'મેં શું કામ ફોગટનો આ ફેરો કરેલો.' એવો વિચાર પણ પુષ્પક સુધી પહોંચતામાં મને આવી ગયો.

મને હવે ઝટ દઈને લંકા પહોંચી જવાની તાલાવેલી લાગેલી. મારી પત્ની, મારા પુત્રો, મારા લોકો, મારું બધુંયે લંકામાં હતું. પાછળ ક્યાંક અટવાઈ પડેલો મારીચ થોડીવારમાં આવી પહોંચ્યો અને અમે વધુ સમય બગાડ્યા વિના પુષ્પકમાં સવાર થઈ ગયા.

'મારીચ, આપણા ગુપ્તચરોને કહી દેજે કે અયોધ્યા પર હવે ચાંપતી નજર રાખવાની છે.' મેં વિમાનની કળ પાડતાં કહ્યું. મારીચ હતાશભાવે માથું ધુણાવીને બોલ્યો, 'આપણે બહુ મોડા પડ્યા. એને ઘેર લઈ આવવા માટે આટલી વાટ જોવાની જરૂર નહોતી.' મને પણ આવું જ લાગતું હતું, પણ હવે એ ચર્ચા નિરર્થક હતી.

બે દિવસમાં અમે લંકા પહોંચી ગયા. મંદોદરી પાસે જઈને મેં બધીયે કબૂલાત કરી દીધી. વેદવતી સાથેનો મારો સંબંધ, મારી દીકરી સાથે બનેલી ઘટનાઓ, હવે મારા મનમાં એના ભાવિ વિશે પ્રવેશી ગયેલો ભય....

સાંભળીને મંદોદરી બહુ રડી, પણ અંતે એણે મને ક્ષમા આપી દીધી. કદાચ એ પહેલાંથી બધું જાણતી હતી. જે હોય તે, પણ મારા અપરાધોના સ્વીકાર પછી અમે એકમેકની વધુ નજીક આવ્યાં. મંદોદરી હવે મને નવા આદરભાવ સાથે જોતી હતી. એણે નિખાલસભાવે કહી દીધું કે, એ પણ સીતાને પાછી મેળવવા ઝંખતી હતી. પરંતુ પરિણીત પુત્રીના ઘરસંસારમાં ભંગ

પાડવાનું યોગ્ય નહોતું. મંદોદરીએ જ મને વાસ્તવિકતા સ્વીકારી લેવાની શિખામણ આપી. વર્ષો પછી મને શાંતિથી સૂવાનું સુખ સાંપડ્યું.

પછીના દિવસોમાં સીતા વિશેના સમાચાર મને નિયમિત મળતા રહ્યા. એ બધાં કંઈ બહુ સારા નહોતા. સાવકી માતાને પિતાએ આપેલા વચનનું પાલન કરવા રામે ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો, એ સાંભળીને મને રોષ ચઢેલો. અયોધ્યાના લોકો ઇચ્છતા હતા કે રામ જ એમના રાજા બને. પરંતુ એણે પ્રજાની લાગણી અવગણીને, પત્નીના ગુલામ જેવા પિતાની આજ્ઞા માથે ચઢાવી. ખોખલો અહમ્ અને દુનિયાની સામે પોતાને મહાન, બધાંથી ચઢિયાતા દેખાડવાની એની ઇચ્છા મારી સમજની બહાર હતાં.

દશરથ પણ કેવો રાજા, કેવો પિતા હતો, જે આવું વચન આપી બેસે? આ તો રાજધર્મની વિરુદ્ધ હતું. ધારી લો કે દશરથે ભૂલ કરી, પરંતુ સામે યુવરાજ તરીકે રામની ફરજ તો હતી ને કે એ પિતાએ કરેલા અન્યાય સામે બળવો પોકારે. દશરથને ગાદી પરથી ઊથલાવી નાખીને એણે રાજા બની જવું જોઈતું હતું. એને બદલે રામે તો રાજપાટ, સાવકા ભાઈને સોંપીને વનવગડાનો રસ્તો પકડી લીધો. નાનો ભાઈ એની સાથે ગયો અને મારી ફૂલ જેવી દીકરીએ એમની સાથે ઢસડાવું પડ્યું.

મેં મારા સૈનિકોને આદેશ આપી દીધો કે એ ત્રિપુટી, જ્યાં પણ હોય ત્યાં એમનું રક્ષણ કરવું અને રજેરજ માહિતી મારા સુધી પહોંચાડવી.

પછીના દિવસોમાં મેં સાંભળ્યું કે, રામ આખા ભારતમાં ફરી રહ્યા હતા. મારા ગુપ્તચરોએ ઘણીવાર સીતાને એકલી-અટૂલી, આંસુ સારતી પણ જોઈ. મને સહુથી વધુ ચિંતા લક્ષ્મણ તરફથી હતી. મારી નજરમાં એ સાવ અસંસ્કારી, નિર્દય માણસ હતો. મારી પુત્રીને એ કંઈક કરી નાખશે, આવો ભય મને સતત કનડતો હતો.


પરંતુ સમયની સાથે આ ભય ઓગળી ગયો. લાગતું હતું કે લક્ષ્મણને એનાં ભાઈ-ભાભી માટે અનન્ય ભક્તિભાવ હતો.

બીજી તરફ લંકાની સમૃદ્ધિ ઉત્તરોત્તર વધી રહી હતી. સામાજિક નિયમોમાં મેં અનેક સુધારા કરાવ્યા. આમ તો બધે સુખ-શાંતિ હતી, પણ સીતાના વિચાર મારા મનમાંથી ખસવાનું નામ નહોતા લેતા.

પછી એક દિવસ શૂર્પણખા દોડતી મારા દરબારમાં આવી. સમય પાકી ગયો હતો.

o

અસુર રાજકન્યાનું પુનરાગમન



ભદ્ર

હું હવે લગભગ પચાસ વરસનો થવા આવ્યો છું. માથે ટાલ તો ક્યારનીયે પડી ગયેલી. હવે શરીરની સાથેસાથે માનસિક સ્થિતિ પણ નબળી પડવા લાગેલી. જીવન એકસરખી મંથર ગતિએ પસાર થઈ રહ્યું હતું.

રોજ સવારે ઊઠવાનું, થોડુંઘણું રોજિંદું કામ કરવાનું, જમવાનું, સુંદર સ્ત્રીઓની કલ્પના કરવાની, મદિરા ઢીંચવાની, આખીયે સૃષ્ટિ સામે બળાપો ઠાલવવાનો, યુવાનીમાં કરેલાં પરાક્રમોની સાચી કે કાલ્પનિક વાર્તાઓ કહીને, સામેવાળાને કંટાળો આપવાનો, ઘેર જઈ સૂઈ જવાનું. આ જ ચક્ર પાછું બીજી સવારે શરૂ થાય.

રાવણની ક્રાંતિ કે કથિત સુધારાએ અમને કંઈ નહોતું આપ્યું. હા, પહેલાં કરતાં પરિસ્થિતિ સહેજ સુધરેલી. પરંતુ એ ટકાવી રાખવા માટે શું કરવું જોઈએ એ પણ ઝડપથી શીખી જવું પડેલું.

સમાજમાં બે વર્ગ હતા. એક શ્રીમંત, કુલીન, વિશેષાધિકાર ભોગવતો વર્ગ. એની નીચે અમારા જેવાનું સ્થાન હતું. અલબત્ત, અમારામાંયે ભાગ્ય, પરિશ્રમ અને એનાથીયે વધુ હાજીહા કરનારા ખુશામતખોરીના જોરે મુઠ્ઠીભર લોકો પેલા ઉચ્ચવર્ગમાં પહોંચી ગયેલા. સૈન્યના મારા જૂના સાથીદારોમાંથી જોકે મોટાભાગના હજી મારા જેવી કારમી ગરીબીમાં જ સબડતા હતા.

અમને સહુથી વધુ અકળામણ એ વાતે હતી કે છેલ્લાં થોડાં વર્ષોથી બ્રાહ્મણોની વગ પાછી વધવા લાગેલી. અસુરોએ કરેલા લોહિયાળ પણ નિષ્ફળ બળવા પછી થોડો સમય દક્ષિણ તરફ બ્રાહ્મણોના આગમનમાં ઓટ આવી હતી. એ સમયગાળામાં એમના ધર્મને અનુસરવાની ઘેલછા પણ અમારે ત્યાં ઘટી ગયેલી.

પરંતુ આ શાંતિ ઝાઝો સમય ટકી નહીં. બ્રાહ્મણો પાછા લંકામાં આવતા થઈ ગયા અને એમાં રાવણનો વાંક ઓછો નહોતો. પોતે કેટલો મહાન, ઉદાર શાસક હતો એ સાબિત કરવા માટે એણે લઘુમતીને, એટલે કે બ્રાહ્મણોને પંપાળવાનું શરૂ કરી દીધેલું.

અગત્સ્ય નામના ઋષિની સાથે આવેલા બ્રાહ્મણોના એક જૂથે અસુરરાજ્યમાં આશ્રયની યાચના કરી. પ્રહસ્તે બહુ વિરોધ કર્યો, પ્રજા પણ નારાજ થઈ, પરંતુ રાવણે પોતાનું ધાર્યું કર્યું. પેલા લોકોને આશરો આપ્યો.

થોડાં વરસ વાંધો ન આવ્યો. અગત્સ્ય અને એના બ્રાહ્મણો નગરની બહાર રહેતા હતા અને અમને નહોતા નડતા પણ પછી એમણે પોત પ્રકાશ્યું. રોજેરોજ રાવણ પાસે જઈને અમારા રાજ્યમાં એમનાં ગામો કે રહેણાંક સંકુલો બનાવવા માટેની અરજી આપી આવે. એમને વળી વિભીષણનો સાથ મળેલો. રાવણે છેવટે હા પાડી દીધી અને દક્ષિણ ભારતમાં, પૂર્વ અને પશ્ચિમ કિનારે બ્રાહ્મણોનાં ગામ વસવા લાગ્યાં. એમણે લંકાબેટને પણ નહોતો છોડ્યો.

નાના પાયે આનો આરંભ થયેલો. પરંતુ જોતજોતામાં ગોરી ત્વચા ધરાવતા બ્રાહ્મણોએ

સામ્રાજ્યના મોટા, મહત્ત્વનાં શહેરોમાં પોતાનાં થાણાં જમાવી દીધાં. અમે અસુરો હજી કંઈ સમજીકારવીએ ત્યાં તો પ્રશાસનમાં લગભગ બધે ઉચ્ચ હોદ્દા પર એ લોકો ગોઠવાઈ ગયેલા. અમે હાંસિયામાં ધકેલાઈ ગયા.

રાવણ માનતો હતો કે, વિશ્વમાં આદર્શ રાજા તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે એણે ધર્મનિરપેક્ષ બનવું જોઈએ. દરેક ધર્મ અને સંપ્રદાયને સમાન ગણવા જોઈએ. જે સિદ્ધાંતો માટે અમારા જેવા અસુરો લડેલા એ વિસારે પડી ગયા. રાષ્ટ્રની સંપત્તિ પર લઘુમતીનો અધિકાર પણ અમારા જેટલો જ હતો, એવું જાહેર કરનારા રાવણને અમારા અધિકારની જાણે ચિંતા જ નહોતી.

લોકો ધૂંધવાતા હતા. આદર્શ અસુર સામ્રાજ્યની સ્થાપના માટે અમે જે લોહી રેડેલું, એની સામે આ મળ્યું? શું બહુમતીના હક અને ધાર્મિક લાગણીઓનું કોઈ મૂલ્ય નહોતું?

ગાય-બળદનું માંસ અમારા માટે રોજિંદો ખોરાક હતો, પણ બ્રાહ્મણોને કારણે એના પર પ્રતિબંધ આવી ગયો. એ લોકો અમારા મંદિરમાં આવીને અમારાં દેવી-દેવતાઓની મજાક કરી શકે, દાનપેટીમાં જો વધુ નાણું દેખાય તો એ મંદિર પણ કબજે કરી લે. ધીમે-ધીમે અમારા જ મંદિરોમાં અમારા પ્રવેશ પર પ્રતિબંધ આવી ગયો, કારણ કે એમની નજરે અમે અશુદ્ધ હતા. સત્તાસ્થાને બેઠેલાઓમાં લઘુમતીને રાજી રાખવા માટે જાણે ગાંડપણ પ્રસરી ગયેલું. અસુરો ધર્મપરિવર્તન કરીને દેવ બનવા લાગેલા, પરંતુ પોતાનું અસુરપણું જાળવવા મથી રહેલા મારા જેવા લોકો હજી હતા.

મેઘનાદના દિક્ષાંત સમારોહમાં જે થયું, એ પછી મને ક્યારેય રાજમહેલમાં પગ મૂકવાની ઇચ્છા નહોતી થઈ. પગલૂછણિયાની જેમ વપરાઈને હું થાકી ગયેલો. મારે ફરીથી દુકાન શરૂ કરવી હતી, પણ એના માટે જગ્યા ક્યાંથી લાવવી? જૂના વડલાના સ્થાને તો હવે પહોળા માર્ગ અને બાગ-બગીચા આવી ગયેલા. ત્રિકોટાનો વિકાસ ચારે દિશામાં થઈ રહ્યો હતો અને અમે દૂર ને દૂર ધકેલાઈ રહ્યા હતા.

લોકો કહેતા હતા કે અમારું નગર હવે મુઝુરીસથીયે વધુ સુંદર બની ગયેલું, પણ એ બધી વાતોથી અમને કોઈ ફેર નહોતો પડતો. અમારા નસીબમાં તો કાળી મજૂરી અને અવહેલના જ લખાઈ હતી. મોટા માણસો સવારે ઊંઘમાંથી જાગીને ઘરની બહાર નીકળે, ત્યાં સુધીમાં તો અમે એમના રસ્તા, બગીચા સાફ કરીને, પાણી ભરીને, ગંદકી ઉપાડીને નગરની બહાર જતા રહેતા.

આમ ને આમ ચૌદ વર્ષ વીતી ગયાં. મારી પત્ની સાથે શહેરથી દૂર દક્ષિણમાં અમે નાનું ઘર બનાવ્યું હતું. ઝાડીઝાંખરાં સાફ કરીને મેં ત્યાં ખેતી કરવાનું વિચાર્યું, પણ એના માટે બિયારણ જોઈએ અને એટલી મૂડી તો અમારી પાસે નહોતી. ઊજળા ભવિષ્યની આશા બાંધીને અમે એક શાહુકાર પાસેથી મોટા વ્યાજે કરજ લીધું. પણ છેવટે માથા પર કરજના ભારણ સિવાય અમારી પાસે બીજું કંઇ બચ્યું નહીં.

ઉપલા વર્ગના લોકો વધુ ને વધુ શ્રીમંત થઈ રહ્યા હતા. એમનો ભપકો જોઈ બહારના લોકો માનતા હતા કે રાવણના શાસનમાં અસુર સામ્રાજ્યની ઉન્નતિ થયેલી. બહુમતી પ્રજા માટે બે ટંક ખાવાનાં ફાંફાં હતાં અને ખેડૂતો હતાશાના માર્યા આત્મહત્યા કરવા લાગેલા એ કોઈને નહોતું દેખાતું. અમારા જેવા લોકો મદિરા પીને એવું આશ્વાસન લેતા હતા કે, ચાલો, બહારની દુનિયામાં આપણા દેશનું નામ તો ઊજળું થયું અને રાવણના નામનો જયજયકાર કરતા હતા.

એ દિવસ પણ આમ તો બીજા દિવસ જેવો જ હતો. ફરક કહો તો એટલો કે સાંજ પડતા સુધીમાં જ મેં સુરાના નશામાં અડધુંપડધું ભાન ગુમાવી દીધેલું. ઘેર જવાનું મન નહોતું થતું. આસપાસ બેઠેલા મારા જેવા લોકો રાજકુમારી શૂર્પણખા વિશે જાતજાતની કૂથલી કરી રહ્યા

હતા. ક્યાંકથી વળી એવી વાત આવેલી કે જંગલમાં ભટકતા કોઈ નાગ, વાનર કે દેવજાતિના લોકોએ શૂર્પણખા પર બળાત્કાર કરીને એના સ્તન અને નાક કાપી નાખેલાં. બહેનના થયેલા આ ભયાનક અપમાનનું વેર વાળવા માટે રાવણ યુદ્ધે ચઢવાનો હતો.

સાચી-ખોટી વાતોનાં વડાં તળાઈ રહ્યાં હતાં, ત્યાં અમે આકાશમાંથી કાન ફાટી જાય એવી ઘરરાટી સાંભળી. દારૂના પીઠામાંથી બધા બહાર દોડ્યા. રસ્તે ચાલતા લોકો પણ મોઢાં વકાસીને ઊંચે જોઈ રહ્યા હતા. પેલા મયને પાછી કોઈ નવી ધૂન ચઢી કે શું?


પણ પછી વિમાન સહેજ નીચું આવ્યું અને એમાં બેઠેલો રાવણ દેખાયો, પરંતુ સુરાનો મારો કેફ ઊતરી ગયો. એનું કારણ બીજું હતું. પુષ્પક વિમાનમાં રાવણની સાથે શરીર સંકોરીને નીચું જોઈને રડી રહેલી એક સ્ત્રી પણ હતી.

સમી સાંજે રાતા થઈ ગયેલા સૂર્યના પ્રકાશમાં મને એ સ્ત્રીનો ચહેરો સ્પષ્ટ દેખાયો. એને વર્ષો પહેલાં ક્યાંક જોઈ હતી. મંદોદરી એની યુવાનીમાં આવી જ લાગતી હતી. માત્ર આ સ્ત્રી રાણીની તુલનાએ થોડી શ્યામવર્ણી હતી.

રાવણને હવે વળી કયું નવું તોફાન સૂઝેલું? પગથી માથા સુધી કોઈ અકળ ભયની ધ્રુજારી મારા શરીરમાં ફરી વળી. મારું મન કહેતું હતું કે, કોઈ આપત્તિ આવી રહી હતી. બહુ મોટી આપત્તિ!

o

મારીચ, તને અંતિમ વિદાય



રાવણ

મારીચનું મૃત્યુ થયેલું. ના, ના બહુ ક્રૂરતાભેર એની હત્યા થયેલી અને એ પાપ મારે શિરે હતું.

કોઈપણ ડાહ્યા માણસે કહી દીધું હોત કે, મેં જે સાહસ હાથ ધરેલું એમાં સફળતા મળવાની શક્યતા લગભગ શૂન્ય હતી. મારીચે મને સમજાવવાનો બહુ પ્રયાસ કરેલો, પણ હું જીદે ચઢેલો. અંતે પરિણામ શું આવ્યું? રામની પાસેથી હું સીતાને લઈ આવ્યો, પણ એનું મૂલ્ય મારીચે પોતાનો પ્રાણ આપીને ચૂકવવું પડ્યું.

વાતની શરૂઆત એ ઘડીએ થઈ, જ્યારે શૂર્પણખા રડતી-કકળતી, લોહીનીતરતા શરીરે મારા દરબારમાં દોડી આવેલી. પહેલાં તો એ શું બોલતી હતી એ સમજવાનું પણ કઠીન હતું, પરંતુ સમજાયું ત્યારે મામા સહિત આખો દરબાર આઘાતથી સ્તબ્ધ થઈ ગયો. બે કોડીનું મૂલ્ય ધરાવતા કોઈ જંગલી માણસોએ રાવણની બહેન પર હાથ ઉગામ્યો?

શૂર્પણખા આમેય સુંદર કહેવાય એવી તો હતી જ નહીં, પણ ત્રીસી વટાવી ગયેલી મારી એ નાની બહેન, કપાયેલાં નાક-કાનને કારણે તો હવે એટલી ભયાનક લાગતી હતી કે જોનારને આંખો મીંચી દેવાનું મન થઈ જાય. શૂર્પણખાનું કહ્યું માનો તો, જે બન્યું એમાં એનો તો હવે કોઈ વાંક જ નહોતો. જંગલમાં બે પુરુષની સાથે ભટકી રહેલી એક સુંદર સ્ત્રીને એણે એટલું જ પૂછેલું કે, તું મારા ભાઈ અસુરરાજની રાણી બનીશ? શૂર્પણખાના કહેવાનુસાર આ સાંભળતાની સાથે પેલા બે જણામાં નાના લાગતા યુવાને એના પર ત્રાટકીને, એની આવી દુર્દશા કરી નાખી.

શૂર્પણખાને મેં આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો ત્યારે મને નકામો, નમાલો કહીને રોકકળ કરતી એ દરબારમાંથી જતી રહી. મારી બહેન સાથે આવી ઘાતકી વર્તણૂક કરનાર પર મને ક્રોધ આવે એ સ્વાભાવિક હતું, પરંતુ બીજી તરફ શૂર્પણખાનાં અપલક્ષણ પણ મારાથી સાવ અજાણ્યાં નહોતાં.

દેવપ્રદેશની ઉત્તરમાં મારા બે દૂરના પિતરાઈ ભાઈ થતા ખર અને દૂષણનાં નાનાં રાજ્ય હતાં. એમને હું ભાઈને બદલે ખંડિયા રાજા તરીકે જ જોતો હતો. શૂર્પણખા એમની સાથે રહેવા ગઈ, ત્યારે મેં કોઈ વિરોધ ન કર્યો પણ દૂરથી એના પર નજર રાખતો હતો.

એના જીવનમાં સતત આવતા-જતા પુરુષોને જોઈને પહેલાં તો મને રમૂજ થયેલી. અસુર સમાજમાં આ કોઈ અપરાધ નહોતો, પરંતુ પછી મને ઘૃણા થવા લાગી. સમય બદલાઈ રહ્યો હતો. દેવોના અમુક નીતિ-નિયમો મારા પર પણ અસર કરી ગયેલા. મને લાગતું હતું કે અત્યારે શૂર્પણખાની જે દશા થયેલી, એમાં કદાચ એનોયે વાંક હશે. એણે જે ત્રણ વનવાસીની વાત કરેલી, એ કદાચ રામ-સીતા-લક્ષ્મણ હતાં. સીતા મારી પુત્રી હતી, એવી જાણ શૂર્પણખાને હોત તો કદાચ એણે જુદી કથા સંભળાવી હોત.

પરંતુ હવે મને બીજી ચિંતા કનડવા લાગી. કોઈ સ્ત્રી સાથે આવી નિર્દય વર્તણૂક કરી

શકનારા પુરુષોની સાથે શું મારી પુત્રી સુરક્ષિત હતી? સભા બરખાસ્ત કરીને હું મારા અંગત કક્ષમાં જતો રહ્યો. લાંબો સમય મનોમંથન કર્યા બાદ મેં મંદોદરીને ત્યાં બોલાવીને એને મારા નિર્ણયની જાણ કરી. એના ગળે વાત ઉતારવાનું સહેલું નહોતું, પણ મેં એને સમજાવી કે પ્રશ્ન હવે આપણી પુત્રીની સુરક્ષાનો હતો.

છેવટે મંદોદરી માની ખરી, પણ એણે રામ-લક્ષ્મણ સાથે ખુલ્લેઆમ યુદ્ધ કરીને સીતાને લઈ આવવાનું સૂચન કર્યું. મને હસવું આવી ગયું. બે મામૂલી ભાઈઓ સામે મારા જેવો મોટો રાજા લડવા જાય? મને બીજો રસ્તો સૂઝ્યો હતો.

જોકે મંદોદરી કરતાં મારીચને સમજાવવાનું વધુ કઠિન પુરવાર થયું. એણે મને બાલિશ કહીને, લાગણીવેડામાં તણાઈ નહીં જવાની શિખામણ આપી. હું ઊકળી ઊઠ્યો. મારીચની આંખોમાં આવી ગયેલી ખિન્નતા અને પીડા અવગણીને હું મારી દલીલોને વળગી રહ્યો અને કહી દીધું કે, હું એકલો જ જઈશ. અંતે, મને-કમને પણ હંમેશની જેમ મારીચ મારી સાથે આવવા તૈયાર થયો, અને અમે પુષ્પકમાં સવાર થઈને સીતાની શોધમાં ઊપડ્યા.

'રામ-લક્ષ્મણને મારીને તું સીતાને બધીયે સાચેસાચી વાત કરી દે.' મારીચે સૂચન કર્યું, પણ મેં તરત નકારી કાઢ્યું. મારી પુત્રી સંપૂર્ણપણે રામને સમર્પિત હતી. એને દુઃખ પહોંચે એવું કોઈ કામ મારે નહોતું કરવું. અરે રામ-સીતાની જોડી પણ મારે ક્યાં કાયમ માટે ભાંગી નાખવી'તી?

મેં વિચારી લીધેલું કે રામનો સ્વૈચ્છિક વનવાસ પૂરો થાય ત્યાં સુધી સીતાને લંકામાં રાખવી. રામ એના નાનાસરખા રાજ્યની ગાદી ગ્રહણ કરે, પછી ભલેને રાણી બનીને સીતા અયોધ્યા જતી રહે! જોકે, મનના એક ઊંડે ખૂણે મને એવી આશા હતી કે, સીતા એકવાર લંકા આવીને અહીંની સુખ-સમૃદ્ધિ, વૈભવ જોઈ લેશે પછી એને અયોધ્યા જવાની ઇચ્છા નહીં થાય. એ એના પતિને પણ અહીં રહી જવા માટે સમજાવી લેશે. એવું નહોતું કે અચાનક મને રામ પ્રત્યે વહાલ ઉભરાઈ આવેલું. પણ મારી પુત્રીને ખાતર હું એને સ્વીકારવા તૈયાર હતો. અરે, મારા સામ્રાજ્યનો એક હિસ્સો પણ એને આપી દેવામાં મને વાંધો નહોતો.

પરંતુ આરંભથી જ મારી ગણતરીઓ અને અપેક્ષાઓ ઊંધી પડવા લાગી.

વનમાં જે સ્થળે રામે એના ભાઈ અને સીતા સાથે પડાવ નાખેલો, ત્યાં અમે પહોંચ્યા ત્યારે વહેલી સવારનો સમય હતો. બીજો કોઈ પ્રસંગ હોત તો હું મારી બધીયે ચિંતા, મૂંઝવણો એક કોરે મૂકીને ચિત્રો દોરવા બેસી ગયો હોત એટલું સુંદર વાતાવરણ ત્યાં હતું. ઊંચાં વૃક્ષો પર ધુમ્મસનું આછું આવરણ, કોમળ સૂર્યપ્રકાશમાં ઝગમગતાં હરિયાળાં ઘાસ અને પુષ્પો, ખળખળ વહેતું ઝરણું, એના કાંઠે સહેજ ઊંચાણ પર ઊભેલી નાની મઢૂલી.

કુદરતે સર્જેલું આ ચિત્ર નિષ્પ્રાણ નહોતું. આસપાસ ઊડી રહેલાં હજારો રંગબેરંગી પતંગિયાં, કલશોર મચાવી રહેતાં પક્ષીઓ, આમતેમ દોડી રહેલાં હરણાં અને બીજાં નાનાંમોટાં પ્રાણીઓથી વાતાવરણ જીવંત હતું. ઝરણાં પાસે એક મોટા પથ્થર પર કુદરતના સહુથી સુંદર સર્જન જેવી મારી પુત્રી સીતા બેઠી હતી. ખુલ્લી આંખે સોહામણું સ્વપ્ન જોઈ રહી હોય એવા ભાવ એના ચહેરા પર હતા.

મારીચે મારા ખભા પર સ્પર્શ કરીને મને તંદ્રામાંથી જગાડ્યો અને પછી મને ભાન થયું કે હું શત્રુના વિસ્તારમાં હતો. ભૂલેચૂકેય જો રામનો ભેટો થઈ ગયો તો ન છૂટકે મારે એને મારવો પડશે. મારા ગુપ્તચરોએ મને ખોટા અહેવાલ આપેલા. કદાચ એ લોકોએ માની લીધેલું કે સીતા રામની સાથે સુખી નથી એવું જ મારે સાંભળવું હતું. પરંતુ અહીં તો સીતા એના પતિ સાથે આનંદમાં લાગતી હતી.

દૂરથી મેં બે જણને આવતા જોયા. પહેલી નજરે તો કોઈ પારધી લાગ્યા, પણ બીજી જ ક્ષણે મને ખ્યાલ આવ્યો કે એ રામ-લક્ષ્મણ હતા. છેક ચૌદ વર્ષ પહેલાં મેં એમને જોયેલા. હવે એ

ઉંમરમાં મોટા અને રંગે વધુ શ્યામ લાગતા હતા. કોઈ દેવ રાજકુંવર આટલો કાળો કેવી રીતે હોઈ શકે? હુંયે એનાથી ગોરો હતો. જોકે રામના ચહેરા પર મેં જોયેલું તેજ હજુ સાવ ઝાંખું નહોતું પડ્યું.

'હું રામને આપણી કુંવરીથી ક્યાંક દૂર લઈ જાઉં છું. તું લક્ષ્મણને સંભાળી લેજે.' મારા કાનમાં આછો ગણગણાટ કરીને મારીચ જોતજોતામાં વૃક્ષોની વચ્ચે અદૃશ્ય થઈ ગયો. પછી ક્યારેય મેં એને જોયો નહીં. મારીચે મારા જીવનમાંથી અંતિમ વિદાય લઈ લીધી.

એવું નહોતું કે હું સાવ મૂર્ખ હતો. મારીચ તો મારાથીયે વધુ ઠરેલ અને અનુભવી હતો. તેમ છતાં અમે એ દિવસે અવિચારી પગલું ભરી બેઠા. કદાચ ભાગ્યમાં એ થવાનું લખાયું હશે. એક પછી એક ભૂલો થતી જ રહી.

મારીચના ગયા બાદ લગભગ બે કલાક સુધી હું રાહ જોતો બેસી રહ્યો. મારી ધીરજનો અંત આવવાની તૈયારી હતી, ત્યાં મેં ઝરણાંને બીજે પાર, વૃક્ષોની વચ્ચે કોઈ ઝબકાર જોયો. અરે, એ તો સોનેરી મૃગ હતું. આટલે દૂરથી માત્ર એનાં વાંકાં શીંગડાં અને ઝગમગતી ત્વચા દેખાતા હતા, પરંતુ એટલુંયે જોનારને મોહિત કરી દે એવું હતું. હળવો પણ મધુરો અવાજ કરીને હરણ ઝાડી-ઝાંખરામાં જતું રહ્યું.

ખડક પર બેઠેલી ત્રિપુટીનું ધ્યાન પણ ત્યાં ગયું. સીતાના મોઢામાંથી અચરજ અને અહોભાવનો ઉદ્ગાર સરી પડ્યો. લક્ષ્મણે ભાથામાંથી બાણ કાઢીને નિશાન સાધ્યું. થોડી જ વારમાં હરણ જ્યાં પહેલાં ઊભેલું, એ વૃક્ષના થડમાં જઈને બાણ ખૂંપી ગયું. મેં લક્ષ્મણ ભણી પ્રશંસાની દૃષ્ટિ નાખી. છોકરો અસંસ્કારી હશે, પણ કુશળ ધનુર્ધારી હતો. શસ્ત્રવિદ્યાની સારી તાલીમ એને મળી હતી.

જોકે પછી મને હસવું આવ્યું. મને ખ્યાલ આવી ગયેલો કે વૃક્ષોની વચ્ચે કોઈ પ્રાણી નહીં, મારીચ દોડાદોડી કરી રહ્યો હતો. મારાથી છૂટા પડ્યા બાદ એણે કોઈ હરણને મારીને એની ચામડી ઓઢી લીધેલી, અને હવે પેલા લોકોને લોભાવી રહ્યો હતો.

અહીં સુધી એની યોજના સફળ નીવડેલી. સીતાને મેં એના પતિ અને દિયર સાથે જીદ કરતી જોઈ. થોડા ખચકાટ પછી રામે હરણની દિશામાં પ્રયાણ કર્યું. જતાં-જતાં એ લક્ષ્મણને સીતાનું ધ્યાન રાખવાની ભલામણ કરતો ગયો.

હું જ્યાં સંતાયો હતો ત્યાંથી એક જ બાણ છોડીને, લક્ષ્મણનો જીવ લઈ લેવાનું સહેલું હતું, પણ છુપાઈને વાર કરવામાં કાયરતા હતી. હું અસુર હતો. સામે ગમે તેવો શત્રુ હોય, પણ હું આદર્શ અને સિદ્ધાંતને વળગી રહેવામાં માનતો હતો.

જોકે ત્યારે મને ખબર હોત કે રામ અને એનો ભાઈ કેટલી નીચી હદે ઊતરવાને સક્ષમ હતા, તો કદાચ મેં એમને ત્યાં અને ત્યારે જ પતાવી નાખ્યા હોત.

હું બુદ્ધિહીન હતો. હાથમાં આવેલી તક મેં જવા દીધી. પરિણામે આજે હું રક્તભીની રણભૂમિ પર મૃત્યુની રાહ જોતો પડ્યો છું. મારાથી ઊતરતી કક્ષાના લોકોએ છળકપટનો આશ્રય લઈને મને પરાજિત કર્યો. કદાચ મેં ખોટા પ્રકારના ગુરુઓ પાસેથી શિક્ષણ લીધું હતું. ન્યાય, નીતિમત્તા અને પ્રામાણિકતાના જીવંત ઉદાહરણ જેવા બાલી તથા સત્ય, વચનપાલન માટે રાજપાટ છોડી દેનાર મહાબલિ મારા આરાધ્ય દેવ હતા અને મારો અંત પણ એમના જેવો જ આવ્યો.

એ દિવસે પેલા બે રાજકુમારને મેં વધુ વિચાર્યા વિના મારી નાખ્યા હોત તો, કદાચ ભવિષ્યમાં હજારો નર-નારીઓ લોહીના આંસુ સારવામાંથી ઊગરી જાત. એ બાપડા તો એવી શ્રદ્ધા રાખીને બેઠેલા કે, દુષ્ટ તત્ત્વો સામે હું એમની રક્ષા કરીશ.

જોકે આજે પરાજિત થઈને, મારાં સંતાનોની ચિતા પ્રગટાવીને જીવનભર જેના માટે ઝઝૂમ્યો

હતો, એ બધુંયે ગુમાવી દઈને હું અહીં પડ્યો છું. ત્યારે એવુંયે લાગે છે કે સમયનું ચક્ર પાછું ફરે, એ બે ભાઈઓને ચોરીછૂપીથી મારી નાખવાની તક પાછી મળે તોયે મારા હાથ નહીં ઊપડે. હું કાયર નહોતો અને આજેય નથી. માથું ગર્વથી ઊંચું રાખીને હું મૃત્યુને ભેટીશ. એ લોકો પ્રત્યે મને માત્ર સંતાપ અને દયાનો ભાવ ઊપજે છે, જેમણે ઈશ્વરનું પદ પ્રાપ્ત કરવા માટે આવો કનિષ્ઠ માર્ગ અપનાવ્યો. 'રામ, તમે જે કર્યું એ યોગ્ય હતું? તમે જે રક્તની છોળો ઉડાડી એની ગંધ વર્ષો સુધી તમને અને આ દેશને હેરાન કરશે. અન્યાયી, સિદ્ધાંતવિહોણા દાવપેચથી મેળવેલું ઈશ્વરપદ ભલે તમે રાખો, પણ હું મારું પૌરુષત્વ અખંડ રાખીને એક વીરની જેમ મૃત્યુને આવકારીશ.'

એ દિવસે લક્ષ્મણને મારવો કે નહીં એની અવઢવમાં હું હતો, ત્યાં દૂરથી જંગલમાંથી એક તીણી, હૃદયવેધક ચીસ સંભળાઈ. મારીચનો અવાજ ઓળખીને હું હૃદયના બેચાર ધબકાર ચૂકી ગયો. પછી મેં જાતને ધરપત આપી કે આ પણ કદાચ એની વ્યૂહરચનાનો ભાગ હશે. સીતાનું આક્રંદ અને લક્ષ્મણનો ઊંચો થયેલો અવાજ મારા કાને પડ્યો. પછી થોડી જ વારમાં મેં લક્ષ્મણને અવાજની દિશામાં જતાં જોયો. હું ગૂંચવાયો. મારીચનો જીવ જોખમમાં હોય તો મારે એની સહાય માટે લક્ષ્મણની પાછળ દોડવું જોઈએ? પણ પછી મેં વિચાર્યું કે મારીચ કુશળ અને અનુભવી યોદ્ધો હતો. ગમે તેવી કઠિન પરિસ્થિતિમાંથી એ પોતાને ઉગારી લેશે.

પછી ઝડપભેર મેં મારા અલંકારો ઉતારીને, એની પોટલીવાળીને કેડે બાંધી દીધી. શિવભક્ત હોવાને કારણે મારા કપાળે ભસ્મનું તિલક તો પહેલેથી હતું. વૃક્ષોની આડશમાંથી નીકળ્યો ત્યારે મારો દેખાવ ભિક્ષા માંગવા નીકળેલા કોઈ સાધુબાવા જેવો હતો.

સીતાની દૃષ્ટિ મારા પર પડી. એને નજીકથી જોતાંની સાથે મારી છાતીમાં ડૂમો બાઝી ગયો. સીતા... સીતા, મારી પુત્રી...! મારા પગ જમીન સાથે જડાઈ ગયા. ચહેરો ફેરવી લઈને મેં આંખો મીંચી દીધી. મેં શું કામ એનો ત્યાગ કરેલો? જનકને સત્યની જાણ કરી દીધી હોત તો કદાચ આજે આ વખત આવત જ નહીં. મારી પુત્રીને એ મારા હાથમાં સોંપી દેત. રાવણની પુત્રી, અસુરોની રાજકુંવરીએ આમ વનવગડામાં ભટકવું ન પડત. મારી બધીએ સિદ્ધિ, સત્તા, રાજપાટ હું એનાં ચરણોમાં ધરી દેત. પણ મેં ભૂલ કરી અને આજે એ પેલા દેવકુમારની સાથે ભિક્ષુકની જેમ રહેતી હતી. એવા માણસો સાથે જેમણે મારી બહેનની અવદશા કરેલી. ખરેખર તો સીતાનું સ્થાન લંકામાં હોવું જોઈતું હતું.



પણ એ લંકા આવવાની ના પાડી દે તો? સીતાને એના પતિ પ્રત્યે માત્ર પ્રેમ નહીં, ઊંડો ભક્તિભાવ હતો. રામને ખાતર એ મને હડધૂત કરી દે એવી આશંકા મારા મનમાં હતી. મને વેદવતીના શબ્દો યાદ આવી ગયા. એનો શાપ અને પેલા જ્યોતિષીની ભવિષ્યવાણી સાચી શું

પડશે?

પરંતુ હવે એ બધું વિચારવાનો સમય વીતી ગયેલો. મન મક્કમ કરીને મેં આંખો ખોલીને સીતા ભણી જોયું, પણ એ તો મઢૂલીની અંદર જતી રહેલી. થોડીવારમાં એ હાથમાં ફળફળાદિ લઈને બહાર આવી. જંગલની વચ્ચોવચ રહીને પણ આંગણે આવેલા સાધુને ભિક્ષા તો આપવી પડે.

એણે આગળ આવીને મારું ભિક્ષાપાત્ર ક્યાં છે, એ જોવા નજર ફેરવી. મેં એને ઉપાડીને ખભે નાખી દીધી અને પુષ્પક જ્યાં ઊભું રાખેલું એ તરફ દોટ મૂકી. હબક ખાઈ ગયેલી સીતાના મોઢામાંથી થોડીવાર માટે તો કોઈ અવાજ પણ નીકળી શક્યો નહીં. પરંતુ આઘાતમાંથી કળ વળતાંની સાથે એણે સહાય માટે મોટેમોટેથી સાદ પાડવાનું અને મારા હાથમાંથી છૂટવા માટેના તરફડિયાં મારવાનું શરૂ કરી દીધું. સીતાએ એના નખથી મારો ચહેરો અને પીઠ લોહીલુહાણ કરી દીધા. પુત્રીનો ત્યાગ કરવા માટેની સજા મેં પ્રેમપૂર્વક સ્વીકારી લીધી.

છેવટે વિમાન પાસે પહોંચીને સીતાને અંદર નાખીને, બારણું બહારથી વાસીને હું મારીચની વાટ જોતો ઊભો રહ્યો. ઘડીઓ અને પછી પ્રહરો વીતી ગયા, સૂરજે ઢળવાની તૈયારી કરી લીધી, પણ મારીચ દેખાયો નહીં. વિમાનની અંદર ડૂસકાં ભરી રહેલી સીતા, અને દૂર દૂર અવાજ કરી રહેલાં પક્ષીઓ અને પ્રાણીઓના અવાજ સિવાય બીજા કોઈની હાજરી વર્તાતી નહોતી. સીતાને પાછળ છોડીને, મારીચની શોધમાં જતાં મારો જીવ નહોતો ચાલતો.

છેવટે ભારે હૃદયે વિમાનમાં બેસીને મેં સુકાન સંભાળ્યું અને પુષ્પકે લંકા ભણીનું ઉડ્ડયન આરંભ્યું.

પરંતુ અમે લંકા પહોંચ્યાં ત્યાં સુધી માર્ગમાં થયેલા અનુભવો ભયાનક હતા. પહેલાં તો આકાશમાં ચકરાવા મારી રહેલું એક વિશાળકાય ગીધ વિમાનની તીવ્ર ગતિએ ફરી રહેલી પાંખોમાં ફસાઈ ગયું. પાંખોમાંથી નીકળવા માટે એ મસમોટા પક્ષીએ પુષ્કળ પ્રયાસો કર્યા, અને તેના પરિણામે વિમાને પણ સંતુલન ગુમાવી દીધું. હું સ્તબ્ધ થઈને વિમાન અને પક્ષીની પાંખો વચ્ચેની લડાઈ જોઈ રહ્યો.

આમ ને આમ કદાચ અમે ધરતી પર જઈને પડ્યા હોત, પણ સીતાની ચીસોએ મને હચમચાવ્યો અને મેં અમારા જીવ બચાવવાની મથામણ આરંભી. તલવાર કાઢીને, વિમાનની બહાર ઝૂકીને મેં પાંખોમાં ફસાયેલા પક્ષી પર ઘા મારવાનું શરૂ કર્યું. એના બચવાની કોઈ શક્યતા નહોતી. ન છૂટકે મારે એની કાયાના ટુકડે ટુકડા કરવા પડ્યા.

પણ ત્યાં જ વિમાન બીજી તરફ ઝૂક્યું, અને સીતા સરકીને નીચે જ પડી જાત જો મેં એક હાથે એને કેડેથી પકડી ન લીધી હોત.

પછીની ક્ષણો મારા માટે ભયાનક દુઃસ્વપ્ન સમી હતી. વિમાનની પાંખમાં ભરાઈ રહેલા માંસના લોચા જેમતેમ બહાર કાઢીને ફેંકવા, સીતાને સંભાળવી, ગમે તે ક્ષણે ધરાશયી થઈ જવાની તૈયારી કરી રહેલા પુષ્પકને હવામાં તરતું રાખવું. આ બધું એકલે હાથે કરવાનું હતું. એ ઘડીએ કઠિન નહીં, અસંભવ લાગતું હતું. મેં વાસ્તવિકતા સ્વીકારી લીધી કે, અંત સમય આવી ગયેલો. હવે કોઈ ફાંફાં મારવાનો અર્થ નહોતો.

પણ પછી સીતાના ધ્રુસકાએ મને હલબલાવી નાખ્યો. મારી પુત્રીની સામે તો હજી એનું આખું જીવન હતું. પતિના બંધનમાંથી મુક્ત કરેલી સીતાને હવે હું કાળના ચરણે ધરી દઈશ? ના, ના, એણે અને એના ખાતર મારે હજી જીવવાનું હતું. પુષ્પકનું સુકાન મેં વધુ મક્કમ હાથે સંભાળી લીધું. થોડી વાર પછી દુઃસ્વપ્નોનો અંત આવ્યો હોય એમ વિમાને પાછું સંતુલન મેળવ્યું, અમને બીજી કોઈ દુર્ઘટના વિના લંકા ભણી લઈ ગયું.

નીચે લંકા દેખાઈ ત્યારે સીતાના ચહેરા પર આવી ગયેલા અચરજના ભાવ મેં લઈ લીધા. થોડી ક્ષણો માટે પોતાનું દુઃખ ભૂલીને આંખો પહોળી કરીને એ લંકાની ભવ્યતા નીરખી રહી. મેં ગર્વની લાગણી અનુભવી. આ તો હજી પાશેરામાં પહેલી પૂણી હતી. સીતાને મારે હજી કેટકેટલું બતાવવાનું હતું.

એના આગમનની રાહ જોઈ રહેલો સોનેરી રાજમહેલ, મઘમઘતા ઉદ્યાનો અને સ્વચ્છ, નીલવર્ણ સાગર, હરિયાળાં ખેતરો, ઊંચી નારિયેળીઓ, મરી-મસાલાના બાગબગીચા, ઝળહળતી બજારો, વાદળ સાથે વાતો કરતા કિલ્લા, એના મિનારા... આ બધાંની સામે અયોધ્યાની શું વિસાત હતી? હું મૌન રહ્યો. સીતાએ જ હવે નિર્ણય લેવાનો હતો.

શાંતિથી મેં પુષ્કરને લંકાની ભૂમિ પર ઉતાર્યું. સામેથી દોડી આવેલી મંદોદરી, ત્રિજટા અને મેઘનાદને જોતાંની સાથે થોડીવાર માટે હું સીતાને ભૂલી ગયો. પરંતુ પ્રિયજનોને મળવાનો આનંદ થોડી જ ક્ષણોમાં ઓસરી ગયો. બધાંની સાથે ત્યાં આવી પહોંચેલી મામીની આંખો એના પતિ મારીચને શોધી રહી હતી.

એને હું કેવી રીતે કહું કે, તમારા પતિને હું દૂર જંગલમાં બે અસભ્ય, બર્બર માનવીઓના હાથમાં મૂકી આવેલો? આજે હું જે પણ હતો એ મારીચના નિઃસ્વાર્થ સ્નેહ અને બલિદાનોને કારણે હતો. એણે એનું આખું જીવન મારા માટે ખર્ચી નાખેલું, પણ એની અંતિમ વેળાએ સાથે રહેવાને બદલે હું નાસી છૂટેલો. હું કેટલો સ્વાર્થી હતો કે પુત્રીને મેળવવા માટે મેં વગર વિચાર્યે મારીચનું બલિદાન આપી દીધું! નિષ્ફળતા, નિર્માલ્યતા અને અપરાધભાવની લાગણી મને ઘેરી વળી. કંઈ બોલ્યા વિના મામીએ મારા ચહેરા પર સત્ય જોઈ લીધું. એકમેકને ભેટીને અમે લાંબો સમય રડતાં રહ્યાં.

પુત્રી પાસેથી મેં રાખેલી આશા પણ ફળીભૂત ન થઈ. સીતાએ રાજમહેલમાં પગ મૂકવાની સ્પષ્ટ ના પાડી દીધી. મેઘનાદ એના બાળપણમાં જ્યાં રમતો હતો, એ અશોકવૃક્ષની છાયા હેઠળ જઈને સીતા બેસી ગઈ.


એને સમજાવીને ત્યાંથી ખસેડવાના મારા બધા પ્રયત્ન નિષ્ફળ ગયા. પછી થાકીને મેં સીતાનું ધ્યાન રાખવાની જવાબદારી ત્રિજટાને સોંપી.

એ રાતે મેં વિતાવેલી એક-એક ક્ષણ સેંકડો યુગ જેટલી લાંબી હતી. નિંદ્રા મારી આંખોથી જોજનો દૂર હતી. મંદોદરીને પણ ઊંઘ નહોતી આવતી એ સ્પષ્ટ હતું, પણ હું એને સ્પર્શવા ગયો તો એ દૂર ખસી ગઈ. મેં જે કર્યું એને બહારનાં લોકો ભલે એમની રીતે મૂલવે, પણ મંદોદરી અને સાથ આપશે, મેં કંઈ ખોટું નહોતું કર્યું એવી ધરપત આપશે, મારા સંતપ્ત ચિત્તને શાતા વળે એવા બે-ચાર વેણ કહેશે એવી અપેક્ષા મને હતી, પણ મંદોદરી મૂંગીમૂંગી મારા ભણી પીઠ ફેરવીને પડી રહી.

બહુ મોડેથી મારી પાંપણો ભારે થઈ, પણ એ મીંચાય એ પહેલાં કોઈએ ભરેલા ધ્રુસકાના અવાજે મને ઝબકાવી દીધો. મંદોદરી શાંત હતી. ઊભો થઈને હું બારી પાસે ગયો. ચંદ્ર વિનાની કાળી ઘેરી રાતમાં માત્ર છૂટીછવાઈ મશાલોનો આછો પ્રકાશ હતો, પરંતુ ત્યારે જ વરસાદ તૂટી પડ્યો. રહ્યુંસહ્યું અજવાળું લુપ્ત થઈ ગયું.

જેટલો અંધકાર બહાર હતો એટલો જ મારા હૃદયમાં હતો. વૃક્ષ નીચે એકલી અટૂલી મારી પુત્રી પાણીથી ભીંજાતી, ટાઢથી ઠૂંઠવાતી બેઠી હતી, પરંતુ એની પાસે જવાની હિંમત મારામાં નહોતી. આકાશમાં ગરજી રહેલાં વાદળોમાં મને વેદવતીનો અવાજ સંભળાતો હતો. એકલતા અને ભયની નાગચૂડમાં ભીંસાતો હું આખી રાત જાગતો રહ્યો.

આવા હતા અમારા રક્ષકો



ભદ્ર

એ દિવસે મેં જોયેલું દૃશ્ય બહુ વિચિત્ર હતું. પ્રશાસનમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા કોઈ અધિકારીને આ વિશે કહેવું કે નહીં એની અવઢવમાં હું હતો.

સાંજે બહુ મોડું થઈ ગયેલું. આખો દિવસ આમતેમ રખડીને, શ્રીમંતોના રથ સાફ કરીને થોડીઘણી કમાણી થઈ. એ તો મેં તાડી પીવામાં ખર્ચી નાખી. ભૂખ લાગેલી, પણ એય ખબર હતી કે ઘરમાં ખાવા જેવું કંઇ નહોતું. પેટ ભરીને સારું જમ્યો હોઉં એ ઘટનાને ઓછામાં ઓછા છ મહિના વીતી ગયેલા!

મારીચની ભવ્ય અંતિમવિધિ થઈ એ દિવસ હજીયે મને યાદ હતો. એનું મૃત્યુ કેવી રીતે થયું એનાથી અમે બધાં અજાણ હતા. તે વૃદ્ધ હતો પણ માંદો નહોતો. છેલ્લી વાર મેં એને ઊંચા, કાળા અશ્વ પર ટટ્ટાર બેઠેલો જોયો હતો. અચાનક એના મૃત્યુના સમાચાર સાંભળીને સહુ સ્તબ્ધ થઈ ગયા.

રાજમહેલમાંથી બહાર પડાયેલું સત્તાવાર નિવેદન કહેતું હતું કે, મારીચનું અવસાન વૃદ્ધાવસ્થાને કારણે થયું હતું. આ દુઃખદ ઘટના અસુર રાજ્યના સીમાડે દરિયા સાથે જોડાયેલા પ્રદેશમાં બની હતી. પછી ત્યાં જ એના અગ્નિસંસ્કાર કરી નખાયેલા.

મારીચ લંકાથી આટલો દૂર કેવી રીતે અને શું કામ ગયો એ પણ મોટું રહસ્ય હતું. હજી આગલે દિવસે તો એને ઘણાં લોકોએ અહીં જોયો હતો, અને રાતોરાત એ આટલો દૂર પહોંચી ગયો? કોઈક વળી રાવણ અને મારીચને પેલા વિમાનમાં બેસીને ઊડતા જોયા હોવાની ચર્ચા કરતા હતા. જેટલાં મોઢાં એટલી વાત. પણ મને કે મારી પત્નીને આવી ગપ્પા-ગોષ્ઠિમાં જોડાવાની ફૂરસદ નહોતી. એ દિવસે રાજા તરફથી ગરીબોને ભોજન અને વસ્ત્રોનું દાન મળવાનું હતું, એ સાંભળીને રાજમહેલ તરફ ધસી પડેલા લોકોનાં ટોળેટોળામાં અમે પણ જોડાઈ ગયેલા.

રાજમહેલની પાસે ઊભા રહેવાનીયે જગ્યા નહોતી. પસીનાથી ગંધાતા મેલાં લઘરવઘર, હજારો ભૂખ્યા લોકોની મેદની ત્યાં હતી. જ્યાં જુઓ ત્યાં બૂમબરાડા, ગાળાગાળી, મારામારી હતી. હુંયે ધક્કામુક્કી કરતો આગળ વધતો ગયો. છેવટે સૈનિકો તરફથી ફેંકાઇ રહેલાં પડીકામાંથી એક મારા હાથમાં આવ્યું એ મેં માલાને આપ્યું અને બીજું લેવા ગયો તો એક સૈનિકે ધક્કો મારીને મને નીચે પછાડી દીધો. લોકોના પગની નીચે કચડાતો, કણસતો હું માંડમાંડ બહાર નીકળ્યો અને પછી જમવાનો સમય થયો.

રાજમાર્ગની બંને તરફ નાના-નાના ખાડા ખોદીને એમાં કેળનાં પાન મુકાયાં હતાં. પીરસણિયાની સેના આ કામચલાઉ ભોજનપાત્રમાં ખીચડી જેવું કંઇ નાખતી જઈ રહી હતી. અમે અકરાંતિયાની જેમ ખાધું.

અમે જમતા હતા ત્યારે માર્ગ પરથી પસાર થતા રથ અને બીજાં વાહનો અમારા પર ધૂળ અને

કાદવ ઉડાડતા ગયા, માખીઓના ઝૂંડ ચારેકોર બણબણી રહ્યાં હતાં. રખડુ કૂતરા લાગ મળે ત્યારે અમારા પાત્રમાંથી ખાવાનું ખેંચી લેવાની પેરવીમાં હતા, પણ અમને કંઈ પરવા નહોતી. બીજીવાર કોણ જાણે ક્યારે આવું ખાવાનું મળે!

સાંજ પછી મહેલના માણસો મદિરા ભરેલાં, લાકડાનાં મોટાંમોટાં પીપડાં બહાર લઈ આવ્યા. ફરીથી ધક્કામુક્કી મચી ગઈ. મધરાત સુધીમાં તો સ્ત્રી-પુરુષો બધાંય સુરાના કેફમાં મસ્ત થઈ ગયેલાં. ઘણી જગ્યાએ પીધેલા લોકો બોલાચાલી, મારામારી પર પણ ઊતરી આવ્યા હતા. એમાં ચાર જણ મરી ગયા એની જાણ અમને બીજે દિવસે થઈ. પરંતુ કોને પરવા હતી? મારી તો એટલી જ પ્રાર્થના હતી કે રોજ રાજાનો કોઈ ને કોઈ સગો મરે અને અમારાં પેટ ભરાય. મારીચ જતાં જતાં અમને એક દિવસનું ભોજન તો આપતો ગયો!

પરંતુ પછીના દિવસોમાં કોઈ મોટો માણસ મર્યો નહીં. પાછા અમે ભૂખે મરવા લાગ્યા. મારી સ્થિતિ દિવસે-દિવસે વણસી રહી હતી. છૂટું-છવાયું કામ કરીને જે થોડુંઘણું કમાતો એ તો સુરાના પીઠામાં વપરાઈ જતું. મારી જાણ બહાર માલાએ થોડાઘણા સિક્કા બચાવી રાખેલા, પણ જાણ થતાંની સાથે મેં એને મારીઝૂડીને બધું ખૂંચવી લીધું. બસ, એ છેલ્લો દિવસ હતો, જ્યારે મન ભરીને મદિરા પીને હું મસ્ત થયો.

બીજી સવારે કેફ ઊતરી ગયો. કારમી વાસ્તવિકતા નજર સામે હતી. કદાચ પેલા બ્રાહ્મણો સાચું કહેતા હતા કે, એક જન્મમાં કરેલાં કર્મોનાં ફળ બીજા જનમમાં ભોગવવાં પડે. આમેય કદાચ અમારાં કુકર્મોનું મૂલ્ય ચૂકવતા હતા, પણ આસપાસ મોટા ભાગના લોકો ગરીબ, દુઃખી હતા. એનો અર્થ એવો જ થાય કે ગયા જનમમાં પાપીઓની સંખ્યા બહુ મોટી હશે.

પણ એવા લોકોય હતાં, જેમણે ક્યારેય ભૂખનો અનુભવ નહોતો કર્યો. વેપારીઓ, કલાકારો, સંગીતકારો, શાસન-પ્રશાસન સાથે સંકળાયેલા અધિકારીઓ... આ બધાંના ભપકા-ઠાઠમાઠ, કમરનો ઘેરાવો વધતા જ જતા હતા. એમને રહેવા માટે ભવ્ય નિવાસસ્થાનો ઊભાં થયાં હતાં. આવા શ્રીમંત ગ્રાહકોને આકર્ષવા માટે નવીનવી, મોટીમોટી દુકાનો ખૂલતી હતી. કુલીન વર્ગના રહેઠાણોમાં પથરાતા એક એક ગાલીચાનું મૂલ્ય આખા ગામને વર્ષો સુધી બે ટંક જમાડી શકાય એટલું થતું હતું. માત્ર શ્રીમંત અને વગદાર કુટુંબોનાં બાળકોને ભણાવતા ગુરુઓનું મહત્ત્વ વધી રહ્યું હતું. પ્રજાના મનોરંજન માટે નાટ્યગૃહો, રંગમંદિરો બન્યાં હતાં, પણ અમારા જેવા લોકો એવા સ્થળની આસપાસ પણ ફરકે તો દંડા ખાવા પડે.

એક સમયે મને પણ લખતાં-વાંચતાં, શસ્ત્રો વાપરતાં આવડતું હતું. પણ પચાસ વર્ષની ઉંમરે એ બધી બહુ દૂરદૂરની વાતો લાગતી હતી. ક્યારેક એવીયે શંકા પડતી કે ખરેખર આવું કંઈ હતું કે હું ભ્રમણામાં જીવતો હતો.

અતિકાયાએ ક્યારેક મને પિતાનું સંબોધન કરેલું, એ પણ ભ્રમ હતો! છ મહિનાથી મેં એને નહોતો જોયો. રાજમહેલમાં એ હવે મેઘનાદ સાથે રહેતો હતો. અમારો સંબંધ માત્ર એક રાજકુંવર અને એને ઉછેરીને મોટો કરનાર સેવક જેટલો જ રહેલો. આ વિચાર કાળજે કાપા પાડી દે એવો હતો.

આવા જ વિચારોમાં ડૂબેલો હું એક રાતે રાજમહેલ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે મેં એક કૌતુકભર્યું દૃશ્ય જોયું. મહેલની ફરતે જે કિલ્લો હતો એની દીવાલ પર કોઈ ચઢી રહ્યું હતું. એ કોઈ ચોર હતો? અસુરરાજના મહેલમાં જતાં પકડાયો તો સૈનિકો એનાં ચામડાં ઊતરડી નાખશે.

અચાનક એ દેખાતો બંધ થઈ ગયો. કદાચ કોઈ નહોતું. તાડી ઢીંચ્યા બાદ મને આવા જાતજાતના ભાસ થયા કરતા. હું આગળ ચાલતો થયો. પછી મેં એને કિલ્લાની દીવાલ પર ઊભો રહીને, આસપાસના વિસ્તાર પર નજર ફેરવતો જોયો. ઊંચું, સ્નાયુબદ્ધ શરીર ધરાવતા

એ માણસે ખભે મોટી ગદા રાખી હતી. કોણ હતો એ?

પછી મારા મનમાં ઝબકાર થયો. મહાન વાનરરાજ બાલી મને યાદ આવી ગયો. આ માણસ એના જેવો જ લાગતો હતો. પરંતુ કોઈ વાનરે ચોરીછૂપીથી અસુરરાજના મહેલમાં પ્રવેશવાની જરૂર શું કામ પડે?

મેં માથું ખંજવાળ્યું. થોડા દિવસ પહેલાં એવી અફવા આવેલી કે મહારાજા બાલી હવે જીવિત નહોતા. કોઈ દેવ-પારધીએ વૃક્ષ પાછળથી સંતાઈને એમને બાણ મારી દીધેલું.

કિલ્લાના કાંગરા પર ઊભેલી વ્યક્તિએ બીજી તરફ ચહેરો ફેરવ્યો. એણે કાનમાં પહરેલું કિંમતી રત્ન ઝગમગી ઊઠ્યું. ના, એ બાલી નહોતો. પણ પછી એક વાનર જ દાખવી શકે એવી સ્ફૂર્તિ સાથે એ કિલ્લાની બીજી બાજુ કૂદી પડ્યો. ત્યાં વૃક્ષો ખળભળી ઊઠ્યાં.

હું મારા સ્થાને થીજી ગયો. ખરેખર બહારનો કોઈ માણસ રાજા રાવણના મહેલમાં પ્રવેશી ગયેલો. મારે તત્કાળ કોઈને જાણ કરવી જોઈએ કે પછી મારે શું, એવું સમજીને ઘેર જઈને સૂઈ જવું જોઈએ? રાજાનો મહેલ હતો, રાજા જાણે!

પરંતુ અચાનક મારી નજર સામે વર્ષો પહેલાંની એ રાતનાં દૃશ્યો તરવરી ઊઠ્યાં. જ્યારે દેવો મારા ઘરની અંદર ધસી આવેલા. હું જ્યાંથી આવેલો એ રસ્તે પાછો દોડ્યો.

થોડે દૂર નગરની સુરક્ષાદળનું થાણું હતું. અંદર મશાલના અજવાળામાં ચાર સૈનિકો ચોપાટની રમતમાં વ્યસ્ત હતા. એમના ઉપરી જેવો લાગતો એક સ્થૂળ માણસ ઊંચા આસન પર બેઠો-બેઠો નસકોરાં બોલાવી રહ્યો હતો.

'શ્રીમાન', મેં ઉંબરા પર ઊભા રહીને ધીમેથી કહ્યું. ચોપાટ રમી રહેલા લોકોએ મારી સામે એવી રીતે જોયું, જાણે એમની સામે કોઈ અપરાધી આવીને ઊભો હોય. 'શું જોઈએ છે?' એમાંથી એક જણે પૂછ્યું.

'મહાશય, મેં એક માણસને હમણાં જોયો.' આટલા મારા શબ્દો સાંભળીને એક જણે કહ્યું, 'અરે વાહ, માણસ તો મેં પણ જોયેલો.' અને બધાંય હસી પડ્યા.

આવા લોકોને કંઈ કહેવાનો અર્થ નહોતો. મરવા દો એમને અને એમના રાજાને! મનોમન આવું બબડીને મેં ત્યાંથી નીકળી જવા પગ ઉપાડ્યો. એ જ વખતે ઊંઘમાંથી જાગી ગયેલા માણસે ઊભો થઈને મને પકડી લીધો, 'બોલ, શું જોયું તેં?' એણે પૂછ્યું. હું મૂંગો રહ્યો. એણે મને જોરથી લાત મારી. મેં અડધીયે ક્ષણના વિલંબ વિના એને આખીયે વાત કરી દીધી.


એનાં ભવાં તણાયાં. થોડીવાર વિચાર કરીને બોલ્યો, 'તમારામાંથી બે જણ જઈને, રાજમહેલની સુરક્ષા કરતા સૈનિકોને આની જાણ કરો.' પછી મારા ભણી સંકેત કરતાં કહ્યું, 'આને એક કોટડીમાં પૂરી દો. તાડીથી ભૂંડ જેવો ગંધાય છે.'

સૈનિકો મને એક સાંકડી, ગંદી ઓરડીમાં ઢસડી ગયા અને એક ખૂણામાં ફેંકીને જતા રહ્યા. દરવાજે તાળું મારવા જેટલીયે મહેનત એમણે ન કરી. પણ ઊઠીને ભાગવા જેટલી હિંમત કે બળ મારામાં નહોતાં. મને અહીં લાવતાં પહેલાં એમણે કરેલા ગડદાપાટુથી મારું અંગેઅંગ કળતું હતું. 'મોટા ઉપાડે હું રાજાને બચાવવા દોડી ગયો. શું જરૂર હતી?' મેં મારી જાતને ધમકાવી. ભાગ્યને દોષ દેતો દેતો ક્યારે હું ઊંઘમાં સરી ગયો એનું ભાન ન રહ્યું.

જ્યારે મારી આંખો ખૂલી, ત્યારે આખી લંકા ભડકે બળી રહી હતી.

o

મૃત્યુનો દૂત



રાવણ

ઉધાનમાં મચી પડેલી રાડારાડીના અવાજે મને ઊંઘમાંથી જગાડી દીધો. બારીમાંથી જોયું તો ચારે તરફ મશાલોનું અજવાળું હતું. સેવકો, સૈનિકો આમથી તેમ દોડાદોડી કરી રહ્યા હતા. મંદોદરી પણ ત્યાં સુધીમાં જાગી ગઈ.

કક્ષમાંથી હું બહાર નીકળ્યો. પાળી પરથી નીચે ઝૂકીને જોઈ રહેલા પહેરેદારો ટટ્ટાર ઊભા રહી ગયા.

'શું થયું?' મેં પૂછ્યું. ઉંમર-અનુભવમાં મોટા લાગતા એક જણે આગળ આવીને નમ્રતાભેર માથું નમાવ્યું અને પછી કહ્યું, 'મહારાજ, મહેલના ઉધાનમાં ક્યાંકથી એક વાનર-નર આવી ચઢેલો. એ પેલી દેવ-નારી સાથે વાત કરતો હતો, ત્યારે આપણા સૈનિકોએ જોઈ લીધો અને એને પકડવાનો પ્રયાસ કર્યો, પણ એ બહુ જબરો નીકળ્યો. છટકી ગયો. એટલું જ નહીં, જતાં-જતાં આપણા બે-ત્રણ સૈનિકોને મારતો અને ઘાયલ પણ કરતો ગયો. હવે ક્યાંક ઝાડમાં છુપાઈને બેઠો હોય એવું લાગે છે.'

હું હેબતાઈ ગયો. મારા મહેલના પ્રાંગણમાં વાનરો આવી ચઢ્યા? મને મારી પુત્રી સીતાની ચિંતા હતી. ભલે આસપાસ સૈનિકો પહેરો ભરતા હોય, પણ અશોકવૃક્ષ નીચે એ સાવ એકલી-અટૂલી હતી. એને કંઈ થઈ ગયું તો? હજી ચાર મહિના પહેલાં મેં મારા મિત્ર અને મહાન શાસક બાલીની હત્યાના સમાચાર સાંભળ્યા હતા. રામે એનો વધ કરેલો અને બાલીનો ભ્રષ્ટાચારી, ચારિત્ર્યહીન ભાઈ સુગ્રીવ વાનરો પર રાજ કરતો હતો.

રામ ભલે મારો જમાઈ હોય, પણ એનું કૃત્ય અક્ષમ્ય હતું. સુગ્રીવ અને બાલી વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થઈ રહ્યું હતું, અને સુગ્રીવ હારવાની અણી પર હતો ત્યારે એક વૃક્ષની પાછળ સંતાયેલા રામે બાણ મારીને બાલીની છાતી વીંધી નાખી. આવી કાયરતા અને છળપકટ વિશે જાણીને મારા ક્રોધનો પાર નહોતો રહ્યો.

ત્યારે થોડીવાર માટે મને એવીયે ઇચ્છા થઈ ગયેલી કે નવા વાનરરાજ સુગ્રીવ પર આક્રમણ કરીને, એને ભોંયભેગો કરી દઈને મારા મિત્રની હત્યાનું વેર વાળું. મારા લશ્કર અને નૌકાદળને મેં વાનરો પર ત્રાટકવા માટે તૈયાર કરી દીધેલા, પણ પછી હું બેસી ગયો. મારો પુત્ર મોટો થઈ ગયેલો. એણે આખાયે ભારતીય ઉપખંડ પર પોતાની આણ સ્થાપી દીધેલી. સમુદ્રોથી માંડીને ઊંચા હિમાલય સુધી એણે અસુરોની વિજયપતાકા ફરફરાવેલી. મને સંતોષ હતો. યુદ્ધ કરવાનો મારો શોખ મંદ પડી ગયો હતો. વળી સુગ્રીવે મેઘનાદને ખંડણી આપવાનું સ્વીકારી લીધેલું અને ચોમાસું પણ શરૂ થવામાં હતું. સુગ્રીવ સામે યુદ્ધે ચડવાની યોજના મેં મૂલતવી રાખી.

વરસાદ શરૂ થતાંની સાથે સુગ્રીવ પાછો એની ભોગવિલાસી જીવનશૈલીમાં રત થઈ ગયો. એના લોકો પણ એના જેવા જ હતા. મને ખાતરી હતી કે શિસ્ત વિનાના વાનરદળને આધારે રામ કોઈ દુઃસાહસ નહીં આચરે. પણ હવે લાગતું હતું કે મારી ગણતરી ખોટી હતી. મારા

મહેલમાં પ્રવેશી ગયેલો વાનર મારી જ ટૂંકી દૃષ્ટિનો પુરાવો હતો.

આ કટોકટીના સમયે સમિતિની બેઠક બોલાવવી જરૂરી હતી. મંદોદરીને મેં ખંડનાં બધાંય બારીબારણાં વાસી રાખવાની સૂચના આપી. એને સહેજ નવાઈ તો દર્શાવી, પણ હું એની સાથે દલીલમાં ઊતરવાની માનસિક સ્થિતિમાં નહોતો. બહાર નીકળીને મેઘનાદના કક્ષ તરફ ગયો તો બારણાં ખુલ્લાં જોયાં. સભાખંડમાં અજવાળું હતું. પહેરેદારો પોતપોતાને સ્થાને ટટ્ટાર ઊભા હતા અને મારા મંત્રીઓ મોટેમોટેથી વાતો કરવામાં વ્યસ્ત હતા.

'કુમાર મેઘનાદ ક્યાં છે?' મેં અંદર પ્રવેશતાંની સાથે પૂછ્યું.

'મહારાજ, એ આપણા માણસોની સાથે પેલા વાનરને શોધવા પશ્ચિમ તરફ ગયા છે.' પ્રહસ્તે જવાબ આપ્યો.

'મને એ વાતનો જવાબ આપો કે, આપણી આવી સુરક્ષાવ્યવસ્થા ભેદીને એ વાનર અંદર આવ્યો જ કેવી રીતે?' મેં રોષિત સાદે પૂછ્યું.

પ્રહસ્તે થોડા ધીમા અવાજે કહ્યું, 'આપણા ચોકીદારો સૂતા હતા, ત્યારે એ કિલ્લાની પશ્ચિમ દીવાલમાંથી કોઈક રીતે અંદર સરકી આવ્યો અને અશોકવનમાં પહોંચી ગયો. ચોકીદારોનાં શબ હજી ત્યાં જ પડ્યાં છે. વાનરે એમનાં ગળાં કાપી નાખ્યાં...'

'બહુ સરસ.' મેં કટાક્ષમાં કહ્યું. રાવણના મહેલમાં કોઈ બહારની વ્યક્તિ સરકી આવી અને એકેય અસુરે એને જોયો નહીં. મારા પહેરેદારોને એણે ઊંઘતા જ મારી નાખ્યા. મારી પાસે પચાસ હજારથી વધુ સૈનિકો છે, પણ એક વાનર આખીયે સેનાને હાથતાળી આપી ગયો અને હજીયે છૂટો ફરે છે. ધન્ય છે તમને બધાને!'

પ્રહસ્ત અને જાંબુમાલિએ એકમેક તરફ જોયું અને પછી જાંબુમાલિ સહેજ ખચકાઈને બોલ્યો, 'મહારાજ, મહેલ તરફ આવતા રાજમાર્ગ પર સુરક્ષાકર્મીઓનું થાણું છે. ત્યાં જઈને એક દારૂડિયા, ભિખારી જેવા માણસે કહ્યું હતું કે એણે કોઈને કિલ્લાની દીવાલ પર ચઢતો જોયેલો...'

'પણ ત્યાં બેઠેલા લોકોને પોતાની જગ્યાએથી ખસવામાં આળસ આવી. એટલે કોઈ સાવચેતીનાં પગલાં લેવાયાં નહીં, એમ જ ને?' મારો ક્રોધ પળેપળે વધી રહ્યો હતો અને સાથે ચિંતા પણ. મેઘનાદ ક્યાં હતો? સભામાં બધા મૂંગા થઈને બેસી રહ્યા.

થોડીવાર પછી મૌનને ચીરતા પોકારો બહારથી સંભળાયા. 'રાવણનો જય હો....ઇન્દ્રજિતનો જય હો....'

હર્ષાવેશમાં હું સિંહાસન પરથી ઊભો થઈ ગયો. મારી પાછળ આખી સભા ઊભી થઈ અને બધાયની પ્રશંસાનો અધિકારી, મારો પુત્ર મેઘનાદ હાથમાં ધનુષ્ય સાથે અંદર દાખલ થયો. વિજયના પોકાર અને ઢોલ-નગારાનો ધમધમાટ હવે આકાશે આંબી ગયો.

હું જઈને મારા પુત્રને ભેટી પડ્યો. પછી મેં એની પાછળ હાથેપગે દોરડામાં બંધાઈને ઊભેલા ઊંચા, હૃષ્ટપુષ્ટ શ્યામવર્ણ વાનર પર દૃષ્ટિ ફેરવી. એનું સ્નાયુબદ્ધ, સુદૃઢ શરીર જોઈને મને મારી યુવાનીના દિવસો યાદ આવી ગયા. વગર વિચાર્યે મેં મારું ઊપસી આવેલું પેટ અંદર ખેંચી લીધું.

મેઘનાદ જેટલી જ ઊંચી કાઠી ધરાવતા વાનરના આખા શરીરે કાળા, વાંકડિયા વાળ હતા. દેખાવે એ પ્રતિભાશાળી યોદ્ધો લાગતો હતો. 'અરે, આ તો મારા મિત્ર બાલી જેવો લાગે છે, જેને રામે મારી નાખ્યો!' આ વિચાર મને સહેજ આંચકો આપી ગયો.

ધીમા પગલે હું પાછો સિંહાસન પર જઈને બેઠો. મંત્રીઓએ પોત-પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. વાનરની બાજુમાં મેઘનાદ તલવાર તાણીને ઊભો રહ્યો. હાથ હલાવીને મેં ચેંદાવાદકો અને બીજા નકામા લાગતા લોકોને સભામાંથી વિદાય કર્યા. ટૂંકા મૌન પછી પેલા વાનરની પૂછપરછ

આદરી.

પ્રારંભમાં તો એ કંઈ બોલ્યા વિના, અહંકારી મુદ્રામાં મારી સામે ડોળા તગતગાવતો ઊભો રહ્યો. એની સ્વસ્થતા અને ચહેરા પર ઝળકતો આત્મવિશ્વાસ મને સહેજ અસ્વસ્થ કરી ગયા.

પૃથ્વી પરના સહુથી શક્તિશાળી રાજાના દરબારમાં બંદીરૂપે એ ઊભો હતો. પારકા પ્રદેશના ગુપ્તચર તરીકે પકડાઈ જનાર માટે મૃત્યુદંડ નક્કી હતો. પરંતુ એ તો એટલો નિશ્ચિંત ઊભો હતો, જાણે બાળકોને રમતાં નિહાળી રહ્યો હોય. મેં પ્રહસ્ત સામે જોયું. પ્રહસ્ત ઊભો તો થયો, પણ કંઈ કહેવા જાય એ પહેલાં વાનરે ધીરગંભીર અવાજે બોલવાનું શરૂ કર્યું.

'હું મારુતિપુત્ર હનુમાન છું. મારા રાજા અને રક્ષક શ્રી રામચંદ્ર પ્રભુના દૂત તરીકે હું અહીં આવ્યો છું. એક રાજાના દૂત સાથે બીજા રાજાના દરબારમાં આદરભરી વર્તણૂક થવી જોઈએ. અસુરોના રાજા, જ્ઞાની શૂરવીર રાવણ પ્રભુ એમનો આ રાજધર્મ નહીં ચૂકે એવી મને ખાતરી છે.' છેલ્લા શબ્દની સાથે એના ચહેરા પર સ્મિત પથરાઈ ગયું.

પ્રહસ્તએ આનો યોગ્ય ઉત્તર વાળવામાં જરાયે વાર ન લગાડી.

`શ્રી હનુમાન, રાજદૂતો આમ અડધી રાતે ચોરીછૂપીથી નથી આવતા. અમારી જાણકારી પ્રમાણે તમે એક ગુપ્તચર છો અને તમે જે રાજધર્મની વાત કરી એ સ્પષ્ટ કહે છે કે, પકડાઈ ગયેલા ગુપ્તચર માટે માત્ર મૃત્યુદંડ યોગ્ય ગણાય. હા, અમને ખ્યાલ છે ત્યાં સુધી તમારા સ્વામી પણ કોઈ સિદ્ધાંતો અને રાજધર્મનું પાલન કરવામાં નથી માનતા. બે યોદ્ધા લડી રહ્યા હોય, ત્યારે દૂર કોઈ વૃક્ષ પાછળ સંતાઈને એક જણને બાણથી વીંધી નાખવો, એ કયો રાજધર્મ છે?'

વાનર-નરનો ચહેરો સહેજ વીલો થયો. પોતાની સર્વોપરિતા સાબિત કરવાનો એનો દાવ નિષ્ફળ ગયો હતો. એણે નવો પાસો ફેંક્યો. 'રાવણ મહારાજા, મને દોરડાથી બાંધી રાખ્યો છે, ત્યાં સુધી હું તમારા એકેય પ્રશ્નનો જવાબ નહીં આપું. મુક્ત કરીને મને આસન ગ્રહણ કરવા દો, પછી આપણે વાત કરીશું.'

'બસ, બહુ થયું. આને લઈ જઈને કારાગૃહમાં નાખી દો અને એનું મોઢું ખોલાવવાની જવાબદારી રુદ્રકને સોંપજો.' મેં હનુમાન સામે કરડી નજર નાખીને કહ્યું, પણ એની આંખોમાં મને ભયનો નાનો સરખોયે અંશ દેખાયો નહીં. એની શાંતિ અને સ્વસ્થતા પહેલાં જેવાં જ રહ્યાં. મારા સૈનિકો એને કારાગૃહમાં લઈ જવા આગળ વધ્યા, પણ ત્યાં મારો નાનો ભાઈ વિભીષણ એના આસનેથી ઊભો થયો.

'મહારાજ, સામેવાળાએ કહી દીધું છે કે એ ગુપ્તચર નહીં પણ રાજદૂત છે. એણે જાણીજોઈને આપણી ભૂમિ પર કોઈ અપરાધ ન કર્યો હોય, તો નૈતિક દૃષ્ટિએ આપણે એને રાજદૂત તરીકે જ આદર આપવો જોઈએ.' વિભીષણનો વ્યર્થ બકવાસ મેં તો ચીડ દબાવીને સાંભળી લીધો, પણ મેઘનાદથી ન રહેવાયું. પોતે સભામાં હતો એ ભૂલીને એણે મોટે સાદે કહ્યું, 'કાકા, એણે આપણા બે સંત્રીની હત્યા કરી, આપણાં બાગબગીચા ખેદાનમેદાન કરી નાખ્યા. એને ગુપ્તચર અને અપરાધી ગણીને જ સજા થવી જોઈએ.'

'કોઈએ નજરોનજર એને અપરાધ આચરતો જોયો? સાબિતી વિના સજા ન થાય. હું એવું નથી કહેતો કે એને છોડી મૂકો. મારા કહેવાનો હેતુ એટલો જ છે કે કાલ ઊઠીને કોઈ એવું ન કહી જાય કે એક અસભ્ય, અસંસ્કૃત વાનરની સામે અસુર સમ્રાટે ઔચિત્ય અને રાજધર્મ વિસારે પાડી દીધાં.' આવું બોલીને વિભીષણે મારી સામે જોયું.

'મારો અભિપ્રાય છે કે મહારાજને યોગ્ય લાગે એવો નિર્ણય લેવો જોઈએ.' પ્રહસ્તે કહ્યું.

અસુર! સંસાર આખામાં એવી એકેય વાત નહોતી, જેના પર બે અસુર સહમત થાય. જ્યારે જુઓ ત્યારે સામેવાળાનો વિરોધ અને દલીલોની છોળ! મેં વળી દોઢડાહ્યા થઈને બંને પક્ષને રાજી રાખવાનો પ્રયાસ કર્યો. 'હાથ-પગ સિવાય એના શરીરે બાંધેલા બધાં દોરડાં કાઢી નાખો.

એને જે કહેવું હોય એ કહેવા દો. પછી શું કરવું એનો નિર્ણય હું કરીશ.'

'પણ પિતાજી...,' મેઘનાદ આગળ કંઈ બોલે એ પહેલાં મેં આંખો કાઢીને એને ચૂપ કરી દીધો. એક સંત્રીએ હળવેથી હનુમાનનાં બંધન ખોલ્યાં.

બંધન છૂટતાંની સાથે હનુમાને મોટે અવાજે બોલવાનું શરૂ કર્યું, 'હું હનુમાન, મારુતિનો પુત્ર, કિષ્કિંધાનો વાસી, વાનરરાજ સુગ્રીવનો મંત્રી અને અયોધ્યાના યુવરાજ શ્રી રામચંદ્રનો સેવક, અહીં સર્વશક્તિમાન રાજવી લંકેશ્વરને મારા સ્વામી તરફથી મૈત્રીપૂર્ણ શિખામણ આપવા આવ્યો છું. તમે રામની ધર્મપત્ની અને અયોધ્યાની રાણીનું અપહરણ કરીને તમારે ત્યાં બંદી બનાવી છે. હવે ઔચિત્ય એમાં જ છે કે, તમે એમને માનપાનભેર પાછાં મોકલીને શ્રીરામની ક્ષમા માંગી લ્યો. આ વાત તમે ન માનો તો મારા સ્વામી વતી, લંકા અને અસુરો સામે યુદ્ધ જાહેર કરવાની સત્તા મને સોંપાઈ છે. હું વચન આપું છું કે યુદ્ધ થયું તો અસુરોને કચડીને અમે તમારા વિલાસી, પાપી નગરોને ધૂળધાણી કરી નાખીશું અને ગર્વભેર અમારાં રાણીને પાછાં લઈ જઈશું.'

સાંભળતાંની સાથે સભાખંડમાં હોંકારા પડકારા મચી ગયા. સેંકડો મ્યાનમાંથી તલવારો નીકળી પડી. મેઘનાદની તલવારની અણી વાનર-નરને ગળે ભોંકાઈ. એક વિદેશી વાનરની આટલી હિંમત કે એ કાયર-કપટી, અસભ્ય વાનરરાજ અને વનમાં રખડતા પારધી વતી મારા દરબારમાં આવીને મારું આવું ઘોર અપમાન કરે? આ ધરતી પર મારા જેવો શક્તિવાન બીજો કોઈ રાજા પાક્યો નહોતો, એની સામે એક વાનર આમ ફાવે તેમ બોલી ગયો?

'પથ્થર મારી-મારીને એનો જીવ કાઢી નાખો.' મેં ત્રાડ પાડી. આખીયે સભાએ જોરશોરથી પડઘો પાડ્યો. પણ પેલા વાનર-નર પર કોઈ અસર થઈ નહીં. એ તો નિરાંતે ઊભો રહ્યો.

'ભાઈ, આવું કરવાને બદલે આપણે એના હાથે, એના સ્વામી માટે સંદેશ મોકલીએ કે લંકા પર ચઢાઈ કરવાનું દુઃસાહસ એમને બહુ ભારે પડશે. આટલામાં એ સમજી જાય તો નકામો રક્તપાત ટાળી શકાય. આપણે એમને એ પણ સ્પષ્ટતાભેર કહેવડાવી દઈએ કે, સીતા જોઈતી હોય તો સામે લક્ષ્મણ આપણા હાથમાં સોંપવા પડશે. આપણી બહેન સાથે કરેલી ઘાતકી વર્તણૂકની સજા લક્ષ્મણે ભોગવવી જ પડશે.'

વાત સાવ ખોટી નથી, મેં વિભીષણ સામે જોઈને વિચાર્યું. જોકે વાનરે કરેલા અપમાનનો અગ્નિ હજી મને દઝાડી રહ્યો હતો.

હવે પ્રહસ્ત બોલ્યો, 'મહારાજ, આ મહાશયને ઉતાવળે મારીએ કે પાછા મોકલીએ, એ પહેલાં એમના વિશે પૂરતી માહિતી મેળવી લઈએ તો સારું. શ્રી રામચંદ્રના આદરણીય દૂતને થોડી પૂછપરછ કરવાની અનુમતિ મને આપો એવી વિનંતી છે.'

હું અવઢવમાં પડી ગયો. મારી સભામાં આવીને મારું અપમાન કરનારા વાનરને સાવ આમ ને આમ જવા દઉં? ફરી એકવાર વિભીષણ મારી વહારે આવ્યો. 'આપણે એને ડામ દઈએ.' એણે બહુ સહજભાવે સૂચન આપ્યું.

અગ્નિમાં લાલચોળ તપાવેલા, ઓગાળેલા લોખંડથી શત્રુ કે અપરાધીને ડામ આપવાની પ્રથા અસુરોમાં વર્ષોથી હતી. આ બહુ પીડાદાયક અને અપમાનજનક સજા હતી. ડામના ચિહ્ન મરતાં સુધી ભૂંસાતા નહોતાં. લોકોની નજરમાં એ મોટી નિષ્ફળતા કે અપરાધનું પ્રતીક બની જતું.

મને આ સૂચન ગળે ઊતરી ગયું. વાનર નીચે માથે એના સ્વામી પાસે જઈને, રાવણે ભેટ આપેલો ડામ બતાવશે. હવે નક્કી કરવાનું હતું કે ડામ એના શરીરે ક્યાં આપવો? પીઠે, છાતીએ, પેટ પર... ના, ના, એનાં વસ્ત્રો ઉતારીને પૂંછે ડામ આપવો. મેં નક્કી કરી નાખ્યું.

પણ પ્રહસ્ત પાછો આડો ફાટ્યો, 'મહારાજ, મારું માનવું છે કે આપણે આવી અમાનુષી શિક્ષા આપવાથી દૂર રહીએ. ગુપ્તચર તરીકે એને જે સજા મળવી જોઈએ એ ભલે આપીએ,

પણ ડામ દેવા જેવી નીચી પાયરીએ ઊતરવાનું ઉચિત નથી.'

'બાળી નાખો એના પૂંછડાને! ઊઠતાં, બેસતાં, જાગતાં, સૂતાં એને પ્રત્યેક ક્ષણે યાદ આવવું જોઈએ કે અસુરરાજને અપમાનિત કરવાનું શું પરિણામ આવી શકે!' મેં ઊંચે સાદે આદેશ આપ્યો અને સભાજનોએ એને વધાવી લીધો. હતાશભાવે માથું ધુણાવી રહેલા પ્રહસ્ત ભણી મેં ધ્યાન ન આપ્યું.

સંત્રીઓ દોડીને રુદ્રકને બોલાવી આવ્યા. એના માણસોએ મોટી આગ પ્રગટાવીને એના પર એક પાત્રમાં લોઢું ઓગાળવા માટે મૂક્યું. પરંતુ પછી જે થયું એ બધાંની કલ્પનાની બહાર હતું. હાથે-પગે બાંધેલાં દોરડાં જાણે તણખલાં હોય, એટલી સહેલાઈથી તોડી નાખીને હનુમાને કૂદકો માર્યો અને મેઘનાદના હાથમાંથી તલવાર ઝૂંટવીને દૂર ફેંકી દીધી.

જોનારા આઘાતમાંથી બહાર આવે એ પહેલાં તો હનુમાને અગ્નિ પરથી ધગધગતું પાત્ર ઉપાડીને મારા ભણી ફેંક્યું. મેં માથું નમાવીને જાતને બચાવી લીધી, પણ પાછળના રેશમી પડદા ભડભડ સળગી ઊઠ્યા અને જોતજોતાંમાં તો આગ ચારે તરફ પ્રસરી ગઈ. લોકોએ દોડાદોડી, ચીસાચીસ કરી મૂકી. સંત્રીઓ, સૈનિકોને સમજાતું નહોતું કે આગ ઠારવા પાણી નાખવું કે પોતાનો જીવ બચાવવો!

મને પણ કંઈ સૂઝતું નહોતું. માત્ર પ્રહસ્તમાં એટલું સાનભાન હતું કે, સભામાંથી ભાગી રહેલા હનુમાનને રોકવાનો પ્રયાસ કરે. પરંતુ એણે ફેંકેલી કટાર નિશાન ચૂકી ગઈ, અને બંને હાથમાં મોટાં સળગતાં લાકડાં લઈને હનુમાન નગરની દિશામાં દોડી ગયો. મેઘનાદે એની પાછળ દોટ મૂકી, પણ હવે મહેલના સ્થંભ, છત, બધુંયે બળીબળીને ધરાશયી થવા લાગ્યું હતું. એના પરથી કૂદીને જવું બહુ કઠીન હતું.

કાયરની જેમ મેં મેઘનાદને પાછા ફરવાનો સાદ પાડ્યો. વાનરને તો ગમે ત્યારે પકડી લેવાશે, પણ એ ક્ષણે મારો મહેલ બળી રહ્યો હતો, સર્વત્ર અંધાધૂંધી હતી. રુદ્રકના આદેશ બહેરા કાને અથડાતા હતા. દરેકને પોતાનો જીવ વહાલો હોય ને!

ધુમાડાથી બળતી આંખે હું રાણીવાસ ભણી દોડ્યો. ગરમી અસહ્ય હતી, કંઈ દેખાતું નહોતું અને લાકડાં–લોખંડના બળતા ટુકડા માથે પડી રહ્યા હતા. એક બારીમાંથી મેં બહાર ઝંપલાવી દીધું. પગનું હાડકું ભાંગી ગયું હોય એવી વેદના થઈ, પણ હું જેમતેમ ઊભો થઈને પાછો દોડ્યો. રાણીવાસમાંથી આવી રહેલી ચીસોએ મને બેબાકળો કરી નાખેલો.

મહેલના પરિસરની બહાર જોકે બીજા હજારો કંઠ કાળી ચીસો પાડી રહ્યા હતા. હનુમાને ઠેકઠેકાણે ચાંપેલી આગની જ્વાળાઓ હવે આકાશને કાળુંધબ્બ કરી રહી હતી. માણસો, પ્રાણીઓ, મકાનો, વૃક્ષો, બધુંયે અગ્નિના મુખમાં સ્વાહા થઈ રહ્યું હતું. જોકે એ ઘડીએ મારી દૃષ્ટિ સામે માત્ર મારી પત્ની અને મારાં સંતાનો હતાં. મારે એમની રક્ષા કરવાની હતી.

પણ કેવી રીતે કરું? મારી સામે હવે આગની દીવાલ ઊભી થઈ ગયેલી. ક્યાં હતા મારા મંત્રીઓ, સંત્રીઓ, સૈનિકો? મૂઢ થઈને હું બળતા મહેલને જોઈ રહ્યો.

પછી મેં એક કાળી આકૃતિને પવનવેગે રાણીવાસ તરફ ધસી જતી જોઈ. ચારેતરફ ભડકી રહેલી અગ્નિજ્વાળાઓની પરવા કર્યા વિના એ મહેલની અંદર જતો રહ્યો. કોઈ સાવ ગાંડો માણસ જ આવું કરી શકે. ફાટી આંખે હું જોઈ રહ્યો.

ત્યાં સુધીમાં પ્રહસ્ત અને બીજા મંત્રીઓ મારી પાસે આવી ગયા હતા. રુદ્રક ધીમેધીમે પરિસ્થિતિને હાથમાં લઈ રહ્યો હતો. રાજપરિસરમાં લાગેલી આગને બુઝાવવા માટે માણસો ઉપરાંત સાઈઠ જેટલા હાથીઓ કામે લાગ્યા હતા. પરંતુ મેં હવે અંદર કોઈ જીવીત રહ્યું હોવાની આશા મૂકી દીધેલી.

ત્યાં જ પેલી વ્યક્તિને મેં પાછી જોઈ. અંદર ગયો ત્યારે એ એકલો હતો, પણ રાણીવાસના

પહેલે માળેથી ઝંપલાવતી વખતે એની પીઠ પર કોઈ બીજુંયે હતું. મંદોદરી, મારી રાણી!

અમે બધાંય એની પાસે દોડી ગયા. ઘાસમાં પડેલી રાણી પર ઝૂકીને એને ભાનમાં લાવવાનો પ્રયાસ કરી રહેલા માણસે ઊંચું જોયું અને હું આંચકો ખાઈ ગયેલો. આ તો અતિકાયા હતો, મારો અનૌરસ પુત્ર. મંદોદરીને બચાવવા જતાં એના બંને હાથ ખાસ્સાં દાઝી ગયેલા. હું કંઈ બોલું એ પહેલાં તો અતિકાયાએ ઊભા થઈને પાછા બળતા મહેલની અંદર દોટ મૂકી.

આ વખતે અતિકાયાની પાછળ બીજા ઘણાં સૈનિકો પણ દોડી ગયા. અગ્નિની તીવ્રતા ધીમેધીમે ઓછી થઈ રહી હતી, પણ તોયે અંદર જવામાં જોખમ તો હતું જ. બહાર નગરમાં તો હજીયે પરિસ્થિતિ કાબૂમાં નહોતી આવી. ઊલટી વણસી રહી હતી.

મેઘનાદ અને જાંબુમાલિ, નગરવાસીઓને બચાવવાના કાર્યમાં જોડાઈ ગયેલા. રુદ્રક હજી પેલા વાનરને શોધી રહ્યો હતો. આ બધું મેં સાંભળ્યું, પણ મેં કોઈ લાગણી અનુભવી નહીં. આઘાતથી હું જડ થઈ ગયો હતો. સૈનિકો દ્વારા રાણીવાસમાંથી બહાર લવાઈ રહેલાં જીવતા, અર્ધબળેલાં, સાવ બળીને લાકડાં જેવાં થઈ ગયેલાં શરીરોને હું દૂરથી તાકી રહ્યો. પછી મારા કાને મંદોદરીનો અવાજ પહોંચ્યો, 'અક્ષય... મારો અક્ષય ક્યાં છે?' મારી મૂર્છા તૂટી. મેં આસપાસ જોયું. મારો નાનો પુત્ર આઠ વર્ષનો અક્ષયકુમાર ક્યાંય દેખાતો નહોતો. મારાં ગાત્રો શિથિલ થઈ ગયાં. પત્ની સાથે દૃષ્ટિ મેળવવા જેટલી હિંમત મારામાં નહોતી.

માંડમાંડ હું ઊભો થયો. પ્રહસ્તે સૈનિકોને બોલાવીને કંઈ આદેશ આપ્યા. એ બધાં મહેલ ભણી દોડી ગયા. 'હામ રાખજે, ભગવાન શિવ તારા પુત્રની રક્ષા કરશે.' મેં જાતને આશ્વાસન આપ્યું અને અક્ષયને શોધવાના પ્રયાસમાં જોડાયો.

પરંતુ અમારી મહેનત, પ્રાર્થના, કશુંયે કામમાં ન આવ્યું. થોડીવાર પછી મેં મારી પીઠ પાછળ કાળજું ફાટી જાય એવું આક્રંદ સાંભળ્યું અને સમજી ગયો કે શું થયું હતું. હું ઢગલો થઈને નીચે બેસી પડ્યો. મારા લોહી અને આંસુથી હું ક્યાંય સુધી ત્યાંની ઊની રાખને ભીંજવતો રહ્યો. કોઈએ મારી સામે આવવાનું સાહસ ન કર્યું. કદાચ એ જાણતા હતા કે આવા દુઃખમાં શાતા આપવાનું કે ભાગ પડાવવાનું અશક્ય હતું.

મારો વિષાદ માત્ર મારો હતો. ક્રૂર અને હૃદયહીન વિશ્વ સાથે હું કેવી રીતે મારું દુઃખ વહેંચી શકું. અને શું કામ? મારો પુત્ર નાનકડો રાજકુમાર જીવતો બળી મરેલો. કોલસો થઈ ગયેલી એ કાયાને મારે નહોતી જોવી. મારે તો મનમાં એના હસતા, સુંદર ચહેરાની છબી જ જીવંત રાખવી હતી.

ઝાંખા અજવાળામાં અતિકાયાની છાતી, ખભા અને માથા પર મુક્કીઓ મારી રહેલી મંદોદરીને મેં જોઈ. 'શું કામ તેં મને એકલીને બચાવી લીધી? મારો દીકરો મને વળગીને સૂતો હતો. તેં એને પાછળ છોડી દીધો, દુષ્ટ...પાપી...' મંદોદરીની ચીસો વાતાવરણને ખળભળાવી રહી હતી.

સામે અતિકાયા કોઈ પ્રતિકાર કર્યા વિના નતમસ્તકે ઊભો હતો. અક્ષકુમારને બચાવી ન શક્યાનો રંજ અને લજ્જા એના મનમાં હતાં કે પછી એણે જીવના જોખમે જેના પ્રાણની રક્ષા કરેલી. એની જ આવી વર્તણૂક જોઈને ક્રોધ આવી રહ્યો હતો? મને ખબર નહોતી અને પડીયે નહોતી. અતિકાયાની લાગણીઓનું શું મૂલ્ય જ્યારે મેં મારો પુત્ર ગુમાવી દીધેલો?

એક સમયનું લીલુંછમ ઘાસ હવે કાળું પડી ગયેલું. એના પર એવા જ કાળા, બનેલા દેહોને સૈનિકોએ કતારબંધ સુવાડ્યા હતા. મેં એમાંથી મારા અક્ષયકુમારને શોધી કાઢ્યો અને મારા હાથમાં ઉપાડી લીધો.

અર્ધબળેલો એનો ચહેરો મારી હાંસી ઉડાવી રહ્યો હતો. મારી સિદ્ધિઓ, મારી પ્રતિષ્ઠા, મારો ગર્વ... મારું આખુંયે જીવન રાખ થઈ ગયેલું. એક સંતાનને બચાવવા જતાં મેં બીજાનો ભોગ

આપી દીધેલો. જે લોકોની મારે રક્ષા કરવાની હતી, એમને જ મેં આજે મૃત્યુના મુખમાં ધકેલી દીધેલા. સેવકો મારા હાથમાંથી મૃતદેહ લેવા માટે દોડી આવ્યા, પણ મેં નકાર ભણી દીધો. આ ભાર મારો હતો અને મારે જ એકલે હાથે એને વેંઢારવાનો હતો.

પછી કાળી રાતના કાળજાને ચીરી નાખતું અટ્ટહાસ્ય મારા કાને અથડાયું, 'રાવણ, દુષ્ટ અસુર! તું આને જ લાયક છે. એક દિવસ મારા પતિ, અયોધ્યાનરેશ રામના હાથે તું અને તારા સ્નેહીજનો આવા જ મૃત્યુને પામશો.' સીતા, મારી પુત્રીએ ક્રૂરતાભેર હસીને શાપવાણી ઉચ્ચારી.


'પુત્રી, હું આવા દુઃખને લાયક હતો? અરે, તારે ખાતર તો મેં તારા નાના ભાઈનું બલિદાન આપી દીધું. કોણ જાણે ભવિષ્યમાં હજી બીજું કેટલું ગુમાવવું પડશે પણ જે થવાનું હોય તે થાય, હું હંમેશાં તારી પડખે ઊભો રહીશ. એકવાર મેં તારો ત્યાગ કરેલો, પણ હવે કોઈ કાળે એનું પુનરાવર્તન નહીં થાય. તારો પતિ કયા પ્રકારનો મનુષ્ય છે એની જાણ તો તને, તારા માથેથી આ વૃદ્ધ પિતાની છત્રછાયા દૂર થઈ ગયા પછી જ થશે. મારી વહાલી દીકરી, ત્યારે બહુ મોડું થઈ ગયું હશે.'

ઊંચે સાદે બૂમો પાડીપાડીને મારે સીતાને આ બધું સંભળાવવું હતું, પણ મારામાં જરા સરખીયે શક્તિ નહોતી બચી.

હાથમાં મારા નાનકડા રાજકુંવરને ઉપાડીને હું બસ ચાલતો ગયો. અંધકારમાં ક્યાંય તો એવો ખૂણો હશે, જ્યાં મારા ધગધગતા તનમનને શાતા વળશે, મારા આંસુ લૂછાશે, જ્યાં મારું માથું મૂકીને હું શાંતિથી આંખો મીંચી જઈશ. અનંતકાળની નિંદ્રામાં પોઢી ગયેલા મારા કાળજાના કટકાને તેડીને હું અંધારી રાતમાં ઊંડો ને ઊંડો ઊતરતો જ ગયો... ઊતરતો જ ગયો...

o

બળવા દો મારા નગરને



ભદ્ર

આખુંયે નગર ભડકે બળી રહ્યું હતું. સુરક્ષાદળના માણસોએ મને જ્યાં પૂરી દીધેલો, એ મકાન સુધી પણ આગ પહોંચી ગયેલી.

નગરમાં લાગેલી આગ ઠારવા, લોકોને મદદ કરવા, કે પછી પોતાનો જીવ બચાવવા માટે થાણાંના બધાય સૈનિકો, કર્મચારીઓ તો ક્યારનાય ભાગી છૂટેલા. હું તો કદાચ એમને યાદ પણ નહીં આવ્યો હોઉં. લાકડાનાં બારણાં, છત બધુંયે બળીબળીને નીચે પડવા લાગ્યું. એમાંથી માર્ગ કાઢતો, હાથ-પગ પછાડતો હું બહાર નીકળ્યો. એ ક્ષણે દાઝવાની પીડા કરતાં, જીવિત રહ્યાની રાહત વધુ મોટી હતી.

પરંતુ બીજા લોકો મારા જેટલા સદ્ભાગી નહોતા. ચારેતરફ અરાજકતા હતી. ઘર, દુકાનો, અરે દૂર દેખાતો મહેલ પણ આગની લપેટમાં આવી ગયેલાં. બ્રાહ્મણ, અસ્પૃશ્ય, ગુલામ, હજામ, વેપારી, વ્યસની, પૂજારી, જુગારી, નાના, મોટા, શ્રીમંત, ગરીબ... કોઈ જાતના પૂર્વગ્રહ કે પક્ષપાત વિના અગ્નિએ બધાંને પોતાના મુખમાં ઓરી દીધેલાં.

બળીને કોલસો થઈ ગયેલા મૃતદેહોની ઉપરથી કૂદકા મારતો હું નગરને છેવાડે આવેલા મારા ઘર ભણી દોડ્યો. નજીક પહોંચ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે, કુલીન સમાજે જેમને તરછોડીને દૂર રાખેલાં એ મારા જેવા લોકો અને એમના જીર્ણશીર્ણ ઝૂંપડાંઓ સુધી આગ પહોંચી નહોતી. ઘરની બહાર નીકળી આવેલાં સ્ત્રી-પુરુષો વિસ્ફારિત નેત્રે દૂર આકાશમાં દેખાતી જ્વાળાઓ અને ધુમાડા જોઈ રહ્યાં હતાં. બે-ત્રણ જણે મને અટકાવીને પૂછતાછ કરવાનો પ્રયાસ કર્યો, પણ મારા પગ થોભ્યા નહીં.

છોને આખુંયે નગર બળીને રાખ થઈ જતું, એમાં રહેતાં બધાંયે નર-નારી ને બાળકો જીવતાં ભૂંજાઇ જતાં... મારે તો મારા ઘરની અંદર જઇને અંદરથી કમાડ વાસી દેવાં હતાં. રાજાઓ એમના મહેલો, ગુપ્તચરો, રાજકારણી જીવલેણ ખટપટો.... આ બધુંયે પાછળ છોડીને મારે તો મારા ઘરમાં, મારી પત્ની પાસે પહોંચી જવું હતું.

જોકે, ઘેર પહોંચીને મેં બધીયે વાતથી અજાણ, ઘસઘસાટ સૂતેલી મારી પત્નીને જોઈ, ત્યારે આનંદ કે રાહતને બદલે ચીડ ચઢી. એને બેચાર અપશબ્દો સુણાવીને હું મારી પથારી ભણી વળ્યો. મારે પણ માથે ઓઢીને સૂઈ જવું હતું. મારી ગોદડી પર પહેલેથી કોઈએ સ્થાન જમાવી દીધેલું.

અંધારામાં પહેલાં તો મને કંઈ સ્પષ્ટ દેખાયું નહીં. મેં મારી કેડે હાથ ફેરવ્યો. હંમેશાં ત્યાં લટકતી કટાર આજે મળી નહીં. બીકનો માર્યો હું પાછળ હટવા ગયો ત્યાં ધીમો, ધ્રૂજતો અવાજ સંભળાયો, 'પિતાજી!'

'કોણ?' મારું અંગેઅંગ કંપી ઊઠ્યું.

'હું અતિકાયા.'

'હું, તૂ, તૂ, મૂઢ....' પથારીમાં બે હાથ વચ્ચે માથું પકડીને બેઠેલા ઓળા તરફ હું આગળ વધ્યો. પણ પછી અતિકાયાએ ઉચ્ચારેલા શબ્દો સાંભળીને મારા પગ જમીન સાથે જડાઈ ગયા. 'મેં રાજકુંવરને મારી નાખ્યો... મારી નાખ્યો...'

'હેં? આ મૂરખે મેઘનાદની હત્યા કરી નાખી? હવે શું થશે? જાતજાતના વિચારો મને ઘેરી વળ્યા. ત્યાં સુધીમાં જાગી ગયેલી મારી પત્નીએ એનો બબડાટ શરૂ કરી દીધો.'

'ચૂ...પ' મેં ત્રાડ પાડીને એને મૂંગી કરી. પછી અતિકાયા પાસે જઈને એના ખભા પકડીને હચમચાવી નાખ્યો. 'ભાનમાં આવ મંદબુદ્ધિ અને મોઢામાથી ચોખ્ખેચોખ્ખું ફાટ કે તેં શું કર્યું...'

બે-ચાર તમાચા ખાધા પછી અતિકાયાની સાન થોડી ઠેકાણે આવી. તૂટક તૂટક અવાજે એણે રાજમહેલમાં બનેલી ઘટનાઓનું વર્ણન કર્યું.


સાંભળીને મેં હાશકારો અનુભવ્યો. મારા બુદ્ધિહીન દીકરાએ કોઈ રાજકુંવરને માર્યો નહોતો. ઊલટું એણે તો જીવના જોખમે રાણીની રક્ષા કરેલી. અતિકાયાની વીરતા વિશે જાણીને મેં આનંદ અને ગર્વની લાગણી અનુભવી. પણ પછી તરત એના સ્થાને કટુતા ફરી વળી. રાજા કે એની ફરતે રહેતા રૂડારૂપાળા લોકોમાંથી કોઈ અમારા જેવા લોકોના શૌર્યની નોંધ નહીં લે. કોઈ કવિઓ અમારી વીરતાનાં ગીતો નહીં ગાય... પણ મરવા દો એમને...'

આડુંઅવળું બબડી રહેલો મારો પુત્ર, અને એને શાંત પાડવા મથી રહેલી એની માને મૂકીને હું ઘરની બહાર નીકળ્યો. પૂર્વમાં સૂર્યોદય અને પશ્ચિમમાં બળતા નગરમાંથી નીકળતી જ્વાળાઓ આકાશને રાતું બનાવી રહ્યા હતા. સવાર પડવામાં થોડી વાર હતી. આળસ મરડીને મેં નદી તરફ ચાલવાનું શરૂ કર્યું.

એક સુંદર નગરને, મહેલને બાળીને, સેંકડો નિર્દોષ સ્ત્રી-પુરુષ-બાળકને મારીને એ વાનર-માનવને શું મળ્યું હશે?

o

શાંતિનો દૂત



રાવણ

અંતે પ્રહસ્તના આગ્રહ સામે મારે નમતું જોખવું પડ્યું. હું મારા બળેલાઝળેલા રાજમહેલની ચાર દીવાલની અંદરથી બહાર નીકળ્યો.

પ્રહસ્તનું કહેવું હતું કે રાજા તરીકે મારું કર્તવ્ય હતું કે પ્રજાની વચ્ચે જઈને હું એમનાં દુઃખ જોઉં, સાંભળું, એમને ધૈર્ય બંધાવવાનો પ્રયાસ કરું. પછી એ દુઃખોનાં નિરાકરણ વિશે પગલાં ભરું.

સાંભળીને પહેલાં તો મને બહુ ગુસ્સો આવ્યો. મેં ઘાંટા પાડ્યા. એને મંત્રીપદેથી દૂર કરવાની, અરે એનું માથું વધેરી નાખવાનીયે ધમકીઓ આપી. પરંતુ પ્રહસ્ત શાંત પણ મક્કમભાવે પોતાની વાતને વળગી રહ્યો કે, રાજા તરીકે મારે મારા કર્તવ્યનું પાલન કરવું જોઈએ. છેવટે પરાણે હું એની સાથે નગરની સ્થિતિ જોવા માટે નીકળ્યો.

જે જોયું એ હૈયું વલોવી નાખે એવું હતું. ભુલાઈ ગયું કે હું રાજા હતો. એમનાં દુઃખ મારાં હોય એવું લાગ્યું. લોકોનાં ઘર બળીને રાખ થઈ ગયેલાં. જાહેર રસ્તા પર ભાંગીતૂટી ઘરવખરી વેરણ-છેરણ પડી હતી, મરેલાં જાનવરોનાં મડદાં ગંધાતાં હતાં. રસ્તાને નાકે ઊભેલાં સ્ત્રી-પુરુષના ચહેરા પરથી લાગતું હતું કે હજુ એમને આઘાતમાંથી કળ નહોતી વળી. ક્યાંક મેં ઉકરડામાં બળ્યાઝળ્યા માનવ અવશેષ જોયા.

મારો જીવ મોળો થવા લાગ્યો. આંખો મીંચીને મહેલ ભણી દોટ મૂકવાની ઇચ્છા થતી હતી. અહીં મેં જોયું, એની તુલનાએ મારા પુત્રના મૃત્યુનું દુઃખ ઓછું લાગવા માંડેલું. પુત્રના સ્મરણની સાથે જ મારા મનમાં ધરબી દીધેલી બીજી અનેક લાગણીઓનો જ્વાળામુખી ફાટી પડ્યો. આંખમાંથી વહેવા લાગેલાં અશ્રુઓને ખાળવાનું હવે શક્ય નહોતું. મને આવી પરિસ્થિતિમાં મૂકી દેનારો પેલો વાનર-નર, પ્રહસ્ત, કુદરત, આખીયે સૃષ્ટિ પર મને ક્રોધ આવી રહ્યો હતો.

માર્ગ પરના કાદવકીચડથી મારાં વસ્ત્રો, પગરખાં ખરડાઈ ગયેલાં. પવનની લહેરખીની સાથે, સહી ન શકાય એવી દુર્ગંધ આવીને મારા નાકમાં પેસી ગઈ. મારાથી સહન ન થયું. હું વાંકો વળ્યો અને પેટમાં હતું એ બધું બહાર આવી ગયું.

ગમે ત્યારે ભાંગી પડે એવા ઘરને બારણે ઊભેલી એક વૃદ્ધાએ મારી સામે જોયું અને પછી ચીસો પાડતી બહાર ધસી આવી. હું સાદાં વસ્ત્રોમાં હતો તોયે એણે મને ઓળખી લીધેલો.

'રાક્ષસ, જોઈ લે, તારી વાસનાને કારણે અમારા કેવા હાલ થયા છે!' એણે છાતી કૂટતાં કહ્યું. એને રોકવા ગયેલા પ્રહસ્તને વૃદ્ધાએ જોરથી ધક્કો મારીને દૂર ખસેડી દીધો. 'લોહી-પાણી એક કરીને મેં મારા બે દીકરાને મોટા કરેલા. એ જતા રહ્યા. એમની પત્નીઓ, બાળકો, બધાંય ગયાં. તારા ભોગવિલાસની આગમાં હોમાઈ ગયાં... ઘરમાં આવી દેવી જેવી સુંદર પવિત્ર પત્ની છે, તોયે તું એક દેવ-સ્ત્રીની પાછળ પડ્યો અને એણે અમારું ધનોતપનોત કાઢી નાખ્યું...'

વૃદ્ધાનું આક્રંદ સાંભળીને લોકો અમારી ફરતે ટોળે વળવા લાગ્યા. એમના ચહેરા પર દુઃખની

સાથે હવે ધિક્કાર અને ક્રોધ હતો. આવેશમાં આવીને કોઈ બબડવા લાગેલું તો કોઈના હાથની મુઠ્ઠીઓ વળી ગયેલી. આ બધાં મળીને મને મારી નાખશે એવા ભયથી મૂઢ થઈને હું ઊભો રહ્યો.

હું કેવો શાસક હતો? મને મારી જાત પ્રત્યે ઘૃણા થવા લાગી. મેં અને મારા આ લોકોએ રાત-દિવસ પરિશ્રમ કરીને, પસીનો પાડીને જે લંકાનું નિર્માણ કરેલું એ અત્યારે છિન્નભિન્ન થઈ ગઈ હતી. રાજા તરીકે હું નિષ્ફળ નીવડ્યો હતો. એક વાનરની સામે મારી પ્રજાનું રક્ષણ નહોતો કરી શક્યો. પિતા તરીકેનું કર્તવ્ય પણ મેં પૂરું નહોતું કર્યું. મારો પુત્ર આગમાં જીવતો ભૂંજાઈ ગયો અને હું જોઈ રહ્યો. હું નિર્માલ્ય હતો. વાસ્તવિકતાનું ભાન કરાવવા માટે પણ પ્રહસ્તે મને ધક્કો મારવો પડેલો.

મારા પગ ઊભા રહેવાની શક્તિ ગુમાવી બેઠા. હું નીચે ઢળી પડ્યો. ધ્રૂજતા હાથ લાંબા કરીને મેં પેલી વૃદ્ધાના પગને સ્પર્શવાનો પ્રયાસ કર્યો, 'મા, મને ક્ષમા કરી દે.'

ત્યાં ઊભેલા લોકો હેબતાઈ ગયા. પ્રહસ્તે મને ટેકો દઈને ઊભો કર્યો. પણ હવે પેલી વૃદ્ધા મારા પગે પડી ગઈ. 'ક્ષમા કરી દો મહારાજ, તમે તો અમારા રાજા, અમારા અન્નદાતા છો....' બોલતાં બોલતાં એ રડી પડી.

થોડીવાર પહેલાં મારા પ્રાણ લેવા તૈયાર થઈ ગયેલા લોકોએ હવે રસ ગુમાવી દીધો. ટોળું વિખેરાવા લાગ્યું. મારા વૃદ્ધ પણ સશક્ત પ્રધાનમંત્રીના ખભે હાથ મૂકીને, ભાંગેલા પગે હું મારા અર્ધબળેલા મહેલ તરફ પાછો ફર્યો.

'જય હો, રાવણ' અચાનક માર્ગની એક બાજુએથી કોઈએ સાદ પાડ્યો. બીજી જ ક્ષણે હર હર મહાદેવના પોકારથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. 'મહારાજ, મરતાં સુધી અમે તમારો સાથ નહીં છોડીએ.' કોઈએ બૂમ પાડી. 'દેવોને આ ધરતી પરથી ઉખાડીને ફેંકી દઈશું.' સામે બીજાએ કહ્યું અને પછી તો વધુ ને વધુ લોકો આમાં જોડાતા ગયા.

'તમે આગળ ચાલો, અમે તમારી પાછળ આવીશું. આપણા પર થયેલા આ જંગલી આક્રમણનો જડબાતોડ જવાબ આપીશું. મહારાજ, એક એક ઈંટ ભેગી કરીને આપણે ફરીથી નવી લંકા ઊભી કરીશું.' સેંકડો મુખમાંથી નીકળી રહેલા આવા શબ્દોએ મારી રગેરગમાં નવી શક્તિનો સંચાર કરી દીધો. કૂદકો મારીને હું એક ઊંચી જગ્યાએ ચઢી ગયો. હવે મને પ્રહસ્તની કે બીજા કોઈની બીક નહોતી. મારા લોકો હવે મારી સાથે હતા.

હતાશાના સ્થાને હવે નવા પ્રકારનો ઉત્સાહ હતો, ક્રોધ હતો, પણ શત્રુની સામે! તડકામાં હજારો તલવારો ઝગારા મારી રહી હતી. મેં હાથ ઊંચો કર્યો અને મેદનીએ સામે ગગનભેદી પોકાર પાડ્યો.

'ચાલો, આપણે લંકાનું નવનિર્માણ કરીએ.' મેં ગર્જના કરી. સામે 'હર હર મહાદેવ'ના ઘોષ થયા.

'શિવના સોગન છે આપણને, લંકાવાસીઓ પર આમ જંગલીની જેમ ત્રાટકનારા વાનર અને દેવોને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દઈશું!' મેં કહ્યું.

'હા... હા... બરાબરનો પાઠ ભણાવી દઈશું...' સામે તલવારો ઊંચી થઈ.

મારી બાજુમાં ઊભેલા પ્રહસ્તના ચહેરા પર હવે સ્મિત હતું. મેં એની તરફ ઝૂકીને કહ્યું, 'લંકાને નવેસરથી ઊભી કરવાનું કાર્ય આરંભી દઈએ.' એ જ ઘડીએ આદેશ અમલમાં મૂકવાનો હોય એટલી સ્ફૂર્તિ સાથે પ્રહસ્ત ત્યાંથી નીકળી ગયો. એણે હાથમાં લીધેલા કામમાં કચાશ કે ઢીલાશને અવકાશ નહોતો.

બળીને રાખ થઈ ગયેલા નગરને ફરીથી બનાવીને, એની ખોવાયેલી ભવ્યતા પાછી લાવવાની હતી. આ સાંભળીને મારા થોડા ઘેલા પણ સ્થાપત્યકલા અને તંત્રવિદ્યામાં માહેર શ્વસુર, મય તો

હર્ષથી નાચી ઊઠ્યા. એમણે જઈને પ્રહસ્ત સાથે માથાકૂટ શરૂ કરી દીધી. ચારે તરફ ઉત્સાહનો સાગર ઊછળવા લાગ્યો.

પરંતુ એ બધું પાછળ રહી ગયું, જ્યારે મેં મહેલમાં પગ મૂક્યો. બારી પર ઢાળેલા પડદામાંથી ચળાઈને આવતો આછો પ્રકાશ કે મંદ અવાજો મારા કક્ષમાં પથરાયેલા વિષાદને દૂર કરવા અસમર્થ હતા. હવે હું એકલો હતો. આ ચાર દીવાલોની વચ્ચે હું સમ્રાટ નહીં, માત્ર એક દુઃખી પિતા હતો.

મહેલની બહાર મેં જે આપ્યું, મને જે મળ્યું એ પણ બધું હવે ખોખલું ભાસવા લાગ્યું. પેલી વૃદ્ધાના પગે પડી ગયો ત્યારે ખરેખર એનું દુઃખ મને સ્પર્શી ગયેલું, કે પછી રોષે ભરાયેલા ટોળાથી બચવા માટે મેં નાટક કર્યું હતું? મારી અંગત મહત્ત્વાકાંક્ષાઓને પરિણામે જે લોકોનું બધુંયે છીનવાઈ ગયેલું, એમનો પ્રેમ અને આદર મેળવવાની લાયકાત ખરેખર મારામાં હતી?

મહાબલિની સમક્ષ મેં સ્વાર્થ અને લાલચને માનવવિકાસના બે મહાન સ્થંભ ગણાવ્યા હતા. આજે હવે એવું કેમ લાગી રહ્યું હતું કે, એ બે ગુણોને વશ થઈને હું મારી પ્રજાને સર્વનાશ ભણી દોરી ગયેલો?

ખંડનું બારણું ખૂલવાનો અવાજ આવ્યો અને ધીમે પગલે મંદોદરી અંદર દાખલ થઈ. મેં એની સામે જોવાનું ટાળ્યું. હું નહોતો ઇચ્છતો કે મારી ભીની થયેલી આંખો એ જોઈ લે. પણ એણે બાજુમાં બેસીને મારે ખભે હાથ મૂક્યો, અને માંડમાંડ રોકી રાખેલા મારાં અશ્રુ ખળખળાટ બહાર વહી નીકળ્યાં.

'હું હંમેશાં તમને સાથ આપીશ. સીતા આપણી પુત્રી છે. હવે જે પણ થાય એનો પ્રતિકાર આપણે સાથે મળીને કરીશું.' મંદોદરી બોલી.

મેં માથું ધુણાવ્યું. સીતાને મારી છત્રછાયાની જરૂર ન હોય તો શું કામ એને ખાતર મારે મોટા બલિદાન આપવા જોઈએ?

એ ઘડી સુધી મેં સીતાને રામ પાસે પાછી મોકલવાનો વિચાર સુધ્ધાં નહોતો કર્યો. પણ હવે લાગતું હતું કે એમાં જ બધાંનું ભલું હતું. મારી એક પુત્રીને બચાવવા માટે મારે સેંકડો માતાઓના નિસાસા નહોતા લેવા. મારે માત્ર પોતાનો નહીં, મારી પ્રજાનો પણ વિચાર કરવાનો હતો. બસ, બહુ થયું, હું હમણાં જ વિભીષણને બોલાવીને કહી દઉં કે, સીતાને પાછી રામ પાસે લઈ જા!

હું કંઈ બોલ્યો નહોતો, પણ મંદોદરીએ મારા મનમાં ચાલતા વિચારો વાંચી લીધા હોય એમ મક્કમભાવે કહ્યું, 'ના, રાવણ, ના. દેવો એમની સ્ત્રીઓ સાથે કેવી વર્તણૂક કરે છે એ આપણે જોયું છે. આપણી સાથે આટલો સમય રહીને ગયેલી સીતાને એ લોકો અશુદ્ધ, અપવિત્ર ગણી લેશે. આપણે એક પુત્ર તો ગુમાવી દીધો. મારે હવે આ પુત્રીને નથી ગુમાવવી.'

દરવાજે હળવા ટકોરાની સાથે સંત્રીનો અવાજ આવ્યો, 'સભામાં પ્રહસ્ત તમને મળવાની અનુમતિ માંગે છે.'

મંદોદરી સામે જોયા વિના હું ઊભો થયો. કક્ષમાં એક તરફ રાખેલા પાત્રમાંથી ઠંડું પાણી લઈને મેં ચહેરા પર બે-ચાર છાલક મારી અને પછી દર્પણમાં જોયું. સામે એક થાકેલા, નિસ્તેજ વૃદ્ધ પુરુષનું પ્રતિબિમ્બ દેખાયું. માથે ધોળા વાળ, ચહેરા પર વધી ગયેલી દાઢી, સૂઝેલી આંખોની ફરતે કાળાં કુંડાળાં અને કરચલીઓ...

આ હું હતો? યુવાની ક્યાં જતી રહી? ઈશ્વરને પણ આહ્વાન આપનારો રાવણ ક્યાં ગયો? અગણિત સ્ત્રી-પુરુષોનાં લોહીથી ધરતી ભીંજવીને, એના પર ભવ્ય અસુર સામ્રાજ્ય ઊભું કરનારો સમર્થ યોદ્ધો ક્યાં ગયો? અસુરોને એમનું રોળાઈ ગયેલું સન્માન અને કીર્તિ પાછાં આપનારો મહાબલિથીયે વધુ પ્રતાપી અસુરરાજ, આ મોતીબેટથી માંડીને નર્મદાના દક્ષિણ

કિનારા સુધીના પ્રદેશ પર એકચક્રી શાસન કરનાર શૂરવીર ક્યાં ખોવાઈ ગયો? પ્રકૃતિ, સંગીત, કલા અને જીવન માટેનો બધોયે રસ ક્યારે સુકાઈ ગયો? રાવણ ક્યાં હતો?

આ પ્રશ્નનો જીવતોજાગતો ઉત્તર મારા ખંડના બારણે ઊભો હતો. યુવાન રાવણની પ્રતિકૃતિ જેવો મારો પુત્ર મેઘનાદ. એની આંખોમાં આખુંયે વિશ્વ જીતી લેવાનાં સપનાં તરવરતાં હતાં. એનું જીવન તો હજી હવે શરૂ થયું હતું. હાથ લંબાવીને એ મને હતાશાની ગર્તામાંથી બહાર લઈ આવ્યો. 'પિતાજી, સમિતિના સભ્યો તમારી રાહ જુએ છે.' એણે કહ્યું.

મેં મારું અંગવસ્ત્ર સરખું કરીને મેઘનાદને ખભે હાથ મૂક્યો. જાત પર દયા ખાઈને બેસી રહેવાનો આ સમય નહોતો. મારા માથે દેશ ચલાવવાની જવાબદારી હતી.

સભામાં પ્રવેશતાંની સાથે મારી અવઢવ, હતાશા, મંદોદરીનું રુદન, આ બધુંયે વિસારે પડી ગયું. લંકાપતિ, આ પૃથ્વી પરના સહુથી મહાન સમ્રાટે એના સિંહાસન પર સ્થાન લીધું. હજી તો ઘણાં યુદ્ધો કરવાનાં હતાં.

સીતાને ખાતર રામને તો હું જીવતો છોડવા તૈયાર હતો, પણ મારી બહેનની દુર્દશા કરનારા લક્ષ્મણ અને લંકામાં વિનાશ વેરી દેનારા હનુમાનનું ગળું ચીરી નાખવા માટે મારા હાથ સળવળતા હતા. હંમેશની જેમ સમિતિના સભ્યો લાંબી ચર્ચા-વિચારણાઓમાં ગૂંથાઈ ગયા. મારી ધીરજ ખૂટવા લાગી. મારા જેવી જ અધીરાઈ મેં મેઘનાદના ચહેરા પર પણ જોઈ લીધી. અમે યુદ્ધ માટે થનગનતા હતા.

પરંતુ વિભીષણે કહ્યું કે, સુલેહ માટે એક અંતિમ પ્રયત્ન કરી લેવો જોઈએ. સંધિનો પ્રસ્તાવ લઈને એ પોતે અમારા વતી રામ પાસે જવા તૈયાર હતો.

પ્રહસ્તને આ જરાયે ગમ્યું નહીં. લંકાનો રાજકુમાર શાંતિનો સંદેશ લઈને જાય, અને પેલા જંગલી લોકો એને પકડીને બાનમાં રાખી લે તો? અંતે એવો નિર્ણય લેવાયો કે, વિભીષણ એની સાથે મોટું સૈન્ય લઈને રામને મળવા જાય અને સમુદ્રમાંથી વરુણનું નૌકાદળ એને રક્ષણ આપે.


વિભીષણે એવીયે ખાતરી આપી કે, રામ શાંતિ અને સમજાવટની ભાષા ન સમજે તો બળપ્રયોગ દ્વારા રામને બંદી બનાવીને એ લંકા લઈ આવશે, પરંતુ પ્રહસ્ત હજી માનવા તૈયાર નહોતો. એનો મત હતો કે વધુ વિલંબ કર્યા વિના રામના નાના, નબળા સૈન્ય પર ત્રાટકીને એમને ઊંઘતા જ ઝડપી લેવા જોઈએ. આદર્શ યુદ્ધના નીતિનિયમો અહીં લાગુ નહોતા પડતા. અસુર રાજકુંવરીના નાક-કાન કાપીને, લંકામાં આતંક ફેલાવીને આમેય રામ-લક્ષ્મણે યુદ્ધની જાહેરાત તો કરી જ દીધેલી.

પરંતુ વિભીષણે શાંતિ મંત્રણાની વાત પકડી રાખી. અંતે કંટાળીને મેં એની વાત માની લીધી. પ્રહસ્તના રોષનો પાર નહોતો રહ્યો, પણ મેં એકવાર નિર્ણય સુણાવી દીધો પછી એને અમલમાં મૂકતાં એણે વાર ન લગાડી. અસુર સૈન્યના સહુથી કુશળ અને અનુભવી યોદ્ધાઓને એણે વિભીષણ સાથે મોકલવાની તૈયારી આદરી દીધી.

થાક્યાપાક્યા મેં સભા વિખેરી અને મારા કક્ષમાં હું પાછો ફર્યો. થોડા કલાકો પહેલાં જ મેં મારા હાથે, મારા નાના પુત્રની ચિતાને અગ્નિદાહ આપ્યો હતો. હવે બધુંયે ભૂલીને મારે નિંદ્રાદેવીને શરણે જવું હતું.

o

યુદ્ધના પડઘમ



ભદ્ર

યુદ્ધનાં વાદળ ઘેરાઈ રહ્યાં હતાં. બજારમાંથી જીવનજરૂરિયાતની વસ્તુઓ અદૃશ્ય થવા લાગી. જે મળતું હતું એ ખરીદવાની ત્રેવડ અમારામાં નહોતી. માઠા દિવસો આવી ગયેલા.

જોકે અમારા માટે તો સારા-માઠા બધાંયે દિવસ લગભગ સરખા જ હતા. માથે તોળાઈ રહેલા યુદ્ધ વિશે અમે અંદરોઅંદર ચર્ચા કરતા હતા. યુવાન પેઢીમાંથી ઘણાંયે યુદ્ધ તો બાજુએ રહ્યું, નાનીસરખી લડાઈ પણ નહોતી જોઈ. હા, એમાંથી થોડા જણ મેઘનાદ સાથે ઉત્તરનાં રાજ્યો જીતવા નીકળ્યા હતા. પણ એ બધો રક્તપાત દૂરદૂર, પારકી ભૂમિ પર થયો હતો. ત્યાં લૂંટાયેલા, મરેલા લોકો અમારા જેવા ભૂખ્યા ગરીબો જ હતા. માત્ર તેમની જાતિ અને ત્વચાનો રંગ જુદાં હતાં, પણ હવે યુદ્ધની દુંદુભિ ઘરઆંગણે વાગી રહી હતી. શિયાળાના ધુમ્મસમય વાતાવરણમાં પ્રસરી ગયેલો ભય જવાનું નામ નહોતો લેતો.

અમારા ભાગ્યમાં મૂર્ખ રાજા લખાયો હતો. એને કંઈ સમજાતું જ નહોતું. અરે, રસ્તે ચાલતા સામાન્ય માણસને પૂછો તો એ પણ કહી દે કે રાજકુમાર વિભીષણ કેટલો દંભી અને દુષ્ટ હતો! વિભીષણ અને વરુણને વાજતેગાજતે રામ પાસે મોકલવાનું ભોળપણ કે ભોટપણું તો રાવણ જ દાખવી શકે.

થોડા દિવસ પહેલાં ઢોલનગારાં વગાડતા, કિકિયારીઓ પાડતા હજારો અસુરો દરિયાકાંઠે એકઠા થયા હતા. રાજ્યનું આખુંયે નૌકાદળ સમાઈ જાય એવા વિશાળકાય બેંતાલીસ વહાણો અને પોણાભાગનું અસુર સૈન્ય લઈને, રામ પાસે જવા નીકળેલા વિભીષણને સહુએ ભાવભરી ભવ્ય વિદાય આપી.

જોકે બધાં જાણતાં હતા કે શાંતિમંત્રણા માત્ર દેખાવ પૂરતી હતી. બાર-પંદર દિવસમાં જ રામને બંદી બનાવીને વિભીષણ પાછો આવવાનો હતો, એવું કહેવાયેલું. પણ વીસ દિવસ વીતી ગયા. સામેથી કંઈ સમાચાર આવ્યા નહીં. જાતજાતની અફવાઓ ચાલી રહી. કોઈએ કહ્યું કે, મહાબલિપુરમ્ના દરિયાકિનારે શિવ મંદિર પાસે વાનરસેનાએ અસુરોને ભોંયભેગા કરી દીધેલા. પણ મારા જેવા સંશયી જીવોને શંકા પડવા લાગેલી કે વિભીષણ અમારો દ્રોહ કરીને, રામના પક્ષમાં જઈને બેસી ગયો કે શું?

પછી રાજમહેલમાંથી સત્તાવાર જાહેરાત થઈ. અમારી શંકા સાચી ઠરી. રાજકુમાર વિભીષણ અને નૌકાદળના ઉપરી વરુણ શત્રુ સાથે ભળી ગયા હતા.

રાજાના નાનાભાઈની ધૃષ્ટતા અજોડ હતી. એણે રાવણને સંદેશ મોકલાવ્યો કે, 'રામને સીતા અને વિભીષણને લંકાની ગાદી સોંપી દો. વરુણે લેખિત સંદેશ આપ્યો કે, રાવણ હવે અસુરોનો રાજા નહોતો, કારણ કે મહાબલિપુરમ્માં રામે વિભીષણનો અસુરરાજ તરીકે રાજ્યાભિષેક કરીને એને લંકાપતિ ઘોષિત કરી દીધેલો.

અસુરોનું આખેઆખું નૌકાદળ અને મોટાભાગનું સૈન્ય હવે દેવોની પડખે હતું. વિભીષણ

અને વરુણે મોકલેલા પત્રમાં સ્પષ્ટ લખ્યું હતું કે, લંકામાં ફરીવાર વિનાશ ન નોતરવો હોય તો શાંતિથી વિભીષણને રાજગાદી સોંપીને રાવણે એના પરિવાર સાથે હિમાલયમાં જતા રહેવું.

રાવણ કેમ કરીને આવું સાંખી લે? એણે લંકાવાસીઓને એમની માતૃભૂમિનું રક્ષણ કરવા માટે હાકલ કરી. હવે સાચું પૂછો તો રાવણના રાજમાં કંઈ બધેબધા લોકો સમાન અને સુખી નહોતા. રંગભેદ અને જાતિવાદનું દૂષણ તો એ સમયે પણ સમાજમાં પ્રસરવા લાગેલું. શોષિતવર્ગમાં રોષનો ચરુ ઊકળી રહ્યો હતો. પરંતુ અંદરખાને અમે એ પણ જાણતા હતા કે આ બધા માટે માત્ર રાવણ જવાબદાર નહોતો. ઊલટું ઉત્તરભારતથી અમારે ત્યાં પગપેસારો કરવા માંડેલી જ્ઞાતિપ્રથાને નાથવા માટે રાવણે પ્રહસ્ત સાથે મળીને ઘણાં પ્રયાસ કરેલા. અમને ખબર નહોતી કે એમના જ ભાઈ વિભીષણ અને તેના બ્રાહ્મણ ગોઠિયાઓ પાછલે બારણેથી એ બધી કુપ્રથાઓને અંદર દાખલ કરી રહ્યા હતા.

હવે એ જ વિભીષણે રાવણને સત્તાભ્રષ્ટ કરવાનો પડકાર ફેંકેલો. રાવણના રાજમાં અમને આટલો ત્રાસ હતો, તો પછી વિભીષણ અને બ્રાહ્મણોના હાથમાં સત્તા આવે તો તો અમારા કેવા હાલહવાલ થાય, એની કલ્પના જ ધ્રુજાવી નાખનારી હતી.

દેવો અને અસુરો વચ્ચેના અંતિમ યુદ્ધ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ. આ યુદ્ધ બે રાજા કે રાજ્યો વચ્ચે નહીં, પણ બે સંસ્કૃતિ વચ્ચે હતું. વર્ષો પહેલાં ઇન્દ્રએ ભારત પર આક્રમણ કર્યું, ત્યારે અસુર સંસ્કૃતિને બચાવવા માટે દસ અસુર રાજાઓ રણે ચઢ્યા હતા. આજે ફરી એવી જ પરિસ્થિતિ આવીને ઊભી રહી ગયેલી. સમાનતા અને સ્વતંત્રતાના આદર્શ પર અમારી જીવનશૈલી ઘડાઈ હતી. ભૌતિક સુખો કે ભોગવિલાસનો અમને છોછ નહોતો. અમારા માટે જીવન માત્ર જીવવા જેવું નહીં, ઊજવવા જેવું હતું. હવે એ બધાથી વિરુદ્ધ ગણાતી સંસ્કૃતિના લોકો સામે અમારે ઝૂઝવાનું હતું. આ લડાઈ હવે રામ-રાવણની અંગત બાબત નહોતી રહી.

પ્રારંભમાં તો સીતાને ઉપાડી લાવવા બદલ રાવણને લોકોએ ખૂબ ગાળો આપી હતી. અમને લાગ્યું કે રાવણ એ દેવનારીના રૂપ પાછળ ઘેલો થયેલો. પરંતુ પછી છાને ખૂણે ગણગણાટ શરૂ થયો અને જોતજોતામાં ચારે બાજુ પ્રસરી ગયો કે સીતા તો અમારી અસુર રાજકુંવરી હતી, રાવણની પુત્રી હતી. પછી એને રામના હાથમાં સોંપતાં અમારો જીવ ચાલે?

જોકે મારા માટે રાવણને ક્ષમા આપવાનું શક્ય નહોતું. અતિકાયા એનો જ પુત્ર હતો, પણ રાવણે એને હંમેશાં હડધૂત કરેલો. સીતાને ખાતર એ દેવો સામે લડવા સજ્જ થઈ ગયેલો. એનું કારણ એટલું જ કે એ કુલીન કુળની, ઉચ્ચ વર્ણી માતાની કૂખે જન્મી હતી. પણ મારા પ્રિય અતિકાયાને એક કાળી, ગરીબ, ગુલામ માતાએ જણેલો. એ બાપડાનું કોઈ મૂલ્ય નહોતું.

જ્યાં જુઓ ત્યાં યુદ્ધની વાતો થતી હતી. રુદ્રક એના સૈનિકોને રોજ શેરીઓમાં કૂચ કરાવતો હતો. સૈનિકો અને સુરક્ષાકર્મીઓ સતત તાણમાં રહેતા હતા. વાતે વાતે સામાન્ય પ્રજાજનો પર ઘાંટા પાડતા કે એમને ઝૂડી નાખતા હતા. કિલ્લાની બહાર અને બંદરગાહ પાસે રહેતા લોકો એમનાં પશુઓનાં ટોળાં સાથે નગરની અંદર રહેવા આવી ગયેલાં. એમણે રસ્તાની બંને બાજુ પોતાનાં ગોદડાં પાથરી દીધાં હતાં.

પછી માછીમારો સમાચાર લાવ્યા કે વાનરસેના સમુદ્ર પર સેતુ બાંધી રહી હતી. આવું તો ક્યારેય કોઈએ જોયું નહોતું અને સાંભળ્યુંયે નહોતું. અમને ભારે અચરજ થયું, ભય પણ લાગ્યો. જેમજેમ સમુદ્રસેતુનું બાંધકામ અમારી નજીક આવતું ગયું, તેમ તેમ ભયની માત્રામાં વધારો થતો ગયો. વૃક્ષો કે મંદિરનાં ઊંચાં શિખરો પર ચઢી-ચઢીને અમે સાગર ભણી જોયા કરતા.

કલારીપયાટ્ટુ તરીકે ઓળખાતી પ્રાચીન અસુર યુદ્ધકલાને ફરીથી અમારે ત્યાં જીવંત કરાઈ. એના દાવપેચ શીખવતા કેન્દ્રો રાતોરાત ઊભાં થઈ ગયાં. નાનાં, મોટાં, સ્ત્રીઓ, પુરુષો, જેને

જુઓ એ તલવાર, ભાલા, ધનુષબાણ કે બીજાં નાનાં-મોટાં શસ્ત્રો લઈને ફરવા માંડેલાં. સામાન્ય અસુરો માટે જે મંદિરોમાં પ્રવેશ વર્જ્ય હતો, એનાં દ્વાર હવે ખૂલી ગયેલાં. એ હવે પૂજાસ્થાન કરતાં યુદ્ધની છાવણી જેવાં વધુ લાગતાં હતાં.

અમારા સમાજમાં જાતપાત, ઊંચનીચના જે ભેદ થઈ ગયેલા, એની પાછળ જન્મથી બ્રાહ્મણ અને વટલાઈને બ્રાહ્મણ થયેલા શ્રીમંતોનો હાથ હતો. એમાંથી તો મોટાભાગના હવે લંકા છોડીને રામ પાસે પહોંચી ગયેલા. એમણે લાદેલા નિયમો, પ્રતિબંધો એમની સાથે જતા રહ્યા. સમાનતાની પ્રાચીન અસુર પરંપરા પાછી ફરવા લાગી.


આ યુદ્ધના અંતે નક્કી થઈ જવાનું હતું કે ભારતના ગરીબ અને શોષિત વર્ગને સમાનાધિકાર મેળવવાની તક હતી કે નહીં? નિષ્ઠુર જાતિવાદ, અસ્પૃશ્યતા અને બ્રાહ્મણોની સર્વોપરિતા સામેની આ લડાઈ હતી. પરંતુ વિધિની વક્રતા તો જુઓ, બ્રાહ્મણવાદ સામે જે રાજા લડવા નીકળેલો, એને પોતાની રગમાં બ્રાહ્મણનું લોહી હોવા બાબતે છૂપો ગર્વ હતો.

પરંતુ આ બધું જાણ્યા પછીયે મારા જેવા ગરીબ, કમભાગી, કાળી ચામડીવાળા લોકો સામે ક્યાં ઝાઝા માર્ગ ખુલ્લા હતા? આ દેશની શ્યામવર્ણી પ્રજાને જેટલા રાજામહારાજાઓ, નેતાઓ મળ્યા હતા એ બધામાં રાવણ સહુથી સારો હતો. એનામાં બીજા લાખ અવગુણ હશે, પણ માનવતા એણે નહોતી છોડી. વિભીષણના શાસનની તો કલ્પના પણ અમારા માટે અસહ્ય હતી.

અમને શ્રદ્ધા હતી કે મહાદેવ શિવ, દુષ્ટ તત્ત્વોનો વિજય નહીં થવા દે. પણ ક્યારેક હૃદયના ઊંડે, અંધારે ખૂણેથી એક ઝીણો અવાજ પણ સંભળાઈ જતો કે, અમે ભલે ઈશ્વરના સંતાન હોઈએ, પણ આખરે હતાં તો અળખામણાં અને બીજાથી ઊતરતાં! સર્વશક્તિમાન અને કરુણામૂર્તિ શિવ પણ કદાચ અમારી ચામડીનો રંગ જોઈને મોઢું ફેરવી લેશે. કદાચ આવો વાન લઈને જનમવું એ જ મોટો અપરાધ હશે.

o

મારાં લોકોને ખાતર



રાવણ

મહેલમાં અંધારું હતું. પવન સાવ પડી ગયેલો. ક્યાંય એક પાંદડુંયે હાલતું નહોતું. વાતાવરણમાં પુષ્કળ બફારો હતો. નજરની સામે ઉછાળા મારી રહેલા સાગરમાં મને પરાજય અને મૃત્યુના ઓછાયા દેખાતા હતા.

વર્ષો પહેલાંની એક રાતે મને તક મળી'તી, ત્યારે આ જ સાગરમાં મેં વરુણનો ભોગ શું કામ નહોતો ચઢાવી દીધો?

લોહી-પરસવો એક કરીને મેં બનાવેલા વિશ્વના પાયા આજે હચમચી ગયા હતા. એક-એક ઈંટ મારી નજર સામે ખરી રહી હતી. કલાકો પહેલાં મહેલના સેવકોએ પરિસરમાં પ્રગટાવેલી મશાલો હવે બુઝાવા લાગેલી. ઉદ્યાનમાં બે-ચાર છૂટાછવાયા દીપક, પવન સામે ટકવાના છેલ્લા પ્રયાસ કરી રહ્યા હતા. પછી અચાનક મનની અંદર આછો સળવળાટ થયો. 'ચાલ, જઈને મારી પુત્રીને તો જોઈ લઉં!'

પહેલાં તો મેં આ લાગણીને અવગણવાનો પ્રયાસ કર્યો, પણ ધીમેધીમે એણે મારા ચિત્તનો કબજો લઈ લીધો. ઊભા થઈને મેં પેલા અશોકવૃક્ષ તરફ પગ ઉપાડ્યા, જ્યાં એ રહેતી હતી. નજીક પહોંચતાંની સાથે વૃક્ષ પરથી એક પક્ષી પાંખો ફફડાવતું ઊડ્યું અને પછી મારા માથાને સ્પર્શીને અંધકારમાં અદૃશ્ય થઈ ગયું. એ કદાચ પંખી નહીં ચામાચીડિયું હતું. પગ પરથી ઉંદરડા દોડી ગયા.

વૃક્ષ નીચે સીતા નિંદ્રાધીન હતી. એની ચોકી અને રક્ષા માટે નિયુક્ત કરેલી બે અસુર સ્ત્રી પણ લાંબી થઈને પડી હતી. મારા આગમનથી કોઈ જરા સરખું હલ્યુંયે નહીં. એ જ વખતે આકાશમાં ચંદ્ર પરથી વાદળ હટ્યું અને ચાંદનીમાં સીતાનો ચહેરો સ્પષ્ટ થયો. એને સ્પર્શીને મારે એના બાળપણની કલ્પના કરવી હતી. એ નાની હતી ત્યારે કેવી લાગતી હશે, કોની આંગળી પકડીને એણે પા-પા પગલી ભરી હશે.

મેં હાથ લંબાવ્યો, પણ તરત પાછો ખેંચી લીધો. સીતા સહેજ સળવળી અને એની બંધ આંખોમાંથી એક અશ્રુ બહાર દડી પડ્યું. મારું હૃદય ભરાઈ આવ્યું. શું સીતા એના પતિના વિરહમાં તરફડી રહી હતી? એને એના પ્રિય રામથી દૂર કરીને મેં ભૂલ તો નહોતી કરીને?

પછી મને ગુસ્સો આવી ગયો. એને પિતાના સ્નેહનું કોઈ મૂલ્ય જ નહોતું? રામમાં એવું તે શું હતું, જેને ખાતર એણે પિતૃગૃહની સુખસાહ્યબીને ઠોકર મારી દીધી? એ સમજતી કેમ નહોતી કે એનો પતિ હવે એને ક્યારેય પાછી નહીં સ્વીકારે? લંકાપતિ સામે એ લડવા તૈયાર થયો હતો, એ પાછળ કંઈ પત્ની માટેનો પ્રેમ નહોતો. કે પછી શું એનો ખરેખર પ્રેમ હતો?

પણ જે હોય તે, મારે મારા સંતાનને ફરીથી ખોવું નહોતું. એ મારી પુત્રી, લંકાની રાજકુમારી હતી. એને કોઈ કાળે રામના હાથમાં નહીં જવા દઉં. બધીયે લાચારી, હતાશાની લાગણી ખંખેરી નાખી.

સીતાની આંખો ખૂલી. મને જોઈને એના ચહેરા પર મૂંઝવણના ભાવ આવી ગયા. મેં વિચાર્યું કે એને પ્રેમથી સમજાવું, રામને ભૂલીને માતા-પિતાની સાથે રહેવા માટે મનાવી લઉં. પણ જેવો હું એની પાસે જવા ગયો કે એણે કાળી ચીસ પાડી. હેબતાઈને હું પાછળ હટી ગયો. 'રામ...રામ... આવીને બને બચાવો.. આ પાપીના હાથમાંથી...' એણે કકળાટ કરી મૂક્યો. સૂતેલી પહેરેદારો ઝબકીને જાગી ગઈ. એમની નજર મારા પર પડે એ પહેલાં હું અંધારામાં સરકી ગયો.

ફાટફાટ થઈ રહેલા માથે હું મહેલમાં મારા શયનખંડમાં પાછો ફર્યો, ત્યારે મંદોદરી મારી વાટ જોતી બેઠી હતી. 'ક્યાં ગયેલા?' એણે પૂછ્યું. જવાબ આપ્યા વિના મેં પથારીમાં પડતું મૂક્યું અને એના ભણી પીઠ કરી લીધી. હું સુખશાંતિથી જીવતો હતો. શું કામ સીતા મારા જીવનમાં પાછી ફરી? મને હવે એના પર, મારા પર, બધાં પર ક્રોધ આવી રહ્યો હતો.

પછી મંદોદરીનો હૂંફાળો સ્પર્શ મારા ખભે થયો. એના તરફ ફરીને મેં એને મારા બાહુપાશમાં જકડી લીધી. કોણ જાણે પછી કેટલો સમય અમે એકમેકની નિકટતામાંથી હૂંફ મેળવતા એમ ને એમ પડી રહ્યાં, પણ ધીમેધીમે મંદોદરીની આંખો મળી ગઈ. નિંદ્રાવસ્થામાં એ મારાથી અળગી થઈ ગઈ. હું પડખાં ઘસતો રહ્યો.

પરોઢિયે નિંદ્રા અને જાગૃતિની વચ્ચેની અવસ્થામાં હતો. એમાંથી હું ઝબકીને જાગી ગયો. મારું શરીર પ્રસ્વેદથી તરબતર હતું.

થોડા સમયથી મેં મય પાસે ખગોળવિજ્ઞાન અને જ્યોતિષશાસ્ત્રના પાઠ ભણવાનું શરૂ કર્યું હતું. ઉંમરની સાથે આ બધી બાબતો પ્રત્યે મારું ખેંચાણ વધવા લાગેલું. જે વિષયમાં રસ પડે એનું કલાકો સુધી અધ્યયન કરવા માટે હું બેસી જતો. આવરદા ખૂટવા આવેલી. હજી તો કેટલું બધું શીખવાનું બાકી હતું. મેં જ્યોતિષશાસ્ત્ર અને એમાં રહેલા ભાવિના સંકેતો, ગૂઢાર્થો પર સંહિતા નામનો ગ્રંથ લખવાનું પણ શરૂ કરી દીધેલું. કદાચ એના જ ફળ સ્વરૂપે મને એ દુઃસ્વપ્ન આવી ગયું.

મેં જોયું કે ઊંચા ગોરા પુરુષોએ મારી પુત્રી સીતાને ઢસડી જઈને ભડભડતા અગ્નિમાં નાખી દીધી. રામ એક ઊંચા આસન પર ખિન્નભાવે બેઠો હતો. થોડે દૂર બળી રહેલા બીજા અગ્નિમાં મેં મારા ચહેરાને ઓગળતો જોયો. દુઃસ્વપ્નમાંથી બહાર આવ્યા પછીયે થોડો સમય હું જોરથી ધકધક થતા હૃદયે એમનો એમ પડ્યો રહ્યો. શું ભાવિનો આ સંકેત હતો?

ભયભીત થઈ ગયેલા નાના બાળકની જેમ મેં માથા પર ચાદર ખેંચી લઈને ટૂંટિયું વાળી દીધું. મોડી સવાર સુધી મને સેવકો જગાડી ન શક્યા, ત્યારે મંદોદરીએ આવીને મને હલબલાવ્યો. છેવટે પ્રહસ્તનો ધીરગંભીર અવાજ સાંભળીને મેં આંખો ખોલી, 'મહારાજ, સમિતિના સભ્યો તમારી રાહ જુએ છે.'

મને હવે કંટાળો આવી રહ્યો હતો. રાજકીય કાવાદાવા, ખોટા અહમ્, અંદરોઅંદરની ખેંચતાણ, ઝઘડા, રાષ્ટ્રપ્રેમના નામે થતી મારી ખોટીખોટી પ્રશંસા, મારો રાજમહેલ, સામ્રાજ્ય, માથે ભમી રહેલા યુદ્ધના ઓળા... આ બધું હવે નિરર્થક ભાસતું હતું. મને રાજા બનવાના અભરખા શું કામ થયેલા?

પ્રહસ્તના ગયા પછી પૂજાખંડમાં હું શિવપ્રતિમાને ચરણે લાંબા સમય સુધી બેસી રહ્યો. આજીજી કરતો રહ્યો, 'હે ઈશ્વર, મને હિંમત આપજે.'

સભામાં પહોંચ્યો ત્યારે સમિતિના સભ્યો નાનાં-નાનાં વર્તુળ બનાવીને, મોટેમોટેથી વાતો કરવામાં વ્યસ્ત હતા. મને જોતાંની સાથે શાળાનાં બાળકોની જેમ સહુ ચૂપ થઈને પોતપોતાના આસન પર પહોંચી ગયા.

'શત્રુ હવે બારણે આવીને ઊભો છે. જેને હું મારા પોતાના ગણતો હતો એ સગો નાનો ભાઈ,

અને પરમ મિત્ર વરુણ શત્રુઓ સાથે ભળી ગયા છે. અડધોઅડધ સૈન્ય અને આખુંયે નૌકાદળ એમની સાથે જતું રહ્યું છે. આ દિવસ જોવા માટે આપણે આ અસુર સામ્રાજ્ય ઊભું કરેલું?' મેં રોષ અને વિષાદના મિશ્ર સાદે કહ્યું.

'મહારાજ, આપણે સુબેલા પર્વતમાળા તરફ જતા રહેવું જોઈએ. ત્યાંનો કિલ્લો શત્રુના ભલભલા આક્રમણ સામે ટકી રહે એટલો મજબૂત છે. આપણી પાસે મહિનાઓ સુધી ચાલે એટલી ખાધાખોરાકીનો સંગ્રહ છે. સામેવાળા બહાર બેઠાબેઠા થાકી જશે.' પ્રહસ્ત બોલ્યો.

'ના' મારો રોષ ઊકળી પડ્યો. 'એ બે દેવકુમારો અને એમની અણઘડ વાનરસેનાથી ડરીને હું નહીં ભાગું. અસુરસમ્રાટ છું. ટેકરીઓમાં સંતાઈ જવું મને શોભે નહીં. હું એ લોકોને ધૂળ ચાટતા કરી દઈશ.'

સભામાં ગણગણાટ પ્રસરી ગયો. થોડીવાર પછી બાજુમાં ટેકો દઈને, ધીમેથી જાંબુમાલિ ઊભો થયો. 'મહારાજ, વધુ નહીં પણ આવતા ચોમાસા સુધી આપણે પર્વતોમાં રહીએ તો પછી નગર અને ઊછળતા સમુદ્રની વચ્ચે રામની સેનાને ભીંસમાં લઈ શકાશે. એ દરમિયાન નાના-મોટા હુમલા કરતા રહીને આપણે એમની સેનાને નબળી પાડી નાખશું.'

'મારી આંખ રાતી થઈ.' તમે કહો છો કે હું મારું નગર, એ શત્રુઓની દયા પર છોડી દઉં? લાગે છે કે તમે ઇતિહાસ ભૂલી ગયા છો. ઇન્દ્રએ આપણાં ભવ્ય અસુર નગરોમાં લૂંટફાટ મચાવીને, એ બાળીને રાખ કરી દીધેલા. આપણે પણ એમની સાથે એવું જ કરેલું. એ ઇન્દ્રનાં સંતાનો હવે આપણી લંકાને છોડશે?'

'મહારાજ, અત્યારે આપણી સ્થિતિ થોડી નબળી છે. આપણી રીતે લડવા માટે વ્યૂહરચના વિચારવી પડશે, સેનાને સજ્જ કરવી પડશે અને એ માટે થોડો સમય જોઈશે. સુબેલાનો કિલ્લો લગભગ અભેદ્ય છે. વરસાદના સમયે વાનરો પણ એ દીવાલ પર ચઢી નહીં શકે, અને વરુણનાં વહાણોમાંથી ફેંકાતા અગનગોળા પણ આપણા સુધી નહીં પહોંચે.' પ્રહસ્ત બોલ્યો.

સભામાં બેઠેલા લોકોના ચહેરા પર આવી ગયેલી તાણ અને ચિંતા મેં જોઈ લીધી, પણ તરત કંઈ બોલવાનું મેં ટાળ્યું. મારા પ્રધાનમંત્રીએ સાચું જ કહેલું કે ચોમાસાની ઋતુમાં રામનું સૈન્ય સુબેલામાં પહોંચી નહીં શકે. ઉનાળો આવે ત્યાં સુધીમાં વરુણના માણસોને લાંચ આપીને અમારા પક્ષે ખેંચી લેવાનું શક્ય હતું.

મારા રાજ્યના ઉત્તર સીમાડે, એટલે કે મધ્યભારતમાં શાસન કરતો ખર મારો જ માણસ હતો. એની સેનાએ રામને પાછળથી ઘેરી લેવા માટે કૂચ આરંભી દીધેલી. રામ એકવાર નબળો પડે પછી વરુણને પક્ષપલટો કરતાં વાર નહીં લાગે. પણ ખરના વિશાળ સૈન્યને આટલું અંતર કાપતાં મહિનાઓ લાગી જશે. ત્યાં સુધી અમે ટકી શકીશું? ધારી લો કે સુબેલામાં અમે સુરક્ષિત રહી શકીએ, પણ મારા નગર, એમાં રહેતા નગરજનોનું શું? ના, હું એમને નોંધારા છોડીને નહીં જાઉં.

મારા આ વિચારોને હું વાચા આપવા જઉં, ત્યાં તો બહાર થઈ રહેલો કોલાહલ અમને સંભળાયો. પહેલાં તો અવાજ આછોપાછો હતો, પણ પછી વાતાવરણ ગાજી ઊઠ્યું. સમિતિના સભ્યો મૂંઝાઈને ઊભા થવા લાગ્યા. હું મારા કૌતુકને વશમાં ન રાખી શક્યો. એક ઝરૂખા તરફ દોડી જઈને મેં બહાર નજર નાખી.

હોકારા-પડકારા કરતા હજારો લોકો સરઘસ આકારે રાજમહેલ તરફ આવી રહ્યા હતા. સ્ત્રીઓ, પુરુષો, યુવાનો, વૃદ્ધો બધાંય એમાં હતાં. દરેકના હાથમાં કોઈ ને કોઈ શસ્ત્ર હતું. તલવાર, ભાલા, બાગમાં ઘાસ કાપવાના દાતરડાં, રસોડામાં શાક સમારવાની છરી.... ચેંદાના તાલે સહુ જોશભેર કૂચ કરી રહ્યાં હતાં. હર હર મહાદેવ... શત્રુઓને મારો... મારો... રાવણનો જય હો... હજારો ગળામાંથી નીકળતા ઘોષ વાતાવરણને ખળભળાવી રહ્યા હતા.

અરે! આ તો મારા લોકો હતા! એમને છોડીને જવાનો વિચાર પણ મારાથી કેમ કરાય? મેં એમનું અભિવાદન કરવા હાથ ઊંચા કર્યા. સામેથી ગગનભેદી જયજયકાર થયો. 'એમને આવવા દો.' ટોળાંને રોકવા મથી રહેલા સૈનિકોને મેં સંકેત આપ્યો. આડશો હટી અને લોકો આગળ ધસી આવ્યા.

મહેલના માળીઓએ કાળજીપૂર્વક બનાવેલી નરમ હરિયાળા ઘાસની બિછાત, ફૂલઝાડ, માટીનાં કૂંડાં, આ બધું એ ટોળાના પગ નીચે છિન્નભિન્ન થઈ ગયું. નાની ઉંમરના થોડા છોકરા ફુવારામાં કૂદી પડ્યા. રાજમહેલના દ્વાર પ્રથમવાર એમના માટે ખૂલ્યાં હતાં. એમનો ઉન્માદ અને ઉત્સાહ મને રોમેરોમે ભીંજવી ગયો. મેં એમને શાંત થવાનો સંકેત આપ્યો અને જોતજોતામાં બધોય અવાજ શમી ગયો.

એ ક્ષણે મને લાગ્યું કે હું ભગવાન હતો. સિંહાસન પર બેઠા પછી સામાન્ય પ્રજા સાથેનો મારો સંપર્ક તૂટી ગયેલો એ જાણે હવે ફરીથી જોડાઈ રહ્યો હતો. મારી યુવાની, મારો પ્રભાવ, મારું જોશ, બધુંયે મારા તનમનમાં પાછું ફરતું લાગ્યું.

'સત્તર વર્ષની ઉંમરે મેં તમને વચન આપ્યું હતું, એવા વિશ્વનું વચન જ્યાં દરેક નરનારી સમાન હોય. મહાબલિનો સુવર્ણયુગ પાછો લાવવાનું વચન મેં તમને આપેલું. એ વખતે આપણી પાસે આશા સિવાય બીજું કોઈ શસ્ત્ર કે સાધન નહોતું. તમને મારા નેતૃત્વમાં અને મને તમારી નિષ્ઠામાં વિશ્વાસ હતો. સાથે મળીને આપણે શક્તિશાળી દેવ સામ્રાજ્યને પડકાર ફેંક્યો. આપણે મૂઠીભર લોકોએ ઊંચનીચના ભેદભાવ, શોષણ અને અર્થહીન કર્મકાંડ સામે અવાજ ઉઠાવ્યો. આજે મોતીબેટથી વિંધ્યાચળની તળેટી સુધી અસુર ધ્વજ ફરફરે છે એ તમારા પરિશ્રમ અને બલિદાનનું ફળસ્વરૂપ છે.

'આપણે ભવ્ય નગરો બનાવ્યાં. વિજ્ઞાન, કલા અને સંસ્કૃતિ એમાં ફૂલ્યાંફાલ્યાં. વિશાળ શિવમંદિરોની સાથેસાથે આપણે વિદ્યામંદિરો ઊભાં કર્યાં જેથી એકેય અસુર અભણ ન રહે. આપણાં ધાન્યભંડારો છલોછલ છે. માંદા લોકો માટે વૈદશાળાઓ છે. આજે આપણે વિશ્વના સહુથી સમૃદ્ધ સામ્રાજ્ય હોવાનો દાવો ગર્વભેર કરી શકીએ છીએ.'

આટલું બોલીને હું અટક્યો. અપેક્ષા મુજબ સામેથી 'હર હર મહાદેવ' અને 'રાવણનો જય હો'ના પોકાર પડ્યા.

'પરંતુ પ્રગતિ ભણીની કૂચમાં આપણે ક્યાંક ક્યાંક ભૂલ પણ કરી બેઠા એ હું આજે કબૂલી લઉં છું. દેવોની જેમ આપણે પણ માનવા લાગ્યા કે, અમુક લોકો જન્મથી ઊંચા હોય છે, શુદ્ધ, પવિત્ર હોય છે. એમને દૈવી અધિકારો હોય છે. કર્મ નહીં પણ જન્મથી વ્યક્તિને ઉચ્ચ કે નીચ ગણવાની, દેવોની ઝેરી પરંપરા આપણે ત્યાં પણ પ્રસરી. એક શાસક તરીકે આ દૂષણને ઊગતું જ ડામી દેવાની મારી ફરજ હતી. મારી ચૂક થઈ ગઈ, કારણ કે હું મારી કીર્તિ પ્રસ્થાપિત કરવામાં વ્યસ્ત હતો. અસુર સંસ્કૃતિનાં મૂલ્યોને હું જ વિસારે પાડી બેઠો, પછી કેવી રીતે સમાજને દોષ આપું? વિકાસનો લાભ મૂઠીભર લોકોએ લીધો અને બહુમતી પાછળ રહી ગઈ. એક નેતા તરીકે હું ઊણો ઊતર્યો. મેં મારા ભાઈ વિભીષણને આ ભેદભાવનો સાપ ઉછેરવા દીધો અને આજે બહુ લજ્જાભેર હું સ્વીકારું છું કે, મને પોતાને પણ અડધો બ્રાહ્મણ હોવાનું અભિમાન હતું. મારી ચામડીના ગોરા રંગનો ઘમંડ હતો. કાળા રંગને અશુદ્ધ-અશુભ ગણવાની ભૂલ મારાથી પણ થઈ ગયેલી.'

ભેગી થયેલી મેદની હવે સાવ શાંત થઈને મને સાંભળી રહી. હું પણ હવે જીભથી નહીં, હૃદયથી બોલી રહ્યો હતો. શબ્દો એની મેળે બહાર નીકળી રહ્યા હતા.

'આજે આપણી સંસ્કૃતિ ત્રિભેટે ઊભી છે. તમારી સમક્ષ આજે હું રાજા નહીં, પણ તમારો જ એક અસુર બાંધવ તરીકે ઊભો છું. મારાથી થઈ ગયેલા પાપની ક્ષમા માંગું છું. હું ભગવાન

નહીં, એક સામાન્ય મનુષ્ય છું. તમે મારામાં રાખેલા વિશ્વાસને જીવંત રાખી શકું, એટલી શક્તિ આપવા માટે હું શિવને પ્રાર્થના કરું છું.'

પછીની ક્ષણે મેં વર્ષોથી મારા હૃદયમાં ધરબી રાખેલું રહસ્ય, મારા લોકોની સામે ઉઘાડું પાડી દીધું. 'તમે કદાચ માની બેઠા હશો કે તમારો કામી, લંપટ રાજા ઘરડેઘડપણ કોઈ બીજાની પત્ની પાછળ ઘેલો થઈને આ યુદ્ધ નોતરી બેઠો. પણ એવું નથી. મારા પ્રિય અસુરમિત્રો, સીતા...' મારા હોઠ સુકાવા લાગ્યા, પણ હવે પીછેહઠ શક્ય નહોતી. 'સીતા મારી પુત્રી છે.'

મારા મોઢામાંથી આ શબ્દો બહાર પડતાંની સાથે જ મેદની પર જાણે વીજળી પડી હોય એવી ક્ષણિક સ્તબ્ધતા છવાઈ ગઈ અને પછી કોલાહલ મચી ગયો. શાંતિ સ્થપાવાની રાહ જોતો હું ઊભો રહ્યો. ભરબપોરનો સૂર્ય માથે આગ વરસાવી રહ્યો હતો. મારા ચહેરા પરથી પ્રસ્વેદના રેલા ઊતરવા લાગેલા. એવા જ પ્રસ્વેદભીના, હજારો શ્યામવર્ણ ચહેરા પર ક્યાંક રોષ હતો, ક્યાંક ગૂંચવણ તો ક્યાંક નર્યો આવેશ.

મંત્રીઓ મારી પાછળ ઊભા હતા, પણ એમની સાથે દૃષ્ટિ મેળવવાની હિંમત મારામાં નહોતી. જોકે મને શંકા હતી કે એ લોકો પહેલેથી સત્ય જાણતા હતા. સાચી વાત જાણી ગયેલા લોકો હવે શું કરશે? મારી કાયામાંથી પરસેવાની સાથેસાથે શક્તિ પણ બહાર સરી રહી હતી. ઝરૂખાની પાળ પર હાથનો ટેકો દઈને હું પ્રજાના નિર્ણયની વાટ જોતો ઊભો રહ્યો.

'સીતા માતાનો જય હો... અસુર રાજકુંવરીનો જય હો....' અચાનક એક ખૂણેથી કોઈએ બૂમ પાડી. આશ્ચર્યના ભાવે બધાંનાં માથાં એ તરફ ફર્યાં. તડકામાં મેં ઝીણી આંખ કરીને જોયું. કોણ હતો? ભદ્ર, એ મંદબુદ્ધિ ડોસો?

જોકે ખાતરી નહોતી, આટલે દૂરથી મેં તો લાકડીને ટેકે ઊભેલા એક સાંઠીકડા જેવો વૃદ્ધ માણસ જ જોયો. જેની બાજુએ એક કાળો, સુદૃઢ અને તરવરિયો લાગતો યુવાન ઊભો હતો.

ફરીથી વૃદ્ધે ગળું ફાડીને બૂમ પાડી, 'જય હો સીતા માતા' અને આ વખતે ચારે ખૂણેથી ગગનભેદી પડઘા પડ્યા, 'જય હો સીતા માતા... જય હો રાવણ....'

મૂંગા થઈ ગયેલા ચેંદામાં પાછો પ્રાણ ફૂંકાયો. ઢમઢમના તાલે નાચતાગાતા લોકો ધીમેધીમે મહેલના પરિસરમાંથી નીકળવા લાગ્યા.

એમણે પાછળ ઉડાડેલી ધૂળની ડમરી શમી ગઈ. એ પછી હું મારા મંત્રીઓ તરફ વળ્યો. 'તો હવે નક્કી થઈ ગયું કે, આપણે અહીં જ રહીને શત્રુનો પ્રતિકાર કરીશું.' પ્રહસ્તને બાદ કરતાં બધાંએ માથાં ઝુકાવીને નિર્ણય સ્વીકારી લીધો. મારા કક્ષમાં પાછા ફરતી વખતે મેં પ્રહસ્ત સામે જોયું. પારાવાર ખિન્ન ભાવે એણે સહેજ માથું ધુણાવ્યું.

'હંમેશની જેમ આ વખતે પણ પ્રહસ્તની વાત સાચી હશે?' મોડેથી મારા શયનખંડમાં બેઠા-બેઠા મેં વિચાર્યું. બપોરે મારા હજારો લોકોની હાજરીમાં મેં અનુભવેલો કેફ હવે ઊતરી ગયેલો. વાસ્તવિકતાનો સામનો કરવા માટે હવે હું એકલો હતો. લંકાનો સર્વનાશ થશે... ભાવિના ભણકારા મારા કાને મને વાગી રહ્યા હતા.

હજીયે મંત્રીઓએ સૂચવેલો ઉપાય સ્વીકારી લેવા માટે સમય હતો. સુબેલા ખરેખર અમારા માટે સુરક્ષિત સ્થળ હતું. પરંતુ મારી પ્રજાને પેલી બર્બરસેનાના હાથમાં છોડી દેવા કરતાં હું મરવાનું પસંદ કરું. જાણતો હતો કે મારો નિર્ણય તાર્કિક કે વ્યવહારુ નહોતો. પરંતુ કદાચ હું વધુ પડતો ગર્વિષ્ઠ હતો અને વધુ પડતો ભાવુક, લાગણીશીલ.


એ રાતે બુદ્ધિ અને લાગણી વચ્ચેની લડાઈનું જે પરિણામ આવ્યું, એના પરથી અસુર સામ્રાજ્ય, ભારત દેશ અને કરોડો અશ્વેત નર-નારીઓનું ભાવિ પણ નક્કી થઈ ગયું, હંમેશ માટે!

મેં એ વખતે બુદ્ધિ અને તર્કનો અવાજ સાંભળ્યો હોત તો કદાચ જુદો ઇતિહાસ લખાત. પણ

મેં વળી ક્યારે ઠરેલ, ઠાવકો થઈને કોઈ નિર્ણય લીધો હતો? મેં તો હંમેશાં હૃદયનું કહ્યું માનેલું. હું રાવણ તરીકે જીવ્યો હતો અને રાવણ તરીકે જ મરવાનો હતો. મને સર્વાંગ સંપૂર્ણ પુરુષ અને ભગવાન રામ બનવાની કોઈ અબળખા નહોતી. મારા દેશમાં ભગવાનોની ક્યાં ખોટ હતી? ઊણપ હતી તો માત્ર પુરુષોની, માનવોની.

o

આદર્શવિહોણું યુદ્ધ



ભદ્ર

ઘાંટા પાડીપાડીને ગળું બેસી ગયું ત્યાં સુધી મેં અસુર રાજકુંવરીનો જયજયકાર બોલાવ્યો હતો. મને એ વાતનો આનંદ હતો કે ચાલો, એક રાજાએ તો સત્ય કબૂલવાની હામ ભરી! પછી તો લોકોનો રોષ પણ ઓગળી ગયો. કદાચ મેં જ રાવણને બચાવી લીધેલો.

હસતાં-ગાતાં અમે રાજમહેલમાંથી નીકળીને બહાર તો આવ્યા, પણ મારું ઘર દૂર હતું અને ત્યાં સુધી ચાલવાનું બળ મારા પગમાં નહોતું રહ્યું. કાપડની એક દુકાનની સામે રસ્તાની બાજુમાં જ મેં લંબાવી દીધું. મારા જેવા બીજા ઘણા હતા. હજી થોડા મહિના પહેલાં આવું કર્યું હોત તો સૈનિકો, સુરક્ષાકર્મીઓના દંડા ખાવા પડત. જોકે યુદ્ધનાં વાદળ ઘેરાવા લાગ્યાં, ત્યારથી એ પણ થોડા ઢીલા પડ્યા હતા.

રાતના અંધકારમાં અચાનક ઝળહળાટ થઈ ગયો. એ દીવડા કે મશાલો નહીં, પણ બજારો પર ફેંકાયેલાં સળગતાં બાણ હતાં. કિનારેથી થોડે દૂર નાગરેલાં વહાણોમાંથી વરુણના માણસોએ યુદ્ધનો આરંભ કરી દીધેલો.

સળગતાં બાણ માત્ર દુકાનો નહીં, ઘરો અને ઘરોમાં સૂતેલા લોકો પર પણ જઈને પડ્યાં. વરસાદની જેમ આગનો વરસાદ લંકા પર શરૂ થયો. ચારેતરફ ચીસાચીસ અને દોડધામ મચી ગઈ. જીવતા ભૂંજાઈ રહેલાં પ્રાણીઓ અને માનવોના માંસની દુર્ગંધથી વાતાવરણ ભરાઈ ગયું. પહેલીવાર એક સૈનિક નહીં, પણ સામાન્ય માનવીની આંખે મેં યુદ્ધનો અનુભવ કર્યો. ભાન થયું કે, રણભૂમિની તુલનાએ નગરના માર્ગો પર ટકી રહેવાનું વધુ કઠિન હતું. લડાઈના મેદાનમાં તો શત્રુ સામે જ દેખાય, પણ અહીં તો આગ, ધુમાડો માથે પડી રહેલી પોતાના જ ઘરની છત... મૃત્યુ અમને દરેક દિશાએથી શોધતું આવી રહ્યું હતું.

શત્રુએ અમારા સૈન્યની પહેલાં નિર્દોષ નાગરિકો પર નિશાન સાધ્યું હતું. નગરમાં અંધાધૂંધી મચાવીને અમને માનસિક રીતે ભાંગી નાખવાનો એમનો હેતુ સ્પષ્ટ હતો. સવાર થતાંની સાથે એમનું સૈન્ય સેતુ પર દરિયો પાર કરીને તૂટી પડશે. ક્યાં હતો અમારો રાજા?

વાતો તો બહુ મોટીમોટી કરી, પણ હવે સુબેલામાં ભરાઈને બેસી ગયો હશે. આ રાજાઓનો ભરોસો જ ન કરાય!

મેં ગુસ્સાથી વિચાર્યું અને પછી મારા પેટમાં ફાળ પડી. 'અતિકાયા ક્યાં હતો?' મુઠ્ઠીઓ વાળીને હું એને શોધવા માટે દોડ્યો.

ચારેતરફ લોકો જીવ બચાવવા દોડી રહ્યા હતા અને પછી ધુમાડામાંથી દોડતા આવી રહેલા સૈનિકો પ્રગટ્યા. એમના માર્ગમાં આવનારા બધાંને મારતા, ખદેડતા એ ધસી આવ્યા. 'હે ભગવાન, આ શું? રામની સેના આવી પહોંચી?' અમે હબક ખાઈ ગયા, પણ પછી એ સૈનિકોને મોખરે વજ્રધંસ્ત્રનો ચહેરો કળાયો. આ તો અમારી અસુરસેના હતી. એ લોકો વાનરોનો સામનો કરવા જઈ રહ્યા હતા.

મેં રાજમહેલનો રસ્તો લીધો. જ્યાં જુઓ ત્યાં મૃત કે ઈજાગ્રસ્ત પ્રાણી અને માનવદેહો દેખાતાં હતાં. મને હવે રામ અને રાવણ બંનેનાં બાણોની બીક લાગી રહી હતી. થોડે દૂર પહોંચ્યા પછી ધુમાડો સહેજ ઓછો થયો અને શ્વાસ લેવામાં થોડી સરળતા લાગી.

સામે રાજમહેલમાં સ્મશાનવત શાંતિ હતી. વરુણનાં બાણ અહીં સુધી નહોતાં પહોંચ્યાં. અમારો રાજા સુરક્ષિત હતો. આગળ જઈને હું એક ટેકરી પર ચઢ્યો. વરુણનાં વહાણોમાંથી ઊતરી રહેલા હજારો સૈનિકો અને હાથી-ઘોડા મેં જોયા. રામે બંધાવેલા સેતુ પર એ લોકો ઝડપભેર લંકા ભણી આવી રહ્યા હતા. વિષ્ણુના શંખનું ચિહ્ન ધરાવતા દેવધ્વજો હવામાં ફરફરી રહ્યા હતા. અસુરોની ભવ્ય રાજધાનીને પહેલીવાર જોઈને દેવ-વાનરો આભા થઈ ગયા હશે એ વાત નિશ્ચિંત હતી. પછી મેં અમારા સમુદ્રકિનારાની સ્વચ્છ શ્વેત રેતી પર વાનરો અને વજ્રધંસ્ત્રને પહેલીવાર અથડાતા જોયા.

હજી થોડા દિવસ પહેલાં એ રેતી પર યુવાન પ્રેમીઓ હાથમાં હાથ નાખીને લટાર મારતા હતા. માતાઓ એમનાં નાનકડાં શિશુઓને પાપા પગલી ભરતાં જોઈને હરખાતી હતી. સમુદ્રના જે કિનારે જીવન આટલું સુંદર લાગતું હતું, ત્યાં હવે સાક્ષાત કાળ નાચી રહ્યો હતો.

પછી બાજુની ટેકરી પરથી અસુરોએ મોટી મોટી શિલાઓ નીચે સમુદ્રમાં ગબડાવવાનું શરૂ કર્યું. એમાંથી એક જઈને વરુણના વહાણ પર પડી. પછી બીજી, ત્રીજી અને થોડી જ વારમાં હાલકડોલક થતું એક વહાણ પાણીમાં ગરક થઈ ગયું. અસુરો તાનમાં આવી ગયા. એ જ વખતે કિલ્લાના દરવાજા ખૂલ્યા, હજારો સશસ્ત્ર અસુર સૈનિકો 'હર હર મહાદેવ'ની ગર્જના કરતા સમુદ્રકિનારે ધસી ગયા.

સૂર્યોદય થઈ ગયેલો. મેં આસપાસ નજર ફેરવી. ઉપર નીલવર્ણું ગગન, નીચે એનું પ્રતિબિંબ ઝીલતો કાચ જેવો સમુદ્ર, હરિયાળું ઘાસ, રંગબેરંગી પુષ્પો, એના પર ગણગણતા ભમરાનો અવાજ... અને પછી મનમાં બંધાઈ ગયેલાં જાળાં એકાએક દૂર થઈ ગયાં. બધું સ્પષ્ટ દેખાવા લાગ્યું.

આ સૃષ્ટિને મનુષ્યનાં નાનાં-મોટાં સુખદુઃખની જરાય નહોતી પડી. રામ જીતે કે રાવણ, દેવ મરે કે અસુર, આ પ્રકૃતિને કંઈ ફેર નહોતો પડતો. માનવ, ચોપગા પ્રાણી, શ્વાસ લેતા દરેક જીવના રક્તથી આ ધરતી ખરડાયેલી હતી. સમયની દરેક ક્ષણે ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈની હત્યા થઈ રહી હતી. રણભૂમિ પર શત્રુઓ, ઘરની અંદર ઘૂસી આવેલા ચોરલૂંટારા, જંગલમાં રાની પશુઓ, માર્ગ પર પવનવેગે દોડી રહેલાં નાના મોટા રથો, મંદિરમાં દેવોને તૃપ્ત કરવા માટે ઊંચા થયેલા ખડગ... કોણ જાણે મૃત્યુ આમાંથી કયું રૂપ લઈને ત્રાટકે! આખીયે સૃષ્ટિ પર માત્ર હિંસાનું સામ્રાજ્ય હતું. બીજું બધુંયે માત્ર પળભરના વિશ્રામ જેવું હતું. એકમાંથી બચો તો બીજું કંઈ વધુ ભયાનક, જીવલેણ તમારી વાટ જોતું ઊભું જ હશે.

આવું હોય તોયે શું? સૃષ્ટિ કેટલી વિશાળ હતી. એમાં આ ગર્વ, અહમ્, જાતપાત, ત્વચાનો રંગ, નીતિ-અનીતિ, પ્રથા-પરંપરા, હાર-જીત જેવા શબ્દોનું શું મૂલ્ય હતું?

પણ તોયે છાતીમાં કંઈ તીવ્રભેર ધબકી રહ્યું હતું. ભય? આશા? પ્રતિશોધની તૃષ્ણા...? આ બધુંયે અર્થહીન, થકવી નાખે એવું હોય તોયે મારા મસ્તિષ્કની અંદર ફાટફાટ થઈ રહ્યું હતું. વિરોધાભાસી લાગણીઓના વમળની વચ્ચે મેં સનાતન, અજરામર તરીકે ઓળખાતા તત્ત્વનો અર્થ શોધવાનો પ્રયાસ કર્યો. બહુ મોડેથી મને સમજાયું કે જીવનમાંથી એક જ અર્થ નીકળતો હતો કે, અહીં બધુંયે નિરર્થક હતું. પણ ત્યાં સુધીમાં સાચે જ બહુ વિલંબ થઈ ગયેલો.

થાકેલા પગે હું ટેકરી પરથી ઊતર્યો. ઘેર મારી પત્ની માલા પાસે જવું હતું. મારો પુત્ર અતિકાયા ક્યાંક મળી જાય તો એને સમજાવવો હતો કે, રામ અને રાવણ જેવા લોકોના વિશ્વથી દૂરદૂર જતો રહે. એમના માટે પ્રાણ હોમી દેવાની જરૂર નહોતી. આપોઆપ મારા પગ

રાજમહેલ તરફ વળી ગયા.

ત્યાં હવે ધૂળનાં વાદળ છવાઈ ગયેલાં. મુખ્ય પ્રવેશદ્વાર સજ્જડ ભીડી દઈને, ખુલ્લી તલવારે ત્યાં સૈનિકો પહેરો ભરી રહ્યા હતા. અંદર જવાનો તો પ્રશ્ન જ નહોતો. આંખો પર હાથની છાજલી બનાવીને, ભરતડકામાં મેં મહેલના ઊંચા ઝરૂખા પર આંખો ફેરવી. પહેલી નજરે બધું સૂમસામ ભાસ્યું.

પણ પછી મેં એને જોયો. ઊંચો, ગોરો અસુરરાજ ઝરૂખામાં એકલો ઊભો રહીને, દૂર સમુદ્રકિનારા ભણી તાકી રહ્યો હતો. એણે ઊભા કરેલા યશસ્વી, ભવ્ય અસુરસામ્રાજ્યના કાંગરા એની જ આંખોની સામે આજે ખરી રહ્યા હતા. પણ એના ચહેરા પર ગરિમાભરી સ્વસ્થતા હતી. અપરાજિતભાવે એ ટટ્ટાર ઊભો હતો.

એના રૂપેરી, ઘટાદાર કેશ પવનમાં ઊડી રહ્યા હતા. એ ઘડીએ મને રાવણમાં કોઈ દિવ્યરૂપની ઝાંખી થઈ. કંઈ વિચાર્યા વિના મેં શીશ નમાવી દીધું.


એણે મારી તરફ જોયું. અમારી આંખો મળી અને એણે હળવેથી માથું હલાવ્યું. મારા બત્રીસે કોઠે દીવા ઝળહળી ઊઠ્યા. રાવણે એના ગરીબ સેવકને ઓળખી લીધેલો. વર્ષો પહેલાં યુવાનીના દિવસોમાં જ્યારે એ વાવાઝોડાની જેમ દેવરાજ્યોને ધ્વસ્ત કરી રહ્યો હતો, ત્યારે સતત એની પડખે રહેલા તુચ્છ સૈનિકને એ ભૂલ્યો નહોતો.

રાજા ઝરૂખામાંથી અદૃશ્ય થઈ ગયો પણ એક સંત્રીએ આવીને મને મહેલમાં પ્રવેશવાનો આદેશ આપ્યો. મહેલના મુખ્ય સુવર્ણદ્વારમાંથી અંદર દાખલ થઈને ત્યાંના અપ્રતીમ સૌંદર્યને આંખોથી પીતો હું પ્રાંગણમાં ઊભો રહી ગયો. ત્યાં જ કોઈએ મને ધક્કો મારીને બાજુએ ખસેડી દીધો.

હું કોઈ વિરોધ કરવા જાઉં, ત્યાં તો ધડધડાટ કરતો એક રથ મારી બાજુમાંથી પસાર થઈ ગયો. એમાં બેઠેલી વ્યક્તિનું માથું, એ ઓળખાય નહીં એટલી ખરાબ રીતે ભાંગી ગયું હતું. રથે સહેજ આગળ જઈને વળાંક લીધો અને છૂંદાઈ ગયેલો એ ચહેરો મેં જોયો. એ હતો વજ્રધંસ્ત્ર!

o

પુત્ર તો પુત્ર જ રહે



રાવણ

દિવસ બહુ સારો ગયો. વજ્રના મૃત્યુ પછી સેનાનું સંચાલન રુદ્રકના હાથમાં હતું. એણે સુમાલિ અને પ્રહસ્ત સાથે મળીને વાનરોના દાંત ખાટા કરી નાખ્યા. પ્રહસ્તે વરુણનાં ત્રણ વહાણ પણ કબજે કરી લીધાં.

વજ્રનો મૃતદેહ મહેલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે મુકાયો હતો. એ જીવિત હતો ત્યારે જે લોકો એનાથી ફફડતા હતા, એ જ હવે મૃત અસુરસેનાપતિના અંતિમ દર્શન માટે ઊમટી પડેલા.

એમ તો મને પણ વજ્રધંસ્ત્રની ઘમંડી વર્તણૂક, અદ્ભુત શૌર્ય અને કોઈનાથી નહીં ડરવાની વૃત્તિ પ્રત્યે અણગમો હતો. એણે કરેલા અત્યાચારોથી, ધર્મ અને કરુણા અંગેના અસુરોના દાવા ઘણીવાર પોકળ સાબિત થતા હતા. પરંતુ કયા મોઢે હું એની સામે ફરિયાદ કરું?

વજ્રધંસ્ત્ર જેવા ક્રૂર લોકોના ખભે ચઢીને તો મેં આ વિશાળ સામ્રાજ્ય ઊભું કરેલું.

હું બહાર નીકળ્યો. લોકો બાજુએ ખસી ગયા. શાંત થઈ ગયેલા વાતાવરણમાં હવે માત્ર વજ્રધંસ્ત્રની પત્ની અને પુત્રીના આછાં ડૂસકાં સંભળાતાં હતાં. સહેજ ધ્રૂજતા હાથે મેં મૃતદેહના ઠંડાગાર પગને સ્પર્શ કર્યો અને મનોમન પ્રાર્થના કરી, 'હે કરુણામૂર્તિ શિવ, પોતાના લોકોને એમનું ગુમાવી દીધેલું આત્મસન્માન અને પ્રતિષ્ઠા પાછા મળે, એ ખાતર ભયાનક પાપ આચરતા પણ જેના હાથ કાંપ્યા નહોતા, એવા આ વજ્રના આત્માને તું શાંતિ આપજે!'

રામ-સેનાની સામે પોતાની ભૂમિનું રક્ષણ કરવા માટે પ્રાણ હોમી દેનારા અસુરોમાં વજ્રધંસ્ત્ર એકલો નહોતો. સંધ્યાટાણે સૂરજે સાગરમાં ડૂબકી મારી, ત્યારે સેંકડો અસુરોની ચિતામાંથી નીકળેલી જ્વાળાઓ અને ધૂમ્રસેરોએ આકાશને ભરી દીધું. સામે પાર શત્રુદળની ચિતાઓ બળી રહી હતી.

પોતાના ભાઈભાંડુ, સાથીદારો ગુમાવવાનું દુઃખ બંને તરફ હતું, પણ એમનાથી અમારી છાવણીમાં ઉજવણીનો આનંદ સાવ ઠરી નહોતો ગયો. દેવોને અમે એવો આકરો પાઠ ભણાવેલો કે એ ક્યારેય ભૂલી ન શકે. પણ મને વધુ લડવાની ઇચ્છા નહોતી થતી. જે થયું એ પૂરતું હતું. બસ, હવે દેવો અહીંથી જતા રહે, અને મને મારી પુત્રીની સાથે શાંતિથી જીવવા દે એટલું જ મારે જોઈતું હતું. નિરર્થક યુદ્ધના અગ્નિકુંડમાં મારે વધુ અસુરોનો બલિ નહોતો ચઢાવવો.

દેવો પ્રત્યે મને હવે પહેલાં જેવી ઘૃણા પણ નહોતી રહી. કોણ ઊંચું ને કોણ નીચું? આ વિશ્વ એટલું વિશાળ હતું કે એમાં રામ અને રાવણ, દેવ અને અસુર, બધાંય પોતપોતાની રીતે શાંતિથી રહી શકે. રામને પાછા જઈને જે કરવું હોય તે કરે. બસ મારી પુત્રીને અહીં છોડી જાય.

રામે ક્યારેય સીતા સાથે સારો વ્યવહાર નહોતો કર્યો અને ભવિષ્યમાં પણ નહીં કરે એની મને ખાતરી હતી. આ રામ-લક્ષ્મણની જોડી પણ વિચિત્ર હતી. એમાંથી એક જણ પોતાની પત્નીને

ખાતર યુદ્ધે ચઢેલો, હજારો સ્ત્રી-પુરુષોને મારવા તૈયાર થઈ ગયેલો, પણ બીજાએ પોતાની ભાર્યાને ચૌદ લાંબાં વર્ષ માટે પાછળ તરફડતી છોડી દીધેલી.

ચિતાઓ ઠરવા લાગી. જીવિત રહેલા પોતપોતાને ઘેર પાછા ફરવા લાગ્યા. ચાંદનીએ લંકા પર રૂપેરી આભા પાથરી દીધેલી. સમુદ્ર શાંત હતો. પવનની આછી લહેરખીઓ, નારિયેળી અને તાડનાં વૃક્ષોને ડોલાવી રહી હતી. અનાથ થઈ ગયેલાં સ્ત્રી-બાળકોના આક્રંદ ન સંભળાતાં હોત તો કદાચ એ ઊજળી રાત્રિના સૌંદર્યએ મને મંત્રમુગ્ધ કરી નાખ્યો હોત.

થોડીવાર માટે મારે યુદ્ધની ભયાનકતાને વિસારે પાડી દેવી હતી. મારા મસ્તિષ્કમાં રાગરાગિણીઓ ગૂંજવા લાગ્યા. મારા કક્ષમાં જઈને મેં ત્યાં મહિનાઓથી સૂની પડેલી રુદ્રવીણા પર હાથ ફેરવ્યો.

વર્ષો પહેલાંની વાત હતી. હિમાલયની તળેટીમાં અમે બધાં બરફમાં લગભગ દટાઈ ગયેલા. મારા પ્રિય દેવાધિદેવ શિવનું સ્થાનક ગણાતા હિમાલયનું એ દર્શન હું ક્યારેય નહીં ભૂલું. મૃત્યુના દ્વારેથી પાછા આવવું, એક સામાન્ય ગામડિયાના નાનકડા ઘરમાં, ધીમેધીમે માંદગીમાંથી સાજા થવું, આ બધા અનુભવોએ મને થોડો નમ્ર બનાવ્યો હતો. સૃષ્ટિમાં કેટકેટલું સૌંદર્ય ભર્યું પડ્યું હતું એ મેં ત્યારે નિહાળેલું. હિમાલયને ખોળે વસેલાં એ નાના ગામની અંદર જ મને, મારી અંદર વસતા સંગીતકારનો પહેલવહેલો પરિચય થયો હતો.

રુદ્રવીણાનો અવાજ સાંભળીને પ્રારંભમાં તો મને ચીઢ ચઢતી હતી. પરંતુ પછી એના મધુર સૂર મારા કાનમાંથી હૃદયમાં ઊતરવા લાગ્યા. પછી તો ઘેર આવવા માટે હું વિમાનમાં બેઠો. ત્યાં સુધીમાં મેં વીણાવાદન પર પ્રભુત્વ મેળવી લીધેલું. વીણા જ શું કામ, લંકા પાછા ફર્યા બાદ તો મને દરેક પ્રકારનાં વાજિંત્રમાં રસ પડવા લાગ્યો. ખાસ તો અસુરોના પ્રિય એવાં ચેંદા, મૃદંગમ, મિલાવુ, તીમિલા, મદ્લમ અને વાંસળી જેવાં વાજિંત્રો!

સૂરતાલના પારખુ અને પ્રશંસક તરીકે મારી ખ્યાતિ સાંભળીને દૂરદૂરથી કલાકારો મારે ત્યાં આવવા લાગ્યા. લંકાના ઉદ્યાનોમાં સંગીતકારો અને સૂરતાલની વચ્ચે ખોવાઈ જઈને મેં કેટલીયે રાત્રિઓ વિતાવી હતી.

આજે એવી જ એક રાત હતી. મારી આંગળીઓ, રુદ્રવીણાના તાર પર ફરવા માટે અધીરી થઈ ગયેલી. કોઈ પ્રેમી એની પ્રિયતમાને સ્પર્શે, એટલી કોમળતા સાથે મેં રુદ્રવીણાને ખોળામાં લીધી અને પછી હું બીજું બધું ભૂલી ગયો. રામ, વાનરસેના, જીવન, મૃત્યુ અરે હું મારી જાતને પણ વિસારે પાડી બેઠો. કોઈ લક્ષ્ય, હેતુ કે ચિંતા વિના એક પીંછું હવામાં તરતું હોય એમ હું સંગીતમાં ખોવાઈને, સાવ હળવો થઈને ક્યાંક દૂર ને દૂર જતો ગયો. મંદોદરી ક્યારે આવીને મારી બાજુમાં બેઠી, ક્યારે એણે એનું માથું મારા ખભે ઢાળી દીધું એનોય મને ખ્યાલ ન રહ્યો. હું સંગીતકાર નહીં, સાક્ષાત સૂર બનીને વહી રહ્યો હતો.

'મહારાજ, મારો પુત્ર ક્યાં છે?' અચાનક આ શબ્દોએ વાતાવરણને બેસૂરું કરી નાખ્યું. આકાશમાં ઊડતો ઊડતો હું જાણે જમીન પર આવીને પછડાયો. મારી બંધ આંખો ખૂલી ગઈ. સામે પડદાની પાછળથી ભદ્રની કુરૂપ કાયા બહાર પ્રગટ થઈ.

'આ ભિખારી મારા અંગત કક્ષમાં કેવી રીતે પહોંચી ગયો?' આશ્ચર્યની પાછળ ક્રોધ ધસી આવ્યો. હું હજી ઊભો થઈને કંઈ બોલવા જાઉં, એ પહેલાં તો એણે નીચે પડીને મારા પગ પકડી લીધા. મૂર્તિમંત બનીને હું થોડીવાર એમનો એમ ઊભો રહી ગયો. પછી મેં એને હળવેથી ખભો ઝાલીને ઊભો કર્યો. ભદ્ર હવે બીકનો માર્યો દૂર ખસી ગયો.

'ક્ષમા કરજો, મેં તમને સ્પર્શીને અભડાવી નાખ્યા.' નીચું જોઈને એ બબડ્યો.

મંદોદરીએ તરત આગળ વધીને ભદ્રના હાથ પકડી લીધા. પછી હું ક્યારેય દર્શાવી ન શકું એવી સહાનુભૂતિથી છલછલતા અવાજે પૂછ્યું 'ભદ્ર, શું થયું?'

જવાબમાં ભદ્ર ભાંગી પડ્યો. મેં ક્યાંક સાંભળેલું કે ભદ્ર એના દત્તક પુત્ર – અતિકાયાને શોધી રહ્યો હતો. આમ તો અતિકાયાની નસેનસમાં મારું જ લોહી વહેતું હતું, પરંતુ એ સત્ય મેં બળપૂર્વક મનના બહુ ઊંડા અંધારિયા ખૂણે ધકેલી દીધેલું. અતિકાયા અને ભદ્ર જેવા લોકોને મારા જીવનમાં વિક્ષેપ પાડવાનો કોઈ અધિકાર નહોતો.

એકાએક ખંડની અંદર મારો પુત્ર ધસી આવ્યો. એના શરીરમાંથી મદિરા અને ઘમંડની ગંધ આવતી હતી. આટલું ઓછું હોય એમ, એની પાછળ એક કાળો ઓળો ખંડમાં દાખલ થયો.

જોતાંની સાથે ભદ્ર એની ભણી દોડી ગયો, પણ અતિકાયાએ એને ધક્કો મારીને પાડી દીધો.

'પિતાજી, અમે પેલા વાનરોનો કચ્ચરઘાણ કરી નાખ્યો, અને આ અતિકાયાએ મારેલું બાણ જઈને લક્ષ્મણને એવું વાગ્યું કે... હાહાહા...' મેઘનાદ ખડખડાટ હસી પડ્યો અને અતિકાયાએ એની પીઠે ધબ્બો મારીને હાસ્યમાં સાથ પુરાવ્યો.

મારો ચહેરો લાલઘૂમ થઈ ગયો. મારો પુત્ર આવા હલકા લોકો સાથે ફરીને આવી રીતે વાતો કરતો હતો? જઈને મેં એના ગાલ પર સણસણતો લાફો મારી દીધો.

મેઘનાદ આઘાતનો માર્યો આગળ કંઈ બોલી ન શક્યો. માથું ઝુકાવીને એ કક્ષની બહાર નીકળી ગયો. એની પાછળ જઈ રહેલા અતિકાયાની આડે ભદ્ર ઊભો રહી ગયો. 'બેટા, તું મારી સાથે ચાલ.' એણે આજીજીના સૂરે કહ્યું.


'ડોસલા, મારો રસ્તો છોડ.' અતિકાયાએ તુચ્છકારથી કહ્યું અને ફરી એકવાર ભદ્રને ધક્કો મારીને નીચે પાડી, એ મેઘનાદની પાછળ અંધકારમાં ઓગળી ગયો.

મંદોદરી કંઈ બોલવા ગઈ પણ મેં હાથ ઊંચો કરીને ચૂપચાપ એને ત્યાંથી જતા રહેવાનો સંકેત આપ્યો. થોડો સમય મારી જાત સાથે મારે એકલા રહેવું હતું. બારીમાંથી દેખાઈ રહેલા ચંદ્ર સામે મેં જોયું. હૃદયમાં કંઈક ખૂંચતું હોવાનો અનુભવ થયો. પુત્ર તો અંતે પુત્ર જ રહે, પછી એ મહેલમાં જન્મ્યો હોય કે મઢૂલીમાં. પરંતુ આ પ્રકારની અભિમાની, અસભ્ય વર્તણૂક, માઠા ભાવિના એંધાણ આપનારી હતી.

અચાનક બહારથી એક ચીસ અને એની પાછળ થઈ પડેલી બૂમાબૂમ મારા કાને પડી. મહેલના ઉદ્યાનમાં હજી હમણાં તો વિજયની ઉજવણી થઈ રહી હતી. હવે પાછું આ શું થયું? મારા હૃદયના ધબકારા વધી ગયા. ભાંગી પડેલી અવસ્થામાં હજુયે કણસતી રહેલી ભદ્રની કાયા પરથી કૂદકો મારીને હું બહાર દોડ્યો.

o

કાળ પાછો આવ્યો



ભદ્ર

હું ધીમેથી ઊભો થયો. કાળજા પર મણમણનો ભાર વર્તાતો હતો. મારા જીવનમાં હવે કશુંયે નહોતું બચ્યું. પુત્રને મેં હંમેશ માટે ગુમાવી દીધેલો. કદાચ વિચિત્ર લાગે પણ એ ક્ષણે મેં અસુરરાજ પ્રત્યે દયા અનુભવી. એક દુઃખી પિતાને માટે એના જેવી જ સ્થિતિમાં મુકાઈ ગયેલા બીજા પિતા અનુભવે એ પ્રકારની દયા. રેશમી રાજવી વસ્ત્રો અને ઝગમગતો મુકુટ કાઢી નાખો તો એ પણ મારાથી જુદો નહોતો. કે હતો? એ શક્તિશાળી અને હું નિર્બળ, દુઃખ અનુભવવાની બાબતમાં પણ શું અમે એકમેકથી જુદા હોઈશું?

મહેલમાં સ્મશાનવત્ શાંતિ હતી. હું રાવણના કક્ષમાંથી બહાર નીકળીને આગળ ગયો, તો સભાસ્થળેથી આવતા પ્રકાશ અને આછા અવાજે મારું ધ્યાન ખેંચ્યું. આમ તો મોટા માણસોની વાતમાં માથું ન મારવું એવો નિર્ણય મેં ઘણા સમય પહેલાં લઈ લીધેલો. પણ શું એ મોડી રાતે કૌતુક મને સભા ભણી ખેંચી ગયું. એક ખુલ્લી બારીમાંથી મેં ચોરીછૂપીથી અંદર નજર નાખી.

સિંહાસન પર બેઠેલા રાવણનો ચહેરો ધોળોધફ હતો. એના મંત્રીઓ, જમીન પર પડેલા થોડા મૃતદેહોની આસપાસ ઊભા હતા અને પ્રહસ્ત બોલી રહ્યો હતો.

'હું અહીં પહોંચ્યો ત્યારે એટલું અંધારું હતું કે કોણ કોને મારી રહેલું, એ જ પહેલાં સમજાયું નહીં. કદાચ સુરાના કેફમાં આપણા જ લોકો અંદરોઅંદર લડી રહ્યા હશે એવું ધારીને હું સંત્રીઓને બોલાવવા ગયો, પણ અમે આવતા હતા ત્યારે મેં બે જણને અહીંથી ભાગતા જોયા. ચહેરા તો સ્પષ્ટ દેખાયા નહીં, પણ મને લગભગ ખાતરી છે કે એ અંગદ અને એનો મિત્ર જ હતા. મેં ફેંકેલી કટાર અંગદને વાગી પણ ખરી, અને તમે જે ચીસ સાંભળી એ કદાચ એની જ હશે, પરંતુ ત્યાં જે અંધાધૂંધી મચી ગઈ એનો લાભ લઈને એ બંને છટકી ગયા.'

સભામાં થોડીવાર મૌન છવાઈ ગયું અને પછી રાવણ બોલ્યો, 'આપણામાંથી જ કોઈ ફૂટી ગયું છે. વિજયને પરાજયમાં બદલી નાખવાની, અસુરોની જૂની પ્રથા છે. આજે મને લાગે છે કે આપણે ગુલામ રહેવાને જ લાયક છીએ. મારા પોતાના ઉધાનમાં મારા બે મંત્રી રહેંસાઈ ગયા. આપણો પનારો એવા શત્રુ સાથે પડ્યો છે, જેમને આદર્શ, સિદ્ધાંત કે ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી. એમનામાં લાગણીનો છાંટોયે નથી, અને જીતવા માટે એ ગમે તેટલી નીચી હદે ઊતરી શકે છે.

'એમના ગુપ્તચરો છૂપી રીતે એમની સાથે ભળી ગયેલા લોકો આપણી વચ્ચે જ છે. મારો સગોભાઈ, મારો મિત્ર... હજી બીજા કેટલા જણ દેવોને સહાય કરવા દોડી જશે..! સુમાલિ અને માલ્યવાન ભલે યોદ્ધા નહોતા, પણ સારા માણસ તો જરૂર હતા. એમને આવું કમોત મળ્યું?'

આટલું કહીને રાવણે એના સેનાપતિ સામે જોયું, 'રુદ્રક, આપણે શત્રુઓ જેટલા નીચે નથી ઊતરવું. એને ઊંઘતાયે નથી મારવા, પરંતુ એમને ભ્રમમાં નાખીને પકડી લેવાનો અધિકાર હવે

આપણનેય છે. મારા પુત્રનો કેફ અને મદ ઊતર્યા હોય તો એને અહીં હાજર કરો. પ્રહસ્ત, હવે સુમાલિ અને માલ્યવનનો કાર્યભાર તમારે સંભાળી લેવાનો છે. આપણે હવે શત્રુઓને એમની જ રીતે પાઠ ભણાવવો પડશે.'

બહાર ઊભાઊભા આ બધું સાંભળીને મેં ઊંડો શ્વાસ લીધો. મૃત્યુ પામેલા મંત્રીઓ, વ્યક્તિ તરીકે બહુ સારા, પ્રામાણિક અને સિદ્ધાંતવાદી હતા એની ના નહીં, પણ એમના મરવાથી મને કોઈ ફેર નહોતો પડવાનો. વિશ્વમાં આવા લોકોનો તોટો નહોતો. એક જાય તો બીજો એના સ્થાને આવીને ગોઠવાઈ જાય. આસપાસ બધું ચાલતું હતું એમ ચાલ્યા કરે. બહારનાને તો ખબર પણ ન પડે.

થોડી જ વારમાં મેઘનાદ અને અતિકાયાનું આગમન થયું. મંત્રીઓનાં શબ જોઈને બેઉ જણ હબક ખાઈ ગયા. પછી એમણે મૂંગે મોઢે, દક્ષિણમાં માથું કરીને રાખેલા મૃતદેહોને પ્રણામ કર્યા. મંત્રીઓ પોતપોતાના સ્થાને જઈને બેઠા, મેઘનાદે પણ સ્થાન ગ્રહણ કર્યું. અતિકાયા એના પગ પાસે બેસી ગયો. અતિકાયાને જોઈને રાવણની ભ્રકુટિઓ સહેજ તણાઈ, પણ પેલા બે યુવાનોએ વડીલોના અણગમા ભણી આંખ આડા કાન કર્યા.

રાવણે હવે યુદ્ધની વ્યૂહરચના વિશે બોલવાનું શરૂ કર્યું. 'આવતીકાલે રુદ્રક પૂર્વમાંથી આક્રમણ કરશે અને પ્રહસ્ત સમુદ્રમાર્ગે થઈને વરુણનાં વહાણો ડુબાડવાનો કે કબજે કરી લેવાનો પ્રયાસ કરશે. પેલા બે ભાઈઓ સેનાને મોખરે જ હશે. કાલે એમનો સેતુ તૂટી પડ્યો, એટલે આજે એ લોકો તરાપા અને નૌકાઓનો ઉપયોગ કરીને નગરની ઉત્તર દિશામાંથી આવવાનો પ્રયત્ન કરશે. આપણે આપણી ટેકરીઓનો બરાબર ઉપયોગ કરશું. શત્રુઓ નગરના દરવાજે પહોંચે કે તરત એમના પર ઊંચેથી મોટી શિલાઓ અને ઊકળતા તેલનો મારો શરૂ કરી દેવાનો. ગોફણ અને અગનગોળાને પણ પૂરેપૂરા કામમાં લગાડી દેજો. વાનરો સમુદ્ર તરફ ભાગે કે ત્યાંથી વરુણ કોઈ સહાય મોકલે, એવા પ્રયાસોને વચ્ચે જ પ્રહસ્ત અટકાવી દેશે. ધુમ્રાક્ષને એ કામ સોંપી દો. ચારેબાજુથી ઘેરાયેલા વાનરો બેબાકળા થઈ જશે. સુરંતક એ જ વખતે કિલ્લાના દરવાજા ખોલી નાખશે. વાનરસેના માટે આ અણધાર્યું હશે. એ બધા અંદર ધસી આવશે. પછી સુરંતક એમના પર આપણું ગજદળ છૂટું મૂકી દેશે. ટેકરીઓ અને નગરની દીવાલો વચ્ચેની સાંકડી જગ્યાઓમાં વાનરો કચડાઈ મરશે.'

રાવણે હવે એના પુત્ર પર નજર ઠેરવી, 'મેઘનાદ, દેવસેનાની કેડ ભાંગી જાય એવું કામ તારે કરવાનું છે. પણ એની ચર્ચા પછી કરીશું. પહેલાં તો આપણા આ શૂરવીરોના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરો. આજના યુદ્ધમાં પ્રાણ ગુમાવનારા આપણા શૂરવીરોને ઘેર જઈને એમના પરિવારજનોને સાંત્વન આપો. એમને કહો કે આખીયે અસુરજાતિ એમની સાથે છે. રાષ્ટ્ર માટે પોતાનું જીવન સમર્પિત કરી દેનારા વીરોને કે એમના કુટુંબીજનોને આપણે ક્યારેય વિસારે નહીં પાડીએ.' આટલું કહીને રાવણ એના સિંહાસન પરથી ઊભો થઈ ગયો.


પૂર્વ દિશામાંથી આકાશે કેસરિયો વર્ણ ધારણ કરી લીધેલો. વૃક્ષોમાં પક્ષીઓનો કલબલાટ હતો. રાવણ જે કરી રહ્યો હતો, કરવાનો હતો એ જોઈને મારા મનમાં હર્ષ હતો અને સાથે-સાથે ભય પણ ઓછો નહોતો. એનો જૂનો તરવરાટ, જોમ પાછા ફર્યા હતા અને એમાં હવે અનુભવની ધાર પણ ઉમેરાયેલી. મને એ વાતનો આનંદ હતો કે, અસુરસેનાને મોખરે રહીને હવે જો બધાંને આગળ દોરી જશે, પરંતુ આ બહુ લોહિયાળ, ભીષણ યુદ્ધ હતું. લાગતું હતું કે રાવણે ઘડેલી કોઈ ગુપ્ત યોજનામાં મેઘનાદની સાથે મારો પુત્ર પણ સહભાગી થવાનો હતો.

મારે એને લડવા માટે નહોતો મોકલવો. પણ પુત્ર તો પુત્ર જ રહે ને! સહન ન થાય એવો થાક મને ઘેરી વળ્યો. ઘસડાતા પગે મેં ઘરની દિશામાં ચાલવનું શરૂ કર્યું. કાવાદાવા કરતા રાજાઓ, બીજાની ધરતી પર આક્રમણ કરનારા રાજકુમારોને પાછળ છોડીને, મદિરા ઢીંચીને

મારે તો શેરીના શ્વાનની જેમ સૂઈ જવું હતું.

o

આ બધું કોના માટે?



રાવણ

મારા બે મંત્રીઓના જવાથી પડેલો ઘા બહુ આકરો હતો. અત્યાર સુધી મેં લડેલી લડાઈઓથી આ યુદ્ધ સાવ જુદું હતું. શત્રુના મળતિયાઓથી મારો પોતાનો મહેલ ખદબદી રહ્યો હતો. હત્યારા ગમે ત્યારે, ગમે ત્યાંથી ત્રાટકતા હતા. પેલા રામને બને એટલા જલદી પતાવી દેવાની જરૂર હતી. વાનરો એને વિષ્ણુનો અવતાર ગણતા હતા. આઘાત તો મને એ જાણીને લાગ્યો હતો કે અમારે ત્યાં પણ ઘણાં અસુરો હવે રામની અંદર કોઈ દિવ્ય, ઈશ્વરીય તત્ત્વ હોવાનું માનવા લાગેલા.

શિવજીની કૃપા હશે તો આજે જ હું એ દિવ્યતાનું મહોરું ચીરી નાખીશ. રામને મોઢામોઢ મળવા માટે હું હવે અધીરો થયો હતો. મારાથી ઉંમરમાં એ નાનો હતો, પણ મારા બાહુઓમાં હજી બળ હતું. પરંતુ પ્રહસ્તનું કહેવું હતું કે મારે રણભૂમિમાં ઊતરવું ન જોઈએ. વાનરો કે પછી આપણા જ કોઈ ફૂટી ગયેલા અસુરનું એકાદ બાણ પણ મને વાગી ગયું તો આખુંયે અસુર સામ્રાજ્ય કડડભૂસ થઈ જતાં વાર નહીં લાગે. એની સલાહમાં તથ્ય હતું. પરંતુ મારા લોકો જીવના જોખમે રણમેદાનમાં ઝઝૂમી રહ્યા હોય, ત્યારે હું કઈ રીતે મહેલમાં બેસી રહું?

મારા જેવો બાંધો અને કદ ધરાવતા એક સંત્રીને બોલાવીને મેં એનાં વસ્ત્રો ઉતરાવ્યાં અને પછી એ પહેરીને, પેલા સંત્રીને એક ઓરડામાં પૂરીને હું મહેલની બહાર નીકળ્યો. આ કૃત્ય સાવ બાલિશ હોવાનું હુંયે જાણતો હતો, પણ હવે ચાર દીવાલની વચ્ચે બેસી રહેવાનું મારા માટે અશક્ય હતું. યુદ્ધભૂમિ પર કેવી પરિસ્થિતિ હતી એ તો જઈને જોઉં!

અશ્વશાળામાં જઈને હાથમાં પહેલો આવ્યો એ અશ્વ લઈને હું પૂર્વ તરફ ઊપડ્યો. ત્યાં ઊડી રહેલી ધૂળની પ્રચંડ ડમરીઓ દૂરથીયે દેખાતી હતી. નજીક પહોંચ્યો ત્યારે કલ્પી નહોતી એવી હિંસા અને રક્તપાતનાં દર્શન થયાં. નક્કી થયા મુજબ સુરંતકે છૂટા મૂકેલા હાથીઓ વાનરોને કચડી રહ્યા હતા. પાછળથી રુદ્રકની સેના એમના પર તૂટી પડેલી.

ત્યાંથી હું કિલ્લાની અંદરની બાજુએ આવેલી એક ટેકરી પર ગયો. મેં ત્યાંથી પણ વાનરોનો કચ્ચરઘાણ નીકળતો જોયો. ઉપરથી ભારેખમ શિલાઓ અને ઊકળતું તેલ, પાછળથી રુદ્રકની સેનાનાં બાણોનો વરસાદ...વાનરો માટે જીવ બચાવવો લગભગ અશક્ય હતો.

આ તરફ સુગ્રીવે શત્રુસૈન્યનું નેતૃત્વ લીધું હતું. બાણોથી ઘાયલ થયા પછીયે એણે હજી લડવાના કે પોતાના સૈનિકોને સાચવવાના પ્રયાસ છોડ્યા નહોતા. પણ એનોયે સમય હવે લગભગ પૂરો થઈ જવા આવેલો. પાછા ફરવાના રસ્તા રુદ્રકે બંધ કરી દીધા હતા. અમારી વ્યૂહરચના અહીં સફળ નીવડેલી. અશ્વનું મોઢું મેં પછી ઉત્તરમાં ફેરવ્યું. રામ-લક્ષ્મણ ત્યાં હતા.

આગલી રાતે અંધારામાં ઓછામાં ઓછો અવાજ કરીને મેઘનાદ અને અમારા સૈનિકો અશ્વોને બહાર જંગલમાં લઈ ગયેલા. એમની સાથે જોડેલા રથના ભાગ પણ છૂટા પાડીને ત્યાં લઈ જવાયા. પછી પરોઢિયે ત્યાં જ એ બધાં ભાગ અને અશ્વ જોડીને રથ તૈયાર કરી દેવાયા. સવારે

રામની સેના કિલ્લાના ઉત્તર પ્રવેશદ્વારે ત્રાટકી. એ વખતે ત્યાં તો નામ પૂરતાં જ અસુર સૈનિકો હતા. બાકીના તો પેલા રથદળની સાથે પાછળથી ધસી આવ્યાં. પ્રહસ્તે વરુણના વહાણો તો દૂરથી જ રોકી પાડેલાં. એટલે રામને નૌકાદળ તરફથી પણ કોઈ સહાય મળવાની આશા નહોતી. મેઘનાદ પ્રચંડ બળ સાથે શત્રુસેનાનો નાશ કરી રહ્યો હતો. વૃક્ષોમાં સંતાઈ રહેલા અસુરોએ યોજના મુજબ એક સાથે ઊભા થઈને બાણવર્ષા કરી. બંને ભાઈઓ બરાબર જાળમાં આવી ગયેલા.

મેઘનાદ એક તરફ હતો. બીજી તરફ કોણ અસુરોને દોરી રહ્યું હતું? એ વધુ કુશળ લાગતો હતો. મેં આંખ ઝીણી કરીને જોયું. અરે, આ તો અતિકાયા, મારો પુત્ર! એની સામે આવનારો એકેય વાનર નહોતો બચતો. વાનરો ચારે બાજુથી ઘેરાઈ ગયેલા. અસુરો એમના પર સાક્ષાત કાળ બનીને વરસી રહ્યા હતા. માત્ર હનુમાનના હાથ નીચે લડતી ટુકડીમાં હજી પ્રતિકાર કરવા જેટલી શક્તિ બચેલી.

રામના મોટા ભાગના માણસો તો અડધા ભાંગી ગયેલા સેતુની પેલે પારના ભૂખંડ પર સલવાઈ ગયેલા.

જોકે એમનું નેતૃત્વ પેલા ઘરડા પણ બહુ લુચ્ચા જાંબવાનના હાથમાં હતું. એક સમયે બાલીનો સેનાપતિ રહી ચૂકેલો એ દુર્જન, હવે આ ઉંમરે સુગ્રીવ સાથે જઈને બેઠો હતો.

આજના યુદ્ધમાં અસુરોનું પલ્લું ભારે હતું, એની ખાતરી કરી લીધા પછી હું મહેલમાં પાછો ફર્યો. પણ પછી મોડેથી એકલો પડ્યો ત્યારે શંકા-કુશંકાઓ મને ઘેરી વળી. જાંબવાને એના માણસોને શું કામ પેલે પાર રોકી રાખેલા? અને વરુણ ક્યાં હતો? મને છેલ્લે મળેલો અહેવાલ કહેતો હતો કે વરુણ એનાં વહાણોને લંકાદ્વીપથી દૂર ઊંડા સમુદ્રમાં લઈ ગયેલો. શું આ બે જણે કોઈ કારસો રચેલો? આવા પ્રશ્નોના જવાબ તો પ્રહસ્ત જ આપી શકે, પણ એ અત્યારે બાજુમાં નહોતો.

મને એકાએક મારી પુત્રીને જોવાનું મન થઈ ગયું. હું ઉદ્યાન ભણી ગયો. અહીં યુદ્ધનો કોઈ અવાજ નહોતો સંભળાતો. આમલીના એક વૃક્ષ નીચે હું વાતાવરણની શાંતિ અને સૌંદર્યને માણતો ઊભો રહ્યો. આ બેટ અને સહ્ય પર્વતનાં જંગલોમાં વિતાવેલા બાળપણના સુંદર દિવસો મને યાદ આવી ગયા.

માનવીનું મન પણ કેવી વિચિત્ર રમતો કરતું હોય છે! ભૂતકાળમાં ભોગવેલી ગરીબી, ભૂખ, અવહેલનાઓ બધું જ વિસારી દઈને માત્ર સુખની ક્ષણો યાદ રાખે.

અશોકવૃક્ષ નીચે બેઠેલી સીતાનું રૂપ અલૌકિક હતું. એની બાજુમાં મારી ભત્રીજી ત્રિજટા હતી. એની હાજરી મને ખટકી ગઈ. મારે પુત્રી સાથે એકાંતમાં વાત કરવી હતી. ત્રિજટા ઘણી રીતે એના ચારિત્ર્યહીન પ્રમાદી બાપ જેવી હતી.

કુંભકર્ણના જીવનમાં ભોગવિલાસ સિવાય બીજી કોઈ વસ્તુને સ્થાન નહોતું. એક સમયે એણે પણ અમર કીર્તિ અને પોતાનું રાજ્ય સ્થાપવાની મહત્ત્વાકાંક્ષાઓ રાખેલી. પરંતુ હવે એ મદિરા અને કેફી દ્રવ્યોના પ્રભાવ હેઠળ, પોતાના ખંડમાં પડ્યો રહેતો હતો. એ આળસુ હતો કે પછી મારા પ્રભાવ હેઠળ દબાઈ ગયેલો?

કોઈપણ મનુષ્યની સિદ્ધિઓની સહુથી વધુ ઈર્ષા એના ભાઈ-ભાંડુઓને થતી હોય છે. પરંતુ મને જે મળ્યું એ કદાચ મારું સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય હતું. આ ઉંમરે પહોંચ્યા પછી મેં એવું માનવાનું માંડી વાળેલું કે, વ્યક્તિ પોતાના દૃઢનિશ્ચય, મહત્ત્વાકાંક્ષા અને પરિશ્રમના જોરે જે ધારે એ મેળવી શકે. મારમાં રહેલી નાસ્તિકતા મરી પરવારેલી. અત્યાર સુધીના જીવનમાં મેં જે જોઈ લીધેલું, એ પછી કઈ રીતે મનાય કે મનુષ્ય પોતે પોતાનો ભાગ્યવિધાતા હોઈ શકે? જેને ખરેખર અસુરરાજ કહી શકાય એવા મહાબલિની સામે યુવાનીના ઉન્માદમાં મેં જે બુદ્ધિહીન દલીલો

કરેલી, એનું સ્મરણ મારા હોઠ પર કડવું સ્મિત મૂકી ગયું. રહીરહીને હવે વાસ્તવિકતા સમજાતી હતી કે, બુદ્ધિ અને તર્ક દ્વારા સમજી-સમજાવી ન શકાય એવી ઘણી ઘટનાઓ આ સૃષ્ટિમાં બનતી હતી. માત્ર એનો પ્રતિભાવ આપવા જેટલું જ્ઞાન ગુરુઓ પાસેથી મળી શકે. બાકી તો જે થાય એ કદાચ ભાગ્ય, પ્રારબ્ધ કે વિધિ ગણીને સ્વીકારી લેવાનું.

સીતાએ કરેલા હાસ્યથી મારી વિચારમાળા તૂટી. મેં એની સામે જોયું. શારીરિક સૌંદર્ય એને મંદોદરી પાસેથી વારસામાં મળેલું અને નિર્ભયતા, ઉત્કટતા જોમ મારા તરફથી! અમારા આ સંતાનને હું પાછું કેમ કરીને ખોઈ નાખું?


'આવો, રાજાધિરાજ, અસુરસમ્રાટ... મને મળવા પધાર્યા છો? રાવણ, હવે તારા જીવનમાં ગણીગાંઠી ક્ષણો બચી છે. તારો અને તારા દુષ્ટ સામ્રાજ્યનો નાશ કરવા માટે મારા રામ આવી પહોંચ્યા છે. તમે રાક્ષસો જેનું આટલું અભિમાન કરો છો, એ સઘળું બળીને રાખ થઈ જશે. મારા પતિ મને મુક્ત કરવા આવ્યા છે અને તમારું ભાવિ મને સ્પષ્ટ દેખાય છે. રાવણ, તને તારી, તારા સ્નેહીજનોની જરા સરખીયે ચિંતા હોય તો જઈને રામના પગ પકડી લે. જોકે હું જાણું છું કે તું એવું નહીં કરે. તારી બુદ્ધિ પર તારો અહંકાર સવાર થઈ બેઠો છે. મારા શબ્દો તું લખી લે, રાક્ષસ. તારા વિનાશનો સમય પાકી ગયો છે.' સીતાએ અટ્ટહાસ્ય વેર્યું. એ પળે એના ચહેરા પર આવી ગયેલા ધિક્કારના ભાવે સીતાનું બધુંયે સૌંદર્ય હણી લીધું. ત્રિજટાએ ભય અને સંકોચ સાથે મારા ભણી જોયું.

હતાશ ભાવે મેં પીઠ ફેરવી દીધી. જાતજાતના વિચારોએ મારા મસ્તિષ્કમાં ઘમસાણ મચાવી દીધું. સીતાને કહી દઉં કે એ મારી પુત્રી હતી? પણ પછી કયા મોઢે એને કહીશ કે, કોઈ વહેમ, અંધશ્રદ્ધાથી દોરવાઈને અમે એનો ત્યાગ કરેલો? અને એની આંખોમાં રામ પ્રત્યેનો જે ઉત્કટ પ્રેમ ઝગમગતો હતો, એને હું કઈ રીતે અવગણી શકું? કેવી રીતે એને ગળે ઉતારું કે રામથીયે વધુ હું એને પ્રેમ કરતો હતો. અને એને ખાતર તો મેં મારું સર્વસ્વ હોડમાં મૂકી દીધેલું. એ નહોતી જાણતી કે મારી છત્રછાયા દૂર થતાંની સાથે, એના દુઃખના દિવસોનો આરંભ થઈ જશે. પણ કદાચ...કદાચ એવુંયે બને કે એમનું લગ્નજીવન સુખી નીવડે. આદર્શ પતિ-પત્નીની જેમ એ છેવટ સુધી સાથે રહે અને લોકો મને એવા દુષ્ટ રાક્ષસ તરીકે જ યાદ રાખે, જેણે રામ-સીતાના સુખમાં ભંગાણ પાડવાનો પ્રયાસ કર્યો, પણ જ્યોતિષીઓએ જે ભાવિ ભાખેલું, એમાં તો મારી સાથે મારા લોકો, મારી પુત્રી, અમે બધાંય દુઃખી થવાનાં હતાં. વિધિના આ લેખ મિથ્યા કરવાનું સામર્થ્ય મારામાં હતું? મારા જેવું દુર્ભાગ્ય કોઈ પિતાને ન મળે! પણ હવે જે થવાનું હોય એ ભલે થતું. હું અંતિમ શ્વાસ સુધી લડી લઈશ. કદાચ જીતીયે જઈશ...'

પરંતુ હું પાછો મહેલમાં ગયો એ જ સમયે સૈનિકો મારા સેનાપતિ રુદ્રકના નિષ્પ્રાણ દેહને લઈ આવ્યા. સીતાએ કદાચ ભાવિના એંધાણ જોઈ લીધેલાં.

o

શૂરવીરનું પુનઃ આગમન



ભદ્ર

હું મારા ઝૂંપડાની પરસાળમાં બેઠો હતો. માલાએ મારી સામે મૂકેલી ગરમાગરમ રાબ અને કેરીનું અથાણું હવે સાવ ઠરી ગયેલાં. ઉપર માખીઓ બણબણતી હતી, પણ એને ઉડાડવા માટે મારો હાથ લાંબો નહોતો થતો. આગલી રાતે પીધેલી મદિરાનો કેફ હવે માથાના દુઃખાવામાં પલટાઈ ગયેલો.

માલા રસોડાની અંદર એનું રોજિંદું કામ કરી રહી હતી, પણ હું લગભગ નવરો હતો. આવતીકાલે મરવાનું હોય તો આજે કપડાં ધોવડાવવાની ઝંઝટમાં કોણ પડે? મારા ધોબીકામમાં સાવ મંદી હતી.

મારા પુત્રના ભાવિમાં શું હતું, એ મેં લગભગ સ્વીકારી લીધેલું. પણ તોયે રહી-રહીને મારી આંખો બહાર રસ્તા ભણી દોડી જતી. ક્યારેક એવુંયે વિચારી લેતો કે, અતિકાયા, યુદ્ધમાં ઈજાગ્રસ્ત થઈને ઘેર પાછો ફરે તો કેટલું સારું! અમે એની સેવાચાકરી કરીને સાજો કરીશું અને પાછો જવા નહીં દઈએ.

પરંતુ બુદ્ધિ કહેતી હતી કે આ બધી ઠગારી આશાઓ હતી. અતિકાયા, કોઈ કાળે એના મિત્ર અને ભાઈ મેઘનાદને રણભૂમિ પર એકલો નહીં છોડે. અડોસપડોસમાં ઘણાંએ પોતાના સ્વજનો ગુમાવી દીધેલા અને હવે તો પહેલાં જેવો આવેશ, ઉન્માદ કે ક્રોધ પણ નહોતા રહ્યા.

યુદ્ધનો આરંભ થયો, ત્યારે તો દેશ માટે જીવ આપી દેનારા અસુરયોદ્ધાઓની અંતિમયાત્રામાં ટોળેટોળાં ઊમટી પડતાં. લાગણી વશ થઈને એમનો જયજયકાર કરતા, રડતા, દેવો-વાનરોને મારી નાખવાના પોકારો પાડતા, પણ જેમજેમ મૃતદેહોની સંખ્યા વધતી ગઈ તેમતેમ કૌતુક, અહોભાવ અને બીજી લાગણીઓ મંદ પડતી ગઈ. આ તો હવે રોજનું થયું એવું લોકોને લાગવા માંડેલું. અરે, જેમના ઘરમાં કાળે ટકોરા દીધા હોય, એમની લાગણીઓ પણ બૂઠ્ઠી થઈ ગયેલી. વિભીષણના શાસનમાં કાળા અસુરોની શું દશા થશે, એના વિચારે જ જાણે સહુને જીવતેજીવત મારી નાખ્યા હતા.

શેરીઓ સૂની પડી ગયેલી. ઘણાં ગરીબ કુટુંબો નાની-નાની હોડીઓમાં બેસીને બેટમાંથી બીજે કિનારે જતા રહેલા. અને આવું ન કરી શકનારા જંગલમાં ભાગી ગયેલા. જોકે બહુમતી પ્રજા એમનાં ખખડધજ ઘરોનાં બારી-બારણાં વાસીને અંદર ભરાઈ રહેતી હતી. શ્રીમંત અને કુલીન વર્ગની પહેલાં, ગરીબ અસુરોને પરાજય અને વિધ્વંસની ગંધ આવી ગયેલી, પણ જાહેરમાં કોઈ મોઢું નહોતું ખોલતું.

યુદ્ધના દસ દિવસ વીતી ગયેલા. બંને પક્ષે ભારે ખુવારી વેઠવી પડેલી. શત્રુઓ વિશે વધુ માહિતી અમને નહોતી મળતી. પણ અમારા મંત્રીઓ, સેનાનાયકો, રુદ્રક, વજધંસ્ત્ર, સુમાલિ, માલ્યવન આ બધાં હવે નહોતાં રહ્યાં. અસુર સેનામાં સશક્ત નેતાઓની ખોટ વર્તાવા લાગેલી. અનુભવી યોદ્ધાઓમાં માત્ર પ્રહસ્ત અને રાજકુંવર મેઘનાદ રહ્યા હતા. પ્રહસ્તે સમુદ્રમાં વરુણને

હજી ભિડાવી રાખેલો અને રામના પાછા જવાનો માર્ગ પણ રૂંધી દીધેલો.

આર્થિક બાબતોનું ધ્યાન રાખનારા જાંબુમાલિની વૃદ્ધ કાયામાં તો હવે ચાર ડગલાં સરખા ચાલવા જેટલું યે કૌવત નહોતું રહ્યું. જ્યારે સાંભળ્યું કે ઘરડા, અર્ધઘેલા વૈજ્ઞાનિક મયને પણ સેનાનાયક બનાવવાનો પ્રસ્તાવ મુકાયેલો. જે એણે નકારી કાઢ્યો ત્યારે તો ખાતરી થઈ ગઈ કે અસુરસેનાની સ્થિતિ અત્યંત ગંભીર હતી. હવે રાવણે સેનાપતિ તરીકેનો ભાર સંભાળી લેવાની આવશ્યકતા હતી, પરંતુ એનીયે હવે ઉંમર થઈ ગયેલી.

એકાએક મારા મગજમાં કીડો સળવળ્યો, અને પત્નીને કંઈ કહ્યાકારવ્યા વિના હું ઊભો થઈને મહેલની દિશામાં ચાલવા માંડ્યો. માથે સૂરજ આકરો થઈને તપતો હતો. આખા શરીરે પરસેવાના રેલા ઊતરી રહ્યા હતા. હું નાહ્યોયે નહોતો. વસ્ત્રો અને શરીર ભારે ગંધાતા હશે એવો ખ્યાલ મને છેક મહેલ પાસે પહોંચ્યા પછી આવ્યો. રાજમહેલની અંદર મારા ઈજાગ્રસ્ત પુત્રની સારવાર થઈ રહી હશે, એ વિચાર પણ હવે મૂર્ખામીપૂર્ણ લાગી રહ્યો હતો, તોયે હું ચાલતો રહ્યો.

દૂરથી મહેલના ઝળહળતાં સુવર્ણ શિખરો દેખાયાં. મારા જેવા લોકોને એક ટંક ખાવાનાં ફાંફાં હતાં, ત્યારે અમારા રાજાએ એના મહેલની ભીંતો અને છતને સોનાથી મઢી હતી. લડાઈમાં એ હારવો જ જોઈએ. આવો ગુસ્સો મને આવી ગયો, પણ પછી તરત ઊતરીયે ગયો. બીજા શાસકો જેવો એ ક્રૂર નહોતો. એણે પોતાની રીતે પ્રજાના ઉદ્ધાર અને ઉન્નતિ માટે પ્રયાસ તો કરેલા.

પરંતુ રાજા સારો હોય કે નઠારો, મારા જેવા લોકોનું કોઈ મૂલ્ય નહોતું. બ્રાહ્મણવાદની પકડમાં આવી રહેલા આ દેશમાં મારા જેવા લાખો ગરીબ અસુરો હતા. યુદ્ધ પૂરું થતાંની સાથે અમે અસ્પૃશ્ય થઈ જઈશું. આવા ને આવા વિચારો કરતો હું મહેલની બહાર બેસી પડ્યો. કોઈ પરિચિત ચહેરો દેખાઈ જાય અને એ મહેલની અંદર લઈ જાય, એ આશામાં ને આશામાં ક્યારે ઝોકું આવી ગયું એનુંયે મને ભાન ન રહ્યું.

સાંજ પડી ગઈ ત્યારે રણભૂમિમાંથી પાછા ફરી રહેલા સૈનિકોના અવાજે મને ઝબકાવી દીધો. મૃત કે ઈજાગ્રસ્ત ઉચ્ચાધિકારીઓને માનભેર ઉપાડીને લવાઈ રહ્યા હતા. સામાન્ય સૈનિકોને ગીધડાંનું ભોજન બનવા માટે પાછળ છોડી દેવાયેલા. અલબત્ત, જીવતા રહેલા સૈનિકો ઉમંગમાં હતા.

એ બધાંની વચ્ચે મેં મારા પુત્રને શોધવાનો પ્રયાસ કર્યો. અનેક જણના ધક્કા અને અપશબ્દો સહન કરીને પણ હું આમતેમ દોડતો રહ્યો અને પછી એ દેખાયો. રથની ઉપર, રાજકુમાર મેઘનાદની બાજુમાં ગર્વથી માથું ઊંચું કરીને ઊભેલો મારો પુત્ર અતિકાયા બંનેના શરીરે પડેલા અનેક ઘામાંથી રક્ત નીતરી રહ્યું હતું, પણ ચહેરા પર ગૌરવભર્યું સ્મિત હતું.

'અતિકાયા....' હું એના ભણી દોડ્યો, પરંતુ સૈનિકો મને રાજકુમારના રથ સુધી પહોંચવા દે તો ને! કાયામાં હતું એટલું બધું બળ એકઠું કરીને મેં એના નામના સાદ પાડ્યા, કૂદકા મારી-મારીને હાથ હલાવ્યા અને છેવટે અતિકાયાનું ધ્યાન મારા પર ગયું. એની આંખો પહેલાં તો આશ્ચર્યથી પહોળી થઈ અને પછી એમાં સંકોચ ભરાઈ ગયો.

મારો પુત્ર અસુર યુવરાજની સાથે એનો સમોવડો થઈને રથ પર સવાર હતો. બધાંયની દૃષ્ટિ એના પર હતી. આવી દુર્લભ ગણાય એવી સોનેરી ક્ષણે એક તુચ્છ, ગરીબ ધોબી એને નીચે ખેંચવા મથી રહ્યો હતો. બસ, અતિકાયાના એ એક દૃષ્ટિપાતમાં મારી બધીયે આશા-અપેક્ષા બળીને ભસ્મ થઈ ગઈ. એ મારો નહોતો રહ્યો અને આમેય હતો પણ ક્યાં! અંતે તો એના દેહમાં રાજવી લોહી હતું. અડધો તોયે એ રાજકુમાર તો હતો જ. એના વિશ્વમાં મારું કે મારા ઝૂંપડામાં એનું સ્થાન નહોતું.

અતિકાયા હવે એ મહાન લોકોની વચ્ચે હતો, જેમના ગયા પછીયે હજારો વર્ષ સુધી લોકો એમની વાત કરતાં રહેશે. એમની સામે ભદ્ર જેવા લોકોની શું વિસાત!

અચાનક યુવરાજ મેઘનાદની નજર મારા પર પડી. એણે માત્ર સંકેત કર્યો અને મારી આડેથી સૈનિકો, સંત્રીઓની દીવાલ હટી ગઈ. પહેલાં તો હું આભો થઈ ગયો, પણ પછી ધીમે પગલે રથ તરફ ગયો. આખુંયે સરઘસ હવે થંભી ગયેલું. રથથી થોડે છેટે પહોંચીને હું ઊભો રહ્યો.

રાજકુમારના હોઠ પર થાકેલું સ્મિત હતું. અતિકાયાએ એની આંખો ફેરવી લીધી. મારી દુર્બળ કાયા, જીર્ણશીર્ણ મેલાં વસ્ત્રોથી એને કદાચ લજ્જા આવતી હતી. લજ્જા તો મને પણ આવવા માંડેલી, મારા દેખાવથી. રાજકુમારે મારા ભણી હાથ લંબાવ્યો તો મેં આંખો ઝુકાવી દીધી. બાજુમાં ઊભેલા સૈનિકે મને ગોદો માર્યો, 'મૂરખ, જોતો નથી. તને યુવરાજ બોલાવે છે?'

ડરતો ડરતો હું રથની નજીક ગયો. આંખના પલકારામાં રાજકુંવરે મારો હાથ પકડીને મને રથમાં ખેંચી લીધો. લોકો આભા થઈને જોઈ રહ્યા. એક ગરીબડો, ગંધાતો અસુર ભિખારી, અસુર યુવરાજના રથમાં? મારા માટે આ મોટા ગૌરવની ક્ષણ હતી. યુવરાજના પિતા, જેને મેં એક સમયે મિત્ર ગણવાની હિંમત કરેલી, એણે પણ ક્યારેય આવું નહોતું કર્યું. પરંતુ પછી મેં મારા પુત્ર સામે જોયું અને ત્યાં દેખાયેલા ધિક્કારે મારા ક્ષણિક ગૌરવના ચૂરેચૂરા કરી નાખ્યા.

મારી જાત પ્રત્યેની લજ્જા અને ઘૃણા પાછાં ફર્યાં. રાજકુમાર એક ગરીબ, હલકા ગણાતા માણસને પોતાની વિજયયાત્રામાં સહભાગી બનાવીને, કુશળ રાજરમત રમી ગયેલો. બધાં હવે એની ઉદારતાની પ્રશંસા કરશે. મેં કટુતાભેર વિચાર્યું.

શક્ય છે કે કદાચ ખરેખર મેઘનાદનું મન મોટું હતું, પરંતુ જીવનમાં થયેલા અગણિત કડવા અનુભવોએ મને વક્રદ્રષ્ટા બનાવી દીધેલો. શ્રીમંતો કે સત્તાધારીઓ નિઃસ્વાર્થભાવે કોઈ સારું કામ કરે એ માનવા જ હું તૈયાર નહોતો.

બહુ માર ખાઈને હું આ પાઠ શીખ્યો હતો. દાન-પુણ્ય કરનારા શ્રીમંતોની આંખોમાં મેં દયા જોયેલી. પોતે બહુ ઉદાર-મહાન હોવાનો અહંકાર જોયેલો. પણ એ બધાંથી વધુ જોયો હતો એમનો ભય.

શક્તિશાળી સમ્રાટ રાવણની આંખમાં પણ મેં ભય જોઈ લીધેલો. અમારા જેવા નિર્બળ, આજ્ઞાંકિત, અજ્ઞાની, કાળા, ગરીબ નર-નારીઓથી એ મોટા લોકો ડરતા હતા. એ ડર ઢાંકવા માટે એમને ઉદારતા, ઘમંડ, અવગણના, સહાનુભૂતિ વગેરેનાં આવરણની જરૂર વર્તાતી હતી.

મારો સંકોચ હવે કપૂર બનીને ઊડી ગયો. એ સ્થાને મારા અંગેઅંગમાં નવી શક્તિનો સંચાર થયો. એ ક્ષણે અસુર રાજકુમારની તુલનાએ મેં મારી જાતને મૂઠી ઉંચેરી અનુભવી. બધું દીવા જેવું સ્પષ્ટ હતું. અર્ધખીલેલા પુષ્પ જેવો આ યુવાન તો યુદ્ધના અગ્નિમાં હોમાઈ જશે, પણ હું જીવતો રહીશ. ઇતિહાસના પાના પરથી ધીમેધીમે એનું નામ બહાર સરી જશે, પણ જીવિત રહેવા માટે ફાંફાં મારતો, રોજની મારી નાની-નાની લડાઈઓ લડતો હું ત્યાં સદાકાળ રહીશ.

કોઈ કવિ મારાં પ્રશસ્તિગાન નહીં ગાય. પણ કોને અહીં કવિઓની પરવા છે? હું ઈશ્વર તરીકે નહીં પૂજાઉં, પણ અહીં કોને ઈશ્વર થવું છે, એ બધાં નકામાં છે. બહુ જલદી આ યુદ્ધ અને એની સાથે સંકળાયેલા મહાનાયકો, ખલનાયકોનો અંત આવી જશે, પણ મારી લડાઈ ચાલતી રહેશે. વિશ્વના ખૂણેખૂણે મારા જેવા લોકો અન્ન, પાણી, આશ્રય અને થોડાઘણાં આત્મસન્માન માટે પોતપોતાની રીતે નાની-મોટી લડાઈઓ લડતા જ રહેશે.

મારી વિચારધારામાં વિક્ષેપ પાડતાં રાજકુમાર બોલ્યો, 'તમારા પુત્રએ આજે મારા પ્રાણની રક્ષા કરેલી. તમે વીરના પિતા છો, હું તમારી સામે માથું નમાવું છું.'

સાંભળીને મારા પેટમાં કંઈ અમળાવા લાગ્યું. યુવરાજની રમતમાં હવે વધુ સમય મારે એક નાનું પ્યાદું બનીને નહોતું રહેવું. મારો રોષ આંખમાંથી અશ્રુ બનીને ફૂટી નીકળ્યો. રાજકુમારે

મને ભેટીને, મારા ગંદા ગાલ ચૂમી લીધા. અતિકાયા આડું જોઈ ગયો. રથનાં પૈડાં ફરવા લાગ્યાં અને બંને તરફ ઊભેલા સૈનિકોએ જયજયકાર બોલાવ્યો.

વિશાળ દરવાજા ખૂલ્યા. મહેલ ભણી જતી સીડીના મથાળે રાજા-રાણી ઊભાં હતાં. બારી અને ઝરૂખા સેવક-સેવિકાઓથી, દરબારીઓથી ભરચક હતાં. એ સહુએ યુવરાજની જય બોલાવી. રાવણે ગર્વભેર એના પુત્રનું સ્વાગત કર્યું. આ વિજયયાત્રા હતી? શું યુદ્ધ પૂરું થઈ ગયેલું? હું ગૂંચવાઈ ગયો.

રાવણે હાથ ઊંચો કર્યો. સામેથી હરહર મહાદેવના ગગનભેદી સાદ પડ્યા. અસુરોનો ઉત્સાહ ક્યાંય માતો નહોતો. મેં એવું સાંભળ્યું કે બેઉ શત્રુ રાજકુમારોને મેઘનાદે હણી કાઢેલા.

ચેંદા પર જોરજોરથી પડી રહેલી થાપ, ચારે તરફથી થઈ રહેલી પુષ્પવર્ષા, લોકોનો ઉમંગ... આ બધાંએ મારા હૃદય પરથી મોટો ભાર ઉતારી નાખ્યો. અમે સુરક્ષિત હતા. મારો પુત્ર જીવીત હતો. અસુરોને માથેથી જાતિવાદનાં વાદળાં દૂર થઈ ગયેલાં.

મારો પુત્ર આ વિજયના યશનો ભાગીદાર હતો. એટલે જ મેઘનાદે મને એના રથમાં સ્થાન આપ્યું. વીરપુત્રના પિતા તરીકે હજી મને વધુ સન્માન મળવું જોઈએ. મેં ખભા ટટ્ટાર કર્યા.

સીડી પાસે આવીને રથ ઊભો રહ્યો. રાવણની પહેલાં દોડીને નીચે પહોંચી ગયેલી મંદોદરી પુત્રને ભેટી પડી અને એને ચુંબનથી નવડાવી દીધો. રાવણનો વારો પછી આવ્યો. આ બધું ચાલતું હતું, ત્યારે એક તરફ ઊભા રહી ગયેલા અતિકાયાના ચહેરા પર કોઈ બુદ્ધિહીન જ કરી શકે એવું હર્ષભર્યું સ્મિત હતું. રાજા-રાણી, યુવરાજ અને પાછળ એમના પાળેલા ગલૂડિયા જેવો અતિકાયા મહેલમાં પ્રવેશ્યા. મારી સામે કોઈએ જોયું નહીં. મારા અસ્તિત્વની નોંધ સુધ્ધાં ન લેવાઈ.


બહાર લોકોએ નાચવા-ગાવાનું શરૂ કરી દીધું. મને સમજાયું નહીં કે હું હવે શું કરું. ત્યાં ને ત્યાં ઊભો રહ્યો.

થોડીવાર પછી એક પહેરદારે આવીને મારા હાથમાં નાનું પોટલું પકડાવતાં કહ્યું, 'રાજકુંવરે મોકલ્યું છે.' મેં ધીમેથી ગાંઠ ખોલી. અંદર રેશમી પણ કોઈએ પહેરીને ઉતારી નાખેલાં વસ્ત્રો, થોડાં તાંબાનાં વાસણ અને મીઠાઈ હતાં. ઇન્દ્રને પરાજિત કરનારા રાજકુમારે મારા માટે આ ભેટ મોકલી હતી. પેલો સંત્રી મને ઈર્ષા અને લાલસાભરી દૃષ્ટિએ જોઈ રહ્યો.

મેં પારાવાર સૂગ અનુભવી. આખુંયે પોટલું એના હાથમાં સોંપીને ત્યાંથી ચાલતી પકડી. કોઈ ભાવ દર્શાવ્યા વિના એ પોટલું લઈને મહેલમાં જતો રહ્યો. હું જઈને રામના મૃત્યુની ઉજવણી કરી રહેલા લોકો સાથે જોડાઈ ગયો.

o

પ્રધાનમંત્રીનો આકરો નિર્ણય



રાવણ

હાશ, અંતે યુદ્ધ પૂરું થયું. મારા પુત્રના હાથે અમારા સહુથી મોટા શત્રુનો પરાભવ થયો હતો. મારી છાતી ગજગજ ફૂલતી હતી. પણ તોયે મનમાંથી ચિંતા કેમ નહોતી જતી? ક્યાંક કશું ખોટું થયું હોવાની આશંકા પજવતી હતી.

મેઘનાદે અને અતિકાયાએ મળીને રામ-લક્ષ્મણને એમના મુખ્ય યોદ્ધાઓથી અળગાં કરી દીધેલા અને પછી એમને હાથોહાથની લડાઈમાં પાડ્યા હતા. પ્રહસ્તની વ્યૂહરચનાથી હનુમાન અને સુગ્રીવ જેવા અનુભવી યોદ્ધા પણ થાપ ખાઈ ગયેલા. મેં મારા કિલ્લાની રાંગ પર ઊભા રહીને આ બધું જોયું હતું.

દેવકુમારો કુશળ બાણાવળી હતા. મેઘનાદ અને એમના સેવકને એમણે ખાસ્સી ઈજાઓ પણ પહોંચાડી હતી, પરંતુ છેવટે અતિકાયાએ રથમાંથી ઊતરીને રામ-લક્ષ્મણની સાવ નજીક પહોંચી જવાનો વ્યૂહ સુઝાડ્યો, જેથી પેલા બે જણને બાણ ચલાવવાની તક ન મળે. તોયે એમના સુધી પહોંચતામાં, રામના બાણે મેઘનાદનો ખભો વીંધી નાખ્યો પછી જોકે એને વધુ શૌર્ય બતાવવાનો સમય ન મળ્યો. મેઘનાદની તલવારે રામની કાયા ચીરી નાખી.

બીજી બાજુ અતિકાયા અને લક્ષ્મણ સામસામે થઈ ગયેલા. લક્ષ્મણે એનાં ધનુષબાણ છોડીને હાથમાં તલવાર લીધી. દેવોની તલવાર જીવલેણ શસ્ત્ર છે. અસુરોની તલવાર વજનદાર અને આગળથી થોડી વળાંકવાળી હોય છે. સામે પક્ષે દેવો સીધી, પાતળી ધારદાર તલવાર વાપરે છે. જેનો ઉપયોગ કટાર તરીકે પણ થઈ શકે. રામને ભોંયભેગા કરીને મેઘનાદ અતિકાયાની સહાય માટે દોડ્યો. પરંતુ એણે જેને મૃત માની લીધેલો એ રામના શ્વાસ ચાલતા હતા. એણે મેઘનાદનો પગ પકડી લઈને એને પાડી નાખ્યો. અતિકાયાની નજર એના સ્વામી તરફ ગઈ અને આંખનું મટકું મારો એનાથીયે ઓછા સમયમાં લક્ષ્મણે એની તલવારનો ઘા અતિકાયાને મારી દીધો. પછી એ બંને હાથે તલવાર ઊંચી કરીને, નીચે ભૂમિ પર પડેલા મારા પુત્ર ભણી ધસી ગયો.

પરંતુ અતિકાયા એનાથીયે વધુ ઝડપી નીકળ્યો. ઘૂંટણભેર જઈને એણે મેઘનાદને બાજુએ ધકેલી દીધો અને લક્ષ્મણની તલવાર મેઘનાદની છાતીને બદલે ધરતીમાં ઊતરી ગઈ. મેઘનાદે એ ક્ષણનો લાભ લઈને લક્ષ્મણના પેટમાં તલવારનો એવો ઘા માર્યો કે દેવકુમાર નીચે ઢગલો થઈ ગયો. તરફડિયાં મારતી એની કાયા થોડી જ વારમાં સ્થિર થઈ ગઈ.

પણ પછી ઊંચે ટેકરીઓમાં સંતાઈને યુદ્ધની ગતિવિધિઓ નિહાળી રહેલો જાંબવાન એના સૈનિકો સાથે બહાર પડ્યો. એણે પ્રહસ્તનો વ્યૂહ જોઈ લીધેલો. એ સીધો રામની દિશામાં દોડ્યો. સંકટ પારખી ગયેલા અતિકાયાએ મેઘનાદને પીછેહઠ કરવા વિનંતી કરી, પણ ત્યાં સુધીમાં મારા પુત્રએ ભાન ગુમાવી દીધેલું. અતિકાયાના પોતાના અંગેઅંગમાંથી લોહી નીતરી રહ્યું હતું. પરંતુ એવી અવસ્થામાં પણ એણે મેઘનાદને ઉપાડીને પોતાને ખભે નાખ્યો. એક હાથે

તલવાર વીંઝતો એમના રથ સુધી પહોંચી ગયો.

ત્યાં સુધીમાં જાંબવાને, સુગ્રીવ અને હનુમાનને રામ પાસે આવવાનો સંદેશો પહોંચાડી દીધેલો. આખીયે વાનરસેના ત્યાં ધસી આવી. એમણે મેઘનાદનો પાછા જવાનો માર્ગ રૂંધી નાખ્યો. દૂરથી આ જોઈને મારું કાળજું બેસી ગયું. પછી અતિકાયાએ ગળું ફાડીને ગર્જના કરી, 'રામ-લક્ષ્મણ મરાયા... યુવરાજ મેઘનાદનો જય હો...'

સહેજ નબળા પડેલા અસુર સૈનિકો આ સાંભળીને પાછા જોશમાં આવી ગયા. દૂરથી મને ઝાઝું સંભળાતું નહોતું, પણ અનેક યુદ્ધો જોઈ ચૂકેલી મારી અનુભવી આંખોને એટલું તો દેખાઈ ગયું કે રામ-લક્ષ્મણ મરાયાની બૂમો સાંભળીને વાનરસેના થોડી ઢીલી પડી ગઈ. એ લોકો રામને ઈશ્વર માનતા હતા. એક સામાન્ય અસુર રાજકુમારે એમના અજેય, અવિનાશી ગણાતા ભગવાનને મારી નાખ્યા. આ સાંભળીને વાનરો બેબાકળા, હતોત્સાહ થઈ ગયા. અસુર સૈનિકોને આટલું જ જોઈતું હતું. બમણા જોશથી એ વાનરસેના પર ત્રાટકી પડ્યા.

અતિકાયાની ચતુરાઈ પારખી ગયેલા જાંબવાને એના સૈનિકોને મનાવવા, સંભાળવા માટે બહુ રાડો પાડી, પણ ત્યાં મચી ગયેલી અંધાધૂંધીમાં કોણ કોનું સાંભળે? રામ હણાયાની વાત દૂરદૂર સુધી પહોંચી ગયેલી. ભાનમાં આવી ગયેલા મેઘનાદે પણ પોતાની તલવારથી રામ મર્યા હોવાની ગર્જના કરી. રામની સેના સાવ હતાશ થઈ ગઈ. એમની નજરે યુદ્ધનો અંત આવી ગયેલો. પછી મેં મારા ભાઈ વિભીષણને રામ-લક્ષ્મણના નિષ્પ્રાણ દેહ ભણી દોડી જતો જોયો. ગુસ્સાથી મારું માથું તમતમી ગયું. અસુરોના વિજયની ખાતરી થઈ ગયા પછી એ આમ જ દોડીને પાછો મારા ચરણ પખાળવા આવી પહોંચશે. જાંબવાનના માણસોએ દેવકુમારોનાં અચેતન શરીર ઉપાડીને રથમાં મૂક્યાં. વાનરો હવે એમના સેનાપતિની સાથે સાગરની દિશામાં ધસવા લાગ્યા. એ ક્ષણે મને કંઈ ખોટું થયાની ગંધ આવી. આંખો ખેંચીને હું જોઈ રહ્યો.

પ્રહસ્તે એમનો પીછો તો કર્યો, પણ સુગ્રીવ અને હનુમાને એને રોકી પાડ્યો. કિનારે આવી પહોંચેલી એક નાની નૌકામાં રામ-લક્ષ્મણના નિર્જીવ લાગતા દેહ મૂકીને સાથે ભાગી છૂટ્યા.

ખરેખર શું થયું હતું એ મને સમજાય, એની પહેલાં તો મેઘનાદની વિજયયાત્રા કિલ્લાને દરવાજે પહોંચી ગઈ. એને વધાવી લેવા માટે મંદોદરી મને આગ્રહ કરીને ખેંચી ગઈ, પણ મારી આંખો દૂર સમુદ્રમાં ભજવાઈ રહેલા નાટક પર મંડાઈ રહી. રામ-લક્ષ્મણ વાળી પેલી નાની નૌકા ઝડપભેર એક નાના બેટ તરફ જઈ રહી હતી. ઉત્તર-પશ્ચિમ સાગરમાં આવા અનેક બેટ છે, જેમાં કોઈ રહેતું નથી.

જેવી નૌકા લંકાથી સુરક્ષિત અંતરે પહોંચી કે હનુમાનના સૈનિકો પાછા સેતુ તરફ દોડ્યા. ત્યાંથી આવી રહેલા પ્રહસ્તની પાછળ વરુણની સેના પ્રગટી. હનુમાનના સૈનિકોએ બેટ સુધી પહોંચતો સેતુ તોડી નાખ્યો.

બીજી તરફ અમારે ત્યાં રામવધની ઉજવણી શરૂ થઈ ગયેલી. વાનરસેનાનો સંપૂર્ણ નાશ કરવાનું કામ હજી બાકી હતું, પણ એ તો પછીના દિવસેય થઈ શકે! અસુરોને હવે કોઈ ચિંતા નહોતી, પણ હું અધીરાઈપૂર્વક પ્રહસ્તની રાહ જોઈ રહ્યો હતો. અમારા આજના વિજયનો મને હર્ષ હતો, પરંતુ જાંબવાન જે રીતે દેવકુમારોને ઉપાડીને ભાગેલો, એ જોયા પછી શંકા પડતી હતી કે રામ-લક્ષ્મણ ક્યાંક જીવિત તો નહોતા ને! એ બંને ગંભીરપણે ઈજાગ્રસ્ત હતા એ ચોક્કસ, પણ પછી શું થયું એની ખાતરી નહોતી થતી.

મને મેઘનાદ પર ગુસ્સો આવવા લાગ્યો. એ શૂરવીર યોદ્ધો હતો, પરંતુ યુદ્ધની દિશા બદલી શકે એવી નાનીનાની વાતો તરફ એનું ધ્યાન નહોતું જતું. એણે કેવી રીતે માની લીધું કે રામ મરી ગયેલો? શત્રુનું માથું ધડથી જુદું કરીને, ભાલાની અણી પર પરોવીને ઊંચું કર્યા પછી જ આપણને અને બીજાઓને ખાતરી થાય કે સામેવાળો હવે પાછો બેઠો નહીં થાય. આ પાઠ હું

વર્ષો પહેલાં ગાઢ જંગલોની અંદર મહાબલિ અને બ્રહ્મા પાસેથી શીખ્યો હતો.

પોતાના રાજા કે સેનાપતિનું આવું કપાયેલું મસ્તક જોઈને ભલભલા યોદ્ધાઓ હતોત્સાહ થઈ જાય, શરણાગતિ સ્વીકારી લે એ મેં ઘણી લડાઈઓમાં સગી નજરે જોયું હતું. મેઘનાદની જગ્યાએ હું હોત તો રામનું માથું કાપીને ભાલાની અણીએ પરોવી દીધું હોત અને રામને એવી તક મળી હોત તો એણે પણ મારી સાથે એવું જ કર્યું હોત. પણ મારો પુત્ર અનુભવે કાચો અને હૃદયનો થોડો ઋજુ હતો. મહાન ગણાવા માટે યોદ્ધામાં જે નિષ્ઠુરતા હોવી જોઈએ એ કદાચ મેઘનાદમાં નહોતી. એટલે એવી પૂરેપૂરી શક્યતા હતી કે, રામ-લક્ષ્મણના દેહમાં હજી પ્રાણ હતા અને એટલે જ જાંબવાન એમને લઈ ગયેલો. મને સંશય થવા માંડ્યો કે સાજા, સ્વસ્થ થઈને એ લોકો પાછા ત્રાટકશે.

હું અંદરના કક્ષમાં ગયો, 'રાવણ, જુઓ તો ખરા, પેલા લોકોએ આપણા પુત્રની કેવી દશા કરી છે!' મેઘનાદની પાસે બેસીને, એને લાડ લડાવી રહેલી મંદોદરીએ લાગણીઘેલા અવાજે કહ્યું. બાજુમાં બેઠેલા અતિકાયાનું મોઢું જોઈને મારી ચીઢમાં વધારો થયો. 'છોકરો લડવા ગયેલો, દરિયાકિનારે આંટો મારવા નહીં.' મને આવો ઘાંટો પાડવાનું મન થયું, પણ પછી મેં હોઠ સીવી નાખ્યા. આમાં બિચારી મંદોદરીનો શું વાંક? એણે તો ક્યારેય યુદ્ધ જોયું જ નહોતું.

અત્યાર સુધી મેં અને મેઘનાદે, હારેલા-જીતેલા બધાં યુદ્ધો ઘરથી બહુ દૂરની ભૂમિ પર લડાયા હતા એના અમે સાક્ષી હતા. મેઘનાદને ક્યાંક એકલો મોકલું, એ પછી રાતોની મારી નિંદ્રા વેરણ થઈ જતી, કારણ કે યુદ્ધની ભીષણતા મેં જોઈ હતી. ક્યાંકથી આવેલું એક બાણ આંખમાં વાગે અને મગજને વીંધી નાખે. જીવ ત્યાં ને ત્યાં નીકળી જાય.

બુદ્ધિહીન પુરુષો જ્યાં એકમેકને મારવા મથતા હતા, એ રણભૂમિ પર સ્ત્રીઓ આવીને ઊભી રહે તો કદાચ વિશ્વમાં યુદ્ધો સમૂળગાં બંધ થઈ જાય. માદીકરાને એકમેકની લાગણીમાં પલળતાં મૂકીને હું બહાર નીકળી ગયો.

જેની આતુરતાથી વાટ જોતો હતો એ પ્રહસ્ત છેવટે આવ્યો. એનો હાથ ઝાલીને હું એક ઝરૂખામાં દોરી ગયો, 'શું થયું? રામ ખરેખર મરી ગયો?' મેં પૂછ્યું. એણે ખિન્નભાવે નકારમાં માથું હલાવ્યું.

'મેઘનાદે મોટી ભૂલ કરી નાખી.' હું બોલ્યો.

'એને દોષ આપવાનો અર્થ નથી. હજી એને ક્યાં વધુ અનુભવ થયા છે?' પ્રહસ્તે મેઘનાદનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો, પણ એની અકળામણ મેં જોઈ લીધી.

'એને ગમે તે ભોગે રોકવો પડશે.' દૂર સાગર ભણી જોઈને પ્રહસ્ત બોલ્યો. હું સહેજ ગૂંચવાયો.

'મહારાજ, મને મળેલી માહિતી મુજબ બંને રાજકુમાર અત્યારે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. પણ વાનરો પાસે અદ્ભુત કહેવાય એવું વૈદકીય જ્ઞાન હોય છે. ઝાડપાનમાંથી રસ કાઢીને એનાથી ભલભલી માંદગીને દૂર કરી દેવાની એમની કલાને 'આયુર્વેદ' કહે છે. આપણા વૈદો કૃત્રિમ રસાયણોમાંથી ઔષધિઓ બનાવે છે, પણ વાનરો અને એમનું આયુર્વેદ, પ્રકૃતિમાંથી મળતી જડીબુટ્ટીઓ પર આધાર રાખે છે.'

'તો?' મને હજીયે સમજાયું નહીં.

'રામના શ્વાસ ચાલતા હશે તો વાનરો ચોક્કસ આયુર્વેદની સહાયથી એને ભાનમાં લાવવાનો પ્રયાસ કરશે, પણ આ માટે એમને જે ઝાડપાન, જડીબુટ્ટીઓની આવશ્યકતા પડશે એ બધે નથી ઊગતી. માત્ર લંકા, હિમાલય અને સામે પારના ભૂખંડના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં જ એ મળી શકે. હિમાલય બહુ દૂર છે, લંકામાં પ્રવેશવું એમના માટે જોખમી છે, પણ વાનરોનું કંઈ કહેવાય નહીં. છેવટે મેં કહ્યું એમ પેલે પાર પશ્ચિમમાં જાય. એમની પાસે હવે વધુ સમય નથી.

મરણિયા થઈને વાનરો બધા ઉપાય અજમાવી લેશે. આપણે એમને રોકવા તૈયાર રહેવું પડશે.'

'પણ એ લોકો અત્યારે જ્યાં છે, એ બેટ પર જ આપણે ત્રાટકીએ તો?' મેં પ્રસ્તાવ મૂક્યો પણ પ્રહસ્તે નકારી કાઢ્યો.

'ના, વરુણનું નૌકાદળ ત્યાં પહેરો ભરે છે. આપણે આપણા સુરક્ષાદળને સાબદું કરવું જોઈએ. કદાચ અંગદ લંકામાં ચોરીછૂપીથી પ્રવેશવાનો કારસો કરે. આપણે લંકિનીને સચેત રહેવા માટે સંદેશ મોકલાવી દેવો જોઈએ.'

સામેના ભૂખંડની દક્ષિણે ત્રણ સમુદ્ર મળતા હતા. ત્યાં અસુર રાજપાલ તરીકે લંકિની લોખંડી હાથે શાસન કરતી હતી. આમ તો વર્ષોથી એણે મારું સાર્વભૌમત્વ સ્વીકારી લીધેલું. એનું રક્ષણ કરવાના બદલામાં એ મને નિયમિતરૂપે મોટી ખંડણી પણ મોકલતી હતી, પરંતુ રામ સામેના મારા યુદ્ધમાં લંકિનીએ સાવચેતી વાપરેલી.

એણે ધાર્યું હોત તો એ રામને પાછળની બાજુએથી ભિડાવી શકત, પણ એણે એવું કર્યું નહીં. લડવા માટે એના સૈનિકો મોકલવાના મારા સંદેશનો પણ એણે જવાબ વાળ્યો નહોતો. મને માઠું જરૂર લાગેલું. પણ શું કરું? સંસારનો નિયમ હતો કે બધા પોતપોતાનો સ્વાર્થ જુએ. યુદ્ધમાં જેનો વિજય થશે એના પક્ષે લંકિની જઈને બેસી જશે.

'લંકિનીને કહેવડાવવું કઈ રીતે?' મેં પૂછ્યું. 'સામાન્ય સંદેશવાહકો સાથે મોકલેલા પત્રોને તો એણે અત્યાર સુધી અવગણી જ કાઢેલા.'

'આપણી પાસે સમય બહુ ઓછો છે. આપણી એક સર્પનૌકા લઈને મારે જ જવું પડશે.' જાત સાથે વાત કરતો હોય એમ પ્રહસ્ત બબડ્યો.

મહાબલિના નૌકાદળમાં એક સમયે આ સર્પનૌકા તરીકે ઓળખાતી લાંબી, પાતળી નૌકાઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો હતો. પણ આવી એક નાવને ચલાવવા માટે લગભગ સવાસો નાવિકોની જરૂર પડે, અને ખુલ્લા સમુદ્રમાં લાંબું અંતર કાપવા માટે ભાગ્યે જ એને કામમાં લેવાતી. પણ પુષ્પકને બાદ કરતાં, અત્યારે સહુથી ઝડપી યાત્રા માટે અમારી પાસે બીજું કયું સાધન હતું?


પ્રહસ્ત પણ આ કામમાં રહેલું જોખમ જાણતો હતો, 'મહારાજ, ભય તો છે, પણ વરુણની નજર ચૂકવીને, પરોઢિયું થતાં પહેલાં સામેની તરફ પહોંચી જવું જરૂરી છે. બીજાને મોકલીશું તો એ સમુદ્રમાં અટવાઈ જશે. મને લાગે છે કે દેવકુમારો સાજા ન થાય ત્યાં સુધી વાનરો લંકા પર આક્રમણ નહીં કરે. હું હમણાં જ રવાના થઈ જાઉં છું. હા, સેનાના સંચાલનની જવાબદારી હવે કુંભકર્ણને સોંપીએ તો સારું.'

પ્રહસ્ત તો આવું સૂચન કરીને જતો રહ્યો, પણ એને અમલમાં મૂકવાનું કેટલું કઠીન હતું એ તો હું જ જાણતો હતો. લંકા પર આવડી મોટી આપત્તિ આવી પડેલી, પણ મારો ભાઈ કુંભકર્ણ તો મહેલના એક ખૂણે મદિરા અને બીજા કેફી પદાર્થોના નશામાં પડ્યોપડ્યો ઘોરતો હતો. આ બધી કુટેવો એને શારીરિક અને માનસિક રીતે ખોખલો કરી રહી હતી. હું આ જોતો આવેલો અને તોયે અત્યાર સુધી મેં એને વ્યસનમાંથી છોડાવવા માટે કોઈ પ્રયત્ન નહોતો કર્યો. એનું કારણ શું?

કુંભકર્ણમાં મને મારો પ્રતિસ્પર્ધી દેખાતો હતો? કોણ જાણે, પણ મેં જાણી જોઈને એનું અસ્તિત્વ વિસારે પાડી દીધેલું. પરંતુ આજે સેનાને દોરી શકે એવા લોકોની સંખ્યા ખૂટી ગયેલી, ત્યારે પ્રહસ્તે મને મારો ભાઈ યાદ દેવડાવી દીધો.

પરંતુ કુંભકર્ણને સેનાપતિ બનાવીને યુદ્ધભૂમિ પર મોકલતાં પહેલાં એને શોધવો પડશે. એ તો એના અંધારિયા વિશ્વમાં સુખી હતો. એને ત્યાંથી ખેંચીને બહાર લાવવો પડશે.

અતિક્રમણ



ભદ્ર

ઉંમર ભલે થઈ ગઈ હોય, પણ ભયની આછી સરખીયે ગંધ પારખી જવાની મારી પશુસહજ વૃત્તિ હજી મંદ નહોતી પડી. એટલે જ મદિરાના કેફમાં ચકચૂર હતો, તોયે વૃક્ષો પરથી ઠેકડા મારીમારીને રાજમહેલમાં પ્રવેશી રહેલા વાનરોને મેં જોઈ લીધા.

કોઈ અસુર સંત્રી કે સૈનિકની ઊંઘ ઊડી નહીં, અને હવે ક્યારેય ઊડવાનીયે નહોતી. વાનરોએ એમને ઊંઘતા જ મારી નાખેલા. જરાય અવાજ ન થાય એની કાળજી રાખીને, ઘૂંટણભેર હું મહેલની અંદર સરકી ગયો. રોકવાવાળું હવે કોઈ નહોતું, પણ ખૂણેખૂણે જીભ લબકારતો કાળ મારી વાટ જોતો હતો. હું નહોતો જાણતો કે શત્રુ ક્યાં હતો. હિંમત ભેગી કરીને મેં મારી વૃદ્ધ થાકેલી કાયાને મહેલના પહેલા માળે આવેલા રાવણના શયનખંડ ભણી ઢસડી.

એ ક્ષણ સુધી હું એવું જ માનતો હતો કે, હું મરવા માટે તૈયાર હતો. મારી પાછળ કોઈ રડવાવાળું નહોતું, કદાચ પત્નીયે નહીં. દીકરાની તો વાત જ ક્યાં પૂછવી! પણ મહેલના અંધકારમાં એ રાતે મને ભાન થયું કે મારે હજી જીવવું હતું.

રાવણને પણ આ લોકોએ મારી નાખ્યો હશે? આવા વિચારથી ધ્રૂજતાં ધ્રૂજતાં હું સીડીનાં પગથિયાં ચઢતો હતો. ત્યાં મેં એક દબાયેલી ચીસ સાંભળી અને પછી જમીન પર કંઈ ઘસડાતું હોવાનો અવાજ થયો. ભયના માર્યા મેં સીડીના મથાળે ડોકું કાઢીને જોયું.

થોડા વાનરો આમતેમ દોડી જતા દેખાયા અને પછી મેં અંગદને જોયો. ખભા પર કોઈ અર્ધભાનમાં લાગતી કાયાને ઊંચકીને એ ભાગી રહ્યો હતો. આટલા અવાજે ત્યાંના થોડા ચોકીદારોને ઊંઘમાંથી જગાડી દીધા. એમણે કદાચ રાતે વધુ સુરા નહીં પીધી હોય. પરંતુ અંગદને અટકાવવાના એમના પ્રયત્નો નિષ્ફળ ગયા. વીજળીવેગે વીંઝાઈ રહેલી અંગદની તલવારે એના માર્ગમાં આવનારા બધાંયને વધેરી નાખ્યા. મેં દોડીને જોયું, જે નહોતા મરી ગયા એ લોહીથી લથબથ, પીડાના માર્યા કણસી રહ્યા હતા.

રાજાના શયનકક્ષનું બારણું અર્ધખુલ્લું હતું. અંદર કદાચ રાવણ લોહીના ખાબોચિયામાં પડ્યો હશે. વધુ વિચાર કર્યા વિના હું અંદર ધસી ગયો. ખંડ આખો ખાલીખમ હતો. જીવતું-મરેલું કોઈ માણસ મને દેખાયું નહીં.

પછી મારી નજર પથારી ભણી ગઈ. ત્યાં કોઈ ખેંચતાણ, મારામારી થઈ હોય એમ ચાદરો, તકિયા વેરવિખેર પડ્યાં હતાં. આંચકા સાથે મને ભાન થયું કે, અંગદના ખભે મેં જે આકૃતિ જોયેલી એ રાણી મંદોદરી હતી.

વાનરો રાવણની હત્યા કરવાના લક્ષ્ય સાથે આવ્યા હશે, પણ એ ન મળ્યો એટલે મંદોદરીને

ઉપાડી ગયા. શું રાવણને આ વાતની ખબર હતી, કે એ ક્યાં હતો?

ગળું ફાડીને બૂમો પાડતો હું બહાર દોડ્યો. મહેલના જેટલાં બારણાં દેખાયાં એ મેં ધમધમાવી નાખ્યાં. અતિકાયાના નામની ચીસો પાડી. હવે બધા જાગી ગયા, પણ મેં કહ્યું ને કે મહારાણીનું અપહરણ થયેલું ત્યારે પહેલાં તો કોઈ માનવા તૈયાર ન થયું. એમને લાગ્યુ હશે કે ડોસો નશામાં લવારા કરે છે, પણ પછી વાસ્તવિકતા સ્પષ્ટ થઈ અને એની સાથે અંધાધૂંધી મચી ગઈ. ક્યાંક રોકકળ, ક્યાંક આદેશાત્મક ઘાંટા, ક્યાંક દોડાદોડી... કોઈને સ્પષ્ટપણે નહોતું સમજાતું કે હવે શું કરવું...

મેઘનાદ અને અતિકાયાને શોધવામાં લગભગ અડધો કલાક વીતી ગયો. અતિકાયાને તો મારે લાત મારીને ઊંઘમાંથી જગાડવો પડ્યો. આ બંનેને તો કોઈ ઊંઘમાં જ મારી નાખીને જતું રહ્યું હોત તોયે બહાર ખબર ન પડત. પણ મારી વાત સાંભળતાંની સાથે મેઘનાદનો નશો, નિંદ્રા બધુંયે તરત ઊતરી ગયું. તલવાર લઈને એ બહાર દોડ્યો અને પહેલું કામ એણે કિલ્લાની દીવાલ પર ઊંચે લટકતો ઘંટ વગાડવાનું કર્યું. જોતજોતામાં આખું પરિસર ઘંટનાદથી ગૂંજી ઊઠ્યું. થોડી જ વારમાં સંત્રીઓ, સૈનિકો ત્યાં ભેગા થઈ ગયા. મને આ કેમ નહોતું સૂઝ્યું?

'શું થયું?' રાવણની ગર્જના ઘંટનાદથીયે મોટી હતી, પણ જે થયેલું એની જાણ થતાંની સાથે થોડી ક્ષણ માટે તો અસુરરાજનો ચહેરો ધોળોધફ્ફ થઈ ગયો. પણ પછી ક્રોધનો તમતમતો રાતો રંગ એના ગાલ પર ધસી આવ્યો, 'એ દુષ્ટ અંગદ જ્યાં હોય ત્યાંથી પકડીને મારી પાસે લઈ આવો.' એણે ત્રાડ પાડી.

'પિતાજી, આપણે બંને એને શોધવા બહાર નીકળીશું તો પાછળથી વાનરો આવીને કિલ્લા અને મહેલ પર કબજો જમાવી દેશે. આ એમની ચાલ લાગે છે એટલે તમે અહીં રહો. હું જાઉં છું." મેઘનાદ બોલ્યો.

'મેઘનાદ, આ કિલ્લો તારે સંભાળવાનો છે. એ લોકો મારી પત્નીને ઉપાડી ગયા છે. એમને શોધવા પણ હું જ જઈશ. હા, હવે જઈને પેલા કુંભકર્ણને જગાડો. આખી રાત હું તો એને ઢંઢોળીને, એને થોડી બુદ્ધિ આપવાની મથામણ કરીને થાકી ગયો.'

આટલું કહીને રાવણ એના પ્રિય અશ્વ પર સવાર થયો અને પવનવેગે ઊપડ્યો. પાછળ સેંકડો સૈનિકો મશાલ લઈને ઘોડા પર કે પગપાળા દોડ્યા. જોકે હોકારા-પડકારા કરવા સિવાય એ લોકો ખાસ કંઈ કરી શકે એવું નહોતું લાગતું. હુંયે એમની સાથે જોડાયો.

સુબેલા પહોંચ્યા પછી અશ્વોને નીચે જ છોડી દેવા પડ્યા. સીધા સપાટ પર્વતો પર પગપાળા જ ચઢવું પડે. યુવાન સૈનિકોને તો ખાસ વાંધો ન આવ્યો, પણ મને શંકા હતી કે મારી ખખડી ગયેલી કાયા એટલો શ્રમ વેઠી શકશે કે નહીં!

પરંતુ કૌતુક એવું પરિબળ છે, જે ગમે તેવા થાકેલાને પણ ઊભા કરીને દોડાવી શકે. હાંફતાં હાંફતાં હુંયે ડુંગર ચઢવા લાગ્યો. અહીંનાં ગાઢ ઝાડીઝાંખરાં અને વૃક્ષોમાં કંઈ દેખાવું કઠિન હતું. માત્ર દૂરદૂર દેખાતી છૂટીછવાઈ મશાલોના ઝબકારે હું આગળ વધતો રહ્યો. બે-ત્રણવાર પડ્યો યે ખરો. અહીં વસતા ઝેરી સર્પ અને પ્રાણીઓના વિચારને મગજમાંથી બળપૂર્વક બહાર ધકેલીને હું મારાથી વીસપચીસ વર્ષ નાના લોકોની સાથે રહેવાનો પ્રયાસ કરતો. ડુંગર ચઢતો રહ્યો.

થોડીવાર પછી સહેજ સપાટ, સમથળ કહેવાય એવી જગ્યાએ અમે પહોંચ્યા અને હું હાંફતો, પરસેવાથી રેબઝેબ થતો બેસી પડ્યો. હજી તો ઘણું ચઢાણ હતું. રાવણની સાથે ગયેલા સૈનિકો દૂર ટોળે વળેલા દેખાતા હતા. પૂર્વના આકાશમાં ધીમેધીમે અંધકાર દૂર થવા લાગેલો.

અમારામાંથી નાની વયના લોકો દોડીને એમના સૈનિકમિત્રો પાસે પહોંચી ગયા. બધા હવે ત્યાં જ ઊભા રહી ગયેલા. માંડમાંડ ઊભા થઈને હું પણ ત્યાં ગયો. પછી જે જોયું એ કંપાવી દે એવું હતું.

સૂકી, પથરાળ જમીન પર અમારી રાણી સુધબુધ ગુમાવેલી અવસ્થામાં પડી હતી. એના દેહ પર નામ પૂરતુંયે વસ્ત્ર નહોતું. ત્યાં સ્તબ્ધ થઈને ઊભેલા રાવણની આંખોમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં.

મૂંગામૂંગા ઊભેલા લોકોને બાજુએ ખસેડતો હું આગળ વધ્યો. ખભે રાખેલી મારી જીર્ણશીર્ણ મેલીઘેલી શાલ ઉતારીને મેં અસુરસામ્રાજ્ઞીની કાયા પર ઓઢાડી દીધી. એણે ધીમેથી આંખો ખોલી. આઘાતમાંથી બહાર આવેલા રાવણે આવીને એને બાહુપાશમાં જકડી લીધી. રાણીએ મૂંઝવણભરી નજરે આસપાસ ઊભેલા લોકો તરફ જોયું અને પછી અચાનક એને પોતાની દશાનું ભાન થયું. ચીસ પાડીને, ફાટીતૂટી શાલમાં પોતાનો દેહ ઢાંકવાનો પ્રયાસ કરતી એ ઊભી થઈ ગઈ. પરંતુ દોડવા જઈ રહેલી પત્નીને રાવણે રોકી લીધી. પતિની છાતીમાં ચહેરો છુપાવીને મંદોદરી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

ત્યાં ઊભેલા લોકો આઘાપાછા થવા લાગ્યા. કોઈ પાણી લેવા દોડ્યું. બીજાઓએ રાણી માટે વસ્ત્રો એકઠાં કર્યાં. સૈનિકો રાણીને નીચે લઈ જવા માટે નાની પાલખી જેવું તૈયાર કરવા લાગ્યા. કુદરતે લીધેલા આ અકલ્પ્ય વળાંક વિશે વિચાર કરતો હું એક બાજુએ ઊભો રહ્યો.

મંદોદરી મરવાની વાત કરી રહી હતી. અંગદ અને એના જંગલી સાથીદારો મંદોદરીને સીતા માનીને ઉપાડી ગયેલા. પોતાની ભૂલનું ભાન થયા પછી સુધારવાને બદલે એમણે રાણીને પીંખી નાખી. માથે લાગેલા આ કલંક સાથે હવે મંદોદરીને નહોતું જીવવું. રાવણની રાણી તરીકે મહેલમાં પાછા ફરવાને બદલે મૃત્યુને વહાલું કરવું હતું.

સામે રાવણે એટલું જ કહ્યું કે, મંદોદરી એની ધર્મપત્ની હતી અને જીવનપર્યંત રહેશે.

આ એ પુરુષ હતો, જે પત્નીના જીવનની સહુથી દુષ્કર ક્ષણે અડગ થઈને એની પડખે ઊભો રહેલો. રાવણ પ્રત્યે મારા મનમાં એક જુદો જ આદર જાગ્યો.

રાવણ માટે જીવનની આ સહુથી કપરી ક્ષણ હતી. એક શાસક તરીકે આ ઘટના એના માટે પોતાના મૃત્યુથીયે વધુ ભયાનક હતી. બીજાઓના પાપે રાણીના ચરિયા પર ક્યારેય ન ભૂંસી શકાય એવું કલંક લાગી ગયેલું. રાજાએ એનો ત્યાગ કરી દીધો હોત તો કોઈ પૂછવાનું નહોતું, પરંતુ એણે કઠિન માર્ગ અપનાવ્યો. એ જાણતો જ હશે કે એની પીઠ પાછળ લોકો જાતજાતની અભદ્ર, અશ્લિલ વાતો કરશે, હાંસી ઉડાવશે પણ એણે પરવા ન કરી.

કદાચ આવા નિર્ણયોમાં રાવણની મહાનતા હતી અને નબળાઈ પણ! એ દિવસે સુબેલા પર રાવણે એની પત્ની સાથે જે વ્યવહાર કર્યો, એ જોઈને મને એના પ્રત્યે માન જરૂર ઊપજ્યું, પણ તોયે એ ઘટના કે એ માનવનું પૂરેપૂરું મૂલ્ય મને નહોતું સમજાયું.

બહુ લાંબા સમય પછી થોડા જુદા અને આની તુલનાએ જરાયે ગંભીર ન લાગે એવા સંજોગોમાં એક બીજા માનવે, એની અર્ધાંગના સાથે જે વર્તન કર્યું એ પણ મેં જોયું. ત્યારે મને સમજાયું કે રાવણ શું કામ, ક્યારેય ભગવાન તરીકે નહીં ઓળખાય. રાવણ જેટલી માનવતા, મનુષ્યત્વ ધરાવતો માનવ ક્યારેય ભગવાન ન બની શકે.

હું ચૂપચાપ સરકી જવા ગયો, પણ રાવણે મને જોઈ લીધો. `ભદ્ર' એણે સાદ પાડ્યો. મેં એની સામે જોયું. રાવણના ચહેરા પર સંકોચ અને રોષના મિશ્ર ભાવ હતા. એના જીવનની સહુથી અંગત કહેવાય એવી ક્ષણો અને પીડાનો હું જાણે-અજાણે સાક્ષી બની ગયેલો. મારી

સાથે દૃષ્ટિ મેળવ્યા વિના એણે પૂછ્યું, `મેઘનાદ ક્યાં છે?'

હું નહોતો જાણતો, પણ કોઈએ કહ્યું કે યુવરાજ અને અતિકાયા અંગદની પાછળ ગયા હતા!

'એ દુષ્ટ મારી સામે જીવતો હાજર થવો જોઈએ.' રાવણે દાંત ભીંસીને કહ્યું.

સાંભળીને મને એની દયા આવી ગઈ. અસુરરાજ હવે પોતાની ભાંગી પડેલી પ્રતિષ્ઠા, ગરિમાના ટુકડા એકઠા કરવા મથી રહ્યો હતો. થોડી જ વારમાં સૈનિકો રાજારાણીને પાલખીમાં ઉપાડીને મહેલ ભણી લઈ ગયા.


ધીમે પગલે હું એમની પાછળ જઈ રહ્યો હતો, ત્યારે મેં રસ્તામાં પડેલી મારી શાલ જોઈ. મહારાણીની નગ્નતાને ઢાંકનારી એ શાલ પર એટલા બધા લોકો પગ મૂકીને ચાલ્યા ગયેલા, કે એ જૂની, ફાટીતૂટી શાલ હવે પહેલાથીયે વધુ ગરીબડી લાગતી હતી. ગંદી જમીન લૂછવા માટે વપરાતા કપડાના ટુકડા જેવો એનો દેખાવ હતો.

પહેલા તો મેં પણ એને પગથી બાજુએ ઉડાડી મૂકી, પણ પછી કંઈક વિચારીને હું પાછો ફર્યો અને વાંકા વળીને એને ઉપાડી લીધી. કાપડનો આ કંગાળ ટુકડો હવે રાજારાણી માટે નકામો હતો, પણ મારા જેવાને હજીયે એનો ઉપયોગ હતો. મારી પાસે આમેય બીજી શાલ નહોતી. આને જ સાંધી-સીવીને પાછી વપરાશમાં લીધા વિના ક્યાં છૂટકો હતો?

હા, મારી આ શાલને ઘસીઘસીને ધોયા પછી શક્ય છે કે એમાંથી રાવણ અને અંગદ જેવા લોકોની ગંધ કદાચ જતી પણ રહે.

o

એક આદર્શવાદીનો અંત



રાવણ

સંધ્યાકાળે એ લોકો પ્રહસ્તના નિષ્પ્રાણ દેહને મહેલમાં લઈ આવ્યા. હું મારા પોતાના અંધારિયા નર્કમાંથી બહાર નીકળ્યો, જ્યાં હું મંદોદરી સાથે જઈને પુરાઈ ગયેલો.

સભાગૃહની ઠંડીગાર જમીન પર પડેલા પ્રહસ્તની કાયા, નીલી પડી ગયેલી અને એ અકાળે વૃદ્ધ લાગતો હતો. રાજ્ય ચલાવવાની ચિંતા, યોજનાઓ, કાવાદાવા, દબાવી દીધેલી મહત્ત્વાકાંક્ષાઓ, પોતાની જાત પર લાદેલા આકરા સિદ્ધાંતો, ધર્મને વળગી રહેવાની અશક્ય લાગે એવી જીદ અને સાવ નીરસ જીવન... આ બધાંયે મળીને એને થકવી નાખેલો, એવું એના ચહેરા પર પડેલી કરચલીઓ કહેતી હતી.

મારા સૌથી પ્રિય મિત્ર, મારા સૌથી મોટા શત્રુના નિર્જીવ દેહ તરફ હું ઝૂક્યો અને માંડમાંડ રોકી રાખેલાં થોડાં આંસુ છેવટે ખરી જ પડ્યાં. કોણ હતો આ માણસ? એક સમયે મને એનો ભય લાગતો હતો. મને લગભગ ખાતરી હતી કે એની નજર મારી રાજગાદી પર હતી. મારામાં નહોતું એ બધું એનામાં હતું. હું એના જેવો થઈ શક્યો હોત, મારે એના જેવું થવું હતું. કોણ જાણે?

પરંતુ મારામાં જે પણ સારપ હતી, એનું પ્રતીક પ્રહસ્ત હતો. મારી અંદર વસતા રાની પશુ પર એણે જ લગામ તાણી રાખી હતી. એણે મને રાક્ષસ બનતાં રોકી રાખેલો. આ પૃથ્વી પર મને સહુથી વધુ બીક પ્રહસ્તની લાગતી હતી. ઊંડેઊંડે હું જાણતો હતો કે, મારા કરતાં એ વધુ સારો નેતા પુરવાર થયો હોત. મહાબલિનો એ સાચો વારસદાર હતો. શૂરવીર, નીતિવાન, પ્રામાણિક, નિષ્કલંક, સિદ્ધાંતવાદી!

પ્રહસ્તના હાથમાં સત્તા હોત તો અસુરોની આજે આવી દશા ન થાત. કદાચ એ મારી જેમ વિશાળ સામ્રાજ્ય ઊભું ન કરી શકત, પરંતુ મારા જેવી ભૂલો પણ ન કરત. એ વેદવતીના પ્રેમમાં ન પડ્યો હોત, જ્યોતિષની વાણીમાં એને સંપૂર્ણ શ્રદ્ધા હોત તો એ વિના ખચકાટ, પુત્રીનું બલિદાન આપી દેત, અને ન હોત તો એ જ પુત્રીનું રક્ષણ કરવા એ આખા સંસાર સાથે લડી લેત. સીતાને એ ક્યારનોય ઘેર લઈ આવ્યો હોત, મંદોદરીને એણે વાનરોના હાથમાં પડવા ન દીધી હોત, પરંતુ બળાત્કારનો ભોગ બનેલી પત્નીને એ કદાચ પાછી ન સ્વીકારત, પહેલા જેવો પ્રેમ ન આપત. આવું કરવામાં એને લોકલાજ નડી હોત. છેવટે હું રાવણ હતો અને એ પ્રહસ્ત!

દરબારીઓ મૌન હતા. સૌથી વધુ સંતાપ જાંબુમાલિને હતો. પ્રહસ્ત એનો બાળપણનો મિત્ર હતો. જૂના મિત્રો મરે ત્યારે આપણા જીવનનો એક નાનકડો અંશ પણ કાયમ માટે એમની સાથે જતો રહે છે.

જાંબુમાલિને ભેટીને એને સાંત્વન આપવાની ઇચ્છા મેં દબાવી દીધી. હવે વ્યવહારુપણે વિચારવાનું હતું. સૂર્ય ડૂબે એ પહેલાં પ્રહસ્તના અંતિમ સંસ્કાર કરવાનું જરૂરી હતું.

મેં ઊભા થતા પહેલાં એકવાર એની સામે જોઈ લીધું. મને મારી નાખીને સત્તા હસ્તગત કરી લેવાની કેટકેટલી તક એને મળી હશે, પણ એ તો હંમેશાં ઢાલ બનીને મારી આગળ ઊભો રહ્યો. છેવટે મારા માટે જ એણે પોતાના પ્રાણ આપી દીધા. હવે એને વીરને શોભે એવી વિદાય મારે આપવાની હતી.

પછીનું બધું કામ તો બીજા લોકોએ સંભાળી લીધું. લાલ રંગના અસુરધ્વજમાં વીંટેલા પ્રહસ્તની અર્થી ચાર જણે ઉપાડી ત્યારે ઘડીક મને કાંધ આપવાનું મન થઈ ગયું, પણ હું રાજા હતો. લાગણીવેડા મને ન પોસાય. હું સ્મશાનયાત્રામાં પગપાળો જોડાયો.

માર્ગની બંને બાજુએ માનવ મહેરામણ ઉભરાતો હતો. પ્રહસ્તે ક્યારેય સસ્તી લોકપ્રિયતા મેળવવાના ફાંફાં નહોતા માર્યા. ઊલટું રાજ્યના કલ્યાણ માટે એણે લીધેલા અમુક કઠોર પગલાંથી તો લોકો રોષે પણ ભરાયા હશે, પરંતુ આજે સૌની આંખો ભીની હતી.

એ દિવસે મને નવો પાઠ શીખવા મળ્યો કે, ન્યાયી અને પ્રજાનિષ્ઠ વ્યક્તિ ભલે કદાચ કોઈવાર નિર્દય લાગે, પણ લાંબે ગાળે લોકો એને જ આદરભેર યાદ રાખે છે. સામાન્ય પ્રજાજનો મૂર્ખ નથી હોતા કે એમને થોડો સમય રાજી રાખવા માટે ફેંકાયેલા નાના-નાના ટુકડા અને વચનોથી ભરમાઈ જાય. સ્ત્રી-પુરુષોને જોઈને એવું લાગતું હતું, જાણે એમણે એક બહુ આકરા પણ પ્રેમાળ પિતાને ગુમાવી દીધેલો. પ્રહસ્તનો એક જ સાદ સાંભળીને આ બધાં મને ગાદી પરથી ઉથલાવી નાખવા માટે દોડી આવ્યા હોત.

પ્રહસ્તને રાજગાદી તો ઠીક, કોઈ મહેલ કે ભવ્ય નિવાસસ્થાનનીય લાલસા નહોતી. જ્યારે પણ એને થોડો સમય કે તક મળે, ત્યારે એ નગરથી દૂર નાનકડા ગામમાં આવેલા એના ઘેર જતો રહેતો. એના કહેવા પ્રમાણે ત્યાંનું હવામાન એને વધુ માફક આવતું હતું.

સ્મશાનયાત્રામાં જોડાયેલા લોકોને જોઈને મને વિચાર આવ્યો કે પ્રહસ્તે મારી સામે ક્યારેય એના પરિવારનો ઉલ્લેખ નહોતો કર્યો. શાસન-પ્રશાસનમાં એનાં સગાંવહાલાંને ગોઠવવાની પેરવી નહોતી કરી, અને ક્યારેય હોદ્દાનો લાભ લઈને મારી પાસે નાની-મોટી અંગત માંગણીઓ પણ કરી નહોતી. મને જોકે એની આ વર્તણૂકમાં અહંકારનાં દર્શન થયેલાં. પરંતુ હવે રહીરહીને ભાન થતું હતું કે પ્રહસ્તના પોતાના સિદ્ધાંતો હતા અને જીવનભર એ એને વળગી રહેલો. એ જ્યાં રહેતો હતો એ વિસ્તાર પણ સાવ સામાન્ય હતો. ત્યાં કોઈ શ્રીમંતો નહોતા વસતા.

નહીં ગરીબ, નહીં શ્રીમંત એવા કોઈ ખેડૂતના નિવાસસ્થાન જેવા લાગતા એના ઘર પાસે આવીને અમે અટક્યા. સાદી પણ સ્વચ્છ મઢૂલી પર ઘાસની છત હતી. આંગણામાં થોડાં વૃક્ષો અને ફૂલઝાડ હતાં. નાનકડી તળાવડીમાં બતક તરતાં હતાં અને એક તરફ ગમાણમાં ગાયો બાંધેલી હતી. હવે મને સમજાયું કે પ્રહસ્તને શું કામ મારા વૈભવી સુવર્ણમહેલમાં રહેવું નહોતું ગમતું. અહીં શાંતિ હતી.

પ્રહસ્ત જેવા લાગતા એક યુવાને આવીને મને વંદન કર્યા. કોઈએ મારા કાનમાં ફૂંક મારી કે, આ મૃત પ્રધાનમંત્રીનો પુત્ર હતો. એનો ખભો થપથપાવીને હું મઢૂલીની અંદર પ્રવેશ્યો. ખૂણામાં ટૂંટિયું વાળીને બેઠેલી પ્રહસ્તની પત્ની મને જોઈને ઊભી થઈ. મેં આશ્વાસનના બે-ચાર શબ્દો ઉચ્ચાર્યા, પરંતુ મારા કાને પણ એ ખોખલા સંભળાયા. એ કંઈ બોલ્યા વિના ચૂપચાપ ઊભી રહી.

બહારથી આંબાનું ઝાડ કપાઈ રહ્યાનો અવાજ આવતો હતો. બાળકનો જન્મ થાય ત્યારે

ઘરને આંગણે આંબો વાવવાની પ્રાચીન અસુર પ્રથા હતી. બાળકની સાથેસાથે વૃક્ષ મોટું થતું જાય. જેમ એ બધાંને છાંયડો અને ફળ આપે એમ પહેલું બાળક પણ મોટું થઈને ઘરને, સમાજને મદદરૂપ થાય એવી અપેક્ષા રખાતી. પછી જ્યારે એ વ્યક્તિને ધરતી પરથી વિદાય લેવાનો સમય આવે, ત્યારે પેલા વૃક્ષનાં લાકડાંમાંથી જ એની ચિતા ગોઠવાય.

અંતિમવિધિ પૂરી થઈ. પ્રહસ્ત જતો રહ્યો. લોકો ધીમેધીમે વિખેરાઈ ગયા. રાતના અંધકારમાં તમરાં બોલવા લાગેલાં. મારો રથચાલક અને બીજા સેવકો બહાર મારી રાહ જોતા ઊભા હતા. જતાં પહેલાં પ્રહસ્તના પરિવારને સાંત્વનના થોડા શબ્દો કહેવાની ઇચ્છા થઈ ગઈ અને ત્યારે ખ્યાલ આવ્યો કે, મને તો એ પણ ખબર નહોતી કે મારા પ્રધાનમંત્રીને કેટલાં બાળકો હતાં. આટલા સાદા ઘરમાં રહેતો માણસ, એની પાછળ કોઈ મોટી મૂડી છોડીને નહીં ગયો હોય. પ્રહસ્તનાં ઘરવાળાં માટે શું હવે ગરીબીના દિવસો શરૂ થશે? ના, ના, મારે એમના માટે કંઈક કરવું જોઈએ.

પ્રહસ્તના પુત્રને હું મારી પાસે બોલાવવાનો વિચાર કરતો હતો, ત્યાં એ જ મારી સામે આવીને ઊભો રહ્યો. માથું ઝુકાવીને ભારે નમ્રતા સાથે એણે રેશમી કાપડમાં વીંટેલું એક પોટલું મારા પગ પાસે મૂક્યું અને પાછો માથું નમાવીને ઊભો રહી ગયો.

ત્યાં ઊભેલા એક સૈનિકને મેં પોટલું ખોલવાનો સંકેત આપ્યો. ગાંઠ છૂટતાંની સાથે જે દેખાયું, એણે મારું મસ્તિષ્ક ધણધણાવી નાખ્યું. પોટલાની અંદર અસુર સંજ્ઞા ધરાવતું સોનાનું એક કડું અને સુવર્ણમાલિકા પર ઝૂલતો વાઘનો દાંત હતો. સાથે થોડાં રેશમી વસ્ત્રો હતાં. રાજદરબારમાં હાજર થવાનું હોય ત્યારે જ પ્રહસ્ત આ બધું પહેરતો.

'શું છે આ બધું?' મેં રોષ દબાવીને પૂછ્યું.

પ્રહસ્તનો દીકરો પહેલાં તો થોડો ડરી ગયો. પછી હાથ જોડીને બોલ્યો, 'મહારાજ, ક્ષમા કરજો, પણ પિતાજીની આ ઇચ્છા હતી. એમણે અમને કહી રાખેલું કે આ વસ્ત્રો અને અલંકારો એમની અંગત માલિકીનાં નહોતાં, પણ દેશના લોકોએ એમને આપેલો ગણવેશ હતો. સેવામાંથી એમની નિવૃત્તિ કે મૃત્યુ પછી લોકોની વસ્તુ લોકોને પાછી આપવાનો આદેશ એમણે અમને આપી રાખેલો.'

વાતાવરણમાં સ્મશાનવત્ શાંતિ પથરાઈ ગઈ. મારી આંખો છલકાઈ પડી. હું નહીં, પ્રહસ્ત આ દેશનો શાસક થવાને લાયક હતો. પણ લોકોએ મારા માથે કળશ ઢોળ્યો. રાજા એવી પ્રજા! કદાચ આ દેશના લોકો રાવણ... ના, ના એનાથીયે ઊતરતી પાયરીનો ગણાય એવા વિભીષણના હાથ નીચે રહેવાને જ લાયક હતા. વિભીષણ જે મુઠ્ઠીભર સુવર્ણમુદ્રા માટે પોતાના પરિવાર, પોતાના દેશબાંધવોને સાગરપારથી આવેલા ગોરા આક્રમણકારોના હાથમાં વેચી નાખવા તૈયાર થઈ ગયેલો.

મેં ત્યાંથી નીકળવા માટે પગ ઉપાડ્યા. આ યુદ્ધમાંથી હું જીવતો પાર ઊતર્યો, તો નવું રાજ્ય ઊભું કરીશ. એના પાયામાં પ્રહસ્તે ચીંધેલા આદર્શ અને સિદ્ધાંતો હશે. મરતાં મરતાં એ મને બહુ મોટો પાઠ શીખવતો ગયેલો. એનું બલિદાન એળે ન જવું જોઈએ. પરંતુ કરુણતા એ છે કે ઇતિહાસમાં ક્યાંય પણ એવું કોઈ મહાન બલિદાન હતું, જે એળે ન ગયું હોય?

લંકિનીએ અમારી સાથે છેતરપિંડી કરેલી. પરંતુ છળકપટ, દ્રોહ ન કરે તો અસુર શાના? હજી ગઈકાલ સુધી તો અમારો વિજય નિશ્ચિત હતો અને રાતોરાત બાજી કેવી રીતે પલટાઈ ગઈ?

શું થયેલું એ વિશેના, મારા સુધી પહોંચેલા અહેવાલો તો છૂટાછવાયા હતા, પરંતુ એમાંથી

નીકળેલું તારણ સ્પષ્ટ હતું. સમુદ્રમાર્ગે લંકાથી કન્યાકુમારી જઈ રહેલા પ્રહસ્તને વચ્ચે ખરાબ હવામાન નડ્યું હતું. ગંતવ્યસ્થાને પહોંચવામાં એને થોડો વિલંબ થયો, અને ત્યાં સુધીમાં લંકિનીએ હનુમાન સાથે ગઠબંધન કરી લીધેલું.

જોકે લંકિનીએ છેક સુધી પ્રહસ્તને આની ગંધ ન આવવા દીધી. હનુમાનને મળી જ ન હોય એવી રીતે એણે પ્રહસ્તને આવકાર્યો. પછી ભોજનમાં વિષ મેળવીને એણે પ્રહસ્તને ઘોર નિંદ્રામાં નાખી દીધો. પ્રહસ્ત પર વિષની અસર કદાચ નયે થાય, એવું માનીને લંકિનીએ મારા નિંદ્રાવશ પ્રધાનમંત્રી પર કટારના ઘા મારીને એને મૃત્યુને ઘાટ ઉતારી દીધો.

ત્યાં સુધીમાં હનુમાને તો રામ-લક્ષ્મણને ભાનમાં લાવવા માટેની જડીબુટ્ટીઓ મેળવી લીધેલી. એનાથી ખરેખર દેવકુમારોને લાભ થયો કે નહીં એ હું નહોતો જાણતો, પણ લંકિનીએ જાણે મારું નાક વાઢ્યું હોય એમ પ્રહસ્તનું શબ લંકા પાછું મોકલાવ્યું.

એકવાર રામને હું પતાવી નાખું, પછી લંકિનીની ખબર લેવાનો નિર્ણય મેં કરી લીધો. યુદ્ધથી હવે હું થાકી ગયેલો, પણ હવે એને અટકાવવાની શક્તિ પણ મારી પાસે નહોતી. આ રાક્ષસી ચક્રએ તો નિરંતર ફરવાનું શરૂ કરી દીધેલું અને એ પોતાના સમયે જ થંભવાનું હતું. લડનારાઓના હાથમાં એનો દોર નહોતો અને યુદ્ધ નામનું એક ચક્ર ફરતું હતું. એના માર્ગમાં જે આવે એનો નાશ કરતું જવાનું હતું. ગર્વ, સત્તા, આદર્શ, સન્માન, જીવન...


રાજમહેલમાં હું પહોંચ્યો ત્યારે અંધારું થઈ ગયેલું. સમુદ્ર પરથી આવતા ખારા પવનની સામે ટકી રહેવા માટે મશાલો નબળા પ્રયાસ કરી રહી હતી. પરંતુ પવનની સાથે, ક્યાંક દૂરદૂર થઈ રહેલા હર્ષનાદના અવાજ મારા કાને પહોંચ્યા. મને મારો જવાબ મળી ગયો. રામ જીવિત હતો અને આવતીકાલે બમણા જોરથી અમારા પર ત્રાટકશે.

આ વિચારથી જોકે મને થોડી નિરાંત વળી. હવે જલદીથી નિર્ણય થઈ જશે.

સૈનિકે આવીને નીચા નમીને મને સંદેશ આપ્યો, 'મહારાજ, રાજકુમાર કુંભકર્ણ જાગી ગયા છે. તમને મળવાની અનુમતિ માંગે છે. મેં હા પાડી, પણ પછી કુંભકર્ણને જોતાંની સાથે જ મારા પેટમાં ઠંડોગાર શેરડો પડ્યો.'

o

કુંભકર્ણનું આક્રમણ



ભદ્ર

વાનરોની કોઈ ચમત્કારિક ઔષધિએ રામ-લક્ષ્મણને બચાવી લીધા. યુદ્ધ પૂરું થવાની અમારી આશા પડી ભાંગી. વહેલી સવારે કિલ્લાનાં દ્વાર ખૂલ્યાં, અસુરસેના ફરી એકવાર રામ અને વાનરસેના સાથે બાથ ભીડવા ઊપડી.

આ વખતે જોકે એમની સાથે એક ઊંચા હાથી પર બેઠેલો કુંભકર્ણ હતો. યુદ્ધની પદ્ધતિ અને વ્યૂહરચના એણે સમૂળગાં બદલી નાખેલાં. કુંભકર્ણ સમજી ગયેલો કે લંકાના દરિયાકિનારાની રેતીમાં લડવું હોય તો રથ અને બીજાં પરંપરાગત શસ્ત્રો નકામાં હતાં. આગળ વધી રહેલા અસુર સૈનિકોના હાથમાં હવે લાંબા, વજનદાર, આગળથી અણીવાળાં લાકડાં હતાં. એમની પાછળ કુંભકર્ણ એની ગજસેના સાથે હતો.

મને આ વ્યૂહ ગમ્યો. સૈન્યમાં આ વખતે અનુભવી સૈનિકોની સાથે થોડા પરિચિત ચહેરા પણ દેખાયા. એ બધા સામાન્ય નાગરિકો હતા. એમણે મને બોલાવ્યો અને હુંયે ઝાઝું વિચાર્યા વિના અસુર સૈન્યની આગેકૂચમાં જોડાઈ ગયો. મારી પાછળ બીજા હજારો લોકો હતા.

પછી મેં અશ્વારૂઢ બે પ્રભાવશાળી યોદ્ધા જોયા. આંખોમાં આવતા સીધાં સૂર્યકિરણોને કારણે હું એમને બરાબર જોઈ ન શક્યો, પણ સૈન્યમાં જોડાયેલો એક હજામ જે અમારી શેરીના નાકે આવેલા મંદિરમાં પૂજારીના સહાયક તરીકે પણ કામ કરતો હતો. એણે મને કહ્યું 'જો જાય, યુવરાજ મેઘનાદ અને એનો સેવક!'

ફાટી આંખે હું જોઈ રહ્યો. રાજકુમાર મેઘનાદ શ્વેત અને એની પાછળ અતિકાયા કાળા અશ્વ પર સવાર હતા. એમનાં રાજસી વસ્ત્રો અને અલંકારો સૂર્યપ્રકાશમાં ઝળહળી રહ્યાં હતાં. બીજા અસુરોથી એ સાવ જુદા પડી જતા હતા. વાનરો આ બે જણને સહેલાઈથી એમનાં બાણોનું લક્ષ્ય બનાવી લેશે, એટલુંયે ભાન આ છોકરાઓમાં નહોતું? દરિયાનાં મોજાંની જેમ આગળ વહી રહેલી અસુરસેનાની વચ્ચેથી માર્ગ કાઢીને મેઘનાદ કે અતિકાયા સુધી પહોંચવાનું મારું ગજું નહોતું.

અમે સમુદ્રકિનારાની નજીક પહોંચ્યા. સામે આંખ પહોંચે ત્યાં સુધી વાનરો હતા અને વરુણનાં વહાણોમાંથી બીજા હજી ઊતરી રહ્યા હતા. કાન ફાડી નાખે એટલો ઘોંઘાટ હતો. વરુણના એક વહાણમાંથી સળગતું બાણ આવીને અમારી વચ્ચે પડ્યું, વૃક્ષ પર બેઠેલા અસુરોએ પોતાનાં બાણોથી તેનો જવાબ આપ્યો.

કિનારાથી થોડે દૂર કુંભકર્ણે અસુર સૈન્યને અટકી જવાનો આદેશ આપ્યો. આગળ ખુલ્લામાં ધસી જવાને બદલે એણે સૈનિકોને અર્ધગોળાકારે વૃક્ષોની પાછળ ગોઠવાઈ જવાનું કહ્યું. એમની આગળ સૂંઢમાં મોટાં લાકડાં લઈને હાથીઓ ઊભા રહ્યા. હવે અમારે કુંભકર્ણના હવે પછીના

આદેશોની વાટ જોવાની હતી.

થોડો સમય આમ ને આમ વીતી ગયો. પછી મેં અશ્વારૂઢ યુવરાજ મેઘનાદને અધીરાઈભેર કુંભકર્ણ તરફ જતો જોયો. અતિકાયા હંમેશની જેમ એની પાછળ હતો. અંદરોઅંદર વાતો કરી રહેલા અસુરો શાંત પડી ગયા. સૌનાં આંખ-કાન હવે દલીલબાજીમાં ઊતરી પડેલાં કાકા-ભત્રીજા પર હતા.

કુંભકર્ણનું ધૈર્ય ખૂટી જવાની અણી પર લાગતું હતું. મેઘનાદ હવે એની સામે ચીસો પાડી રહ્યો હતો. કુંભકર્ણની વ્યૂહરચનામાં એને વિશ્વાસ નહોતો. યુવરાજને તત્કાળ શત્રુઓની સામે ધસી જવું હતું. અતિકાયાએ પણ એને ટેકો આપ્યો. છેવટે મેઘનાદે કુંભકર્ણને કાયર અને નબળી ઘરડી સ્ત્રી સાથે સરખાવ્યો, ત્યારે કુંભકર્ણની કમાન છટકી. એણે તત્કાળ પોતાના માણસોને મેઘનાદ અને અતિકાયાને બંદી બનાવવાનો આદેશ આપ્યો, પણ એ લોકોની સામે મેઘનાદના સહયોગીઓ ધસી આવ્યા. જોતજોતામાં અંદરોઅંદર લડાઈ શરૂ થઈ ગઈ. અસુરોને હરાવવા કે મારવા માટે હવે દેવોએ આવવાની જરૂર નહોતી. મને ત્યાંથી દૂર ભાગી છૂટવાનું મન થઈ ગયું.

અમે બધાં અંદરોઅંદર જ કપાઈ મૂઆ હોત, પણ એ જ વખતે સામે ઝાડીઝાંખરાંમાંથી થોડા વાનરો ધસી આવ્યા. ત્યાં વાનરોના સેનાનાયક જાંબવાને એમને થોભી જવા માટેની બૂમો પાડી, પણ અંગદની આગેવાની હેઠળ દોડી રહેલા યુવાન વાનરોએ કંઈ સાંભળ્યું નહીં. રણમેદાનમાં બંને પક્ષે યુવાનો, એમનાથી ઉંમર અને અનુભવમાં મોટા યોદ્ધાઓને શું કામ ગાંઠતા નહીં હોય શું? વીરતા અને મૂર્ખતા વચ્ચેનો ભેદ એમને નહીં સમજાતો હોય?

પરંતુ સામે શત્રુઓને આવતા જોઈને કુંભકર્ણએ ગર્જના કરી અને અંદરોઅંદરની લડાઈ છોડીને અસુરોએ વાનરોને મારવાનું શરૂ કર્યું. શાંત ઊભેલા હાથીઓ અકલ્પ્ય ગતિએ વાનરસેના ભણી દોડ્યા. એની પાછળ અસુરો નીકળી પડ્યા. સૌએ સાથે મળીને વાનરસેનાનો કચ્ચરઘાણ વાળવાનું શરૂ કરી દીધું. અંગદની બધીયે બહાદુરી હવામાં કપૂર બનીને ઊડી ગઈ. એ અને એના માણસો હવે બીજા વાનરો સાથે ભળી જવા માટે પાછા દોડ્યા.

સામે મળે એને સૂંઢથી ઉછાળતા, પગતળે કચડતા હાથીઓ આગળ વધી રહ્યા હતા. વાનરો પીછેહઠ કરતા હવે સમુદ્રમાં ઊતરી ગયેલા. અસુર સૈનિકો એમના લાંબા, અણિયાળાં લાકડાં અને નાનીનાની કાષ્ટ કે લોહની ગદાઓથી વાનરસેનામાં હાહાકાર મચાવી રહ્યા હતા. જંગલમાં ભાગી જવાનો પ્રયાસ કરતા વાનરોના માથે ઊંચેથી ભારેખમ પથ્થરોનો વરસાદ શરૂ થયો.

અમારા એક હાથીએ એની સૂંઢમાં અંગદને લઈને દૂર ફંગોળી દીધો. એ કદાચ પોતાના જ સૈન્યના પગ તળે કચડાઈ જાત, પણ જેમતેમ ઊભા થઈને અંગદે એના જ એક સૈનિકને ધક્કો મારીને ઘોડા પરથી પાડી દીધો, અને પછી પોતે ઘોડાની પીઠ પર સવાર થઈને નાઠો.

મેં મારી આંખોની સામે પેલા સૈનિકને બીજા અશ્વોના પગ નીચે ખૂંદાઈ જતો જોયો. ઘૃણાથી મારું મન ભરાઈ ગયું.

અમારા પર સળગતા બાણ ફેંકી રહેલા, વરુણનાં વહાણો સમુદ્રમાં દૂર દૂર જવા લાગેલાં. અસુરો હવે વાનરોએ બાંધેલા સેતુ પર પહોંચી ગયેલા. યુદ્ધ હવે ભૂમિની સાથેસાથે પાણીમાં પણ લડાઈ રહ્યું હતું.

બપોર થઈ ગઈ. અસુરોનું પલ્લું ભારે લાગતું હતું, પણ હનુમાન અને એના હાથ નીચે લડી રહેલા વાનરો હજી ઝીંક ઝીલી રહ્યા હતા. જોરજોરથી નગારાં વગાડીને એ લોકો અમારા હાથીઓને મૂંઝવી રહ્યા હતા અને હાથી પર બેઠેલા અમારા સૈનિકોને હનુમાનના બાણ બરાબર

વાગતા રહ્યા હતા.

મેઘનાદ ક્યાં હતો, મને આ વિચાર આવ્યો. એ જ ક્ષણે ઊંચે આકાશમાં ઘરઘરાટી સંભળાઈ. એકમેકને મારવાનું થંભાવીને સૌ ઉપર જોવા લાગ્યા. મને મારો જવાબ મળી ગયો. મેઘનાદ ઊંચે આકાશમાં પુષ્પક વિમાન ઉડાડી રહ્યો હતો. અતિકાયા તો એની સાથે જ હોય! એમણે હવે નીચે વાનરો પર સળગતાં બાણ ફેંકવાનું શરૂ કરી દીધેલું!

અસુરોએ હર્ષોલ્લાસના પોકાર પાડ્યા પણ મેં કુંભકર્ણનો ચહેરો રોષથી રાતો થઈ જતો જોયો. એણે વિમાન ભણી આંગળી ચીંધીને કંઈક કહ્યું, જે મને સંભળાયું નહીં.

મેઘનાદના અને અતિકાયાનાં બાણોથી થોડા વાનરો મર્યા, પણ વિમાનની ઘરઘરાટીએ હાથીઓને અકળાવી નાખ્યા. એ હવે મહાવતોના અંકુશ બહાર જવા લાગ્યા. હજીયે આકાશમાં જોઈને રાજી થઈ રહેલા અસુરોનું લડવાનું જોશ પણ ઓછું થઈ ગયું. પછી વિમાનની પાંખોએ ફફડવાનું, ગોળ ફરવાનું બંધ કર્યું. એક ક્ષણે અધ્ધર ઊડી રહેલું પુષ્પક બીજી ક્ષણે સમુદ્રના પાણીમાં જઈને ખાબક્યું.

સદ્ભાગ્યે મેઘનાદ અને અતિકાયા સુરક્ષિત રહ્યા. એ લોકોએ વિમાનને પાણીમાંથી સેતુ પર ખેંચવાનો પ્રયાસ શરૂ કર્યો. હનુમાને એના વાનરોને મેઘનાદ ભણી જવાનો આદેશ આપ્યો. અમારા તરફથી કુભકર્ણ પોતે એના હાથી સાથે સેતુ તરફ ધસી ગયો.

પરંતુ કુંભકર્ણ એના ભત્રીજાથી માંડ પંદરવીસ ડગલાં દૂર હતો, ત્યાં જ લોખંડની અણી ધરાવતું એક લાંબું બાણ આવીને એના હાથીના માથાની અંદર ઊંડે સુધી ઊતરી ગયું. મોટી ત્રાડો પાડતો વિશાળકાય ગજરાજ એની પર બેઠેલા કુંભકર્ણ સમેત નીચે ઢળી પડ્યો.

મેઘનાદ અને અતિકાયા પર વાનરોએ બાણવર્ષા કરી, પણ સદ્ભાગ્યે કોઈને વાગ્યું નહીં. પાણીમાંથી સેતુ પર, અડધાપડધા ખેંચી કાઢેલા વિમાનને એમણે ઢાલ બનાવી દીધેલું. આ તરફ ઈજાગ્રસ્ત દશામાં પણ ઊભો થઈ ગયેલો કુંભકર્ણ, એના મૃત હાથીની વજનદાર કાયાની નીચેથી પોતાની ગદા કાઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

ઊંચા, ભરાવદાર વાનરોના ખભે બેસીને બાણ ચલાવી રહેલા રામ-લક્ષ્મણને મેં જોયા. એમનું લક્ષ્ય કુંભકર્ણ અને મેઘનાદ હતા. પછી પેલા ચતુર ડોસા જાંબવાને એવો પાસો ફેંક્યો કે યુદ્ધનાં સમીકરણ બદલાઈ ગયાં. એણે એના માણસોને અમારા હાથીઓ પર સળગતાં બાણ અને કાકડા ફેંકવાનો આદેશ આપ્યો.

અમારું ગજદળ સમુદ્રકિનારે તો પહોળી દીવાલની જેમ આગળ વધતું હતું, એટલે એમને વશમાં રાખવાનું સહેલું હતું, પણ સાંકડા સેતુ પર પહોંચી ગયેલા હાથીઓએ એકની પાછળ એક ચાલવું પડતું હતું. આમેય બંને તરફ ઊછળી રહેલા સમુદ્રનાં મોજાં એમને અસ્વસ્થ બનાવી રહ્યા હતા. એમાં વાનરોએ ફેંકેલું સળગતું બાણ એક હાથીના કપાળે જઈને ખૂંચી ગયું. પીડાની ચિચિયારી પાડતો હાથી પાછો વળીને ભાગવા ગયો. પાછળ આવી રહેલા હાથી સાથે એ અથડાઈ પડ્યો, અને પછી તો અંધાધૂંધી સર્જાઈ ગઈ. ગાંડા થયેલા હાથીઓએ અંકુશરહિત દોડાદોડી કરી મૂકી. એમના પગ નીચે વાનરની સાથેસાથે અસુરો પણ કચડાવા લાગ્યા. ઘણાં હાથી પાણીમાં ઊથલી પડ્યા.

જીવ બચાવવા હું દોડીને નારિયેળના ઝાડ પર ચઢી ગયો. નીચે હવે યુદ્ધ માણસો વચ્ચે નહીં, માણસો અને પ્રાણીઓ વચ્ચે લડાઈ રહ્યું હતું. પછી મોટા અવાજ સાથે સમુદ્રસેતુ કડડભૂસ થઈ ગયો. સામેના છેડે હવે હજારો વાનરોની સામે માત્ર કુંભકર્ણ, મેઘનાદ અને અતિકાયા રહી ગયા.

હાથીના મૃતદેહ નીચેથી પોતાની ગદા ખેંચી કાઢવામાં કુંભકર્ણને સફળતા મળી હતી. મેઘનાદ અને અતિકાયા તરફ જઈ રહેલા વાનરોને એ એકલા હાથે રોકવાની મથામણ કરી રહ્યો હતો.

પછી મેં આઘાત સાથે જોયું કે કુંભકર્ણને સહાય કરવાને બદલે મેઘનાદ અને અતિકાયા પુષ્પકની અંદર બેસી જઈને એને ઉડાડવાના ફાંફાં મારી રહ્યા હતા.

સમુદ્રસેતુ તૂટી પડ્યા પછી થોડીવાર માટે સુધબુધ ખોઈ બેઠેલા અસુરોને હવે કળ વળી. એ લોકો પાણીમાં ખાબકીને કુંભકર્ણની મદદે દોડ્યા. જાંબવાનના સૈનિકો સાથેની લડાઈ પાણીની અંદર શરૂ થઈ ગઈ. પરંતુ વરુણનાં વહાણો હવે અમારી દિશામાં પાછાં વળવા લાગેલાં. અમે ક્યાં સુધી ટકી શકશું? મેઘનાદની મૂર્ખાઈએ યુદ્ધનું પાસું બદલી નાખેલું. રામ-લક્ષ્મણ ક્યાં ગયા? મેં આસપાસ નજર ફેરવી.

ઘરઘરાટી સાથે પુષ્પક સમુદ્રસેતુ પરથી ફરી એકવાર ઊંચકાયું. જોતજોતાંમાં મેઘનાદ અને અતિકાયાને લઈને વિમાન એટલે ઊંચે પહોંચી ગયું, જ્યાં શત્રુનાં બાણ પહોંચી ન શકે. નીચે હવે કુંભકર્ણની સામે મેં સુગ્રીવ અને હનુમાનને જોયા. હથિયારની જગ્યાએ હવે શક્તિશાળી હાથ બથ્થંબથ્થી કરી રહ્યા હતા. કુંભકર્ણએ હનુમાનને ઉપાડીને જોશભેર નીચે પછાડ્યો. હનુમાન ઊભો ન થયો. મારા મોઢામાંથી આનંદની કિલકારીઓ નીકળી પડી.

પરંતુ બીજી જ ક્ષણે પાછળથી આવેલું એક બાણ કુંભકર્ણની ગરદનમાં વાગ્યું, અને આગળ ગળામાંથી બહાર નીકળી આવેલી લોઢાની અણી, ઢળી રહેલા સૂર્યના પ્રકાશમાં ઝગમગી ઊઠી.

કુંભકર્ણની કાયાએ સંતુલન ગુમાવ્યું અને એ નિર્ભય શૂરવીર યોદ્ધો છેવટે નીચે ઢળી પડ્યો. એની કદાવર કાયા સમુદ્રમાં પડી અને એની સાથે સેતુનો એક ખાસ્સો ભાગ પણ પાણીની અંદર ગરક થઈ ગયો.

જાંબવાનનો વ્યૂહ કામ કરી ગયેલો અને રામે પણ તક નહોતી છોડી. બધાંએ જેને મૃત માની લીધેલો, એ હનુમાન પણ હળવેથી બેઠો થયો. વાનરો વધુ ઉત્સાહમાં આવી ગયા.


સાંજ ઢળવા આવેલી. રાજકુમાર મેઘનાદ અને મારો પુત્ર સુરક્ષિતપણે મહેલમાં પહોંચી ગયા હતા. પણ બાપડા અસુર સૈનિકો હજીયે અસુરસંસ્કૃતિને બચાવવા માટે લડી રહ્યા હતા. સામે પક્ષે બિચારા વાનરોએ પણ એવી વ્યક્તિની પ્રતિષ્ઠા માટે પોતાના પ્રાણ હોડમાં મૂકી દીધેલા, જેનું નામ પણ એમણે થોડા મહિના પહેલાં નહોતું સાંભળ્યું.

રાત પડી ગઈ. જાંબવાને પોતાની વાનરસેનાને એમના ટાપુ પર જતા રહેવાનો આદેશ આપ્યો. ત્યારે હું ઝાડ પરથી નીચે ઊતરીને ઘેર ગયો.

કુંભકર્ણનો નિષ્પ્રાણ દેહ હવે સમુદ્રના તળિયે પડ્યો હતો. ત્યાં વસતા જળચરોને મન વીરતાનું કોઈ મૂલ્ય નહોતું. સામે શૂરવીર હોય કે કાયર, માછલાં માટે તો એ બસ ભોજન જ હતું.

o

જ્યારે એ પ્રાર્થના કરતો હતો



રાવણ

મંદોદરી પર હું ધૂંઆપૂંઆ થઈ રહ્યો હતો. મન થતું હતું કે મેઘનાદને ગળે ટૂંપો દઉં. સમજાતું નહોતું કે એ છોકરાનું શું કરું. ક્યારેક એનામાં ધીરગંભીર પરિપક્વ આગેવાનનાં દર્શન થતાં હતાં, તો ક્યારેક સાવ સ્થૂળ બુદ્ધિના!

વીરતાનું પ્રદર્શન કરવાની એની અધીરાઈને પરિણામે અસુરોનાં મોઢાં સુધી આવી ગયેલો વિજયનો કોળિયો ઝૂંટવાઈ ગયો હતો. કુંભકર્ણ, મારો ભાઈ, અસુર સેનાનો શ્રેષ્ઠ નાયક... એનું મૃત્યુ પણ મેઘનાદના ઉતાવળિયાં પગલાંને પરિણામે થયેલું. પ્રહસ્ત અને મારીચ કરતાંયે કુંભકર્ણની વિદાય મને વધુ આકરી લાગતી હતી.

મારા રોષથી બચવા માટે એ હંમેશની જેમ દોડીને માતાના પાલવમાં સંતાઈ ગયેલો. અતિકાયા પણ ત્યાં ઊભો હતો. મંદોદરી, બંને યુવાનો જાણે નાના, નિર્દોષ બાળકો હોય એવી રીતે એમનો બચાવ કરી રહી હતી.

'નાનો છે, નાનો છે, તો એ બોલ કે છોકરો મોટો ક્યારે થશે?' મેં રોષભેર પૂછ્યું. પછી અતિકાયા પર નજર પડતાંની સાથે મારા રોષમાં વધારો થયો. 'આવા લોકોની સંગતમાં રહીને મેઘનાદની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે.'

અતિકાયાનો ચહેરો, એની લાગણી દુભાયાની ચાડી ખાઈ રહ્યો હતો. એ મૂંગો રહ્યો પણ મંદોદરી ઊકળી પડી.

'રાવણ, ન બોલવા જેવું કંઈક હું બોલી જાઉં એ પહેલાં બસ કરો. આ યુદ્ધ શું કામ શરૂ થયું... આખીયે અસુરજાતિ કોના અહમ્ અને જીદને પરિણામે આજે સર્વનાશને ઓવારે આવીને ઊભી છે...? કૃપા કરીને મારું મોઢું નહીં ખોલાવતા.'

મંદોદરીના શબ્દો મને બાણની જેમ વાગ્યા, કારણકે એમાં સત્ય હતું. તોયે પરાણે નાક ઊંચું રાખીને મેં કહ્યું, 'મંદોદરી, તમને ભાન છે કે તમે અસુર સમ્રાટની સામે બોલી રહ્યાં છો?'

મારા શબ્દો જોકે મને જ ખોખલા લાગ્યા. મંદોદરી તુચ્છભાવે એટલું જ બોલી, 'રાવણ, હવે તમે અહીંથી વિદાય થઈને વિશ્રામ કરો તો સારું.'

હતાશા અને રોષનો ભાર ઉપાડીને હું કક્ષમાંથી બહાર નીકળ્યો. ભારોભાર કટુતા મારા મનમાં હતી. મેઘનાદે કરી એવી ભૂલ હું ક્યારેય ન કરત. આ પૃથ્વી પરનું સૌથી શક્તિશાળી, સમૃદ્ધ સામ્રાજ્ય મારે એના હાથમાં સોંપવાનું છે.

પછી કુંભકર્ણએ મારા ચિત્ત પર કબજો લઈ લીધો. 'કુંભ, મારા ભાઈ, તને તો મેં વર્ષો પહેલાં તરછોડી દીધેલો. વ્યસનને પાપે થયેલી તારી અધોગતિને રોકવા માટે મેં ક્યારેય મનથી પ્રયાસ નહોતો કર્યો. ઊલટું આડકતરી રીતે એમાં પ્રોત્સાહન આપ્યું, જેથી કરીને તું ક્યારેય મારા

માર્ગમાં કાંટો ન બને. તારી આંખોમાં જોયેલી મહત્ત્વાકાંક્ષા અને ઈર્ષા મને ભયભીત કરી ગયેલાં. તારા કરતાં મને મારું સિંહાસન વધુ વહાલું હતું. તું સુરાના કેફમાં સૂતો હતો, હું સત્તાના કેફમાં સતત જાગતો હતો. મને બીક હતી કે એક દિવસ જાગીને તું મારું રાજપાટ પડાવી લેશે. એટલે જ તું ઊંઘતો હતો, ત્યારે પણ મેં તારા પર ચોકીપહેરો રાખેલો.

'કુંભ, અંતે મારી સાથે વિશ્વાસઘાત થયો. એ કરનારો તું નહીં, આપણા સૌનો લાકડવાયો નાનો ભાઈ વિભીષણ હતો. બ્રાહ્મણ બનવાના ફાંફાં મારતા એ અસુરબાળની આપણે નાનપણમાં કેટલી મજાક કરી હતી, પણ છેવટે એ આપણી સાથે, સૌથી મોટી ક્રૂર મજાક કરી ગયો. હાથમાં મશાલ લઈને એ આપણા જ શત્રુને આપણા બારણે લઈ આવ્યો. ભાઈ, મેં બહુ મોટી ભૂલ કરી નાખી. મારે ડરવાનું તારાથી નહીં, એ સાપથી હતું. મને ક્ષમા કરી દેજે.

'અને હા કુંભ, વિભીષણની દાનતમાં રહેલી ખોટ તને તો વર્ષો પહેલાં વર્તાઈ ગયેલી! તેં મને ચેતવણી પણ આપેલી, પરંતુ મેં માની લીધું કે વિભીષણ અને મારી વચ્ચે તું ફાટફૂટ કરાવવા માંગતો હતો. પછી તેં મૌન સાધ્યું. વધુ પડતી શિખામણ આપવાનું તારા સ્વભાવમાં નહોતું.

'મને હવે તારી વાત સમજાય છે, પણ કમભાગ્યે બહુ મોડું થઈ ગયું છે. યુદ્ધમાં પરાજયના ઓળા માથે દેખાય છે. એકવાર મૃતપ્રાય થઈ ગયેલી જે સંસ્કૃતિને આપણે સજીવ કરી, એ પાછી ધૂળમાં મળી જશે. તું કદાચ સદ્ભાગી છે કે, તારી આંખોની સામે આ નહીં થાય. જે સમાજમાં બ્રાહ્મણોને મસ્તિષ્કનું, દેવયોદ્ધાઓને બાહુનું અને કુબેર જેવા ધૂર્ત લોકોને પેટનું સ્થાન અપાશે, ત્યાં તું નહીં હોય. આપણાં મડદાં પર આપણો ભાઈ આવા સમાજની રચના કરવા ઝંખે છે. સારું જ થયું કે આવું જોતા પહેલાં તું જતો રહ્યો. હુંયે કદાચ બહુ જલદી તારી પાછળ આવીશ. ભય હવે એ જ વાતનો છે કે, કયા મોઢે હું તારી સામે ઊભો રહીશ!'

મંદોદરીએ આવીને મારી વિચારધારામાં ભંગ પાડ્યો, 'રાવણ, મેઘનાદે એની ભૂલ સ્વીકારી લીધી છે. એને હવે ક્ષમા આપી દો.'

'આવી ભૂલ યુદ્ધમાં ન પાલવે. એણે હવે રણમેદાનમાં પગ મૂકવાનો નથી.' મારો રોષ પાછો ફર્યો.

'રાવણ, હવે આ યુદ્ધ લંબાવવાથી શું અર્થ સરવાનો? સમાધાન કરી લઈએ. રામને એની પત્ની પાછી આપી દઈએ તો?' મંદોદરી ગળગળી થઈ ગઈ.

'મારાં ગર્વ અને આત્મસમ્માનનું કોઈ મૂલ્ય જ નહીં? મારા શ્રેષ્ઠ માણસો, મારા મિત્રો, મારો ભાઈ, આ બધાંને ખોઈ દીધા પછી હવે હું રામને ચરણે જઈને આળોટી પડું? એક નાનકડા રાજ્યના રાજકુંવર પાસે જઈને અસુરસમ્રાટ દયાની ભિક્ષા માંગે?'

'એ નાનકડા રાજ્યનો, બર્બર રાજકુંવર અત્યાર સુધીમાં અડધુંઅડધ અસુરરાજ્ય ગળી ગયો છે. હજુ વધુ કેટલાનો ભોગ આપણે આપવો છે? અને કોના માટે?'

'આ યુદ્ધ અસુરોની પ્રતિષ્ઠા માટે, જાતિવાદની વિરુદ્ધમાં....'

'બસ, બસ, આવા ભાષણ તમે પ્રજાને ભરમાવવા માટે રાખી મૂકો. સત્ય એ છે કે તમે તમારો અંગત સ્વાર્થ સાધવા માટે આ યુદ્ધ શરૂ કર્યું છે.'

'મંદોદરી, તું ભૂલી ગઈ કે આ એ જ રાજકુમાર છે જેણે મારી બહેનનાં નાકકાન કાપી લીધેલાં...?'

'એ જ બહેન, જેને તમે વિધવા કરી નાખેલી!'

'એ તારા જેવી સ્ત્રીને શું સમજાય?'

'મને બધુંયે સ્પષ્ટપણે સમજાય છે. રાવણ, શૂર્પણખા માટે તમને કંઈ મોટો પ્રેમ નહોતો

ઉભરાઈ આવ્યો. પરંતુ એનાં નાકકાન કાપીને રામ-લક્ષ્મણે તમારા અહમ્ પર કુઠારાઘાત કરેલો. બદલો લેવા માટે તમે રામની પત્નીને ઉપાડી આવ્યા. પુત્રી માટે ખરેખર સ્નેહ હતો, તો એને લગ્ન પહેલાં જનક પાસેથી શું કામ નહોતા લઈ આવ્યા? અસુરોના આક્રમણ સામે મિથિલા તો અડધો દિવસ પણ ન ટકી શકત. પણ ના, બહારના લોકો સામે તમે ભલે અંધશ્રદ્ધાથી પર રહેતા, બુદ્ધિજીવી હોવાનો દંભ કરો, પરંતુ મનથી તો તમે પણ પેલા લોકો જેવા જ છો, જે જ્યોતિષીની ભવિષ્યવાણી સાંભળીને ગભરાઈ ગયેલા. એટલે હાથમાં અપાર સત્તા અને સામર્થ્ય આવ્યા પછીયે તમે સીતાને દૂર રાખી. માતા-પિતાના પ્રેમથી એને વંચિત રાખી. તમને પુત્રી કરતાં સત્તા અને અસુર સામ્રાજ્ય વધુ વહાલાં હતાં. એને કોઈએ ઠેસ મારી એટલે એની પત્નીને લઈ આવ્યા, એ પણ સામી છાતીએ લડીને નહીં, પણ છળકપટથી!

'આજે શત્રુ ઘરઆંગણે આવીને ઊભો છે, ત્યારે તમે પણ તમારો અહંકાર છોડવા તૈયાર નથી. તમે પહેલાં રાજા અને પછી પિતા છો, એય તમને યાદ નથી. રાવણ, વર્ષોથી મૂંગીમૂંગી હું તમારા અહંકાર અને બીજા અવગુણોને સહેતી આવી છું. તમે મારી સેવિકા પર બળાત્કાર કરીને એને ગર્ભવતી બનાવી. તમે પેલી બ્રાહ્મણ સ્ત્રીની પાછળ ઘેલા થયા અને હજીયે ઊંઘમાં એનું નામ બબડો છો. તમે સામ્રાજ્યનો વિસ્તાર કરવાના નામે વર્ષો સુધી ઘરથી દૂર રહ્યા, દેવોની જેમ જ તમે પણ ભયાનક નરસંહાર કર્યો, અને અંતે સૌને સર્વનાશના ઓવારે લાવીને ઊભા કરી દીધા....! રાવણ, આજસુધી મેં તમને કંઈ કહ્યું નહીં, પણ આજે બે હાથ જોડીને આજીજી કરું છું, સીતાને રામ પાસે પાછી મોકલી દો.'

'મંદોદરી, ચૂપ થઈ જા.' મેં ત્રાડ પાડી. એણે મારા ચહેરા પરથી મહોરું ઉતારી નાખેલું. હું એની સામે ઉઘાડો પડી ગયો હતો.

મંદોદરી બોલતી રહી, 'તમને એવું લાગે છે કે સીતાને રામ પાસે પાછી મોકલતાં મારો જીવ નહીં કકળે? રાવણ, મારી પુત્રી કરતાં હું મારા પતિને વધુ પ્રેમ કરું છું. મારે તમને ગુમાવવા નથી. રાવણ, આ યુદ્ધમાં આપણો પરાજય નિશ્ચિત છે. સીતાને તમે લંકા લાવ્યા એ દિવસથી હું ભયના ઓથાર નીચે જીવું છું. મારે તમને કહેવું હતું કે સીતાને પાછી મોકલી દો. પણ એવું કંઈ કહું એ પહેલાં તો તમે યુદ્ધ આરંભી દીધું અને આજ સુધી યુદ્ધમાં ભોગ તો બીજાનો જ લેવાયો છે. તમે તો કાયરની જેમ મહેલમાં જ બેસી રહ્યા ને!'

'બસ' મેં મંદોદરીનું ગળું પકડી લીધું. 'મને પણ મારી નાખો.' એ બોલી.

રોષથી એને ધક્કો મારીને હું ત્યાંથી નીકળી ગયો. સૌથી વધુ ક્રોધ અત્યારે મને મારી જાત પર આવી રહ્યો હતો. જાણેઅજાણે મારા પગ ઉદ્યાનમાં અશોકવૃક્ષ ભણી વળી ગયા. ટમટમતા દીવડાના આછા અજવાળામાં મેં ટૂંટિયું વાળીને બેઠેલી સીતાને જોઈ. મને જોતાંની સાથે એણે પીઠ ફેરવી લીધી.

પછી જે કહેવું હતું, એના માટે હિંમત ભેગી કરતાં મને લાંબો સમય લાગ્યો. છેવટે મને પોતાને પણ માંડ સંભળાય એવા અવાજે હું બોલ્યો, 'પુત્રી...'

સામેથી કોઈ પ્રતિભાવ આવ્યો નહીં. ફરીથી બોલાવવાની હિંમત મારામાં નહોતી. પણ પછી મેં એની કાયાને ધ્રૂજતી જોઈ અને આછા રુદનનો અવાજ મારા કાને આવ્યો. મારું હૃદય અને હોઠ ખૂલી ગયાં. 'સીતા, તું મારી પુત્રી છે.' આજ સુધી તારી માતા મારા માટે સંસારની સહુથી વહાલી વ્યક્તિ હતી. પણ આજે મારી જાતથીયે વધુ પ્રેમ હું તને કરું છું. તું મારી સાથે રહીશ લંકાની રાજકુંવરી બનીને? તું કહે તો રામ સાથે હું સુલેહ કરી લઈશ. એ તારો પતિ બનવાને લાયક નથી...'

સીતાએ રોષભેર પીઠ ફેરવીને મારી સામે જોયું અને ધગધગતા અવાજે બોલી, 'હું એને પ્રેમ કરું છું, વિધિસર લગ્ન કરીને હું એની ધર્મપત્ની બની છું.'

સીતાનો ક્રોધ જોઈને હું બે ડગલાં પાછળ હટી ગયો. પણ અહીં સુધી આવ્યા પછી હવે પાછા વળવાનું સંભવ નહોતું. 'સીતા, હું તારો પિતા છું. અને...'

'મારા પિતા જનક છે અને પ્રભુ રામ મારા પતિ છે.' સીતાએ મારું વાક્ય અડધે જ કાપીને કહી દીધું.

લાચાર થઈને હું ઊભો રહ્યો. પછી મેં બીજો અવાજ સાંભળ્યો, 'કાકા...'

રહીરહીને મારું ધ્યાન ત્રિજટા તરફ ગયું અને આપોઆપ મારી દૃષ્ટિ નીચે થઈ ગઈ. એણે એના પિતાના મૃત્યુ વિશે સાંભળી જ લીધું હશે.

'કાકા, આજે રણભૂમિ પર મારા પિતા શૂરવીર અસુર યોદ્ધાની જેમ લડ્યા?'

'ત્રિજટા, મને ક્ષમા કરી દે...' મારી જીભ થોથવાઈ ગઈ.

'મારી મા પાસેથી સાંભળેલું કે પિતાજી બહુ મોટા યોદ્ધા હતા. તમારાથીયે ચડિયાતા, પણ મેં તો સમજણા થયા પછી એમને હંમેશાં નશામાં કે નિંદ્રામાં જ જોયેલા. વ્યસનીની પુત્રી તરીકે ઓળખ અપાય ત્યારે મને કેવું લાગતું હશે? મને મારી સખીઓની ઈર્ષા આવતી કે એમના પિતા કેટલા સારા, નિર્વ્યસની હતા. મારા પિતા પર ત્યારે મને ધિક્કાર આવી જતો, પણ આજે...'

'ત્રિજટા, તારા પિતા વીર પુરુષ હતા અને માણસ તરીકે બીજા લોકોથી વધુ સારા...' મેં મારી ભત્રીજીના માથે હાથ મૂકતાં કહ્યું. એ મારા ખભે માથું મૂકીને રડી પડી. અંધકારમાં કોઈને મારાં આંસુ નહોતાં દેખાવાનાં. મેં પણ આંખોને વહેવા દીધી. સન્માન, પ્રતિષ્ઠા, ગૌરવને જાળવવા જતાં કેટકેટલાં દુઃખ સહન કરવાં પડે છે! એ ક્ષણે મને એમાંથી કંઈ નહોતું જોઈતું.

અમારા તરફ ઉતાવળે આવી રહેલાં પગલાંનો અવાજ સાંભળીને હું સતર્ક થઈ ગયો. એ સંદેશવાહક હતો. હાંફતા હાંફતા એ મારી સામે આવીને ઊભો રહ્યો. એ ક્ષણો પછી જે પણ થયું એ બધુંયે નિરર્થક હતું, હું કંઈ કરું, ન કરું, એનાથી કોઈ ફેર નહોતો પડવાનો. સમયના ચક્રમાં હું માત્ર એક નાનકડી ખીલી હતો. એવી સીડીનું પગથિયું હતો, જેના પર ચઢીને કોઈએ મહાનતા અને ઈશ્વરત્વ સુધી પહોંચવાનું હતું. એ ક્ષણ પછી રામની પરાક્રમગાથામાં હું એક નાનકડું તુચ્છ પાત્ર હતો. ક્ષણભરમાં બધુંયે બદલાઈ ગયું.

'મહારાજ, યુવરાજ મેઘનાદને કંઈક થઈ ગયું...' પ્રસ્વેદથી નીતરતો ચહેરો નીચો રાખીને સંદેશવાહક બોલ્યો. ત્રિજટાને મારાથી અળગી કરીને હું દોડ્યો, 'ક્યાં છે એ? શું થઈ ગયું?' મેં દોડતાં દોડતાં જ પૂછ્યું. જોકે શું જવાબ મળશે એની કલ્પના કંપાવી દે એવી હતી. કંઈ સાંભળ્યા વિના ઘોડારમાં ધસી જઈને મેં અશ્વ પલાણ્યો. કિલ્લાના દરવાજા ખૂલ્યા અને અશ્વને ટેકરી પર આવેલા કિલ્લા ભણી દોડાવ્યો.

નગરના સીમાડેથી પસાર થતાં મેં પાછું વળીને જોયું. ઠેરઠેરથી અગ્નિની જ્વાળાઓ નીકળી રહી હતી. પણ ન તો હું થંભ્યો, કે ન તો બીજીવાર મેં પાછા વળીને જોયું. ભલે નગર બળી જાય, અરે આખી માનવજાતિને અગ્નિમાં સ્વાહા થઈ જવા દો, મારો પુત્ર ક્યાં હતો? હે શિવ, મારા મેઘનાદની રક્ષા કરજો.

મારા અશ્વના અંગેઅંગમાંથી પ્રસ્વેદ અને મોઢામાંથી ફીણ નીકળવા લાગેલાં, તોયે મને એની ગતિ ધીમી લાગી. કિલ્લા પાસે પહોંચ્યો, તો બારણાં ઉઘાડાફટાક જોયાં. લોહીનાં ખાબોચિયાંમાં પડેલાં સ્ત્રીઓ-પુરુષોના નિષ્પ્રાણ દેહોની વચ્ચેથી પસાર થતો હું આગળ વધ્યો.

કિલ્લામાં સ્મશાનવત્ શાંતિ હતી. અશ્વ પરથી ઊતરીને મેં મહેલ ભણી પગ ઉપાડ્યા, કહો કે ઢસડ્યા. શંકા પડી ગયેલી કે આગળ શું જોવા મળશે. કાળજું કઠણ કરીને મેં મહેલમાં પગ મૂક્યો. લોહીથી ખરડાયેલી દીવાલો અને વધુ શબ નજરે પડ્યાં.

'મહારાજ' અચાનક આવેલા અવાજે મને હબકાવી દીધો. મારો અર્થમંત્રી અને કિલ્લાનો રક્ષણકર્તા જાંબુમાલિ એક સ્થંભના ટેકે લોહીથી લથપથ બેઠો હતો. મને જોઈને એણે ઊભા થવાનો પ્રયાસ કર્યો.

'મેઘનાદ ક્યાં છે?' જવાબ જાણતો હોવા છતાં મેં પૂછ્યું.

જાંબુમાલિએ પ્રાર્થનાખંડની દિશામાં હાથ કર્યો. મારો પુત્ર ત્યાં નટરાજની વિશાળ પ્રતિમા સામે જઈને નિયમિત પ્રાર્થના કરતો. મારા મનમાં આશાનું કિરણ ઝબક્યું. મેઘનાદના નામનો સાદ પાડતો હું ત્યાં દોડ્યો. થોડું શરમાળ, થોડું તોફાની, એવું સ્મિત વેરતો મેઘનાદ સામે દેખાશે એવું ધારીને મેં અધખુલ્લા બારણાને ધક્કો માર્યો. સામે ધરતી પર મારો પુત્ર પડ્યો હતો.

હું ઢગલો થઈ ગયો અને પછી મેં પરાણે આંખો ઊંચી કરી. મેઘનાદનું મસ્તક શિવપ્રતિમાના પગ પાસે હતું. માથાથી જુદું કરી દેવાયેલું ધડ થોડે દૂર પડ્યું હતું. પીઠમાં ચાર બાણ ખૂંપેલાં હતાં. સ્પષ્ટ હતું કે મારા પુત્રની પીઠ પાછળથી ઘા થયો હતો. એ ઢળી પડ્યો પછી હત્યારાઓએ એના શરીરના ટુકડા કર્યા હતા.

'લક્ષ્મણ એના ચાલીસેક માણસોની સાથે, કોણ જાણે કેવી રીતે કિલ્લાની અંદર સરકી આવ્યો! અને ખબર નહીં, એને કોઈ રીતે એ પણ જાણ થઈ ગયેલી કે યુવરાજ અહીં પ્રાર્થના કરતા હતા.' જાંબુમાલિનું આક્રંદ ભીંતોને ઓગાળી નાખે એવું હતું. 'રાજકુંવર અહીં આવ્યા ત્યારે બહુ હતાશ હતા. એમણે મને કહ્યું કે યુદ્ધમાં એની હાર થયેલી અને કાકાના મૃત્યુ માટે એ જ જવાબદાર હતા. એ તો અહીં પ્રાર્થના કરવા આવેલા, પણ જોઈ લો...' જાંબુમાલિ ભાંગી પડ્યો.

'બીજો છોકરો ક્યાં છે?' મેં ભાવશૂન્ય અવાજે પૂછ્યું. મારું તનમન બહેર મારી ગયું હતું.

'એ પણ મરી ગયો. બહાર ક્યાંક એનું શબ પડ્યું હશે. પેલા લોકોએ બધાને મારી નાખ્યા. મને ઘરડો માનીને કદાચ છોડી દીધો.' જાંબુમાલિ બોલ્યો.

નટરાજની વિશાળ પ્રતિમાની પાછળ થયેલી આછી હલચલ ભણી મારું ધ્યાન ખેંચાયું. જોકે ત્યાં જવા માટે મારે મારા પુત્રની છિન્નભિન્ન કાયા પાસેથી પસાર થવું પડે. હું મારા સ્થાને જ ઊભો રહ્યો.

પ્રતિમાની પાછળથી પહેલાં એક મોટો, કાળો હાથ બહાર નીકળ્યો અને પછી શિવના પગનો ટેકો લઈને ઊભો થયેલો અતિકાયા નજરે પડ્યો. એનું અંગેઅંગ લોહીથી લથપથ હતું. ધીમે પગલે એ પ્રતિમાની પાછળથી બહાર આવ્યો. નીચે પડેલા મેઘનાદને જોઈને એણે એક પારધીથી વીંધાયેલા રાની પશુ જેવી ચીસ પાડી. ફાટી આંખે એણે મારી સામે જોયું અને પછી જાંબુમાલિ પર એની દૃષ્ટિ પડી. અતિકાયાના ચહેરા પર હિંસક ભાવ તરવરી ઊઠ્યા અને મોઢામાંથી ચિત્કાર સરી પડ્યો.

મેં મારા વયોવૃદ્ધ મંત્રી સામે જોયું. એનો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયેલો. અતિકાયા એની લથડતી કાયાએ જાંબુમાલિ ભણી ધસવા ગયો. મંત્રીએ બહાર નીકળવા દોટ મૂકી, પણ મેં એને પકડી લીધો.

અતિકાયા ઊંધે માથે રક્તરંજિત ભૂમિ પર ફસડાઈ પડ્યો. એણે ઊભા થવાનો પ્રયાસ કર્યો,

પણ હવે એના હાથપગે સાથ ન આપ્યો. જાંબુમાલિને મેં ખંડના એક ખૂણે ધકેલી દીધો. ત્યાંથી બહાર નીકળવા માટે એણે મારી પાસેથી પસાર થવું પડે. સૂકા પાંદડાની જેમ ફફડતો એ ત્યાં બેસી પડ્યો.

અતિકાયા પાસે જઈને મેં હળવેકથી એનો ચહેરો મારા ભણી ફેરવ્યો.


'એણે જ કિલ્લાના દરવાજા ખોલી નાખ્યા. યુવરાજને મેં બચાવવા માટે... પણ ક્ષમા કરજો... લક્ષ્મણ આવેલો... જાંબુમાલિ જ એને લઈ... યુવરાજને એકાંતમાં પ્રાર્થના કરવી હતી... હું બહાર દરવાજા પાસે પાછો આવ્યો એને જોયો... હું લડ્યો... બહુ લડ્યો... પણ એ છટકી.... મેં બહુ....' શબ્દે શબ્દે અતિકાયાના શ્વાસ ડૂબી રહ્યા હતા. મેં એને ઊંચકવાનો પ્રયાસ કર્યો, પણ એના વજનદાર દેહને ઉપાડવા જેટલું બળ મારા બાહુમાં હવે નહોતું. મેં એના ખભા ફરતે મારા હાથ વીંટાળી દીધા. મારી આંખોની સામે, મારા હાથમાં, મારા અનૌરસ પુત્રએ એના પ્રાણ ત્યાગી દીધા. ધીમેથી એનું માથું જમીન પર મૂકીને હું ઊભો થયો.

ખૂણામાં ઉંદરડાની જેમ ફફડી રહેલા જાંબુમાલિ પાસે હું ગયો. એના બે પગ વચ્ચે જોરથી લાત મારી. 'દયા... દયા કરો... મહારાજ.' દયામણી ચીસો પાડતાં એણે મારા પગ પકડી લીધા.

કેડેથી કટાર કાઢીને મેં જાંબુમાલિના અંગ ચીરવાનું શરૂ કર્યું. હવે મારી પાસે સમયની ખોટ નહોતી. મેં જાંબુમાલિની આંખથી આરંભ કર્યો. રિબાઈ રિબાઈને મરી રહેલા જાંબુમાલિની ચીસો મારા માટે મધુર રાગરાગિણીઓ જેવી હતી.

o

શૂરવીરોની સ્મશાનયાત્રા



ભદ્ર

જેની બીક હતી એ સમાચાર સાંભળતાંની સાથે હું મહેલ ભણી દોડ્યો. હજી તો પરોઢ પણ માંડ થયું હતું, પરંતુ હજારો લોકો રાજમહેલની દિશામાં ધસમસી રહ્યા હતા. યુવરાજના મૃત્યુનો શોક કરવાને બહાને બધાંને મફત મનોરંજન મેળવવું હતું.

મેં તો પુત્ર ગુમાવેલો. જાણતો હતો કે એક દિવસ આ થવાનું જ હતું, પણ તોયે હું કંઈ નહોતો કરી શક્યો. પુત્ર માટે પિતાનો પ્રેમ હંમેશાં એકપક્ષી હોય છે. રસ્તામાં જે મળ્યા એ બધાંને મેં કહ્યું કે રાજકુમારનો જીવ બચાવવા જતાં મારા પુત્રએ પોતાના પ્રાણ ગુમાવેલા, પણ એ સાંભળવાની અને સમજવાની કોઈને પરવા નહોતી.

અચાનક મને ખ્યાલ આવ્યો કે, નગરજનો આટલી મોટી સંખ્યામાં નીકળી પડેલા, યુદ્ધનાં નગારાં નહોતાં સંભળાતાં. શું આજે યુદ્ધ શું નહોતું થવાનું?

રાજમહેલના પ્રવેશદ્વાર પાસે ભારે મોટી મેદની એકઠી થયેલી. લોકોને અંદર જતા રોકવા માટે ચોકીદારો મહેનત કરી રહ્યા હતા. જતા-આવતા લોકોને હું કહી રહ્યો હતો કે, 'મારો પુત્ર મરી ગયો છે... યુવરાજ માટે એણે જીવ આપી દીધો... મારા પુત્રને...' મેં હાથ જોડીને આજીજીઓ કરી પણ સાંભળે કોણ?

એક ઊંચા કદાવર સંત્રીએ મને એવો ધક્કો માર્યો કે હું ઊંધે માથે ભોંય પર જઈને પછડાયો. હું રોષભેર તરત ઊભો થઈ ગયો. મારા પુત્રએ આ દેશ માટે પોતાનો પ્રાણ ન્યોછાવર કરી દીધેલો. આવા વીરના પિતાને સન્માનિત કરવાને બદલે ભિખારી ગણીને હડધૂત કરાતો હતો?

મેં બહુ કકળાટ કર્યો, રાવણ સહિત આખાયે વિશ્વને ગાળો ભાંડી. શરૂશરૂમાં તો બધાંએ મને ગાંડો ગણીને અવગણી નાખ્યો. એક સૈનિકે આવીને મારા ગાલ પર સણસણતો લાફો ઝીંકી દીધો. મારી આંખે અંધારાં આવી ગયાં. આ વખતે નીચે પડ્યા પછી ઊભા થવાનું બળ મારામાં નહોતું રહ્યું.

થોડીવાર પછી દૂરથી આવી રહેલા રથનાં પૈડાંનો અવાજ સંભળાયો. ધક્કામુક્કી અને ઘોંઘાટ બમણાં થઈ ગયાં. કોઈએ છાતી કૂટવાનું, રડવાનું શરૂ કર્યું, પછી તો જાણે સ્પર્ધા જામી ગઈ કે કોણ સૌથી મોટે સાદે રડીને યુવરાજના મૃત્યુ માટે શોક પ્રદર્શન કરી શકે. બધાયના હોઠ પર માત્ર મેઘનાદનું નામ હતું. મારો પુત્ર મરી ગયેલો અને આ લોકોને મન આ મોટી ભવાઈ હતી.

રથ ધીમા પડ્યા. સહુથી આગળના રથમાં રાવણ નતમસ્તક બેઠો હતો. એના ખોળામાં મેઘનાદનો મૃતદેહ હતો. મૃત્યુએ યુવરાજના ચહેરા પરથી યુવાનીનું તેજ અને બધુંયે સૌંદર્ય છીનવી લીધેલું.

પણ મારો પુત્ર ક્યાં હતો? મેં અતિકાયાને શોધવા આમતેમ નજર દોડાવી. લોકોને ખસેડીને

આગળ જવાનાં ફાંફાં માર્યાં, પણ વધુ બળિયા હાથોએ મને પાછળ ધકેલી દીધો.

રાજવી રથની પાછળ બળદગાડાંની લાંબી કતાર હતી. સામાન્ય ગણાય એવા સૈનિકોનાં શબ એમના પર ખડકી દેવાયેલાં. એની પાછળ હૈયાફાટ રુદન કરતાં એના આપ્તજનો દોડી રહ્યાં હતાં. આવા જ કોઈ ગાડામાં અતિકાયા હશે એવું માનીને હું પણ ત્યાં ગયો. દોડીદોડીને મેં દરેક ગાડામાં જોયું, શાકભાજીની જેમ શબના ઢગલા કરી દેવાયેલાં. ગાડામાંથી ટપકતા લોહીથી રસ્તો રંગાઈ રહ્યો હતો. ઉપર ઊડતા કાગડા, તક મળે ત્યારે કોઈ માનવદેહમાંથી માંસનો ટુકડો તોડી લેવાની પેરવીમાં હતા. અતિકાયા ક્યાંય નહોતો દેખાતો, પણ મરેલા બધા લગભગ એકસરખા લાગતા હતા. મારી આંખો બળવા લાગી.

છોકરાએ કેમ મારું કહ્યું સાંભળ્યું નહીં... એ નાનો હતો ત્યારે જ એને લઈને લંકા છોડી ગયો હોત તો... આ રામ-રાવણના વિશ્વમાં અમારા જેવાનું શું કામ હતું... મારી પત્ની પર બળાત્કાર કરીને રાવણે મને પુત્ર આપ્યો. પછી મારા હૃદયમાં એ બાળક માટે સ્નેહ જાગ્યો ત્યારે રાવણ પાછો એને ખૂંચવી ગયો... આવા વિચારોથી જાતને બાળતો હું ચારે તરફ ફરી વળ્યો. અતિકાયા ક્યાંય નહોતો. હવે મને આશા જાગી કે કદાચ એ લડવાને બદલે ક્યાંક ભાગી ગયો હશે. થોડા દિવસ પછી લજ્જાનો માર્યો મોઢું છુપાવતો ઘેર પાછો ફરશે.

બીજી તરફ મહેલના મુખ્ય પ્રવેશદ્વાર ધીમેધીમે બંધ થઈ રહ્યાં હતાં. અંદર પ્રવેશવા મથતા લોકોને પહેરદારો ધક્કા મારી રહ્યા હતા. અંદર બે ચિતા ગોઠવાઈ રહી હતી. મેં આંખો ખેંચીને જોયું અને પછી મુઠ્ઠીઓ વાળીને ત્યાં દોટ મૂકી. મહેલના સંત્રીઓ તો ઠીક, સંસારની કોઈ શક્તિ મને હવે રોકી શકવાની નહોતી.

મહેલના દરવાજે મારો માર્ગ રોકનારો સંત્રી, સામાન્ય સંજોગોમાં તો એના એક જ હાથે મને ઉપાડીને ફેંકી દે એવો ઊંચો, કદાવર હતો. પણ એ દિવસે એની સામે પુત્રનું મોઢું જોવા મરણિયો થયેલો પિતા હતો. મુક્કો મારીને મેં એને ભોંયભેગો કરી દીધો. એના પરથી કૂદીને હું અંદર નાઠો.

મારું જોઈને બીજા લોકો પણ સંત્રીઓ સાથે બાથંબાથી પર આવી ગયા. મારા તરફથી બધાનું ધ્યાન હટી ગયું. એનો લાભ લઈને હું મહેલના પ્રાંગણમાં ગોઠવાયેલી ચિતા સુધી પહોંચી ગયો.

ત્યાં મેં ચંદનના કાષ્ઠની ચિતા પર સૂતેલો મારો પુત્ર જોયો. એના શરીરે સેંકડો ઘા હતા. એ ચહેરા પરથી એની અબુધ બાળક જેવી નિર્દોષતા પણ હવે ભૂંસાઈ ગયેલી. મૃત્યુની નિંદ્રામાં સૂતેલો અતિકાયા અત્યંત કદરૂપો લાગતો હતો, પરંતુ એ હતો તો મારો પુત્ર, મારા જીવનનો એકમાત્ર હેતુ. એના પર રાજાનો કોઈ અધિકાર નહોતો. જીવતેજીવત તો એ લોકો મારા સંતાનને ઝૂંટવી ગયેલા, અને હવે મૃત્યુટાણે પણ એને એટલો દૂર લઈ જવાના હતા, જ્યાં ક્યારેય મારા હાથ નહોતા પહોંચવાના. પણ ના, હું એવું નહીં થવા દઉં. અમારા નાના ઝૂંપડામાં અતિકાયાની મા એની રાહ જોતી હતી. પુત્ર અને માતાની વચ્ચે હું રાવણને આવવા નહોતો દેવાનો.

શોકમૂર્તિ થઈને રાવણ એક તરફ ઊભો હતો, વિખરાયેલા વાળ અને આંસુભીનો ચહેરો લઈને મંદોદરી નીચે ભોંય પર પડી હતી. અહીં પણ મહેલમાં રહેનારાઓ અને નોકરચાકરોમાં કોણ વધુ ઊંચા સાદે રડી શકે એની જાણે સ્પર્ધા ચાલી રહી હતી. આમ કરીને એ લોકોએ વાતાવરણને વધુ કલુષિત કરી નાખેલું.

થોડા લોકો ચિતા પરનાં લાકડાં વ્યવસ્થિત ગોઠવી રહ્યા હતા, પણ ચંદનની ચિતા પર કે

રાજાના મહેલમાં મારા પુત્રનું સ્થાન નહોતું. એ જીવિત હતો ત્યારે આ જ લોકોએ એને કૂતરો ગણીને હડધૂત કરેલો. ચાલો, મૃત્યુ પછી તો એને માનવ તરીકેનું સમ્માન મળ્યું. પણ આટલું બસ હતું. હું રાજાની સામે જઈને ઊભો રહ્યો. માથું નમાવ્યા વિના મેં કહ્યું, 'હું મારા પુત્રને લેવા આવ્યો છું.'

રાવણે મારી સામે જોયું, પણ એના ચહેરા પર પરિચયનો કોઈ ભાવ નહોતો. અરે, મારા શબ્દો પણ કદાચ એના કાન સુધી નહોતા પહોંચ્યા. એની આંખોમાં નરી શૂન્યતા હતી.

'મને મારો પુત્ર આપી દો.' મેં ચીસ પાડી. આજુબાજુ ઊભેલા દરેક જણનું ધ્યાન મારા ભણી વળ્યું. પરંતુ રાવણ હજીયે મારા અસ્તિત્વથી અજાણ હોય એમ ખાલીખમ આંખે જોઈ રહ્યો.

મને મન થઈ ગયું કે એના વાળ પકડીને હચમચાવી નાખું, એના કાનમાં ચીસો પાડું. કદાચ એવું કરીયે નાખત. પણ પછી રાવણના નિષ્પ્રાણ શરીરમાં જાણે જીવ આવ્યો હોય એમ એણે મારી સામે જોયું. મારાથી રડવું રોકાયું નહીં. એણે મારા ખભે હાથ મૂક્યો, પણ હું એને ઝંઝેડતાં દૂર ખસી ગયો. 'મને મારો દીકરો પાછો આપી દે.' મેં ફરીને ચીસ પાડી.

મંદોદરી એના ઊંડા શોકની ગર્તામાંથી બહાર નીકળીને ઊભી થઈ અને અમારી પાસે આવી. 'રાવણ, એને એનો પુત્ર આપી દો.' જીભ ઉપાડતાંયે અત્યંત પીડા થતી હોય એવા સ્વરે એ બોલી. રાવણના ચહેરા પર રોષની રેખાઓ તણાઈ. 'એ મારો પુત્ર છે.' એણે ફૂંફાડો માર્યો.

'ના, એ જીવિત હતો ત્યારે આ કહેવાની જરૂરત હતી.' મંદોદરી ધીમા પણ મક્કમ અવાજે બોલી, 'પણ તમે એકેયવાર કહ્યું? તમે તમારી ભૂલ કબૂલીને, એને શિશુઅવસ્થામાં જ મહેલમાં લઈ આવ્યા હોત તો હું એને મેઘનાદની સાથે સગા દીકરાની જેમ ઉછેરત, પરંતુ તમે એને તરછોડી દીધો. હવે એના પર આપણો કોઈ અધિકાર નથી અને ક્યારેય હતો જ નહીં.'

રાવણની આંખોમાંથી તણખા ઝર્યા, પણ મંદોદરી હોઠ ભીડીને એની સામે ઊભી રહી. હું ડરીને ચાર-પાંચ ડગલાં પાછળ હટી ગયો અને આડું જોઈને દયામણાં હીબકાં ભરતો ઊભો રહ્યો.

'જા, લઈ જા એને! મારા મેઘનાદનો મિત્ર ન હોત તો કાળો કૂતરોય એની પાછળ આંસુ નહોતો પાડવાનો!' રાવણે મારી પાસે આવીને દાંત ભીંસીને કહ્યું.

'હા મહારાજ, મારા આ કૂતરાએ એનું કર્તવ્યપાલન કરી લીધું. તમારો સ્વાર્થ સરી ગયો, પણ રાજાએ એને કેવી ભવ્ય અંતિમ વિદાય આપી. એ જોઈને હજી બીજાં ઘણાં યુવાન, ઉત્સાહી કૂતરા તમારી સેવા કરવા, તમારા પર પ્રાણ પાથરી દેવા માટે આવશે. માતૃભૂમિ અને જાતિનું ગૌરવ જેવા ઠાલા શબ્દો સાંભળીને મરવા માટે તૈયાર થઈ જશે. મારા પુત્રનું કામ પૂરું થઈ ગયું. હવે હું એને એની મા પાસે લઈ જાઉં છું...' મારા મનમાં લાગણીઓનો ચરુ ઊકળી પડ્યો, પણ મેં એને હોઠ સુધી પહોંચવા દીધી નહીં.

અતિકાયા પાસે જઈને મેં એને ઉપાડવાનો પ્રયાસ કર્યો, પણ મારા ઘરડા દુર્બળ દેહમાં એટલી શક્તિ નહોતી. છેવટે બે સૈનિકોની સહાયથી મેં અતિકાયાને ચિતા પરથી ઉપાડીને એક ઠેલણગાડીમાં મૂક્યો અને પછી હાથની નસો તણાઈ જાય એટલું જોર કરીને એને આગળ ધકેલતો હું ઘેર જવા નીકળ્યો. એની મા વાટ જોતી હતી.

મહેલના મુખ્ય દ્વારમાંથી હું બહાર નીકળ્યો ત્યારે પાછળ મેં સ્ત્રીઓનું વધુ મોટું આક્રંદ સાંભળ્યું. રાવણે એના પુત્રની ચિતાને અગ્નિદાહ આપ્યો હશે. મારા દીકરાની સાથે હું રાજમાર્ગ પર પહોંચ્યો, ત્યાં સુધીમાં તો અસુર યુવરાજનો દેહ બળીને રાખ પણ થઈ ગયો હશે. એનો મિત્ર, સાથીદાર, સેવક અને સાવકો ભાઈ વિસરાઈ ગયેલો, કારણ કે હવે એ માત્ર એક ગરીબ

અસુરનો પુત્ર હતો. ધોમધખતા તાપમાં મારા દીકરાના શબને લઈને હું એકલો અટૂલો આગળ ચાલતો રહ્યો. કોઈ અડોસીપડોસી, ઓળખીતા-પારખીતા મારી સાથે નહોતા. એ બધા યુવરાજના અંતિમ સંસ્કાર માણવા ગયેલા.

અમે ઘેર પહોંચ્યા અને મૃત પુત્રને વળગીને એની માતાએ છાતીફાટ રુદન કર્યું, ત્યારે પણ એને શાંત પાડવા માટે કોઈ નહોતું. મેં પણ એને રડવા દીધી. મારે હજી બીજાં ઘણાં કામ કરવાનાં હતાં. સૂર્યાસ્ત થવાને હવે ઝાઝી વાર નહોતી. સૂર્ય ડૂબે એ પહેલાં મારા પુત્રનો અગ્નિસંસ્કાર કરવાનો હતો.

અતિકાયાને શોભે એવી સરખી ચિતા બનાવવા માટે મેં લાકડાંની શોધ આરંભી, પણ અમારાં ઘર કે આંગણામાં એવું કંઈ મળ્યું નહીં. અમારે ત્યાં છેલ્લા કેટલાય દિવસોથી ચૂલો જ નહોતો સળગ્યો. ક્યાંથી સળગે, એના પર રાંધવા માટે ચઢાવી શકાય એટલું અનાજ અમારી પાસે ક્યાં હતું?

કોઈવાર કોઈ સસલાં, ખિસકોલી કે ઉંદરડાંનો દિવસ ફર્યો હોય તો, આવીને મારા છટકામાં સપડાઈ જતાં અને અમારા ભોજનની વ્યવસ્થા થઈ જતી, નહીં તો પછી લાંઘણ. આવામાં અમે ઈંધણ-બળતણ એકઠાં કરવાની મહેનત ક્યાંથી કરી હોય!

પરંતુ આજે મારા દીકરાની ચિતા માટે લાકડાંની જરૂર પડી હતી. ક્યાંક દૂર થઈ રહેલો મેઘનાદનો જયજયકાર મારા કાને પહોંચ્યો. ક્રોધ અને ઘૃણાથી મારું અંગેઅંગ તપી ગયું. એક ખૂણે પડેલી કુહાડી મેં ઉપાડી અને સામે રાવણ ઊભેલો એવી કલ્પના કરીને મેં મારા ઝૂંપડાને ટેકો આપનારા મુખ્ય થાંભલા પર, દાંત કચકચાવીને ઘા કર્યો.

અને પછી મારા હાથે અટકવાનું નામ ન લીધું. સામે દેખાયા એટલાં લોકોનાં માથાં હું વાઢતો ગયો. રાવણ, વિભીષણ, કુંભકર્ણ, પ્રહસ્ત, રામ, લક્ષ્મણ, સીતા, મંદોદરી, જાંબુમાલિ, વિદ્યુતજિહ્વા, કુબેર, વરુણ... કુહાડી મારીમારીને હું બધાંના ટુકડેટુકડા કરતો રહ્યો.

મારી પત્ની રડવાનું છોડીને મારી પાસે દોડી આવી. એણે ચીસો પાડી કે હું મારું ઘર ભાંગી રહ્યો હતો, હું ગાંડો થઈ ગયેલો... પણ મેં સાંભળ્યું નહીં. છેવટે ધડાકાભેર મારું આખુંયે ઝૂંપડું ભાંગીને ભોંયભેગું થઈ ગયું. દોડીને હું પેલી ઠેલણગાડી લઈ આવ્યો, જેના પર મારો લાડકવાયો દીકરો સૂતો હતો. આ વખતે એને ઉપાડવાનો ઠાલો પ્રયાસ કરવાને બદલે ઠેલણગાડીને સીધી કાટમાળના ઢગલામાં ધકેલી દીધી. અતિકાયાનો મૃતદેહ ગાડીમાંથી બહાર ઊથલી પડ્યો.

હું પડોસીને ત્યાં દોડ્યો. એણે એના પૂજાખંડમાં અખંડ દીપ રાખ્યો હતો. ઘરમાં કોઈ નહોતું. મેં ધક્કો મારીને બારણું ખોલી નાખ્યું. એક ખૂણામાં દીવો ટમટમતો હતો. ત્યાં જઈને મેં મારી ધોતી ઉતારી અને એક છેડો તેલમાં બોળીને દીવાની વાટ પર ધર્યો. સૂતરાઉ કાપડને આગ પકડતાં વાર ન લાગી. સળગતું ધોતિયું હાથમાં લઈને હું પાછો બહાર દોડ્યો.

મારી પત્ની ઝૂંપડાના કાટમાળમાંથી પોતાની રહીસહી કંગાળ ઘરવખરી શોધવા માટે ફાંફાં મારી રહી હતી. એને બાજુએ ધકેલીને મેં ત્યાં બળતાં કપડાંનો ઘા કર્યો. એકાદ ક્ષણ લાગ્યું કે આગ ઠરી ગયેલી, પણ પછી જ્વાળાઓ ભડભડી ઊઠી. આટલાં વર્ષોમાં મેં જે પણ એકઠું કર્યું હતું એ બધું મારા પુત્રની સાથે બળીને રાખ થતું હું જોઈ રહ્યો.

ધરતી અને ગગનને ધ્રુજાવે એવા અવાજે મંત્રોચ્ચાર કરવાવાળું અમારે ત્યાં કોઈ નહોતું. પણ અગ્નિ અને તેની ક્ષુધા બધે સરખાં હતાં. મહેલમાં ચંદનની ચિતા પર મેઘનાદ, અહીં ભાંગેલા ઝૂંપડાના ઢગલા પર અતિકાયા, આખરે તો બંને બળીને રાખ જ થઈ ગયા.


છેલ્લી જ્વાળા હજી શમે, ત્યાં આકાશ ફાટ્યું અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. થોડી જ વારમાં મારા પુત્ર અને મારા ઘરના છેલ્લા અંશ પાણીની સાથે દૂરદૂર વહી ગયા. એક તરફ સુધબુધ ગુમાવીને પડેલી મારી પત્ની હજી એના સ્થાનેથી હલી નહોતી.

મને હવે ભૂખ લાગેલી. આસપાસ તો મોઢામાં નાખી શકાય એવું કંઈ નહોતું. પણ પછી યાદ આવ્યું કે સારા-નરસા પ્રસંગે રાજમહેલના દરવાજે, ગરીબગુરબાંને ભોજન કરાવવાની પ્રથા હતી. યુવરાજની પાછળ તો કદાચ મિષ્ટાન્ન પકવાન પીરસાતાં હશે.

શરીર પરથી પાણી ખંખેરતો હું ઊભો થઈ ગયો. થોડી ઝડપ કરું તો કદાચ બચ્ચુંકૂચ્યું થોડું મળી જાય. ભાગ્ય ઊજળું હોય તો પત્ની માટે પણ એકાદ પડિયો ભરીને પાછો લાવી શકાય. અને હા, કદાચ કોઈ દયાળુ મદિરાની એકાદી પ્યાલીયે પીવડાવી દે. મેં મહેલની દિશામાં પગ ઉપાડ્યા.

o

શું રાજા તરીકે હું નિષ્ફળ ગયો?



રાવણ

શત્રુ હવે સાવ પાસે આવી ગયેલો. અંત સામે દેખાતો હતો, પણ હજી મારું મન એ સ્વીકારી નહોતું શકતું. ગઈકાલે મેં મારા પુત્રની ચિતાને અગ્નિદાહ આપ્યો. હવે જીવનમાં બીજું કશું નહોતું બચ્યું. બસ, રામ સાથેનું યુદ્ધ એના અંતિમ છેડા સુધી પહોંચવાનું હતું. અંતે કાં એ રહેશે કાં હું!

પણ હવે હું કોના માટે લડતો હતો? મારું સામ્રાજ્ય નામશેષ થઈ ગયેલું, મારો પુત્ર મૃત્યુને શરણ થયેલો, મારી રાણીના ચારિત્ર્યને કાદવમાં ખરડી નખાયેલું. હવે બાકી શું રહ્યું હતું?

મેં બહુ પ્રેમથી કાળજીપૂર્વક બંધાવેલું આ નગર, વર્ષો પહેલાં દેવોને લૂંટીને ભેગી કરેલી સંપત્તિ, મારી પુત્રી જે શત્રુની પત્ની હતી... વધુ ને વધુ હું ગુમાવી રહ્યો હતો. પરંતુ એની સાથે જે બાકી રહેલું એને વળગી રહેવાની લાલસા પણ વધુ ને વધુ પ્રબળ થતી જતી હતી.

રામ તો ઉત્તર ભારતના એક નાનકડા, તુચ્છ ગણાય એવા રજવાડાનો અપરિપક્વ રાજકુમાર હતો. મેઘનાદથી માંડ બે-પાંચ વરસ મોટો હશે. એની સામે હું સમર્થ, શક્તિશાળી સમ્રાટ હતો. ભારત આખામાં મારા જેવો સમર્થ શાસક બીજે ક્યાંય પાક્યો નહોતો. તોયે હું અને મારું સામ્રાજ્ય કેમ પડી ભાંગ્યા?

બાલીના મૃત્યુથી સંજોગો પલટાઈ ગયા કે પછી વિભીષણના વિશ્વાસઘાતથી? મેં મારું સંતુલન દીર્ઘદૃષ્ટિ ક્યારે ગુમાવી દીધાં? આર્થિક સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક બધી બાબતોમાં અસુરો દેવોથી ચઢિયાતા હોવા છતાં હારી જતા હતા. ઇતિહાસ એનો સાક્ષી હતો. કદાચ એનું મુખ્ય કારણ, અમારી અંદરોઅંદરનાં ક્લેશ, નાનીમોટી લડાઈઓ હતાં.

હું મારા લોકોને બરાબર જાણતો હતો, એટલે જ તો મેં લોખંડી હાથે શાસન કર્યું હતું. મહત્ત્વનાં સ્થાનો પર મેં મારા વિશ્વાસુ લોકોને બેસાડેલા, અને જેમની દાનત પર જરા સરખોયે સંદેહ હતો એમના પર બરાબર ધ્યાન રાખેલું. પરંતુ છેવટે તો મારી બધી માન્યતા, ગણતરીઓ ઊંધી પુરવાર થઈ.

પ્રહસ્ત, કુંભકર્ણ, રુદ્રક.... આ બધા પર મેં ચાંપતી નજર રાખેલી. એમના હાથમાં વધુ પડતી સત્તા ન આવી જાય એની કાળજી રાખેલી. પરંતુ છેવટે દ્રોહ અને છળકપટ તો એ લોકોએ કર્યા, જેમના પર મેં વિશ્વાસ રાખેલો. પવિત્રતા અને સાધુત્વનો ઢોંગ કરનારો વિભીષણ, રાજ્યના આર્થિક કારભારની ચિંતા કરતો જાંબુમાલિ, રાજા અને રાષ્ટ્ર માટે મરી ફીટવાની વાતો કરતી લંકિની... આ બધાં મને છેતરી ગયાં. મેં મારા બનેવી વિદ્યુતજિહ્વાને મારી નાખ્યો, પણ ધારી લીધું કે વરુણ જેવા ચાંચિયાને, સાત સમુદ્રનો સેનાપતિ, અસુર નૌકાદળનો આગેવાન જેવાં નામ-સન્માન આપીને ખરીદી લેવાશે. શું સારા-નરસા માણસોની મને પરખ જ

નહોતી?

પણ જવા દો આ બધો કકળાટ! મને એક તક મળી એનો બરાબર ઉપયોગ કરીને મેં એક મહાન સામ્રાજ્ય ઊભું કરેલું. હવે સમયની સાથે બધું બદલાઈ ગયેલું. પણ મને કોઈ પસ્તાવો નહોતો, હું ભરપૂર જીવેલો.

તનમનમાં હતી એટલી બધીયે શક્તિ એકઠી કરીને એક અંતિમ પ્રયાસ કરવાનો સમય આવી ગયેલો. પરાજયની શક્યતા હતી. પરંતુ મારા લોકોને એટલું તો આપતો જાઉં, મારી ભવ્ય નિષ્ફળતા!

જેને હુ મારી પ્રજા ગણતો હતો એમણે મારી સાથે વિશ્વાસઘાત નહોતો કર્યો. પરંતુ એમણે મને આપેલા ભરપૂર પ્રેમની સામે મેં શું આપેલું? મારા અસુરો માટે એક સમર્થ રાષ્ટ્ર ઊભું કર્યાનો, એમને સ્વાતંત્ર્ય અને ગરિમાભર્યું જીવન આપ્યાનો મને ગર્વ હતો. કદાચ હું થાપ ખાઈ ગયેલો. હું સરમુખત્યાર હતો. ભલે થોડો સ્નેહાળ અને ઉદાર, પણ હું મહાબલિ તો નહોતો જ.

મેં મારાં આંખકાન ખુલ્લાં નહોતાં રાખ્યાં. પ્રજાનું દુઃખ મને દેખાતું બંધ થઈ ગયેલું. મોટાં નગરો, ભવ્ય મંદિરો, વિશાળ રાજમાર્ગો, મોટાં વહાણો અને મોટી બંદરગાહો, વિસ્તૃત વ્યાપાર, વિશ્વના ખૂણેખૂણે મારી નામના પહોંચાડવાની તૃષ્ણા, મારા રાજ્યને ધરતી પરનું સૌથી સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવાની ઝંખના... આ મોટીમોટી વાતો, મોટાંમોટાં સપનાંમાં રાચતો હું નાની, સરળ બાબતો વિસારે પાડી બેઠો. હું મારા લોકોને ભૂલી ગયો. હું માની બેઠો કે મોટાં ઝળહળતાં નગરો, રાષ્ટ્રના વિકાસનું પ્રતીક હતા. પણ મેં એ જોયું નહીં કે સામાન્ય લોકોને માથે સરખું છાપરુંયે નહોતું. મોટાભાગના પ્રજાજનોને બે ટંક ખાવાનાંયે ફાંફાં હતાં.

આ બાબત પ્રત્યે પ્રહસ્તે ઘણીવાર મારું ધ્યાન દોરેલું, પણ મેં એને ઝાઝું મહત્ત્વ નહોતું આપ્યું. મને ખાતરી હતી કે, પ્રગતિ અને એની સાથે આવતી સમૃદ્ધિનો લાભ સમાજના સૌથી તળિયે રહેલા લોકો સુધી પહોંચશે. મારા રાજ્યમાં લોકોને નિર્ભયપણે પોતાના વિચારો દર્શાવવાની, શેરીઓમાં વિરોધપ્રદર્શનો કરવાની સ્વતંત્રતા હતી. હું રાજા હતો, પરંતુ નાનાં ગામોમાં લોકોએ ચૂંટેલી પંચાયત પાસે ખાસ્સી સત્તા હતી. બીજા શાસકોની જેમ હું પ્રજા પર અત્યાચાર નહોતો કરતો. કદાચ બીજું કંઈ નહીં પણ આ સ્વાતંયના કારણે ગરીબો મારી પડખે ઊભા રહ્યા હતા. મારા શાસનમાં હજીયે એમણે ઊજળા ભાવિની આશા છોડી નહોતી. પરંતુ મેં જેમને પંપાળેલા, મહત્ત્વના ગણેલા એ શ્રીમંતો, વગદારો અને મધ્યમવર્ગીઓ કાં શત્રુને પક્ષે જઈને બેસી ગયેલા, કાં હજી વાડ પર બેસીને રાહ જોતા હતા કે, જે જીતે એના ભણી કૂદકો મારી દેવો.

આજે વિજય-પરાજયનો નિર્ણય લેવાઈ જશે. સંસારની કોઈ અદૃશ્ય, અજાણ શક્તિ, બધાંયનું ભવિષ્ય પહેલેથી નક્કી કરી રાખતી હશે? એવું હોય તો નક્કી એને મારી સાથે કોઈ વેર હતું. મને તો હજીયે નહોતું સમજાતું કે મેં ખોટું શું કરેલું?

હા, મેં માણસોને ઓળખવામાં ભૂલ કરેલી. પણ એની કંઈ આવડી મોટી સજા મળે? જોકે આજે હવે મને સમજાઈ રહ્યું છે કે, સૃષ્ટિમાં મનુષ્ય તો માત્ર પવનમાં ઊડતા તણખલા જેવા હોય છે. ધારેલું કશું નથી થતું.

યુદ્ધમાં મારો વિજય થયો તો આ બધાં શ્રીમંતો, મધ્યમવર્ગી લોકો મારી પાસે દોડતાં આવશે. પણ મેં હવે એમને પારખી લીધેલા. હવે હું ગરીબોના ભોગે એમને ઘર નહીં ભરવા દઉં... આવા વિચારો આવ્યા. પછી તરત મને હસવું આવી ગયું. આ બધું નકામું ડહાપણ અને ક્યારેય પૂરું ન થાય એવું શમણું હતું. સત્તા ગુમાવીને માણસ ડાહ્યો થાય, અને પાછી મેળવીને

પાછો હતો એવો ને એવો થઈ જાય. સત્તા મેળવવા માટે આદર્શો, સિદ્ધાંતો માત્ર આરંભમાં વાપરી લેવાય. પણ પછી એ ઊંડે ઊંડે દાટી દેવાનાં. આ સમજી લેવામાં જ શાણપણ હતું. રામ જીતે કે રાવણ, વિશ્વમાં કશું જ નહોતું બદલવાનું. જેમ ચાલતું આવેલું એમ જ ભવિષ્યમાં ચાલતું રહેવાનું હતું. ગરીબ અને શોષિત સદાકાળ એવા જ રહેવાના હતા. નવાં સંશોધનો થશે, નવા સિદ્ધાંતોનો જન્મ થશે. જૂની જગ્યાએ નવી નીતિમત્તા અને નિયમો આવશે. નવા ધર્મ અને નવા સંતો અવતરશે, પરંતુ અંતે બધું એમનું એમ રહેશે. જાતને દોષ આપવાથી, અપરાધભાવ અનુભવવાથી કોઈ અર્થ નહોતો સરવાનો. મારાથી થયું એટલું કર્યું. કદાચ વધુ સારું કરી શક્યો હોત, પણ આવું તો બધાં કહેશે.

યુદ્ધમાં જીતનાર બધું લઈ જાય. પ્રતિષ્ઠા, સંપત્તિ, સત્તા અને હા, એણે જે કહ્યું હોય એ જ સનાતન સત્ય ગણાઈ જાય. કવિઓ વિજેતાની પ્રશંસાનાં ગીતો ગાશે. એની સાથે સંકળાયેલી કથાઓ સમયની સાથે-સાથે મોટું રૂપ ધારણ કરતી જશે. જેનો વિજય થાય એ સદ્ગુણોનો ભંડાર અને માનવશ્રેષ્ઠ ગણાઈ જાય. સામાન્ય માણસની જેમ એ પણ ભલે સારાની સાથે સાથે નઠારાં કાર્યો કરે, પરંતુ લોકો તો એક જ બાજુ જોશે, એનાં માત્ર સારાં કાર્યોને અતિશયોક્તિ સાથે યાદ રાખશે.

એવુંયે કદાચ બને કે વિજેતાએ કરેલાં અમુક કામ કદાચ તત્કાલીન સમાજના માળખામાં ગોઠવી ન શકાય, પણ તો પછી એને ભગવાન બનાવી દેવાનો! ભગવાનના કામનાં લેખાંજોખાં કોણ તપાસી શકે?

આવી રીતે મારા દેશે અનેક ભગવાનોને પેદા કરેલા. યેનકેન પ્રકારે વિજયી નીવડનાર વ્યક્તિને ઈશ્વર કે અવતારનું નામ આપી દેવાયેલું અને પરાજિત તો અનંતકાળ માટે ખલનાયક!


પરંતુ વિચિત્રતા એ હતી કે, આ બધા વિચારોએ મને સ્પર્શવાનું અને કનડવાનું બંધ કરી દીધેલું. આ વિશાળ સૃષ્ટિમાં હું તો માત્ર નાનું બિન્દુ હતો, પરંતુ આ જ્ઞાને તો મને વધુ સ્વકેન્દ્રી બનાવી દીધો. હું કંઈપણ કરું એનાથી મારા સિવાય બીજા કોઈને ફેર નહોતો પડવાનો, તો પછી મારે મારા સિવાય બીજા કોઈનો વિચાર પણ શું કામ કરવો જોઈએ? મારા મૃત્યુની સાથે મારા વિશ્વનો અંત આવી જશે. મારી પાછળ રહી ગયેલાનું શું થશે એની ચિંતા મારે નહોતી કરવાની.

હું એ પણ જાણતો હતો કે મૃત્યુ એ મારા અસ્તિત્વનું પૂર્ણવિરામ હતું. એની આગળ કંઈ નહોતું. આત્મા, સ્વર્ગ, નર્ક, મોક્ષ, ઈશ્વર... કશું જ નહીં! મૃત્યુ પછીનું કોઈ જીવન કે વિશ્વ મારી રાહ નહોતું જોવાનું. મરતાંની સાથે હું માટીમાં માટી, પાણીમાં પાણી, અગ્નિમાં અગ્નિ, વાયુમાં વાયુ બનીને ભળી જઈશ. ત્યાં જ અંત આવી જશે. તોયે તક મળે તો મારે પાછા આ ધરતી પર આવવું હતું. કોણ આવું ન ઇચ્છે?

મેં ઉદ્યાન ભણી પગ ઉપાડ્યા. ત્યાં મારી જિદ્દી પુત્રી રિસામણે બેઠી હતી. મારે એકવાર એને જોઈ લેવી હતી. પછી સમય મળે તો થોડી ક્ષણો મંદોદરી સાથે ગાળવી હતી. હા, એ પછી હું યુદ્ધભૂમિ પર રામની સામે જઈને ઊભો રહીશ.

o

જા, તને મૃત્યુ મળે!



ભદ્ર

આગલી રાતે હું મહેલના દરવાજે પહોંચ્યો ત્યાં સુધીમાં ભોજન પતી ગયેલું. બધા જાણતા હતા કે રાજાએ ગરીબો માટે જેટલું ધાન્ય બાજુએ રાખવાનો આદેશ આપેલો, એમાંથી માંડ અડધું જ એમને પહોંચતું હતું. ખેડૂતો, વેપારીઓ, પ્રશાસનમાં બેસતા નાના-મોટા અધિકારીઓ તમામ ભ્રષ્ટાચારમાં સામેલ હતા.

ધાન્યના વેપારમાં જેણે પણ હાથ નાખ્યો એને લીલાલહેર થઈ ગયેલી. ખેડૂતો પોતાને ત્યાં પાકતા અનાજની ગુણવત્તા અને વજનની બાબતમાં છેતરપિંડી કરતા હતા. એને ત્યાં કામ કરનારા મજૂરો તક મળે ત્યારે ખેડૂતને છેતરી લેતા. પ્રશાસનમાં હોદ્દા સંભાળનારા તો કેટલું અનાજ આવ્યું, કેટલું ક્યાં ગયું, કેટલી કિંમત ચૂકવી, કેટલા ગરીબોને વિનામૂલ્યે અપાયું, આ બધીયે વાતમાં આડુંઅવળું કરતા હતા. ટૂંકમાં, કોઈ કોઈની સામે ફરિયાદ કરવાની સ્થિતિમાં નહોતું.

પરિસ્થિતિ એટલી હદે વણસી ગયેલી કે ભ્રષ્ટાચાર, સામાન્ય પ્રજામાં ચિંતા કે રોષને બદલે મજાકનો વિષય બની ગયેલો. બધા કહેતાં હતા કે સમાજવ્યવસ્થામાં સડો પેઠો છે અને વાંક કાઢવો જ હોય તો રાજકારણીઓને લક્ષ્ય બનાવતા. રાજકારણીઓને ગાળો આપવી એ અસુરો માટે મનોરંજનનો વિષય અને સમય પસાર કરવાની એક પ્રવૃત્તિ હતી.

આ બધું હું જાણતો હતો. એટલે એ રાતે મને કંઈ ખાવાનું ન મળ્યું, ત્યારે ખાસ આશ્ચર્ય ન થયું. ગરીબોને મફત અનાજની લહાણી કરવા બેઠેલા માણસે મને બહુ મોટી ગાળો આપવાને બદલે 'ચાલ, ભાગ અહીંથી' કહીને દરવાજા વાસી દીધા. એ પણ મારા માટે રાહતની વાત હતી. દાન-પુણ્ય પર જીવનારે આવા અપમાનોથી ટેવાઈ જવું પડે. શરૂઆતમાં આમ હાથ લાંબો કરતાં મારું આત્મસન્માન ઘવાતું, પણ સન્માન કે ગર્વ ખાઈને પેટ ન ભરી શકાય. મહેલની પાસે જ આવેલા મારા પ્રિય વટવૃક્ષ નીચે જઈને હું બેસી ગયો. બીજે દિવસે સવારના પહોરમાં, કતારને મોખરે જઈને ઊભો રહી જાઉં, તો એક ટંક ભોજનની વ્યવસ્થા થઈ જાય એવી આશા હતી.

હવે આ લડાઈ ઝટ પતે તો સારું, મેં વિચાર્યું. આરંભમાં તો લાગેલું કે અમે કોઈ મહાન હેતુ માટે લડી રહ્યા હતા. યુદ્ધમાં આત્મસમર્પણ કરનારાઓના જયજયકારમાં હુંયે સામેલ થતો હતો. મારો પુત્ર સાજોસારો રહે ત્યાં સુધી મને યુદ્ધ સામે કોઈ વાંધો નહોતો. તર્કહીન કહેવાય એવી આશા રાખીને બેઠેલો કે ઈશ્વર મારા પુત્રને આંચ નહીં આવવા દે. ભગવાન પણ જાણતા હતા ને કે મેં કેટકેટલાં દુઃખ સહન કરેલાં, અને મહેનત કરીને જે થોડુંઘણું કમાતો હતો એમાંથી મેં મંદિરની દાનપેટીઓમાં કેટલું બધું પધરાવેલું!

ટૂંકમાં, મેં મારાથી બને એટલી લાંચ ભગવાનને આપી હતી, પણ અંતે તો એ અમારા ભગવાન હતા. એ મારા જેવા જ! એમનાં ચરણે ધરાતી બધીયે ભેટસોગાદો અને લાંચ સ્વીકારી લીધા પછીયે એ અમારી પ્રાર્થનાનો જવાબ આપશે કે નહીં એની ખાતરી નહોતી.

બધે આવું હતું. જીવન આખું લાંચની લેતીદેતીમાં જતું હતું. ભગવાનને, ભગવાનના બની બેઠેલા પ્રતિનિધિઓને, શાસકીય પ્રશાસકીય અધિકારીઓને, રાજાને, કુટુંબને, મિત્રોને, કોઈને પણ લાંચ આપ્યા વિના છૂટકો નહોતો. જન્મથી મરણ સુધી અમારી સંસ્કૃતિએ અમને બસ આ જ શીખવાડ્યું હતું. લાંચ આપો, લાંચ લ્યો. લાંચને રોજિંદા જીવનના એક ભાગ તરીકે હસતે મોઢે સ્વીકારી લ્યો. અતિકાયાનો ચહેરો મારી નજર સામેથી નહોતો ખસતો.

આવા ને આવા વિચારોમાં અભાનપણે મારાથી ઊંહકારો ભરાઈ ગયો હશે, કારણકે અચાનક મારી સામે આવીને કોઈ ઊભું રહ્યું. ઝાંખી નજરે મને તો માત્ર એક કાળા ઓળાનાં દર્શન થયાં અને ફફડી ગયો. એણે એની વાંકી, ખરબચડી આંગળી મારા નાક નીચે મૂકી. મેં શ્વાસ અટકાવી દીધો. મારા કપાળે ભીની હથેળીનો સ્પર્શ થયો અને પછી સામે ઊભેલા માણસે સાદ પાડ્યો. બે સૈનિકો દોડતા આવ્યા.

આ લોકો મને પકડીને કારાવાસમાં નાખી દેશે? પણ મેં કયો અપરાધ કરેલો? યાદ કરવામાં મેં ફાંફાં માર્યાં.

'આ માણસ મરવા પડ્યો છે. તાપથી એનું શરીર ધગધગે છે.' લાંબી સફેદ દાઢી અને કરચલીઓવાળો ચહેરો ધરાવતો માણસ મારા પર ઝૂકીને બોલ્યો.

મારી બીક ઓછી થઈ. આ તો પેલો મય હતો, અડધો ગાંડો વૈજ્ઞાનિક! 'આને કિલ્લાની અંદર લઈ જાવ.' એણે સૈનિકોને કહ્યું.

'પણ મહોદય, આ તો વધુ પડતી મદિરા પીને પડ્યો છે. એને આપણે...?' સૈનિકના અવાજમાં ઉપહાસ હતો.

'એને લઈ જાવ અંદર... બાપડો મૃત્યુના દરવાજે ઊભો છે.... એને વૈદની જરૂર છે.... દિવસોથી ભૂખ્યો લાગે છે... આ યુદ્ધ.... લોકો કેમ એકબીજાને મારવા તૈયાર થઈ ગયા છે... શનિની ગતિ વધી છે.... મંગળનું જોર પણ વધ્યું છે....માણસના ભાગ્ય પર એ બધા ગ્રહોનો પ્રભાવ પડતો હશે?... અવકાશમાં આપણે તો એક નાનો અમસ્તો અંશ છીએ...' આવો કોઈ બબડાટ કરતો મય જતો રહ્યો.

સૈનિકો અવઢવમાં હશે. મને સ્પર્શવાનીયે એમની ઇચ્છા નહીં હોય, પણ રાજાના શ્વસુર અને મંત્રીનો આદેશ ઉથાપાય પણ કેવી રીતે? હું હવે સાનભાન ગુમાવી રહ્યો હતો. સૈનિકો છેવટે મને અડધો ઉપાડીને, અડધો ઢસડીને કિલ્લાના દરવાજા પાસે લઈ ગયા. પણ ત્યાં ઊભેલા વરિષ્ઠ સંત્રીએ મને અંદર લઈ જવાની સ્પષ્ટ ના પાડી દીધી. સૈનિકો મને ત્યાં જ નાખીને જતા રહ્યા. મારામાં તો હવે માથું ઊંચકવા જેટલીયે શક્તિ નહોતી બચી. મચ્છર અને બીજા અનેક જીવજંતુઓનું ભોજન બનતો, હું ત્યાં પડી રહ્યો.

કોણ જાણે આમ ને આમ કેટલો સમય વીતી ગયો. મારા કાને પાછો મયનો અવાજ પડ્યો, 'સારું કર્યું, એને લઈ આવ્યા. હવે એને મારા ઘરની પરસાળમાં લઈ જાવ.' આમ કહીને એણે ચાલતી પકડી.

મયની પીઠ પાછળ ધૂંધવાયેલા સંત્રીએ મયને, મને, મંત્રીઓને, એની નોકરીને, આખાયે જગતને ગાળો ભાંડી. પણ આદેશનું પાલન કર્યા વિના છૂટકો નહોતો. પાછા બે જણે મને ઉપાડ્યો અને મયના ઘરની શીતળ, સ્વચ્છ પરસાળમાં લાવીને પટકી દીધો.

થોડીવાર પછી મય એના એક સહાયક સાથે બહાર આવ્યો. એમણે મારું નાક દબાવીને, મોઢું ખોલીને કોઈ ભયંકર કડવી ઔષધિ અંદર રેડી દીધી. મને લાગ્યું કે ઝેર પાઈને મારું કાટલું કાઢી નાખવાની એ પેરવી હતી. મેં વિરોધનો પ્રયાસ કર્યો, પણ બે જણે મને પકડી રાખ્યો. ઔષધિ ગળા નીચે ઊતરી ગઈ અને હું મૂર્છાવસ્થામાં સરી પડ્યો.

આંખો ખૂલી ત્યારે માથું ફાટફાટ થતું હતું. આંખો પર હજીયે ભાર વર્તાતો હતો, પરંતુ આગલા દિવસની તુલનાએ હવે થોડું સારું લાગતું હતું. પેલા મયને કદાચ થોડું ઘણું વૈદકીય જ્ઞાન હશે. જેમતેમ હું ઊભો થયો. નજીકમાં જ એક પાત્રમાં થોડું ભોજન અને છાશ ભરેલો પ્યાલો હતાં. અકરાંતિયાની જેમ હું તૂટી પડ્યો.

દેહમાં થોડી શક્તિ પાછી ફરી. મને હવે ઝટ ઘેર જવું હતું, પણ મૃત્યુના મુખમાંથી મને પાછો લાવનાર વ્યક્તિનો આભાર માનવો જોઈને! મેં આસપાસ નજર નાખી. કોઈ દેખાયું નહીં. ઘરના મોટા, ભવ્ય બારણાં બંધ હતાં. ત્યાં ટકોરા મારવાની હિંમત મારામાં નહોતી. એ મોટો માણસ હતો. કદાચ મને ભૂલીયે ગયો હશે. ચૂપચાપ ત્યાંથી નીકળી જવામાં જ ડહાપણ હતું.

પણ પછી મેં દૂર રાવણને જોયો. ઉદ્યાન ભણી ઉતાવળે પગલે જઈ રહેલા રાવણ સાથે કોઈ સેવક કે સૈનિક નહોતા. હવે એ શું કરવાનો હશે, આવું કુતૂહલ મારા મનમાં જાગ્યું. લપાતો-છુપાતો હું ઉદ્યાનમાં એની પાછળ ગયો. ધાર્યા પ્રમાણે એ અશોકવૃક્ષ પાસે જઈને ઊભો રહ્યો. હું નજીકમાં ચમેલીના માંડવાની પાછળ સંતાઈ ગયો.

સીતા પર નજર પડતાંની સાથે મને આછી કંપારી આવી ગઈ. આ એ જ નાની બાળકી હતી, જેની હત્યા કરવાની જવાબદારી વર્ષો પહેલાં મને સોંપાઈ હતી. હજી ગઈકાલે જ એ ઘટના બની હોય એટલું સ્પષ્ટ સ્મરણ મને હતું.

પિતા-પુત્રી એકમેકને આગ-ઝરતી આંખે જોઈ રહ્યાં. સીતાએ રાવણનું શમણું રોળી નાખેલું અને રાવણે સીતાને ખાતર આખાયે અસુર સામ્રાજ્યનું ભાવિ અંધકારમય કરી દીધેલું. ત્રણેક દાયકા પહેલાં એ મારા હાથમાં હતી. ત્યારે જ મેં સીતાને ગળે ટૂંપો દઈ દીધો હોત તો કેટલું સારું થાત!

પણ ના, ત્યારે મારી મતિ ભ્રષ્ટ થઈ ગયેલી કે મને એની દયા આવી ગઈ. રુદ્રક કે ધૂમ્રાક્ષ જેવો નિષ્ઠુર હું બની નહોતો શક્યો.

'તમે કંઈ પણ કહો, હું મારા પતિને મરતાં સુધી આટલો જ પ્રેમ કરીશ. એમાં કોઈ ઓટ નહીં આવે.' સીતા બોલી.

'રામના રક્તથી મારે મારા હાથ નથી ખરડવા. શૂર્પણખાના પતિને માર્યાનું કલંક હજુ મારા માથેથી નથી ભૂંસાયું, પણ તું મને એટલું કહે કે, તારે શું કામ એની ગુલામ બનીને જીવવું છે? દેવપુરુષો એમની સ્ત્રીઓને, આંગણે બાંધેલા ઢોરની જેમ રાખે છે.' રાવણે કહ્યું.

સીતા ઊકળી પડી. 'દેવોના સંસ્કાર અને સંસ્કૃતિ વિશે તમે શું જાણો? અમારે ત્યાં સ્ત્રીઓ દેવીની જેમ પૂજાય છે. અમારી સ્ત્રીઓ તમારા જેવી લજ્જાહીન કે હલકાં ચારિત્ર્યવાળી નથી. તમારા સમાજમાં નારીઓ છડેચોક ખુલ્લા માથે ફરે છે, પુરુષો સાથે હળેભળે છે, એમની સાથે સુરા પીને નાચ-ગાન કરે છે. લગ્નસંસ્થાનું તો અહીં કોઈ મૂલ્ય જ નથી. અસુરસ્ત્રીઓ એમના પિતાની આજ્ઞાંકિત, સુશીલ પુત્રી બનીને રહેવાને બદલે, ઇચ્છા પડે એવા પુરુષ સાથે જતી રહે છે અને પોતાની જાતને બહુ બુદ્ધિશાળી માને છે. પુરુષો પણ અહીં સ્ત્રીઓ જેવા જ છે. સતત ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહે છે.'

શ્વાસ ખાવા માટે ક્ષણાર્ધ અટકીને સીતાએ પાછી આગ ઓકવાનું શરૂ કર્યું, 'એક વાનરે

તમારી પાપની નગરીને બાળીને ભસ્મ કરી નાખી. તમારું આવડું મોટું સૈન્ય એનો વાળ સુધ્ધાં વાંકો ન કરી શક્યું. તમારે ત્યાં કેવી પ્રજા પેદા થાય છે, જોઈ લો તમારી બહેનને, રસ્તે જતા દરેક પુરુષની પાછળ ઘેલી થાય છે. આ જાડીપાડી, કાળી-કદરૂપી, તમારી ભત્રીજી ત્રિજટા... અને તમે કહો છો હું રામને છોડીને આ બધાંની સાથે રહું?'

મારું લોહી ઊકળી ગયું. થોડે દૂર ઊભેલી ત્રિજટા રડી પડી. સીતા લંકામાં આવી ત્યારથી ત્રિજટા એની સખી અને સાથીદાર બનીને રહી હતી. સીતાને ખાતર હજારો ગરીબ અસુરો મૃત્યુના ખપ્પરમાં હોમાઈ ગયેલા, અને રાવણ એનું સર્વસ્વ ગુમાવી દેવાની અણી પર હતો. મારું ચાલત તો હું એ જ ક્ષણે સીતાનું ગળું દાબી દેત.

કદાચ રાવણનું ધૈર્ય પણ ખૂટી ગયું. કેડે ભરાવેલી એની ચંદ્રહાસ તલવાર કાઢીને એણે સીતાના ગળેથી એકાદ વેંત છેટે ધરી દીધી. પરંતુ સીતાના ચહેરા પર ભયની એકાદ નાની રેખાયે ફરકી નહીં. જાણે પોતાના મૃત્યુને આહ્વાન આપતી હોય એમ તેજીલી આંખે એ રાવણને તાકી રહી.

થોડી જ વારમાં રાવણનો હાથ નમી ગયો. છેલ્લા ચાર દાયકામાં ગણ્યા ગણાય નહીં એટલા લોકોનાં માથાં તલવારના એક ઝાટકે ઉતારી લેનાર રાવણ એની પુત્રી સામે લાચાર થઈ ગયો. 'સીતા, તું મારી પુત્રી છે' આવા ગણગણાટની સાથે પેલી ચંદ્રહાસ તલવાર લંકાની લાલ માટીમાં સરી ગઈ.

સીતાએ વેરેલા હાસ્યમાં ભારોભાર ઉપાલંભ હતો. 'પુત્રી! નડતરરૂપ લાગી ત્યારે ફેંકી દીધી, એ પુત્રી? તમારી પ્રજાને ક્યારેય નહોતી જોઈતી એ પુત્રી? કેવા પિતા છો તમે...!'

મારા આશ્ચર્ય વચ્ચે રાવણે એનું માથું નમાવી દીધું. એની રાતીચોળ આંખમાંથી આંસુ ખરી પડ્યાં. વધુ કંઈ બોલ્યા વિના પીઠ ફેરવીને એણે મહેલની દિશામાં પગ ઉપાડ્યા.


'જાવ, તમને મૃત્યુ મળે! રિબાઈ-રિબાઈને તમે મરો.' સીતાએ ચીસ પાડી.

મારી આંખ સામે મેં અસુરરાજને અકાળે સાવ વૃદ્ધ થઈ જતો જોયો. પુત્રીના શાપ મુજબ ધીમું, ભયાનક, પીડાજનક મૃત્યુ એની રાહ જોતું હતું.

મારે આ કંઈ જોવું-સાંભળવું નહોતું. પિતા, પુત્રી, જમાઈ વચ્ચેની આ લોહિયાળ પારિવારિક લડાઈમાં મારે મારો ભોગ નહોતો આપવો. પણ શું કરવું, ન કરવું એનો નિર્ણય અમારા જેવા લોકોના હાથમાં નહોતો. આવો અધિકાર ક્યારેય અમને મળ્યો જ નહોતો.

o

સ્વપ્નભંગ



રાવણ

કોઈપણ પ્રકારના આવેશ કે ઉત્સાહ વિના મેં રણભૂમિ તરફ પ્રયાણ કર્યું. મંદોદરી વધુ પડતી લાગણીવશ થઈ ગયેલી. એણે તો એક જ રટણ કર્યે રાખેલું, 'રામને સીતા સોંપી ધો... શાંતિ-સુલેહ કરી લો...'

શાંતિ... આ શબ્દ કાયરો માટે હતો. પણ સ્ત્રીઓને કેમ કરીને સમજાવવું? જે રીતે મારા સૈનિકોની સામે મંદોદરીએ રોકકળ કરી, છાતી કૂટી, વાળ ખેંચ્યા, મને રોકવા માટે આજીજીઓ કરી, એનાથી મારા સંકોચનો પાર ન રહ્યો. શું રાજાની પત્ની આ રીતે વર્તે? અધૂરામાં પૂરું એણે મારા પર આળ મૂક્યું કે, 'હું મારા અહંકારને કારણે બધાંનો ભોગ આપી રહ્યો હતો.'

છેવટે ત્રાડ પાડીને મારે એને ચૂપ કરવી પડી. જોકે પછી સહેજ પસ્તાવો થયો. એ બાપડીને હજુ પણ પુત્ર ગુમાવ્યાના શોકમાંથી કળ નહોતી વળી. મારે એની સાથે આટલા કઠોર નહોતું થવું જોઈતું. પણ મેં એની સાથે હંમેશાં આવું જ વર્તન કરેલું! માત્ર મંદોદરી નહીં, મારા જીવનમાં આવેલી દરેક સ્ત્રી સાથે મેં દુર્વ્યવહાર કરેલો.

રોષના માર્યા મેં મારી વીણાના પણ ભાંગીને બે ટુકડા કરી નાખ્યા. સંગીત મારા પ્રાણ સાથે જોડાયેલું હતું. મારા ગયા પછી કોઈ વાનર મારી વીણા સાથે રમત કરે એ વિચાર પણ મારા માટે અસહ્ય હતો. જોકે મેં રચેલાં ગીતો અને રાગરાગિણીઓ ગ્રંથસ્થ હતાં. મારા ગયા પછી એ ગૂંજતા રહેશે.

બાળરોગો, ઔષધિઓ અને ખગોળશાસ્ત્ર વિશે મેં જે પણ અધ્યયન-સંશોધન કરેલાં, એની વ્યવસ્થિત નોંધ પણ મેં રાખેલી. આ બધું મેં મયને મોકલી દીધેલું. કદાચ એ ગાંડાને ઉપયોગી થશે.

મેં યુદ્ધ માટેનો વેશ ધારણ કર્યો, ત્યાં સુધીમાં મંદોદરીએ પોતાના કક્ષમાં જઈને કમાડ અંદરથી વાસી દીધેલાં. મેં સાદ પાડ્યો ત્યારે એ બહાર ન આવી. પણ પછી હું રથ પર ચઢ્યો ત્યારે એ પાછી રડતીકકળતી બહાર દોડી આવી.

મેં પાછું ફરીને જોયું પણ નહીં. મનમાં ભય હતો કે મંદોદરીની સામે જોતાંની સાથે મારો બધોયે અહમ્ અને આત્મવિશ્વાસનો દંભ ઓગળી જશે. અસુરરાજની જગ્યાએ એક સામાન્ય આધેડ, ફાંદાળો, માથે ટાલિયો થવા લાગેલો પુરુષ, એક પ્રેમાળ, દયાવાન નારીનો પતિ જ રહી જશે. મંદોદરીના એક બોલ પર હું પરવશ થઈને મારી બધીયે જીદ છોડી દેત. આવું કંઈ થાય એ પહેલાં મેં સારથિને રથ હાંકી મૂકવાનો આદેશ આપી દીધો.

મુખ્ય પ્રવેશદ્વાર ખૂલતાંની સાથે મારા સૈન્યએ દેવોની સાથે બાથ ભીડવા દોટ મૂકી. મેં જીવન વેડફી નાખેલું, ભવિષ્યને રોળી નાખેલું, આવા હતાશાભર્યા વિચારને મનમાંથી હાંકી કાઢવાનો

મેં પ્રયત્ન કર્યો. મારી પાછળ હું એક એવી નારીને છોડીને આવ્યો હતો, જેણે જીવનના સાડાત્રણ દાયકાથીયે વધુ સમય મને અને મારા તરંગી વર્તણૂકને ચૂપચાપ સહન કરી લીધેલાં. આવેશમાં આવી જઈને મેં આરંભી દીધેલા યુદ્ધમાં એણે એના પુત્રો ગુમાવી દીધેલા; જગત આખુંયે જેનાથી ફફડતું હતું, એની સામે ઊંચે સાદે પ્રશ્નો પૂછવાનું સાહસ માત્ર એનામાં હતું.

મારી આંખો ભીની થઈ ગઈ. જગતમાં મંદોદરીથી વધુ પ્રિય મારા માટે કોઈ નહોતું. મારે પ્રેમથી એની અંતિમ વિદાય લઈને નીકળવું જોઈતું હતું, પણ હવે મોડું થઈ ગયેલું. રામ મારી વાટ જોતો હતો.

મેં ચારે તરફ નજર ફેરવી. પ્રસ્વેદભીના શ્યામવર્ણ, અર્ધઉઘાડા યોદ્ધાઓનો મહેરામણ હિલોળા લેતો દેખાયો. કોણ જાણે આમાંથી કેટલા જણ આજે ઘેર પાછા ફરશે? કોના માટે એ લડતા હતા? ભોળી, ભોટ પ્રજાને ભરમાવવાનું કેટલું સહેલું હતું!

સમુદ્રકિનારે રામનું સૈન્ય ઊભું હતું. વાનરો કોના માટે પોતાનો જીવ આપવા તૈયારો થયેલા, કોઈ રાજકુંવર અને એની પત્ની માટે? વાનરમાંથી કોઈએ રામની પત્નીને જોઈ નહોતી અને અસુરો સાથે એ બાપડાને ક્યારેય કોઈ શત્રુતા નહોતી. તોયે લડવા માટે એ આવ્યા હતા અને એમાંથી પણ કેટલાય આજે પારકી ભૂમિ પર કાયમ માટે પોઢી જશે. યુદ્ધના અંતે કેટલાં વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ, અનાથ, નિરાધાર થઈ જશે!

અમને જોતાંની સાથે રામની સેનાએ ચિચિયારીઓ કરી મૂકી. અમારા સૈન્યના મોખરે ગજદળને રાખીને મેં મોટું જુગટું રમી નાખેલું. હાથી બળિયા ખરા પણ વિશ્વાસપાત્ર પ્રાણી નહોતા. ભડકીને એ ક્યારે પાછા વળીને પોતાની જ સેનાનો કચ્ચરઘાણ વાળી દે, એ કહેવાય નહીં. પરંતુ મારી પાસે બીજો કોઈ ઉપાય નહોતો.

અમારી પાસે યોદ્ધાઓની સંખ્યા ઘટી ગઈ હતી. વરુણનાં વહાણો પરથી સતત અમારા કિલ્લા પર પથ્થરોના ઘા થતા હતા. સળગતાં બાણ અને કાકડા ફેંકતા અમારા માણસોને મેં નીચી ટેકરીઓ પર ગોઠવ્યા હતા. જ્યાંથી એ પોતાનું કામ કરી શકે અને સામેવાળાનાં બાણ કે પથ્થર એમના સુધી પહોંચે નહીં. એમણે વરુણની ઘણી હોડીઓ અને તરાપા ડુબાડવામાં સફળતા મેળવી હતી.

મારા ગજદળને આવતું જોઈને વાનરસેનામાં ફેલાઈ ગયેલો ગભરાટ મેં સ્પષ્ટપણે જોઈ લીધો. હાથીઓનું દળ વાનરોને પગ તળે કચડતું આગળ વધ્યું અને ત્રણ બાજુએથી અસુર પાયદળે એમને ઘેરી લીધા.

બહુ લાંબા સમય પછી મેં રણભૂમિ પર આગેવાની લીધી હતી. પહેલાં જેટલું શૌર્ય કે બળ મારામાં રહ્યું હશે કે નહીં, એ મારા માટે ચિંતાનો વિષય હતો. પરંતુ સામે રામની સેનામાં વ્યાપી ગયેલો ભય જોઈને મારી બધીયે શંકા-કુશંકા અદૃશ્ય થઈ ગઈ. મારી નસોમાં બમણા વેગે લોહી ફરવા લાગ્યું. સાઈઠ વર્ષના વૃદ્ધ થાકેલા રાજાની અંદરથી સોળ વર્ષનો તરવરિયો, જોશીલો યોદ્ધો બહાર કૂદી પડ્યો. એની સામે રામની શું વિસાત હતી? એ તો સામાન્ય યુવક હતો, જે અર્ધજંગલી ગણાય એવા લોકોની સેના ઊભી કરીને આ પૃથ્વી પરના સહુથી શક્તિશાળી રાજવીને લલકારવાનું દુઃસાહસ કરી બેઠેલો. આજે હું રામની સાથેસાથે એના જેવા બીજા દરેક ઘમંડી યુવાનોને પાઠ ભણાવી દઈશ કે અસુરરાજ સામે યુદ્ધ પોકાર્યા બાદ, જીવતા ઘેર પાછા ફરવાનું શક્ય નહોતું. પરંતુ રામ હતો ક્યાં?

અચાનક મારી પાછળ મારી સેનામાં ભંગાણ પડ્યું. રામની જાળમાં અમે ફસાઈ ગયેલા. સમુદ્ર તરફ અમે વાનરો સામે લડવામાં વ્યસ્ત હતા, ત્યારે વિભીષણનું સૈન્ય પાછળ નગરની

દિશામાંથી અમારી પીઠ પર ધસી આવેલું.

ટેકરી પર બેઠેલા મારા લોકોને મેં વિભીષણની સેના પર અગ્નિવર્ષા કરવાનો સંદેશ મોકલ્યો. એમનાં બળતાં બાણ અમારા સૈનિકો પર પણ પડવાનાં હતાં, પરંતુ બીજો કોઈ માર્ગ નહોતો. મહામહેનતે મેં આગળ-પાછળના બે મોરચે લડવા માટે મારી સેનાને બે ભાગમાં વહેંચી નાખી. એ સમયે મને મારા અનુભવી સેનાનાયકોની ખોટ બહુ સાલી. રામની ચતુરાઈનું માપ કાઢવામાં હું થાપ ખાઈ ગયેલો.

હનુમાને મારા નગરમાં આવીને આગ ચાંપી, ત્યારે જ મારે સૈન્ય લઈને વાનરોના પ્રદેશ પર ચઢાઈ કરી દેવાની જરૂર હતી. પરંતુ અમે એવા ભ્રમમાં રહ્યા કે અમને કોણ હરાવી શકે? એ જ વખતે વાનરોને કચડીને રામને બંદી બનાવી લેવાની તક અમે હાથમાંથી સરી જવા દીધી. એનું પરિણામ આંખોની સામે હતું.

બંને પક્ષના યોદ્ધા મરણિયા થઈને લડી રહ્યા હતા. પળેપળે રક્તભીની ભૂમિ પર એક નવી વીરગાથા લખાઈ રહી હતી. પછી ટેકરી પર બેઠેલા અમારા માણસો પર લંકિનીની અસુરસેનાએ આક્રમણ કર્યું. દરિયાનાં મોજાંની જેમ એના સૈનિકો આવી રહ્યા હતા. મારી અનુભવી આંખે જોઈ લીધું કે હવે અમારા એકએક યોદ્ધાએ સામેના છ છ માણસ સામે ઝઝૂમવાનું હતું. આ પરિસ્થિતિમાં અમે લાંબો સમય ન ટકી શકીએ. શત્રુસેનાનું બળ ભાંગી નાખવાનો હવે એક જ માર્ગ હતો – એમના સેનાપતિને પકડીને બંદી બનાવો, કાં હણી નાખો.

પરંતુ રામ ક્યાંય દેખાતો નહોતો. શત્રુસેનાની આગેવાની હનુમાને લીધેલી. લડાઈ ચાલતી રહી. ક્યાંક એમનું પલ્લું ભારે થઈ જતું હતું તો ક્યાંક અમારું!

બપોરથી સાંજ થવા આવી. સેંકડો સૈનિકો મરી ગયેલા. જેમણે ક્યારેય યુદ્ધ નહોતું જોયું કે હથિયાર નહોતાં ઉપાડ્યાં એવા મારા નગરજનો હવે લડવા માટે આવી પહોંચેલા. અનુભવી વાનરયોદ્ધાઓ સામે બાથ ભીડવાનું એમનું ગજું નહોતું. પણ દૂર રહેલા શત્રુઓને એવો ભ્રમ થતો હતો કે અમારું સંખ્યાબળ ઓછું નહોતું થયું. એમનો ભ્રમ ભાંગે એ પહેલાં મારે નવો વ્યૂહ વિચારવાનો હતો.

સમય બહુ ઝડપથી વહી રહ્યો હતો. પશ્ચિમના આકાશમાં કાળાડીબાંગ વાદળો બંધાવા લાગેલાં અને સમુદ્રનાં મોજાં વધારે ઊંચાં ઊછળવા લાગેલાં. એ તરફ સમુદ્રમાં વરુણનાં વહાણો હાલકડોલક થઈ રહ્યાં હતાં, અને આ બાજુ કિનારા પર મારા હાથીઓની અસ્વસ્થતા વધવા લાગેલી. હું હવે મોટું જોખમ લેવા તૈયાર હતો, પણ રામ-લક્ષ્મણ ક્યાં હતા?

આમ તો એ લોકોની જેમ જ હું પણ શત્રુઓની નજરે ઝટ દઈને નહોતો ચઢતો. સાત-આઠ રથ પર અસુરોનો રાજવી ધ્વજ ફરફરતો જોઈને સામેવાળા પણ ગૂંચવાતા હતા કે રાજા કયા રથમાં હશે! તોયે આમતેમથી આવેલાં થોડાં બાણ મને વાગી તો ગયેલાં. ઘામાંથી વહેતું લોહી મને અશક્ત કરવા લાગેલું. પછી વીજળીના ઝબકારામાં મેં રામ-લક્ષ્મણને જોયા.

ભાંગેલા સેતુ પાસે ઊભા રહીને એ વાનરોને ફરીથી નવો સેતુ બનાવવા માટે સમજાવી રહ્યા હતા. હનુમાને એમની આગળ ભડભડતી અગ્નિની વિશાળ દીવાલ ઊભી કરી દીધેલી. એ જ વખતે પવને દિશા બદલી અને જ્વાળાઓની પાર સમુદ્રમાં મેં જોયું. એનાથી મારી છાતી બેસી ગઈ.

વરુણનું મુખ્ય અને સહુથી મોટું વહાણ સમુદ્રસેતુ ભણી આવી રહ્યું હતું. એમાંથી સૈનિકો જ નહીં, અશ્વો પણ દોરડા વાટે નૌકામાં ઊતરીને રામની સહાય માટે આવી રહ્યા હતા. એમની સંખ્યા બહુ મોટી હતી અને અમારાં બાણ એ સહેલાઈથી ચૂકવી દેતા હતા.

મારી પાછળ અણઘડ નગરજનોને વિભીષણના સૈનિકો મારી રહ્યા હતા. હવે રામ ન મરે તો થોડી જ વારમાં અમારો નાશ થઈ જવાનો હતો.

મેં મારા રહ્યાસહ્યા કુશળ અનુભવી યોદ્ધાઓને એકઠા કરીને, એમને મારો નવો વ્યૂહ કહ્યો. સાંભળીને એ શૂરવીરોની આંખોમાં પણ આવી ગયેલો ભય મેં જોયો. હું થોડો ચિઢાયો, પણ હવે એમને શાંતિપૂર્વક સમજાવાનો, ધીરજ બંધાવવાનો સમય નહોતો. એ લોકોની હા-ના કાને ધર્યા વિના હું મારી પ્રિય તલવાર હાથમાં લઈને રથમાંથી નીચે કૂદી પડ્યો અને રથ સાથે બાંધેલો અશ્વ છોડી નાખ્યો.

મારો સારથિ ગળગળો થઈને મને ભેટીને ગયો. હું અશ્વ પર સવાર થયો અને મારી ચંદ્રહાસ તલવાર ઊંચી કરીને મેં ગર્જના કરી, 'હર હર મહાદેવ!'

સેંકડો મુખે આનો પડઘો પાડ્યો. ક્યાંક વીજળી પડી, બારે મેઘ ખાંગા થયા અને સમુદ્ર હવે તોફાને ચઢ્યો. સાવ આછા થઈ ગયેલા અજવાળામાં મેં પેલી અગ્નિની દીવાલ ભણી ઘોડો દોડાવી મૂક્યો. મરેલા કે ઈજાગ્રસ્ત થઈને કણસી રહેલા સેંકડો યોદ્ધાઓના શરીર પરથી ધસમસતો હું રામને મળવા ગયો.

મારી પાછળ મારા વીર યોદ્ધા હતા. સમુદ્ર હવે મારા કાનમાં નહીં, મારા મસ્તિષ્કની અંદર ગરજી રહ્યો હતો. શરીરની નસેનસ ફાટફાટ થતી હતી. પૂરઝડપે દોડી રહેલા મારા અશ્વના મોઢે ફીણ વળવા લાગેલાં, પણ હું એને વધુ ને વધુ ગતિએ દોડાવતો ગયો. ક્યાંકથી ફેંકાયેલા બાણે મારા બાહુ અને સાથળને લોહીલુહાણ કરી નાખ્યા, પણ પીડાને મેં અવગણી કાઢી. મારો અશ્વ સહેજ ધીમો પડ્યો, પણ મેં એને પગ માર્યો અને પ્રચંડ જોર સાથે એ મને લઈને, પેલી બળતી દીવાલની બીજી બાજુ કૂદી પડ્યો.

મારા અને અશ્વના કેશને આગની ઝાળ લાગી ગયેલી. એ ક્ષણે વાનરોને મારામાં સાક્ષાત કાળનાં દર્શન થયાં હશે. એનું પ્રતિબિંબ મેં સામે ઊભેલા રામની આંખોમાંયે જોયું.

જોકે રામને જોતાંની સાથે મને પહેલો જે વિચાર આવ્યો એ હતો કે, આ કેટલો શ્યામળો છે!

ભયભીત રામ બે ડગલાં પાછળ હટી ગયો. મેં તલવાર ઉગામી, પણ એ જ ક્ષણે હનુમાને કૂદકો મારીને મારો પગ પકડી લીધો. સંતુલન ગુમાવીને હું અશ્વ પરથી નીચે ઊથલી પડ્યો. પડતાંની સાથે મેં જોકે એ વાનરના મોઢા પર એટલા જોરથી લાત મારી કે ચિત્કાર કરતો એ સમુદ્રમાં જઈને પડ્યો. ઊભો થઈને હું પાછો રામ-લક્ષ્મણ સામે દોડ્યો.

બંને ભાઈઓ હવે બેબાકળા થઈને બાણ મારી રહ્યા હતા. વરસાદનું જોર હદ બહાર વધી ગયેલું. ચીકણી થઈ ગયેલી ભૂમિ પર સંતુલન જાળવવાનું, શત્રુ પર નિશાન સાધવાનું બધાં માટે કઠિન હતું. ગાંડોતૂર થઈને ઘૂઘવી રહેલો સાગર, બંને પક્ષમાંથી કેટલાંયે સૈનિકોને પાણીમાં તાણી ગયો.

પછી સેતુનો એક મોટો ભાગ તૂટી પડ્યો. રામના મોટાભાગના સૈનિકો બીજી તરફ રહી ગયા. રામ હવે લગભગ મારી મુઠ્ઠીમાં હતો. ડાબે-જમણે તલવાર વીંઝતો હું એના ભણી આગળ વધતો ગયો. એ ક્ષણે મને લાગ્યું કે યુદ્ધનો અંત આવી ગયેલો અને મારો વિજય થયેલો. ભૂતકાળમાં ઘણીવાર થયું હતું, એમ ફરી એકવાર મેં અશક્ય લાગે એવા સંજોગોમાંથી જીત પ્રાપ્ત કરી હતી. બસ, થોડી જ ક્ષણોમાં રામ-લક્ષ્મણ મારા ભાઈ કુંભકર્ણ પાસે પહોંચી જવાના હતા. દેવકુમારોના ચહેરા પર પરાભવ લખાઈ ગયેલો. એમનાં વજનદાર ધનુષ્ય હાથમાંથી સરકવા લાગેલાં.

બે-ત્રણ બાણ મારા દેહને સ્પર્શીને જતાં રહ્યાં, પણ હવે પછીનું બાણ મને વીંધી જશે એવો

વિચાર સુધ્ધાં મને આવ્યો નહીં. રામ અને મારી વચ્ચે હવે મુઠ્ઠીભર વાનરો હતા; પણ એમને ખદેડી નાખવામાં મને વધુ વાર નહોતી લાગવાની. મારી ચંદ્રહાસ તલવારની અણી પર ભરાવેલું રામનું માથું પણ મને દેખાઈ ગયું. હું કેટલી મોટી ભયાનક ભૂલ કરી બેઠેલો એનું ભાન હવે બહુ મોડેથી થયું.

વિભીષણને હું ભૂલી જ ગયેલો. વરસાદને કારણે પેલી મોટી આગ ઠરી ગયેલી અને મારી પીઠ ખુલ્લી હતી. મારા સૈનિકો સાથે લડતો લડતો વિભીષણ ક્યારે મારા સુધી પહોંચી ગયો, એનો કોઈને ખ્યાલ પણ ન રહ્યો. એણે આવીને મારી પીઠમાં તલવારનો ઊંડો ઘા મારી દીધો.

પાછું વળીને જોવા જતાં હું મારું સંતુલન ગુમાવી બેઠો. એણે મને લાત મારીને સમુદ્રમાં પાડી દેવાનો પ્રયાસ કર્યો, પણ જાતને મેં જેમતેમ સંભાળી લીધી. જોકે એણે મારી પીઠ પર મારેલા ઘામાંથી હવે લોહીની નદી ફૂટી નીકળેલી. મારા હાથ નિર્જીવ થઈ ગયેલા. શરીરે ધારણ કરેલું કવચ હવે વધુ પડતું ભારે લાગી રહ્યું હતું.

તકનો લાભ લઈને રામ-લક્ષ્મણે મારા પર બાણોની વૃષ્ટિ કરી, પણ એમાંથી એકેય મારા કવચને ભેદી ન શક્યું, પરંતુ હવે મારી આંખે અંધારાં આવવા લાગેલાં. વિભીષણને મેં લાત મારીને પાણીમાં ફંગોળી દીધો. તલવાર ઉગામીને હું રામ ભણી ધસી ગયો.

મારું સંપૂર્ણ ધ્યાન રામ પર હતું. ફરી એકવાર મારી દૃષ્ટિ વિભીષણ પરથી ખસી ગઈ. પાણીમાંથી જેમતેમ નીકળીને સેતુ પર આવી ગયેલા વિભીષણે ફરી એકવાર મારી પીઠ પર ઘા માર્યો. આ વખતે તલવાર મારા શરીરને તો સ્પર્શી નહીં પણ કવચને શરીર સાથે કચકચાવીને બાંધી રાખતી દોરીની ગાંઠ કપાઈ ગઈ. ફરીથી મેં વિભીષણને બળપૂર્વક સમુદ્રમાં ધકેલી દીધો, પરંતુ રામ તરફ ફરતાંની સાથે મારા શરીર પરથી કવચ સરી પડ્યું. હવે શત્રુના હથિયારથી રક્ષણ કરી શકે એવું એકેય આવરણ મારા દેહ પર નહોતું રહ્યું.


આવી તક કોણ ચૂકે? રામે મારા પેટને લક્ષ્ય બનાવીને બાણ છોડ્યું. મેં હજી પરાજય નહોતો સ્વીકાર્યો. લથડતા શરીરે મેં આગળ ડગલું ભર્યું. બીજું બાણ, બીજું ડગલું, ત્રીજું બાણ, ત્રીજું ડગલું... હવે મને કોઈ ભય નહોતો. ચાળણીની જેમ વીંધાઈ ગયેલી મારી કાયા છેવટે નીચે પડી. લીલા રંગનું કોઈ રાક્ષસી મોજું આવીને મને ગળી ગયું, એ મારું છેલ્લું સ્મરણ હતું. પછી માત્ર અંધકારનું સામ્રાજ્ય હતું.

પછી મારી આંખો ખૂલી ત્યારે વાતાવરણમાં સ્મશાનવત્ શાંતિ હતી. મારી ફરતે કુંડાળું વળીને ઊભેલા લોકોના માત્ર પગ મને દેખાયા. પછી એક ઊંચો ઓળો આવીને મારા માથા પાસે અટક્યો. રામ? ઊભા થઈને એનું ગળું ભીંસી નાખવાની મને ઇચ્છા થઈ ગઈ, પણ ધરતીએ જાણે મને હજાર હાથે ઝીલી રાખેલો. હવે એ જ મને ગળી જવાની હતી.

રામ સંસ્કૃત ભાષામાં કંઈક બબડ્યો. મને સ્વર્ગમાં સ્થાન મળશે કે એવું કંઈ! મને ખડખડાટ હસવાનું મન થઈ ગયું. ઉપહાસના ભાવ સાથે મેં બે હાથ જોડીને એને નમસ્કાર કર્યા અને પાછો અંધારી ગર્તામાં સરી પડ્યો. આંખો મીંચાઈ એ પહેલાં છેલ્લો વિચાર મને એટલો જ આવેલો કે, મેં કરેલી અંતિમ ઘોર મશ્કરી એને તો સમજાઈ જ નહીં.

o

વિજેતા અને એની પરંપરાઓ



ભદ્ર

આજે એની અંતિમવિધિનો દિવસ છે. ભેજવાળી ગરમીમાં બફાઈ રહેલા સેંકડો લોકોની સાથે હુંયે ઝોકાં ખાતો બેઠો હતો. વાતાવરણમાં વિષાદ હતો અને સાથે સાથે ભય પણ.

આગલી રાતે નગરમાં પ્રવેશેલા વાનરોએ ચારેતરફ તોડફોડ અને લૂંટફાટ મચાવી હતી. મોટાભાગના નગરજનો જંગલમાં નાસી છૂટેલાં. પણ ગણ્યાંગાંઠ્યાં બુદ્ધિહીન નર-નારીઓ પોતાનાં ઘર અને માલમત્તા સાચવવાના લોભમાં બેસી રહ્યાં, બાખડ્યાં અને છેવટે વાનરોને હાથે માર્યાં ગયાં.

સામે દેખાયું એ બધું નાશ કરી રહેલી વાનરસેના રાવણના મહેલના દ્વારે પહોંચી અને કદાચ એને પણ ધરાશાયી કરી નાખત, પરંતુ વિભીષણ આડો પડ્યો. કિલ્લાની અંદર રહેતા લોકોને એણે વાનરોના હાથમાં પડતાં બચાવી લીધા. ફરી એકવાર કુલીન વર્ગના માણસોએ એમનાં મકાનો, ધનસંપત્તિને સુરક્ષિત રાખવામાં સફળતા મેળવી લીધી.

બપોર થતાં સુધીમાં થોડી શાંતિ સ્થપાઈ. જંગલમાં છુપાયેલા ઘણાં અસુરોને વાનરસૈનિકો પકડીને પરાણે નગરમાં લઈ આવ્યા. આગલી રાતે હું બધાંની નજર બચાવીને દરિયાકિનારે પહોંચી ગયેલો. ત્યાં પડેલા મૃત સૈનિકોના શરીર પરથી દરદાગીના કે બીજી કોઈ કિંમતી વસ્તુઓ ઉતારવામાં જોખમ તો હતું, પણ વિના મહેનતે થોડી મૂડી રળી લેવાની આ તક થોડી જવા દેવાય? વળી, ત્યાં રહેવામાં મરવાનો ભય નહોતો. કયો વાનર સૈનિક મને ત્યાં જોવા આવવાનો? મારા જેવા બીજા બે-ત્રણ જણ ત્યાં હતા. એકેય શબ્દની આપ-લે કર્યા વિના એકબીજાથી શક્ય એટલું અંતર જાળવીને અમે રણભૂમિ પર અમારી રીતે લૂંટ ચલાવી.

ત્યારે મારી નજર સમ્રાટ પર પડી. ચંદ્રપ્રકાશ વિનાની રાત્રીમાં મેં મારા રાજા, મારા સ્વામીને પહેલાં તો ઓળખ્યા જ નહીં. મને તો એના હાથમાં ચમકતું સુવર્ણ કડું એના ભણી ખેંચી ગયેલું. પીડાથી તરફડિયાં મારી રહેલા શરીરને શિયાળવાં જીવતાં કરડી રહ્યાં હતાં. હું એના તરફ ઝૂક્યો, એણે હળવો ચિત્કાર કર્યો અને હું હેબતાઈ ગયો. આ તો રાજા રાવણ! એની આવી દશા?

લોહીભીના કાદવમાં પડેલા રાવણને હું થોડીવાર જોઈ રહ્યો. પોતાની ગરિમા, સ્વાતંત્ર્ય, મૂલ્યો અને સંસ્કૃતિને ખોઈ બેઠેલા લોકો માટે આ માણસે લડાઈઓ લડી હતી. અસુરોને એણે એમની પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાઓમાં ફરીથી ગૌરવ અનુભવતા કર્યા હતા. અસુર સંસ્કૃતિને કીર્તિની નવી ટોચ પર એ લઈ ગયેલો.

હા, એ સરમુખત્યાર હતો. શાંતિથી જીવતા લોકતાંત્રિક અસુર સમાજને એણે સતત યુદ્ધો કરતી જાતિમાં પલટી નાખેલો. એની ભોગવિલાસની ભૂખને કોઈ સીમા નહોતી અને પોતાને

ગમે એ જ કરવાની એની જીદ સામે બધાંયે નમતું જોખવું પડતું. એણે જે નવા સમાજનું સર્જન કરેલું, એ સર્વાંગ સંપૂર્ણ નહોતું. એમાં મોટાભાગના લોકો અમારા જેવા ગરીબ હતા. તેમ છતાં અમે એ પણ જાણતા હતા કે પરિશ્રમ કરનારને ભાગ્ય સાથ આપે તો ઊંચે આવવાની અહીં પૂરેપૂરી તક હતી.

દેવોને ત્યાં બ્રાહ્મણ તરીકે ઓળખાતા ઉચ્ચવર્ણનું અસ્તિત્વ હતું. અમારે ત્યાં જન્મ અને જાતિના આધારે થતા ભેદભાવનું કોઈ અસ્તિત્વ નહોતું. એ સાચું કે દારુણ ગરીબીમાં જીવતા, મારા જેવા લોકોને શ્રીમંત અને વગદાર, કુલીનો પ્રત્યે ભારે રોષ હતો. પરંતુ દેવરાજ્યોમાં પણ શ્રીમંત અને નિર્ધન જેવા ભેદભાવ તો હતા જ. ત્યાંના ગરીબોની તુલનાએ અમે વધુ સુખી હતા, કારણકે અહીં અમારી ગણના મનુષ્ય તરીકે તો થતી હતી. અમારી ગરીબીમાંયે થોડીઘણી ગરિમા જળવાઈ રહેલી.

જોકે એ રાતે હું મારા પરાજિત રાજાના લોહીલુહાણ શરીર પર ઝૂક્યો, ત્યારે આવા કોઈ વિચાર મને નહોતા આવ્યા. સાચું પૂછો તો ત્યારે આમાંથી કોઈ વાતનું મને ભાન પણ નહોતું, બહુ મોડેથી બુદ્ધિ અને સમજણ આવ્યાં.

વૃદ્ધ રાજાએ કંઈ અસ્પષ્ટ બબડાટ કર્યો. મને સમજાયું નહીં. મેં એના કપાળે હાથ મૂક્યો. અંગારાની જેમ એની ત્વચા તપતી હતી. ધમણની જેમ ચાલી રહેલા એના શ્વાસોશ્વાસ કહેતા હતા કે, થોડી જ વારમાં એ કાયમ માટે શાંત પડી જવાના હતા. રાજાને આ રીતે મરતો જોવાનું મારા માટે અસહ્ય હતું.

એણે ફરીથી કંઈ ગણગણાટ કર્યો. મને એટલું જ સમજાયું કે, એ મને બીજે ક્યાંક લઈ જવાનું કહેતો હતો. બિચારો રાવણ! લાખ પ્રયાસ કર્યા પછીયે મેં મારી લાગણીઓ પર બાંધેલો બંધ તૂટી ગયો અને હું ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. એનું માથું હાથમાં લઈને મેં છાતીસરસું ચાંપી દીધું.

હું રાજાને ભેટી રહ્યો હતો. આ વિચાર આવતાંની સાથે મારાં રૂંવેરૂંવે ઝણઝણાટી ફરી વળી. આવેશમાં આવીને મેં કહી દીધું કે, હું એનું વેર વાળીશ. 'મહારાજ, તમે અધૂરું રાખેલું કાર્ય હું પૂરું કરીશ.'

રાવણે જોરથી શ્વાસ લીધો. મેં એના અડધા ખવાઈ ગયેલા કાન પાસે મારા હોઠ મૂક્યા. સડવા લાગેલા માંસની દુર્ગંધથી મને ઊબકા આવી ગયા. મક્કમ રહીને મેં ધીમા પણ સ્પષ્ટ અવાજે એને કહ્યું કે, રામે રાવણ અને અસુર જાતિ સાથે જે કરેલું એની સજા જરૂર મળશે. આ શબ્દો ઉચ્ચારતાંની સાથે જાણે મારા અર્થહીન જીવનમાં એક લક્ષ્ય મળ્યું હોય એવી લાગણી મેં અનુભવી. મારું નિર્માલ્ય જીવન હવે કંઈક કામમાં તો આવશે!

રાજાના કપાળ પર ચુંબન કરીને, હળવેથી મેં એનું માથું પાછું ભીની રેતીમાં મૂક્યું. પાછો એની છાતીમાં ગગડાટ થતો હોય એવો અવાજ આવ્યો. શરીરમાંથી શ્વાસ રજા લઈ રહ્યો હતો. લાંબો સમય ત્યાં જ ઊભો ઊભો હું રાવણને મરતો જોઈ રહ્યો.

પૂર્વમાં આકાશની કાલિમા થોડી ઓછી થઈ. ક્યાંકથી કાગડાએ એના કર્કશ અવાજે નવો દિવસ ઊગ્યાની જાહેરાત કરી. સમર્થ, શક્તિશાળી રાજાએ ભારે પીડાભર્યો છેલ્લો શ્વાસ લીધો અને અનંતકાળની નિંદ્રામાં પોઢી ગયો.

રાજાના દેહમાં હવે પ્રાણ નહોતો, એની ખાતરી થઈ ગયા પછીયે હું અડધો કલાક એમ ને એમ ઊભો રહ્યો. પછી હળવે હાથે એના શરીર પરથી બધાં સુવર્ણાલંકારો ઉતારી લીધા. એ જ્યાં ગયેલો ત્યાં હવે આભૂષણની જરૂર પડવાની નહોતી. ખાસ્સું બધું સોનું મને મળી ગયું.

મારું ભાગ્ય જોર કરતું હતું કે, મારા ઠેબે મારો રાજા આવી ગયેલો.

નગર ભણી પાછો વળતો હતો, ત્યારે મને ભાન આવ્યું કે હું કેટલી મોટી મૂર્ખતા કરી બેઠેલો! મરતા માણસને વગર વિચારે આપી બેઠેલા વચનની ગંભીરતા રહીરહીને મને સમજાવા લાગી. પણ પછી મેં જાતને આશ્વાસન આપ્યું કે હું કોઈ વચનથી બંધાયો નહોતો. રાવણ તો મરી ગયો, હવે એની અંતિમ ક્ષણોમાં મેં આપેલું ગાંડુંઘેલું વચન ન પાળું તોયે કંઈ પાપ નહોતું લાગવાનું. હું ક્યાં એવો શૂરવીર યોદ્ધો હતો, જે રામ પર વેર વાળવા નીકળી પડે!

એવામાં રસ્તે જતા વાનરોએ મને પકડી લીધો અને એ લોકો બળજબરીથી મને રામની વિજયયાત્રા જોવા માટે નગરમાં લઈ ગયા. બપોર પડી ત્યાં સુધીમાં તો મેં વેર, વચન બધુંયે લગભગ વિસારે પાડી દીધું.

મારા જેવા ઘણાં લોકોને વાનરોએ બળબળતા તપમાં, રાજમાર્ગની બંને બાજુએ બેસાડી દીધેલા. પોતાની જગ્યાએથી જરા પણ હલ્યા, એણે માર ખાવાની તૈયારી રાખવાની હતી. આગલી રાત પુષ્કળ વરસી લીધા પછી આકાશ હવે સ્વચ્છ હતું. પાણીમાં નાહીને વૃક્ષો તાજાંમાજાં, લીલાંછમ થઈ ગયેલાં. નીલવર્ણા ગગનમાં રૂના ઢગલા જેવા થોડાં શ્વેત વાદળો તરી રહ્યાં હતાં. આખું જગત સુંદર, તેજસ્વી લાગતું હતું. એક જ દિવસમાં રાવણ અને એના અદ્ભુત સપનાં એવાં અદૃશ્ય થઈ ગયેલાં, જાણે ક્યારેય એમનું અસ્તિત્વ હતું જ નહીં.

મેં મારા લંગોટ સાથે બાંધેલા અલંકારોની પોટલી વધુ કસી લીધી. એ કંઈ ચોરીની મત્તા નહોતી. રાવણ પાસે જે હતું એ અમારા જેવા લોકો પાસેથી જ ઝૂંટવી લેવાયેલું. ખરેખર તો એ મેં પાછું લઈ લીધું. હવે અહીં બેઠાંબેઠાં અમે અમારા નવા સ્વામીની વાટ જોતા હતા. કોણ જાણે એ શું કરશે!

ભરબપોરના તાપમાં અહીંતહીં લોકો મૂર્છિત થવા લાગ્યા. મધ્ય ભારતથી આવેલા વાનરો, એમના પ્રદેશની તીવ્ર પણ સૂકી ગરમીથી ટેવાયેલા હતા. પણ અમારે ત્યાંની પરસેવે રેબઝેબ કરી નાખતી ભેજવાળી હવાએ એમને અકળાવી નાખ્યા. એમની અકળામણ અને રોષ અમારા પર ઊતરવા લાગ્યાં. સહેજ પણ હલનચલન કરનારા લોકો વાનરોના હાથે ટિપાવા લાગેલા.

મારું ધ્યાન બાજુમાં બેઠેલા તરુણ ભણી ગયું અને મારા પેટમાં ફડકો પડ્યો. વાનરોને તાકી રહેલી એની ધારદાર નજર કહેતી હતી કે નક્કી આ છોકરો કંઈ ઉપાધિ ઊભી કરશે. પરંતુ એની બાજુમાંથી ખસવા જાઉં તો વાનરસૈનિકો મને ઝૂડી નાખે. શું કરવું એ હું વિચારતો હતો એટલામાં તો એ ઊભો થયો અને પવનવેગે ત્યાં ઊભેલા સૈનિકો ભણી ધસી ગયો. અંદરોઅંદર વાતોમાં વ્યસ્ત સૈનિકોને હજી કંઈ સમજાય એ પહેલાં તો આ તરુણ પૂરજોશથી એમના પર ત્રાટક્યો. નીચે પડી ગયેલા સૈનિકોના ભાલા એણે એમની જ છાતીમાં ખોસી દીધા.

આ જોઈને જોશમાં આવી ગયેલા થોડા યુવાન અસુરો પણ સૈનિકો સાથે લડવા ધસી ગયા. પરંતુ થોડી જ વારમાં દૂરથી મોટી સંખ્યામાં દોડી આવેલા સૈનિકોએ પરિસ્થિતિનો દોર હાથમાં લઈ લીધો. યુવાન બળવાખોરો લાશ થઈને નીચે પડી ગયા. મારા સહિત મોટાભાગના લોકો બેઠાબેઠા બધું જોઈ રહ્યા.

તોફાન શરૂ કરનારા યુવાનના મૃતદેહના ટુકડેટુકડા કરીને સૈનિકોએ ટોળામાં ફેંક્યા. મારી બાજુમાં બેઠેલા માણસના ખોળામાં લોહીભીનો એક હાથ આવીને પડ્યો. એણે ત્યાં ને ત્યાં ઊલટી કરી નાખી. મેં મારા ગાલ પર ઊડેલા લોહીના છાંટા હથેળીથી લૂછીને ધોતિયા પર હાથ ઘસી નાખ્યા.

બપોર ઢળી ત્યાં સુધીમાં તો અસુરોની જેમ વાનરો પણ કંટાળી ગયેલા. મને ઝોકું આવી

ગયું, પણ પછી અચાનક ચેંદાના ઢમઢમ અવાજે મને ઝબકાવી દીધો. દૂર કિલ્લાનાં દ્વાર ખૂલ્યાં અને ત્યાંથી નીકળેલી શોભાયાત્રા મુખ્ય રાજમાર્ગ ભણી વળી. લોકોમાં આળસ અને કંટાળાનું સ્થાન હવે કૌતુકે લીધું. પણ પછી જે દૃશ્ય જોયું એનાથી મોઢામાંથી હાયકારો સરી પડ્યો.

સરઘસને મથાળે લાંબો, ઊંચો દંડ લઈને અંગદ ચાલી રહ્યો હતો અને દંડની ટોચે રાવણનું માથું હતું. એક સમયનો તેજસ્વી, પ્રભાવશાળી ચહેરો હવે વિકરાળ ચાડિયા જેવો લાગતો હતો. આંખોને કદાચ પક્ષીઓ ખાઈ ગયેલા. ઉંદરડાએ કોતરી ખાધેલા ગાલ અને શિયાળવાંએ ચાવી નાખેલા નાકની જગ્યાએ હવે માંસના લોચા લટકતા હતા.

અંગદની બાજુમાં અત્યંત ક્રૂર અને સુરાના કેફમાં મસ્ત લાગતો, કિષ્કિંધાનો રાજા સુગ્રીવ હતો. ભારેખમ ગદા ઊંચકીને ચાલવામાં એને જોર પડી રહ્યું હતું. એવા જ વજનદાર ગદા અને દંડ લઈને સુગ્રીવની પાછળ ચાલી રહેલા વાનર સેનાનાયકો અને રાજ્યાધિકારીઓએ આજે એમના રોજિંદા પહેરવેશ જેવા હરણનાં ચામડાં નહોતાં પહેર્યાં. એને બદલે એમણે મહેલમાંથી લૂંટેલા રેશમી જરકસી જામા ધારણ કર્યા હતા. આખા શરીરે વાળ ધરાવતા, કદરૂપા વાનર અધિકારીઓ રાજવી વસ્ત્રાલંકારો ધારણ કરીને અસુરશ્રેષ્ઠી જેવા લાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ વાસ્તવિકતામાં એ સૌ વિદૂષક લાગતા હતા. પરંતુ એમના હાથમાં પથ્થરોની જે ભારેખમ ગદાઓ હતી, એ જોયા પછી કોઈએ એમના પર હસવાનું દુઃસાહસ ન કર્યું.

એમની પાછળ ચેંદા અને તૂતારીઓના નાદ સાથે અસુર સંગીતકારો ચાલી રહ્યા હતા. હવે એમણે નવા રાજા માટે વાજાં વગાડવાનાં હતાં.

નવાં રાજા-રાણી એમની પાછળ જ હતાં. રાવણના રાજરથ પર રામ, લક્ષ્મણ અને વિજયી મુખમુદ્રામાં સ્મિત ફરકાવતી સીતા હતાં. રથની બાજુમાં કોઈ સામાન્ય સેવકની જેમ દોડી રહેલો વિભીષણ, લક્ષ્મણની દરેક આજ્ઞાનું પાલન કરવા માટે તત્પર લાગતો હતો.

રાવણના રથમાં બેઠેલા રામે, એના માથા પર રાવણનો રત્નજડિત સુવર્ણમુકુટ ધારણ કર્યો હતો. એણે એક હાથ લોકોને આશીર્વાદ આપતી મુદ્રામાં ઊંચો કર્યો ત્યારે મારું ધ્યાન ગયું કે રામે, એની અને સીતાની વચ્ચે ધનુષ્ય અને બાણનું ભાથું રાખ્યું હતું. મેં એ પણ નોંધી લીધું કે, ભૂલેચૂકેય સીતાનો સ્પર્શ ન થઈ જાય એવી સાવચેતી રામે રાખેલી અને પત્ની સામે જોવાનું પણ એ ટાળતા હતા.

ત્યારે મને એ બધું વિચિત્ર લાગેલું. પણ થોડા સમય બાદ એ નવી સંસ્કૃતિનો થોડોઘણો પરિચય થયો ત્યારે ધીમે-ધીમે બધું સમજાવા લાગ્યું. શોભાયાત્રાની એ સાંજે મેં આવાં તો અનેક નવતર દૃશ્યો જોયાં.

રાજરથની પાછળ આવી રહેલી પાલખીઓમાં મહેલની સ્ત્રીઓ હતી. એમાંથી એક મંદોદરી હતી. સાદી સફેદ સાડીમાં અડધો ચહેરો ઢાંકીને બેઠેલી મંદોદરીના માથા પર એના કાળાભમ્મર, લાંબા કેશની જગ્યાએ હવે તાજો કરાવેલો મૂંડો હતો. ભાલાની અણીએ લટકતા રાવણના માથા કરતાંયે, કોઈ દેવ-વિધવાના વેશમાં બેઠેલી મંદોદરીવાળું દૃશ્ય અનેકગણું ભયાનક અને હૃદયદ્રાવક હતું.

મંદોદરી પોતે ગરિમાભરી મુદ્રામાં ટટ્ટાર બેઠી હતી, પરંતુ અસુર સામ્રાજ્ઞીને આવા વેશમાં જોઈને અમે બધા હચમચી ગયા. માર્ગની બંને તરફ બેઠેલા અસુરોએ માથાં નમાવીને કલ્પાંત કર્યું. મારાથીયે રહેવાયું નહીં. મેં પણ અમારી રાણીની દુર્દશા જોઈને છાતી કૂટી, આંસુ પાડ્યાં.

વાનરોએ અમને રડતા રોકવા માટે ચીસો પાડી, લાતો મારી, લાકડીઓ ફટકારી, પણ રોળાઈ ગયેલાં સપનાં પર આક્રંદ કરવાનો આ નાનકડો અધિકાર ગરીબ અસુરોએ પકડી

રાખ્યો. ભાંગેલાં હાડકાં કરતાં ભાંગેલાં સપનાંની પીડા વધુ થાય છે. વાનર સૈનિકોએ અમને શ્રી રામચંદ્રની જય બોલવાનો આદેશ આપ્યો, પણ અમે અમારી રાણીના, અમારા દુર્ભાગ્ય પર કકળતાં રહ્યાં.

ચેંદા અને બીજા વાદ્યોના ધમધમાટ પણ અસુરોના આક્રંદમાં સમાયેલા ઊંડા દુઃખને ઢાંકવા માટે અસમર્થ હતા. આ એ જાતિનું આક્રંદ હતું, જેનું લગભગ નિકંદન નીકળી જવામાં હતું. આ એમની નષ્ટપ્રાય થઈ રહેલી સંસ્કૃતિ પાછળની મરણપોક હતી. અમે એવા જગતનું સપનું જોયેલું, જેમાં કોઈ સીમાડા કે ભીંતો નહોતાં, સમાનતા હતી.

સદીઓ સુધી આખાયે જગત માટે અસુર સંસ્કૃતિ, એવી આશાની દીવાદાંડી બનીને ઊભી રહેલી કે ગુલામી અને જન્મ-જાતિ આધારિત ભેદભાવ વિનાયે સ્વસ્થ, સભ્ય સમાજનું નિર્માણ થઈ શકે. સપનાં જોવાની હિંમત, મહત્ત્વાકાંક્ષા અને પરિશ્રમના જોરે, ગમે તે માણસ ભલભલા ઊંચા પર્વતની ટોચે પહોંચી શકે.

પરંતુ હજારો વર્ષ પહેલાં સરસ્વતી અને સિંધુના કિનારે વસેલાં અમારાં નગરો પર દેવોનાં બર્બર ધાડાં ધસી આવ્યાં, અને સપનાં, આશાઓ બળીને ભસ્મીભૂત થઈ ગયાં. પરંતુ એ પછી એ રાખમાંથી મહાબલિ અને રાવણ જેવા મહાનાયકો પેદા થયા. એમણે ફરીથી નવી આશાનો દીપક પ્રગટાવ્યો, પણ સમયે બહુ ક્રૂર રમત રમી નાખી. આજે રાવણનું માથું એક ક્રૂર પશુના ભાલાની અણી પર હતું.

ધમધમ કરતું સરઘસ સમુદ્રતટ ભણી ગયું. કોઈ નવું નાટક જોવાની તાલાવેલી સાથે અમેય ત્યાં દોડ્યા. મેદનીને કાબૂમાં રાખવા માટે સુરક્ષાદળોએ કોરડા અને લાઠીઓ વીંઝવાનું શરૂ કરી દીધું. હજી થોડા કલાકો પહેલાં જે સૈનિકો રાવણની પડખે ઊભેલા, એ હવે શત્રુઓ સાથે મળીને એમના જ અસુર બાંધવોનાં હાથપગ, માથાં ફોડી રહ્યાં હતાં. એમની નોકરી, સેવાધન, બઢતી વગેરે હવે નવા સ્વામીની કૃપા પર નિર્ભર હતાં. દેખાવ ખાતર એ ભલે પ્રજાના સેવક કે ચાકર કહેવાય, પણ ઉપર બેઠેલાના એક સંકેતની સાથે આ લોકો પ્રજાનાં હાડકાં પાંસળાં એક કરતાં અચકાય નહીં. મારીમારીને એમણે અમને રેતીમાં બેસાડી દીધા.

સમુદ્રકિનારે એક મંચ ઊભો કરાયો હતો. પોતાની મહત્તા કે નવા સત્તાધીશો પ્રત્યેની નિષ્ઠા સાબિત કરવા માટે થોડા લોકો આસપાસ, અમસ્તી જ દોડાદોડ, ઘાંટાઘાંટ કરી રહ્યા હતા. પરંતુ પછી મંચ પર રામનું આગમન થયું અને એ બધા શાંત પડી ગયા. રામની ભ્રૂકુટિ તણાયેલી હતી, પણ પછી નીચે બેઠેલા લોકો સામે હાથ હલાવીને એણે સ્મિત વેર્યું. અમારામાંથી પાંચ-પચીસ જણે હાથ ઊંચા કરીને રામના અભિવાદનને પ્રતિભાવ આપ્યો. રામની મુખમુદ્રા પછી સખત થઈ ગઈ. જોકે શાણપણ બંને પક્ષે હતું. થોડીવાર પછી રામે બોલવાનું શરૂ કર્યું અને અમે તાળીઓ પાડવાનું! એ વાત જુદી હતી કે સંસ્કૃત ભાષાનો એકેય શબ્દ અમને અસુરોને નહોતો સમજાતો.

વિભીષણ આ કળી ગયો. ઊભા થઈને એણે રામના કાનમાં કંઈ ગણગણાટ કર્યો, અને પછી એણે રામ જે બોલે એને અમારી ભાષામાં કહેવાનું શરૂ કર્યું. રામના લાંબા ભાષણમાંથી તારણ એટલું નીકળ્યું કે, રાવણ જેવા દુષ્ટ અત્યાચારીના શાસનમાંથી મુક્ત થયા બદલ અમારે રાજી થવું જોઈએ. અશુભ પર હંમેશાં શુભનો વિજય થાય છે. એના આ છેલ્લા શબ્દો અમને તાર્કિક લાગ્યા એટલે જોરથી તાળીઓ પાડી.

પછી વિભીષણનો વારો આવ્યો. એનું ભાષણ રામના પ્રવચનથી અનેકગણું વધુ લાંબું હતું. એણે કહ્યું કે નવા નિયમો પ્રમાણે એ દિવસથી પ્રજાને ચાર વિભાગમાં વહેંચીને, દરેકને યોગ્ય

કામ સોંપી દેવાનું નક્કી થઈ ગયેલું. ઈશ્વરના મુખમાંથી જન્મેલા બ્રાહ્મણો સર્વોચ્ચ હતા. પૃથ્વી પર ઈશ્વરના પ્રતિનિધિ તરીકે એ જ્ઞાનપ્રસારનું કાર્ય કરશે અને બધાંએ એમની આજ્ઞા માનવાનું ફરજિયાત હતું.

ઈશ્વરના સ્નાયુઓમાંથી પેદા થયેલા ક્ષત્રિયોએ બ્રાહ્મણોનું માર્ગદર્શન લઈને રાજ્ય ચલાવવાનું હતું. ઈશ્વરના સાથળમાંથી અવતરેલા વૈશ્યોને વ્યાપાર ઉદ્યોગ કરવાની અનુમતિ હતી, પણ એ આપનારા બ્રાહ્મણો અને ક્ષત્રિયો રહેશે એ યાદ રાખવાનું હતું. છેવટે જેમના ભાગ્યમાં ઈશ્વરના પગના તળિયેથી જનમવાનું લખાયેલું એ શૂદ્રો હતા. એમાં કારીગરો, નાના જમીનદારો, સામાન્ય સૈનિકોનો સમાવેશ થતો હતો. એમણે ઉપલા ત્રણ વર્ણની સેવા કરવાની હતી. વિભીષણે જાહેર કર્યું.

અમે તાળીઓ તો પાડી, પણ ગૂંચવાઈ ગયા. મને સમજાયું નહીં કે કોઈ ખાસ આવડત વિનાના, અંધારી રાતથીયે કાળા, મારા જેવા લોકો ઈશ્વરના કયા દેહમાંથી પેદા થયા હશે? અમે પેટ ભરવા માટે શેરીઓ વાળતા હતા, લોકોનાં ગંદાં વસ્ત્રો ધોતાં હતાં, માથે ભાર ઉપાડતા હતા... અમે કયા વર્ણમાં આવીએ?

વણપૂછ્યા પ્રશ્નનો ઉત્તર વિભીષણે આપી દીધો. સ્પષ્ટ શબ્દોમાં એણે જાહેર કર્યું કે, ચતુર્વર્ણમાં જેનો સમાવેશ ન થતો હોય એ બધા અસ્પૃશ્ય હતા. એને અમારી દયા આવતી હતી, પણ અમારી આ દશાને એણે ઈશ્વરના આશીર્વાદ માનીને સ્વીકારી લેવાની શિખામણ આપી.

ભાષણ લંબાતું જ ગયું. દેવોની સિદ્ધિઓ અને સાત્ત્વિક જીવનશૈલી વિશે સાંભળી-સાંભળીને અમે કંટાળી ગયા. એક તબક્કે એવું લાગ્યું કે રામ એના નવા મિત્રને બોલતો અટકાવશે, કારણ કે વેદ પર બોલવા માંડેલા વિભીષણે એમાં ઘણું તો પોતાના મનથી ઉમેરી દીધેલું. પરંતુ આસપાસ ભારેખમ ચહેરા રાખીને બેઠેલા બ્રાહ્મણોને જોયા પછી વિજેતા રાજકુંવરે મૌન સાધ્યું.

રામ છેવટે ઊભો થયો. વિભીષણનો હાથ પકડીને, ઊંચો કરીને એણે જાહેરાત કરી, 'સાંભળી લ્યો, આજથી આ છે અસુરોના રાજા.' સૈનિકોએ ગોદા મારીને અમારામાંથી થોડાને નવા રાજાનો જયજયકાર કરવાની ફરજ પાડી.

વિભીષણ રામના પગમાં પડી ગયો, અમે એને ઘૃણાભેર જોઈ રહ્યા. અમારા ભાગ્યમાં આ નબળો, નમાલો શાસક લખાયેલો. જેનો દોરીસંચાર વિદેશીના હાથમાં હતો.

વિભીષણે પાછું બોલવાનું શરૂ કર્યું. રામના દૈવી સ્વરૂપને ઓળખવામાં નિષ્ફળ ગયેલા એના ભાઈઓ, રાવણ અને કુંભકર્ણ વતી વિભીષણે દેવોની ક્ષમાયાચના કરી. ત્યાં સુધી તો અમે મૂંગે મોઢે સાંભળી લીધું, પણ જ્યારે એણે કહ્યું કે રાવણની અંતિમવિધિ દેવોની વૈદિક પ્રથા મુજબ થશે, ત્યારે મેદનીમાંથી વિરોધના અવાજ ઊઠ્યા. પણ સૈનિકોએ તલવારો ઊંચી કરી અને અસુરોનાં મોઢાં પાછાં સીવાઈ ગયાં.

પછી મંચ પર થોડા બ્રાહ્મણોનું આગમન થયું. ત્યાં બેઠેલા બધા આદરભાવે ઊભા થઈ ગયા. રામ, લક્ષ્મણ અને વિભીષણે એમનાં ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા. પરંતુ જેવી સીતા આગળ વધી કે બ્રાહ્મણો ઘૃણાના ભાવ સાથે પાછળ ખસી ગયા. અમે બધા સ્તબ્ધ થઈ ગયા. હવે નક્કી કંઈક અત્યંત નાટ્યાત્મક, રોમાંચક ઘટના ઘટવાની હતી. વરિષ્ઠ લાગતા એક બ્રાહ્મણે રામના કાનમાં કંઈક કહ્યું. રામના ચહેરા પર ઘેરાં વાદળ પથરાઈ ગયાં. એણે લક્ષ્મણને કહ્યું, એનોયે ચહેરો ફિક્કો પડી ગયો. થોડીવાર માટે બધા એમ ને એમ ઊભા રહ્યા.

પછી લક્ષ્મણે જઈને સીતાનો હાથ પકડ્યો અને એને મંચ પરથી નીચે ઉતારી દીધી. સીતાએ હાથ છોડાવવાનો પ્રયાસ કર્યો, પણ એના દિયરની પકડ સખત હતી. એણે સીતાને મંચની નીચે એક ખૂણામાં ધકેલી દીધી.

લજ્જા, સંતાપ અને ક્રોધથી બળતી સીતા ત્યાં જ ઊભી રહી. હવે મંચ પર એક બ્રાહ્મણે આગળ આવીને સંસ્કૃતમાં કંઈક કહ્યું. સાંભળીને વિભીષણનો ચહેરો પુલકિત થઈ ઊઠ્યો. અમારા લાભાર્થે એણે ભાષાંતર કર્યું, 'જોઈ લ્યો, મારા દેશબાંધવો, બ્રાહ્મણો પણ કેટલા સમદૃષ્ટિ અને ન્યાયી છે! રામ, મારા સ્વામી, જગતના નાથ પણ કાયદા અને નીતિનિયમોથી પર નથી. આપણે બધા જાણીએ છીએ કે એમની પત્ની સીતાને, પિશાચી રાવણે બંદી બનાવીને પોતાને ત્યાં રાખી હતી. આપણા માટે આ પારાવાર સંતાપની વાત છે કે, જે માણસને એકવાર મેં ભાઈ કહેલો, એના પાપે મારા સ્વામીની આ અત્યંત પવિત્ર, શીલવંતી નારી દૂષિત થઈ ગઈ છે.'

સહેજ અટકીને ભાવવાહી અવાજે વિભીષણ બોલ્યો, 'એ વાતમાં કોઈ શંકા નથી કે સીતાદેવી મારી માતા સમાન છે. પરંતુ મને એ વાતનોયે ગર્વ છે કે, જ્ઞાની પંડિતોએ રાજા, પ્રજા, તમામ માટે સમાન નિયમો બનાવ્યા છે અને આજે એનું પાલન પણ થશે. અથાગ મનોમંથન કર્યા બાદ એમણે નિર્ણય આપ્યો છે કે, સીતાદેવીએ પ્રાચીન દેવ-પરંપરા અનુસાર પોતાની પવિત્રતા અને અખંડ શીલને અહીં બધાની સમક્ષ સિદ્ધ કરવા પડશે.' વિભીષણે આટલું કહીને પાણીનો ઘૂંટડો ભર્યો. એના હાવભાવ પરથી સ્પષ્ટ જણાઈ ગયું કે અસુરોના પ્રદેશમાં આ નવા નીતિનિયમનું પ્રદર્શન કરવાની તક મળી, એ વાતનો એને ભારે આનંદ હતો.

સીતા હવે રડવાનું છોડીને આખા સંસારને પડકાર ફેંકતી હોય એવી મુખમુદ્રા સાથે ઊભી હતી. એના ચહેરા પરથી આવરણ હટી ગયેલું. રામ ભણી તકાવેલી એની આંખમાંથી અંગારા વરસી રહ્યા હતા. એ ક્ષણે સીતા નખશીખ રાવણની પુત્રી લાગતી હતી. દેખાવે ભલે એ મંદોદરી જેવી સુંદર દેખાય, પણ એની ટટ્ટાર ગરદન, આગઝરતી આંખો, ચહેરા પરનો ગર્વ.... આ બધું રાવણ જેવું જ હતું.

જે પતિ માટે એણે આટલી લાંબી પ્રતીક્ષા કરેલી, એનામાં અત્યારે સીતા સાથે આંખ મેળવવાનું સાહસ નહોતું. એ આડું જોઈ ગયો. રામના હાથ ધ્રૂજતા હતા, પણ પેલું દંભી, કૃત્રિમ સ્મિત હજી એના હોઠ પરથી નહોતું વિલાયું. લાગણીઓને વશમાં રાખવા એ મથી રહ્યો હતો. એ પળે રામનો દેખાવ, વિશ્વના સહુથી શક્તિશાળી રાજાને પરાજિત કરનાર યોદ્ધા જેવો નહીં, પણ વિધાતાના હાથમાં પરવશ થઈ ગયેલા પુરુષ જેવો હતો.

મંદોદરીના ચહેરા પર આઘાત હતો. એણે ઊભા થવાનો પ્રયાસ કર્યો, પણ બ્રાહ્મણોના આદેશથી એને પરાણે બેસાડી દેવાઈ. બ્રાહ્મણોનું કહેવું હતું કે સૂર્યપ્રકાશ હોય ત્યાં સુધી વિધવાએ ઘરની બહાર નીકળવાનું વર્જ્ય હતું. આમેય પતિના અંતિમ સંસ્કારમાં એને હાજર રાખીને બધાએ મોટું પાપ તો કર્યું જ હતું. દિવસના સમયે મંદોદરી આ છેલ્લીવાર ઘરની બહાર દેખાવાની હતી.

સમુદ્રકિનારે રેતીમાં ચિતા ગોઠવાઈ ગઈ. અણિયાળા દંડની ટોચ પરથી રાવણનું માથું ઉતારાયું, મારા જેવા ચાર માણસ એક માથા વગરનું ધડ ઉપાડી આવ્યા. બધાંએ માની લીધું કે એ રાવણનું હતું. શબની સ્થિતિ આમ તો હવે ઓળખાય એવી નહોતી રહી.

સૂર્ય પશ્ચિમમાં નમી ગયેલો. આકાશમાં કાળાં વાદળ ઘેરાવા લાગેલાં. રોજ સાંજે પડતા વરસાદ માટે ધરતી તૈયાર થઈ ગયેલી. વિભીષણે રાવણની બાજુમાં બીજી ચિતા ખડકવાનો

આદેશ આપ્યો અને ગંભીર ચહેરે ઉમેર્યું કે એમાં શ્રેષ્ઠ કહેવાય એવાં ચંદનનાં લાકડાં જ મૂકવાનાં હતાં. કારણ કે ત્યાં જે થવાનું હતું, એની પાછળ દૈવી હેતુ હતો. ધકધક થતા કાળજે અમે જોઈ રહ્યા.

થોડીવાર પછી ત્રણ-ચાર અસુર સ્ત્રીઓ સીતાને બળતી ચિતા પાસે ઘસડી લાવી. અમને આ પ્રથા નહોતી સમજાતી. દેવોમાં સ્ત્રીનાં ચારિત્ર્યની શુદ્ધતા વળી આ રીતે પુરવાર થતી હશે?

બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર કરીને ચારે તરફ જળનો છંટકાવ કર્યો. મારા ગાલ પર પડેલા છાંટામાંથી મને વિચિત્ર પ્રકારની વાસ આવી. બાજુમાં ઊભેલા માણસે મને જાણ કરી કે એ ગૌમૂત્ર હતું. કોઈપણ વસ્તુ કે સ્થાનની શુદ્ધિ માટે એનો ઉપયોગ થતો હતો. અમે અસ્પૃશ્યો એ સાંજે ગાયના છાણ અને મૂત્રથી શુદ્ધ થયા.

આકાશમાં કડાકાભેર વીજળી ઝબકી અને ઉપરથી વરસાદના થોડાં ટીપાં પડ્યાં. ચિતાની ફરતે ત્રણવાર પ્રદક્ષિણા ફરીને ઊભા રહી ગયેલા વિભીષણે તરત ચિતાને અગ્નિદાહ દેવાને બદલે હાથમાં પકડેલી મશાલ અત્યંત નાટ્યાત્મક ઢબે ઊંચી કરીને પાછું ભાષણ શરૂ કર્યું, 'આજે એક અત્યાચારી શાસક, એક રાક્ષસનો અંત આવે છે. ધર્મના મનુષ્ય સ્વરૂપે જેમણે સ્વર્ગ જેવી અયોધ્યામાં અવતાર લીધો છે, એ શ્રી રામચંદ્રના સામર્થ્યને પડકારનારાની શું દશા થાય એ આજે જોઈ લ્યો. રાવણની સાથે આજે અસુરોની ભ્રષ્ટ, વિલાસી જીવનશૈલીનો પણ અંત આવે છે. આજનો દિવસ અત્યંત પવિત્ર છે. વિષ્ણુના અવતાર શ્રી રામચંદ્રની અસીમ કૃપા આજે આપણને ઉચ્ચ જીવનનો માર્ગ બતાવશે.

'રાવણનો દેહ ભસ્મ થતાંની સાથે જ અંધારી ક્ષિતિજમાં ધર્મનો નવો સૂર્યોદય થશે. આ ધર્મની છાયામાં દરેક વ્યક્તિ પોતાનું સ્થાન જાણતી હશે. જ્ઞાનનું સન્માન, બાહુબળનો આદર અને વ્યાપારીકુનેહની પ્રશંસા થશે. હવે કોઈએ આગળ વધવા માટે સંઘર્ષ નહીં કરવો પડે. બીજાથી ચઢિયાતા પુરવાર થવા માટેની સ્પર્ધાનો અહીં અંત આવે છે. આવડત અને કાર્યકુશળતાના જોરે કોઈપણ વ્યક્તિ ગમે તેટલી આગળ વધી શકે, એવા ભ્રમમાં રહેવાને બદલે આપણે હવે સ્વીકારશું કે ઈશ્વરની ઇચ્છા હશે એ જ થશે. એની કરુણા અને સ્નેહ અપરંપાર છે.

'તમારો જન્મ દુર્ભાગ્યે અસ્પૃશ્ય તરીકે થયો હોય તો સંતાપ નહીં કરતા. એનો અર્થ એટલો જ કે, પાછલા જન્મમાં કરેલાં કુકર્મોનું હવે તમારે પ્રાયશ્ચિત્ત કરવાનું છે. ફરિયાદ કર્યા વિના નિઃસ્વાર્થભાવે તમે તમારા સ્વામીની સેવા કરો. દયાળુ ઈશ્વર તમને બીજા ભવે વધુ ઉચ્ચ વર્ણમાં જનમવાની તક આપશે. કર્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખો.

'વિષ્ણુ જગતના પાલનહાર, સામાજિક નીતિનિયમોના રક્ષણહાર છે. ઈશ્વરે વચન આપ્યું છે કે, જ્યારે પણ આ નીતિનિયમો પર સંકટ આવશે, ત્યારે આપણી વચ્ચે એ મનુષ્યરૂપે જન્મ લઈને ધર્મની પુનઃસ્થાપના કરશે.

'રાવણે ઈશ્વરીય નિયમોને તોડવાની ધૃષ્ટતા કરી હતી. એને પોતાની શક્તિનો અહંકાર હતો, પણ મને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. થોડો સમય ભલે રાવણે રાજ કર્યું, પણ અંતે શું થયું? રાવણે જે પણ મેળવ્યું એ આજે મારું છે. તમે જ કહો, મેં એના માટે પ્રયાસ કરેલા? બહુ ચતુરાઈ વાપરેલી? પ્રહસ્ત, કુંભકર્ણ અને રુદ્રક જેવા દુષ્ટ લોકોનો સાથ લીધેલો? ના, મેં માત્ર ઈશ્વરમાં શ્રદ્ધા રાખી. છેવટે એ શ્રદ્ધાએ જ રાવણ પાસેથી બધું લઈને મને આપી દીધું.

'આની પહેલાં ઈશ્વરીય આદેશનો અનાદર કરનાર બીજોયે એક મતિભ્રષ્ટ માનવ આપણે જોઈ લીધેલો. મુઝુરીસમાં બેસીને, ભારતના પશ્ચિમ તટે વિશાળ સામ્રાજ્યનું સંચાલન કરનારા

મહાબલિએ વિષ્ણુના નિયમો માનવાની ના પાડી દીધી. અંતે એનો ઘમંડ તોડવા માટે વિષ્ણુએ વામન નામના બ્રાહ્મણબાળ તરીકે અવતાર લેવો પડ્યો. મહાબલિની દશા પરથી રાવણે પાઠ લેવો જોઈતો હતો. ભાઈ તરીકે મેં એને ખૂબ સમજાવ્યો, પણ અહંકારે એને અંધ કરી દીધેલો. એ ભોગવિલાસભર્યું જીવન માણવામાં એવો તો ડૂબી ગયેલો કે સામે ઊભેલું મૃત્યુ પણ એને નહોતું દેખાતું. એ માની બેઠેલો કે એની સેના, એની પ્રજા, એણે ભવ્ય મંદિરોમાં બેસાડેલા શિવ સદૈવ એની રક્ષા કરશે. પરંતુ અંત આવ્યો ત્યારે કોણે એને સાથ આપ્યો?' ઘરબાર વિનાના થોડા ગરીબો એની સાથે રહ્યા, જેમને સાચાખોટાનું કોઈ જ્ઞાન જ નહોતું.

'રામનાં દર્શન થતાંની સાથે હું એમના પગે પડી ગયો, કારણ કે મેં પ્રભુને ઓળખી લીધા'તા. જેમની પાસે જ્ઞાનની આંખો હતી એવા વરુણ, જાંબુમાલિ, લંકિની જેવાં નરનારી પણ ઈશ્વરને જોઈ શક્યાં'તા. અને જોઈ લ્યો, ઈશ્વરે અમારી ઝોળી કેવી છલકાવી દીધી! રાવણને સાથ આપનારા લોકોને પણ હવે એમની ભૂલ સમજાઈ છે. વ્યાપારી વર્ગ, સુરક્ષાદળ, સેના, પ્રશાસન કર્મચારીઓ, આ બધાએ હવે રામના નામે મને સાથ આપવાના સોગન લીધા છે.

'મને શ્રદ્ધા છે કે, તમે પણ હવે પ્રાચીન સ્મૃતિઓમાં આપેલા આદેશ મુજબની જીવનશૈલી અપનાવી લેશો. સર્વશક્તિમાન ઈશ્વરને સંપૂર્ણપણે સમર્પિત થઈ જનારને જ મોક્ષ મળી શકે. મહર્ષિ મનુએ કહેલા ધર્મના નિયમો સનાતન છે. જન્મથી મરણ સુધીના માર્ગ પર, એ ધાર્મિક નીતિનિયમો જ અજવાળું પાથરતા રહેશે.

'અયોગ્ય વ્યક્તિના હાથમાં જ્ઞાન આવે એ પણ બહુ જોખમી છે. અસુરોએ અત્યાર સુધી સામેવાળાની પાત્રતા જોયા વિના બધાંને ભણાવવાની ભૂલ કરી છે. દુર્જન અને દુષ્ટો પણ એનો લાભ લઈ ગયા, પરંતુ હવે એવું નહીં થાય. શિક્ષણ હવે માત્ર ઉપલા ત્રણ વર્ણને અપાશે. એમાંયે બધાંને બધું નહીં ભણાવાય. દરેક વ્યક્તિને સોંપાયેલાં કાર્ય માટે આવશ્યક હશે એટલું જ જ્ઞાન અપાશે. કર્મનું શું ફળ મળશે એની ચિંતા કર્યા વિના, ઊંચે બેઠેલા સ્વામીની હૃદયપૂર્વકની સેવા કરનારનો જ ઉદ્ધાર થશે. આ નિયમ વિષ્ણુએ પોતે ઘડ્યો છે. એનું ઉલ્લંઘન કરનારે આકરું પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવું પડશે.'

વિભીષણ આટલું બોલીને સહેજ અટક્યો. સામે બેઠેલા અને ઊભેલા લોકો સામે એણે કઠોર ભાવે જોયું. અમે ભાવવિહીન ચહેરે એને સાંભળી રહ્યા. હોઠ પર જીભ ફેરવીને એણે આગળ ચલાવ્યું., 'આ ભૂમિ પુણ્યશાળી છે, કારણ કે વિષ્ણુએ અહીં અવતાર લીધો છે. હવે કોઈ એને દૂષિત નહીં કરે. કોઈ વ્યક્તિ એની મર્યાદા નહીં ઓળંગે. મંદોદરી એનું આદર્શ ઉદાહરણ છે. એ પવિત્ર નારીએ બતાવી દીધું છે કે વિધવાએ કઈ રીતે જીવવું.

'મહારાણી સાથે જે થયું એ બહુ ખોટું હતું. એ દુષ્કૃત્ય કરનારાને ભગવાન રામે યોગ્ય દંડ આપ્યો છે. પરંતુ લજ્જાની વાત એ છે કે, આવું થયા પછીયે મારા ભાઈએ એની પત્નીને સ્વીકારી લીધી. બીજા અસુરોની જેમ જ એને પણ નારીનાં શીલ અને પવિત્રતાનું મૂલ્ય નહોતું. એની આંખો પર અજ્ઞાનનાં પડળ હતાં. હવે તમે જ કહો આ યુદ્ધ ક્યાંથી અને કેમ શરૂ થયું?

અમારી પાસે જવાબ નહોતો. વિભીષણે અમારા જ્ઞાનમાં વધારો કર્યો, 'મને કહેતાંયે લજ્જા આવે છે કે મારી સગી બહેન શૂર્પણખાએ આ સર્વનાશના મૂળ નાખેલાં. જોકે એમાં એનો શું વાંક? આપણો સમાજ જ એવો છે, જેણે સ્ત્રીઓને સ્વચ્છંદ બનાવી દીધી. વિધવા હોવા છતાં એણે લક્ષ્મણને મોહિત કરવાના પ્રયાસ કર્યા. કોઈ સદાચારી પુરુષ આ સહન ન કરી શકે. શૂર્પણખાને એના પાપની સજા મળી ગઈ.

'સત્ય સ્વીકારવાને બદલે રાવણે તો પ્રભુ રામચંદ્ર સામે યુદ્ધનો પડકાર ફેંક્યો, અને અંતે

એના નિરંકુશ અહંકારે જ એને પાડ્યો. શૂર્પણખાને દેશવટો આપીને મેં પુરવાર કરી દીધું છે કે લોહીના સંબંધ પણ હવે અમને સાચે માર્ગે ચાલતાં રોકી નહીં શકે. મારા મિત્ર વરુણે શૂર્પણખાને સાત સમંદર પાર, ભિક્ષુકની દશામાં છોડી દીધી છે. બહેનની આવી દશાનું મને દુઃખ છે, પણ એણે સામે ચાલીને આ વહોરી લીધું છે.

'અને પછી મારા ભાઈ રાવણે ભગવાન રામની પત્નીનું અપહરણ કર્યું. સીતા રાવણની પુત્રી હોવાની અફવા મેં સાંભળેલી પણ એ હડહડતું જુઠાણું છે. નીચ વર્ણમાં જન્મેલો અસુર કેવી રીતે દેવ રાજકુમારીનો પિતા હોઈ શકે?

'એ વાતમાં કોઈ શંકા નથી કે, દેવકુમારી અને ભગવાન રામની પત્ની સીતાદેવીનું ચારિત્ર્ય અણીશુદ્ધ રહ્યું છે. એને સ્પર્શીને દૂષિત કરવાની હિંમત રાવણમાં નહોતી. પરંતુ ભગવાન રામ જાણે છે કે, રાવણ અને બીજા દુષ્ટ અસુરોની લાલસાભરી દૃષ્ટિ સીતાની પવિત્ર કાયા પર પડેલી. રામ અને રાવણ વચ્ચે આ જ ફેર છે. રામચંદ્રજી આખાયે સંસારની સામે સિદ્ધ કરી દેશે કે, એમની પત્ની પવિત્ર છે. સીતાની કાયા અને આત્મા પર રાવણ જેવા દુષ્ટોની દૃષ્ટિનો જે પ્રભાવ પડ્યો હશે, એ પણ આજે બળીને ભસ્મ થઈ જશે.

'આમ તો આ બહુ અંગત વાત છે, પરંતુ દેવરાજ આમ જાહેરમાં આ કરીને આદર્શ ઉદાહરણ આપવા માંગે છે. દેવો અગ્નિને સર્વોચ્ચ ઊર્જા ગણે છે. એ જીવન આપે છે અને જીવનને શુદ્ધ પણ કરે છે. ચારિત્ર્યની અંતિમ પરીક્ષા પણ એ જ કરે છે. તો પ્રજાજનો, આજે આપણી સમક્ષ સીતામૈયા અગ્નિપરીક્ષા આપશે. એમના ચારિત્ર્યમાં જરા સરખોયે ડાઘ હશે તો અગ્નિ એમને બાળીને રાખ કરી નાખશે. તનમનથી એ પવિત્ર હશે તો હેમખેમ પાર ઊતરી જશે.'

સાંભળીને અસુરો તો હેબતાઈ ગયા. બધાંની આંખો રામ ભણી વળી, પણ એનું માથું નમેલું જ રહ્યું. અગ્નિપરીક્ષા વાળી વાતે એને હચમચાવી નાખેલો એ સ્પષ્ટ હતું, પણ તોયે એણે ઊભા થઈને બોલવાની હિંમત ન કરી કે બસ, બહુ થઈ ગયું, મને મારી પત્નીમાં વિશ્વાસ છે.

હનુમાનના ચહેરા પર તાણ અને અસ્વસ્થતા હતી. લક્ષ્મણ ચિંતિત હતો, પણ હંમેશની જેમ એણે પોતાની ભ્રૂકુટિઓ તાણી રાખેલી. મંદોદરી હીબકાં ભરી રહી હતી. માત્ર વિભીષણ ઉત્સાહમાં હતો.

આકાશમાં મેઘગર્જના થઈ. બેટ ભણી આવી રહેલા વાવાઝોડાનાં ચિહ્નો સ્પષ્ટ જણાતાં હતાં. પૂરજોશથી ફૂંકાઈ રહેલા પવનમાં ડોલતી નારિયેળીઓ, કિનારાના ખડક પર પ્રચંડ વેગે ભાંગી રહેલા સાગરનાં મોજાં, વાતાવરણની ભયાનકતામાં વધારો કરવા લાગેલા.

અસુર નારીઓએ સીતાને બળતી ચિત્તા ભણી લઈ જવાનો પ્રયાસ આદર્યો. અમે બધાં ઊભાં થઈ ગયાં. પહેલાં તો સીતાએ છૂટવા માટે તરફડિયાં માર્યાં, સહાય માટે પતિને સાદ પાડ્યો, પણ પછી કદાચ ભાન થયું કે એનો પતિ જ એની પવિત્રતાની આવી અમાનુષી કસોટી કરવા માગતો હતો. સીતાએ વિરોધ છોડી દીધો. રામ પ્રત્યે એણે માત્ર દયાભરી દૃષ્ટિ નાખીને આંખ ફેરવી લીધી.

ક્ષિતિજમાં તાકી રહેલા રામની આંખો હવે અશ્રુથી છલોછલ હતી. બ્રાહ્મણોના મંત્રોચ્ચારનો અવાજ વધુ ને વધુ ઊંચો થવા લાગેલો.

સાગરતટે અસુરોના નવા રાજા અને રામના ખંડિયા વિભીષણે રાવણની ચિતા પર મશાલ અડાડીને ગર્જના કરી, 'આજે દુષ્ટ રાવણનો યુગ પૂરો થાય છે. ઈશ્વરને આવાહન આપવાની ધૃષ્ટતા કરનાર રાવણને હું અંતિમ વિદાય આપું છું. શ્રી રામચંદ્રની જય!'

રાવણની ચિતા પ્રગટી એ જ ક્ષણે વરસાદ તૂટી પડ્યો. રાવણને બળતો જોઈને ઊંડો વિષાદ

મને ઘેરી વળ્યો. એક યુગનો અંત થઈ ગયેલો. વાનરોએ હર્ષની ચિચિયારીઓ પાડી. અસુરોનાં મસ્તક લજ્જાથી નમી ગયાં. પિતાની બળતી ચિતા પાસે ઊભેલી સીતાનો ચહેરો ભાવશૂન્ય હતો.

'અસુરોના રાજવી તરીકે હું આજે ઘોષણા કરું છું કે, આજનો આ પ્રસંગ દર વર્ષે ભારતના ખૂણેખૂણે વિજયદિન તરીકે ઉજવાશે. દેશનાં પ્રત્યેક નર, નારી અને બાળકને આ દિવસ યાદ અપાવશે કે વિષ્ણુના અવતાર, અયોધ્યાનરેશ રામચંદ્રએ રાવણ નામના અનિષ્ટ પર વિજય મેળવ્યો. ભારતમાં ગામેગામ, શેરીએ શેરીએ, ઘેરઘેર, દર વર્ષે રાવણના મૃત્યુની ઉજવણી થશે.' વિભીષણે મશાલ ઊંચી કરીને ત્રાડ પાડી. વાનરો અને થોડા અસુરોએ ઉત્સાહભેર એનો પડઘો પાડ્યો.

આકાશે પ્રચંડ ગડગડાટ સાથે પ્રતિભાવ આપ્યો. વરસાદ શરૂ થઈ ગયો. ચિતામાંથી જ્વાળાની સાથે હવે કાળો ધુમાડો નીકળવા લાગેલો.

'હવે શ્રી રામની પ્રિય અર્ધાંગિની સીતાદેવી અગ્નિપરીક્ષા આપશે.' વિભીષણની આ જાહેરાતની સાથે એક અસુર સેવકે બળતી ચિતા પર વધુ ઘી રેડ્યું. અગ્નિ વધુ પ્રજ્વલિત થયો. બધાંની આંખો હવે સીતા પર હતી. સીતાએ થોડા અનિશ્ચિત ભાવે અગ્નિ અને પછી પતિની સામે જોયું. પરંતુ બીજા બધા ભગવાનની જેમ, આ ભગવાને પણ જ્યારે એની જરૂર પડી ત્યારે દૃષ્ટિ ફેરવી લીધી. અધીરા થઈ ગયેલા વિભીષણે અગ્નિમાં વધુ ઘી નાખવા માટે બૂમ પાડી. સીતા ધરતી પર ફસડાઈ પડી. વાતાવરણમાં મૌન પથરાઈ ગયું. શું સીતા અગ્નિપરીક્ષા નહીં આપે?

મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું, 'આ શું મૂર્ખતા છે? અગ્નિ તો એનામાં પ્રવેશનાર પવિત્ર, અપવિત્ર, કોઈ પણ વ્યક્તિને બાળી નાખે.'

મારી બાજુમાં ઊભેલા માણસે વધુ રોષિત અવાજે કહ્યું, 'તારા જેવો ગમાર, અગ્નિની શક્તિ શું જાણે? બ્રાહ્મણો કહે એ સાચું જ હોય. એમને સવાલ પૂછનારો તું કોણ?' આસપાસના થોડા લોકોને પણ મારી જેમ વાત ગળે નહોતી ઊતરી એવું લાગ્યું, પણ એ ચૂપ રહ્યા. મોટાભાગનાએ ડોકાં હલાવી સહમતી દર્શાવી દીધી.

બુદ્ધિહીનો સાથેની દલીલથી કંટાળીને મેં ચિતાની દિશામાં પાછું જોયું તો સીતા હવે ઊભી થઈ ગયેલી. પછી કોણ જાણે એનામાં કોઈ અદ્ભુત શક્તિનો સંચાર થયો હોય એમ એ બળતી ચિતા ભણી દોડી. અગ્નિમાં ઝંપલાવતી વખતે એણે પિતાના નામની બૂમ પાડી. આજેય મને ખાતરી નથી કે સીતાએ ત્યારે ખરેખર એના પિતાને યાદ કરેલા કે મને માત્ર ભ્રમ થયેલો.

જે હોય તે, પણ સીતાના અગ્નિપ્રવેશની ક્ષણે જ આકાશ ફાટ્યું અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. પવને વંટોળિયાનું વિકરાળ રૂપ ધારણ કરી લીધું. ક્યારેય નહોતો જોયો એવો અંધકાર છવાઈ ગયો. વીજળીના ઝબકારામાં જીવિત માણસો પ્રેત જેવા લાગતા હતા.

લોકો રાવણની ચિતા ભણી દોડ્યા. ટોળાને વશમાં રાખવાનું હવે કઠીન હતું. સૈનિકો આમતેમ દંડા વીંઝવા લાગ્યા. ચારેતરફ અંધાધૂંધી મચી ગઈ.

ચિતાનો અગ્નિ ઠરી ગયેલો. પછી વીજળીના ચમકારામાં મેં સીતાને ઉપાડીને રામ પાસે જઈ રહેલા હનુમાનને જોયો. મારી અનુભવી આંખોએ પારખી લીધું કે સીતા જીવિત હતી. તો હવે સિદ્ધ થઈ ગયું કે એ પવિત્ર હતી.

મને એ દિવસ યાદ આવી ગયો, જ્યારે નાનકડી બાળકીને આમ જ મારા હાથમાં ઉપાડીને હું વિંધ્યનાં જંગલોમાં ગયેલો. અસુર મહાનુભાવોએ એ બાળકીની હત્યા કરવાની જવાબદારી મને

સોંપેલી.

સમુદ્રતટેથી ટોળાં વિખેરાવા લાગ્યાં. નાટકનાં મુખ્ય પાત્રો હવે કિલ્લાની અંદર જતાં રહેલાં. ત્યાં હજી આખી રાત ઉજવણી ચાલવાની હતી. પવન અને વરસાદમાં કંપતો હું ત્યાં જ ઊભો રહ્યો.


બધા જતા રહ્યા, પછી હું ધીમે પગલે રાવણની ચિતા પાસે ગયો. વરસાદ હજી ચાલુ હતો, પણ એનું જોર ઘટેલું. અસ્તવ્યસ્ત થઈ ગયેલી ચિતા હવે રાખ અને કાદવના ઢગલા જેવી લાગતી હતી. એમાં ક્યાંક ક્યાંક હાડકાના અવશેષો અને અર્ધબળેલી ખોપરી ડોકિયાં કરતાં હતાં.

સમુદ્રનાં મોજાં હવે સાવ પાસે ઊછળી રહ્યાં હતાં. શૂન્યમનસ્ક થઈને હું એમનો એમ ત્યાં ઊભો રહ્યો. પછી મેં જોરથી લાત મારીને, મહાન અસુર સમ્રાટના અંતિમ અવશેષોને પાણીમાં પધરાવી દીધા.

થોડીવાર પછી મેં ઘરની દિશામાં પગ ઉપાડ્યા. સૂવાનો સમય થઈ ગયેલો.

o

નવજીવનનો ઉદય



ભદ્ર

રાવણના મૃત્યુ પછી અસુરોની તો માઠી દશા બેસી ગઈ. વર્ણવ્યવસ્થાને સંબંધિત ઘણી ગૂંચવણો હતી. નક્કી કોણ કરે કે કોણે કયા વર્ણમાં રહેવું?

આટલું ઓછું હોય એમ દરેક વર્ણમાં પાછી ગણી ગણાય નહીં એટલી ઉપજાતિઓ હતી. નિશ્ચિત માત્ર એટલું હતું કે સામાજિક માળખામાં સર્વોચ્ચ સ્થાને બ્રાહ્મણ હતા.

હું ધોબી જાતિનો હતો. એ સમજતાં મને લગભગ ત્રણ મહિના થઈ ગયા. સોની અને સુથારથી હું ઊતરતી જાતિનો હતો, પણ કઠિયારા, કુંભાર, ગામેગામ ફરતાં કવિઓ, ગાયકો વગેરેથી બહુ ઊંચો હતો.

ઊંચી જાતિના લોકો ચાલતા હોય ત્યારે એ માર્ગ પર રહેવાની છૂટ મને નહોતી, પરંતુ રસ્તે ચાલતા કોઈ કુંભાર મારી આડે ઊતરે તો એને લાત મારી દેવાનો અધિકાર મને હતો. સુથાર મારા સ્પર્શથી અને હું કઠિયારાના સ્પર્શથી અભડાઈ જતો હતો. જોકે બધી નીચલી જાતિઓ વચ્ચે એક સમાનતા હતી કે, અમારામાંથી કોઈને મોંઘાં વસ્ત્રો પહેરવાની અનુમતિ નહોતી. એ બધાં પર ઉપલા ત્રણ વર્ણનો જ અધિકાર હતો.

આખીયે વ્યવસ્થા વિકૃત હતી. બીજાઓને ઉતારી પાડવાની માનવસહજ વૃત્તિ એના પાયામાં હતી. મારાથી ઊંચી જાતિનો માણસ મારું અપમાન કરે, હું મારાથી નીચેના લોકોને ત્રાસ આપું અને આ બધાંને ફરતો દારુણ ગરીબીનો ભરડો.

નવા રાજાના આવ્યા પછી નવેક મહિનામાં આખાયે દક્ષિણ ભારત અને નાના-મોટા ટાપુઓ પર ભીષણ દુકાળ પડ્યો.

વ્યાપાર વાણિજ્ય ઠપ થઈ ગયેલા, કારણકે બ્રાહ્મણોના કહેવા મુજબ સાગરના કાળાં પાણી વટાવીને બીજી બાજુ જનાર ભ્રષ્ટ થઈ જાય. આવું કરનાર વ્યક્તિને જાતિ બહાર મૂકવાનો આદેશ છૂટતો. ઉચ્ચ જ્ઞાતિને મળતા અધિકારો ગુમાવી દેવાની બીકે, અમારા ત્યાંના વેપારીઓએ સાગર ખેડવાનું બંધ કરી દીધું.

આ વાતનો લાભ ચીની અને પીળા-પીંગળા વાળ ધરાવતા જંગલી લોકોએ લીધો. મરી-મસાલા અને બીજી મૂલ્યવાન ચીજોનો વ્યાપાર એમના હાથમાં જતો રહ્યો. અમને ખાવાના વાંધા પડી ગયા, પરંતુ સત્તાસ્થાને બેઠેલાને અમારી દયા નહોતી આવતી. એમણે તો પ્રજા પર નવાનવા કરવેરા લાદવાનું અને લોખંડી હાથે એની ઉઘરાણી કરવાનું ચાલુ જ રાખ્યું.

નદી પર બાંધેલા બંધ અને નહેરોમાં ગાબડાં પડી ગયેલાં અને ગામડાંઓમાં ધરતી સુકાવા લાગેલી. આ સંકટનો હલ વિચારી શકે એવી એકમાત્ર વ્યક્તિ, મય હવે કારાવાસમાં હતો. મયના વૈજ્ઞાનિક સિદ્ધાંતો, સંશોધનોને બ્રાહ્મણોએ હસી કાઢેલા. એમનું કહેવું હતું કે મયે જે

પણ સિદ્ધિ મેળવેલી એ અસુરોની મેલી વિદ્યાનું પરિણામ હતું.

અમારા માટે બહુ કપરો કાળ હતો. એક ટંક થોડું ખાવાનું મળે તોયે મોટી વાત ગણાતી. એવા સંજોગોમાં જોકે મને સહેજ સારી લાગે એવી એક ઘટના બની. રાવણના મૃત્યુ પછી થોડા મહિના જે ભયાનક અરાજકતા, તોફાનો અને લૂંટફાટનું વાતાવરણ સર્જાઈ ગયેલું, એનો લાભ લઈને મેં પણ આડીઅવળી થોડી તસ્કરી કરી લીધી અને એમાંથી નાનું ઘર બનાવ્યું હતું.

રાવણના શબ પરથી ચોરેલાં મૂલ્યવાન અલંકારો મેં ઘરની અંદર એક ખૂણે દાટી દીધા. ધોબી પાસે આવા દરદાગીના મળે તો એણે તુરંગમાં જવાનો વારો આવે. નીચી જ્ઞાતિના લોકો પાસે જે થોડીઘણી મૂલ્યવાન વસ્તુઓ હતી એ તો વિભીષણે ક્યારનીય જપ્ત કરી લીધેલી. મારી જેમ ઘણાંએ જોકે પોતાની મૂડી ભોંયમાં ભંડારી દીધેલી.

અંધકાર્યભર્યા એ કાળમાં આશાનું કિરણ ઝબકે એવી અફવા અમારે કાને પહોંચી. કાયદાનો ભંગ કરીને વરુણ એનાં વહાણોમાં વરુણ લોકોને દૂર પૂર્વના દેશોમાં લઈ જતો હતો. ઉપર બેઠેલા અધિકારીઓ કે નીતિ-નિયમોની માળા જપ્યા કરતા બ્રાહ્મણોને આ પ્રવૃત્તિની ગંધ આવી હોય તોયે કોઈની હિંમત નહોતી કે વરુણ જેવા માણસને આંગળી પણ અડાડે.

કુબેર, રાવણ, રામ, ગમે તેનું શાસન હોય, પણ વરુણનો સ્વામી એક જ હતો – ધન.

પહેલાં તો હું ખચકાયો, પણ ભૂખ અને પત્નીનો કકળાટ અસહ્ય થઈ પડ્યો ત્યારે મેં સાહસ ખેડવાનું નક્કી કરી નાખ્યું. મારે બીજા દેશમાં જવું છે એવું મેં જાહેરમાં કહ્યું, એના બીજા જ દિવસે વચેટિયો કહેવાય એવો એક માણસ અમારા ઘરને દરવાજે આવીને ઊભો રહી ગયો.

કારકિર્દીની શરૂઆત એણે કુબેરના કાર્યાલયમાંથી કરેલી અને હવે વિભીષણની રાજ્યવ્યવસ્થામાં ઉચ્ચ હોદ્દા પર બિરાજતો હતો. એના કહેવા પ્રમાણે એ પોતે નાત-જાતના ભેદભાવમાં નહોતો માનતો, પણ પત્નીના આગ્રહને વશ થઈને નીચી ગણાતી જાતિઓથી દૂર રહેતો હતો. એટલે જ એ અમારાં ઘરની અંદર પ્રવેશવાને બદલે બહાર ઊભો રહ્યો.

અમે રોષને બદલે રાહત અનુભવી. આગંતુકની મહેમાનગતિ કરી શકાય એવું કંઈ અમારા ઘરમાં નહોતું. અમારા હાથનું પાણી પીવાની એણે ના પાડી, પરંતુ અમારું નાણું લેવામાં એને કોઈ બાધ નડ્યો નહીં.

રોકડ રકમ તો અમારી પાસે નહોતી, પણ પત્ની સાથે વિચારવિમર્શ કરીને મેં છેવટે ઘરમાં દાટી રાખેલા દાગીના બહાર કાઢ્યા. સુવર્ણનો ઝગમગાટ જોતાંની સાથે વચેટિયાની લાલચુ આંખો અંજાઈ ગઈ. જાતિભેદ ભૂલીને એ અમારી સાથે હસીહસીને વાતો કરવા લાગ્યો.

અલંકારોના બદલામાં, અમને પતિપત્નીને દૂર પૂર્વના દેશમાં પહોંચાડી દેવાનું વચન આપીને એ વિદાય થયો. 'બે દિવસમાં વહાણ આવી જશે અને એમાં તમારા માટે બધીયે સુવિધાવાળો રજવાડી કક્ષ તૈયાર હશે.' એવું એણે કહેલું. પણ એ વાતને બે અઠવાડિયાં વીતી ગયાં. અમે છેતરાઈ ગયા, એવું સ્વીકારી લેવા માટે હું મનને મનાવતો હતો. ત્યાં જ એક અંધારી રાતે અમારા ઘરનો દરવાજો ખખડ્યો.

બહાર ઊભેલા વચેટિયાએ મારા હાથમાં કંઈક લખેલું, તાલપત્ર પકડાવ્યું. થોડે દૂર બીજા બે-ત્રણ જણ ઊભા હતા. અમારી ઘરવખરી કહો કે માલમત્તા, માત્ર એક પોટલામાં સમાઈ ગઈ. એ લઈને હું અને માલા નદી તરફ ઊપડ્યાં. ત્યાં એક તરાપામાં અમારાં જેવાં બીજાં ત્રણ યુગલ અને સાધુ જેવો લાગતો પુરુષ બેઠા હતા. લગભગ અડધા કલાક પછી બીજું એક યુગલ આવ્યું, અને ફાંદાળા અધિકારીએ સસ્મિત વદને હાથ હલાવીને અમને વિદાય આપી.

તરાપો નદીના મુખ તરફ સરકવા લાગ્યો. જીવનનો એક મોટો સમય જ્યાં સુખેદુઃખે ગાળ્યો

હતો, એ લંકાબેટ મારી આંખોથી દૂર ને દૂર થતો ગયો. એ ધરતી છોડવાનો આનંદ હતો અને વિષાદ પણ! મારી જેમ દરેક જણ પોતપોતાનાં સ્મરણો અને સ્વપ્નોમાં ખોવાઈ ગયેલું.

સમુદ્રમાં દૂર નાંગરેલા મોટા વહાણ પાસે અમારો તરાપો પહોંચ્યો. તૂતક પરથી નીચે લટકતી દોરડાની નિસરણી પર ચઢીને અમે વહાણમાં પગ મૂક્યો. પછી અમારા સુવિધાપૂર્ણ રજવાડી કક્ષ તરફ અમને કોઈ દોરી જાય એની રાહ જોતા ઊભા રહ્યા. અમે ભોળા લોકો જાણતા નહોતા કે અમારી સાથે કેવી મોટી રમત રમાઈ ગયેલી.

ખાસ્સી રાહ જોવડાવ્યા પછી તૂતક પર અમારી પાસે આવેલા માણસે, અમને જોતાંની સાથે જ વહાણમાંથી ઊતરી જવાનો આદેશ આપ્યો, 'પણ શું કામ?' મારી સાથે ઊભેલા, મારા જેવી જ કાળી ત્વચા ધરાવતા યુવાન શિવે પૂછ્યું. એની સાથે એની પત્ની અરસી હતી. બંને જણ ચામડીએ કાળા, પણ નાકનકશે બહુ નમણાં અને આકર્ષક હતાં. થોડા દિવસ પહેલાં જ એમનાં લગ્ન થયેલાં અને હવે પોતાની નારિયેળીની વાડી વેચીને એ અમારી જેમ વિદેશ જવા નીકળ્યાં હતાં. છેલ્લી ઘડીએ વહાણમાંથી ઊતરી જવાની વાત સાંભળીને શિવ ઊકળી પડ્યો.

'તમે અસ્પૃશ્ય જાતિના લાગો છો. વહાણમાં બીજા પ્રવાસીઓ વાંધો લેશે. તરાપો હજી ઊભો છે. એમાં બેસીને પાછા જતા રહો. યાત્રા માટે તમે જે રકમ ચૂકવી છે, એ છ-આઠ મહિનામાં પાછી મળી જશે. હવે જાવ નહીં તો ધક્કા મારીને ઉતારવા પડશે. પછી પાણીમાં તરીને કિનારે પહોંચવાનો વારો આવશે.' આવું કહીને વરુણના માણસે પીઠ ફેરવી લીધી.

શિવ અને હું સ્તબ્ધ થઈ ગયા, પણ માલા બહુ ચતુર નીકળી. 'જલદી તારી માળા લાવ' એણે અરસીના ગળા તરફ સંકેત કરતાં કહ્યું. પોતાની અંતિમ મૂડી જેવી સુવર્ણમાળા અરસીએ પરાણે ગળામાંથી ઉતારીને માલાને આપી.

એને મારા હાથમાં મૂકીને માલાએ કહ્યું, 'જાવ, પેલાના પગ પકડી લો. હવે પાછા નહીં જવાય.'

માલાની યુક્તિ કામ કરી ગઈ. મૂલ્યવાન માળા જોઈને પેલો માણસ પીગળ્યો. જોકે એણે દેખાવ તો એવો જ કર્યો કે અમારા પર એને બહુ દયા આવી ગયેલી. રજવાડી શયનકક્ષ, સુવિધાપૂર્ણ યાત્રાનાં સપનાં અમારે ભૂલી જવાનાં હતાં. ઊંડા અંધારિયા ભંડકિયામાં બેસીને અમે યાત્રા શરૂ કરી.

અસ્પૃશ્ય હોવા છતાં વહાણમાં અમને જગ્યા મળી એ કૃપાના બદલામાં અમારે કેડ ભાંગી નાખે એટલું કામ કરવાની ફરજ પડી. એંઠાં વાસણ અને મેલાં વસ્ત્રો ધોવાનાં, વહાણના તૂતક અને બીજા કક્ષ સાફ કરવાના, મળમૂત્રથી ભરેલાં પાત્રો સાગરનાં પાણીમાં ઠાલવવાનાં... અને હા, ઉચ્ચવર્ણના લોકોની આડે ન ઊતરીએ એનું ધ્યાન રાખવાનું.

સૂર્યપ્રકાશ પણ અમે માંડમાંડ જોવા પામતા. પાણી પર સતત હિલોળા લેતા, ઉપર-નીચે થતા લાકડાના વહાણમાં જીવ મોળો થયા કરતો, ઊબકા આવતા, પણ હસતે મોઢે અમે બધું સહન કરી લીધું. સિંહપુર તરીકે ઓળખાતા નગરમાં પહોંચ્યા પછી બધાં સારાં વાનાં થઈ જશે, એવી આશાએ અમને જીવિત રાખ્યા.

આમ ને આમ લગભગ મહિનો વીતી ગયો. પછી એક સવારે ઉપલા તૂતક પર બૂમ પડી, 'એ જુઓ, આવી ગયા.'

અમે દોડાદોડ ઉપર ગયા. ઝળહળતા સૂર્યપ્રકાશે આંખો આંજી નાખી. સાગરમાંથી હવે અમે એક નદીના મુખમાં પ્રવેશ્યા હતા. બંને બાજુ ગીચ, હરિયાળાં જંગલ હતાં. પાણીની સપાટી પર પણ જ્યાં નજર પહોંચે ત્યાં સુધી વનસ્પતિઓ પથરાયેલી હતી. ખુલ્લી, પહોળી નદીમાં

પ્રવેશતાંની સાથે અમે દૂર એક ઊંચા મંદિરનું કાળું શિખર જોયું.

જીવનમાં પહેલીવાર અમે આવડી મોટી નદી જોયેલી. બધાંના ઉત્સાહનો પાર નહોતો. એક મોટા બારામાં વહાણ નાંગર્યું. સફેદ પાઘડી પહેરેલા માણસોએ વહાણમાંથી માલ ઉતારવાનું શરૂ કર્યું. વહાણમાં જગ્યા આપનારો માણસ, અમને કળાય નહીં એવું સ્મિત આપીને નીચે ટોળામાં અદૃશ્ય થઈ ગયો.

એ શઠે કરેલા સ્મિતનો અર્થ અમને થોડીવાર પછી સમજાયો જ્યારે અમે વહાણમાંથી ઊતર્યા.

બંદર પર માણસોની ભીડ હતી, પણ એમના દેખાવ, પહેરવેશ, ભાષા બધુંયે અમારા માટે અજાણ્યું હતું. એ લોકો અમારી વાત નહોતા સમજતા. છેવટે મેં અમારા જેવી જ ઘેરી, શ્યામળી ત્વચા ધરાવતો એક માણસ જોયો. હિંમત ભેગી કરીને હું એની પાસે ગયો. એને તમીલ ભાષામાં પૂછી લીધું કે, આ જ સિંહપુર હતું ને!

પહેલાં તો એણે અમારી સામે એવી રીતે જોયું, જાણે હું ગાંડો થઈ ગયો હોઉં. પછી એણે એની બાજુમાં ઊભેલા બે ઊંચા ગોરા માણસોને સંસ્કૃતમાં કંઈ કહ્યું, અને એ બધાંય ખડખડાટ હસી પડ્યા. 'તમે મૂર્ખાઓ, વરુણના વહાણમાં આવ્યા?' હસી લીધા પછી એણે પૂછ્યું.

'હા, સ્વામી, કેમ?' મારા પેટમાં ઠંડોગાર શેરડો પડ્યો.

એણે બીજો સાલ પૂછ્યો, 'કઈ જાતિના છો?'

'ધોબી, સ્વામી.' મેં કહ્યું. શિવ અને અરસીની જાતિ હું નહોતો જાણતો.

'એટલે જ આવી મંદબુદ્ધિ છે. અરે ભાઈ, આ સિંહપુર નથી, દેવીકાલીનું શહેર છે. તમારા જેવા ઘણાને વરુણ આમ જ છેતરી રહ્યો છે.'

સાંભળતાની સાથે અરસી અને માલાએ તો મોટે સાદે પોક મૂકી. રોષના માર્યા મારી આંખો પણ છલકાઈ પડી. હુંયે માથું કૂટવા લાગ્યો. અમારામાંથી માત્ર શિવે થોડીઘણી સ્વસ્થતા જાળવી રાખી. એણે પેલા માણસને સહાય માટેની આજીજી કરી.

પહેલાં તો સામેવાળાએ અમને હડધૂત જ કર્યા, પણ શિવ વળગી રહ્યો. પેલાને દયા આવી. 'હવે રોકકળ બંધ કરીને મારી વાત સાંભળો.' એણે થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું, 'જુઓ મિત્રો, આ નાનું ગામ છે. છૂટુંછવાયું કામ મળી જશે પણ એના કરતાં તમે અયોધ્યા જાવ. ઉત્તર-પશ્ચિમે આવેલા એ નગરમાં રાજા રામનું શાસન છે. શહેર મોટું અને સમૃદ્ધ છે. ત્યાં તમારા જેવા મજૂરોને પુષ્કળ કામ મળી રહેશે. મેં સાંભળ્યું છે કે ત્યાં કામનું વળતર પણ સારું મળે છે. અયોધ્યા જઈને ભાગ્ય અજમાવી જુઓ.'

અમે સાંભળી રહ્યા. એણે થોડું વધુ વિચારીને કહ્યું, 'મારો એક પરિચિત વેપારી અહીંથી ચોખા ભરીને સરયુ નદીના માર્ગે અયોધ્યા જાય છે. એ પણ દક્ષિણ ભારતથી અહીં આવીને વસ્યો છે. એના કાને હું વાત નાખી જોઈશ. તમારું ભાગ્ય જોર કરતું હશે તો એની નૌકામાં તમને જગ્યા મળી જશે.'

ગળગળા થઈને અમે હાથ જોડ્યા. અમારી સામે જોઈને એણે થોડી કરુણાના ભાવે કહ્યું, 'આજ રાતે અહીં જ રોકાઈ જાવ. કાલી મંદિર પાસે ગરીબોને મફત ભોજન અપાય છે. ત્યાં જઈને જમી લ્યો. વહેલી સવારે ઘાટ પર આવી જજો. આંસુ પાડીને હવે કોઈ અર્થ નથી સરવાનો. જે થયું એ ભૂલી જાવ. કદાચ જે થયું એ તમારા માટે સારું જ હશે.'

આટલું કહીને એ ભલો માણસ પોતાની નૌકામાં બેસી ગયો. જતાંજતાં એ સૂચના આપતો ગયો કે, 'આગળના મુખ્ય માર્ગથી જશો નહીં. હલકી વર્ણના લોકોને ત્યાં ચાલવા પર પ્રતિબંધ

છે. મંદિરે જવા માટે પાછલી શેરીનો ઉપયોગ કરજો.'

કાલી દેવીના નગરમાં અમે રાત વિતાવી. ભૂખ્યા પેટે સૂવું ન પડ્યું. મંદિરમાંથી મળેલું થોડું ભોજન લઈને અમે નજીકમાં જ ખુલ્લા આકાશ નીચે લંબાવી દીધું. કાન પાસે મચ્છર ગણગણતા હતા. દૂર જંગલમાંથી વાઘની ત્રાડો સંભળાતી હતી. મને રાત આખી ઊંઘ ન આવી.

અને અયોધ્યા! મારા મનમાં કુતૂહલ કૂદાકૂદ કરી રહ્યું હતું. રામ એના ભાઈ અને પત્ની સાથે પુષ્પકમાં બેસીને લંકાથી અયોધ્યા ભણી ઊડી ગયા, એ ઘટનાને લગભગ વરસ થઈ ગયેલું.

પરોઢિયું થતાંની સાથે અમે ઘાટ પર પહોંચીને, ચોખા ભરેલી નૌકામાં સવાર થઈ ગયાં અને નીકળી પડ્યાં અયોધ્યાની દિશામાં. રાજા રામની રાજધાનીમાં પહોંચતાં અમને પૂરા ત્રણ દિવસ લાગ્યા

ત્રણ દાયકા પહેલાં રાવણની સાથે મેં જે નાના ગામડા જેવું અયોધ્યા જોયેલું, એની જગ્યાએ હવે મોટું, વિકસિત નગર ઊભું હતું. ત્રિકોટા અને મુઝુરીસ જેવો ઝળહળાટ, વૈભવ અહીં નહોતો, પણ પહેલાંની તુલનાએ પરિસ્થિતિ અનેક ગણી સુધરી ગયેલી એમાં કોઈ શંકા નહોતી.

અમે અયોધ્યાની શેરીઓમાં આંટા માર્યા. મનમાં ફફડાટ જરૂર હતો કે જે વિસ્તારમાં જવા માટે અમારા પર પ્રતિબંધ હતો, વિસ્તારોમાં ભૂલથીય જઈ ન ચઢીએ! માર્ગ પર બધી સંજ્ઞાઓ સંસ્કૃતમાં હતી અને નગરજનો પણ એ જ ભાષામાં વાત કરતા હતા. અમને એમાંથી કંઈ સમજાતું નહોતું. આવતા-જતા બધા માણસો અમને ધક્કે ચઢાવતા હતા.

છેવટે જેની બીક હતી એ થયું. નગરરક્ષા દળના લોકોની નજરે અમે ચઢી ગયાં. એ અમને પકડીને થાણામાં લઈ ગયાં. આ સ્થળે બેઠેલા રામના માણસો રાવણના સંત્રીઓ જેવા જ હતા. ગડદાપાટુ મારીને એમણે મને અને શિવને અધમૂઆ કરી નાખ્યા. અમારી સ્ત્રીઓ કાળો કકળાટ કરતી રહી.

અમને મારઝૂડ કરીને થાક્યા પછી એ લોકો નજીકમાં નાની દુકાન ધરાવતા એક વેપારીને પકડી લાવ્યા. એ માણસ મારી ભાષા જાણતો હતો. અમે એની સામે, અને એણે પછી સુરક્ષાકર્મીઓ સમક્ષ અમારી કરમકથની વર્ણવી.

સાંભળીને પહેલાં તો એ બધાં બહુ હસ્યા, અમારી હાંસી ઉડાવી અને પછી એમણે અમારી જાતિ પૂછી. અમે ધોબી હતા એ સાંભળીને એણે પેલા દુકાનદારને આદેશ આપ્યો, લઈ જાવ આ બધાંને ધોબીઓની વસ્તીમાં!

પોતાનું કામકાજ છોડીને આ સમાજસેવા કરવા સામે દુકાનદારે પહેલાં તો વિરોધ નોંધાવ્યો, પણ સુરક્ષાકર્મીના હાથે બે દંડાની પ્રસાદી ચાખ્યા પછી એની સાન ઠેકાણે આવી ગઈ. ઉતાવળે એ અમને નદીકિનારે આવેલા ધોબીવાસમાં લઈ ગયો અને અમે આભારના બે શબ્દ ઉચ્ચારીએ એ પહેલાં તો અદૃશ્ય થઈ ગયો.

આખોયે વાસ એક નાનકડા ગામ જેવો હતો. અસુર, નાગ, કિન્નર, ગાંધર્વ, કાળા મેશ જંગલીઓ, પીળી ચામડી ધરાવતા ચીના, દૂરદૂરના કોઈ ઠંડા પ્રદેશમાંથી આવેલા પીળા કેશવાળા અસભ્ય નરનારીઓ, વર્ણસંકરો.... બધાંયે પ્રકારના લોકો અહીં આવીને વસેલાં. દેખાવે ભલે એકમેકથી જુદા પડતાં હોય પણ જાતિ બધાંની એક જ હતી – ધોબી.

અહીં ઉત્તરભારતમાં જ્ઞાતિવ્યવસ્થા બહુ પ્રાચીન અને સર્વવ્યાપી હતી. હજારો વર્ષોથી જુદાંજુદાં કુળ કે વંશના લોકો વચ્ચે લગ્નો થતાં હતાં, પણ જાતિ નહોતી બદલાતી. માતા-

પિતામાંથી જેની જાતિ વધુ હલકી હોય, એના જ ગુણ સંતાનમાં આવતા હોવાનું મનાતું. એની જાતિ પણ એ જ ગણાતી.

આ માળખામાં કોઈ ફેરફાર નહોતો થતો. આખીયે જાતિનો એક આગેવાન રહેતો. એ રાજાની જેમ નક્કી કરતો કે એના લોકોએ શું કરવું – ન કરવું. આવા જ એક મુખિયાની સામે અમે હાજર થયા. એણે અમારી લાંબી પૂછપરછ કર્યા પછી નદીકિનારે આવેલા એક ઝૂંપડામાં રહેવાની સૂચના આપી.

દર મહિને અમારી કમાણીમાંથી દસમો ભાગ જાતિના સામૂહિક કોષમાં આપવો ફરજિયાત હતો. એની ચાવી સ્વાભાવિક રીતે જ પેલા વયોવૃદ્ધ આગેવાનના હાથમાં રહેતી.

અમે કોઈ રકઝક કે દલીલ કરવાની સ્થિતિમાં ન હતા. અજાણી ભૂમિ પર રહેવા માટે ઘર અને પેટ ભરવા પૂરતું અન્ન મળે, એટલું જ અમારા માટે બસ હતું. અમે નવા ઘરમાં નવેસરથી અમારો સંસાર માંડી દીધો.

દેવોના પ્રદેશમાં સ્વચ્છ અને ગંદું પાણી લઈ જતી જુદી-જુદી નલિકાઓ કે પર્જન્યવાહિની બનાવવાનો વિચાર કોઈને કદાચ આવ્યો જ નહોતો. નદીકિનારે ખુલ્લામાં અમે શૌચક્રિયા કરતા હતા. એના પાણીમાં ભેંસોને નવડાવતા હતા, મેલાં વસ્ત્રો ત્યાં ધોવાતાં હતાં અને એમાંનું જ પાણી નગરજનોને પીવા માટે પણ પહોંચાડાતું હતું. જોવાનું એ કે જે નદીમાં લોકો આટલી ગંદકી ઠાલવતા, એને જ પાછી અતિ પવિત્ર પણ ગણતાં હતાં.

ધીમેધીમે અમે આ નવા જીવનમાં ગોઠવાઈ ગયાં. સંસ્કૃત શીખીને અડોસી-પડોસી સાથે વાતો કરતાંયે થઈ ગયાં. અમે અમારા સ્થાને, અમારી મર્યાદામાં રહીએ અને ઊંચે પહોંચવાનો પ્રયાસ ન કરીએ ત્યાં સુધી દેવોની આ વર્ણવ્યવસ્થા બધાં માટે અનુકૂળ હતી. જાતિનો આગેવાન રાજ્ય પ્રશાસન વતી, અમારી પાસેથી કરવેરા ઉઘરાવીને ઉપર પહોંચાડી દેતો હતો. શાસન-પ્રશાસનનો કોઈપણ અધિકારી ક્યારેય પણ ધોબીવાસમાં પગ નહોતો મૂકતો. કુંભારવાસમાં અને વણકરવાસમાં પણ આ જ નિયમો હતા.

પંદર દિવસે એકવાર અમે શહેરની બહાર આવેલી બજારમાં જઈને જરૂરિયાતની વસ્તુઓ ખરીદી લાવતા. જીવન અહીં સાવ બીબાંઢાળ હતું. અસુર નગરોમાં જોવા મળતી એવી ખુલ્લી, તીવ્ર સ્પર્ધાઓ અને આંટીઘૂંટી અહીં નહોતી. વર્ણવ્યવસ્થા અમાનુષી કહેવાય એટલી જડ હતી, અને નીચલી જાતિની ગણના પશુઓમાં જ થતી હતી. પરંતુ દરેક જાતિનાં પોતાનાં રહેણાંક સંકુલોમાં શાંતિ અને સમાનતા હતી. જાતિનો આગેવાન એમાં અમુક અંશે અપવાદ ગણાતો. એનો પરિવાર કદાચ પોતાને બીજાથી થોડા ઊંચા હોવાનું માનતો હતો. પરંતુ કાયદેસર, ઉચ્ચ વર્ણ કે સવર્ણ ગણાય એવી કોઈ વ્યક્તિ અમારા વાસમાં નહોતી આવતી.

દેવોની વર્ણવ્યવસ્થાનું સહુથી સબળ જમા પાસું એ હતું કે અહીં સ્પર્ધાને ક્યાંય સ્થાન નહોતું. દરેક જાતિને એક ચોક્કસ કાર્ય સોંપાતું હતું, એ જાતિના દરેક માણસને કામ મેળવવા બહાર દોડવાની કે પેટ ભરવાની ચિંતા નહોતી રહેતી. નગરમાં દરેક જાતિ પોતપોતાના વાડા, વાસમાં રહેતી હતી અને એમની વચ્ચેનો સંબંધ માત્ર ખપપૂરતો હતો.

અસુર રાજ્યમાં બીજાથી આગળ નીકળી જવાની વૃત્તિને પરિણામે દરેક ક્ષેત્રમાં તીવ્ર સ્પર્ધા હતી. બધાંને ભૌતિક સુખસગવડોની ભૂખ હતી. એમાંથી જ વિશાળ ભવ્ય નગરો ઊભાં થયાં હતાં. એની તુલનાએ રામનાં શહેરો શાંત પણ બંધિયાર વિશ્વ જેવાં હતાં, જેના પાયામાં બળકટ વર્ણવ્યવસ્થા હતી. જન્મની સાથે જ વ્યક્તિનું સ્થાન નક્કી થઈ જતું. આ માળખામાં મોટાં સપનાં અને મહત્ત્વાકાંક્ષાને સ્થાન નહોતું. બહારથી આવેલા અમારા જેવા લોકોને બહુ જલદી

આ સમજાઈ જવાનું હતું.

પાસેની નદીની જેમ અમારું જીવન પણ સરળતાથી વહ્યે જતું હતું. જોતજોતામાં વર્ષો વીતી ગયાં. અરસીએ પુત્રને જન્મ આપ્યો. અમે શિવ પરથી એનું નામ શંબુક પાડ્યું. ઝપાટાભેર એ મોટો થઈ રહ્યો હતો. વયના પ્રમાણમાં એની બુદ્ધિ અને પરિપક્વતા ખૂબ વધારે હતી. મારા શુષ્ક જીવનમાં પણ એના આવવાથી ઉત્સાહ અને આનંદ પાછા ફર્યા હતા.

શંબુક સાથે રમતાં, એને તરતાં શીખવતાં, નાનાં પંખીઓનો શિકાર કરવા માટે એની તાલીમ આપતાં આપતાં જાણે મારી યુવાનીના દિવસો પાછા ફર્યા હતા. એની સાથે હોઉં ત્યારે હું એના જેવો થઈ ગયો હોય એમ લાગતું.

સખત પરિશ્રમનું કામ તો મેં હવે વર્ષોથી છોડી દીધેલું. મારો ઘણોખરો ભાર શિવે ઉપાડી લીધો હતો. મારી સાથે એને લોહીનોય સંબંધ નહોતો, પણ એ મારા સગા પુત્ર જેવો થઈ રહેલો. એ મહેનતુ હતો અને ચતુર પણ. રાજમહેલની ચાદરો અને બીજાં કપડાં ધોવાનું કામ અમને જ મળે. એ માટે શિવે ત્યાંના માણસોને આજીજી કરવાથી માંડીને લાંચ આપવા સુધીની દરેક યુક્તિ અજમાવી લીધેલી અને છેવટે મેળવીને જ જંપ્યો. કદાચ સામે દેખાતી તકને ગમે તે ભોગે ઝડપી લેવાની વૃત્તિ એના અસુર લોહીમાં હતી.


કામની સાથે અમે અમારા ઘરનું પણ વિસ્તરણ કર્યું. બોજ વેંઢારનારા ગધેડા તો અમારી પાસે હતા જ. પછી એમાં બે ગાયનો ઉમેરો થયો. નાની-નાની સુવિધાઓ હવે અમારા જીવનને વધુ ને વધુ આરામદાયક બનાવવા લાગેલી.

મને કોઈ ચિંતા નહોતી. નદીકિનારે બેસીને વહેતાં પાણી, એમાં રમતાં જળચરો અને પક્ષીઓ, આવતી જતી નૌકાઓ અને નીલગગનમાં આમથી તેમ ફરતાં વાદળાં જોવામાં મારો સમય ક્યાં પસાર થઈ જતો હતો એની ખબર મને પણ નહોતી પડતી.

ઘણીવાર શંબુક આવીને મારી સાથે બેસતો. મને એ દાદાજી કહેતો અને કંઈ ને કંઈ નવું શીખવવા માટે પજવ્યા કરતો. એ છોકરાને જોતાંની સાથે મારા હૃદયમાં આનંદ અને ગર્વની હેલી ચઢી આવતી. દુઃખના દિવસો બહુ પાછળ રહી ગયેલા. ફરી એકવાર મને આ વિશ્વ અદ્ભુત અને જીવન સુંદર લાગવા માંડ્યું હતું.

o

ધર્મની તલવાર



ભદ્ર

જીવન જ્યારે સોહામણાં સ્વપ્ન જેવું ભાસવા લાગે, અને એ સ્વપ્નનો ક્યારેય ભંગ નહીં થાય એવું કોઈ માની બેસે ત્યારે જ એના ચિત્તમાં મૂર્ખતાભર્યા વિચારો અને અશક્ય, જોખમી ગણાય એવી ઝંખનાઓનો પગપેસારો થવા લાગે. આનું સહુથી મોટું ઉદાહરણ હતી શંબુકની માતા અરસી.

શંબુક દેખાવડો હતો, બુદ્ધિમાન અને ચતુર હતો એની ના નહીં, પરંતુ એનો અર્થ એવો થોડો થાય કે એની મા, એને ધોબીને બદલે કોઈ મોટો મહત્ત્વનો માણસ બનાવવાના તરંગમાં રાચવા લાગે?

પરંતુ કોઈપણ માતાના મનમાં એકવાર એવો વિચાર ઘર કરી જાય કે એના સંતાનમાં અદ્ભુત, અસામાન્ય ગુણો છે. પછી એ વિચારોને બહાર કાઢવાનું કઠિન જ નહીં, અશક્ય થઈ જાય.

અરસીને મેં ચેતવી કે આપણા જેવા લોકોને આવાં સપનાં જોવાનો અધિકાર નહોતો. શિવે પણ એને સમજાવવાના પ્રયાસ કર્યા, પણ બધું પાણીમાં. અધૂરામાં પૂરું શંબુકને ભણાવવાની જીદમાં અરસી સાથે માલા પણ જોડાઈ. એમનું કહેવું હતું કે અમે હવે ગરીબ નહોતા અને શંબુક હોંશિયાર હતો, તો પછી શું કામ એને અભણ રાખવો જોઈએ!

સમસ્યા એ હતી કે શંબુક આઠ વર્ષનો થઈ ગયેલો. અસુરોના કોઈ નગરમાં રહેતો હોત તો આટલી વયે એ લખતાં, વાંચતાં અને ગણિતના દાખલા કરતો થઈ ગયો હોત. અહીં તો એને હજી એક અક્ષરનું જ્ઞાન પણ નહોતું. એના માટે શિક્ષક શોધવા ક્યાં જવું? અયોધ્યામાં કઈ પાઠશાળા કે ગુરુકુળમાં ધોબીના પુત્રને પ્રવેશ મળે?

સ્ત્રીઓની જીદ સામે ઝૂકી પડેલા શિવને જોકે વિશ્વાસ હતો કે, લક્ષ્મી દેખીને ભલભલા મુનિવર ચળી જાય તો શું એક ગુરુ ન મળે! અને છેવટે શંબુક માટે એણે નદીને સામે પાર એકલાઅટૂલા પોતાની જ ધૂનમાં મસ્ત રહેતા શિક્ષક શોધી કાઢ્યા.

સરયુને સામે પાર ગાઢ જંગલ હતું. પશુ-પક્ષીઓની સાથે ત્યાં થોડા એવા સંન્યાસીઓ, સાધુબાવા પણ વસતા હતા, જેમને આ દુન્વયી સંસાર સાથે કોઈ લેવાદેવા નહોતી. શરીરે રાખ ચોળીને ગળામાં હાડકાં-મૂંડની માળા પહેરીને ભમ્યા કરતા આ સાધુઓ ઘણીવાર સામાન્ય માણસને અશક્ય લાગે એવી મુદ્રામાં કલાકો સુધી ઊભા રહેતા. એવું કહેવાતું કે એમને ઈશ્વરની, આત્મજ્ઞાનની, બ્રહ્માની શોધ હતી. જે હોય તે પણ એ હતા ભારે વિચિત્ર અને દેવોની વર્ણવ્યવસ્થામાં એમને ગોઠવવાનું કઠિન હતું. વનવગડામાં બધાંથી દૂર એકલાઅટૂલા રહેવાનું જ એમને ફાવી ગયેલું.

સામાન્ય લોકો એમનાથી બીતા અને એ સાધુઓ પાસે ચમત્કારિક શક્તિ હોવાની ચર્ચાઓ

કરતા. જોકે મને એવી કોઈ બીક નહોતી. હું ઘણીવાર એ જંગલોમાં જતો અને એમાંથી થોડા લોકો સાથે વાતચીત કરવા પણ બેસી જતો. એમને જાતપાતની કંઈ પડી નહોતી. આખી અયોધ્યામાં કદાચ એ જ લોકો હતા, જેમણે ક્યારેય મારાં વર્ણ કે જાતિ વિશે પડપૂછ નહોતી કરી. મારી સાથે ક્યારેક સુરા, તો ક્યારેક ધૂમ્રપાનનો આનંદ માણવામાંયે અમને છોછ નહોતો. સમાજથી દૂર, એમની સાથેનું મારું જુદું જ મજાનું જગત હતું.

શિવે એમાંથી એક બાવાજીને શોધી કાઢ્યા, જેમને જાત-પાત કે શુદ્ધતાની લપ્પન-છપ્પન નહીં, પણ નગરમાંથી મળતી સુરા અને ગાંજો ફૂંકવામાં જ રસ હતો. જોકે એની વિદ્વતા સામેવાળાને પ્રભાવિત કરી દે એવી હતી. સંસ્કૃત, અસુર, ગાંધર્વ અને કિન્નરોની બોલી ઉપરાંત એમને જંગલી વિદેશીઓની ભાષાનું પણ જ્ઞાન હતું. વેદ, જ્યોતિષ અને બીજાં શાસ્ત્ર, વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ એણે કરેલો. અમને લાગ્યું કે શંબુક માટે આ સાધુથી વધુ સારો, બીજો કોઈ શિક્ષક ન હોઈ શકે. બસ એની એક જ શરત હતી કે એને અમારે ગુરુનું સંબોધન કરવું.

સુરાના કેફમાં ગુરુજીએ એકવાર એમના ભૂતકાળ વિશે ઘણી વાતો કરી નાખી. ત્યારે અમને જાણ થઈ કે એનો જન્મ પંચનદીના પ્રદેશમાં બ્રાહ્મણકુળમાં થયેલો, પણ તરુણવયે એ ફરતા-ફરતા અયોધ્યા આવી ચઢેલા. અહીં નાનાંમોટાં કામ કરીને એમણે કારકિર્દીમાં પ્રગતિ તો કરી, પરંતુ જન્મે બ્રાહ્મણ હોવા છતાં વર્ણવ્યવસ્થા અને જાતિભેદ પર આધારિત રાજ્યવ્યવસ્થામાં એમને ગોઠ્યું નહીં. પ્રશાસનમાં મળનારો ઉચ્ચ હોદ્દો પણ એમણે છોડી દીધો.

ગુરુજી પાસે રસપ્રદ વાતોનો મોટો ભંડાર હતો. પિતાએ આપેલા વચનને કારણે રામે જ્યારે રાજપાટનો ત્યાગ કર્યો ત્યારે ગુરુજી અયોધ્યામાં હતા અને યુવાન રામ એકવાર મહર્ષિ જાબાલીને મળ્યા. એ પ્રસંગના પણ એ સાક્ષી બન્યા.

જાબાલીના મતાનુસાર સૃષ્ટિમાં ભગવાન, આત્મા, પુનર્જન્મ, સ્વર્ગ-નર્ક જેવું કંઈ હતું જ નહીં. મનુષ્યને આ એક જીવન મળેલું, જેને અંત સુધી માણી લેવાનું હતું.

શુદ્ધતા અને પરંપરાના આગ્રહી રામને ગળે એ વાત નહોતી ઊતરી. એ તો પત્ની અને ભાઈની સાથે વનવાસ ગાળવા ઊપડી ગયા. પરંતુ જાબાલીની વાતો અને તર્કથી પ્રભાવિત થઈ ગયેલા ગુરુજીએ એમનું શિષ્યત્વ સ્વીકારી લીધું. રાજ્યનો ઉચ્ચ હોદ્દો પણ ત્યાગી દીધો.

અયોધ્યાની ગાદી પર દશરથ હતા ત્યાં સુધી દરેક વ્યક્તિને પોતપોતાના અભિપ્રાય દર્શાવવાની છૂટ હતી. અયોધ્યામાં વર્ણવ્યવસ્થા સામે વિરોધ કરનારા જાબાલીને પણ કોઈ રોકટોક કરવાવાળું નહોતું. પરંતુ રામને નામે ભરતે ગાદી સંભાળી અને રૂઢિચુસ્તતાનો યુગ પાછો ફર્યો. ધર્મ, કર્મકાંડ, વર્ણવ્યવસ્થા સામે બોલનારનાં મોઢાં બળપૂર્વક બંધ કરી દેવાયાં.

જાબાલી અને એના શિષ્યોને નગર બહાર સરયુને બીજે કિનારે તગેડી મુકાયા. ધીમેધીમે, ભિન્ન ભિન્ન મત, માન્યતા ધરાવનારા લોકો માટે નદીપારનો એ પ્રદેશ આશ્રયસ્થાન બની ગયો.

જાબાલીના મૃત્યુ પછીયે એણે આપેલા આદર્શો અને બીજી વિચારધારાઓ અમુક અંશે જીવિત રહ્યાં. એના શિષ્યોએ જાત-પાતના ભેદભાવ વિના દરેક વ્યક્તિને શિક્ષણ આપવાની ઝુંબેશ ચાલુ રાખી. કમભાગ્યે લેનારાની સંખ્યા ઘટતી ગઈ. જ્ઞાતિવાદનો ભરડો એટલો સખત થઈ ગયેલો કે, હલકા ગણાતા લોકોને ભણવાની બીક લાગતી હતી. હિંમત કરીને જે ભણ્યા એ પછી ભારત છોડીને, પર્વતો ને સાગર વટાવીને બીજા પ્રદેશોમાં જતા રહ્યા. એમાંથી ઘણાં ચીનમાં જઈને વસી ગયા. એ રાજ્યોમાં માણસ કઈ જ્ઞાતિમાં જન્મેલો એનું નહીં, પણ એમનામાં કેટલી આવડત હતી એ વાતનું મૂલ્ય હતું.

નાનકડો શંબુક એની મોટીમોટી આંખો પહોળી કરીને ગુરુજીની વાતો સાંભળી રહેતો, પણ એની આંખોમાં દેખાતી ચમક મને અસ્વસ્થ કરી જતી.

થોડા સમય પછી અમે નૌકામાં સરયુ પાર કરતા હોઈએ, ત્યારે એણે એના સપના વિશે બોલવાનું શરૂ કરી દીધું. એને મહાન કવિ બનવું હતું. જેને સાંભળીને જગતભરના લોકો અંજાઈ જાય. શંબુક બોલ્યે જતો અને હું ચૂપચાપ પાણીમાં હલેસાં મારતો રહેતો.

પછી એક રાતે ચંદ્ર અને લાખો તારાઓથી ઝળહળતા ગગન નીચે સરયુની લહેરો પર હાલકડોલક થઈ રહેલી નૌકામાં શંબુકે એના શમણાંને વાચા આપતું ગીત ગાયું. મધુર સ્વરે એણે એવા જગતની ઝંખના કરી, જ્યાં કોઈ સીમાડા નહોતા. ગરીબોનાં ઝૂંપડાં અને મનુષ્યરૂપમાં ભગવાન બનીને રહેતા લોકોના મહેલોની ઉપરથી વહેતો-વહેતો શંબુકનો અવાજ રાતની હવામાં ઓગળી ગયો. ધોબીઘાટ પહોંચ્યા ત્યાં સુધીમાં એની આંખો મળી ગયેલી. ભારે થઈ ગયેલા હૃદયે હું એને મારા વૃદ્ધ થાકેલા ખભે ઉપાડીને ઘેર લઈ ગયો.

પરંતુ આ તો પ્રારંભ હતો. દિન-પ્રતિદિન શંબુકના અવાજમાં મધુરતા અને એના ગીતોમાં ઊંડાણ વધતાં ગયાં. એને મૂંગો રાખવાનું અશક્ય હતું. અવાજની સાથે એની ખ્યાતિ પણ પ્રસરવા લાગેલી. ગુરુજી સાથે આખો દિવસ ગાળીને સાંજે અમે ઘરે આવીએ ત્યારે નદીકિનારે લોકો એની વાટ જોતાં બેઠાં હોય. શંબુકના સૂર એમને મંત્રમુગ્ધ કરી જતા.

શંબુક એનાં કાવ્યો, ગીતોને સંસ્કૃતમાં ગાતો પણ એમાંથી વહેતા સૂર અને લાગણીને કોઈ ભાષા નહોતી. એ બધાંને સ્પર્શી જતા. લોકો ઘણીવાર એની સાથે ગાવા લાગતા. લાગણીવશ થઈને રડી પણ પડતા. માણસોના હૃદય પર પડેલાં ધર્મ, વર્ણ અને પરંપરાઓનાં પડળ ચીરીને શંબુકનો અવાજ, એમની અંદર વસતી સારપને જગાડી જતો.

શંબુકની પ્રસિદ્ધિ અને લોકપ્રિયતાની સાથેસાથે મારો ભય જોકે વધતો ગયેલો. એને અમારા નાનકડા ગામમાંથી બહાર જતો અટકાવવા મેં મારાથી બનતા પ્રયાસ કર્યા. એને બહુ સમજાવ્યો કે, બહારના જગતમાં ભગવાનના માનીતા લોકો રહેતા હતા, જે એમની સામે ઊભા થયેલા કોઈપણ પડકારને સહન નહીં કરે. શંબુકને એ ગળી જશે. પરંતુ નાની વયે સ્વાતંત્ર્યનો સ્વાદ ચાખી ગયેલા છોકરાને કોણ રોકી શકે?

શંબુકને બંધનોમાં નહોતું રહેવું. આયુના એવા તબક્કે એ ઊભો હતો, જ્યાંથી આગળનો રસ્તો સુંદર અને સરળ જ લાગે. ભવિષ્ય ઝળહળતું દેખાય. શિક્ષણ મેળવવામાં આ જ મોટી ઉપાધિ છે. ભણતાંભણતાં માણસ એવાં સપનાં જોવા લાગે, જેને વાસ્તવિક જીવનમાં પૂરાં કરવાનું શક્ય જ ન હોય.

મને વેદોનું ઝાઝું જ્ઞાન નહોતું. માત્ર બ્રાહ્મણો પાસેથી સાંભળેલું એટલું થોડું જાણતો હતો. એના આધારે મેં શંબુકને મનાવવાનો પ્રયત્ન કર્યો કે, અમારા જેવી જાતિના લોકોએ માત્ર એમને સોંપાયેલું કામ કરવાનો આદેશ હતો. પણ એ તો મારાથી અનેકગણો વધુ જ્ઞાની પુરવાર થયો. એણે શુદ્ધ સંસ્કૃતમાં મારી સામે વેદોનું પઠન કર્યું અને પછી મને પડકાર ફેંક્યો કે, પ્રાચીન વેદગ્રંથોમાં ક્યાંય પણ વર્ણભેદની વાત થઈ હોય તો બતાવો.

વેદોએ જાતપાતના ભેદભાવને માન્યતા આપી હતી કે નહીં, એ વાતમાં મને રસ નહોતો, પણ શંબુકે મારી આંખો ખોલી નાખી. દેવો જેને પવિત્ર ગણે, એ બધી વાત-વસ્તુને ધિક્કારવાનું અમને નાનપણથી શીખવાડાયેલું. શંબુકે કહ્યું કે ગુરુજીએ એને વેદોનો સાચો અર્થ સમજાવેલો અને વેદ ભણવા પર કોઈ જાતિનો એકાધિકાર નહોતો.

હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા લોકોના વિચારોનો સંગ્રહ એટલે વેદ! પૂજારી, માછીમાર,

કઠિયારા, કુંભાર, પારધિ અને બીજાં અનેક પ્રકારના કામ કરતા લોકોનું એમાં યોગદાન હતું. પરંતુ સમય જતાં અમુક સ્વાર્થી લોકોએ પોતાના લાભ માટે વેદો પર આધિપત્ય જમાવી દીધું અને ભોળા લોકોને હેરાન કરવા માટે વેદોને હથિયાર બનાવ્યા.

મને આ નવું જ્ઞાન પ્રાપ્ત થયું, પણ મનમાં ફફડાટ વધ્યો કે આટલું બધું જ્ઞાન શંબુકના ભલામાં નહોતું. પેલા ગુરુજીનું ગળું મરડી નાખવાની ઇચ્છા થઈ ગઈ, જેણે મારા નાનકડા છોકરાનું માથું ફેરવી નાખેલું. એણે શીખવ્યું એ સત્ય હોય તોયે જોખમી, જીવલેણ હતું. જાહેરમાં તો ઠીક, ઘરની ચાર દીવાલ વચ્ચે પણ એ ઉચ્ચારવા જેવું નહોતું.

એ બાવાએ તો મારા અબુધ બાળકને જાહેરમાં છડેચોક મનફાવે એવાં ગીતો લલકારવાના નાદે ચઢાવી દીધેલો. ઘરના લોકો એને પ્રોત્સાહન આપતા હતા. બહારનાં જગતમાં શંબુકની સફળતા જોઈને શિવ, અરસી, માલા એ બધાં ઘેલાંઘેલાં થઈ ગયેલાં.

શંબુકે ધોબીવાસની બહાર નીકળવાનું શરૂ કરી દીધું. એ મીઠાંમધુરાં ગીતો ગાવાની સાથેસાથે વેદોને ટાંકતો, અને લોકોને એનો અર્થ સમજાવવા માટે તર્કની સાથેસાથે જૂની લોકકથાઓ, દંતકથાઓનો આધાર લેતો. લોકો એને સાંભળવા ટોળે વળતા, એને ફૂલોથી વધાવતા, શંબુકનું નામ ઘેરઘેર જાણીતું થઈ ગયું.

પછી મને જેનો ભય હતો એ જ થયું. એક દિવસ રાજમાર્ગ પર ચાલ્યા જતા શંબુકને પૂજારીઓના એક જૂથે આંતર્યો અને કહ્યું કે, અસ્પૃશ્યને આ માર્ગ દૂષિત કરવાનો અધિકાર નહોતો. મૂંગામૂંગા ખસી જવાને બદલે શંબુક એમની સામે ગયો. એણે પૂછ્યું કે કયા શાસ્ત્રોમાં આ નિયમ લખ્યો હતો?

રોષે ભરાયેલા પૂજારીઓએ કોઈ દુર્બોધ સંસ્કૃત શ્લોક ટાંકીને માન્યું કે નીચા વર્ણનો બાળક ઓઝપાઈ જશે. પણ શંબુકના મસ્તિષ્કમાં તો ગુરુ પાસેથી મળેલાં જ્ઞાનનો વિશાળ ભંડાર હતો. એણે શ્લોકનું જુદી રીતે અર્થઘટન કરી બતાવ્યું.

બહારથી આ સમાચાર સાંભળીને અમે દોડ્યા, ત્યાં સુધીમાં તો શંબુક અને બ્રાહ્મણો ઉગ્ર વાદવિવાદમાં ઊતરી પડેલા. એમની ફરતે ભેગું થઈ ગયેલું ટોળું શંબુકના શબ્દેશબ્દે તાળીઓ પાડતું હતું, મોટે સાદે એને વધાવતું હતું.

એ ક્ષણોમાં લોકો વર્ણ આધારિત બધાંય નિયમો વિસારે પાડી બેઠેલા. રાજમાર્ગ પર કોણ આવી શકે, ન આવી શકે, એની ચર્ચા કે પરવા કર્યા વિના સૌ ત્યાં ભેગા થઈ ગયેલા. શંબુકને સાંભળવા માટે બધીયે જાતિના લોકો એકમેકને અભડાવી રહ્યા હતા.

શંબુકે કર્મકાંડ અને બલિ ચઢાવવાની પ્રથા સામે પ્રશ્નો કર્યા. જ્ઞાતિભેદ અને એક મનુષ્યની બીજા પર સર્વોપરિતાનું મૂળ ક્યાં હતું એ પૂછ્યું. લોકો એની સાથે હતા. સામે પંડિતોની અકળામણ વધતી ગઈ. એના ગુરુના ગુરુ જાબાલીએ લોકોને પોતાની વાત સમજાવવા માટે તાર્કિક અને ક્યારેક નાસ્તિક લાગે એવી દલીલોનો આધાર લીધેલો. પણ શંબુકે તો વેદ-ઉપનિષદનાં એનાં જ્ઞાનને જ શસ્ત્ર બનાવ્યું. વેદની ઋચાઓ સંસ્કૃતમાં બોલીને એ પાછો પ્રાકૃતમાં પણ ભાષાંતર કરતો ગયો, જેથી સામાન્ય લોકોને સમજાય. આનંદમેળા જેવું વાતાવરણ સર્જાઈ ગયેલું, પરંતુ મારી છાતીમાં ધબકારા વધવા લાગ્યા.

રસ્તે જતા દરેક માણસને જે પ્રશ્નો થાય, પણ પૂછવાની હિંમત ન ચાલે એ આજે એક બાળક પૂછી રહ્યો હતો. એણે સત્ય જાણવાની માંગણી કરી હતી, પરંતુ મારી વચે પહોંચતાં સુધીમાં મેં જોઈ લીધેલું કે સત્યની શોધમાં નીકળનારાની અંતે શું દશા થતી હતી. ટોળાને ઘેરો ઘાલીને ઊભા રહી ગયેલા સૈનિકોને તો મેં જોઈ જ લીધેલા.

બીજાઓએ પણ જોયા અને વાતાવરણ બદલાવા લાગ્યું. શંબુકને વધાવતા, પ્રોત્સાહન આપતા અવાજ મંદ પડવા લાગ્યા અને ધીમેધીમે સાવ શાંત થઈ ગયા, પરંતુ શંબુક હવે પોતાની ધૂનમાં મગ્ન હતો. મૂંગામંતર થઈ ગયેલા હજારો કાયર, નપુંસક નરનારીઓની વચ્ચે શંબુકના શબ્દો હવે વધુ સ્પષ્ટપણે સંભળાઈ રહ્યા હતા.

દૂરથી ધૂળ ઉડાડતો એક રથ અમારી પાસે આવીને ઊભો રહ્યો. એમાંથી રાજા રામચંદ્ર પોતે ઊતર્યા. શંબુક સાથે વિવાદ કરી રહેલા બ્રાહ્મણોએ રામ પાસે દોડી જઈને કંઈક કહ્યું, સાંભળીને થોડા અસ્વસ્થ થઈ ગયેલા રામે ડોકું ધુણાવ્યું.

રાજા અને પંડિતો વચ્ચે ધીમે સાદે થઈ રહેલી વાતચીત અમને સંભળાઈ નહીં, પણ એમના હાવભાવ પરથી લાગતું હતું કે ગુસ્સે થયેલા બ્રાહ્મણો કોઈ માંગણી કરી રહ્યા હતા અને રાજા એમને મનાવવાનો પ્રયાસ કરતા હતા.

આ તરફ શંબુક જાણે કોઈ મોહનિંદ્રામાં હોય એમ બંધ આંખે, મોટા મધુર સાદે વેદપઠન કરી રહ્યો હતો. એ તો રાજાના આગમનથીયે અજાણ હતો.

રામે બ્રાહ્મણોની દલીલ સામે નમતું મૂકી દીધું હોય, એમ એના નમી ગયેલા ખભા જોઈને લાગ્યું. ધીમે પગલે આગળ વધેલા રાજાએ શંબુકને સ્પર્શ કરી જ લીધો હોત, પણ એક પૂજારી દોડીને એની આડે ઊભો રહી ગયો. શંબુકે આંખો ખોલી અને સામેનું દૃશ્ય જોઈને હેબતાઈ ગયો.

એનું બધુંયે જ્ઞાન, ગર્વ, ચતુરાઈ પળભરમાં ઓગળી ગયાં. હવે એ કોઈ જ્ઞાની વક્તા, મહાન કવિ કે ગાયક નહીં, પણ ચૌદ વર્ષનો કાળોમેંશ, અસ્પૃશ્ય અસુરબાળ હતો. જે ભયનો માર્યો રડવાની અણી પર આવી ગયેલો. એણે એના રાજા અને રક્ષણહારની સામે કેડેથી ઝૂકીને વંદન કર્યા.

રામે ફરીથી દયામણા ચહેરે બ્રાહ્મણો સામે જોયું. એમણે રોષભેર છોકરા સામે આંગળી ચીંધી. એ લોકોને શાંત રહેવાનું કહીને રામે બાળક પર આંખો ઠેરવી અને સૌમ્ય અવાજે પૂછ્યું, 'પુત્ર, તું કોણ છે?'

'હું શંબુક! શિવનો પુત્ર.' છોકરાએ નમ્રભાવે જવાબ આપ્યો.

'તારી જાતિ કઈ છે?' આ પ્રશ્ન એક પૂજારી તરફથી આવ્યો. પણ ઉત્તર આપતી વખતે શંબુકે એની દૃષ્ટિ રામ પર જ રાખી. 'મારી કોઈ જાતિ નથી અને તમારી પણ નથી.'

'એ સાચું કે તું અસ્પૃશ્ય છે?'

'હું અસ્પૃશ્ય નથી અને જગતમાં બીજું કોઈ પણ નથી.' શંબુકે શાંતિથી કહ્યું. રામે નજર ફેરવી લીધી.

'તું નાસ્તિક છે?' પૂજારીએ ઘાંટો પાડ્યો.

'મને એ ઈશ્વરમાં અટલ શ્રદ્ધા છે, જે આપણા સહુની અંદર વસે છે. હું સ્વયં ઈશ્વર છું અને તમે પણ!'

'શૂદ્રને વેદ ભણવાની અનુમતિ કોણે આપી?'

'પક્ષીને ઊડવા માટે કે માછલીને તરવા માટે કોઈની અનુમતિ લેવાની આવશ્યકતા પડે છે? વિદ્યાપ્રાપ્તિ પણ મનુષ્ય માટે એટલી જ સહજ વૃત્તિ છે.'

'અહંકારી મૂઢ બાળક, તું જાણે છે કે આપણા રાજ્યમાં જ્ઞાતિધર્મનું ઉલ્લંઘન કરનારને શું દંડ મળે છે?' પૂજારીનો રોષ હવે આકાશે પહોંચેલો.

રામે હવે યાચનાભરી આંખે પંડિતો સામે જોયું. સીતાની અગ્નિપરીક્ષા ટાણે એના ચહેરા પર

મેં આવા જ ભાવ જોયા હતા. રામને ખબર હતી કે સામે ઊભેલો બાળક સાચું બોલતો હતો. એની આંખોમાં એ નાના ગાયક માટે પારાવાર કરુણાભાવ આવી ગયેલો.

પંડિતે પૂછેલા પ્રશ્નના જવાબમાં શંબુકના ચહેરા પર પાછું તેજ આવી ગયું. અમે ક્યારેય જેના વિશે સાંભળ્યું નહોતું એવા કોઈ જૂના ઉપનિષદમાંથી વાંચેલું, સંસ્કૃત ગીત ગાવાનું એણે આરંભી દીધું. એ કહેતો હતો કે, 'આત્મા મરતો નથી, માત્ર સ્થાન બદલે છે. મનુષ્ય જેમ જૂનાં, જર્જરિત વસ્ત્રો ઉતારીને નવાં ધારણ કરે, એમ આત્મા જૂના શરીરને છોડીને નવાની શોધ કરે છે.'

સાંભળીને મારા દાંત ભીંસાયા. મારા ભલાભોળા બાળકના માથામાં આવું અગડમ્ બગડમ્ ભરાવનારા ગુરુજીને આંટામાં લેવાની જરૂર હતી. સાવ સીધીસાદી વાત પણ લોકોને કેમ નહોતી સમજાતી કે, મૃત્યુ જીવનનો અંત હતો. માણસ મરે, એનો દેહ કોહવાઈને માટીમાં મળી જાય, બસ.

પૂજારીએ હવે ત્યાં ભેગા થયેલા લોકોને સંબોધીને ઊંચે સાદે કહ્યું, 'આ શૂદ્ર, આ ઘમંડી અસ્પૃશ્ય છોકરાએ જ્ઞાતિવ્યવસ્થાનો સહુથી મહત્ત્વનો નિયમ તોડવાનું દુઃસાહસ કર્યું છે. એણે ગુરુ પાસે જઈને શિક્ષણ મેળવ્યું, અપવિત્ર મુખેથી પવિત્ર વેદોનું પઠન કર્યું, અને હવે એ પ્રાચીન પવિત્ર ગ્રંથોમાં લખેલી વાતોમાંથી આડાઅવળા સાવ ખોટા અર્થ કાઢી રહ્યો છે. આ ઘોર અપરાધ માટે એક જ સજા હોઈ શકે.' આવું બોલીને એણે રામ સામે જોયું. જાણે કહેતો હોય કે, 'મેં તો જે સત્ય અને ન્યાયી છે એનો નિર્ણય આપી દીધો. હવે શું કરવું એની જવાબદારી તમારે માથે.'

લોકોમાં ગણગણાટ પ્રસરી ગયો, પણ પછી સૈનિકોની ઊંચી થયેલી તલવારો અને ભાલા જોઈને તરત પાછો શમીયે ગયો. મારું અંગેઅંગ કાંપવા લાગ્યું. રામે મ્યાનમાંથી તલવાર કાઢી. શંબુકના ગાલ આંસુથી ખરડાઈ ગયેલા. એનો નિર્દોષ લાચાર ચહેરો કહેતો હતો કે, એણે એનાથી બનતા બધાં પ્રયાસ કરી લીધેલા અને તોયે નિષ્ફળતા મળી હતી. થાકથી અચાનક એની વય વધી ગયાનું લાગતું હતું.

દૂરદૂરથી કપડાં ધોવાઈ રહ્યાનો અવાજ આવતો હતો. છપ, છપ... જાણે શંબુકના જીવનની અંતિમ ક્ષણોની ગણતરી થઈ રહી હતી. મેં મનોમન ગણવાનું શરૂ કર્યું, એક.... બે.... ત્રણ.... ચૌદ પર પહોંચતાંની સાથે રામની તલવાર ઊંચી થઈ. બીજી જ ક્ષણે મારા નાના વહાલા શંબુકનું માથું ધડથી જુદું થઈ ગયું.

નાટક પૂરું થયું, મેળો વિખેરાવા લાગ્યો, હું શંબુકના ધડ પાસે જઈને ઊભો રહ્યો. રાજવી રથ ધડધડાટ ત્યાંથી નીકળી ગયો. ભગવાનની ભૂમિકા ભજવીને થાકી ગયેલો માણસ એમાં બેઠો હતો. એને જે કરવાની ફરજ પડેલી, એનાથી લજ્જા આવતી હોય એમ એણે લોકો સામે જોવાનું ટાળ્યું. હું મારા અસીમ દુઃખમાં ડૂબેલો, ઘડીક નીચે પડેલા શબ સામે તો ઘડીક દૂર જઈ રહેલા રથ સામે જોતો ઊભો રહ્યો.

માર્ગ પરથી ડાબી તરફ વળી રહેલો રથ અચાનક ધીમો પડીને થોભી ગયો. સૈનિકો દોડ્યા અને ત્યાં ઘોંઘાટ મચી ગયો. કૌતુકભેર મેં પણ મારા પગને એ દિશામાં ઘસડ્યા.

રથનો રસ્તો રોકીને ઊભેલી અરસી અને માલા હૈયાફાટ રુદન કરી રહી હતી. 'કેમ મારા નાના ફૂલ જેવા છોકરાને મારી નાખ્યો... તેને કોનો ભય હતો...' વાળ પીંખતી અરસી ચીસો પાડી રહી હતી.

રથમાંથી ઊતરીને ઊભેલા રામના ચહેરા પર સંકોચ અને ક્રોધના મિશ્ર ભાવ હતા. સ્ત્રીઓને

દૂર ધકેલવા માટે ત્યાં દોડી આવેલા સૈનિકોને થોભી જવાનો સંકેત આપીને એણે કહ્યું, 'માતા, તમારા પુત્રએ આ દેશના પવિત્ર નિયમોનો ભંગ કરેલો. રાજા તરીકે મારે ધર્મની રક્ષા કરવી પડી.' આ બોલતાં એનો અવાજ સહેજ કંપી ગયો.

અરસીએ જોરથી નીચે થૂંકીને ફૂંફાડો માર્યો, 'પવિત્ર નિયમો... ધર્મ... હં... તમારા ધર્મના રક્ષણ માટે એક નિર્દોષ બાળકની હત્યા કરવી પડે? એક નાનો છોકરો સંસ્કૃતના થોડા શબ્દો બોલે એનાથી તમારો ધર્મ ભ્રષ્ટ થઈ જાય, બી જાય? મોટા રાજા છો તો એટલું કહો કે, તમે આ કેવા ધર્મની રક્ષા કરો છો? કોના કહ્યાથી તમારે આ કરવું પડે છે?'

રામની જીભ ઝલાઈ ગયેલી. પંડિતો હવે કાળી, કૃશકાય સ્ત્રી સામે ડોળા તગતગાવી રહ્યા હતા, જેણે આ પ્રશ્નો પૂછવાનું સાહસ કરેલું. આજ પહેલાં તો આવું કોઈએ નહોતું કર્યું.

લોકોની ભીડમાંથી મેં આગળ જવાની મથામણ કરી, પણ ત્યાં સુધીમાં સૈનિકો અરસી અને માલાના વાળ પકડીને એમને દૂર ઢસડી ગયેલા. પણ એકમાત્ર સંતાન ગુમાવનારી માતાની શાપવાણી વાતાવરણમાં પડઘા પાડી રહી હતી. 'તારે એક દિવસ આનું મૂલ્ય ચૂકવવું પડશે... મારા શબ્દો યાદ રાખજે. રામ... તું આજ પછી ક્યારેય સુખી નહીં રહે... ક્યારેય નહીં... તારા અને તારા આ બ્રાહ્મણોના ધર્મ કરતાં કુદરતનો ધર્મ બહુ મોટો છે... એક દિવસ એના હાથ તને આંબી જશે....'

અરસી અને માલા માર્ગની એક બાજુ જઈને પડી. રથ સાથે જોડેલા અશ્વની પીઠે વધુ પડતા જોરથી ચાબુક વીંઝાયો. પૈડાની નીચેથી ધૂળ ઊડી. વસ્ત્રો ખંખેરતાં, આંખો ચોળતા લોકો પોતપોતાને રસ્તે પડી ગયા. એમને તો દિવસો સુધી વાતો કરવાનો વિષય મળી ગયેલો. હું નીચે ફસડાઈ પડ્યો. મને જોનારું કોઈ નહોતું.

ધૂળમાં એકલાઅટૂલા પડ્યાપડ્યા મેં આક્રંદ કર્યું, મારા નાના શંબુક અને એનાં માતા-પિતા માટે, મારા બીજા એક પુત્ર માટે, જેને મેં મારો કરીને ઉછેરેલો. પણ છેવટે જેને રાજાઓ અને ભગવાનોએ પોતાની કીર્તિ માટે પ્રગટાવેલા અગ્નિકુંડમાં હોમી દીધો... સહુથી વધુ રુદન મેં કર્યું, મારા આ શાપિત દેશ માટે! ધરતી પર મુઠ્ઠીઓ પછાડતાં મેં ચીસો પાડી, 'મા... મારી ધરતી મા... હવે તો રોઈ લે, કે કેવા પુરુષોને તેં તારી કૂખેથી પેદા કર્યા છે....'

કોઈએ મને લાત મારી. હું ઊભો થવા ગયો તો એણે ફરીથી લાત મારી. 'ભિખારડા, મદિરા પીને, આમ માર્ગની વચ્ચોવચ પડ્યો છે. હમણાં મારા ગાડાની નીચે કચડાઈ મરત... મરવું હોય તો બીજે ક્યાંક જઈને મરને...' બજારની દિશામાં ઉતાવળે જઈ રહેલા એક વેપારીનો માર્ગ અવરોધીને હું દેશના ભાવિનો કકળાટ કરી રહ્યો હતો. એને મોડું થઈ રહેલું. ગુસ્સામાં એણે મને લાતો મારીને રસ્તાની એક તરફ કાદવમાં ફંગોળી દીધો. અયોધ્યાનું ગંદું પાણી ત્યાંથી વહી રહ્યું હતું. હું કદાચ એ જ સ્થાનને લાયક હતો. કીડા-મંકોડાની જેમ ત્યાં જ પડ્યોપડ્યો હું મારી આસપાસ બનતી ઘટનાઓને જોઈ રહ્યો. મારા પ્રિય શંબુકના અગ્નિસંસ્કાર માટે લોકો એને ઘાટ પર લઈ ગયા, એ પણ મેં ત્યાંથી જ જોયું.

ગંદકીમાંથી ઊભા થઈને હું મારા નાના ઝૂંપડાના દરવાજે પહોંચ્યો, ત્યારે મધરાત થઈ ગયેલી. ઘડીક થયું કે, હસતો-ગાતો શંબુક હમણાં બહાર દોડીને મને વળગી પડશે. પણ ના, ધર્મની રક્ષા કરતાં કરતાં એ તો પેલા લોકમાં પહોંચી ગયેલો ને કે જ્યાં કશું જ નહોતું. કદાચ એનો પુનર્જન્મ કોઈ ઉચ્ચ વર્ણમાં થશે, અને પછી એ પોતાનાથી ઊતરતા લોકોને આવો જ ત્રાસ આપશે... કોણ જાણે કેમ, પણ આવું વિચારીને મને જરાક સારું લાગ્યું.

ઘરમાં પ્રવેશવાની મારી હિંમત ન થઈ. ધીમે પગલે નદીકિનારે જઈને મેં એક તૂટી ગયેલા વૃક્ષ

પર લંબાવ્યું. દૂરદૂરથી કોઈના ગાવાનો અવાજ આવી રહ્યો હતો. કદાચ સરયુને પેલે પાર શંબુકનો મૂઢ, બુદ્ધિહીન ગુરુ હજીયે ગીતો ગાઈ રહ્યો હતો, એવા વિશ્વના જ્યાં કોઈ સીમાડા નહોતા એવા ભવિષ્યના જ્યાં કોઈ યુદ્ધ નહોતાં, એવા સમાજના જ્યાં કોઈ ભેદભાવ નહોતા... સાવ નકામાં, અર્થ વિનાનાં ગીતો....


મેં પ્રાર્થના કરી કે કોઈ ત્યાં જઈને એ મૂર્ખ આદર્શવાદીનું ગળું ભીંસી નાખે, જેથી એ કોઈ બીજા નિર્દોષને ખોટાં સપનાં બતાવીને એમનું જીવન નષ્ટ ન કરી દે.

પરંતુ આ જગતના આદર્શવાદીઓથી છૂટકો મેળવવાનું લગભગ અશક્ય હતું. ઉંદરડાની જેમ એમની વસ્તી વધતી હતી. વિશ્વમાં ચારેબાજુ એ બૌદ્ધિક અને વૈચારિક રોગચાળો ફેલાવતા હતા. એક મરે બીજો ઊભો થાય, એ મરે અને સાથે બીજા કેટલાય નિર્દોષને લેતો જાય.

મારો ક્રોધ અને ગીતનો અવાજ વધતો ગયો. મેં કાન બંધ કર્યા, પણ તોયે સૂર અંદર પહોંચતા અટક્યા નહીં. છેવટે હું મારા ઝૂંપડામાં પાછો ફર્યો. મારા એ અંધારામાં ઓગળી ગયો, જ્યાં બીજું કોઈ નહોતું, કશુંયે નહોતું.

o

પ્રારંભ



ભદ્ર

ચાલતાં-ચાલતાં મહિનાઓ વીતી ગયેલા, પણ મારી જન્મભૂમિ તો હજીયે કોણ જાણે કેટલાં જોજન દૂર હતી!

દાયકાઓ પહેલાં એક યુવાને અમને નવા વિશ્વના સર્જનનું વચન આપેલું. હું એની સાથે નીકળી પડેલો. એણે અમારા મનમાં આશાઓ જગવી અને મોટાં સપનાં જોવાની હિંમત પણ આપી. છેવટે એણે ખરેખર એક મોટું સામ્રાજ્ય ઊભું કર્યું અને પછી ગુમાવી દીધું. એની પહેલાંયે એના જેવા કેટલાંયે આવી ગયેલા, જેમણે સામે પૂરે તરવાનું સાહસ કર્યું, સફળતા મેળવી પણ અંતે નિષ્ફળતાની ગર્તામાં ગરક થઈ ગયા.

એની સિદ્ધિઓ માટે મેં મારી યુવાની ખર્ચી નાખી. જીભના મીઠા, રાવણ જેવા લોકોએ મારો ઉપયોગ શસ્ત્ર તરીકે કર્યો, એનું ભાન બહુ મોડેમોડે થયું. જગતે મને એક નહીં, અનેક કડવા પાઠ ભણાવ્યા અને મારી રહીસહી નિર્દોષતા, ભોળપણ મરી પરવાર્યા. જે રહ્યું એને લંકાની ધરતી પર છોડીને મેં ત્યાંથી ઉચાળા ભર્યા.

જે સ્થળ વિશે મેં કલ્પનાયે નહોતી કરી, ત્યાં પહોંચીને મેં નવું જીવન શરૂ કર્યું. પરંતુ ત્યાં ભગવાનોનું, અને એમને રોજેરોજ સૂઝતા નવાનવા તરંગોનું રાજ હતું. એમણે મને ઝડપી લીધો. કાયામાંથી રક્તનું છેલ્લું ટીપુંયે નીકળી જાય એવી રીતે એમણે મને ભીંસી નાખ્યો. મારું નવું જગત એમના પગ નીચે કચડાઈ ગયું.

શંબુકના મૃત્યુ પછી અયોધ્યા મારા માટે નર્ક બની ગયેલી. શિવની દશાયે સારી નહોતી. એને મદિરાનું વ્યસન વળગી ગયું અને અમારો ઘરસંસાર વેરવિખેર થઈ ગયો. સાથે મળીને જોયેલાં સપનાં વીંખાઈ જાય, એ પછી એક છત નીચે રહેવાનું દુષ્કર થઈ જાય.

શિવની સાથે મેં પણ શરૂઆતમાં તો શંબુકનું દુઃખ ભુલાવવા બહાને સુરાનો સહારો લીધો. પરંતુ પછી તો ટેવ પડી ગઈ. રોજ નશામાં ધૂત થઈને પત્નીની મારઝૂડ કરવી, એ અમારા માટે રોજિંદો કાર્યક્રમ થઈ પડેલો. પડોસીઓને જોણું થતું.

પછી આવા જ એક દિવસે જે ઘટના બની, એણે ઇતિહાસનું વહેણ બદલી નાખ્યું. રોજ મારો માર ખાઈ લેતી માલાએ એ સાંજે સામો હાથ ઉપાડ્યો. ત્યાં ઊભેલા લોકોએ ખિખિયાટા કર્યા. ત્યારે તો હું એટલો પીધેલો હતો કે કંઈ કરી ન શક્યો, પણ આવી ધૃષ્ટતા કરનાર બૈરીને પાઠ ભણાવવાનું મેં મનોમન નક્કી કરી નાખ્યું.

થોડા દિવસ પછી મને નશામાં જોઈને ફરી એકવાર માલાએ એના ત્રાગાં શરૂ કર્યાં, પણ હું એ વખતે ભાનમાં હતો. ચોટલો ઝાલીને હું એને ઘરની બહાર ઢસડી ગયો. પછી જગત આખું સાંભળે એટલા મોટા સાદે મેં એની આબરૂના ચીંથરેચીંથરા ઉડાડ્યા. એનો આખોયે ભૂતકાળ

ઉઘાડો પાડી દીધો. માલા લંકામાં રૂપજીવિની હતી, ગણ્યાગણાય નહીં એટલા એના પ્રેમી હતા. રાવણે એના પર બળાત્કાર કરેલો... આ બધી વાતો ત્યાં ટોળે વળેલા લોકો રસભેર સાંભળી રહ્યા.

આટલું બોલ્યા પછીયે મારો રોષ ઓછો નહોતો થયો. અમારા આંગણામાંથી ધક્કો મારીને એને શેરીમાં ફેંકતાં મેં કહ્યું, 'હું નથી રામ કે નથી રાવણ. ચારિત્ર્યભ્રષ્ટ થઈ ગયેલી પત્નીને પાછી લેવાનું કે સ્ત્રીઓની અદલાબદલી કરવાનું તો માત્ર મોટા માણસોને પાલવે, મને નહીં!' છાતી ઠોકીને મેં રાડો પાડી કે, હું મધ્યમવર્ગનો મનુષ્ય હતો અને અમારા જેવા લોકો માટે પોતાની આબરૂ અને નૈતિકતાથી વિશેષ બીજું કંઇ નહોતું.

સાંભળીને લોકો મારા પર હસ્યા, પણ એમને અવગણીને મેં માલાને થોડા વધુ ગડદાપાટુ કર્યા, અને પછી શેરીના નાકે થોડી વધુ મદિરા ઢીંચવા ઊપડી ગયો. હજી પૂરો કેફ ચડે ન ચઢે ત્યાં તો ત્રણ-ચાર સૈનિક આવ્યા અને કંઈ કહ્યા-કારવ્યા વિના મને પકડીને રાજમહેલમાં લઈ ગયા.

પૂરા ઠાઠમાઠ સાથે ભવ્ય સિંહાસન પર બિરાજેલા રામની સામે મને ઊભો કરી દેવાયો. ધરતીને મારું નાક અડે, એટલા વાંકા વળીને મેં રાજાને પ્રણામ કર્યા. હું નહોતો જાણતો કે વેદોમાં લખેલો કયો નિયમ મેં તોડેલો, અને એની શું શિક્ષા મને મળવાની હતી.

રામે મારી સામે ભ્રૂકુટિ તાણીને જોયું અને પછી એના એક મંત્રીને સંકેત આપ્યો. આની પહેલાં પણ મેં જોયેલો શ્યામવર્ણ બ્રાહ્મણ આગળ આવ્યો અને અસ્પૃશ્યથી જેટલા અંતરે રહેવાનો નિયમ હતો, એટલે છેટે ઊભા રહીને એણે મારી પૂછપરછ આદરી, 'રાજા રામચંદ્ર વિશે તું શું બોલેલો?'



'કંઈ નહીં.' મેં કહી દીધું. પણ જૂઠાણું લાંબો સમય ટકાવવાનું કઠિન હતું. છેવટે મેં અર્ધસત્યનો આશરો લીધો. રાવણનું નામ તો એના શત્રુના દરબારમાં લેવાય નહીં. એટલે મેં ઠાવકા થઈને એટલું જ કહ્યું કે, હું રાજા રામ જેટલો ઉદાર નહોતો કે જેની પત્નીના ચારિત્ર્ય

વિશે શંકા હોય, એને સ્વીકારી લઉં. મેં એવું સાબિત કરવાનો પ્રયાસ કર્યો કે, હું ભૂંડો હતો અને રાજા રામ બહુ મહાન! પણ સાંભળીને રામના ગાલ સંકોચથી રાતા થઈ ગયા અને સભામાં મૌન પથરાઈ ગયું.

મારા આશ્ચર્ય વચ્ચે મને એ લોકોએ કોઈ દંડ સુણાવ્યા વિના છોડી મૂક્યો. મદિરાના કેફમાં એક સામાન્ય ધોબીએ કરેલા બકવાસને રાજા અને એના મંત્રીઓ આટલું મહત્ત્વ આપે એ પણ મારે મન મોટું અચરજ હતું.

સભામાંથી હું બહાર નીકળ્યો, આમતેમ આંટા મારતો હું છેવટે રાવણનું વિમાન મુકાયેલું ત્યાં જઈને ઊભો રહ્યો. આ પ્રજા પણ વિચિત્ર હતી. મંદિરમાંસ્થાપેલા ભગવાન હોય એમ પુષ્પક સામે આવીને બધા ભક્તિભાવે માથું નમાવતા હતા. પુષ્પકના આ નવતર મંદિરથી થોડે દૂર ઊભો રહીને હું રમૂજભેર બધું જોઈ રહ્યો હતો. ત્યાં તીવ્ર ગતિએ મારી બાજુમાંથી એક રથ નીકળ્યો. સારથિના સ્થાને, કઠોર મુખમુદ્રામાં બેઠેલો લક્ષ્મણ અશ્વોને જોરજોરથી ચાબુક મારી રહ્યો હતો અને પાછળ અત્યંત દુઃખી મુખમુદ્રામાં સીતા બેઠી હતી.

એ વખતે તો મેં ઝાઝું ધ્યાન ન આપ્યું અને પાછો સુરાલય ભણી ઊપડ્યો. એ ઘટનાને ખાસ્સો સમય વીતી ગયો. પછી જ્યારે પડોશીઓએ મારા પર રાજપરિવારમાં ભંગાણ પાડવાનો આક્ષેપ મૂક્યો, ત્યારે મને જાણ થઈ કે સુરાના કેફમાં મેં આડાઅવળા જે શબ્દો ઉચ્ચારેલા એનું શું પરિણામ આવેલું.

પંડિતોએ ચર્ચા-વિચારણાને અંતે એવો નિર્ણય લીધો કે સીતા અપવિત્ર હતી. એણે લંકામાં આપેલી અગ્નિપરીક્ષા અયોધ્યામાં માન્ય ન ગણી શકાય. રામે પોતાની પ્રતિષ્ઠા જાળવવી હોય તો સીતાનો ત્યાગ કરવો જોઈએ એવી પંડિતોની સલાહ હતી. એ માથે ચઢાવીને રામે એની ગર્ભવતી પત્નીને જંગલમાં મોકલી દીધી. જોવાની વાત એ કે પંડિતોએ કહ્યું, રામે સ્વીકાર્યું. પરંતુ છેવટે મહેલમાં રહેનારાઓએ એવો પ્રચાર કર્યો કે, રામે હંમેશની જેમ પ્રજાનો આદેશ માથે ચઢાવ્યો હતો.

રામ-સીતાને છૂટાં પાડવાનું, દુઃખી કરવાનું આળ અમારે માથે આવ્યું. એટલે સ્વાભાવિક રીતે જ લોકોએ મને કામ આપવાનું સાવ ઓછું કરી નાખ્યું. છૂટાંછવાયાં કામમાંથી જે કમાણી થતી એ મદિરામાં વપરાઈ જતી. માલા અને અરસી વધુ ને વધુ માંદાં પડવા લાગેલાં, પરંતુ મને કે શિવને એમની પડી નહોતી. જેના માટે જીવવાનું મન થાય એવું કશુંયે અમારા જીવનમાં નહોતું. આ રીતે અમે મરતાંમરતાં બીજાં દસ વર્ષ કાઢી નાખ્યાં.

પછી અમારા રાજાને, આખાયે ભારત પર ચક્રવર્તી તરીકે પોતાની આણ ફેલાવવાની ઇચ્છા થઈ ગઈ. સલાહકારોએ એને અશ્વમેધ યજ્ઞ કરવાની સલાહ આપી. એના પહેલાં ચરણરૂપે રામે એક અશ્વને અયોધ્યાથી છૂટો મૂક્યો. જ્યાં પણ એ જાય ત્યાંની ભૂમિ રાજાની થઈ ગયેલી કહેવાય. પ્રતિકાર કરનારા રાજાએ રામની સેના સામે યુદ્ધ કરવું પડે.

આસપાસનાં ઘણાં નાનાંમોટાં રાજ્યોએ યુદ્ધને બદલે રામની સર્વોપરિતા સ્વીકારી લીધી. પરંતુ અશ્વએ ફરતાંફરતાં એક જંગલમાં પ્રવેશ કર્યો, ત્યારે રાજમહેલ અને રાજકારણમાં ચાલતી ખટપટો બહાર પ્રકાશમાં આવી.

રામના અશ્વને રોકી લેનારા બે તરુણ, એના જ પુત્ર નીકળ્યા. આમ તો બધાંને આ વાતની ખબર હતી, પણ રામે જાણ્યું ત્યારે એ વનમાં પેલા બે શૂરવીર બાળકને મળવા ગયો. મહાન કવિ-મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં રહેતી સીતાએ આ જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો.

વર્ષોથી છૂટા પડેલા પરિવારના સભ્યો ઘડીક તો એકબીજાંને મળીને રાજી થયાં. સીતા

ફરીથી મહેલમાં જશે એવું બધાંએ કહ્યું. પણ ફરી એકવાર રાજા રામના સલાહકારો આડા આવ્યા. આ વખતે એમણે એવું કહ્યું કે, વાલ્મીકિ ઋષિ સાથે આટલાં વર્ષ રહેલી સીતા ચારિત્ર્યભ્રષ્ટ થઈ હોય એવી સંભાવના હતી.

વાલ્મીકિ જેવો બીજો કોઈ સંત પુરુષ મેં મારા જીવનમાં ક્યારેય નહોતો જોયો. સીતાને એણે સગી પુત્રીની જેમ આશ્રમમાં સાચવેલી પણ પંડિતો, કથિત વિદ્વાનો સામે કોણ દલીલ કરી શકે? ફરી એકવાર સીતાની અગ્નિપરીક્ષા લેવાનો નિર્ણય થયો.

સરયુ નદીને કાંઠે ચિતા પ્રગટાવાઈ. સીતા એમાંથી પાર ઊતરશે કે નહીં, એ જોવા માટે દૂરદૂરથી લોકો ઊમટી પડ્યા. આ ખબર મારા કાને પડ્યા ત્યારે હું સુરાલયમાં બેઠો હતો. મારું માથું ફરી ગયું. રામના ગુણગાન ગાઈ રહેલા એક વૃદ્ધ સાથે મેં ઝઘડો માંડી દીધો.

'સાવકી માતાના આદેશથી રામ ચૌદ વર્ષ વનમાં જવા તૈયાર થયા, ત્યારે તો આખીયે અયોધ્યાએ એમને રોકાઈ જવાનું કહેલું. એ વખતે રામે શું કામ પ્રજાની ઇચ્છા નહોતી સાંભળી? બાલીને એણે શું કામ છળકપટથી મારેલો? ગર્ભવતી પત્નીનો કોઈ વાંકગુનો નહોતો તોયે એને એવી દશામાં જંગલમાં મોકલી દેવાનું શું યોગ્ય ગણાય? વારંવાર એ સીતાને શું કામ અગ્નિકુંડમાં ધકેલતો હતો? શંબુકને એણે કેમ મારી નાખ્યો?' આવા પ્રશ્નો પૂછી પૂછીને મેં ઉકળાટ ઠાલવી નાખ્યો. સામેવાળો રામભક્ત રોષે ભરાયો. ત્યાં બેઠેલા લોકોમાંથી કોઈએ મારો પક્ષ લીધો, તો કોઈએ પેલા ડોસાનો! બોલાચાલીથી શરૂ થયેલી વાત હાથોહાથની લડાઈ સુધી પહોંચી ગઈ. સુરા વેચનારાએ અમને બહાર કાઢી મૂક્યા.

મનોમન ધૂંધવાતો હું સરયુ કાંઠે પહોંચ્યો. ત્યાં એક ઊંચી ભેખડ પર સતીના સતની પરીક્ષા કરવાની તૈયારી ચાલી રહી હતી. મેળા જેવું વાતાવરણ હતું. લોકો ઊમટી પડેલા. રમકડાં અને મીઠાઈ વેચનારા, હાથ જોઈને ભવિષ્ય કહેનારા અને બીજા લોકો આ પ્રસંગે થોડું ધન રળી લેવાની યુક્તિમાં હતા. વાતાવરણમાં ઉત્કંઠા અને શોરબકોર હતા. વર્ષો પહેલાં લંકામાં ભજવાયેલી આવી જ ભવાઈ મને યાદ આવી ગઈ. ફેર એટલો જ હતો કે લંકામાં ત્યારે વરસાદ પડેલો, અહીં અયોધ્યામાં પશ્ચિમથી વાઈ રહેલો સૂકો, ધૂળિયો પવન અમને ખરડી રહ્યો હતો.

ગગનમાં સૂર્યની સવારી પશ્ચિમે પહોંચી ત્યારે સરયુતટે અમારા રાજાના રથની પધરામણી થઈ. એનો ચહેરો સાવ વિલાઈ ગયેલો. ધીમે પગલે મંચ પર ચઢીને એણે બેઠક લીધી. ભડભડ બળી રહેલા અગ્નિમાં સેવકોએ વધુ ઘી-તેલ રેડ્યું.

પછી એ લોકો સીતાને લઈ આવ્યા. સાથે આવેલા દસ વર્ષના એના જોડિયા પુત્રો કદાચ નહોતા જાણતા કે એમની માતાને જીવતી બાળી નાખવાનો કાર્યક્રમ યોજાયો હતો.

પૂજારીએ એના લાંબાલચક પ્રવચનનો આરંભ કર્યો, પણ થોડી જ વારમાં લોકોની અધીરાઈ પારખી જઈને એણે ટૂંકમાં પતાવી નાખ્યું. રાજ્યનિષ્ઠા દર્શાવવાના ઉત્સાહમાં કોઈએ રામના નામની જય બોલાવી. લોકોએ જોશભેર એમાં સાદ પુરાવ્યો. સીતા ફરી એકવાર કોઈ ભાવ દર્શાવ્યા વિના અપમાનના અગ્નિમાં તપતી ઊભી રહી. સમય જાણે થીજી ગયેલો.

પછીની ઘટનાઓ બહુ ઝડપથી ઘટી ગઈ. સીતાએ મક્કમ પગલે અગ્નિની પ્રદક્ષિણા કરી અને પછી થોભીને એના પતિ તરફ જોયું. હવે જે થવાનું હતું એ જોવાની ઉત્કંઠાથી અમારા તો શ્વાસ થંભી ગયેલા, પણ પછી જે જોયું એ કલ્પનાની બહાર હતું. સીતાએ અગ્નિથી દૂર, સરયુ ભણી દોટ મૂકી. હજી કોઈને કંઈ સમજાય તે પહેલાં તો એણે ઊંચી કોતર પરથી ઝંપલાવી દીધું.

પળભર તો સહુ આઘાતથી થીજી ગયા. પછી થોડા લોકો કોતર ભણી દોડ્યા. રામ એની

બેઠક પર ફસડાઈ પડ્યો.

પછી મારા ઘરડાખખ્ખ દેહમાં જેટલું બળ હતું, એ બધું પગમાં લઈને મેં દોટ મૂકી. નદી ભણી જઈ રહેલા લોકોથી ઊંધી દિશામાં હું દોડ્યો. સ્ત્રીઓએ મોટે સાદે રડવાનું શરૂ કરી દીધેલું, રમખાણની બીકે દુકાનદારો પોતપોતાનો વેપાર સમેટવા લાગેલા. સુરક્ષિત રહેવા માટે બધા પોતપોતાને ઘેર જઈ રહ્યા હતા. ભારતમાં મોટું ઝાડ પડતાંની સાથે જે મોટો ધરતીકંપ સર્જાય છે એની જાણ સહુને હતી. હું એ બધાંની વચ્ચેથી માર્ગ કાઢતો, દોડતો રહ્યો.

કદાચ આ ક્રૂર જગતની મૂઠીમાંથી નાનકડી, અસુર રાજકન્યાને બચાવી લેવામાં અંતે મને સફળતા મળી હતી.

કિલ્લાની અંદર વસેલા નગરમાંથી હું બહાર નીકળ્યો. મને નાચવા-કૂદવાની ઇચ્છા થતી હતી. રાવણ મારો મિત્ર, મારો સ્વજન જ્યાં પણ હોય, ત્યાં મારે એને સંદેશ પહોંચાડવો હતો કે મેં મારું કામ કરી દીધેલું. આ કરવા માટે મેં સભાનપણે કોઈ વ્યૂહ નહોતો ઘડ્યો, એ વિષયમાં વિચાર્યું પણ નહોતું. પરંતુ મને એટલું યાદ હતું કે, મદિરાના કેફમાં મેં જે બડબડાટ કરેલો એ પછી આ બધું થયું હતું.

લોહીની છોળો ઉડાડ્યા વિના, કોઈ ગાજવીજ કર્યા વિના મેં વેર વાળ્યું હતું. એમાં કદાચ કોઈને શૌર્યનાં કે ભવ્યતાનાં દર્શન ન થાય, પણ મારી પદ્ધતિ વધુ અસરકારક નીવડી હતી. મારા નામે કોઈ ગ્રંથ નહીં લખાય, કોઈ કવિ મારા પર કાવ્યો નહીં રચે, પણ મને ક્યાં એની પરવા હતી!

હું તો નાચ્યો, કૂદ્યો, ધરતી પર આળોટી પડ્યો. માર્ગમાં એક તરફ સૂતેલા કૂતરાને લાત મારી.... મારા મનમાં હર્ષ સમાતો નહોતો. ઘેર પહોંચતાંની સાથે હું પ્રેમથી પત્નીને ભેટી પડ્યો.

નગરમાં તોફાનો શરૂ થયાં. પછીના પંદરેક દિવસમાં કેટલાયે લોકો વિના કારણે માર્યા ગયા. જીવતી કે મરેલી સીતા ક્યાંય મળી નહીં. છેવટે એવું તારણ નીકળ્યું કે, સરયુ નદીના તળિયે પુષ્કળ કાદવ હતો. એની અંદર સીતા ગરક થઈ ગયેલી. અસુરવંશની છેલ્લી રાજકન્યા ધરતીમાતાના ખોળામાં સમાઈ જાય, એ મારી દૃષ્ટિએ યોગ્ય જ હતું. ત્યાંથી હવે કોઈ જનકરાજા એને લઈ નહીં જાય. સરયુ પોતાની પુત્રીને હૃદયસરસી રાખવાની હતી.

વર્ષો પહેલાં પ્રહસ્તનો આદેશ માનીને મેં એ નાની બાળકીને મારી નાખી હોત તો શું થાત? કદાચ દેવો સાચું કહેતા હતા કે મનુષ્યની ઇચ્છા મુજબ નહીં, પરંતુ પ્રારબ્ધમાં લખ્યું હોય એ જ પ્રમાણે બધું થતું હતું. અમારું ભાવિ પણ પહેલેથી નિર્ધારિત હશે. કોણ જાણે?

ઘણાં દિવસો સુધી અમે ઘરમાંથી બહાર નીકળવાની હિંમત ન કરી. ભડકે બળતા નગરથી રાતું થઈ જતું ગગન અમે ભયભીત નજરે જોઈ રહેતા. પણ પછી બધુંયે તોફાન શમી ગયું. અમે રાહતનો શ્વાસ લીધો.

રામની શક્તિ અને સામર્થ્યના દિવસો પૂરા થઈ ગયા. અંદરથી ભાંગી પડેલા એ રાજાને હવે શાસન કરવામાં રસ નહોતો રહ્યો. એના નામે હવે બીજાઓ રાજ કરતા હતા અને પરિસ્થિતિ દિનબદિન વધુ ને વધુ વણસી રહી હતી.

મહેલની અંદર પોતાની જાતને એક કક્ષમાં પૂરી દેનારા રાજાનો મોટા ભાગનો સમય ઉપવાસ અને પ્રાર્થના કરવામાં જતો હતો. કદાચ એ પશ્ચાત્તાપ કરતા હતા, સીતાની ક્ષમા યાચતા હતા. વિધિની વક્રતા તો જુઓ કે વિશ્વના સહુથી શક્તિશાળી સમ્રાટના હાથમાંથી રામે પોતાની પત્નીને છોડાવી લીધી, પણ પછી જૂની પરંપરા, રૂઢિચુસ્તતા સામે એણે હાર માનવી પડી.

કચવાતા મને મારે એટલું સ્વીકારવું પડ્યું કે રામને ખરેખર એની પ્રજાના હિતની ખેવના

હતી. વર્ણવ્યવસ્થાના માળખામાં રહીને જીવતા, કામ કરતા લોકોને રામના રાજમાં શાંતિ હતી. પરંતુ પોતાનું ભાગ્ય, પોતે લખવા નીકળેલો એકાદ શંબુક પેદા થાય તો ધર્મની લાંબી તલવાર એના માથે વીંઝાયા વિના ન રહે.

રાજ્ય અને સમાજની આખીયે વ્યવસ્થા જ્યાં વર્ણભેદના પાયા પર ઊભી હોય, જ્યાં મનુષ્યનાં આખાયે જીવનની દિશા એ ક્યાં જન્મ્યો છે, એના પરથી નક્કી થતી હોય ત્યાં કદાચ ન્યાયપૂર્ણ શાસન કરવાનું બહુ કઠિન થઈ જતું હશે.

પરંતુ રામે પોતાનાથી શક્ય હતું એટલું સંતુલન જાળવ્યું. એના શાસનમાં જાતપાતના ભેદભાવ હતા, પણ લોકોએ મનેકમને એકસાથે જીવવાનું શીખી લીધેલું, કારણકે રામ પ્રત્યે એમના મનમાં આદરભાવ હતો.

પરંતુ સીતાના મૃત્યુ પછી કોચલામાં ભરાઈ ગયેલા રામનો પ્રભાવ ધીમેધીમે ઓસરી ગયો. જુનવાણી, રૂઢિચુસ્ત, પૂજારી-પંડિતોએ શાસનનો દોર એમના હાથમાં લઈ લીધો. વર્ણ અને જાતિવિષયક નિયમો વધુ ને વધુ કઠોર બનતા ગયા. સહનશક્તિની સીમા આવી ગઈ ત્યારે શોષિત, પીડિત પરિવારોએ અયોધ્યા છોડીને બીજે જવાનું આરંભી દીધું.

ધોબીઓ, શ્રમિકોની સંખ્યા ઘટવા માંડી. અમને થોડું વધુ કામ મળતું થયું, એટલે થોડો સમય તો અમે અયોધ્યાને વળગી રહ્યા, પરંતુ કમાણી વધી, એની સાથે િશવ અને મારી કુટેવો પણ વકરી. એક દિવસ વધુ પડતી મદિરા ઢીંચીને ભાન ગુમાવી બેઠેલા શિવે એની પત્ની પર છરીના પાંચ-સાત ઘા મારી દીધા. બે દિવસ કણસીને એ છેવટે મૃત્યુને ભેટી. પેલા લોકોએ શિવને પકડીને કારાગારમાં નાખી દીધો. રામના રાજ્ય સાથે અમને બાંધી રાખનારો છેલ્લો તાર પણ તૂટી ગયો.

થોડા મહિના પછી કાળજે પથ્થર મૂકીને અમે અયોધ્યા છોડીને, દક્ષિણ તરફ જવાનો નિર્ણય કરી લીધો. રામની અધોગતિ જોઈને મેં જે આનંદ અનુભવેલો એ હવે સાવ ઓસરી ગયેલો અને પાછળ રહ્યો હતો, માત્ર ઘોર વિષાદ. બધુંયે નિરર્થક લાગતું હતું. અમારી પાસે જે થોડુંઘણું હતું, એ સમેટીને અમે અમારી લાંબી યાત્રાનો આરંભ કર્યો.

ગાઢ જંગલો અને વેરાન સૂકી ભૂમિને વટાવીને, દક્ષિણમાં જઈ રહેલા અમારા જેવા બીજા ઘણાં લોકો હતા. રસ્તે બે વાર લૂંટારા અમારા પર ત્રાટક્યા. હતું એટલુંયે અમે ગુમાવી દીધું.

સહ્યાદ્રિ પર્વતમાળાની પાસે, નર્મદા કાંઠે વસેલા હૈહેયમાં અમે પહોંચ્યા. કાર્તિ વીરાર્જુનનું એ પાટનગર. થોડું વિકસિત, સમૃદ્ધ લાગતું હતું. રાજા હવે નહોતો રહ્યો. પરશુરામના બળવાખોર જૂથે કાર્તિ વીરાર્જુનની હત્યા કરેલી. હવે ગાદી પર એનો પુત્ર હતો.

હૈહેયમાં વધુ પડતો જાતિભેદ નહોતો. અમને પેટ ભરવા પૂરતું કામ પણ મળી ગયું. એકાદ વર્ષ અમે ત્યાં રહ્યા, પરંતુ સ્થાનિક પ્રજાને ધીમેધીમે બહારથી આવતા લોકો સામે રોષ જાગવા લાગ્યો. સંકુચિત મનોવૃત્તિ ધરાવનારાઓ જીભની સાથેસાથે લાઠીનો ઉપયોગ કરતા પણ થઈ ગયા.

ફરી પાછા પોટલાં બાંધીને અમે નીકળી પડ્યા. રાવણના આગ્રહથી મયે જ્યાં ભવ્ય શિવાલય બાંધ્યું હતું, એ ગોકર્ણમાં અમે પહોંચ્યા. થાકીને ચૂર થઈ ગયેલી કાયામાં આગળ જવાની હામ નહોતી રહી. અમારી જાતિના લોકોને નગરમાં પ્રવેશવાની રજા નહોતી. અમે સીમાડે આવેલા વગડામાં થોડો સમય કાઢી નાખવાનું વિચાર્યું. જીવન ટકાવી રાખવા પૂરતું કામ પણ મળી ગયું.

જીવન એક ઘરેડમાં વીતી રહ્યું હતું, ત્યાં અચાનક એક દિવસ માલા માંદી પડી અને

જોતજોતામાં મારી નજર સામે એણે આંખો મીંચી દીધી. એ કંઈ નાની નહોતી, આયુના સાત દાયકા પાર કરી ગયેલી. તોયે એનું મૃત્યુ મારા માટે અણધાર્યો, ભયાનક આઘાત હતો. માલાના જવાથી મારા હૃદયમાં જે શૂન્યાવકાશ સર્જાઈ ગયો, એ હવે ભરવાનું અશક્ય હતું. નદીકિનારે એની નિર્બળ, નિષ્પ્રાણ કાયાને દાટી દઈને મેં ફરીથી ચાલવાનું શરૂ કર્યું.

ગોકર્ણ પાસે જ મારા કાને સમાચાર આવ્યા કે, પંડિતોના કહેવાથી રામે એના નાનાભાઈ લક્ષ્મણને મૃત્યુદંડ આપ્યો હતો.

રામથી નાના રાજકુંવરે આમ તો ઘણાં વખતથી પંડિત-પૂજારીઓના ચિત્રવિચિત્ર નીતિનિયમો સામે મોઢું ખોલવાનું શરૂ કરી દીધેલું. રામ તો રાજકારણથી લગભગ અલિપ્ત થઈ ગયેલા, પણ લક્ષ્મણે શાસનમાં રસ લેવા માંડેલો. સામાન્ય પ્રજાને હેરાન કરતી ઘણી જૂની પ્રથાઓ વિશે એ બ્રાહ્મણોને પ્રશ્ન કરતો અને પંડિતો અકળાતા.

લક્ષ્મણે જોઈ લીધેલું કે, શ્રમજીવીઓ અને કુશળ કારીગરોના સામૂહિક સ્થળાંતરથી અયોધ્યાનું અર્થતંત્ર ખાડે જઈ રહ્યું હતું. પંડિતોને ચિંતા નહોતી, એ લોકો લક્ષ્મણને સાણસામાં લેવાનો વ્યૂહ શોધતા હતા. એક દિવસ રામે જ એમને આવી સુવર્ણ તક આપી દીધી.

એક વાર રામને મળવા થોડા સંન્યાસીઓ આવ્યા. એમને બીજા કોઈની હાજરી ખપતી નહોતી. રામે એના ખંડના દરવાજે પહેરો ભરવાની જવાબદારી લક્ષ્મણને સોંપી.

યોગાનુયોગ એ જ સમયે આવી પહોંચેલા બીજા એક મહર્ષિએ તત્કાળ અંદર જઈને રામને મળવાની માંગણી કરી. લક્ષ્મણે નમ્રતાભેર એમને રોક્યા, તો ઋષિએ રામના આખાયે કુળનો વિનાશ થાય એવા શાપ ઉચ્ચારવાની બીક દેખાડી. ભયના માર્યા લક્ષ્મણે એને અંદર જવા દીધા.

પરંતુ આ ઋષિના આગમનથી રામ સાથે બેઠેલા સાધુસંન્યાસીઓ ક્રોધે ભરાયા. મહર્ષિને તો કંઈ કરી ન શકે, પણ મોટાભાઈની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા અને પંડિતો સાથેની ચર્ચામાં ભંગ પાડનારા ભાઈ સાથે કેવો વ્યવહાર થવો જોઈએ, એ વિશે શાસ્ત્રોમાંથી જાતજાતનાં અવતરણો ટાંક્યાં. અંતે પરિણામ એ આવ્યું કે આવા ભયાનક, ગંભીર અપરાધ બદલ રામે લક્ષ્મણને મૃત્યુદંડનો આદેશ આપ્યો.

લક્ષ્મણ, મહાન યોદ્ધો, જેણે મેઘનાદને મારેલો. આજ્ઞાંકિત નાનોભાઈ, જેણે યુવાન પત્નીને પાછળ છોડીને મોટાભાઈ સાથે ચૌદ વર્ષનો વનવાસ વેઠવાનું સ્વીકારેલું. જેણે બાળપણથી ભક્તિભાવે ભાઈની સેવા જ કરેલી... એનો આ રીતે અંત આવ્યો.

લક્ષ્મણનો નિઃસ્વાર્થ સ્નેહ, ભક્તિભાવ, બલિદાન, આ બધુંયે એવા માનવનાં ચરણમાં હતું, જે પોતે બીજાઓના હાથમાં કઠપૂતળી સમાન હતો. કહેવા માટે એ મહાન રાજા હતો, પણ એણે મૂંગે મોઢે પહેલેથી છેલ્લે સુધી બધું સહન કરી લીધું. એના પંડિતો-પૂજારીઓએ દોરી રાખેલી રેખાને ઓળંગવાનું સાહસ એણે ક્યારેય કર્યું નહીં.

એ પછી પયસ્વિની નદીને પાર કરતી વખતે મેં એક સાધુને મોઢેથી રામની અંતિમ વિદાય વિશે સાંભળ્યું. ધર્મને ખાતર રામે એના જીવનની બે, સૌથી પ્રિય વ્યક્તિનો ભોગ આપી દીધેલો. ફળસ્વરૂપે એને તો જોકે તનમન ભાંગી નાખે એવી હતાશા જ મળી. શાસનમાંથી એનો જીવ સાવ જ ઊઠી ગયો, અને છેવટે સરયુ નદીના ઘેરા, ઊંડા જળમાં એણે અનંતકાળની શાંતિ શોધી લીધી. ઇતિહાસના સૌથી પ્રભાવશાળી અને યશસ્વી પાત્રોમાં જેની ગણના થાય એવા રાવણને પરાજિત કરનારા મહાન રાજવીનો અંત સાવ નિસ્તેજ અને વિષાદમય હતો.

રામે જીવનભર દુઃખ સહન કર્યું. ધર્મના નામે એણે પત્ની, ભાઈ અને પોતાના આત્માનોયે

બલિ ચઢાવી દીધો. શાસ્ત્રોમાં લખેલા શબ્દોને વળગી રહીને એણે પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું. શંબુકને મારવા માટે એણે તલવાર ઉગામી, એ ક્ષણે રામની આંખોમાં જોયેલી નિઃસહાયતાના ભાવ મારાથી ક્યારેય નહીં ભુલાય. એણે પરાજિત કરેલા માનવથી, સાવ વિરુદ્ધની એ છબી હતી.

સામે પક્ષે રાવણ એવો મનુષ્ય હતો, જે પોતાની રીતે, પોતાની ઇચ્છા મુજબ જીવી ગયો. જ્ઞાની, પવિત્ર ગણાતા લોકોએ શાસ્ત્રોમાં શું લખ્યું છે, એની પરવા કર્યા વિના એણે હંમેશાં પોતાને સાચું લાગ્યું એ જ કર્યું. જીવનને એણે ભરપૂર માણ્યું અને યોદ્ધાને શોભે એવા મૃત્યુને ભેટ્યો.

રામ અને રાવણનાં જીવન, માન્યતાઓ, આદર્શો અને ધર્મની પરિભાષાની જેમ જ એમનો અંત પણ એકબીજાથી સાવ વિરુદ્ધ કહેવાય એવી રીતે આવ્યો.

જોકે અંતિમ સત્ય એ છે કે, સૃષ્ટિના એક ભવ્ય પ્રહસનમાં એ બે પાત્રો જ હતાં. બંનેનાં જીવન મહાકાવ્ય જેવાં હતાં, પણ છેવટે યુદ્ધમાં કોનો વિજય થયો એવા એક નાનકડા દૃશ્ય પરથી નક્કી થઈ ગયું કે, સદાકાળ માટે કોણ મહાનાયક અને કોણ ખલનાયક ગણાશે.

સમયની સાથે રામ કદાચ ભગવાન બની જશે અને રાવણ એક દાનવ. કારણ કે એમનામાંથી એક જણ ધર્મોપદેશકોના હાથમાં માટીનો એવો પિંડ હતો, જેને એ લોકો ધારે એવો આકાર આપી શકે. પણ બીજો કાળમીંઢ શિલા જેવો અડગ, અણનમ હતો. એ રૂઢિઓનો ગુલામ નહોતો. એના જીવનનો દોર એના પોતાના જ હાથમાં હતો.

શાસ્ત્રોના ઉપયોગથી જે માત્ર પોતાનો દુષ્ટ સ્વાર્થ સાધે છે, બીજાઓનું શોષણ કરે છે. એવા લોકો માટે આ જગતના રાવણો બહુ જોખમી પડકાર બની જાય છે. પોતાનાં ઘાતકી કૃત્યોને વાજબી ઠરાવવા માટે એ લોકો રામ જેવાં ઉદાહરણોનો આશ્રય લે છે.

પરંતુ સમયની સાથે રામ, લક્ષ્મણ જેવી વ્યક્તિઓ પણ ભયરૂપ બની જાય છે. કારણકે એમની અંદર વસતી માનવતા અને સારપ પણ એક તબક્કે જડ રૂઢિઓની સામે બળવો પોકારવા લાગે છે.

નાના બાળકનો શિરચ્છેદ કરતી વેળાએ રામના હાથમાં આવી ગયેલી કંપારી પેલા દુષ્ટોએ જોઈ લીધેલી. કદાચ ત્યારે જ એમને શંકા પડી ગયેલી કે, આગળ જતાં કદાચ રામ એમના વશમાં નહીં રહે. આ ભય નિર્મૂળ કરવાનો એક જ ઉપાય હતો – રામને ભગવાનનું રૂપ આપી દો. રામના શત્રુઓને તો એમણે દાનવ, રાક્ષસ તરીકે પહેલેથી જ જ ચીતરી નાખેલા!

રાવણ જેવા લોકો એમને બહુ સંતાપે છે, કષ્ટ આપે છે. રામ જેવાને એ થોડો સમય એમની રીતે રમાડી શકે છે, પણ એમને સહુથી વહાલા મૂલ્યવાન લાગે છે વિભીષણ, કુબેર અને વરુણ જેવા તકસાધુઓ.

સાલસ અને આદર્શવાદી રામ કે અહંકારી બળવાખોર રાવણ જેવા લોકો આ જગત પર લાંબો સમય શાસન નથી કરી શકતા. સત્તા છેવટે એમના હાથમાં જાય છે, જે ધર્માંધોનું કહ્યું માને, ધર્મ અને શાસ્ત્રોના નામે રક્તપાત કરે. ગમે તેવું અમાનુષી કૃત્ય કરતાં જેમના હાથ ધ્રૂજે નહીં.

મારા જેવા મૂઢ, તુચ્છ લોકોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આ પાઠ યાદ રાખવો અત્યંત આવશ્યક છે. તોયે ક્યારેક રાવણ, રામ, મહાબલિ, શંબુકનો પેલો ગુરુ... આવા લોકો આવીને અમને મોટાં સપનાં દેખાડી જાય છે, અને અમે પેલો મૂળ પાઠ ભણીને એમની પાછળ દોડી જઈએ છીએ. અવાસ્તવિક સપનાં સાચાં પાડવા માટે લડીએ છીએ, અને છેવટે હંમેશની

જેમ બહુ મોટું મૂલ્ય ચૂકવીએ છીએ.

પરંતુ ક્યારેક એવુંયે થાય કે, સપનાં મરે નહીં અને માત્ર અસ્તિત્વ ટકાવી રાખવાની લાલસા છૂટી જાય. રાવણ અને મેઘનાદની જેમ જીવવામાં ને મારવામાં ગૌરવનો અનુભવ થાય કે પછી રામની જેમ ધર્મ જેવા કોઈ અસ્પષ્ટ, અમૂર્ત ઉદ્દેશ્યને ગમે તે ભોગે વળગી રહેવામાં, સર્વસ્વનું બલિદાન આપી દેવામાં સંતોષ મળે... એવુંયે થઈ શકે ને? પણ ના, મારા જેવા પામર મનુષ્ય માટે તો આવી ઇચ્છા રાખવી એ પણ મોટો વૈભવ ગણાય. મહાનતાનાં શમણાં જોવાનું અમને ન પાલવે.

મહિનાઓની દડમજલને અંતે હું મારી જન્મભૂમિમાં પહોંચ્યો. ઊંડી ખીણમાં રજતરેખા જેવી દેખાતી પૂર્ણા નદીને જોઈને મારું રોમેરોમ નાચી ઊઠ્યું. ભૂતકાળનાં કેટલાંયે સ્મરણો આવીને મને વીંટળાઈ વળ્યાં. લાગણીઘેલો થઈને હું મારાથી બને એટલી ઝડપે ડુંગરા ઊતરી ગયો અને જઈને ખાબક્યો નદીમાં.

પૂર્ણાના શીતળ, નિર્મળ જળમાં બતકની જેમ તરતાં જાણે મારી બાલ્યાવસ્થા પાછી ફરી. પાણીમાં રમતાં કેટલો સમય વીતી ગયો એનુંયે મને ભાન ન રહ્યું, પણ અચાનક કોઈએ પથ્થર મારીને મારી આનંદસમાધિમાં ભંગ પાડ્યો. 'અસ્પૃશ્ય, તારી હિંમત કેવી રીતે થઈ, આ પવિત્ર નદીને દૂષિત કરવાની?' ધગધગતા સીસા જેવા શબ્દો મારા કાનમાં રેડાયા.

હું પાણીમાંથી જેમતેમ બહાર નીકળ્યો. ઉચ્ચવર્ણના લાગતા લોકોનું ટોળું નદીકિનારે ડોળા તગતગાવતું ઊભું હતું. મુઠ્ઠીઓ વાળીને હું ત્યાંથી નાઠો. જેનાં જળ પર માત્ર ઈશ્વરનો અધિકાર હતો એ નદીથી હું દૂરદૂર ભાગ્યો. પછી મને જાણવા મળ્યું કે, મારી ધરતી હવે ભગવાનની ભૂમિ કહેવાતી હતી. મનુષ્ય માટે ત્યાં સ્થાન નહોતું.

અહીં વસતા અસુરોએ કરેલો છેલ્લો પ્રતિકાર પણ પરશુરામે કચડી નાખેલો. જેની કલ્પના પણ કોઈએ નહોતી કરી એવી જડ, ક્રૂર વર્ણવ્યવસ્થા એણે સ્થાપી દીધેલી. પરશુરામે જે નર્ક ઊભું કરેલું એની તુલનાએ રામની અયોધ્યા તો સ્વર્ગ હતી.

માર્ગના દરેક વળાંક, દરેક પથ્થર, વૃક્ષોની દરેક ડાળીની પાછળથી હવે એક કે બીજા ભગવાન ડોકાય છે અને સામાન્ય માણસોનાં જીવતરને ઝેર બનાવે છે.

પરશુરામે અહીં ઉત્તરમાંથી લાવેલા ચોંસઠ બ્રાહ્મણ પરિવારોને વસાવ્યા છે. પરાજિત અસુરોમાં જે કુલીન વર્ગના હતા એ બ્રાહ્મણ પરિવારોના સેવક તરીકે જોડાઈ ગયા. બીજાઓ પર અત્યાચાર કરવામાં પણ એ જ લોકો હવે બ્રાહ્મણોના સૌથી ક્રૂર, શક્તિશાળી હથિયાર બની ગયા છે.

જે ધરતી પર મારો જન્મ થયેલો, ત્યાં ભરડો લઈને બેઠેલા ઊંચ-નીચના નિયમો, પ્રતિબંધો મને સમજાતા નથી. ભગવાનની આ ભૂમિ છોડીને ઘણાં લોકો હવે મરુભૂમિ તરફ જવા લાગ્યા છે. મને પણ ઘણીવાર એમની જેમ નાસી છૂટવાની ઇચ્છા થઈ જાય છે, પણ આ વૃદ્ધ પગમાં હવે કોઈ નવી યાત્રા કરવાનું જોર નથી રહ્યું. હું અહીં જન્મેલો અને છેલ્લા શ્વાસ પણ મારે આ જ માટીમાં લેવા છે.

મારી આ ભૂમિની માટી બહુ હરીભરી છે, ઉદાર છે. ચામડીના કાળા-ધોળા રંગ વચ્ચે એ ભેદભાવ નથી કરતી. નારિયેળ, ફણસ, સસલાં, ઝાડીઝાંખરાંમાં ઊગતા બોર અને ખળખળ વહી જતી પૂર્ણાનાં શીતળ પાણી... બસ, મારી આ ખખડી ગયેલી, થાકેલી વૃદ્ધ કાયામાં પ્રાણ ટકાવી રાખવા માટે મને આનાથી વધુ બીજું શું જોઈએ?

ક્યારેક વળી જોર આવે ત્યારે હું પૂર્ણાની ઉપરની તરફ આવેલા ડુંગરોમાં પાણીના વિશાળ

ધોધ પાસે જઈને બેસું છું. ખડકોની ઉપર થઈને વહેતા પાણી જોઈને મારા મનને શાતા મળે છે. કોઈવાર વિચાર પણ આવી જાય છે કે, નાનો હતો ત્યારે આ ધોધની અંદર ઝંપલાવવાનું સાહસ મને ક્યાંથી આવતું!

કાળી શિલાઓ પર લાંબો થઈને હું વિશાળ નીલગગનમાં તરતાં વાદળાં જોયા કરું છું. પાણીની સાથે પોપટ જેવા પક્ષીઓના અવાજ કાનમાં રણકતા રહે છે.

આ સ્થાનેથી આખીયે સૃષ્ટિ અમાપ, અનંત અને કોઈ સીમાડા વિનાની લાગે છે. ક્યારેક લાગે છે કે માણસોની નાનીમોટી ઇચ્છાઓ, એ માટે થતા સંઘર્ષથી એ સાવ અલિપ્ત છે. નિસ્પૃહ છે. ક્યારેક કોઇ વિશાળ પણ અદૃશ્ય આંખ મને નીરખતી હોવાનો ભાસ થાય છે. જીવનમાંથી કોઈ અર્થ કે ઉદ્દેશ્ય શોધવાની મારી મથામણ મેં ક્યારનીય છોડી દીધી છે. કદાચ હું મંદબુદ્ધિ છું, પણ એમાં વાંક મારી કાળી ચામડીનો જ હોવો જોઈએ.

પરંતુ ઘણીવાર એવા દિવસ ઊગે છે, ખાસ કરીને વરસાદ પડી ગયા પછી, જ્યારે પ્રકૃતિ સેકંડો રંગોમાં ખીલી ઊઠે છે. આછી, મીઠી, સુગંધથી ઘાસ મહેંકી ઊઠે છે. નદીને પેલે પારથી પાણીની સાથે ગીતોના સૂર પણ વહેતા આવીને મારા કાનને સ્પર્શી જાય છે.

એ ગીતો એવા સુખી દિવસોની યાદ દેવડાવે છે, જ્યારે અહીંની ધરતી પર મહાબલિનું રાજ હતું; જ્યારે દરેક વ્યક્તિ સમાન હતી; જ્યારે શાંતિનું શાસન હતું અને કોઈ છળકપટ કે દુર્ઘટનાઓ નહોતી થતી.

ક્યારેક મને આ ગીત ગાનારાઓના ભોળપણ પર હસવું આવે છે. પણ મોટે ભાગે તો એમને સાંભળીને મનમાં વિષાદની સાથેસાથે આશા જાગી જાય છે. કદાચ નદીને પેલે પાર મારા જેવા કાળા મેશ લોકોની મોટી વસ્તી હશે, આ બધાં મળીને કદાચ ઓણમ્ની ઉજવણી કરતાં હશે; ઉત્તરમાં સહ્ય પહાડોની વચ્ચે કોઈ ગુફામાં મરીને દટાઈ ગયેલા રાજાની, આથમી ગયેલા સુવર્ણયુગના પાછા ફરવાની વાટ જોતા હશે.

અવાસ્તવિક લાગે એવી આ એમની આશાઓમાં પણ મીઠાશ છે. હૃદયના કોઈ ઊંડા ખૂણે સંતાઈ રહેતાં સપનાં, ભલે સાકાર કરવાનું અશક્ય હોય, પણ એમાંયે એવું સૌંદર્ય હોય છે, જે કોઈ શબ્દોમાં ન વર્ણવી શકાય. કોઇ ગ્રંથો કે શાસ્ત્રો એને ભૂંસી નહીં શકે. કોઈ પ્રતિબંધ એને બાંધી નહીં શકે, કોઈ ભગવાન એને ઝૂંટવી નહીં શકે. માણસ ભલે મરી જાય, પણ આશાઓ જીવિત રહે છે.

હું હવે બહુ ઘરડો થઈ ગયો છું. મારા જેવા બીજા કરોડો લોકોની જેમ હુંયે મારું કોઈ ચિહ્ન કે અંશ પાછળ છોડ્યા વિના જતો રહીશ. પરંતુ કદાચ બ્રાહ્મણો કહે છે એમ હું વારંવાર જન્મ લેતો રહીશ, એવો વિચાર પણ આવી જાય ખરો.

એ સત્ય હોય તો હજી પણ આશા છે. અનંતકાળના સંગીતની જેમ જીવન વહેતું જ રહે તો મૃત્યુ એમાં રહેલો વચ્ચેનો નાનકડો માત્ર વિરામ ગણાય.

આ જગતમાં ફરીફરીને આવવાની કલ્પના પણ કેટલી સુંદર, કેટલી અદ્ભુત છે! અરે, કોણ જાણે એવું યે બને કે મારો પુનર્જન્મ એવા યુગમાં પણ થાય, જ્યારે પેલા મધુર, આશાભર્યાં ગીતોના શબ્દો સાચા પડ્યા હોય.

ASUR
The Story of Ravana and his People
Written in English by Anand Neelakantan
Translated into Gujarati by Varsha Pathak
Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**
Mumbai - Ahmedabad
ePub version 2.0.1
ISBN : 978-93-5122-407-5

સંપર્ક સૂત્ર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પેઢીઓથી ઉત્તમ પુસ્તકો માટે

મુંબઈ ઓફિસ

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,

અર્થબાગ,

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨) ૨૨૦૧૩૪૪૧

અમદાવાદ ઓફિસ

`દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર,

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com

Email : sales@rrsheth.com